ૐ

શ્રી વીતરાગાય નમઃ

# અનુભવપ્રકાશના કિરણો
## (ભાગ–3)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'અનુભવપ્રકાશ' ગ્રંથ
ઉપરના સળંગ પ્રવચનો)

પ્રકાશક

**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :

- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭, મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૩૧–૮–૨૦૧૫ (પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૨મી જન્મજયંતિ)
પ્રત : ૧૦૦
પૃષ્ઠ સંખ્યા : ૪૨૪ + ૮ = ૪૩૨
પડતર કિંમત : ૯૬૬/–
મૂલ્ય : ૨૦/–

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
૧૯૨૪/, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર–૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**બુક પબ**
અમદાવાદ
ફોન : ૯૮૨૫૦૩૦૩૪૦

# પ્રસ્તાવના

અનંત કાળથી આ જીવ જન્મ-મરણ તથા તેના અંતર્ગત રહેલા અનેક પ્રકારના દુઃખ ભોગવી રહ્યો છે. અનાદિથી અનેક પ્રકારના સુખપ્રાપ્તિના ઉપાય કર્યા છતાં વર્તમાન દુઃખ વિદ્યમાન છે તે અનુભવગોચર છે. સુખ તથા દુઃખની તાત્ત્વિક સમજણ જીવને નહિ હોવાથી દુઃખમાં જ સુખનો અનુભવ કરી રહ્યો છે. પરંતુ ક્ષણિક, પરાધીન માનેલા સુખમાં તેને ક્યાંય તૃપ્તિ થઈ નથી તથા થતી નથી. અનેક પ્રકારના શુભાશુભ વિકારીભાવમાં પ્રત્યક્ષપણે આકુળતાનો અનુભવ થઈ રહ્યો છે છતાં અજ્ઞાનવશાત્ જીવ ભ્રાંતિથી જ સુખ કલ્પી રહ્યો છે. દોષિત ભાવમાં આકુળતા, મલિનતા, વિપરીતતા હોવા છતાં તેમાં સુખનો અનુભવ મિથ્યાભ્રાંતિથી થઈ રહ્યો છે. ધર્મના નામે અનેક પ્રકારના ધર્મસાધન કર્યા છતાં આજ દિન પર્યંત જીવ ધર્મ નામ સુખથી વંચિત જ રહ્યો છે. આ પ્રત્યેક સંસારીજીવની પરિસ્થિતિ રહી છે. આજે પણ જીવ ધર્મસાધન કરી રહ્યો છે પરંતુ ધર્મ નામ સુખ પ્રાપ્ત થાય છે કે નહિ તેની તપાસ, અંતર ખોજ નહિ હોવાને કારણે ઓઘે ઓઘે ધર્મસાધન કરી ધર્મ કર્યાનું અભિમાન સેવે છે. આવી વિષમ સ્થિતિમાં શ્રીગુરુ એક જ આ જીવને માર્ગદ્રષ્ટા બનીને માર્ગ-ઉપાય દર્શાવી શકે છે.

આ કળિકાળમાં અધ્યાત્મયુગ પ્રવર્તક, માર્ગપ્રકાશક, આત્મદ્રષ્ટા દિવ્ય વિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ભવ્ય જીવોના તારણહાર બની મહાવિદેહ ક્ષેત્રથી ભરતમાં પધાર્યા. મહાવિદેહમાં પ્રત્યક્ષપણે વિચરી રહેલ શ્રી સીમંધરસ્વામીની ધર્મસભાના એક અદ્વિતીય પુરુષ તથા ભાવિ તીર્થંકરદ્રવ્યે ભરતભૂમિમાં જન્મ લઈને સર્વ ભવ્યોને મોક્ષનો માર્ગ અર્થાત્ સત્ય સુખનો પંથ દર્શાવ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ સુખ તથા દુઃખનું સ્વરૂપ સમજાવ્યું. દુઃખના કારણો તથા સુખના કારણો દર્શાવ્યા. ૪૫ વર્ષ સુધી દિવ્યદેશનાનો અવિરત પ્રવાહ વહાવી ભવ્ય જીવોને પ્રવચનઅમૃતનું પાન કરાવ્યું. તેઓશ્રીનો આ દિવ્યદેશનાનો અનંત ઉપકાર અવિસ્મરણીય છે.

વીતરાગતા એ તેઓશ્રીનો જીવનમંત્ર હતો. ભેદજ્ઞાન એ તેઓશ્રીનો અખંડ જાપ હતો. સમ્યક્ત્વરૂપ અમૃતનું પાન કરીને તેઓશ્રીના શ્રીમુખેથી વહેતી વાણી સાંભળનાર જીવોને અમૃતપાન કરાવી અજરઅમર કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ સોનગઢ-સુવર્ણપુરીમાં નિવાસ કરી અનેક સત્શાસ્ત્રો ઉપર

પ્રવચન કરી વીતરાગસુખામૃત કઈ રીતે પ્રગટ થાય તે રહસ્ય ખોલ્યું છે. પોતે તો સત્‌શાસ્ત્રના રહસ્યને ઘૂંટડા ભરી ભરીને પાન કર્યું જ છે પરંતુ જેઓને પ્રત્યક્ષ દેશનાનો મંગળ અવસર પ્રાપ્ત થયો છે તે સર્વ જીવોએ આ રહસ્યામૃતના ઘૂંટડા ભરી ભરી પીધા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની ધર્મસભાના વિરલ વ્યક્તિત્વના ધારક શાંત તથા ગંભીર એવા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈએ તેઓશ્રીની દિવ્યદેશનાનો લાભ વર્ષો સુધી લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના અનુભવપ્રધાન પ્રવચનોને આત્મસાત કરી પ્રત્યેક વચનમાંથી નીતરતી વીતરાગતાને તથા તદાશ્રિત્ પ્રવાહિત સુખના ઘૂંટડા ભરી ભરી પીધા. તેઓશ્રીને પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના પ્રત્યક્ષ સમાગમનો અપૂર્વ લાભ પણ પ્રાપ્ત થયો તથા એકાવતારી પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીના પરિચયમાં રહી તેઓશ્રીના પ્રગાઢ પુરુષાર્થની પરિણતિના દર્શન કર્યા છે. પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના હૃદયમાં પેસી તેમના અંતરંગ ભાવોનો સ્પર્શ કર્યો છે.

આમ આવા નિકૃષ્ટ કાળમાં જ્યાં એક સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માનો યોગ થવો દુર્લભ છે તેવા કળિકાળમાં આ વિરલ પુરુષને ત્રણ-ત્રણ ધર્માત્માઓનો પ્રત્યક્ષ સમાગમ પ્રાપ્ત થયો. આજીવન સંતચરણમાં રહી તેઓશ્રીના અંતેવાસી થઈને રહ્યા. તેઓશ્રીએ ભાવનગર સ્થિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિન મંદિરમાં અનેક સત્‌શાસ્ત્રો ઉપર ધારાવાહી પ્રવચન કર્યા છે. જેમાં તેઓશ્રીને સ્વયંને સ્વાનુભવ થવામાં નિમિત્ત થયેલ, શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત ગ્રંથ શ્રી 'અનુભવ પ્રકાશ' ગ્રંથ ઉપર પણ પ્રવચનો કર્યા છે.

શ્રી દીપચંદજી સાધર્મી તરીકે પ્રસિદ્ધ છે. તેઓ આમેરના રહીશ હતા. પૂજ્ય ભાઈશ્રીના શબ્દોમાં કહીએ તો શ્રી દીપચંદજી સિદ્ધાંતજ્ઞાનના મર્મજ્ઞ હતા. તેઓશ્રીનું અનુભવ સંબંધીનું જ્ઞાન અતિ સ્પષ્ટ, સૂક્ષ્મ તથા નિર્મળ હતું. તેઓશ્રીએ અનુભવ પ્રકાશ, ચિદ્‌વિલાસ, અધ્યાત્મ પંચ સંગ્રહ, આત્માવલોકન આદિ ગ્રંથોની રચના કરી છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર થયેલા પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. અનુભવ પ્રકાશ ગ્રંથમાં પૂજ્ય શ્રી દીપચંદજીએ અનુભવ સંબંધિત અનેક માર્મિક વાતો સરળ ભાષામાં સ્પષ્ટ કરી છે. સ્વાનુભવ કઈ રીતે થાય તે વાત તેઓશ્રી ફેરવી ફેરવીને કહે છે. સચોટ હૃદયસ્પર્શી સિદ્ધાંતને સમજાવવા અપાયેલ દૃષ્ટાંત, તેઓશ્રીની અનુભવકુશળતાને પ્રસિદ્ધ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી અનેક વાર ઇડરમાં નિવૃત્તિ અર્થે ગયેલ છે. ત્યાં જઈ તેઓશ્રીએ અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પ્રવચનો કરી અનુભવરસપાન પોતે તો કર્યું, સાથે સાથે જે તેમના સમાગમ અર્થે આવ્યા તેઓ પણ પોતાને ધન્ય

અનુભવવા લાગતા. આત્મ-અનુભવ કઈ રીતે થાય, તેની ખોજ કઈ રીતે કરાય, આત્મ-અનુભવ નહિ થવામાં કયા પ્રકારની ભૂલો રહી જાય છે, તે કઈ રીતે દૂર થાય ઈત્યાદિ અનેક સૂક્ષ્મ વાતોને પ્રવચનમાં સ્પષ્ટ કરી મુમુક્ષુજીવો ઉપર અનુપમ ઉપકાર કર્યો છે. અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પ્રવચનો આપતાં તેઓશ્રીનો આત્મા ખીલી ઉઠતો. અનેક રહસ્યને લઈને આવતી વાણીનો પ્રત્યક્ષ અનુભવ કરનાર મુમુક્ષુજીવોના હૃદયપટમાં આજે પણ એ દશ્યો તાદશ્ય થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રીના અનુપમ ઉપકારને વ્યક્ત કરવા શબ્દો ઓછા પડે છે. એક મરણથી બચાવનાર પ્રત્યે પણ ઉપકારવૃત્તિ જીવોને થઈ આવે છે તો આ તો અનંત જન્મ-મરણથી બચાવનાર મહાપુરુષ, તેમના ઉપકારો કઈ રીતે વિસ્મૃત થાય ! ન જ થાય. પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલ આ પ્રવચનોનો મુમુક્ષુજીવ ઊંડાણથી સ્વાધ્યાય કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરવામાં આવેલ છે. કુલ આઠ ભાગમાં આ પ્રવચનો પ્રકાશિત થશે, જેમાં બહારગામ થયેલા પ્રવચનો પણ સમાવિષ્ટ કરવામાં આવશે.

આ મંગલ અવસરે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની તથા શ્રી દીપચંદજીના ચરણકમળમાં કોટિ કોટિ વંદન હો !

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સી.ડીમાંથી અક્ષરશઃ ઉતારી લેવામાં આવેલ છે. જ્યાં જ્યાં અવાજ ખરાબ છે ત્યાં ડોટ મૂકી છોડી દેવામાં આવેલ છે, જરૂર લાગે ત્યાં વાક્ય રચનાની પૂર્ણતા કરવા કૌંસ ભરવામાં આવેલ છે. સંકલન કાર્યમાં પૂર્ણ ચીવટતા રાખવાનો યત્કિંચિત્ પ્રયત્ન કરવામાં આવેલ છે. તેમ છતાં કોઈ જગ્યાએ ત્રુટી રહી જવા પામેલ હોય તો શુદ્ધ અંતઃકરણપૂર્વક વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા યાચીએ છીએ. ગ્રંથના ટાઈપ સેટિંગ બદલ મે. પૂજા ઈમ્પ્રેશન્સ, ભાવનગરનો તથા સુંદર મુદ્રણ કાર્ય માટે મે. બુક પબ, અમદાવાદનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ સર્વ જીવો પ્રસ્તુત ગ્રંથનો સ્વાધ્યાય કરી અનુભવ-કાળ સંપ્રાપ્ત કરી જન્મ-મરણથી મુક્ત થાઓ, એ જ ભાવના.

તા. ૩૧-૮-૨૦૧૫, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો
૧૦૨મો જન્મ જયંતિ મહોત્સવ.

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર

## 'અનુભવપ્રકાશના કિરણો' ભાગ-૩ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| શ્રી વીતરાગ મુમુક્ષુ મંડળ, હૈદ્રાબાદ, હ. કમલભાઈ દેવચંદભાઈ શાહ | ૪૫,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| શ્રીમતી મીનાબેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી રસીકભાઈ નાનાલાલ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી તરુલતાબેન આર. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી મીનાબેન વી. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| મનીષા ઋષભ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| પૂજા વિપુલભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| શ્રી હીરાલાલ જૈન, ભાવનગર | ૧,૧૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી ચારુબહેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી બેલાબહેન જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| ધારા ઋષભ શાહ, , ભાવનગર | ૧૫૧/- |

## પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન નં. | અનુભવપ્રકાશ પૃષ્ઠ સંખ્યા | પાના નં. |
|---|---|---|
| ૫૫. | ૨૩ | ૦૦૧ |
| ૫૬. | ૨૩, ૨૪ | ૦૧૯ |
| ૫૯. | ૨૬ | ૦૩૬ |
| ૬૦. | ૨૬, ૨૭ | ૦૫૫ |
| ૬૧. | ૨૬ થી ૨૮ | ૦૭૩ |
| ૬૨. | ૨૮ | ૦૯૧ |
| ૬૪. | ૨૯, ૩૦ | ૧૦૭ |
| ૬૫. | ૩૦ | ૧૨૬ |
| ૬૬. | ૩૧ | ૧૪૦ |
| ૬૭. | ૩૧-૩૨ | ૧૫૮ |
| ૬૮ | ૩૨ | ૧૭૫ |
| ૬૯. | ૩૨-૩૩ | ૧૯૪ |
| ૭૦. | ૩૪ | ૨૧૨ |
| ૭૧. | ૩૪-૩૫ | ૨૨૭ |
| ૭૨ | ૩૫-૩૬ | ૨૪૬ |
| ૭૩. | ૩૬ | ૨૬૪ |
| ૭૬. | ૩૮ | ૨૮૪ |
| ૭૭. | ૩૮ | ૩૦૧ |
| ૭૮. | ૩૮ | ૩૧૯ |
| ૭૯. | ૩૯ | ૩૩૭ |
| ૮૦. | ૩૯-૪૦ | ૩૫૫ |
| ૮૧. | ૪૦ | ૩૭૫ |
| ૮૨. | ૪૦ | ૩૯૩ |


**પ્રવચન નં. ૫૭, ૫૮, ૬૩, ૭૪, ૭૫ ઉપલબ્ધ નહિ હોવાથી લેવામાં આવેલ નથી.**

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# અનુભવપ્રકાશના કિરણો

## (ભાગ-૩)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના અનુભવપ્રકાશ ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો

**તા. ૮–૧૧–૧૯૮૫, પાના નં.૨૩, પ્રવચન નં. ૫૫**

‘**નટ સ્વાંગ ધરી નાચે છે.**’ ઊપમાં આપી છે. સંસારમાં જીવ એક નટની માફક અનેક પ્રકારના સ્વાંગ ધરે છે, ધારણ કરે છે. એકનો એક નટ છે એ અનેક પ્રકારના વેશ ધારણ કરે છે અને તે અનુસાર, જેવો વેશ ધારણ કર્યો હોય એ અનુસાર એનો પાઠ ભજવે છે. તેમ આ જીવ પણ જે-તે પ્રસંગોમાં એટલે કે અનેક પ્રકારના ઉદયકાળમાં તે તે ઉદયને અનરૂપ પ્રવૃત્તિ કરે છે, પરિણામ કરે છે, ચેષ્ટા કરે છે. એને અહીંયાં નાચવું કહ્યું છે.

‘**સ્વાંગ ન ધરે...**’ હવે એ જે સ્વાંગ ધરે છે એની પાછળ એનું મમત્વ છે એમ અહીંયાં લેવું છે. જ્યાં જ્યાં એણે ઉદયમાં પોતાનો સંબંધ માન્યો છે ત્યાં ત્યાં તે જીવને મમત્વ છે-પોતાપણું છે-મારાપણું છે અને તેથી તે સ્વાંગ ધરે છે. અથવા હું એવો એમ ખરેખર માને છે. નાટકમાં તો જે નટ સ્વાંગ ધરે છે એને એટલું ભાન છે કે હું માત્ર પાઠ ભજવું છું, પણ ખરેખર હું રાજા પણ નથી અને હું ભીખારી પણ નથી.

અહીંયાં તો સંસારદશામાં તો જીવ મમત્વને લઈને ખરેખર પોતાનું સ્વરૂપ તેવું માને છે. હું અત્યારે માણસ છું તો ખરેખર પોતાને માણસપણે માને છે. માણસનો સ્વાંગ છે. ઉદયમાં પણ અનેક પ્રકારના ઉદયમાં એ માત્ર વેશ છે. મારું સ્વરૂપ જુદું છે. હું આત્મા છું અને આત્માનું સ્વરૂપ તો આવું નથી, એવું ભાન તો સમ્યગ્દૃષ્ટિને જ રહે છે.

સમ્યગ્દર્શન થયા પછી જ રહે છે. મિથ્યાત્વદશામાં તો સ્વાંગને જ ખરેખર પોતાનું સ્વરૂપ માનવામાં આવે છે. એ પ્રકારે સ્વાંગ ધરીને, મમત્વ કરીને નાચે છે.

‘**સ્વાંગ ન ધરે...**’ એટલે કે એ રૂપે પોતે છે એવું ન સ્વીકારે તો એને ‘**પરરૂપ નાચવું મટે.**’ એનું નાચવું કેવું છે ? પરરૂપ થઈને નાચે છે. માત્ર સ્વાગં ધારણ કરે છે એ તો જ્ઞાની જુએ છે. ખરેખર તો બાળ, યુવાન, વૃદ્ધપણું એ પણ સ્વાંગ છે. હું અત્યારે બાળક છું, અત્યારે યુવાન છું, અત્યારે હવે હું વૃદ્ધ છું એ પણ સ્વાંગ છે. પણ એ ખરેખર માને છે. જે પરાચરણ થાય છે એમાં સ્વાંગને-વેશને જ ખરેખર પોતાનું સ્વરૂપ માનીને એનું નાચવું એટલે પરિણમવું થાય છે. તે પરરૂપ થઈને, પરપણે પોતાને સ્વીકારીને પરરૂપ થઈને એ નાચે છે.

‘**મમત્વથી પરરૂપ થઈ થઈને (આ જીવ) ચોરાશીના સ્વાંગ ધરી નાચે છે.**’ મમત્વ કરે છે. પરમાં સ્વપણું કરે છે અથવા પરને જ સ્વ રૂપે માને છે એના ફળમાં ચોરાશીના સ્વાંગ ધરે છે. ચોરાશીના અવતાર ધારણ કરે છે. જ્યાં જ્યાં એ જાય છે ત્યાં ત્યાં એ રૂપ પોતાને માને છે. જ્ઞાની તો જાણે છે કે એ રૂપ એ થતો નથી એટલે એનો એ સ્વાંગ છે- એનો એ વેશ છે. ગૃહસ્થપણું એ વેશ છે. મુનિપણું એ વેશ છે. એમ લીધું છે.

તત્ત્વદૃષ્ટિએ તો સાતેય પ્રકારની જે પર્યાયો છે. જીવ અને અજીવ તો દ્રવ્ય છે પણ સાતેય પ્રકારની પર્યાયો છે એ જીવના સ્વાંગ છે. ‘સમયસાર’ તત્ત્વદૃષ્ટિનું શાસ્ત્ર છે એટલે એમાં એ શબ્દનો પ્રયોગ કર્યો છે કે સમયસાર એ નાટક છે અને નાટકના Stage ઉપર, રંગભૂમિ એનો ગુજરાતી અનુવાદ છે, પણ એનું-નાટકનું Stage આપણે કહીએ છીએ. એ નાટકના Stage ઉપર જીવ સાતેય પ્રકારની પર્યાયો ધારણ કરે છે એ એનો સ્વાંગ છે.

જીવને જ્યારે સમ્યગ્જ્ઞાન થાય છે ત્યારે એને એ સ્વાંગ જાણે છે. અને જ્યારે એને એ સ્વાંગ જાણે છે ત્યારે એ સ્વાંગ એનો છૂટી જાય છે. પહેલા એના શ્રદ્ધાન-જ્ઞાનમાંથી છૂટી જાય છે કે આ મારું સ્વરૂપ નથી અને પછી મોક્ષદશામાં એનો ક્યારેય પણ સ્વાંગનો સવાલ ઊભો થતો નથી. એકધારી એની, એનું જેવું સ્વરૂપ છે દ્રવ્ય છે એવી જ એની

દશા સદાને માટે રહે છે.

પ્રથમ મોક્ષ થયો એ સ્વાંગ છે. એ સાત પર્યાયોમાં મોક્ષને પણ સ્વાંગ કહ્યો છે. પણ એ તો એટલા માટે કહ્યો કે પહેલા બંધ હતો એ છૂટ્યો એ અપેક્ષાએ એને સ્વાંગ કહ્યો. પછી જે એની અવસ્થા રહી એમાં કાંઈ એને બંધથી છૂટવાનું કારણ નથી. પ્રથમ બંધથી મુક્તપણું તે મોક્ષનો સ્વાંગ થયો. પછી બંધ હતો અને મુક્ત થયો એ પ્રશ્ન નથી. પછી તો એવી ને એવી દશા રહે છે. સિદ્ધાલયમાં બંધથી છૂટવાનો પ્રકાર નથી. અહીંયાં સયોગીકેવળી અને અયોગીકેવળીમાં જે મોક્ષતત્ત્વ છે એની એ વાત છે. સિદ્ધદશાની એ વાત નથી. ત્યાં સુધી સ્વાંગનું સ્વરૂપ લીધું છે.

અથવા ત્યાં તો એમ લેવું છે કે પર્યાયદૃષ્ટિ છે એમાં પર્યાયમાં અહંપણું અને મમત્વપણું છે. ત્યાં એને ખરેખર પોતાનું સ્વરૂપ એવું છે, પર્યાયમાત્રરૂપે હું છું એવો શ્રદ્ધાન-જ્ઞાનમાં સ્વીકાર થતાં, એને-એ સ્વાંગને પોતાનું સ્વરૂપ માન્યું છે. સમ્યગ્જ્ઞાન થયું ત્યારથી માંડી અને સિદ્ધદશામાં પર્યાયમાં પર્યાયને પોતાના મૂળ સ્વરૂપથી કથંચિત્ ભિન્ન સ્વીકારવામાં આવે છે. કેમકે એક સમયવર્તી દશા છે, જે સમયમાત્રમાં પલટો મારી જાય છે-બદલાઈ જાય છે અને પોતે અખંડ સ્વરૂપે એમને એમ પોતાનું અસ્તિત્વ ઊભું રાખે છે ત્યારે પણ. અવસ્થા પલટો મારે છે ત્યારે પણ એનું પોતાનું જે મૂળ સ્વરૂપ છે એ અખંડપણે ઊભું છે. અસ્તિત્વમાં કાંઈ પણ ઊલટપલટ થઈ નથી, ઉત્પાદ-વ્યય થયો નથી. એવું સ્થિર અને અખંડ અસ્તિત્વ અનુભવગોચર થાય છે, સમ્યગ્જ્ઞાનની શરૂઆતથી માંડીને સર્વ કાળ પર્યંત. એટલે ત્યાં પર્યાયમાત્ર હુંપણે અવધારણ થતું નથી. પોતાપણે અવધારણ થતું નથી.

જ્યારે પર્યાયમાત્રમાં હુંપણે અવધારણ થાય છે ત્યારે જ્ઞેયાકાર જ્ઞાન જ્ઞેયમાં એકત્વ કરે છે, તન્મયતા કરે છે. અને જે રાગાદિ પર્યાય તે વખતે થાય છે એવો રાગસ્વરૂપે હું, વિકલ્પસ્વરૂપે હું. મેં વિકલ્પ, મેં રાગ કર્યો એવો હું. રાગ કરનારો એવો હું, એવો એને અનુભવ થાય છે. એ પર્યાયદૃષ્ટિનો અનુભવ છે અથવા એ મિથ્યાત્વ સહિત ઉત્પન્ન થતો અનુભવ છે. એવો અનુભવ સમ્યગ્જ્ઞાન થયા પછી થતો નથી. પર્યાયનું જ્ઞાન થાય છે પણ વિશેષજ્ઞાનમાં એકાકાર થતો નથી અને રાગાદિમાં

પણ એકાકાર થતો નથી. એનાથી ભિન્ન પોતાનું સ્વરૂપ રહ્યું છે તેનો અનુભવ કરે છે, તેને જાણે છે, તેના ભાનમાં રહે છે. એને સ્વભાવનો આશ્રય છે તેથી એવું પરિણમન છે એમ કહેવામાં આવે છે. ત્યાં સ્વભાવનો આશ્રય હોવાથી, સ્વભાવભાવનો આશ્રય હોવાથી એ સ્વભાવભાવને કોઈ અપેક્ષાએ દ્રવ્યભાવ પણ કહેવામાં આવે છે. પર્યાયત્વ એમાં નહિ હોવાથી એને દ્રવ્યભાવ પણ કહેવામાં આવે છે. તો દ્રવ્યનો આશ્રય કહો, સ્વભાવનો આશ્રય કહો, એ આશ્રયમાં એને પર્યાયથી પોતાનું બદલવું નથી થતું. પર્યાય બદલવા છતાં પોતે બદલાતો નથી, પોતે અખંડ રહે છે. એવી અખંડની દૃષ્ટિ અખંડ ભાવરૂપ પરિણમન એ બધું રહે છે અને પર્યાયના બદલવાનું જ્ઞાન પણ રહે છે. તેથી એણે સ્વાંગને પોતાનું સ્વરૂપ માન્યું નથી. સ્વાંગ રહિત-પર્યાયના સ્વાંગ રહિત પોતાનું સ્વરૂપ છે એવું ત્યાં જ્ઞાન છે, શ્રદ્ધાન છે અને અનુભવન છે.

પર્યાયદૃષ્ટિમાં તો પરરૂપે પોતાને માનીને એ પરમાં મમત્વ થયું. તેના ફળમાં પરરૂપ થઈ થઈને એટલે એવું પરિણમન કરી કરીને, વારંવાર સતતપણે, થઈ થઈનો અર્થ એ છે સતતપણે પરરૂપે પોતાને અનુભવીને તેના ફળમાં ચોરાશી લાખ યોનીમાં જન્મ-મરણ અને એના મરણ થવાના સ્વાંગને એ ધારણ કરે છે. સ્વાંગને એટલે ખરેખર પોતે જન્મ્યો અને ખરેખર પોતે મર્યો એવો અનુભવ કરે છે. એટલે જ્ઞાનીની નજરે આ વાત લીધી છે.

અહીંયાં જે પદ્ધતિ છે એ સમ્યગ્જ્ઞાનની નજરમાં સંસારી જીવ કેવો છે એ દૃષ્ટિકોણ અહીંયાં કથનનો છે. સમ્યગ્જ્ઞાનમાં સંસારી જીવ એક નાટકિયો છે અને અનેક પ્રકારના સ્વાંગ ધરીને નાચે છે, ત્યારે નટ ભૂલ નથી કરતો એવી એ ભૂલ કરે છે. જે જે સ્વાંગે ધારણ કરે છે, જે જે અવસ્થા ધારણ કરે છે તેમાં તે મમત્વ કરે છે કે હું એવો જ છું અને એનું પરિણમવું એટલે નાચવું અને નાચવું એટલે પરિણવું થયા કરે છે.

**'મમત્વને મટાડી સહજ પદને ભેટી સ્થિર રહે તો નાચવું ન થાય.'** એટલે જો મમત્વને મટાડે તો એમ લેવું છે. એ પર્યાયમાં મમત્વ ન કરે, પરરૂપપણે પોતે છે એવું મમત્વ ન કરે તો સહજ પદને ભેટે. અને સહજ પદનો અનુભવ થાય. જે એકરૂપ છે એમાં નવા નવા વેશ

ઉત્પન્ન નથી થતાં, નવા નવા ભાવો ઉત્પન્ન નથી થતાં, એકરૂપ છે. એ સહજ પદને ભેટે એટલે સહજ પદનો અનુભવ કરીને સ્થિર રહે તો ત્યાં પણ પર્યાયમાં પણ અનેકવિધપણું નથી. જેમ દ્રવ્યમાં અનેકવિધપણું નથી તેમ એ દ્રવ્યના આશ્રયે જે સ્થિર પરિણમન થયું તેમાં પણ અનેકવિધપણું નથી થતું. ત્યાં તે સ્થિર રહે તો નાચવું ન થાય. તો એને સંસારની અંદર જે રાગ-દ્વેષ-મોહ આદિ અનેક પ્રકારના પરિણામ થાય છે, જેમ નાચની અંદર અનેક પ્રકારના હાવભાવ થાય છે, એમ અહીંયાં પણ હાવભાવ થાય છે એવું નાચવું એને ન થાય. એમ લેવું છે.

'**જો મમત્વને મટાડી સહજ પદને ભેટી...**' ભેટવાનો અર્થ અભેદ અનુભવ કરવો એનું નામ ભેટવું છે. સ્વરૂપમાં સ્થિર રહે. સ્વરૂપનો અનુભવ કરી સ્વરૂપમાં સ્થિર રહે તો એના જન્મ-મરણ ન થાય. નાચવું ન થાય એટલે રાગ-દ્વેષ-મોહ ભાવે ન થાય. દ્રવ્યે એને જન્મ-મરણ અને પરિભ્રમણ ચાર ગતિના ન થાય. અહીંયાં ચોરાશીનો સ્વાંગ ધરે છે એમ લીધું છે. એટલે પરિભ્રમણ સાથે લીધું છે. તો સહજ સ્વરૂપમાં સ્થિર રહે તો એને જન્મ-મરણ પણ મટે. જન્મ-મરણ મટવાનો એકમાત્ર ઉપાય પોતાના સહજ સ્વરૂપનું શ્રદ્ધાન-જ્ઞાન કરીને એમાં પરિણામની સ્થિરતા ધારણ કરવી, એ એક જ જન્મ-મરણ મટવાનો ઉપાય છે. ત્રણ કાળ, ત્રણલોકમાં આ સિવાય જન્મ-મરણ મટવાનો કોઈ ઉપાય નથી.

ભગવાન 'ઉમસ્વામી'નું 'તત્ત્વાર્થસૂત્ર'નું આ પહેલું સૂત્ર છે. મોક્ષનો ઉપાય શું છે ? માર્ગ કહો કે ઉપાય કહો. સંસારથી છૂટવાનો, જન્મ-મરણથી છૂટવાનો ઈલાજ એક જ છે અને તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી. સિદ્ધાંત ક્યારેય બદલાતો નથી. સિદ્ધાંત તો વસ્તુના વિજ્ઞાનને પ્રસિદ્ધ કરનારી પરિભાષા છે. આ સિદ્ધાંતનો ખુલાસો, સ્પષ્ટીકરણ છે.

સિદ્ધાંત એટલે શું ? કે વસ્તુસ્વરૂપ સિદ્ધ થયું. અને વસ્તુનું સ્વરૂપ સિદ્ધ થયું તેમાં હવે બાકી કાંઈ ન રહ્યું-અંત આવી ગયો. હવે કાંઈ સિદ્ધ થવાનું બાકી ન રહ્યું, અંત આવી ગયો. સિદ્ધ-અંત એટલે સિદ્ધાંત. એની સંધિ થઈ. સિદ્ધ-અંત એનું નામ સિદ્ધાંત. સિદ્ધાંત

એટલે વસ્તુના વિજ્ઞાનને પ્રદર્શિત કરનારી પરિભાષા. એનું નામ સિદ્ધાંત છે. જેમ વસ્તુ બદલાતી નથી, વસ્તુનું સ્વરૂપ બદલાતું નથી તેથી તેનો સિદ્ધાંત પણ બદલાતો નથી.

મુમુક્ષુ :- એનો ગંભીર ભાવ છે એ સ્પષ્ટ કરોને.

પૂજ્ય ભાઈશ્રી :- ગંભીર ભાવમાં એ છે કે મોક્ષમાર્ગઃ છે એ સંસ્કૃતની અંદર એકવચન છે. સંસ્કૃતની અંદર તે એકવચન હોવાથી મોક્ષનો માર્ગ પણ એક પ્રકારે છે એમ એમાંથી સૂચિત થાય છે. નહિતર મોક્ષમાર્ગાઃ (હોત). અનેક માર્ગ હોત તો મોક્ષમાર્ગાઃ કહે. બે માર્ગ હોત તો મોક્ષમાર્ગવ એમ દ્વિવચન વાપરત. સંસ્કૃત ભાષામાં એ વ્યવસ્થા છે કે એક વચન માટે જુદો શબ્દપ્રયોગ છે. દ્વિવચન માટે જુદો પ્રયોગ છે અને બહુવચન માટે જુદો શબ્દપ્રયોગ છે. અહીંયાં બે મોક્ષમાર્ગ પણ નથી અને બેથી વધારે પણ મોક્ષમાર્ગ નથી. ત્રણે કાળે એક જ મોક્ષનો માર્ગ છે એમ સિદ્ધ થાય છે. એના ઉપર જુદા જુદા આચાર્યોએ- દિગંબર આચાર્યોએ જુદા જુદા આચાર્યોએ ટીકાઓ કરી છે. આ એક શાસ્ત્ર એવું છે કે એના ઉપર ટીકાઓ ઘણી થઈ છે. 'તત્ત્વાર્થ શ્લોકવાર્તિક', 'તત્ત્વાર્થ રાજવાર્તિક' એ બધી એની ટીકાઓ છે. એમાંથી (આપણા એક મુમુક્ષુએ) સંગ્રહ કર્યો છે. ...કબાટમાં તો આપણે ઘણી નકલો છે.

એની અંદર અસ્તિ એ સ્થાપી કે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એમ ત્રણ પદ હોવા છતાં તે ત્રણનું એકત્વ છે. તે ત્રણનું ઐક્યપણું છે, ભાવે. એટલે પણ ત્રણ મોક્ષના માર્ગ છે. સમ્યક્શ્રદ્ધાન એક મોક્ષમાર્ગ છે, સમ્યક્જ્ઞાન બીજો મોક્ષમાર્ગ છે, સમ્યક્ચારિત્ર ત્રીજો મોક્ષમાર્ગ છે એવું પણ નથી. એ સિવાય એક મોક્ષમાર્ગમાં ત્રણે હોય છે અને ક્યારેય ત્રણમાંથી એક પણ પદ ઓછું હોય એવું પરિણમન હોતું નથી. શ્રદ્ધાન વગર આચરણમાત્રથી મોક્ષમાર્ગ ન હોય. જોકે આચરણ જ હોતું નથી. શ્રદ્ધાન હોય અને સ્વરૂપાચરણ ન હોય અને મોક્ષમાર્ગ હોય એવું પણ બનતું નથી. શ્રદ્ધાન હોય અને જ્ઞાન સમ્યક્ ન હોય એવું પણ બનતું નથી. સમ્યક્શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેય અવિનાભાવીપણે સાથે રહે છે. ત્રણેનો એકરૂપ એક મેળવાળો, સુમેળવાળો ભાવ છે અને એ ત્રણે થઈને એક મોક્ષનો માર્ગ છે. એ

સિવાય મોક્ષનો માર્ગ નથી. એની અસ્તિમાં નાસ્તિ આવે છે કે એ સિવાય મોક્ષનો માર્ગ નથી.

કોઈપણ પ્રકારના સમ્યગ્દર્શ-જ્ઞાન-ચારિત્રને છોડીને બીજા કોઈપણ પ્રકારના પરિણામ ચાહે તે પ્રકારના હો, એનો મોક્ષમાર્ગ તરીકે સ્વીકાર નથી, મોક્ષમાર્ગમાં એનો સમાવેશ નથી, એમ પણ એની અંદર આવી જાય છે. પહેલા અધ્યાયનું પહેલું સૂત્ર છે. અહીંથી જ શાસ્ત્ર શરૂ થાય છે, આ સૂત્રથી જ તે. અત્યારે જૈન સાહિત્યના બહુ આધારભૂત વચનો આ સૂત્રો ગણવામાં આવ્યા છે. ૯ પાનેથી છે, આ પ્રતના ૯પાનેથી છે.

મોક્ષપ્રાપ્તિનો ઉપાય. 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રામી મોક્ષમાર્ગઃ' એમાં સમ્યક્ છે તે યથાર્થપણું સૂચવે છે. શ્રદ્ધાનું યથાર્થપણું, સત્યપણું. જ્ઞાનનું સત્યપણું, ચારિત્રનું સત્યપણું એમાં પ્રથમ સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ આગમ અનુસાર લીધું છે. જેમાં સંશય, વિપર્યય અને અનધ્યવસાય ન હોય તેને સમ્યગ્જ્ઞાન કહે છે. અને સમ્યક્ચારિત્ર છે એ સ્વરૂપાચરણ-આત્મામાં સ્થિરતા, ઉપયોગની સ્થિરતા છે એને સમ્યક્ચારિત્ર કહ્યું છે. સમ્યક્શ્રદ્ધાન છે એને 'આ આમ જ છે, હું મારા જે સ્વરૂપે છું એ સ્વરૂપે જ છું' એવો જે નિર્વિકલ્પ પ્રતીતિભાવ, એને અહીંયાં શ્રદ્ધાન કહ્યું છે.

સંશયમાં શંકા ન હોય કે આમ હશે કે તેમ હશે એવા જ્ઞાનને સંશયરહિત જ્ઞાન કહ્યું છે. વસ્તુના સ્વરૂપથી વિપરીતપણું જે જ્ઞાનમાં ન હોય એને વિપર્યાસનો અભાવ કહ્યો છે. એમાં સ્વરૂપ વિપરીતતા, કારણ વિપરીતતા, ભેદાભેદ વિપરીતતા ત્રણે પ્રકારની વિપરીતતાનો સમાવેશ આવી જાય છે. સમ્યક્જ્ઞાનમાં કાર્ય-કારણની વિપરીતતા ન આવે. વસ્તુના ભેદ અને અભેદ સંબંધી જે વિષય વસ્તુનો છે એમાં વિપરીતતા ન આવે અને વસ્તુનું સ્વરૂપ સમગ્ર પ્રકારે સ્વ-પરથી ભિન્નતાનું જેવું છે, એમાં પણ ક્યાંય વિપરીતતા ન આવે. એવો જે વિપર્યાસ નથી, એવા વિપર્યાસ રહિત સમ્યગ્જ્ઞાનના પરિણમનનો પ્રકાર છે.

અનધ્યવસાયમાં અનિશ્ચિતપણું નિર્ધાર નથી એવું ન બને. નિર્ધારિત જ્ઞાન-આમ જ છે વસ્તુનું સ્વરૂપ એવું જે અંદર

નિર્ણયકપૂર્વકનું પરિણમન છે એને પણ એવો અનધ્યવસાયનો જેમાં દોષ નથી, એવું સમ્યગ્જ્ઞાનનું પરિણમન હોય છે.

આમાં એક 'દ્રવ્યસંગ્રહ' સિવાય આ સૂત્રના સમર્થનમાં બીજી કોઈ વાત નથી આવતી. 'દ્રવ્યસંગ્રહ'ની ૩૯મી ગાથા મૂકેલી છે. 'દ્રવ્યસંગ્રહ' છે એ 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' દક્ષિણમાં આચાર્ય થયા. જેમણે આ બાહુબલીજીની પ્રતિમા બનવામાં જે એમના શિષ્ય હતા-'ચામુંડરાય', 'ચામુંડરાય' સમ્યગ્દૃષ્ટિ હતા એમ કહેવાય છે. અને આચાર્યના એક નજીકના શિષ્યો માંહેના એક શિષ્ય હતા. એમની પ્રેરણાથી આ 'શ્રવણબેલગોલા'માં 'બાહુબલી'ની પ્રતિમા, 'ભરત'ની પ્રતિમા, ઓલી બાજુ ભરતની સ્થાપેલી છે. અત્યારે તે ખંડિત થઈ ગઈ છે. સામે સામેના પહાડ ઉપર છે. એની ૩૯મી ગાથામાં એમ લીધું-

**सम्मद्दंसणणाणं चरणं मोक्खस्स कारणं जाणे।**

**ववहारा णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा।।३९।।**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેયના સમુદાયને વ્યવહારથી મોક્ષનું કારણ જાણો. નિશ્ચયથી ખરી રીતે પોતાનો આત્મા જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ છે તેને મોક્ષનું કારણ જાણો. બે પ્રકારે મોક્ષનું કારણ કહ્યું. એમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગઃ, એ નિશ્ચય પરિણમનની અપેક્ષાએ, શુદ્ધ પરિણમનની અપેક્ષાએ નિશ્ચય મોક્ષમાર્ગ કહેવાય છે તોપણ એનું અવલંબન નથી હોતું અને તે મોક્ષની પૂર્વ પર્યાયરૂપે હોવાથી એને વ્યવહારે મોક્ષનું કારણ કહેવામાં આવે છે. અને આત્મા કે જે અવલંબનનું કારણ છે, અવલંબનભૂત તત્ત્વ છે તેને અવલંબતા મોક્ષ થતો હોવાથી, ખરેખર તે મોક્ષનું કારણ છે એમ આત્માને મોક્ષના કારણ તરીકે સ્થાપવામાં આવ્યો છે કે જે પોતે દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણસ્વરૂપે છે. દર્શન ગુણ પણ એમાં છે, જ્ઞાનગુણ પણ એમાં છે, ચારિત્રગુણ પણ એમાં છે.

'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'એ એથી આગળ જઈને એ વાત કરી છે. 'ઉમાસ્વામી મહારાજે' જેને મોક્ષમાર્ગ કહ્યો એને વ્યવહારના પક્ષમાં નાખ્યો. વ્યવહારના ખાનામાં નાખ્યો અને એને પૂર્વ પર્યાય ગણીને વ્યવહારકારણ કહી દીધું અને આત્માને નિશ્ચયકારણ ગણ્યું. જે અવલંબનનો વિષય છે, જેનું અવલંબન લેતા મોક્ષ ઊપજે છે માટે

મોક્ષ કાર્ય અને આત્મા કારણ. એનું કારણ કોણ ? કે આત્મા.

સામાન્ય રીતે જગતમાં જૈનદર્શન સિવાય તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો વિષય મોક્ષમાર્ગના સિદ્ધાંતમાં ક્યાંય નથી. જૈનદર્શનમાં પણ એ સિદ્ધાંત શ્વેતાંબર, દિગંબર બંને સંપ્રદાયમાં પ્રસિદ્ધ હોવા છતાં, આ શાસ્ત્રને આ સૂત્રોને શ્વેતાંબર સંપ્રદાય સ્વીકારે છે, દિગંબર સંપ્રદાય પણ સ્વીકારે છે, એ સૂત્રને તો બંને સ્વીકારે છે, આખા શાસ્ત્રને તમામ સૂત્રોને સ્વીકારે છે, છતાં પણ ભ્રાંતિથી આ સિવાયના પરિણામને પણ મોક્ષકારણ સ્વીકારે છે. એ અણસમજણથી, અજ્ઞાનથી એવી ભૂલ થાય છે.

જ્યારે આચાર્ય પોતે સ્પષ્ટ કરે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ, ત્રણે કાળે આ એક જ મોક્ષનો માર્ગ છે. એટલે મોક્ષ થવા પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ શુદ્ધતાને સાધે છે, મુક્તિને સાધતા પરિણામ છે, આંશિકરૂપ પરિણામ છે, જે આગળ વધીને વધતા વધતા વિકાસ પામીને પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષદશા પ્રાપ્ત કરે છે. એ વાત છોડી દઈને, એ વાત ભૂલી જઈને એ સિદ્ધાંત વિરુદ્ધ જઈને, બીજી રીતે કહીએ તો એ સિદ્ધાંતથી વિરુદ્ધ જઈને અનેક પ્રકારના શુભ પરિણામોને, પુણ્યના પરિણામોને પણ મોક્ષનો માર્ગ માનવા લાગે છે. તે સિદ્ધાંત વિરુદ્ધતા થાય છે અથવા ત્યાં ઉત્સૂત્ર પ્રરૂપણ થાય છે, ઉત્સૂત્રનું નિરૂપણ થાય છે. 'આનંદઘનજી'એ તો ગાયું છે, ઉત્સૂત્ર પ્રરૂપણ જેવો બીજો કોઈ દોષ નથી.

મુમુક્ષુ :- આચાર્યો તો ચોખ્ખું લખી ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સ્પષ્ટ છે આમાં. અને એટલું ટૂંકુ સૂત્ર છે કે એમાં કોઈને બીજો કાંઈ કહેવાનો અવકાશ રહેતો નથી. સીધું Direct નિરૂપણ છે કે આટલો મોક્ષમાર્ગ છે. આ સિવાય મોક્ષનો માર્ગ નથી, એમાં આપોઆપ એમાં આવી જાય છે. કેમ કે બીજા અધ્યાયમાં આગળના સૂત્રમાં પોતે કહે છે, '**अर्पित अनर्पित सिद्धेः**'. જે કહેવામાં આવ્યું હોય એનાથી જે અસ્તિમાંથી નાસ્તિ કાઢીને વસ્તુના સ્વરૂપની સિદ્ધિ કરવામાં આવે છે. તો અહીંયાં અર્પિત શું છે ? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે એટલું અર્પિત છે. અને આ સિવાય મોક્ષમાર્ગ નથી તે અનર્પિત છે. એમ સમજીને એની સિદ્ધિ કરવી. પોતે ને પોતે આગળ સૂત્રથી જ સ્પષ્ટીકરણ આપે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એનો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- કાળદ્રવ્ય માનતા નથી ને ? પાંચ દ્રવ્ય જ માને છે.

પૂજ્ય ભાઈશ્રી :- કાળ છે એ ઉપચિરત દ્રવ્ય છે એમ કહે છે. ઉપચરિત એનું અર્થઘટન કર્યું છે. મૂળ તો જે મતમતાંતર છે એ અર્થઘટનમાં જ છે ને ? કોઈપણ શબ્દનું અર્થઘટન શું કરવું એમાં મતાંતર છે. તે સિવાય તો બીજું કાંઈ નથી. સૂત્રને તો માને છે. તમે સમ્યગ્દર્શન આત્માના શ્રદ્ધાનને જ, આત્માની નિર્વિકલ્પ પ્રતીતિને જ સમ્યગ્દર્શન કહો છો. અમે તો એમ કહીએ છીએ કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા એ પણ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન હોવાથી એને પણ મોક્ષના માર્ગમાં ગણો. ભલે શુભ પરિણામરૂપ હોય. વાત વચ્ચે લાવવી હોય તો હજાર રીતે લાવી શકાય છે.

મુમુક્ષુ :- ...બેના વિરોધાભાસી..

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કોઈ તુલના કરે તો ખબર પડે. તુલના કરે ત્યારે ખબર પડે. બહુભાગ તો તુલ્નાત્મક બુદ્ધિ આત્માર્થીની દશામાં જ ઉત્પન્ન થાય છે. પછી જ્ઞાનદશામાં તુલનાત્મક બુદ્ધિ સહજ હોય છે. કેમ કે એ તો સમ્યગ્જ્ઞાન જ એટલું નિર્મળ છે કે એ દરેક તત્ત્વનો તોલ કરે છે, દરેક વાતનો તોલ કરી લે છે. પણ જેને તોળવી. સરખામણી કરીને તોળવી, પરસ્પર વિરુદ્ધતા આવે છે કે નથી આવતી એ રીતે વાતને તોળવી, એ માત્ર આત્મહિત હોય ત્યાં તેવી તુલના થાય છે. ત્યાં આત્મહિત મુખ્ય હોય (છે). કેમકે એને એ પ્રયોજન છે. દરેક વાતને સ્પર્શવાનું, દરેક વાતને સમજવાનું એને પ્રયોજન હોય છે કે આત્મહિતાર્થે આ વાતને કેવી રીતે અંગીકાર કરી શકાય ? એ રીતે એ તોળે છે. તો એને આત્મહિતમાં જે વિરુદ્ધ જાય છે એનો એને ખ્યાલ આવે છે કે નહિ, આ રીતે આ ન સ્વીકારાય. આ રીતે આ સ્વીકારાય.

એમ કયા અર્થને સ્વીકારવો એની તુલના આત્મહિતની મુખ્યતાવાળા લક્ષમાં એ તુલના થઈ શકે છે. એવું લક્ષ જેને નથી હોતું એને એવી તુલ્નાત્મક બુદ્ધિ થતી નથી, હોતી નથી એટલે એને પરસ્પર વિરુદ્ધતા આવે છે તોપણ એને એની સમજ નથી પડતી કે બે વાત પરસ્પર વિરુદ્ધ કેમ રહે ? એ તો રહી શકે નહી. છતાં એને ખ્યાલ નથી

આવતો. અને એ ખ્યાલ નહિ આવવાનું કારણમાં એને જે વિરુદ્ધ બાજુનું વલણ છે એમાં અધિકાઈ છે, એનું પરિણમન વધારે ત્યાં વળી ગયું છે.

એટલે સત્ય વાતનો થોડો ખ્યાલ પડે છે. બુદ્ધિથી એને વિચારમાં એમ લાગે છે કે વાત ઠીક છે. અને કેટલીક સ્વરૂપની વાત તો એટલી બધી સજ્જડ હોય છે કે જેમાં તર્ક, ન્યાય, દલીલનો અવકાશ નથી હોતો. એટલે પણ સ્વીકારવી પડે છે. એટલું નક્કર સત્ય હોય છે. તો એને એ બુદ્ધિથી સ્વીકારી લે છે. પણ એની જે ઊંધી પ્રતીતિ છે એ પલટતી નથી. અને આ સ્વીકારે છે એમાં એને પ્રતીતિભાવ આવતો નથી. એ પરિસ્થિતિ ઊભી રહે છે. એટલે પણ એના પરિણમનમાં બે વાત સાથે હોય એવું લાગે છે. આય માને છે.. આય માને છે... આય માને છે... એમ નથી હોતું. એ એકને જ માને છે અને ખોટાને જ માને છે, હજી સાચા માનતો નથી. એમ છે. એ બહુ વિચારવા જેવો વિષય છે.

'**જ્ઞાનદષ્ટિ ખૂલે છે.**' '**સહજપદને ભેટી સ્થિર રહે તો નાચવું ન થાય.**' એટલે જન્મ-મરણ ન થાય. '**ચંચળતા મટયે ચિદાનંદ ઉદ્ધરે છે.**' ઉદ્ધરે છે એટલે ઉદ્ધાર થાય છે. જીવના પરિણામમાં ચંચળતા મટીને પરિણામ સ્વરૂપમાં સ્થિરતા પકડે તો જીવની મુક્ત દશા થાય છે-એનો જીવનો ઉદ્ધાર થાય છે. એટલે એને જગતની રઝળપાટ, રખડપટ્ટી બંધ થઈ જાય છે. ભાવથી એનો ઉપયોગ ભટકતો બંધ થયો તો એનું દ્રવ્યે જન્મ-મરણનું ભટકવું પણ બંધ થયું. પહેલી પ્રવૃત્તિ ભાવથી થાય છે પછી દ્રવ્યથી એનું ફળ આવે છે.

અહીંયાં ચંચળતા મટીને ઉપયોગ જ્યાં સ્થિર થયો તો એ ચિદાનંદ એટલે આત્માનો ઉદ્ધાર થાય છે-એના જન્મ-મરણ મટે છે. બહુ સીધે સીધી વાત છે. એમાં કોઈ એવું લાવી શકે એવું નથી કે ભાવભ્રમણ રહે તોપણ એને દ્રવ્યભ્રમણ મટી જાય. એવું લાવી શકે એવું નથી. સ્વરૂપ સ્થિરતા સિવાયના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સિવાયના પરિણામ એ સ્વરૂપ સ્થિરતારૂપ પરિણામ નહિ હોવાથી એ ભાવના ભ્રમણરૂપ પરિણામ છે તેથી એ દ્રવ્યની ભ્રમણતા કેવી રીતે મટશે ? એનો મોક્ષ કેવી રીતે થશે ? કે ત્યાં કોઈ જગ્યા નથી.

મુમુક્ષુ :- આ એટલી મહાન...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં કોઈ ચાલે એવું નથી.

મુમુક્ષુ :- વેદાંતે ... પછી ગોટા મારી દીધા.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે એ વાત ગમી એટલે લીધી. પણ જે કલ્પના થઈ, વસ્તુના સ્વરૂપમાં જે કલ્પના થઈ એ કલ્પનાએ પાછા ચડ્યા. આમાં શું બને છે ? જૈનદર્શનના સિદ્ધાંતોના મહત્ત્વના બે અંગ હોય તો એક અધ્યાત્મ સિદ્ધાંત છે અને બીજું, દ્રવ્યાનુયોગના વસ્તુને સ્વરૂપ નિરૂપણ કરનારા સિદ્ધાંતોનું અંગ છે. આગમ છે. આગમમાં તો એ સિવાય કરણાનોયોગ પણ આવી જાય, આગમની અંદર તો કથાનુયોગ પણ આવી જાય અને આગમની અંદર દ્રવ્યઆચરણ આચારાંગ પણ એની અંદર આવી જાય. આગમનો વિષય તો એટલો બધો વિશાળ છે.

એ બધા સિદ્ધાંતોની અંદર પણ આપણે આટલો એક વિભાગ જુદો વિચારીએ છીએ કે દ્રવ્યાનુયોગના સિદ્ધાંતો અને અધ્યાત્મના સિદ્ધાંતો એ બહુ મહત્ત્વના અંગભૂત વિષયો છે. એ બહુ મહત્ત્વના સિદ્ધાંતો છે.

હવે કેટલાક જીવોની યોગ્યતા એવી હોય છે કે એને અધ્યાત્મના સિદ્ધાંતની વાત રુચે, એ વાત એને ગમે અને એ વાતનો એ પક્ષ પણ કરે. પણ જો સ્વરૂપ નિર્ણય બરાબર ન કરે તો એ અધ્યાત્મમાં ગોથું ખાય. સ્વરૂપનિર્ણય જો ન કરી શકે તો અધ્યાત્મમાં ગોથું ખાય. એટલે બે વાતની સુસંગતતા રહેવી જોઈએ. દ્રવ્યાનુયોગનું જ્ઞાન, જેને સિદ્ધાંત બોધ 'શ્રીમદ્જી'એ કહ્યો અને અધ્યાત્મ વિષયક જ્ઞાન, જેને ઉપદેશ બોધ કહ્યો, એ ઉપદેશ બોધ અને સિદ્ધાંત બોધ બંનેના જ્ઞાનની સમતુલા રહે, એનું સંતુલન રહે અને એ સંતુલન ન ખોવે તો તો ગાડી પાટે ચડે અને જીવના પરિણામમાં વિકાસ થાય, શુદ્ધતા થાય. નહિતર ગાડી ક્યાંક ને ક્યાંક ઊંધે પાટે ચડે.

જો એ દ્રવ્યાનુયોગમાં ભૂલે તોય ગાડી બીજે પાટે ચડે અને દ્રવ્યાનુયોગના સિદ્ધાંત બરાબર શીખી લે. દ્રવ્ય-ગુણ-પર્યાય ને એમાં કાંઈ ફેર પડે નહિ, આગમ અનુસાર. પણ જો અધ્યાત્મમાં ભૂલે તો એ ગાડી બીજે પાડે ચડી જાય. એટલે આ બંને સિદ્ધાંતોનો મેળ કરતા આવડવો જોઈએ. એનુ સંતુલન કેવી રીતે રહે છે એ એને આવડવું

જોઈએ. અને એ જ આની અંદર જે કાંઈ સમજવાનો વિષય સૂક્ષ્મ રીતે છે, વિષયની કાંઈ સૂક્ષ્મતા થઈ જાય છે તો આ Stage આની સૂક્ષ્મતા થાય છે. આ પદ્ધતિ ખુલાસમાં આજે પહેલીવહેલી લીધી, હોં ! આ પદ્ધતિથી ખુલાસો આટલા વખતના સ્વાધ્યાયમાં આપણે નથી કર્યો. શું થાય છે ? આ તો જે જોવામાં આવે છે...

વેદાંતિક લઈએ. વેદાંતની અંદર અધ્યાત્મની વાતો ઘણી છે. થોડીઘણી નથી. ઘણી અધ્યાત્મની વાતો છે અને વેદાંતના અધ્યાત્મીઓ તમે જુઓ તોપણ એક વખત તમે ઊભા રહી જાવ. એવા વૈરાગી અને એવા અધ્યાત્મિક પડખાવાળા માણસો જોવામાં આવે. પણ છતાં મોક્ષ નહિ થાય. શું કારણ છે ? એ લોકો એમ કહે છે કે તમે કાંઈ શું કહે છે પરવાનો લઈને આવ્યા છો કે જૈનથી જ મોક્ષ થાય ? એમ કહે છે. એવો કાંઈ પરવાનો મળ્યો છે જૈનોને કે જૈનનો જ મોક્ષ થાય ? આવી એક દલીલ સામે આવે છે. જૈન એ કોઈ સંપ્રદાય નથી.

એમ નથી કહેવું કે જૈન કુળમાં, જૈન સંપ્રદાયમાં જન્મે એનો મોક્ષ થાય. જૈન તો વસ્તુનું સ્વરૂપ છે. અને વસ્તુના સ્વરૂપનો શ્રદ્ધાન-જ્ઞાનમાં સ્વીકાર કરે તે જૈન છે. ચાહે તિર્યંચ હોય તો એ જૈન છે. એમ અહીંયાં (કહેવું છે). એ વસ્તુનું સ્વરૂપ છે એ દ્રવ્યાનુયોગનો વિષય છે આખો. એ દ્રવ્યાનુયોગ છે એનું જ્ઞાન અને અધ્યાત્મનું જ્ઞાન, એનો મેળ થાય તો ગાડી બરાબર પાટે ચાલે અથવા મોક્ષમાર્ગે જીવ વિચરે, મોક્ષમાર્ગમાં જીવ પ્રયાણ કરે, મોક્ષમાર્ગની અંદર પ્રવેશ કરે. નહિતર મોક્ષમાર્ગમાં પ્રવેશ જ ન થાય. શાસ્ત્ર વાંચીને દ્રવ્યાનુયોગના સિદ્ધાંતોમાં ભલે ગમે તેટલો પારંગત થયો હોય. અધ્યાત્મને પકડ્યા વગર પત્તો નહિ લાગે. અધ્યાત્મના ગમે તેવા બાંગા મારે પણ વસ્તુના સ્વરૂપમાં ગોથું ખાય, પત્તો નહિ લાગે. પ્રવેશ જ ન થાય. આ વસ્તુસ્થિતિ છે.

વસ્તુનું જે સ્વરૂપ છે એનું ભેદાભેદ સ્વરૂપ છે એનું યથાર્થ જ્ઞાન થવો અથવા દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ અનુભવ થવો, બીજી રીતે કહીએ તો.

મુમુક્ષુ :- અનુભવ થવો...

પૂજ્ય ભાઈશ્રી :- બેય ભેગા થઈ ગયા એમાં. યથાર્થ અનુભવમાં

દ્રવ્યાનુયોગનું જ્ઞાન અને અધ્યાત્મ, બેય સાથે થઈ ગયા. એ તો અહીંયાં કહ્યું. બહુ શરૂમાં એક વાત કરી. બહુ ગૂઢ વાત કરી. 'દિપચંદજી'એ એ વાત કરી છે. શરૂઆતમાં જ એ વાત કરી છે. બીજું કે ત્રીજું ?

મુમુક્ષુ :- ત્રીજું પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- '**દ્રવ્યગુણપર્યાયને યથાર્થ અનુભવવા એ (જ) અનુભવ છે.**' દ્રવ્ય-ગુણ-પર્યાય તો ભેદ છે. તો કહે છે, ભેદનો અનુભવ નથી, ભેદનું અવલંબન નથી પણ ભેદનું જ્ઞાન છે. જે અભેદજ્ઞાનમાં ભેદનું જ્ઞાન આવી જાય છે અને છતાં ભેદ ઊપજતા નથી. એવું વ્યવહારમાં બને છે. 'ગુરુદેવ' એમ નામ લેતા 'ગુરુદેવ'ના વિશિષ્ટતાના ભેદોના વિચારમાં ન જવું પડે. એક નામમાત્ર લેતા સમ્મુચયપણે આખું અભેદ જ્ઞાન થઈ જાય કે જેમાં વિશિષ્ટતાવાળું જ્ઞાન થઈ જાય. વિશિષ્ટતાનો સમાવેશ છે. સોનું એમ કહેતા સોનાની કેટલી વિશિષ્ટતાઓ છે એનો વિચાર કર્યા વગર સોનાનું જ્ઞાન થાય છે. એને ભેદ સહિતનું અભેદ જ્ઞાન કહેવાય છે અથવા એને એ વિષયનું પરિપક્વ જ્ઞાન કહેવાય છે, યથાર્થ જ્ઞાન કહેવાય છે.

જે તે પદાર્થના નામથી તે પદાર્થનું જ્ઞાન કરવા માટે એના ભેદોના અવલંબનમાં જવું પડે, ભેદોમાં પહોંચવું પડે તે હજી ઓળખવાના Stageમાં છે. એને હજી એનું જ્ઞાન થયું નથી, એને ઓળખાણ થવી બાકી છે. એમ છે ખરેખર તો. એ એમણે બહુ શરૂઆતમાં જ વાત કરી છે.

મુમુક્ષુ :- દ્રવ્યાનુયોગ દ્રવ્ય, ગુણ, પર્યાય ....

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મનો સીધો બહુ ટૂંકો અર્થ સમજી શકાય એવો છે. અધિ એટલે અહીંયાં આધાર લેવો-આશ્રય લેવો. જેનાથી જે પ્રકારે આત્મઆશ્રય થાય, જે ભાવમાં આત્મઆશ્રય થાય તે ભાવ અધ્યાત્મસ્વરૂપ છે. સીધેસીધી વાત છે. આમાં કાંઈ આડીઅવળી નથી. જે ભાવ આત્મનો આશ્રય લે, આત્માનો આધાર લે, આત્માનું અવલંબન લે. અંતરમાં અંતર અવલંબન લેવાય આત્માનું તે અધ્યાત્મભાવ છે. વાત Finish. જેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વાત પૂરી થઈ ગઈ. એમ અહીંયાં વાત પૂરી થઈ જાય છે. આત્માના આધાર સિવાય બીજાનો આધાર લીધો તે અધ્યાત્મભાવ નહિ, તે

પરભાવ છે. તે સ્વભાવ નીર, તે પરભાવ છે.

મુમુક્ષુ :- જેને અધ્યાત્મનો ભાવ પ્રગટ થયો, એને આગમનો ભાવ લબ્ધરૂપે છે જ.

પૂજ્ય ભાઈશ્રી :- એને આગમનું જ્ઞાન આવી જ ગયું. એને તો એમ કહ્યું કે અનુભૂતિ છે એ સમસ્ત જિનશાસન છે. 'सम्मतं जिणसासणं सव्वं.' ૧૫મી ગાથામાં 'કુંદકુંદાચાર્યદેવ'ના આ સિદ્ધાંત શબ્દ છે.

મુમુક્ષુ :- જેને આગમજ્ઞાન પ્રગટ છે એને અધ્યાત્મ હોય કે ન પણ હોય, એમ સમજવું ?

પૂજ્ય ભાઈશ્રી :- આગમજ્ઞાન હોય ને અધ્યાત્મજ્ઞાન ન હોય તો એને કાંઈ અનુભવ ન થાય. જેને અધ્યાત્મ હોય એને આગમજ્ઞાન આવી જ ગયું. આવી જ ગયું એને. એને દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ અનુભવ છે અને તેથી એને દ્રવ્ય-ગુણ-પર્યાયનું યથાર્થજ્ઞાન છે. કહેતા આવડે, ન આવડે એની સાથે સંબંધ નથી. પણ એને જ્ઞાન છે. એમ લીધું. પછી તિર્યંચ હોય તો એને જ્ઞાન છે. એમ છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી' એમ કીધું ને ! જ્ઞાનીના એક વચનમાં અનંત આગમ રહેલાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનંત આગમ રહેલાં છે. છે ને, છે ને. કેમકે એને તો એ બધી સંધી લઈને આવે છે. બાર અંગના સારભૂત અનુભૂતિ છે. એ અનુભૂતિ જેના વચનનું Backing આખું અનુભૂતિરૂપ પરિણમન છે. જ્ઞાનીના વચનમાં અનંત આગમ કેમ કહ્યા ? અનંત આમગમ. બાર અંગના સારભૂત જે અનુભૂતિ છે, જેને સમસ્ત જિનશાસન કહ્યું, એ વચનો કોના આધારે નીકળ્યા ? એ વચનો નીકળવા પાછળ Backing કોનું હતું ? માણસ નથી કહેતા ? એ માણસ બોલે છે આટલું બધું બોલે છે એની પાછળ બહુ મોટું Backing છે. એમ નથી કહેતા ? એની પાછળ ટાટા, બિરલા ઊભા છે. એને અહીંયાં સર્વજ્ઞશક્તિનું Backing છે. અનુભૂતિને સર્વજ્ઞશક્તિનું Backing છે. પરમાત્માનું એને Backing છે. એમાંથી એ વાણી નીકળે છે. એટલે એને જિનવાણી કહી છે. સમ્યગ્દૃષ્ટિની વાણીને જિનવાણી કહી છે.

'બહેનશ્રીના વચનામૃત' ઉપર 'ગુરુદેવ' જ્યારે પ્રવચન કરતા ત્યારે અનેક વાર કહેતા કે મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધર' ભગવાન અત્યારે જે વાત દિવ્યધ્વનિમાં કહે છે એ વાત આ છે. એ આ વાત છે. એમ કહેતા. એટલી પ્રતીતિથી વાત કરતા હતા. એ તો અનક્ષરાત્મક વાણી છે અને આ અક્ષરાત્મક વાણી છે પણ એને જિનવાણી કહેવાય છે. સમ્યગ્દૃષ્ટિના વચનોને શાસ્ત્ર કહેવાય છે. એને શાસ્ત્ર કહેવાય છે.

'સોગાનીજીનો' ત્રીજો ભાગ પાંચેક વર્ષ સુધી ગુપ્ત રહ્યો. ગુપ્ત રહ્યો એટલે પોતે પોતાના હાથેથી આપતા, દરેકને નહોતા આપતા. એક વખત કોને ખબર એમને શું વિચાર આવ્યો. બપોરના ત્રણ વાગ્યાના પ્રવચન પહેલા ૧૫-૨૦ Minute એમની પાસે મારે Room માં મારે જવાનું થયું, કુદરતી. કાંઈ આગળ પાછળ ખ્યાલ નહોતો. અનેકવાર જાઉં એમ એ વખતે ગયો. પ્રવચન માટે ઉઠવાની તૈયારીમાં હતા. સામેથી પૂછ્યું કે ઓલા ત્રીજા ભાગના કેટલા પુસ્તકો છપાવેલા ? મેં કીધું, ૨૧૦૦ તો છપાયેલા એમાં ૫૦૦ બંધાયેલા અને ૬૦૦ છૂટા રહેલા. એ ક્યાં છે ? ઘરે કબાટમાં પડ્યા છે. (મુમુક્ષુના) ઘરે કબાટમાં જ પડેલા હતા. એક કબાટ ખરીદીને એમાં મૂકી દીધેલા.

કેટલા વર્ષ થયા ? પાંચેક વર્ષ થયા. ૨૦૨૩માં એનું પ્રકાશન થયું હતું અને આ ૨૦૨૮મી સાલમાં આ વાત ચાલી. સાહેબ ! હવે તો કાગળ છે એટલે પાના પીળા પડવા માંડ્યા છે. કાગળ તો સારો વાપર્યો પણ કાગળ તો અમસ્તોય પીળો પડે જ, Time જાય એટલે. (ગુરુદેવ બોલ્યા), અરે..! એ તો શાસ્ત્ર છે, અશાતના થાય. સીધું એમ બોલ્યા. Point લેવા જેવો આટલો છે. શાસ્ત્ર છે, અશાતના થાય. હવે આપણે બધાને દઈએ. પહેલા આજે બધા બ્રહ્મચારી બહેનોને આપીએ. એમ કરીને ત્યાંથી શરૂઆત કરી. પછી છૂટથી દેવા માંડ્યા. કહેવું છે શું ? કે જે સમ્યગ્દૃષ્ટિની વાણી છે એને શાસ્ત્ર કહે છે. એની વાણી છે એને શાસ્ત્ર કહેવામાં આવે છે. એ આત્મામાંથી નીકળેલી ચીજ છે. બહુ વાતો કરી છે.

મુમુક્ષુ :- અમુક સમય ન આપ્યા તો અંદર અભિપ્રાયમાં તો એ જ કારણ હોય ને કે જીવોની યોગ્યતા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું થયું હતું જરા એવો પ્રશ્ન ઉત્પન્ન

થયો હતો એટલે એમ લાગ્યું કે થોડીક તૈયારી થવી જરૂરી છે. ત્યારે પણ આપતા, પણ જોઈ જોઈને આપતા.

મુમુક્ષુ :- મુખ્ય વ્યક્તિઓ જ વિરોધમાં હતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરી વાત છે.

(અહીંયાં) શું કહે છે ? '**ચંચલતા મટ્યે ચિદાનંદ ઉદ્ધરે છે...**' એટલે કે સ્વરૂપમાં સ્થિરતા નિશ્ચચંચળ ભાવે થાય તો ચિદાનંદથી થાય છે એમ કહેવું છે. અર્પિતમાંથી અનર્પિત એમ નીકળે છે. '**જ્ઞાનદષ્ટિ ખૂલે છે...**' ત્યાં જ્ઞાનદષ્ટિ ખૂલે છે. જ્ઞાન નિર્મળ થાય છે. જ્ઞાનદષ્ટિ ખૂલે છે એટલે ત્યાં જ્ઞાન (નિર્મળ થાય છે). જેમ જેમ સ્વરૂપમાં સ્થિરતા વધે તેમ તેમ જ્ઞાન નિર્મળ થાય. જેમ જેમ સ્વરૂપમાં સ્થિરતા વધે તેમ તેમ બીજા ગુણોમાં પણ વિકાસ થાય. એટલે બીજા પણ અનંત ગુણોમાં નિર્મળ પરિણમનમાં વૃદ્ધિગતપણું થાય, નિર્મળતાનો વિકાસ થાય. સમસ્ત પરિણમનમાં, સમગ્ર આત્માના પરિણમનમાં શુદ્ધતા વધે.

મુમુક્ષુ :- જ્ઞાનદષ્ટિ, જ્ઞાનરીતિ, જ્ઞાનમંત્ર બહુ આવે છે આમાં. ગુરુનો પ્રતાપ છે એ વાત બહુ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમની શૈલી છે એ. કહેવાની એમની પદ્ધતિ છે.

'**સ્વરૂપમાં બરાબર સુસ્થિર થતાં...**' બરાબર એટલે સમ્યક્ પ્રકારે અંતર્મુખ થઈને '**સુસ્થિર થતાં ગતિભ્રમણ મટે છે**' ઉદ્ધાર થાય છે એમ કહો કે ચાર ગતિનું પરિભ્રમણ મટે છે. ભાવમાં ભ્રમણ મટ્યું. ઉપયોગનું ભ્રમણ મટ્યું તો દ્રવ્યનું પણ ગતિભ્રમણ મટ્યું. દ્રવ્યે પણ ભ્રમણ મટ્યું.

'**માટે જે સ્વરૂપમાં સદા સ્થિર રહે તેને ધન્ય છે.**' બહુમાન આવ્યું છે. પોતાને પણ લખતા લખતા બહુમાન આવ્યું છે. આવા શબ્દો લખે, કોઈ એવા શબ્દો લખે કે જે સ્વરૂપમાં સદા સ્થિર રહેનારા છે તેને અમારા નમસ્કાર હો. બહુમાન આવે છે ને.

મુમુક્ષુ :- બહારમાં ધન્યવાદ આપે છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- બહારમાં પરીક્ષામાં Pass થાય તો ધન્યવાદ આપે. કાંઈને કાંઈ કોઈને કોઈ પ્રકારે પણ ફતેહ Success મેળવે એટલે એને ધન્યવાદ આપે.

અહીંયાં કહે છે કે સ્વરૂપમાં સ્થિર રહે એને અમારા ધન્યવાદ છે.

એ ધન્ય અવસર છે સ્વરૂપમાં સ્થિર રહેનારાનો તે ધન્યકાળ છે. અને મુનિરાજોને તો ધન્યાવતાર કહેવામાં આવે છે. દશા છે. એમની સ્વરૂપસ્થિરતા ઘણી છે. ધન્ય અવતાર એમ કહેવામાં આવે છે. આ મનુષ્યપણું ધારણ કરીને મનુષ્યમાં આવીને તમે આટલી બધી સ્થિરતા કેળવી ! ધન્ય છે તમારા અવતારને !! એમ કરીને વાત છે. (અહીં સુધી રાખીએ..)

મોક્ષમાર્ગમાં સ્વસંવેદન જેમ જેમ વધતુ જાય છે, તેમ તેમ આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે. વિજ્ઞાનઘન થતો જાય છે, એટલે જ્ઞાનમાં જ્ઞાનવેદન ઘનિષ્ટપણાને પામતું જાય છે. ઉપર ઉપરના ગુણસ્થાને, આ વેદન ઘનિષ્ટ હોય છે. તેથી જ મુનિદશામાં વેદનની ઘનિષ્ટતાને લીધે, અન્ય દ્રવ્યભાવ જ્ઞાનમાં પ્રતિભાસતાં છતાં જ્ઞાન અત્યંત નિર્લેપ ભાવે સહજ રહે છે; ઉપસર્ગ પરિષહોની અસર પણ, જ્ઞાનને જણાવા છતાં થતી નથી કેવળજ્ઞાનમાં સંપૂર્ણ જ્ઞાનઘનપણું હોવાથી લોકાલોક પ્રતિભાસવા છતાં પણ, જ્ઞાન સંપૂર્ણ સ્વસંવેદનમાં રહે છે. જે અરિહંત પ્રતિમામાં પ્રસિદ્ધ થાય છે, અને જિનેન્દ્ર દર્શનમાં તેવું પૂર્ણ ઘનિષ્ટ સ્વસંવેદન, દર્શનાર્થીને નિજ સ્વસંવેદનનું સ્મરણ અથવા જાગૃતિનું નિમિત્ત થાય છે. અહો ! શાશ્વત જિનપ્રતિમા-એ કુદરતનો કેવો પારમાર્થિકસંકેત છે !!

સત્ય, સત્યધર્મ, સત્યધર્મના નિમિત્તો, અનાદિ અનંત વિશ્વમાં મોજૂદ છે. કેવી ગંભીર અને કુદરતી ઘટના !! રચના !!

આત્મહિત/પરમાર્થના પ્રયોજનવાન માટે સહજ નૈસર્ગિક વ્યવસ્થા !!

(૬૮૮)

**તા. ૯-૧૧-૧૯૮૫, પાના નં.૨૩, ૨૪ પ્રવચન નં. ૫૭**

**'પોતાના અવલોકનમાં અખંડ રસધારા વરસે છે, એવું જાણી, નિજને જાણી, પરમાન્યતાને મટાડે,...'** પરમાં હુંપણાની માન્યતાને મટાડે. કેવી રીતે? કે પોતાનો સ્વાનુભવ કરીને પોતાના સ્વરૂપનું અવલોકન કરે. ઉપયોગ સ્વરૂપ આત્માનો અનુભવ કરે તો એમાં જેવું અખંડ આત્મપદ છે, જેવું અખંડ ચૈતન્યપદ છે, તેવી ચૈતન્યરસની ધારા વરસે છે. અનુભવમાં આત્મરસની ધારા વરસે છે. આનંદ અમૃતરસની ધારા વરસે છે. એ વાત કરી છે અહીંયાં.

પ્રથમ જ સમ્યગ્દર્શનમાં એક એવો તબક્કો આવે છે, એક એવું Stage આવે છે કે અલૌકિક આનંદરસની ધારાનો રસાસ્વાદ અનુભવવા મળે છે. જે આનંદના આનંદરસની ધારા હજી જઘન્ય, જઘન્ય પરિમાણમાં છે, છતાં પણ જગતના કોઈ પણ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઇન્દ્રના સુખ પણ એની પાસે દુઃખરૂપ અને વિકારરૂપ જોવામાં આવે છે. નિર્વિકાર આનંદનો અનુભવ છે એ અનુભવ ભલે તારતમ્યતાએ જઘન્ય અંશનો છે પણ અખંડ પદનો અનુભવ છે. પરિપૂર્ણ પરમાત્મપદનો એ અનુભવ છે. અને એમાં શાંતરસની ધારા, સુખામૃતનો રસાસ્વાદ મોક્ષમાર્ગના પ્રવેશકાળમાં જ અનુભવમાં આવે છે. ત્યારે જ ખરેખર પર માન્યતા મટે છે. પરમાં હુંપણાની માન્યતા, દેહ અને રાગાદિમાં હુંપણાની માન્યતા ત્યારે જ મટે છે. પોતામાં પોતાપણાનો અનુભવ આવ્યો અને આનંદાદિ ગુણોનો રસાસ્વાદ થયો, ત્યારે એણે પોતાની જાતનો અનુભવ કર્યો-જાતિ સ્વભાવનો અનુભવ કર્યો.

મુમુક્ષુ :- એવું જાણી...

પૂજ્ય ભાઈશ્રી :- એવું જાણી, એવું જાણી. હવે જે વિચારદશામાં હોય એણે એમ જાણવું કે પોતાના સ્વાનુભવમાં તો અખંડ રસની ધારા વરસે છે. એવું જાણીને નિજને જાણે, નિજને અનુભવે અને પરમાન્યતા મટાડે. જાણવાનો અર્થ માત્ર માહિતી જ્ઞાનનો વિષય ન

લેવો. પણ જાણવું એટલે ખરેખર જાણવું. જાણવું એટલે અનુભવવું એમ બે (અર્થ) લેવાય છે.

જાણવામાં પ્રતીતિ સહિત જાણવું, પ્રતીતિપૂર્વક જાણવું. એમ એ એક વિચારદશાનો વિષય થયો. અને અનુભવવું એને પણ જાણવું કહેવામાં આવે છે. મોક્ષમાર્ગમાં તો અનુભવજ્ઞાનને જ જ્ઞાન કહ્યું છે. જાણપણારૂપ પરલક્ષીજ્ઞાનને જ્ઞાન કહ્યું નથી. અનુભવજ્ઞાનને જ્ઞાન કહ્યું છે.

પરમાન્યતા મટાડે અને પોતાની માન્યતા કેવી કરે ? કે '**આ હું સુખનિધાન જ્યોતિસ્વરૂપ, પરમપ્રકાશરૂપ, અનુપમપદરૂપ સ્વરૂપ છું.**' એવા સ્વરૂપે છું. આ એટલે પ્રત્યક્ષ. આ હું એટલે પ્રત્યક્ષપણે હું. આમાં હાજર લેવું છે. મોજૂદપણે હું, પ્રત્યક્ષપણે હું. સુખનિધાનસ્વરૂપ છું. અનંત... અનંત... અનંત... સુખનો ભંડાર તે મારું સ્વરૂપ છે. જ્ઞાનની જ્યોતિસ્વરૂપ છું. નિરંતર જ્ઞાનનો પ્રવાહ જેમાંથી વહ્યા જ કરે છે એવી ઉપયોગ જેની જાતિ છે, એવી જ્યોતિસ્વરૂપ છું. ઉપયોગની શિખા-ઉપયોગનો પ્રકાશ ક્યારે પણ અસ્ત થતો નથી. એ એમ સૂચવે છે કે અનંત અનંત બેહદ જ્ઞાનશક્તિ આત્મામાં રહેલી છે. બેહદ જ્ઞાન આત્મામાં ભરેલું છે. એવો હું છું. પરમપ્રકાશસ્વરૂપ છું. ઉત્કૃષ્ટ. પરમ એટલે ઉત્કૃષ્ટ છું અને પરમ આદરણીય, પરમ ઉપાદેય એવા નિર્મળ સ્વરૂપે છું. શુદ્ધ સ્વરૂપે છે. સ્વસંવેદન સ્વરૂપે છું. એવું મારું અનુપમપદ છે. કોની સાથે ઉપમા લેવી ?

જગતમાં કોઈ પદાર્થ નથી બરાબરીનો કે જેની ઉપમા આપી શકાય. જેની ઉપમા આપીએ છીએ એ ખરેખર ઉપમા આપી શકાય એવો છે નહિ. સમુદ્રની ઉપમા આપે કે આત્મા જ્ઞાન-આનંદ આદિ સ્વભાવનો સાગર છે. પણ સ્વયંભૂરમણ સમુદ્ર પણ મર્યાદિત છે. એ પણ અસંખ્ય યોજનમાં મર્યાદિત છે. સ્વભાવ મર્યાદિત નથી. અનંત કાળથી ચાલ્યો આવતો વિભાવ મર્યાદિત છે, પણ સ્વભાવ મર્યાદિત નથી. સ્વભાવ અમર્યાદિત છે.

અનેક પ્રકારે એને બતાવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે તોપણ પૂરેપૂરું જે આત્મપદને બતાવી શકાતું નથી, કહી શકાતું નથી. માત્ર સંકેત થાય છે, એ સંબંધી માત્ર સંકેત થાય છે. જેમ દર્પણમાં પ્રતિબિંબ

પડે છે એમ ચૈતન્યમાં પ્રતિબિંબ પડે છે. તો એ એક એનો સંકેતમાત્ર થાય છે એની અંદર. ખરેખર દર્પણની સાથે એને સરખાવી શકાય એવું આખું સ્વરૂપ નથી.

'શ્રીમદ્જી'એ 'અપૂર્વ અવસર'માં ત્યાં સુધી ગાયું કે જે પદને સર્વજ્ઞની વાણી ન કહી શકી, દિવ્યધ્વનિ ન કહી શકી, એને કહેવા માટે બીજા છદ્મસ્થનું શું ગજું છે ? એ તો માત્ર અનુભવગોચર જેનું જ્ઞાન છે એવું પદ છે. અનુભવગોચર થઈ શકે છે. જ્ઞાનમાં આવી શકે છે. વાણીમાં ભલે આવી શકતું નથી પણ જ્ઞાનમાં આવી શકે છે. અને જ્ઞાનમાં આવે છે તેથી એને કથંચિત કહેવાનો પ્રયત્ન થાય છે એટલે ફક્ત કથંચિત્ વક્તવ્ય રહે છે.

એવા '**અનુપમપદસ્વરૂપ છું.**' ભાવના ભાવતા જાય છે અને ગ્રંથ લખતા જાય છે. પોતાના સ્વરૂપની મહિમા કરતા જાય છે. ભાવના ભાવતા જાય છે કે આ હું સુખનિધાન જ્યોતિસ્વરૂપ પરમપ્રકાશરૂપ, અનુભવપદરૂપ સ્વરૂપ છું. આવા સ્વરૂપે પદરૂપ અને સ્વરૂપ, બેય વાત લીધી છે. એવો હું છું. આ હું આવો છું એમ જ્યાં પ્રત્યક્ષ લે છે, ત્યારે જ્ઞાનની પ્રત્યક્ષતા અને સ્વભાવની સહજ પ્રત્યક્ષતાના મેળથી એટલે દ્રવ્ય અને પર્યાયના મેળથી મુખ્યપણે તો પુરુષાર્થની ઉત્પત્તિ થાય છે. પોતાના નિજ સ્વરૂપનો સંવેગ વધે છે. પોતાના પ્રત્યક્ષ ભાસનથી અને પોતાના પ્રત્યક્ષ વેદનથી પુરુષાર્થ વધે છે-બળ વધે છે કે જે સ્વરૂપના પરિણામની, જેવું સ્વરૂપ છે એવા જ પરિણામની સ્વરૂપ અનુસાર પરિણામની રચના કરવાનો જેનામાં ગુણ છે. જેનો ધર્મ, પર્યાયમાં સ્વરૂપની રચના કરવી એવો જેનો ધર્મ છે એવો પુરુષાર્થ ઉત્પન્ન થાય છે. અને તેથી એ પુરુષાર્થના નિમિત્તે આત્માના સર્વ ગુણોનું નિર્મળ... નિર્મળ... નિર્મળ... વિશેષ નિર્મળ પરિણમન થતું જાય છે, વધતું જાય છે.

'**આ આકાશવત અવિકારપદમાં પરસંયોગથી ચિદ્વિકાર થયો છે.**' જેમ આકાશમાં વાદળા થાય છે તેટલા ભાગમાં, આકાશના થોડાક ભગામાં જેમ વાદળા થાય છે તોપણ આકાશને એ આકાશ નિર્લેપ રહે છે. મૂળ સ્વરૂપે આકાશ તો નિર્લેપ રહે છે. તેમ... અને એવું આચરણ કરવાથી પરિણામમાં ... વિકાર ઉત્પન્ન થાય છે. મૂળ સ્વરૂપમાં નથી. મૂળ સ્વરૂપ તો આકાશવત્ નિર્વિકાર રહે છે. ચાહે અશુભભાવે કરીને કે

ચાહે શુભભાવે કરીને પરપદાર્થનું રુચિથી સેવન કરતા પરિણામમાં વિકાર અંશની ઉત્પત્તિ અવશ્ય અવશ્ય થાય જ છે. એ પ્રકારે વિકાર થયો છે એટલે પ્રશ્ન સામે ઉઠાવ્યો છે.

'**પ્રશ્ન :- અહીં તો પરના નિવાસનો અવકાશ ન હતો.**' આત્મામાં પરનો અવકાશ જ ક્યાં છે ? '**તો તે અનાદિથી કેવી રીતે કર્યો ?**' પરમાં નિવાસ કેવી રીતે કર્યો ? દેહમાં રહ્યો છું, મનુષ્યલોકમાં રહ્યો છું. મારામાં .. રહ્યો છું '**પરમાં નિવાસ કેવી રીત કર્યો ?**' અનાદિથી તો આત્મામાં તો અવકાશ નથી.

'**સમાધાન :- જેમ કનકખાણમાં કણક ચિરકાળથી જ ગુપ્ત છે તેવી રીતે આત્મા કર્મમાં ગુપ્ત અનાદિકાળથી જ છે.**' જેમ સોનાની ખાણમાં સોનાના રજકણો અને બાકીના રજકણોનો સંયોગ અનાદિકાળથી છે. ક્યારેય પણ કોઈએ ભેળવ્યા છે અને શરૂઆત થઈ છે ખાણની અંદર, એવું બનતું નથી. નીચે જમનીમાં તો કોણ ભેળવે ? કોણ જઈ શકે ? ઘન છે. ખાણ છે એ તો ઘન પદાર્થ છે. ત્યાં નીચે કોઈ સોનું ઉત્પન્ન કરી દે, ભેળવી દે, મેળવી દે એમ તો બનતું નથી.

અનાદિથી સોનાની ખાણમાં સોનું અને માટી સંયોગે પડ્યા છે. એમ અનાદિથી આ સંસારમાં આ (લોકની) અંદર આત્માઓ અને જીવો અને જીવને સંયોગની અંદર કર્મના પરમાણુઓ અનાદિથી રહેલા છે. ક્યારેય નહોતા અને નવી શરૂઆત થઈ એવું ક્યારેય નથી. અથવા કોઈએ સૃષ્ટિ ઉત્પન્ન કરીને એ બધું ગોઠવ્યું, સંયોગ કર્યો એમ પણ નથી.

જગતના બહુભાગ મનુષ્યોની એવી માન્યતા છે. જૈનમાં ઈશ્વરને માનતા નથી. સૃષ્ટિના રચનારા, સૃષ્ટિના સંચાલન કરનારા ઈશ્વરને માનતા નથી એવું જાણે છે એ લોકોને એમ લાગે છે કે જૈનો ભગવાનને ન માને ? આ તે હિન્દુ છે કે કોણ છે ? મુસલમાનો ખુદાને માને છે. એ ખુદાને સૃષ્ટિનો સંચાલક માને છે. સર્વશક્તિમાન માને છે. સૃષ્ટિના સર્વ કાર્યો કરવાને શક્તિમાન. હિન્દુઓ કોઈ ઈશ્વરને માને છે જે-તે કોઈપણ એની કલ્પના હોય એ પ્રકારે. આ જૈનો તે કેવા છે ? વળી સંખ્યા થોડી રહી ગઈ અત્યારે. બીજાઓની સંખ્યા વધી ગઈ. Minority માં છે. એટલે એમ થાય છે કે આ લોકોને કાંઈ સમજણ

પડતી લાગતી નથી. ઈશ્વર જેવા ઈશ્વરને કબુલવો, આ તે કઈ જાતની વાત ? વિદ્વાનોના .... ઈશ્વરને ન માનવો. ઈશ્વરના અસ્તિત્વને ન માનવું એ નાસ્તિક છે.

એને એમ કહે કે જે આત્મા સંસારમાં છે એ અનેક પ્રકારના રાગ-દ્વેષ-મોહ વગેરે મલિન ભાવોથી એની અવસ્થામાં ખરડાયેલો છે. એ આત્મા પોતાનું શુદ્ધિકરણ કરીને સંપૂર્ણ શુદ્ધિને પ્રાપ્ત થાય ત્યારે તે પરમેશ્વરપદને પરમ ઐશ્વર્યપદને પામે છે અને એવું પરમેશ્વરપદ પામનારા જૈનના અભિપ્રાય અનુસાર અનંતા આત્માઓ છે. કેટલા ઈશ્વર છે ? અનંતા ઈશ્વર છે. તમે એકાદને કબૂલ્યો હશે. અમે અનંતાને કબૂલ્યા છે. તમારા આસ્તિકયભાવથી અમારો આસ્તિકયભાવ અનંતગુણો છે. ફક્ત ફેર એટલો જ છે કે તમે ઈશ્વરનું સ્વરૂપ જે સમજો છો એમાં દોષ આવે છે, દોષની આપત્તિ આવે છે એનો તમને ખ્યાલ નથી. ઈશ્વર તો નિર્દોષ પરમાત્મા હોય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સોનાની ખાણમાં માટીને સોનુ સાથે કેમ ? આ પ્રશ્નનો શું ઉત્તર આપી શકાય ? સોનાની ખાણ જ્યાં જ્યાં છે,..

મુમુક્ષુ :- એ તો જડ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ જડ છે પણ કેમ ? કોઈએ એવી રચના કરી ? કે સ્વયં એવી રીતે છે ? સ્વયં છે તો ક્યારથી છે ? જો નવી શરૂઆત થઈ હોય તો તો કોઈકે એને કાંઈક કર્યું. નવીનતા દેખાતી નથી. એમ વિશ્વમાં એવી જડ પદાર્થોની સંયોગી સ્થિતિ છે કે સોનાના રજકણ અને માટીના રજકણ સંયોગપણે અનાદિથી છે. સોનાના રજકણ તે માટીના રજકણ નથી, જ્યારે સંયોગ અવસ્થામાં છે ત્યારે પણ અને જે માટીના રજકણ તે સોનાના રજકણ નથી. તેથી તેને અગ્નિમાં તપાવીને માટી જલ્દી બળીને રાખ થાય છે અને છૂટી પડે છે અને સોનું એકલું રહી જાય છે. એવી વ્યવસ્થાથી એને શુદ્ધ સોનાને મેળવી શકાય છે.

એમ કર્મ અને આત્માનો સંયોગ છે. એ સંયોગે આત્મા સંયોગીભાવ કરી રહ્યો છે. અનાદિથી સંયોગ છે અને અનાદિથી સંયોગવાળો છું, એવો સંયોગીભાવ કરી રહ્યો છે. આપણે આપણો

વિચાર કરવો કે અત્યાર સુધી આપણે શરીરવાળા છીએ, હું શરીરવાળો છું. શરીર ઠીક થતાં મને ઠીક થયું, શરીરનું વજન વધતા મારું વજન વધ્યું, શરીર રૂપાળુ તો હું રૂપાળો, શરીર કદરૂપુ તો હું કદરૂપો. હું ઊંચો, હું નીચો, હું આવો, હું આવો એમ સંયોગમાં રહેલા પરમાણુમાં જ હુંપણાની માન્યતા કરીને સંયોગીભાવ કરતા આવ્યા છીએ કે નહિ ? કરી રહ્યા છીએ કે નહિ ? ક્યારથી કરી રહ્યા છીએ ? કોઈ નવી શરૂઆત કરી છે એવું છે ? આ પરિસ્થિતિ તમામની ચાલી આવે છે. એકલા મનુષ્યો નહિ, તિર્યંચો જુઓ તો પણ એમાં એ જ પરિસ્થિતિ દેખાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંથી એ પરિસ્થિતિ થઈ ? અનાદિથી જીવને કર્મસંયોગ છે અને સંયોગી ભાવ એ કરી રહ્યો છે. જ્યાં સુધી એ સંયોગનો ભાવ ન છોડે, અસંગ તત્ત્વનો અસંગભાવ ન કરે ત્યાં સુધી એને વિકાર મટવાનો, એને મોક્ષ થવાનો, શુદ્ધ થવાનો કોઈ અવસર નથી. આ બહુ એકદમ ન્યાયસંપન્ન વાત છે. એમ નથી કે આની અંદર બીજું કાંઈ પણ કામનું છે, તર્ક કામ આવે એવું છે.

જો તારે પુદ્ગલનો સંગ કરીને, પુદ્ગલની રુચિ કરીને જડની પાછળ પરિણામ લંબાવવા છે અને તારે મુક્ત થવું છે, બે વાત કેવી રીતે બનશે ? એ પદાર્થોનો જડ પદાર્થોનો પરિણામમાં આશ્રય છોડતા, શ્રદ્ધાએ કરીને આશ્રય છોડવો, જ્ઞાનથી આશ્રય છોડવો, આચરણથી પણ આશ્રય છોડવો, એ આશ્રય છૂટતા અને સ્વરૂપનો આશ્રય થતાં, આશ્રય કરવાનો તો પરિણામનો સ્વભાવ છે, કાં એ પરતત્ત્વનો આશ્રય કરશે અને કાં સ્વતત્ત્વનો કરશે, સ્વતત્ત્વનો આશ્રય કરવાનો તો ઉપદેશ છે. શાસ્ત્રમાં ઉપદેશ છે. સર્વજ્ઞનો ઉપદેશ, જ્ઞાનીનો ઉપદેશ છે સર્વતત્ત્વનો આશ્રય કરવાનો.

મુમુક્ષુ :- મૂળતત્ત્વનો આશ્રય કરતાં બધા ફેંસલા આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- બધું. તમામ પ્રકારના દોષને મટવાનું એક જ કારણ છે કે નિર્દોષતત્ત્વનું શરણ લેવું. નિર્દોષ તત્ત્વના શરણે જતાં દોષ ઉત્પન્ન થતા બંધ થાય છે એને દોષ ટાળ્યા એમ કહેવાય છે. દોષ ઉત્પન્ન થતાં બંધ થાય છે.

**'જેમ કનકખાણમાં કનક ચિરકાળથી જ ગુપ્ત છે તેવી રીતે**

**આત્મા કર્મમાં ગુપ્ત અનાદિકાળથી જ છે.'** ગુપ્ત કેમ કહ્યો ? કે પોતે પોતાને જાણતો નથી. અને જ્યારે એને એમ કહે છે કે તું આત્મા છો. ત્યારે એ એમ કહે કે પણ મને બતાવોને એ કેવો આત્મા છે ? કેવો છું અને ક્યાં છું એ મને બતાવો. આમ અનાદિનો અજ્ઞાની પ્રથમ જિજ્ઞાસા કરે તો ય આ પ્રકારે કરે છે. ત્યારે એને એમ કહે છે કે તારો આત્મા ગુપ્ત છે. ગુપ્ત કહેવાની વાત કરે છે.

જેમ સોનું ખાણમાં સીધું લગડી રૂપે મળી આવતું નથી. સીધું જડતું નથી. ક્યાંય સોનાની લગડી છે ? તે સુવર્ણપથ્થર છે. જેની અંદર પથ્થરના રજકણો અને સોનાના રજકણો એવી રીતે છે કે એને એક સીધેસીધો વગર કોઈ જાતની પ્રક્રિયા કર્યેથી સીધું સોનું મેળવી શકાય એવી પરિસ્થિતિ હોતી નથી. તો ત્યાં સીધું સોનું દેખાતું નથી. એટલે એમ કહ્યું કે સોનું ત્યાં ગુપ્તપણે રહેલું છે. એમ અહીંયાં સીધો આત્મા જણાતો નથી. તો કહે છે, કર્મસંયોગમાં ગુપ્ત છે એટલે જણાતો નથી.

શરીરવાળો અને કર્મવાળો માન્યો છે. તે જે અવસ્થામાં શરીર અને કર્મનો સંયોગ છે તે અવસ્થામાં એને શરીર અને કર્મ વિનાનો છે એવી શ્રદ્ધા અને એવું જ્ઞાન કરવું પડશે. જુદા પડવા માટે, શુદ્ધ થવા માટે પાણી ડહોળુ છે ત્યારે જ પાણીની નિર્મળતાનું શ્રદ્ધાન-જ્ઞાન કરીને પાણીને નિર્મળ કરી શકાય. પાણી ડહોળું છે એવું જ પાણીનું સ્વરૂપ જો સ્વીકારવામાં આવે તો એવા પાણીનો ઉપયોગ કરશે. એને નિર્મળ કરવાનો પ્રયત્ન નહિ કરે. પણ જ્યારે એ ડહોળાયેલી અવસ્થામાં છે ત્યારે સ્વરૂપે કરીને પાણી શુદ્ધ છે એવું શ્રદ્ધાન-જ્ઞાનમાં આવે તો નિર્મળતાની પ્રક્રિયા થાય. એ દિશામાં પ્રવૃત્તિ થાય.

અહીંયાં તો એમ કહે છે કે મૂળ ધાતુ. આત્મા ચૈતન્ય મૂળ ધાતુ છે. ચૈતન્ય ધાતુ છે એમાં તો કોઈ મૂળ ધાતુમાં ફેર પડવાનો પ્રશ્ન રહેતો નથી. જે કાંઈ વિભાવ છે એની મર્યાદા અવસ્થા પર્યંત છે, એથી આગળ નથી. અથવા કર્મનો ઉદય અને પરસંયોગના નિમિત્ત-નૈમિત્તિક સંબંધો માત્ર અવસ્થાની મર્યાદામાં રહે છે. મૂળ ત્રિકાળી સ્વરૂપ સુધી એની પહોંચ નથી. કોઈપણ જાતના Reaction આવે છે એ અવસ્થામાં આવે છે. ત્રિકાળી મૂળ પદાર્થ સુધી તો કોઈની પહોંચ નથી. ગડબડ છે એ અવસ્થા પૂરતી છે.

જે પોતાના મૂળ શુદ્ધ સ્વરૂપનું ભાન કરે છે અને ભાન કરીને ધ્યાન કરે છે ત્યારે એની અવસ્થામાં પણ ગડબડ રહેતી નથી. અથવા પરસંયોગની ઉપાધિ આવતી નથી. નિરૂપાધિ ત્રિકાળ નિરૂપાધીક એવા સ્વતત્ત્વનું શ્રદ્ધાન, જ્ઞાન અને સ્થિરતા થતાં ઉપાધિ ભાવ કોઈપણ સંયોગ ગમે તે પ્રકારનો હોય, જેમાં ઘણી ઉપાધિ થાય એવો સંયોગ હોય તોપણ એની ઉપાધિ ન થાય એવી પરિણામની અંદર શક્તિ ઉત્પન્ન થઈ જાય છે. ત્યારે એ કોઈપણ હાલતમાં, કોઈપણ સંયોગની હાલતમાં એ નિરૂપાધિક ભાવે રહે છે. કર્મનો ઉદય એને ત્યાં ઉપાધિ લાવી દે કે નહિ ? આકરામાં આકરો કર્મનો ઉદય છે એ ઉપાધિવાળો પરિણામ કરી નાખે કે નહિ?

અત્યાર સુધીના વ્યતીત કરેલા કાળમાં એવા અસંખ્ય ઈતિહાસની અંદર બનાવો બન્યા છે, હકીકત છે આ કોઈ કલ્પના કે વાર્તા નથી કે પ્રાણ જાય એવા પરિષહ અને ઉપસર્ગના કાળમાં પણ કેવળજ્ઞાનને સાધી છે. પરિપૂર્ણ શુદ્ધતાને સાધી છે એવા અનંતા જીવો છે. એક, બે, ચાર નહિ, એવા અનંતા છે. કોઈ એમ કહે કે ભાઈ ! કોઈકને એવું અપવાદે થતું હોય એટલે સિદ્ધાંત કહે છે. એવું નથી. અનંતાને એવું થયું છે, એકને નહિ.

'ગજસુકુમાલ'ને માથે ખોપરી બળે છે. ધ્યાનસ્થ અવસ્થામાં હોય છે. માથે સગડી બનાવીને એમાં સળગતા કોલસા મૂક્યા. પાઘડી બાંધે એવી રીતે બાંધી. દીવાલ કરીને સગડી બનાવી. માથે મુગટ પહેરે એવી રીતે. પોતે ધ્યાનમાં છે. ખોપરી સળગી. આયુષ્ય હોય એવું બને નહિ. જ્યારે આયુષ્ય પૂરું થાય ત્યારે ત્યાં સુધી.. ભલે આયુષ્ય પૂરું થાય. અહીંયાં કેવળજ્ઞાન (થાય). કર્મનો ઉદય આકરામાં આકરો હતો. એવું નથી કે ઉદય ખસે તો જીવ કાર્ય કરી શકે. એવી જીવની પરતંત્રતા હરગીઝ નથી. અને એવી જીવની પરતંત્રતા જીવ પોતે સ્વીકારે છે એ જીવની પોતાની વિપરીતતા છે.

... સ્વભાવોનો ભોગવટો કરવા તું સ્વતંત્ર છો અને કર્મના ઉદયને નહિ ભોગવવા પણ તું સ્વતંત્ર છો. પછી હાથે કરીને તું શું કરવા આગ્રહ રાખે છો કે નાના મારે કર્મને પરાધીન થવું જ પડે. એવી પરતંત્રતાનો પક્ષ કરવાથી તને સિદ્ધિ નહિ મળે. તારી સ્વતંત્રાને સમજીને સ્વતંત્રતાનું

બળ આવશે તો હજી સ્વતંત્ર રહી શકીશ, પણ પરતંત્રતા સ્વીકારીને તું સ્વતંત્ર કેવી રીતે રહી શકીશ ? પરિણમી શકીશ ? એ તો અવસર જ નથી. માટે પહેલા શ્રદ્ધા તો ચોખ્ખી કર. આચરણની વાત તો પછીની છે, પણ પહેલા શ્રદ્ધા તો ચોખ્ખી કર. જીવની સ્વતંત્રતા અને એક એક પરમાણુની સ્વતંત્રા એવી છે કે આ વિશ્વની અંદર કોઈપણ પદાર્થ કોઈપણ બીજા પદાર્થથી પરતંત્ર રહીને પરિણમે એવું કોઈનું સ્વરૂપ નથી. પ્રત્યેક પદાર્થ પોતાની અનંત શક્તિને સંગ્રહીને બેઠો છે. એ અનંત શક્તિવાનને કોઈની મદદની જરૂર હોય એ વાત કોઈ રીતે ન્યાયથી પણ બેસે એવું નથી.

મુમુક્ષુ :- પાણી ડહોળું હોય અને સ્વચ્છ સમજીને પીવે...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વચ્છ છે. સ્વચ્છ છે એમ એણે તો એનું સ્વરૂપ જ માની લીધું. જ્યારે પાણી ડહોળું છે ત્યારે એણે એને જો સ્વચ્છ માન્યું તો ડહોળાપણાને સ્વચ્છ માન્યું એણે. ડહોળી અવસ્થાને સ્વચ્છ અવસ્થા માની એણે. એટલે એ એનું સ્વરૂપ માન્યું એણે. તો એને એ શુદ્ધ નહિ કરે. એમ ને એમ જ પીશે. તે એનું શુદ્ધ સ્વરૂપ માન્યુ. ડહોળી અવસ્થાને જ એણે એનું શુદ્ધ સ્વરૂપ માન્યું. તો એ ડહોળુ પીશે. રોગ થાશે. માટી જાશે પેટમાં. પણ જે પાણી ચોખ્ખુ કરે છે, નિર્મળ કરે છે, એ ડહોળી અવસ્થામાં એના નિર્મળ સ્વરૂપનું જ્ઞાન કરે છે, શ્રદ્ધાન કરે છે ત્યારે એને નિર્મળ કરે છે ને ?

કહેવાનો અહીંયાં Point તો એટલો જ છે કે અવસ્થા મલિન હોય ત્યારે મૂળ નિર્મળ સ્વરૂપનું શ્રદ્ધાન-જ્ઞાન થાય કે ન થાય ? આટલી વાત છે. જીવ એમ દલીલ કરે છે કે અમે અત્યારે રહ્યા સંસારી. હવે અમે સંસારી રાગ-દ્વેષ-મોહ મલિન અવસ્થાવાળા છીએ. એ અમે અમારા પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપનું શ્રદ્ધા-જ્ઞાન કેવી રીતે કરીએ આ હાલતની અંદર ? રાગ-દ્વેષ-મોહવાળી હાલતમાં અમે પરિપૂર્ણ શુદ્ધ મારું સ્વરૂપ છે આત્માનું એવું શ્રદ્ધાન-જ્ઞાન કેવી રીતે કરી શકીએ ? કે થઈ શકે છે.

જ્યારે સોનું ખાણમાં છે ત્યારે પૂર્ણ શુદ્ધ સોળ વલા સોનાનું જ્ઞાન હોય તો જ એને એ પ્રક્રિયામાં લાવે અને શુદ્ધ મેળવે. પહેલા કાંઈ સોનું લગડી હાથમાં આવે છે ? એટલે અશુદ્ધ અવસ્થામાં શુદ્ધતત્ત્વનું જ્ઞાન-શ્રદ્ધાન થઈ શકે છે. એ શ્રદ્ધાન-જ્ઞાન થતાં, અહીંયાં આત્માને જો લાગુ

પાડીએ તો આત્માના શુદ્ધ સ્વભાવનું જ્ઞાન થતાં એ શુદ્ધ સ્વભાવનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણથી સેવન થાય છે.

વિજ્ઞાન એવું છે આત્માનું કે જો આત્માના પરિણામ આત્માને સેવે, પોતાના શુદ્ધ સ્વરૂપને સેવે-એમાં નિમગ્ન થાય તો શુદ્ધતા ધારણ કરે. અને જો આત્માના પરિણામ પરપદાર્થને અનુસરીને પરપદાર્થને સેવે, સેવી શકતો નથી પણ સેવતો હોવાનો મિથ્યા અનુભવ કરે તો એને મલિનતા ઉત્પન્ન થાય. આ એનું વિજ્ઞાન છે. એને એમ ક્યાં કહે છે કે તું અવસ્થાએ શુદ્ધ છો. એને કહેવામાં એમ આવે છે કે મૂળ સ્વરૂપે તું શુદ્ધ છો. તારી મૂળ ચૈતન્યધાતુ શુદ્ધ છે. અવસ્થાએ મલિનતા છે તે શાશ્વત નથી. રાગ-દ્વેષ-મોહ-વિકાર એ કોઈ શાશ્વત નથી. જો એ અવસ્થામાં રહેલી મલિનતા શાશ્વત હોય તો તને મૂંઝવણનો સવાલ છે. પણ જે ટળવા યોગ્ય છે, ટળી શકે છે, જે ક્ષણિક છે તો પછી એની મૂંઝવણ શું ? એની મૂંઝવણ રાખવાનો સવાલ નથી. જે મેલ ધોઈ શકાય છે એમાં મૂંઝાવાની શું જરૂર છે ? એને ધોવાનો. સીધી વાત છે.

**'તેવી રીતે આત્મા કર્મમાં ગુપ્ત અનાદિકાળથી છે. પરજોગે અનાદિકાળથી અશુદ્ધ ઉપયોગરૂપ અશુદ્ધતા લાગી છે.'** પરસંયોગ. સંયોગ તો છએ દ્રવ્યનો વિશ્વની અંદર અનાદિઅનંત છે. જે આ ચૌદ બ્રહ્માંડ છે, ૩૪૩ ઘન રાજુ આ લોક છે એમાં છએ દ્રવ્યનો સંયોગ અનાદિઅનંત છે. સંયોગ ક્યારેય મટી જાય એવું તો બનવાનું નથી. છએ દ્રવ્ય અનાદિથી છે. પણ સંયોગવાળો છું એવો સંયોગીભાવ મટાડવો પડશે. પછી સંયોગ બીજા પદાર્થો બીજા પદાર્થો પોતાના સ્વરૂપમાં છે અને તું તારા સ્વરૂપમાં છો.

પરયોગે એટલે પરની સાથે જોડાણ કરતાં. ઉપયોગ લીધો છે ને અહીંયાં ? ઉપયોગથી અનાદિકાળથી પરની સાથે સંબંધ કરતાં. અશુદ્ધઉપયોગ થયો છે અને અનેક ગુણોમાં અશુદ્ધતા લાગી છે. ઉપયોગમાં અશુદ્ધતા થઈ છે. જ્ઞાન પણ તારું રાગથી રંજિત થયું છે અને અનેક ગુણોની અંદર પરિણામમાં વપરીતતા અને મલિનતા ઉત્પન્ન થઈ છે. **'તે દેખો ! કેવી રીતે લાગી છે ?'** કેવી રીતે તે અશુદ્ધતા થઈ છે **'તે કહેવામાં આવે છે.'** અશુદ્ધતા લાગી છે એમ કહ્યું. નવી ચીજ આવી છે.

જેમ કપડું ચોખ્ખુ હોય અને એને મેલ લાગે છે. એ મેલું કપડું એ કપડાનું સ્વરૂપ નથી. એના ઉપર લાગેલી ચીજ છે. એમ અહીંયાં અશુદ્ધતા લાગી છે '**તે કેવી રીતે લાગી છે તે કહેવામાં આવે છે.**'

મુમુક્ષુ :- અનાદિકાળથી કીધું છે. અશુદ્ધતા લાગુ પડે.

પૂજ્ય ભાઈશ્રી : હા અનાદિકાળથી નવી... નવી... નવી... નવી... નવી... નવી... લાગે છે. પ્રવાહથી અનાદિકાળથી છે. પણ કોઈ એવી મલિનતા નથી કે જે અનાદિથી હતી તેની તે છે. એવો એક ભાવ નથી. એવો કોઈ એક મલિન ભાવ એવો નથી કે જે અનાદિથી હતો અને અત્યારે છે. એવો એકેય નથી. પ્રવાહથી અનાદિથી છે. પાણીનો પ્રવાહ સળંગ દેખાય પણ એક એક પાણીનું બિંદુ જુદું જુદું છે. એક એક ટીપુ થઈને આખો પ્રવાહ છે. એમ એક એક એની શૃંખલા ચાલે છે અત્રુટકપણે એટલે પ્રવાહપણે અનાદિથી છે. પણ કોઈએક ભાવ અનાદિથી છે જ નહિ. બધાય નવા... નવા... નવા... નવા... ક્ષણવર્તી છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વ...

પૂજ્ય ભાઈશ્રી :- તોય પણ નવું નવું છે. હા, મિથ્યાત્વ પણ. એટલે તો કર્મથી સમજાવામાં આવે છે. આ વિષય ભાવથી જ્યારે નથી સમજાતો ત્યારે કરણાનુયોગથી સમજાવામાં આવે છે કે કોઈપણ કર્મની સ્થિતિ અનાદિઅનંત નથી, સાદિશાંત જ છે. તો વધુમાં વધુ કર્મની સ્થિતિ કેટલી ? કે સીત્તેર ક્રોડાક્રોડી સાગરની. કઈ પ્રકૃતિની ? કે મિથ્યાત્વની પ્રકૃતિની. મિથ્યાત્વમોહની એક જ પ્રકૃતિ વધુને વધુ ચીકણી છે. વધુ ને વધુ ચીકણા ભાવ ત્યાં થાય છે. અને વધુ ને વધુ કર્મની સ્થિતિ આ એક જ પ્રકૃતિની પડે છે, તે પણ સીત્તેર ક્રોડાક્રોડી સાગરની. હવે અનંત કાળમાં સીત્તેર ક્રોડાક્રોડી સાગર શું છે ? કાંઈ નથી. આ તો ઉત્કૃષ્ટ.

એટલી સ્થિતિ કોઈને પડી હોય તોપણ વચ્ચે પરિણામ ફરે ત્યારે સંક્રમણ થઈને સ્થિતિ ઓછી થઈ જાય, અપકર્ષણ થઈને. સ્થિતિમાં અપકર્ષણ થઈને સ્થિતિ ઘટી જાય. જેમ કે એક જીવ એવો લઈએ કે જેને મિથ્યાત્વની સીત્તેર ક્રોડાક્રોડી સાગરની સ્થિતિ પડી ગઈ છે. એવું કર્મ બાંધ્યું એણે મિથ્યાત્વનું. એટલા ચીકણા પરિણામ કર્યા. એ જીવ

પ્રાયોગલબ્ધિમાં આવે. દેવ-ગુરુ-શાસ્ત્ર અથવા સત્પુરુષની દેશના મળતા પ્રાયોગલબ્ધિમાં આવે તો અંતઃક્રોડાક્રોડી સાગર થઈ જાય એ સ્થિતિ. સીત્તેર ક્રોડાક્રોડીવાળી સ્થિતિ એક ક્રોડાક્રોડી સાગરની અંદર આવે. એટલો ફેર પ્રાયોગલબ્ધિમાં પડે. ૬૯ ક્રોડક્રોડી ઉપરાંતની સ્થિતિ બદલાઈ જાય. સત્તામાં ને સત્તામાં જ હજી તો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તો ઓલી કોર જાય. આ દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષને અનુસરવામાં આટલો ફેર પડે તો વિરાધનામાં જાય તો પાછો આમ ફેર પડે. એની સ્થિતિ ઓછી બાંધી હોય તો વધી જાય. એ તો બરાબર છે, એ તો સામે સામું જ છે ને. વિજ્ઞાન તો સામે સામું જ છે.

મુમુક્ષુ :- જાણ્યે અજાણ્યે એવું થઈ જાય તો...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અજાણ્યા ઝેર ખાય તો કાંઈ મરે નહિ ? જાણીને ઝેર ખાય કે અજાણે ઝેર ખાય.

મુમુક્ષુ :- ૭૦ ક્રોડાક્રોડીની સ્થિતિએ પહોંચી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ૭૦ ક્રોડાક્રોડી સુધી પહોંચી જાય. તીવ્ર મિથ્યાત્વમાં. ગૃહીત મિથ્યાત્વ તીવ્ર થાય તો ૭૦ ક્રોડાક્રોડીની સ્થિતિ થઈ જાય. પરિણામ ઘણા ખરાબ છે, બહુ ચીકણા છે.

મુમુક્ષુ :- આવી સરસ વાત બતાવનાર ગુરુદેવનો ઉપકાર કેટલો !

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કોઈ એનો હિસાબકિતાબ થાય એવું નથી. બહારમાં વળતરની એની કોઈ Term નથી. કોઈ એવો પદાર્થ નથી કે એનું કાંઈ વળતર માપી શકાય, એવો તો કોઈ પદાર્થ છે નહિ. એટલે તો ઉપકારને પણ એ વિશેષણો મળે છે કે કેવો છે શ્રીગુરુનો ઉપકાર ? કે અનુપમ ઉપકાર છે. જેની ઉપમા ક્યાંય આપી શકાય નહિ એવો ઉપકાર છે. એમ કહેવામાં આવે છે. એની પાછળ કારણ એ છે ઉપમા કોની દેવી ? જે ઉપકારની દૃષ્ટિએ પણ જેની અનંતતા લેવી પડે છે. અનંત ઉપકાર છે એમ કહેવું પડે છે.

મુમુક્ષુ :- માર્ગ પણ એવો સરસ કહ્યો કે બીજાને ઉપકારી થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો બધું જ એવું બનેને. બધુ જ એવું બને. મોક્ષમાર્ગે ચાલનારાનો સંગ કરે તો બધા જ એવા પ્રકાર રસ્તામાં (બને). રસ્તો જ એ પ્રકારનો હોય છે, સુંદર ! માર્ગ પણ સુંદર છે આ.

અંતર-બાહ્ય માર્ગ પણ આ સુંદર છે. જિનમાર્ગ છે એ અંતર-બાહ્ય સુંદર છે. અંદરમાં તો સુદર છે પણ બહારમાં પણ એટલો સુંદર છે. અંદરમાં જેટલો નિર્દોષ છે એટલો જ બહારમાં નિર્દોષ છે.

મુમુક્ષુ :- રાગી છે. ક્યારે નહોતી એવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ના, એવી કોઈ સ્થિતિ નહોતી. મૂળ શું છે કે જૂની જાય છે અને નવી આવે છે, જૂની જાય છે નવી આવે છે પણ પ્રવાહ એ ચાલુ ને ચાલુ, ચાલુ ને ચાલુ (રહે છે) એટલે અનાદિથી છે. ક્યારે શુદ્ધ હતો આત્મા, ક્યારે નિષ્કર્મ અવસ્થામાં હતો, એવું નથી.

**'ક્રોધ, માન, માયા, લોભ, ઇન્દ્રિય, મન, વચન, દેહ, ગતિ (ચાર ગતિ), કર્મ (અનંત પ્રકારના), નોકર્મ (સંયોગો), ધર્મ (ધર્માસ્તિકાય), અધર્મ (અધર્માસ્તિકાય), કાલ (કાળાણુ), પુદ્‌ગલ (જડ, રજકણો), અન્ય જીવ...'** સંસારમાં રહેલા બીજા અનંતા જીવો. **'એ આદિ જેટલી પરવસ્તુ છે તે બધાને પોતાની કરી (પોતારૂપ કરી) જાણે છે.'** કેમ કરતા અશુદ્ધિ લાગી છે ? કે આ જીવ આખા જગતને પોતારૂપ કરે છે, એમ કહેવું છે. આખા જગતને પોતારૂપ કરે છે. બીજા પદાર્થને, બીજા પદાર્થના ધર્મને અને જીવવિકારને. ક્રોધ, માન, માયા, લોભ આ જીવવિકાર છે. એને પણ પોતારૂપ કરે છે.

મુમુક્ષુ :- એ તો પોતાના છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનું સ્વરૂપ નથી એ. એ પોતાનું સ્વરૂપ નથી. સોજો આવે અને મોઢું રૂપાળું લાગે એ કાંઈ એનું સ્વરૂપ નથી. એ સોજો એમ ને એમ રાખે તો મરી જાય. દેખાવ સારો થઈ ગયો. આવું સરસ નહોતુ દેખાતું. માટે આ ઘોબા ઉપડી ગયા અને મજાનું સરસ લાગે છે મોઢું, માટે આ સોજો આમ ને આમ રાખો. મરી જાય. એ રોગ છે. એમ તમામ પ્રકારના રાગ-દ્વેષ-મોહ એ બધા જીવની અવસ્થામાં ઉત્પન્ન થયેલા ચિદ્‌વિકાર રોગ છે. એ જીવનું સ્વરૂપ નથી. અથવા સ્વભાવભૂત તત્ત્વ નથી. સ્વભાવભૂત તત્ત્વ નથી એટલે પરભાવભૂત તત્ત્વ છે. બે ભાગો પાડો તો પરભાવભૂત તત્ત્વ છે, સ્વભાવભૂત તત્ત્વ નથી.

ત્યાંથી માંડીને, પહેલા જ એ ભાવો લઈ લીધા છે. વિભાવભાવોને પહેલા લીધા છે. ક્રોધ-માન-માયા-લોભ પછી આ પાંચ ઇન્દ્રિયો, છઠ્ઠું

મન, આ વાણી-વચનવર્ગણા, દેહ-શરીર, ગતિ એમાં મનુષ્ય છું. ફલાણો છું. મનુષ્ય છું, તિર્યંચ છું. જ્યાં જ્યાં જન્મ્યો ત્યાં (તેવો માની લીધો).

કર્મવાળો છું. આકરા કર્મનો ઉદય છે. અથવા બહુ સારા કર્મનો ઉદય છે. નોકર્મ-સંયોગો સારા છે અને બાકી જેટલા ગતિ આગતિમાં સ્થિતિમાં ધર્મ-અધર્મનું નિમિત્ત છે. પરિણમનમાં કાળનું નિમિત્ત છે. અનેક પ્રકારે સંયોગમાં આવતા અન્ય જીવોનું નિમિત્ત છે. અનેક જીવો સંયોગમાં આવે છે. જેનું જેનું જીવ લક્ષ કરે છે એમાં સ્વમાં સ્વપણાનો અનુભવ અને સ્વપણાનું જ્ઞાન નહિ હોવાથી પરમાં સ્વપણું એને થાય છે. જાણે અજાણે જે રીતે કહો તે રીતે. એને મલિનતા લાગવાનું કારણ આ છે કે પરને પોતાનું કરીને એણે માન્યું છે. તે બધી વસ્તુને પોતાની કરીને (જાણે છે). એક રજકણમાં પોતાપણું કરે છે તે આખા જગતમાં પોતાપણું કરે છે. આ એનો સિદ્ધાંત છે.

મુમુક્ષુ :- કુહાડો મૂક્યો બધા ઉપર.

પૂજ્ય ભાઈશ્રી :- એક રજકણમાં મમત્વ કરનાર આખા વિશ્વનું મમત્વ એને પડ્યું છે. આમ લીધું છે. એ રજકણ મારો છે, પતી ગયું. એ પોતાના ચૈતન્યને ભૂલ્યો છે ત્યારે મારો છે એમ થાય છે. ચૈતન્યની ચૈતન્યભાવે સંભાળ કરે અને રજકણમાં પણ મમત્વ કરે, એ બે વાત બનતી નથી. જે પોતાના સ્વરૂપમાં મમત્વ કરે છે, સ્વરૂપથી પોતે અભેદ છે એટલે એમાં મમત્વ શું કરવું ?

'નિયમસાર'માં આત્માનું સ્વરૂપ બતાવતા મૂળ સ્વરૂપ બતાવનારી ગાથાઓ છે. 'શુદ્ધભાવ અધિકાર'માં ૩૮ ગાથા. એમાં ૪૩, ૪૪ ગાથા છે. એમાં એકલું આત્માનું મૂળ સ્વરૂપ બતાવ્યું છે. એમાં નાસ્તિથી અને અસ્તિથી બે પ્રકારના બોલ આવે છે. એમાં આત્મા નિર્મમ છે એ વાત છે. આત્મા નિર્મમ છે. એટલે પરપદાર્થમાં અને રાગમાં મમત્વ કરે એ આત્માનું સ્વરૂપ નથી. તો ત્યાં એવી વ્યાખ્યા કરી છે કે પરપદાર્થની અપેક્ષાએ નિર્મમ છે. પણ પોતાના સ્વરૂપમાં તો મમત્વ કરે ને ? તો કહે છે, પોતાનું સ્વરૂપ તો પોતાથી અભેદ છે. તો અભેદમાં પછી મમત્વ કરવાનો ક્યાં પ્રશ્ન છે ? કોઈ બીજું હોય તો મમત્વ કરે. એમ કરીને નિર્મમ સાબિત કર્યું છે. 'નિયમસાર'ની બહુ સારી શૈલી છે. આ નથી...

આ નથી... આ નથી... એમ કરીને (વાત કરી છે). ૪૩મી (ગાથા છે).

નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,

**'અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.'**

**નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,**
**નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.**

આટલા બોલ લીધા છે.

**णिद्दंडो णिद्दंदो णिम्ममो णइक्कलो णिरालंबो।**
**णीरागो णिद्दोसो णिम्मूढो णिब्भयो अप्पा।।४३।।**

આમ ગાથા છે. **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી આત્મા નિર્મમ (મમતા રહિત) છે.'** એનો અર્થ આ કર્યો છે. વૈભવ સોનું, ચાંદિ, ઝવેરાત, કીર્તિ, આબરૂ, ઝર, જમીન, કુટુંબ, પરિવાર એ મમત્વનો વિષય ન લીધો. નિર્મમનો બોલ એવી રીતે લીધો. મમત્વનો એ વિષય નથી લીધો. કેમકે અહીંયાં વિભાવનો અભાવ લેવો છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત પાછા એમ ન લીધું કે અપ્રશસ્તનો અભાવ છે. પ્રશસ્ત તો એને જોઈએ એમ ન લીધું. પ્રશસ્ત અને અપ્રશસ્ત, મૂળમાં છે એ વાત.

**'प्रशस्ताप्रशस्तसमस्तमोहरागद्वेषाभावान्निर्ममः'** 'પદ્મપ્રભમલધારીદેવ'ની આ ટીકા છે. **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી આત્મા નિર્મમ છે.'** તો આત્મા જે નિર્મમ છે એને આ ભાવ નથી તો એને મમત્વ કરવાનો પ્રશ્ન રહેતો નથી. ત્યાંથી 'ગુરુદેવે' પ્રવચનમાં એ અર્થ કાઢ્યો છે. એ તો એક ખ્યાલ રહી ગયેલો છે. પરભાવમાં તો આત્મા નથી માટે આત્માને એનું મમત્વ એના મૂળ સ્વરૂપમાં નથી, પણ અભેદમાં મમત્વ કરવાનો પ્રશ્ન નથી. અભેદનું મમત્વ શું કરવું ? જે પોતે પોતાથી જ અભેદ છે એનું મમત્વ કરવાનો શું પ્રશ્ન છે ? માટે પણ આત્મા નિર્મમ છે, જાવ. મમત્વનો એણે વિકલ્પ કરવાનો પ્રશ્ન નથી. આ અધિકારમાં પછી અલિંગ્રહણની ગાથા છે, ૪૬મી.

**જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ અવ્યક્ત છે,**

**વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.**

એ ૪૬મી છે. શુદ્ધભાવ અધિકારની ગાથા છે. આ તો બધા શાસ્ત્રોમાં છે ને ?

મુમુક્ષુ :- પાંચે પરમાગમ.

પૂજ્ય ભાઈશ્રી :- અને 'ધવલ'માં છે.

મુમુક્ષુ :- 'ધવલ' પહેલા થયું કે પછી?

પૂજ્ય ભાઈશ્રી :- ભલે પહેલા થયું પણ એ કુદરતી છે. આમ તો કેટલોક વિષય તો ગુરુપરંપરાથી જ ચાલ્યો આવે છે ને ? ગુરુપરંપરા તો ચાલી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યારે શાસ્ત્રોની જરૂર પડે એવી ઓછા જ્ઞાનવાળી સ્થિતિ નહોતી. મુનિઓની, આચાર્યોની, શિષ્યોની મુખ પરંપરાથી જ બધુ ધારણામાં જ રહેતું હતું. એવી ધારણા, બહુ મજબૂત ધારણા એ વખતમાં એ કાળમાં હતી. એટલે પુસ્તકની આવશ્યક્તા નહોતી દેખાતી. અને એ મહાવરાનો વિષય છે. એવી રીતે જ્યારે અભ્યાસ જ એવી રીતે મુખપાઠે કરવાનો હોય ત્યારે એ જાતનો જ મહાવરો રહે. જેમ અત્યારે ઘણા Calculatorથી ગણે છે ત્યારે આગળની પદ્ધતિ ભૂલી જાય છે.

કાલે જ એ એક પેઢીનો Accountat આવ્યો હતો. કે હું Calculator નો એટલો બધો ઉપયોગ કરું છું કે હવે હું જે પહેલા બધું શિખ્યો છું એ ભૂલી ગયો છું અત્યારે. પધ્ધતિની વાત થઈ હતી. આમાં હિસાબમાં ફેર પડે છે. મેં તો આ પદ્ધતિએ કર્યું છે. આ જૂની પદ્ધતિ છે. તો કહે, ખરેખર સાચુ કહું? હું Account કરું છું. પગાર સારો મળે છે. પણ Calculator ઉપર બધું કરું છું. જૂનું ઘણું ભૂલી ગયો છું. પદ્ધતિ આ હતી. એનો અર્થ શું છે ? કે મહાવરો છૂટી જાય છે તો ગમે તે જ્ઞાન વિસ્મૃત થઈ જાય છે. ધારણા છે ને ? એ તો મહાવરાથી જ ટકે છે. મહાવરો છૂટી જાય છે.

પહેલા તો મુખપાઠનો જ મહાવરો હતો. એવી ધારણાનો પ્રકાર પણ એવો સરસ હતો. ધારણાજ્ઞાન ઘસાતું ચાલ્યું એટલે પુસ્તકોની આવશ્યક્તા સમજાણી લોકોને. એ રીતે પુસ્તકો વધતા ચાલ્યા. એ

પુસ્તકો પ્રસિદ્ધ થયા એ એમ સૂચવે છે કે નબળાઈ વધી છે જીવોની. ખરેખર તો જીવોની જ્ઞાનની નબળાઈ વધી છે. પછી એ વખતે આચાર્યોએ જે પુસ્તકો લખ્યા જ્યારે જંગલમાં તાડપત્રો ઉપર, ત્યારે પણ એ માત્ર સૂત્રો જ લખતા અને સૂત્રોથી બધાને જ્ઞાન થઈ જતું. ૨૦૦૦ વર્ષ પહેલા તો સૂત્રથી જ્ઞાન ચાલ્યું. પછીના આચાર્યોએ જોયું કે સૂત્રોથી પણ સમજે એવા જીવો નથી, નબળા નબળા જીવો આવતા જાય છે, હિણા જીવો આવતા જાય છે તો ટીકાઓ કરીને સમજાવ્યું. એટલે એક એક સૂત્રને સમજાવવા માટે વિસ્તાર કર્યો. અત્યારે તો ટીકાથી સમજે એ પરિસ્થિતિ નથી રહી જીવોની. ટીકાઓ મોજૂદ છે પણ ટીકાથી પણ ન સમજે. એટલે 'ગુરુદેવ' જેવા એક ટીકા ઉપર મોટા વિસ્તાર કરે. એક એક વાક્ય ઉપર એક એક કલાકનું ભાષણ આપ્યું. નબળાઈ કેટલી વધી ! એવું છે. (અહીં સુધી રાખીએ..)

ઉપયોગને અંતરંગમાં જ્ઞાન સામાન્ય ઉપર અનુભવ દૃષ્ટિએ લઈ જવો; અનુભવ દૃષ્ટિ 'હું પણા' રૂપ હોવાથી, જ્ઞાન સામાન્ય સદૃશ અતિ નિકટ દ્રવ્યમાં 'હું પણું' સહજ આપોઆપ આવે છે. આમ અંતરંગમાં ભેદજ્ઞાન થવા યોગ્ય છે. ઉલ્લાસીત વીર્યથી અર્થાત્ આત્મહિતના ઉલ્લાસપૂર્વક સહજ પ્રયત્ન - વારંવાર સ્વસન્મુખતાનો કર્તવ્ય છે, ધારાવાહી રહે ત્યાં સુધી. તે શુદ્ધ ઉપયોગનું કારણ છે.

(અનુભવ સંજીવની - ૬૯૬)

**પ્રવચન નં. ૫૭–૫૮ ઉપલબ્ધ નહિ હોવાથી લેવામાં આવેલ નથી.**

## તા. ૧૨–૧૧–૧૯૮૫, પાના નં.૨૯, પ્રવચન નં. ૫૯

... જગતના જીવો દેહ ત્યાગ કરે તેને મૃત્યુ કહે છે. પણ જે કોઈ આત્માને ચરમશરીરનો ત્યાગ થાય તેને તેનો નિર્વાણ થયો એમ કહેવાય. એ શોકનો પ્રસંગ નથી, દુઃખનો પ્રસંગ નથી પણ ઉત્સવનો પ્રસંગ છે. શાસનમાં પણ એ એક ઉત્સવનો પ્રસંગ છે. નિર્વાણ ઉત્સવના કાળે પણ દેવો દેવલોકમાંથી આવે છે, ઈન્દ્રાદિ દેવો આવે છે અને ભગવાનનો નિર્વાણ મહોત્સવ ઊજવે છે, મનાવે છે. શુક્લધ્યાનની શ્રેણી માંડીને પરિપૂર્ણ શુદ્ધ દશા જે ભગવાન 'વર્ધમાનસ્વામી'ને થઈ તેને ૨૫૦૦ વર્ષ પહેલા 'પાવાપુરી'માંથી બરાબર સમશ્રેણીએ-સીધે સીધા આકાશના કોઈપણ પ્રદેશની સમશ્રેણી એટલે શ્રેણી છોડ્યા વિના સીધે સીધા ઉપર બિરાજમાન છે.

મુમુક્ષુ :- બીજા સંસારી હોય એવા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવા જ સંસારી હોય છે.

મુમુક્ષુ :- કઈ કળથી એ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉત્કૃષ્ટપણે પોતાના આત્માના હિતનો ભાવ થયો. પોતાના નિજ હિતનો ઉત્કૃષ્ટ ભાવ થયો. એવો ઉત્કૃષ્ટ ભાવ થયો અને એવી જિજ્ઞાસા થઈ. જ્યારે બે ચારણઋદ્ધિધારી મુનિ 'મહાવીર સ્વામી'ના આ ભવ પહેલાના દસમા ભવે જ્યારે સંબોધે છે, ત્યારે મુનિરાજ જે કહેતા હતા એના પ્રત્યે અત્યંત અત્યંત જિજ્ઞાસા થઈ. અને નિજ હિતની પૂરેપૂરી જરૂરિયાતનો ભાવ વર્ત્યો કે મારું કલ્યાણ થાય, મારો ઉદ્ધાર થાય, મારું હિત થાય અને આ સંસારમાંથી હું છૂટી જાઉં. પોતાનો આત્મા એમણે બતાવ્યો એવો જ આત્મા એમને સાંભળતા-સાંભળતા સવિકલ્પ દશામાં ભાસ્યો, સંમત થયો, બુદ્ધિપૂર્વક સંમત થયો અને ત્યારપછી તરત જ એમાં પરિણમી ગયા. પરિણમન

થઈ ગયું. આત્મારૂપ પરિણમન થઈ ગયું. તે આત્માના અભેદ અનુભવરૂપ પરિણમન થયું.

મુમુક્ષુ :- એ પહેલા તો ...

પૂજ્ય ભાઈશ્રી :- એ પહેલા તો જેવા બીજા જીવો સંસારી હોય છે એવા જ પરિણામ હોય છે. કોઈ આરાધનાના પરિણામ નથી હોતા. મિથ્યાદર્શનથી માંડીને અનેક પ્રકારના વિરાધનાના પરિણામ થાય છે. એનાથી તે જીવ છૂટવા ચાહે છે ત્યારે એ છૂટે છે. એને છૂટવાનો ભાવ થાય છે, ખરો ભાવ થાય છે ત્યારે છૂટી જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : નહોતા બરાબર. 'મરિચી'ના ભવથી માંડીને છેલ્લા સિંહના ભવમાં પણ નરકમાંથી આવે છે. કેટલાય નારકીના ભવ કર્યા છે. અસંખ્ય નારકીના ભવ કર્યા છે. અને એ નારકીના ભવમાંથી અસંખ્ય વાર તિર્યંચના, જંગલી તિર્યંચના ભવો કર્યા છે. સિંહ, વાઘ, અજગર, મોટા મોટા સર્પ, ક્રોધ, ઘણો ક્રોધ હોય છે. છતાં જ્યારે આત્મા છૂટવા... જાતિ નથી બદલાણી. પરિણામ બદલાણા છે. મૂળ જાતિ આત્માની કોઈની બદલાતી નથી. એને પોતાની જાતને જ્યાં સંભાળે છે ત્યાં પોતાના સ્વાનુભવમાં આવે છે. જે જાતે સ્વરૂપ છે. સ્વરૂપ છે એવા સ્વરૂપજાતિનો અનુભવ પ્રગટ થાય છે. એવો સ્વાનુભવ નિર્વાણનું કારણ છે. અહીંયાં સ્વાનુભવનું જ વર્ણન ચાલશે. એવો સ્વાનુભવ નિર્વાણનું કારણ છે. અનુભવથી પરમાત્મા થવાય છે. એમ લે છે.

મુમુક્ષુ :- ચારણ ઋદ્ધિધારી મુનિ નીચે ઉતર્યા એ પહેલા તો હરણને મારવાના...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પહેલાના પરિણામ તો ઘણા ક્રૂર હતા.

મુમુક્ષુ :- એમાં કેવી રીતે...?

પૂજ્ય ભાઈશ્રી :- ફરી ગયા. પરિણામ બદલી ગયા. એકદમ પરિણામ બદલી ગયા. સિંહના ભવમાં તો સિંહને લાયક પરિણામ થાય. ભૂખ લાગી'તી તો શિકારે નીકળેલા. એ સિંહ છે એ કોઈનું મરેલું મડદું હોય, કોઈથી મારેલું હોય એવું ન ખાય. પોતે મારીને ખાય. જંગલનો રાજા છે ને ! કોઈનું મારેલું ન ખાય.

પોતે એક હરણને પંજો મારે છે. હરણ લોહીલુહાણ થઈને પડી જાય છે. ત્યાં ઉપર આકાશ માર્ગે આ બે મુનિરાજ વિહાર કરતા હતા. એને ઉપયોગ જાય છે કે અરે..! નીચે જંગલમાં કોઈ સિંહ હરણને ફાડી ખાય છે, હરણનો શિકાર કરે છે. અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકે છે. અવધિજ્ઞાનધારી હતા. અરે..! આ તો ભગવાન 'મહાવીરસ્વામી'નો જીવ છે. આ ચોવીસીના અંતિમ તીર્થંકર થવાના છે એ આત્મા છે. સિંહના ભવમાં. પોતે નીચે ઉતરે છે. નીચે ઉતરે છે એટલે સિંહના પરિણામમાં પહેલો ફેર એ પડે છે કે અરે..! જે મનુષ્યો મને જોઈને ભાગવા લાગે એના બદલે આ કઈ જાતના મનુષ્યો છે કે સામે ચાલ્યા આવે છે ! એટલે ક્રોધના પરિણામ તો જિજ્ઞાસામાં જ બદલાય ગયા.

જે હરણને મારવાના પાપના પરિણામ હતા એ પલટીને એકદમ પહેલા જિજ્ઞાસામાં આવી ગયા કે મનુષ્ય સામે આવે છે ! ત્યારે એ કહે છે કે, હે ભવ્ય શાર્દુલ ! એટલું જ્યાં સંબોધન કરે છે ત્યાં આખા પરિણામ બદલી જાય છે. ત્યાં સિંહને પણ બે હાથ જોડીને બતાવ્યો છે. એનો અર્થ કે અતિ નમ્ર થઈને સાંભળે છે. એકદમ નમ્ર થઈને સાંભળે છે.

'ગુરુદેવ' કહેતા કે ભગવાનના સમવસરણમાં ઇન્દ્રો અને ચક્રવર્તીઓ છ ખંડના રાજા હોય કે મોટા મોટા ઇન્દ્રો હોય, સૌધર્મ ઇન્દ્ર વગેરે મોટા ઇન્દ્રો હોય એ બધા ગલુડિયાની જેમ સાંભળે. ગલુડિયા જેવા નમ્ર થઈને સાંભળે. ઠુંઠ થઈને ન બેસે. હું પણ પુણ્યનો પદ્વીધારક છું, હું પણ મોટો શેઠિયો છું, મોટો રાજા છું, કરોડપતિ છું એ અભિમાન રાખીને સાંભળે એને કાંઈ અંદરમાં વાત પલ્લે પડે નહિ. એ દૃષ્ટાંત આપતા. તમે અત્યારે નમ્ર થઈને સાંભળજો એમ કહે તો સારું ન લાગે. એમાંથી સંકેત એ નીકળે છે. લાયક જીવ એમાંથી એ વાત લે છે કે સત્શ્રવણ છે એ અતિ નમ્ર થઈને શ્રવણ કરવા યોગ્ય છે. એમાં બીજા પ્રકારનો ભાવ, એથી અન્ય પ્રકારનો ભાવ હોય તો શ્રવણનો ભાવ પરિણામને પામતો નથી.

ભગવાન એ રીતે ત્યારપછીના ભવમાં તો મનુષ્ય થાય છે. આ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે એટલે મનુષ્ય થાય છે. ત્યારપછી તો સમ્યગ્જ્ઞાન છે એટલે એમાં તો સ્વ-પરનો મહાવિવેક પ્રગટ થયો છે.

સ્વરૂપનો અનંત મહિમા એ જ્ઞાને ધારણ કર્યો છે. પોતાને અભેદરૂપે, અભેદ અનુભવરૂપે અનુભવે છે અને પરની ઉદાસીનતા, નિર્મૂલ્યતા અને ઉપેક્ષા સમ્યગ્જ્ઞાનમાં તો સહજ વર્તે છે. એ સાધના સાધતા સાધતા છેલ્લા ભવમાં અંતિમ તીર્થંકરનો ભવ છે. અનેક ભવ્ય જીવોને દેશના મળે છે. ઉપદેશ મળે છે. અનેક ભવ્ય જીવો પોતાનું કલ્યાણ કરી જાય છે. અને આયુષ્યકાળ પૂરો થતાં પોતે પણ દિવાળીના પરોઢે, આજના દિવસની વહેલી પરોઢે નિર્વાણમાં ગમન કરે છે, સિદ્ધાલયમાં ગમન કરે છે.

મુમુક્ષુ :- સિંહના ભવમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- સિંહના ભવમાં આત્મસ્વરૂપના દર્શન કર્યા. સમ્યગ્દર્શન, સાક્ષાત્ દર્શન કર્યા. પરમાત્મતત્ત્વના દર્શન કર્યા સિંહના ભવમાં. ત્યારથી આહાર-પાણીનો ત્યાગ કરે છે. સિંહના ભવમાં. કેમકે સિંહ ઘાસ ખાય નહિ. અને સમ્યગ્દૃષ્ટિ અભક્ષ્ય માંસનો આહાર કરે નહિ. તિર્યંચ હોય તોપણ ન કરે. એટલે ત્યારથી સંથારો લઈ લ્યે છે. સિંહના ભવમાં સંથારો લ્યે છે. જ્યારથી જ્ઞાન થાય છે, બોધ મળે છે, આહાર-પાણી છૂટી જાય છે. આ ભવ અને આ સ્થિતિ ! આ આત્માને-પરમાત્માને આ સ્થિતિ ! માંસ ખાવાનું હોય ? પૂરી થઈ ગઈ વાત. આહાર-પાણીનો ત્યાગ કરે છે. દેહ છોડીને ....

એ સાધના કેવી હોય છે, નિર્વાણને લાયક સાધના કેવી હોય છે, એ અહીંયાં અધિકાર ચાલે છે. '**નિશ્ચય મોક્ષમાર્ગ બે પ્રકારે છે**-' ૨૬મા પાને ત્રીજી લીટી. નિશ્ચય એટલે અહીંયાં ખરો, સાચો મોક્ષમાર્ગ છે એમાં બે પ્રકારના પરિણામ હોય છે, એમ કહેવું છે. અહીંયાં જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ છે એના બે પ્રકાર છે એમ કહેવું નથી. પણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી નિશ્ચય મોક્ષમાર્ગ જે છે, એ નિશ્ચય મોક્ષમાર્ગના સદ્‌ભાવમાં બીજા પણ જે પ્રકારના સવિકલ્પ દશાના પરિણામ હોય છે, આ નિર્વિકલ્પ પરિણામ છે, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર છે એ નિર્વિકલ્પ આત્મસ્વરૂપને આશ્રિત તદ્રૂપ થયેલા નિર્વિકલ્પ પરિણામ છે અને એ સિવાય મોક્ષમાર્ગમાં બીજા સવિકલ્પ પરિણામ છે એ કેવા હોય છે ? એ બતાવવા માટે નિશ્ચય મોક્ષમાર્ગ બે પ્રકારે છે એમ અહીંયાં કહ્યું છે.

એટલે ખરા મોક્ષમાર્ગમાં બે પ્રકારના પરિણામ થાય છે. જે શુભ પરિણામો અહીંયાં મોક્ષમાર્ગના નામથી બતાવવા છે તે ઉપચારથી કહેવા છે. એક (વાત). બીજો એ કહેવાનો આશય એવો છે કે એવા પરિણામથી હિન પરિણામ મોક્ષમાર્ગને વિષે હોય એમ બનતું નથી. મોક્ષમાર્ગીને તો અમુક જ પ્રકારના મોક્ષમાર્ગને વિષે પરિણામ હોય. અને ગમે તેવા પરિણામ હોય નહિ. એવી જે સવિકલ્પ દશાની પરિણામની મર્યાદાને સૂચવવા માટે, મર્યાદાને ચોક્કસ કરવા માટે, પરિણામની મર્યાદાનો નિયમ કરવા માટે એને મોક્ષમાર્ગના પરિણામ કહેવામાં આવ્યા છે. એમ વાત છે.

**'નિશ્ચય મોક્ષમાર્ગ બે પ્રકારે છે-સવિકલ્પ તથા નિર્વિકલ્પ. સવિકલ્પમાં 'अहं ब्रह्म अस्मि' હું બ્રહ્મ છું આવો ભાવ આવે.'** જે ભાવ નિર્વિકલ્પ પરિણમનરૂપ છે તેનો જ સવિકલ્પભાવ, તેને અહીંયાં મોક્ષમાર્ગમાં લીધો છે. બીજી તો વાત નથી લીધી. વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર ને એ બધી સ્થુળ વાત તો લીધી જ નથી. અનુભવનો ગ્રંથ છે. એટલે અનુભવકાળમાં નિશ્ચયમોક્ષમાર્ગ, નિર્વિકલ્પ મોક્ષમાર્ગને અનુરૂપ સવિકલ્પ પરિણામ કેવા ? એટલી જ વાત લીધી છે. કે હું બ્રહ્મ સ્વરૂપ છું. '**अहं ब्रह्म अस्मि**' હું બ્રહ્મસ્વરૂપ છું, હું ધ્રુવ આત્મા છું. પછી વિકલ્પ અનેક પ્રકારનો હોય. ધ્રુવ છું, શુદ્ધ છું, પૂર્ણ છું, એક છું, શુદ્ધ છું, જ્ઞાનસ્વરૂપ છું, આનંદસ્વરૂપ છું. એ બધા અનેક પ્રકારના પરિણામ હોય. પણ એવો હું છું, એવું જે નિર્વિકલ્પ પરિણમન, એનો જે વિકલ્પ, એને અહીંયાં મોક્ષમાર્ગમાં લીધો છે. બીજા વિકલ્પ હોય અને એને મોક્ષમાર્ગ પ્રગટ થાય એમ બનતું નથી.

કોઈને દાન દેવાનો વિકલ્પ થયો અને એમાંથી એ નિર્વિકલ્પ થઈ ગયો. એવું બનતું નથી. શુભ પરિણામ તો અનેક પ્રકારના છે. દાન દેવાનો વિકલ્પ થયો. અથવા તો બીજા તીર્થંકર આદિ વીતરાગદેવ છે એમના પ્રત્યે ભક્તિનો રાગ ઉગ્ર થયો, ઘણો તીવ્ર રાગ થયો અને નિર્વિકલ્પ થઈ ગયો. એમ બનતું નથી. એવા પ્રકારે પૂર્વ પરિણામ હોય અને નિર્વિકલ્પ નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ થાય એવું કદિ બનતું નથી. ગુણસ્થાન અનુસાર વ્યવહારના પરિણામોના અનેક ભેદ છે. પણ અહીંયાં એ પણ ચર્ચા નથી કરવી, અહીંયાં એ પણ પ્રકરણ નથી.

અહીંયાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે, શરૂઆત થાય છે તો એ શરૂઆત થવા પહેલા કઈ જાતના, કેવા પ્રકારના પરિણામ હોય છે ? એમ કહે છે. કોઈપણ વ્યવહારનયાશ્રિત વિષય છે, વ્યવહારનયનો વિષય છે એને અવલંબનારા વિકલ્પો પણ ન હોય. માત્ર શુદ્ધનયાશ્રિત જે શુદ્ધ સ્વરૂપ છે, શુદ્ધનયાશ્રિત જે શુદ્ધ સ્વરૂપ છે એ શુદ્ધ સ્વરૂપ સંબંધિત જ માત્ર વિકલ્પ હોય. એટલી અહીંયાં મર્યાદા બાંધવી છે.

નહિતર એવી રીતે ઘણા કલ્પનાએ ચડે છે ત્યારે કહે છે કે એક વખત ભગવાનના મંદિરમાં પૂજા કરતા હતા. એવી ભગવાનની ભક્તિ... એવી ભગવાનની ભક્તિ કરી... એવી ભક્તિ કરી કે ભક્તિ કરતા કરતા અમને નિર્વિકલ્પ ધ્યાન થઈ ગયું. તલ્લીનતા થઈ ગઈ. એવું કદિ બનતું નથી. એ તો જેમ અન્યમતમાં બીજા પરમાત્મામાં એકાગ્ર થવાનું માને છે અને એ પરમાત્માના દર્શન થવાનું માને છે એવો પ્રકાર પછી એમાંથી, કલ્પનામાંથી ઊપજે છે. એવું તો કદિ કોઈને થતું નથી.

એક સ્વઆશ્રિત પરિણામ થવા અર્થે, નિર્વિકલ્પ સ્વઆશ્રિત પરિણામ થવા અર્થે, સવિકલ્પ પરિણામ પણ સ્વઆશ્રિત થાય એવા પ્રકારના જ વિકલ્પવાળા હોય છે. એ તો વિકલ્પ સમજાય છે એટલે વિકલ્પથી સમજાવવામાં આવે છે. ત્યાં પણ ખરેખર સ્વરૂપસન્મુખ થયેલા જીવને વિકલ્પનું જોર નથી. ત્યાં પણ એને એના જ્ઞાનમાં જે સ્વરૂપ છે કે આ હું છું. જે ખ્યાલમાં આવેલું સ્વરૂપ છે, નિર્ણયમાં આવેલું-ઓળખાણ થયેલું જે સ્વરૂપ છે એ જ્ઞાનનું બળ ત્યાં વિશેષ છે અને ગુણના ધામની રુચિનું બળ વિશેષ છે. એવા રુચિબળ અને જ્ઞાનબળની ત્યાં પ્રધાનતા છે. અને એ બળ વધીને નિર્વિકલ્પ અનુભવ કરે છે ત્યારે વિકલ્પની તો હાનિ થાય છે, વિકલ્પનો ધ્વંસ થાય છે અને વિકલ્પને તો ત્યાં મારી નાખવામાં આવે છે. પણ સમજાવવા માટે વિકલ્પ બતાવવો પડે છે. નહિતર વળી કોઈ એમ પકડે કે, જુઓ ! વિકલ્પ કરતા કરતા થયું કે નહિ ? પહેલા આવો વિકલ્પ કરવો પડ્યો ને ? માટે જ અમે શાસ્ત્ર વાંચી વાંચીને આત્માનો વિકલ્પ કરીએ છીએ. તારું જોર જ્યાં સુધી વિકલ્પ ઉપર જશે, રાગ ઉપર જશે, ભલે આત્મા સંબંધિત હોય ત્યાં સુધી તને વિકલ્પની અપેક્ષા છે અને નિર્વિકલ્પ

આત્માની ઉપેક્ષા છે, અપેક્ષા એમાં નથી. એમ થાય છે.

જેને અનુભવ થાય છે એને પૂર્વ પર્યાયના વિકલ્પ ઉપર વજન નથી, દૃષ્ટિ નથી. એનો દૃષ્ટિકોણ તો એક શુદ્ધાત્માને ગ્રહણ કરવાનો છે અને જ્ઞાન ને રુચિ એના ઉપર પુરુષાર્થ આગળ વધી રહ્યો છે. એ ન સમજાય એના માટે એનો વિકલ્પ સમજાવવામાં આવે છે કે હું બ્રહ્મ છું, હું પૂર્ણ છું, શુદ્ધ છું એવો વિકલ્પ ત્યાં ચાલે છે. પણ વિકલ્પ કરતા કરતા વિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે એમ ખરેખર નથી. પણ બાહ્યદૃષ્ટિવાનને બાહ્યદૃષ્ટિનો વિષય બતાવવામાં આવે છે. અંતરદૃષ્ટિનો વિષય કોઈ જુદો છે.

'**હું બ્રહ્મ છું-આવો ભાવ આવે.**' એમાં હું બ્રહ્મ છું એવો વિકલ્પનો રાગ છે. હું બ્રહ્મ છું એવું બ્રહ્મસ્વરૂપ આત્માનું જ્ઞાન છે. અને હું બ્રહ્મ છું એવી બ્રહ્મ આત્માની અત્યંત રુચિ છે અને હું બ્રહ્મ છું એવું આત્માપ્રત્યયી એમાં પુરુષાર્થનું જોર છે. એ સમગ્ર પરિણામને હું બ્રહ્મ છું એવો વિકલ્પ, એવો ભાવ આવે એમ કહે છે. એવો વિકલ્પ આવે એવો શબ્દ ન લીધો. પ્રથમ સવિકલ્પમાં એવો ભાવ આવે એમ કહ્યું. ભાવની અંદર આ બધા ભાવ છે. એકલો વિકલ્પ નથી. એકલો કોરો વિકલ્પ હોય એ વર્ષોના વર્ષો સુધી ભલે આત્માનું રટણ કરે, એને અનુભવ ન થાય.

મુમુક્ષુ :- .. ચોક્કસ પ્રકારની...

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્વભૂમિકાથી થઈ શકે છે. પણ એમાં માત્ર વિકલ્પ આત્માના કરતો હોય તો એ ચોક્કસ પ્રકારની ભૂમિકા નથી. બીજા વિકલ્પ કરતો હોય એ તો ભૂમિકા છે જ નહિ. એટલે એ તો ચર્ચાનો વિષય નથી. પણ આત્માના વિકલ્પ કરતો હોય તોપણ એકલા વિકલ્પ કરતો હોય અને એ સન્મુખ એનું જ્ઞાન ન થયું, એને રુચિ ન હોય, એનો એ સંબંધીનો પુરુષાર્થ વર્તતો ન હોય, એનો મહિમા એને ન હોય, માત્ર એક રટણની ટેવ પડી ગઈ હોય કે આ જ રટણ કરવું છે. બુદ્ધિથી નક્કી કરી લીધું છે કે જો નિશ્ચયનયના વિષય સિવાય બીજો વિકલ્પ હોતો નથી તો આપણે એ એક જ વિકલ્પ કરો. બીજો વિકલ્પ ન કરવો. જોકે થઈ જાય. બીજો વિકલ્પ ન થાય એવું બને નહિ. પણ વધુ એ કરવા ચાહે અને કર્તૃત્વબુદ્ધિએ કરે તો તેથી તેનો અનુભવ થાય

એવું બનતું નથી.

મુમુક્ષુ :- સવિકલ્પદશાને ... એના કરતા વ્યવહાર મોક્ષમાર્ગ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. નિશ્ચયનો અર્થ અહીંયાં ખરો. ખરેખર આમ હોય છે એમ કહેવું છે. નિશ્ચય એટલે અહીંયાં જે નિર્વિકલ્પ માર્ગ છે એટલી વાત નથી કરવી. નિશ્ચય એટલે સાચો, નિશ્ચય એટલે વાસ્તવિક. કે એમાં આમ બને. એના વિકલ્પ આવા હોય અને એની નિર્વિકલ્પ દશા આવી હોય. એમ. એ સિવાય બીજું ન હોય. એટલું જ કહેવું છે. નિશ્ચયનો અર્થ અહીંયાં એટલો જ લેવો છે.

મુમુક્ષુ :- નિશ્ચય એટલે મર્યાદા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિશ્ચય એટલે મર્યાદા. ખરેખર આમ બને છે. બીજી રીતે હોતું નથી. એમ કહેવા માટે એ વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પને ભાવ કહેવાય અને વિકલ્પ સિવાયના બીજા ભાવોને પણ ભાવ કહેવાય. આત્માના દરેક ગુણના પરિણામને ભાવ કહેવાય. ભાવ એટલે થવું. ભવવું, થવું. ભવવું-થવું તેને ભાવ કહેવાય. એમાં ચારિત્રગુણની રાગની પર્યાયને અહીં વિકલ્પ કહે છે. ચારિત્રગુણના પરિણામ છે. વિકલ્પ છે એ ગુણભેદથી લઈએ તો ચારિત્રગુણનું પરિણામ છે. તો એને ભાવ કહેવાય. અને શ્રદ્ધામાં રુચિ પ્રગટી છે એને ભાવ કહેવાય. એ રુચિ ભાવ છે. જ્ઞાન સન્મુખ થયું છે તે જ્ઞાનભાવ છે. આ વિકલ્પભાવ છે. આત્માનો અનંત મહિમા ઉત્પન્ન થયો છે, અપૂર્વ મહિમા ઉત્પન્ન થયો છે એ પણ મહિમારૂપ ભાવ છે. એમ ભાવ છે એની વિશાળતા ઘણી છે. જ્યારે વિકલ્પમાં તો એક ચારિત્રગુણનો એક અંશ છે, ચારિત્રગુણનો પરિણામ છે. એને વિકલ્પ કહે છે.

મુમુક્ષુ :- વિકલ્પમાં પણ...

પૂજ્ય ભાઈશ્રી :- ના. હોઠ ચાલવાનો પ્રશ્ન નથી. એમાં મન ચાલે છે. વિકલ્પમાં મનનું સ્પંદન છે. જ્યારે સવિકલ્પ દશા છે ત્યારે મનનું સ્પંદન છે એમાં બધા ભાવો નિમિત્ત પડે છે. એમાં બધા ભાવો નિમિત્ત પડે છે. એક નિર્વિકલ્પતામાં મન એક બાજુ રહી જાય છે. એમાં મનનું નિમિત્ત નથી. અહીંયાં મનનું નિમિત્ત છે. જ્યાં સુધી સવિકલ્પ દશા છે

ત્યાં સુધી મનનુ હલનચલન છે. હોઠનું ભલે હલનચલન ન હોય પણ મનનું હલનચલન હોય. હોઠનું હલનચલન તો વાણીના કાળમાં છે. તે વાણીમાં નિમિત્ત છે. હોઠ, જીભ, તાળવું, કંઠ, દાંત, અનેક પ્રકારનું હલવું છે એ બધું વાણીમાં નિમિત્ત પડે છે.

મુમુક્ષુ :- વિકલ્પ અને ભાવ વચ્ચે...

પૂજ્ય ભાઈશ્રી :- સરખા સમજાય છે. ના, પણ સમજણ તો એમ હોવી જોઈએ કે ભાવમાં તો અનેક ગુણોના ભાવ છે. અને વિકલ્પમાં તો એક ગુણનો ભાવ કહેવો છે. એટલે તો કહ્યું, સવિકલ્પમાં આવો ભાવ આવે. એમ કહ્યું. ભાવ આવે એમાં વિકલ્પપૂર્વક રુચિથી ભાવે છે, જ્ઞાનથી પણ ભાવે છે અને ચારિત્રથી પણ ભાવે છે. પણ એકલો વિકલ્પ ત્યાં નથી અને વિકલ્પની મુખ્યતા નથી. કેમકે વિકલ્પ છે એ રાગરૂપી વિપરીત ચારિત્રનો પરિણામ છે. જ્યારે જ્ઞાન સન્મુખ થયું છે, રુચિ અનુકૂળ થઈ છે. ભલે હજી મિથ્યાત્વ છે, દર્શન મિથ્યાત્વ છે, પણ રુચિ અનુકૂળ થઈ છે. આત્માનો મહિમા ઘણો છે. એ બધા પરિણામ છે એ એવા જ કોઈ પરિણામ છે કે જે પરિણામ આગળ ચાલતા નિર્વિકલ્પ મોક્ષમાર્ગ પ્રગટે છે, અનુભવ પ્રગટે છે. તેથી તેને અહીંયાં ખરો મોક્ષમાર્ગ કહ્યો. ખરું આમ હોય, સાચું આમ હોય. બીજી રીતે હોય તો તે સાચું નથી. એટલું કહેવું છે.

મુમુક્ષુ :- સિંહના ભવમાં શરૂમાં આવો ભાવ આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સિંહના ભવમાં. સવિકલ્પ દશામાં આવો ભાવ આવે. જેવું કહ્યું એવું જ અહીંયાં સીધું જ્ઞાનમાં આવ્યું. જેવો આત્મા બતાવ્યો કે જો ! હે સિંહ ! હે ભવ્ય સિંહ ! હે ભવ્ય ! ભવ્ય કહે છે. કેમકે ભવ્યતા પાકી ગઈ છે. તૈયારી છે. અંદરમાં એકદમ અનુભવની તૈયારી થઈ ગઈ છે. અને હે ભવ્ય ! એમ કહે છે. અંદરમાં પરિણામ એકદમ ફરી જાય છે. એકદમ પરિણામ પલટો મારી જાય છે. તું તો જ્ઞાનમય આત્મા છો ને, જ્ઞાનસ્વરૂપ છો, ભગવાનસ્વરૂપ છો, એને સિદ્ધસ્વરૂપ છો, એને ભગવાન જ બતાવે છે. એ જોવે છે કે હા, છું તો હું ભગવાન. પતી ગયું. હું હવે સિંહ છું એ વાત રહેતી નથી. ખલાસ થઈ ગઈ.

મુમુક્ષુ :- ભાવવાનને પકડવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભગવાન કહો કે ભાવવાન કહો.

મુમુક્ષુ :- સિંહે કામ કરી લીધું, અમે...

પૂજ્ય ભાઈશ્રી :- રાગમાં અટકે છે અને સંયોગમાં અટકે છે. આ જીવ આત્મા કરતા અનાત્મ ભાવ અને અનાત્મ દ્રવ્યને અધિકાઈ આપે છે, મોટાઈ આપે છે, એની વિશેષતા એને પરિણામમાં, અભિપ્રાયમાં રહી છે, ત્યાં સુધી એને આત્માનો પત્તો ખાય એવું નથી. બહુ સીધું જ પલાખું છે આમાં. ભૂલ પડે એવું નથી. તપાસી લેવું કે ક્યાં ક્યાં વજન જાય છે એ પોતે તપાસવું જોઈએ.

સવિકલ્પમાં આવો ભાવ આવે '**અને નિર્વિકલ્પમાં વીતરાગ સ્વસંવેદન(ને) સમાધિ કહીએ.**' નિર્વિકલ્પ ભાવ છે એ સમાધિભાવ છે કે જે સમાધિભાવમાં વીતરાગ સ્વસંવેદન ઊપજે છે. સમાધિનો વિષય તો અન્યમતમાં પણ છે. ધ્યાન લગાવે. જમીનમાં દટાય. ... અને ઉપાધિનો અભાવ હોય તે સમાધિભાવ છે. મૂળ શબ્દ આધિ બધાયમાં લાગ્યો છે. આધિ, વ્યાધિ, ઉપાધિ, સમાધિ. સમ+આધિ છે એમાં સમ પ્રકાર છે. સમ એટલે વિષમ નહિ તે સમ. રાગ નહિ, દ્વેષ નહિ, મોહ નહિ, કોઈ પણ દ્વંદ્વ નહિ. વીતરાગતાનો જે સમપ્રકાર, સરખાપણાનો પ્રકાર છે તે સમભાવને સમાધિભાવ કહીએ. એમાં જ્ઞાનનું વેદન હોય છે અને વીતરાગભાવ પ્રગટ થાય છે. સવિકલ્પપણું મટી જાય છે, રાગનો નાશ થાય છે અને વીતરાગ દશા ઉત્પન્ન થાય છે.

હવે ત્યાં જે રુચિ હતી તે આગળ વધીને સમ્યક્ વીતરાગ દર્શનરૂપે, સમ્યક્ શ્રદ્ધારૂપે પરિણમી, સન્મુખ થયેલું જ્ઞાન આગળ વધીને સ્વસંવેદનરૂપે પરિણમ્યું, વિકલ્પ હતો એ જરા વિપરીત ભાવ હતો એ મટી, તૂટી, ખલાસ થઈને વીતરાગભાવ પ્રગટ્યો. ત્યાં પછી રાગરૂપ વિકલ્પ રહેતો નથી. સ્વસંવેદન જ્યારે ઊપજે છે ત્યારે રાગ વિકલ્પ રહેતો નથી.

એવા '**નિર્વિકલ્પમાં વીતરાગ સ્વસંવેદન (ને) સમાધિ કહીએ.**' અહીંયાં સ્વસંવેદન ઉપર થોડીઘણી બહુ સારી વાતો લીધી છે. '**લોકાલોકને જાણવાની શક્તિ જ્ઞાનની છે,...**' જ્ઞાનની શક્તિ કેટલી ? મૂળ શક્તિ કેટલી ? દિવાસળીની જાળ ભલે નાની હોય પણ એની શક્તિ કેટલી ? આખા વિશ્વને બાળવાની એની શક્તિ છે. એમ અહીંયાં

જ્ઞાનની જ્યોત ભલે હજી અલ્પ છે પણ શક્તિ કેટલી ? કે લોકાલોકને જાણવાની શક્તિ છે. '**તેમાં જેટલું સ્વસંવેદન થયું (તેટલું) સ્વજ્ઞાનની વિશુદ્ધતાનો અંશ થયે થયું.**' એ જ્ઞાનમાં પોતાને પોતાનું વેદન થયું, તે વેદન થયું તે કેટલું થયું ? કે જેટલું સ્વજ્ઞાનની વિશુદ્ધતા, પોતાના જ્ઞાનની નિર્મળતા જેટલે અંશે થઈ તેટલું સ્વસંવેદન થયું.

એમ કહીને એમ કહેવું છે કે ચોથા ગુણસ્થાને સ્વસંવેદન છે એના કરતા પાંચમા ગુણસ્થાનનું સ્વસંવેદન વિશેષ છે, એના કરતા સાતમા ગુણસ્થાનનું સ્વસંવેદન વિશેષ છે, નિર્વિકલ્પ ઉપયોગ થાય છે ત્યારે, એના કરતા આઠમાનું, નવમાનું, દસમાનું, બારમાનું અને પૂર્ણ વીતરાગદશાનું સ્વસંવેદન, કેવળજ્ઞાનનું સ્વસંવેદન વિશેષ... વિશેષ... વિશેષ... વિશેષ... હોય છે. એમ લેવું છે.

મુમુક્ષુ :- શુદ્ધોપયોગ તો એક પ્રકારનો છે ?

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધોપયોગની જાતિ એક છે, Quality એક છે. પણ તારતમ્યતા એક નથી, Quantity એક નથી. તારતમ્યતા એક નથી. જાતિ એક છે. પણ તારતમ્યતા ગુણસ્થાન અનુસાર જુદી જુદી છે. જુદી જુદી એટલે વૃદ્ધિગત છે. વૃદ્ધિગત થયેલું સ્વસંવેદન છે. એટલે ત્યાં જ્ઞાનની નિર્મળતા જ વધતી જાય છે.

કોઈ એમ કહે કે જ્ઞાનની નિર્મળતા જો વધતી હોય તો 'શિવભૂતિ' મુનિને તો નવ તત્ત્વના નામ પણ નહોતા આવડતા. કેવળજ્ઞાન પામ્યા ત્યાં સુધી, છેલ્લે સુધી નવ તત્ત્વના નામ નહોતા યાદ રહેતા. બીજી તો શાસ્ત્રની વાતો ક્યાંથી યાદ રહે ? અને મુનિરાજને તો આગમચક્ષુ કહ્યા છે. મુનિ કેવા છે ? આગમચક્ષુ મુનિરાજ. શાસ્ત્રની અંદર મુનિઓને આગમચક્ષુ કહી દીધા છે. આગમની અંદર કોઈની નજર પડતી હોય તો તે મુનિરાજની નજર પડે છે. બીજાનું એટલું ગજુ નથી કે જેટલી મુનિરાજને નજર પડે છે.

તો કહે, 'શિવભૂતિ' મુનિને ? તો કહે, નવ તત્ત્વના નામ નહોતા આવડતા. આગમચક્ષુ હતા ? હા, હતા આગમચક્ષુ. લ્યો ઠીક ! એ કયો આગમ હશે ? એ ભાવઆગમ છે. પોતાનો ભાવઆગમ છે. અંદરમાં જે આત્મા, પરમાત્મા છે એને પકડવા માટે જે સ્વસંવેદન જ્ઞાન જોઈએ એની નિર્મળતા ઘણી વધી ગઈ હતી. છઠા-સાતમા ગુણસ્થાનમાં છે.

કેટલી નિર્મળતા વધી ગઈ હોય ? કે શુદ્ધોપયોગમાં ચોથા ગુણસ્થાનવાળો હોય અને આત્માને ગ્રહણ કરતો હોય, એના કરતા એ નિંદ્રામાં હોય કે આહારની ક્રિયામાં હોય કે નિંદ્રાની ક્રિયામાં હોય ત્યારે પણ એની આત્માની પક્કડ સ્વસંવેદનની ધારા છે એ વિશેષ છે.

મુમુક્ષુ :- ચોથાના શુદ્ધોપયોગ કરતા ?

પૂજ્ય ભાઈશ્રી :- ચોથામાં શુદ્ધોપયોગ કરતા. ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગે જે નિર્જરા થાય તેનાથી ગુણશ્રેણી નિર્જરા આ મુનિને આહાર લેતા થાય, નિંદ્રા લેતા થાય. પંચ પરમેષ્ઠી છે કે વાત છે. એવી શુદ્ધિ પ્રગટ કરી છે. એક જ કામ છે, બીજું કોઈ કામ નથી. નીકળી પડ્યા એના માટે. આખા જગતને તિલાંજલી આપીને નીકળી પડ્યા. પછી એ જગતની સામું જોતા નથી. આ અત્યારે બધા વહીવટ કરે છે એવું કોઈ કરે નહિ. મુનિદશામાં એ પરિસ્થિતિ હોતી નથી.

શું કહે છે ? '**લોકાલોકને જાણવાની શક્તિ જ્ઞાનની છે, તેમાં જેટલું સ્વસંવેદન થયું (તેટલું) સ્વજ્ઞાનની વિશુદ્ધતાનો અંશ થયે થયું.**' વિશુદ્ધતાનું અંશ જેટલું થયું તેટલું થયું. એટલે ગુણસ્થાન અનુસાર વિશુદ્ધતા વધતી જાય છે એમ કહેવું છે. '**તે જ્ઞાને...**' પ્રથમ જ જ્યારે સ્વસંવેદન થયું તે જ્ઞાને, શરૂઆતમાં જ '**સર્વજ્ઞ શક્તિમાં અનુભવ કર્યો.**' શું કર્યું ? સર્વજ્ઞ શક્તિમાં અનુભવ કર્યો છે. અનુભવ ક્યાં કર્યો ? જ્ઞાનની શક્તિને ઓળખીને શક્તિનો અનુભવ કર્યો છે. શક્તિનો અનુભવ શક્તિમાં કર્યો. શક્તિનો અનુભવ કર્યો અને શક્તિમાં અનુભવ કર્યો. એ શક્તિ કેવડી હતી ? કે સર્વજ્ઞ શક્તિ હતી. એ જીવ સર્વજ્ઞ કેમ થશે ? એનુ અનુસંધાન અહીંયાં લીધું છે. શા માટે તે સર્વજ્ઞ થશે ? અનુભવ કરનાર જીવ અલ્પ કાળમાં સર્વજ્ઞ થાય જ છે. એનું કારણ કે એણે સર્વજ્ઞ શક્તિમાં અનુભવ કર્યો છે. બીજી રીતે એનું કોઈ કાર્ય થયું નથી.

મુમુક્ષુ :- શક્તિ તો અત્યારે બધામાં છે, સર્વજ્ઞ શક્તિ.

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ છે પણ એનો અનુભવ નથી. અનુભવ નથી. અનુભવની બલિહારી છે. શક્તિ તો નિગોદના જીવને પણ એટલી જ છે. અનુભવની બલિહારી છે. દશાને વંદન છે ને ! પંચપરમેષ્ઠી દશાને વંદન છે. આમ તો બધા આત્મા પરમાત્મા છે. અને પંચપરમેષ્ઠી પૂજ્ય છે. વ્યવહાર તો બે વચ્ચેનો થાય ત્યારે તો એની દશા સાથે

વ્યવહાર થાય છે.

આના ઉપર 'ગુરુદેવ'ના જે પ્રવચનો છે એક બોલ સારો આવ્યો છે. આ એક વાક્ય છે ને ? '**જ્ઞાને સર્વજ્ઞ શક્તિમાં અનુભવ કર્યો.**' એ વાત છે.

મુમુક્ષુ :- અનુભવપ્રકાશના સળંગ પ્રવચનો છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનુભવપ્રકાશના. એક જગ્યાએ ૭૩૩માં એમ લીધું છે કે આવા જ્ઞાનના સ્વસંવેદનની કળા તે મોક્ષની કળા છે અને તે જ સાચી આત્માના અનુભવની કળા છે. એમ એ વાત લીધી છે. સ્વસંવેદન ઉપર. નંબર યાદ નથી.

મુમુક્ષુ :- Indexમાં લખ્યું હશેને કે અનુભવપ્રકાશના પ્રવચનમાં...

પૂજ્ય ભાઈશ્રી :- છેલ્લે ૭૦૦ આસપાસના બોલ છે એ બધા અનુભવપ્રકાશ ઉપર છે. નીચેથી જમણા હાથમાં... જે સર્વજ્ઞ શક્તિનો અનુભવ કર્યો છે તેથી તે સર્વજ્ઞ થશે.

મુમુક્ષુ :- ૬૮૧.

પૂજ્ય ભાઈશ્રી :- ૬૮૧. બરાબર છે. ૬૮૧ છે.

'**નિર્વિકલ્પ કહો કે, આત્માનો અનુભવ કહો, બન્ને એક જ છે. જીવની શક્તિ તો ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની છે.**' છે અહીંયાં એ વાત ? અહીંયાં એમ લીધું છે કે જ્ઞાનની શક્તિ તો લોકાલોકને જાણવાની જ્ઞાનની શક્તિ છે. એટલે જીવ જાણે છે પણ જ્ઞાનથી જાણે છે ને ? જ્ઞાનની શક્તિ તો લોકાલોકને જાણવાની છે. અહીંયાં કહ્યું કે '**જીવની શક્તિ તો ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની છે. તેમાં જ્ઞાન જ્ઞાનને વેદે તેટલો જ્ઞાનનો વિકાસ થયો...**' એટલુ શુદ્ધ થયું. વિકાસ થયો એટલા અંશે એ શુદ્ધ થયું. સ્વસ્વંદન જ્ઞાન જ્ઞાનને વેદે એટલે સ્વસંવેદન થાય. એટલો જ્ઞાનનો વિકાસ થયો. બહારમાં ક્ષયોપશમ ઉઘડ્યો શાસ્ત્ર વાંચવાનો તેને જ્ઞાનનો વિકાસ નથી કહેતા. ઘણા શાસ્ત્રોને ધારણામાં ધારણ કરી શકે છે માટે એના જ્ઞાનનો વિકસા ઘણો છે, એ વાત અહીંયાં નથી. એ પરલક્ષી જ્ઞાન છે. એને તો જ્ઞાન જ કહેતા નથી.

'**જ્ઞાન જ્ઞાનને વેદે તેટલો જ્ઞાનનો વિકાસ થયો તે અંશ સર્વજ્ઞ શક્તિ પ્રગટ કરશે.**' બસ, આ વાક્ય છે. સર્વજ્ઞ શક્તિમાં અનુભવ કર્યો

તો તે અંશ સર્વજ્ઞ શક્તિને પ્રગટ કરશે. જેમ માણસ એમ કહે છે ને કે, ભાઈ ! એને ઊભો કરવો હતો એટલે અમે ચોંટિયો ભર્યો. ઊભો થઈ ગયો. આ સર્વજ્ઞ શક્તિ સુષુપ્ત હતી તે સ્વસંવેદનથી જગાડી. હવે સર્વજ્ઞ શક્તિ ઊભી થઈ જશે. સીધી. '**તે અંશ સર્વજ્ઞ શક્તિ પ્રગટ કરશે. સર્વજ્ઞ શક્તિ ત્રિકાળ છે. તેનું વેદન થયું.**' સર્વજ્ઞ શક્તિમાં વેદન થયું એટલે તેનું વેદન થયું. તેનું વેદન થયું તે '**સર્વજ્ઞ શક્તિના આધારે સ્વસંવેદન થયું છે.**' હું સર્વજ્ઞ સ્વરૂપ છું એના આધારે સ્વસંવેદન થયું છે. કાંઈ રાગના અને પુણ્ય-પાપના આધારે આ સ્વસંવેદન જ્ઞાન થયું નથી. આ બોલ છે. ૬૮૧ બોલ.

'**જેટલું જ્ઞાન શુદ્ધ થયું, તેટલું અનુભવમાં સર્વજ્ઞાનના પ્રતીતિભાવને વેદતાં, એવું (શુદ્ધ) થયું.**' હવે જ્ઞાનની સાથે પ્રતીતિને લે છે. પ્રતીતિ કારણ છે અને જ્ઞાન કાર્ય છે, એમ લેવું અહીંયાં. અરસપરસ કારણ-કાર્ય બેયમાં લાગુ પડે છે. એમાં અહીંયાં એટલું લીધું કે એ જ્ઞાન જે શુદ્ધ થયું એવું, એ જ્ઞાન જેટલું શુદ્ધ થયું, તેટલું અનુભવમાં સર્વજ્ઞાનના પ્રતીતિભાવને વેદતા. હું આવો જ છું, એમ જ્ઞાન થતાં પ્રતીતિભાવનું પણ વેદન થતાં જ્ઞાન એવું શુદ્ધ થયું. એટલે કે પ્રતીતિ વિનાનું આ જ્ઞાન નથી.

'શ્રીમદ્‌જી'એ 'આત્મસિદ્ધિ'માં આ ગાથા લીધી છે 'અનુભવ લક્ષ પ્રતીત.' 'વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત.' સમકિતનું વર્ણન કરતા કરતા એ વાત લીધી છે. એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેનું પરિણમન લઈ લીધું છે. 'અનુભવલક્ષ પ્રતીત.' અનુભવમાં આચરણ લીધું, લક્ષમાં જ્ઞાન લીધું અને પ્રતીતમાં દર્શન લીધું. 'વૃત્તિ વહે નિજભાવમાં,...' પોતાના સમભાવમાં, નિજભાવમાં પરિણતિ વહે છે. એને અહીંયાં અમે પરમાર્થ સમ્યક્‌ત્વ, નિશ્ચય સમ્યક્‌ત્વ કહીએ છીએ.

અહીંયાં પણ એ વાત લીધી. અનુભવમાં જે સર્વજ્ઞાન, સર્વજ્ઞશક્તિ આવી, તેમાં સર્વજ્ઞ સ્વરૂપે હું આવો જ છું એવો જે પ્રતીતિભાવ પણ ઊપજ્યો, તે પ્રતીતિભાવને વેદતા જ્ઞાન આ રીતે શુદ્ધ થયું. પ્રતીતિ રાગની, રાગ તે હું અને દેહ તે હું, એવી અનાદિની મિથ્યા પ્રતીતિ હતી તે પ્રતીતિ એમ ને એમ રહે અને સ્વસંવેદન જ્ઞાન થાય એમ કદિ બનતું નથી. મેળ શું કર્યો છે અહીંયાં ? કે જ્યારે જ્ઞાનમાં જ્ઞાનનું વેદન થાય

છે, જ્ઞાન, જ્ઞાનને વેદે છે જેને સ્વસંવેદન કહેવામાં આવે છે, ત્યારે ત્યાં પોતાની સર્વજ્ઞશક્તિની પ્રતીત પણ વેદવામાં આવે છે. એકલું જ્ઞાનનું વેદન છે અને પ્રતીતિભાવમાં ઊંધી પ્રતીતિ એમ ને એમ પડી છે એવું કદિ બનતું નથી. પ્રતીતિ પણ સર્વજ્ઞ શક્તિની થાય છે અને સર્વજ્ઞ શક્તિની પ્રતીતિ થાય છે એનું વેદન પણ આવે છે. અનુભવમાં એ પણ ખબર પડે છે કે મને મારું સ્વરૂપ જેવું જાણવામાં, અનુભવમાં આવ્યું હતું તેવી જ પ્રતીતિ પણ ત્યારે ત્યાં વર્તતી હતી. એમ સવિકલ્પ દશામાં ઉપયોગ મૂકે તો પોતાની પ્રતીતિને વિચારી શકે છે. પ્રતીતિને જ્ઞાનમાં લઈ શકે છે કે આ પ્રતીતિ આવી હોય.

જે નિર્વિકલ્પ અનુભવમાં નિર્વિકલ્પ પ્રતીતિ થઈ, તે સવિકલ્પ જ્ઞાનમાં આવી શકે છે. સવિકલ્પ દશામાં ઉપયોગમાં મૂકીને એ પ્રતીતિ આવી હોય એમ જ્ઞાનમાં બરાબર એનું સ્વરૂપ નિશ્ચિત થાય છે. ન મૂકે તોપણ અનુભવમાં તો નિશ્ચિત થઈ જ ગયું છે. પણ કોઈ ઉપયોગ મૂકે તો એને બરાબર ખ્યાલમાં આવે છે કે નિર્વિકલ્પ પ્રતીતિમાં સમ્યગ્દર્શન આવું હોય. આવા સમ્યગ્દર્શનને સમ્યગ્દર્શન ભગવાન કહે છે. બાકી બધી સમ્યગ્દર્શનની વાતો છે. એ સમ્યગ્દર્શનની વાતો છે. સમ્યગ્દર્શન ક્યાંય આ નથી તો નથી. એમ છે.

જે સમ્યગ્દર્શન પૂરી શક્તિથી પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન છે એ અધૂરી શક્તિથી પ્રગટ થતું નથી. જ્ઞાન અધૂરી શક્તિથી પ્રગટ થયું. એ વધતું ચાલશે. સ્વરૂપાચરણ છે એ અધૂરી શક્તિથી પ્રગટ થયું. એ આચરણ વધતું ચાલશે યથાખ્યાત ચારિત્ર સુધી. જ્ઞાન વધીને કેવળજ્ઞાન થશે. સમ્યગ્દર્શન વધીને કાંઈ બીજું થશે નહિ. એ સમ્યગ્દર્શન પૂરેપૂરું જ પ્રગટ થાય. એ જ સમયે, પ્રથમ સમયે. સમ્યગ્દર્શન છે એ એક જ ગુણ એવો છે કે પૂરી અનંત શક્તિથી વ્યક્ત થાય છે. એટલે ચાર ગતિમાં કોઈને પણ કોઈ પૂર્વ કર્મની અવસ્થામાં, ગમે તે પ્રકારના પૂર્વ કર્મના ફળની અવસ્થામાં સમ્યગ્દર્શન પ્રગટ થાય તો સમ્યગ્દર્શનની અનંત શક્તિને મટાડવા કોઈનું સામર્થ્ય નથી.

બહારના પ્રતિકૂળ સંયોગો સાતમી નારકીના એને ન મટાડી શકે. જ્યાં રવરવ નરક છે. તમ તમ પ્રભા પૃથ્વી છે. એ પણ સમ્યગ્દર્શનને વિચલિત ન કરી શકે. પણ ચારિત્રનો ઉછાળો આવે તોપણ એ

વિપરીતતાનો રાગ તીવ્ર થાય. આર્તધ્યાન થઈ જાય, સમ્યગ્દષ્ટિને રૌદ્ર ધ્યાન થાય.

'શ્રેણિક' મહારાજાને રૌદ્ર ધ્યાન થયું. આયુષ્યનો બંધ પહેલા તો પડી ગયો હતો. મુનિરાજનો અપરાધ કર્યો ત્યારે. પણ અહીંયાં પણ છેલ્લે આર્તધ્યાન થયું. રૌદ્રધ્યાન થઈ ગયું છે. 'કોણિક' મારી નાખશે, એના હાથે મરવું એના કરતા સ્વયં જાતે મરવું શું ખોટું છે ? રૌદ્રધ્યાન થઈ ગયું. તોપણ એ સમ્યગ્દર્શનને વિચલિત ન કરી શકે. એવા માઠા પરિણામ, ચારિત્રગુણના એવા માઠા પરિણામ આ સમ્યગ્દર્શનને વિચલિત કરી શકતા નથી. સમ્યગ્દર્શન ક્ષાયિક પ્રગટ્યું. ભગવાન 'મહાવીરસ્વામી'ના સમવસરણમાં. આજે નિર્વાણ ઉત્સવ છે. એમના સમવસરણમાં ક્ષાયિક સમ્યગ્દર્શન લીધું. એ પહેલા તીર્થંકર થવાના છે. આ અંતિમ તીર્થંકર છે આ ચોવીશીના. પેલા આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર થશે. એને પચ્ચીસમાં ન કહેવાય. એને પહેલા કહેવાય. પચ્ચીસમાં એને ન કહેવાય. આપણે બે ભાવિ તીર્થંકરની સ્થાપના કરીએ. 'શ્રેણિક' મહારાજાના 'મહાપદ્મ' ભગવાન. ત્યાં 'મહાપદ્મ' નામ ધારણ થશે. એ નામ જ પ્રશસ્તિમાં આપ્યું છે.

મુમુક્ષુ :- સિદ્ધના સમ્યગ્દર્શનમાં અને આ સમ્યગ્દર્શનમાં...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ફેર નહિ. કિંચિત્‌માત્ર ફેર નહિ. પૂરું પ્રગટ થયું ને ? ફેર હોય તો પૂરું પ્રગટ નથી થયું. પણ એ ગુણ એવો છે કે પૂરેપૂરો પ્રગટ થાય છે. એ અધૂરો પ્રગટ થતો નથી. એવો એ ગુણ છે. એટલે પોતાના અનંત સામર્થ્યથી એ પ્રગટ થાય છે. એ અનંત સામર્થ્ય શ્રદ્ધાગુણના, સમ્યક્‌ત્વ ગુણના અનંત સામર્થ્યનો ભોગવટો સમ્યગ્દષ્ટિ પ્રગટપણે કરે છે. આમ છે, લ્યો. પૂર્ણ સામર્થ્યનો, એક ગુણના મૂળ ગુણના પૂર્ણ સામર્થ્યનો, વ્યક્ત સામર્થ્યનો ભોગવટો સમ્યગ્દષ્ટિ કરે છે. એને અહીંયાં એમ કહે છે કે એ પ્રતીતિભાવને વેદતા, એવા પૂર્ણ સમ્યક્‌ત્વના સામર્થ્યને વેદતા વેદતા જ્ઞાન શુદ્ધ થયું.

મુમુક્ષુ :- ૪૫ વર્ષ સુધી સમ્યગ્દર્શનના જ ગાણા ગાયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમ્યગ્દર્શન એવું મહાન છે. અનંત શક્તિથી પ્રગટ થયું છે અને સિદ્ધપદ, પરમાત્મપદને લેનારું કારણરૂપ ભાવ છે. તેથી એની પ્રશંસા ગ્રંથ ગ્રંથોમાં (ગાઈ છે). મુનિરાજ છઠે-સાતમે

ગુણસ્થાને છે પણ 'સમયસાર' લખ્યું. એ સમ્યગ્દર્શનનો અધિકાર છે. આખું 'સમયસાર' સમ્યગ્દર્શનનો અધિકાર છે. 'કુંદકુંદભગવાને' છઠે-સાતમે ગુણસ્થાને બેઠા બેઠા ચોથા ગુણસ્થાનની વાત લખી. કેમકે મુખ્યપણે ઉપદેશ તો અજ્ઞાનીને દેવામાં આવે છે. જ્ઞાનીને એટલા ઉપદેશની જરૂર નથી, જેટલા અજ્ઞાનીને ઉપદેશની જરૂર છે. કેમકે એમણે તો માર્ગ જોયો છે. એને કાંઈ નવું શિખવાનું નથી. એને તો કળ હાથમાં આવી ગઈ છે.

પરમદિવસે 'પૂજ્ય બહેનશ્રી' સાથે ચર્ચા ચાલી હતી. સમ્યગ્દષ્ટિને તો કળ હાથમાં આવી ગઈ છે. પુરુષાર્થની કળ સૂઝે તો માર્ગ હાથમાં આવે અને માર્ગ હાથમાં આવે તો કળે પુરુષાર્થ થાય અને કળે પુરુષાર્થ થાય તો આનંદના ઢગલા થાય. જેમ ધન રળે તો ઢગલા થાય એમ કળથી પુરુષાર્થ થાય તો આનંદના ઢગલા થાય. એવો એક નવમો બોલ છે. એના ઉપર ચર્ચા ચાલી હતી.

મુમુક્ષુ :- કળ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- કળ એટલે એની Technique. કળ એટલે આપણે એમ કહે કે ભાઈ ! આ વસ્તુની કળ. આ તાળાની કળ ખોલે છે તો ચાવીથી ખોલે છે ને ? તો એમાં શું છે કે ચાવીને કળ હાથમાં આવે છે તો ગમે તેવું તાળુ ખૂલી જાય છે. અને નહિતર તો કેટલા સાધનો હોય તો તાળુ તૂટે નહિ. કળથી કામ થાય, બળથી કામ ન થાય. અમારે ગુજરાતીમાં એવી એક કહેવત છે. કળથી કામ થાય અને બળથી કામ ન થાય. કળ ઉપરથી કળા આવે છે કે નહિ ? એ જાતની કળા છે, Technique છે આ.

પ્રશ્ન એ કર્યો હતો કે પુરુષાર્થની કળ હાથમાં આવે એમાં આપને શું કહેવું છે ? અહીંયાં એક નવમા બોલમાં એવી વાત લીધી છે કે પુરુષાર્થની કળ હાથમાં આવે તો માર્ગ સૂઝે અને માર્ગમાં ઢગલા થઈ જાય. એમ વાત લીધી. આપણે લઈએ. એક નકલ તો અહીંયાં છે. નવમો બોલ છે. '**પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય.**' આ શબ્દો છે. તો સમ્યગ્દષ્ટિને માર્ગની મૂંઝવણ નથી. એ સ્પષ્ટતા કરી. સમ્યગ્દષ્ટિને તો પુરુષાર્થની કળ હાથમાં આવી ગઈ છે તેથી એને માર્ગની મૂંઝવણ નથી. પણ મિથ્યાદષ્ટિને પુરુષાર્થ

કરવાની કળ સૂઝી જાય તો માર્ગ મળી જાય. માર્ગની મૂંઝવણ ન રહે કે માર્ગ કેમ પ્રાપ્ત થશે. કેવી રીતે પુરુષાર્થ જાગૃત થાય એ કળ એને સૂઝી જવી જોઈએ.

અહીંયાં પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે આ કળ સૂઝી જાય છે એ કેવી રીતે સૂઝી જાય છે ? અને એ કળ સૂઝી એટલે શું ? બહુ સારો ઉત્તર હતો. ઉત્તર સંક્ષેપમાં હતો પણ બહુ સારો ઉત્તર હતો. પોતાની જરૂરિયાત લાગે એને તો પુરુષાર્થ ઊપડે છે. પુરુષાર્થ ક્યારે ઊપડે છે ? તરસ લાગે એના પ્રમાણમાં પાણી ગોતે કે એમ ને એમ ગોતે ? સામાન્ય તરસ લાગી હોય તો કાંઈ ધમપછાડા ન કરે પણ પ્રાણ જાય એવી તરસ લાગી હોય અને પાણી ન મળે તો ? તો કેટલો પ્રયત્ન કરે ? તો એ પ્રયત્ન કરવાનું જોર ક્યાંથી આવ્યું ? એ પ્રયત્નનું મૂળિયું શું છે ? કે એની જરૂરિયાત છે. એ ઉત્તર સંક્ષેપમાં હતો. પછી પાછળ ઉત્તર વધારે ચાલ્યો કે પાછળ એ કળ (શબ્દ) ફરીને વાપર્યો છે.

આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ એટલે કોઈવાર અંતરમાં ઢગલા થાય. તો ત્યાં ફરીને કળ શબ્દ વાપર્યો છે એમાં મૂંઝવણની વાત નથી. ત્યાં સમ્યગ્દૃષ્ટિને મૂંઝવણ તો રહી નથી. પણ એના હાથમાં પુરુષાર્થ કરવાની કળ છે, આવડત છે એટલે એને નિર્જરા, ઢગલાબંધ નિર્જરા થાય છે અથવા ઘણું સુખ અને ઘણો આનંદ શુદ્ધોપયોગમાં પ્રગટે એવું થાય છે. પણ એ સહજ થાય છે. એમાં પરિણતિ તીવ્ર-મંદ, તીવ્ર-મંદ મોક્ષમાર્ગમાં પણ થાય છે. પછી પાછી ક્યારેક સહજ જેમ હોય તેમ રહે. સહજ એટલે ભૂમિકા અનુસાર, ગુણસ્થાન અનુસાર સહજ પરિણતિ રહેતી હોય એમ રહે અને ક્યારેક એકદમ ઉગ્ર પુરુષાર્થ થાય ત્યારે આનંદ વધી જાય, નિર્વિકલ્પતા આવી જાય, શુદ્ધોપયોગનું ધ્યાન લાગી જાય. એ બેય સહજ છે. મંદતા આવે એ સહજ અને ઉપયોગમાં ઉગ્રતા થાય તે સહજ. પછી પુરુષાર્થની કળ આવે છે એટલે કર્તૃત્વબુદ્ધિએ પુરુષાર્થ કરે છે અને એમાં એ પુરુષાર્થને વધારે છે અને આનંદને વધારે છે અને ધ્યાન લગાવી દે છે એમ છે નહિ.

પહેલી જે માર્ગની મૂંઝવણ ટળી જાય, એમાં જે પ્રથમ જ પુરુષાર્થ ઉત્પન્ન થાય છે એટલે પુરુષાર્થ ઉત્પન્ન થાય તો એને માર્ગની

મૂંઝવણ ટળી જાય. એ વાત જે છે એની અંદર તો એને જરૂરિયાત લાગે તો પુરુષાર્થ ઊપડે એવું છે. જરૂરિયાત ન લાગે તો પુરુષાર્થ ઊપડે એવું નથી. એને આત્માની ભાવનામાં કેટલી જરૂરિયાત છે ? એની જિજ્ઞાસામાં કેટલી જરૂરિયાત છે, એની લગન અને ધૂન કેટલી છે એ બધો આધાર જરૂરિયાત ઉપર છે. (અહીં સુધી રાખીએ...)

સ્વરૂપનિશ્ચય પરલક્ષી જ્ઞાન / વિચારમાં થતો નથી પરંતુ અંતર પ્રયોગની ભૂમિકાવાળા જીવનું જ્ઞાન સ્વ સન્મુખ થતાં સ્વસંવેદનને લીધે અર્થાત્ સ્વ સન્મુખતામાં જ્ઞાન વેદનથી જ્ઞાનનું ગ્રહણ થતાં, યથાર્થ સ્વરૂપ નિશ્ચય થાય છે. તે જ જ્ઞાનની પ્રધાનતા વાસ્તવમાં છે, ત્યાં રાગનો સદ્ભાવ હોવા છતાં, એક ન્યાયે 'અંશે રાગનો અભાવ કરીને' નિશ્ચય કર્યો એમ કહેવામાં આવે છે. નિજાવલોકનનો પ્રયાસ - તે રૂપ અભ્યાસ, પરલક્ષી જ્ઞાનને, સ્વલક્ષી થવાની પ્રક્રિયા છે. તે સિવાઈ માત્ર બાહ્યવિચાર, વાંચનની પદ્ધતિ કાર્યકારી થતી નથી. અનંતકાળમાં જીવે કદી પરસન્મુખતાને છોડી સ્વસન્મુખતા કરી નથી. પ્રથમ સ્વરૂપ નિશ્ચય થાય, તે કાળે પુરુષાર્થ, પાત્રતા, અને સ્વસન્મુખતા થાય તે અપૂર્વ છે.

(અનુભવસંજીવની - ૬૭૬)

**તા. ૧૩–૧૧–૧૯૮૫, પાના નં.૨૬, ૨૭. પ્રવચન નં. ૯૦**

શુદ્ધોપયોગમાં સર્વજ્ઞ શક્તિનો અનુભવ થયો. એમાં જ્ઞાન શુદ્ધ થયું. અને એ જ્ઞાન શુદ્ધ થયું એમાં સર્વજ્ઞ શક્તિનું ... વેદનથી આવે, સર્વજ્ઞ શક્તિની પ્રતીત વેદનથી આવતા જ્ઞાન શુદ્ધ થયું. જ્ઞાનની શુદ્ધતાને અહીંયાં પ્રતીતિ કારણ છે અથવા નિમિત્ત છે એમ લીધું છે. એટલે '**તેટલું અનુભવમાં સર્વજ્ઞાનના પ્રતીતિભાવને વેદતા એવું (શુદ્ધ) થયું.**' અને '**સર્વજ્ઞાનના પ્રતીતિભાવમાં આનંદ વધ્યો.**' પ્રતીતિ મૂળમાં લે છે. એ પ્રતીતિથી જ્ઞાન શુદ્ધ થયું અને સર્વજ્ઞાનની પ્રતીતિ આવતા આનંદ પણ વધ્યો. હું સર્વજ્ઞ સ્વરૂપે છું, એવી નિર્વિકલ્પ અભેદ પ્રતીતિ આવતા આનંદ ઉત્પન્ન થાય છે. પોતાની સર્વજ્ઞતાની પ્રતીતમાં આનંદ ઉત્પન્ન થાય એ નિર્વિવાદ વિષય છે. જેને પોતાની સર્વજ્ઞ શક્તિ પ્રતીતમાં આવે અને વેદનમાં આવે, એને આનંદ કેમ ન થાય ?

જગતમાં બહારની સંપત્તિ, કુટુંબ પરિવારનો મેળાપ થતાં આનંદ થાય છે. પચ્ચીસ વર્ષે પરદેશ ગયેલો દિકરો મળે તો આનંદ થાય છે. અનંત કાળથી નિજ પરમાત્માનો ભેટો થયો નથી, એવા સર્વજ્ઞનો-નિજ પ્રભુનો મેલાપ થતાં, પ્રતીતિ થતાં અભેદપણે પોતે જ છે એમ જાણતાં, વેદતા, જાણતા અને વેદતા આનંદ થાય જ થાય. આનંદ કેમ થાય એ પ્રશ્ન રહેતો નથી. સ્વરૂપ પણ આનંદથી, પરમાનંદથી ભરપૂર છે, પરિપૂર્ણ છે. અને સર્વજ્ઞ સ્વરૂપે છે એ તો એ જ્ઞાનથી એની ઐશ્વર્યતા બતાવી છે. પણ એવા સર્વ ગુણોનું ઐશ્વર્ય છે. બધા જ ગુણો અનંત અનંત સામર્થ્યથી ભરપૂર છે. એવું પોતાનું સ્વરૂપ નિહાળતા સાથે સાથે આનંદના ફૂવારા છૂટે છે. થાય જ થાય. નહિ થવાનો પ્રશ્ન રહેતો નથી.

એ '**સર્વજ્ઞાનના પ્રતીતિભાવમાં આનંદ વધ્યો. જ્ઞાન અધિક નિર્મળ થતું ગયું.**' નિર્મળ તો હતું પણ અધિક નિર્મળ થતું ગયું. એ '**જ્ઞાનની વિશુદ્ધતાને જ્ઞાનના બળનો પ્રતીતિભાવ કારણ છે.**' આગળ પણ એ જ કહ્યું કે પ્રતીતિભાવને વેદતા એવું શુદ્ધ થયું. અહીંયાં પણ

કહે છે કે જ્ઞાનની એવી શુદ્ધતાને, વિશેષ શુદ્ધતાને જ્ઞાનના બળની પ્રતીતિ એ કારણ છે. જ્ઞાનનું બળ એટલે અનંત સામર્થ્ય. સર્વજ્ઞ શક્તિની જે પ્રતીતિ આવી, જ્ઞાનના બળની પ્રતીતિ આવી, જ્ઞાનના સામર્થ્યની પ્રતીતિ આવી એ પ્રતીતિભાવ જ્ઞાનની વિશુદ્ધતાને કરે છે.

અથવા અહીંયાં બહુ વિસ્તારથી નથી, નાનો ગ્રંથ છે એટલે ટૂંકામાં લઈએ તો સર્વ ગુણની વિશુદ્ધતા અને સર્વ ગુણના નિર્મળ પરિણામને તે તે ગુણ સંબંધીનો પ્રતીતિભાવ કારણ છે. એની સ્વરૂપપ્રતીતિ છે તે તેનું કારણ છે. મૂળમાં સ્વરૂપ પ્રતીતિ છે. અનંત ગુણથી પ્રસિદ્ધ થયેલી છે ને ? પ્રતીતિમાં અનંત સામર્થ્ય, પ્રતીતિનું અનંત સામર્થ્ય પ્રગટ થઈ ગયું છે. એ એક ગુણ તો એવો છે કે જે પરિપૂર્ણ સામર્થ્યથી પરિણમ્યો રહ્યો છે. પોતાના પૂર્ણ સામર્થ્યથી એ પરિણમી રહ્યો છે. મૂળ ગુણ તો પૂર્ણ સામર્થ્યથી પરિણમી રહ્યો છે. તેથી એ પૂર્ણ સામર્થ્ય પ્રગટ થયું તે ગુણનું તે કારણ છે અને અન્ય ગુણોની શુદ્ધિમાં, વિશુદ્ધિમાં, નિર્મળતામાં તેનું નિમિત્ત પડે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં પ્રતીતિ કહો, શ્રદ્ધા કહો. એ પોતાના અનંત સામર્થ્યથી પ્રગટ થયેલો છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતીતિ એટલે શ્રદ્ધા.

મુમુક્ષુ :- પ્રતીતિભાવ એટલે

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતીતિભાવ એટલે અહીંયાં પ્રગટ પ્રતીતિ. પ્રગટ શુદ્ધ થયેલો, સન્મુખ (થયેલો). શ્રદ્ધાગુણનું પરિણમન. ભાવ એટલે અહીંયાં પરિણમન.

'**(અહીં) જ્ઞાન પરોક્ષ છે.**' હજી અહીંયાં જ્ઞાન મતિ-શ્રુતની દશામાં પરોક્ષ છે. તે પરોક્ષ જ્ઞાનને '**પરપરિણતિના આવરણનું બળ હોવા છતાં...**' હજી આવરણ ઘણું હોવા છતાં. અનંતમા ભાગે જ્ઞાનનો વિકાસ છે, ઉઘાડ છે. એવું '**પરપરિણતિના આવરણનું બળ હોવા છતાં...**' એટલે અહીંયાં પ્રતીતિ ઉત્પન્ન થઈ, મતિ-શ્રુત સમ્યક્ થયું, જ્ઞાનની વિશુદ્ધિ થઈ, તોપણ હજી પરપરિણતિ એટલે રાગ, ચારિત્રમોહનો રાગ, ચારિત્રમોહનો વિભાવ એ બધી પરપરિણતિ છે. એ

પરપરિણતિના આવરણનું બળ હોવા છતાં. પરપરિણતિ છે એ તો આવરણ છે. એ નુકસાન કરે છે. આત્માના ગુણોની હાનિ કરનાર છે. એવી પરપરિણતિનું આવરણનું બળ હોવા છતાં એટલે રાગ હજી ચોથા ગુણસ્થાને તો સારા પ્રમાણમાં રાગ છે, ઠીક-ઠીક પ્રમાણમાં રાગ છે. અવિરત સમ્યગ્દષ્ટિ છે ને ? એટલે કોઈપણ પ્રકારની સ્થિરતાને વશ રાગની હાનિ થાય એવો રાગ નથી હજી. જે પંચમ ગુણસ્થાને શરૂઆત થાય છે એવી શરૂઆત હજી થઈ નથી. પરપરિણતિનું બળ ઘણું છે એથી આવરણ પણ છે. છતાં પણ, એવી સ્થિતિમાં પણ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરોક્ષ એટલે મતિ-શ્રુત તો પરોક્ષ છે જ. આદ્ય પરોક્ષમ્. કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે.

મુમુક્ષુ :- તે જ્ઞાનને પરોક્ષ કહ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- છે. પરોક્ષ છે એટલે પરોક્ષ કહ્યું. મતિ-શ્રુત તો પરોક્ષ (છે). અનુભવપ્રત્યક્ષ છે. બાકી જ્ઞાન તો પરોક્ષ જ છે. અનુભવમાં કોઈ ઇન્દ્રિયનું માધ્યમ નથી તેથી પ્રત્યક્ષ કહ્યું, અનુભવથી પ્રત્યક્ષ કહ્યું. પણ છે તો એ પરોક્ષજ્ઞાન. મતિ-શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે. એની ત્યાં પરોક્ષતાની જાતિ છે.

મુમુક્ષુ :- મનનું અવલંબન લે છે માટે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અવલંબન લે છે. ઇન્દ્રિય દ્વારે પ્રવર્તે છે. મતિ-શ્રુતજ્ઞાનની પ્રવૃત્તિ ઇન્દ્રિયજ્ઞાન દ્વારા થઈ રહી છે. એક સ્વાનુભવની પરિણતિમાં ઇન્દ્રિય, મનનું નિમિત્ત નથી. બસ. ઉપયોગમાં, સ્વાનુભવના ઉપયોગમાં ઇન્દ્રિયયનું, મનનું નિમિત્ત નથી, પરિણતિમાં નથી. બાકી જેટલી પ્રવૃત્તિ છે એ બધી પરોક્ષ જ્ઞાનની જ પ્રવૃત્તિ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો લેવું છે અહીંયાં કે જ્ઞાન પરોક્ષ છે. રાગ-દ્વેષ ચારિત્રમોહનો હજી ભાગ ઘણો છે. અવિરતપણું હોવાથી ચારિત્રમોહ પણ ઘણો છે. તેનો રાગ, મોહ, દ્વેષ ઘણો છે. એનું બળ છે. ઘણો છે એટલે એનું બળ છે. છતાં પણ એમ કહે છે કે જ્ઞાનમાં એક બીજી પણ વાત છે. પરોક્ષતા હોવા છતાં પણ જ્ઞાનમાં એક બીજી

વાત છે. એ તો વાત કરવી છે. એટલે પેલું બતાવીને વાત કરે છે. એની વિશેષતા બતાવવા માટે.

**'છતાં પણ તે સ્વસંવેદનમાં સ્વજાતિય સુખ થયું,..'** સ્વસંવેદનમાં સ્વજાતિય સુખ થયું. જ્યાં ચોથા ગુણસ્થાને પ્રારંભમાં જે સ્વસંવેદન આવ્યું, તેમાં જે સુખ ઉત્પન્ન થયું તે સ્વજાતિય સુખ થયું. આત્માનું જે જાતિ સુખ છે, સ્વભાવ છે એ સ્વભાવજાતિનું સુખ ઉત્પન્ન થઈ ગયું. સ્વસંવેદનની સાથે સાથે. કેમકે સ્વસંવેદનમાં જ્ઞાન વેદ્યું અને સુખનું વેદન કર્યું. એ સ્વભાવજાતિના સુખનુ વેદન થયું. **'જ્ઞાન સ્વરૂપનું થયું.'**

આવું જે **'એકદેશ સ્વસંવેદન સર્વ સ્વસંવેદનનું અંગ છે.'** જે કેવળજ્ઞાનમાં પરિપૂર્ણ સ્વસંવેદન આવે છે એનું આ એક અંગ છે. ચોથા ગુણસ્થાને સ્વસંવેદન થયું તે પરિપૂર્ણ સ્વસંવેદનનું અંગ છે. તેની જ જાતનું છે. એનો જ અવયવ છે. સ્વસંવેદન પૂર્ણ દશામાં પૂર્ણ છે અને અહીંયાં અપૂર્ણ છે. પણ છે એનું, એની જ જાતનું છે, એનું જ અંગ છે. બીજી કોઈ જાત એમાં નથી. તેથી જ મોક્ષની પ્રતીતિ અથવા મોક્ષની શ્રદ્ધા, નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વની શ્રદ્ધા અથવા સિદ્ધપદ કેવું હોય તેનું જ્ઞાન અને શ્રદ્ધાન, દેવતત્ત્વનું જ્ઞાન અને શ્રદ્ધાન અનુભવ થતાં થાય છે. નવે તત્ત્વનું જ્ઞાન અનુભવ થતાં થયું એનું કારણ છે કે જે પરિપૂર્ણ દશા છે એનું જ્ઞાન અને શ્રદ્ધાન પણ અહીંયાં થઈ ગયું. અંશ ઉપરથી પૂરું તત્ત્વ જાણવામાં આવે છે. એક અંશ ઉપરથી આખું જાણવામાં આવે છે. જેમ ચોખા બે દાણા દાબતા ખબર પડે છે કે આખા તપેલામાં જેટલું આંધણમાં ચોખા પડ્યા છે એ બધા જ ચડી ગયા છે. એમ જાણવામાં આવે છે.

**'એકદેશ સ્વસંવેદન સર્વ સ્વસંવેદનનું અંગ છે.'** એ બધું પ્રતીતિમાં આવે છે. જ્ઞાનમાં અને પ્રતીતિમાં બધું આવી જાય છે. **'જ્ઞાનવેદનામાં વેદ્યું જાય છે,...'** એવું જે સ્વસંવેદન છે એ જ્ઞાનવેદનામાં વેદ્યું જાય છે. જ્ઞાનવેદના લીધી છે. પરિણતિ છે એ જ્ઞાન વેદનાસ્વરૂપ છે. એમાં એ વેદ્યું જાય છે, અનુભવગોચર થાય છે. **'(તે) સાક્ષાત્ મોક્ષમાર્ગ છે.'** એવું જે જ્ઞાનવેદનામાં સ્વસંવેદન વેદાય છે એ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે, તે પ્રગટ મોક્ષમાર્ગ છે. આ સિવાય બીજો કોઈ

મોક્ષમાર્ગ નથી. આ જ મોક્ષમાર્ગ છે એમ કહેવું છે. આ સિવાય બીજો કોઈ જગતમાં મોક્ષનો માર્ગ ત્રણ કાળમાં નથી.

આ '**સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. આ સ્વસંવેદનને જ્ઞાની જ જાણે.**' જેને અનુભવ થયો, જેને સ્વસંવેદન થયું તે આ સ્વસંવેદનને જાણે છે. કેમકે આ વેદન છે તે અતીન્દ્રિય જ્ઞાનવેદન છે. ઇન્દ્રિયજ્ઞાનમાં વેદન નથી પણ અતીન્દ્રિય જ્ઞાનવેદન છે. અતીન્દ્રિયસ્વરૂપ આત્મા, એનું અતીન્દ્રિય ભાવે, અતીન્દ્રિય જ્ઞાનભાવે જ્ઞાનવેદન થયું. ઇન્દ્રિયજ્ઞાનમાં તેનો અનુભવ નહિ હોવાથી ઇન્દ્રિયજ્ઞાનમાં તે જાણવામાં આવતું નથી. એટલે જે અતીન્દ્રિયજ્ઞાનમાં જેણે જાણ્યું એવા જ્ઞાની એને જાણે છે. ઇન્દ્રિયજ્ઞાનથી નહિ છૂટેલા એવા જીવો એને જાણી શકતા નથી કે આ સ્વસંવેદન કેવું છે ? એમ એ જાણતા નથી.

'**સ્વરૂપથી પરિણામ બહાર ગયા તે જ સંસાર;...**' છે. સંવર નહિ પણ અહીંયાં સંસાર હોવું જોઈએ. Misprint છે. શુદ્ધિમાં પણ રહી ગયું છે. '**સ્વરૂપથી પરિણામ બહાર ગયા તે જ સંસાર;...**' છે. એક અક્ષરમાં ભૂલ થાય તો કેવી ભૂલ થાય ! સંવર અને સંસાર તો પરસ્પર વિરુદ્ધ છે. સંવર તો અસંસારભાવ છે. સ્વરૂપથી પરિણામ બહાર જાય અને એને સંવર કેમ થાય ? '**સ્વરૂપથી પરિણામ બહાર ગયા...**' જોયું પ્રતમાં ? આ જુની પ્રત છે. ૨૦૦૩માં છપાય હતી.

મુમુક્ષુ :- સંસાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે ને સંસાર ? આ સંવર કેમ થઈ ગયું ? સંસાર જ હોવું જોઈએ. '**સ્વરૂપથી પરિણામ બહાર ગયા તે જ સંસાર;...**' Proof readingમાં ગમે તેટલું જોવે તો કાંઈ ને કાંઈ ભૂલ રહી જાય છે.

'**સ્વરૂપથી પરિણામ બહાર ગયા તે જ સંસાર; સ્વરૂપાચરણરૂપ પરિણામ તે જ સાધક-અવસ્થામાં મોક્ષમાર્ગ,...**' છે. પરસ્પર વિરુદ્ધ છે. સ્વરૂપથી પરિણામ બહાર ગયા એટલે પરપરિણામમાં આચરણ કર્યું, પરિણામે પરપરિણામનું આચરણ કર્યું ત્યાં સંસાર ઊભો થયો. સંસાર એ બીજી કોઈ ચીજ નથી. પોતાના નિજ સ્વરૂપને છોડીને, નિજ પ્રભુને છોડીને પરિણામ બહાર ગયા, અન્ય પદાર્થને વિષે ગયા એ સંસારના પરિણામ છે. એ જ સંસાર છે. સ્વરૂપથી સર્યો તે સંસારી. એમ લીધું છે.

મુમુક્ષુ :- કુટુંબજનોમાં...

પૂજ્ય ભાઈશ્રી :- કુટુંબજનોમાં પરિણામ. કુટુંબીમાં મમત્વ બહુ કરે છે એટલે પછી લોકોએ એનું નામ સંસાર પાડ્યું. આ એનો સંસાર છે. આ કુટુંબ એનો સંસાર છે. કેમકે એનું ઘણું મમત્વ ત્યાં રહે છે.

જીવને કુટુંબ-પરિવારનું એટલું મમત્વ રહે છે કે એના પોતાના આત્માનું મમત્વ પણ ખોવે છે. અંદરમાં પોતાના આત્માનું મહત્ત્વ ખોવે છે. બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષનું મહત્ત્વ પોતે ખોવે છે. એટલે પછી એનું નામ સંસાર પાડ્યું. છે જીવનો પોતાનો ભાવ. પેલા પરિવારના સભ્યો કાંઈ બળાત્કારે મમત્વ કરાવતા નથી. એ તો આ મમત્વ ન કરે તો એ પણ ઉપેક્ષા કરે કે એને ક્યાં આપણી મમતા છે ? એને કાંઈ આપણો રાગ નથી. તો એને રાગના ઘણા વિષય છે. પોતાના દેહથી માંડીને દરેક સંસારીને જ્યાં બીજો રાગ કરે છે ત્યાં આ રાગ કરે છે. પેલો રાગ ન કરે તો આ પણ ન કરે. એક સામાન્ય વાત છે. સામાન્યપણે સામાન્ય પ્રકારે આ વાત છે.

'**સ્વરૂપાચરણરૂપ પરિણામ તે જ સાધક-અવસ્થામાં મોક્ષમાર્ગ,...**' છે. સાધક અવસ્થામાં તો સ્વરૂપમાં જેટલા પરિણામ લાગે તેટલો મોક્ષમાર્ગ છે. જેટલે અંશે સ્વરૂપનું ભેદન તેટલો જ ધર્મ છે. મોક્ષમાર્ગમાં પણ જેટલું સ્વરૂપનું વેદન, વેદન એટલો ધર્મ છે. બસ. બાકીનો રાગાદિ ભાવ તે અધર્મભાવ છે. એ છોડીને જેટલો રાગાદિ ભાવ તે બધો અધર્મભાવ છે. એટલો બંધમાર્ગ છે. આટલો મોક્ષમાર્ગ છે. '**(અને) સિદ્ધ અવસ્થામાં મોક્ષરૂપ છે.**' સાધક અવસ્થામાં સ્વરૂપાચરણરૂપ પરિણામ મોક્ષમાર્ગરૂપ છે અને તે જ સ્વરૂપાચરણરૂપ પરિણામ સિદ્ધ અવસ્થામાં મોક્ષરૂપે છે. ત્યાં પણ સ્વરૂપાચરણ જ છે. સાધક અવસ્થામાં પણ સ્વરૂપાચરણ છે, સિદ્ધ અવસ્થામાં પણ સ્વરૂપાચરણ છે. સાધક અવસ્થામાં માર્ગરૂપે છે-મોક્ષના માર્ગરૂપે છે અને સિદ્ધ અવસ્થામાં મોક્ષરૂપે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અપૂર્ણતા છે તે માર્ગ છે. માર્ગ છે તે રસ્તે છે. એ રસ્તે એ છે એમ લેવું છે. મોક્ષના રસ્તે છે, અપૂર્ણતા છે. આગળ વધતો છે ને ? એટલે માર્ગમાં છે એમ લીધું છે. માર્ગમાં તો

જીવ આગળ આગળ ચાલે છે ને ? એટલે આ પણ મોક્ષના રસ્તે આગળ ચાલે છે. પૂર્ણતાને પામવામાં જ વિકાસ કરી રહ્યો છે એટલે એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે, એને મોક્ષનો ઉપાય કહેવામાં આવે છે. સ્વરૂપાચરણ તે જ મોક્ષનો ઉપાય છે. મોક્ષનો ઉપાય શું ? કે સ્વરૂપાચરણ કરવું તે જ મોક્ષનો ઉપાય છે. આમાં તો બીજી વાત ચાલે એવું નથી. બીજો તર્ક શું ચાલે આમાં ?

**'જેટલા જેટલા અંશે જ્ઞાનબળથી આવરણનો અભાવ થયો તેટલા તેટલા અંશે મોક્ષ નામ પામ્યો.'** મોક્ષમાર્ગમાં પણ જેટલા જેટલા અંશે જ્ઞાનબળથી એટલે સ્વસંવેદનના બળથી આવરણનો અભાવ થતો ગયો તેટલો આવરણથી મુક્ત થયો. ભાવે આવરણથી મુક્ત થયો. દ્રવ્યે તે પ્રકારના કર્મસંબંધથી છૂટ્યો, તો એટલો એટલો મોક્ષમાર્ગને પણ આંશિક મોક્ષરૂપ કહેવામાં આવે છે.

જેટલો ભાવ શુદ્ધ થયો એટલો ભાવ તો મુક્ત જ છે. જેટલો અશુદ્ધ રહ્યો, આવરણમાં રહ્યો એટલો બંધ ભાવ છે. બાકી જેટલો ભાવ શુદ્ધ થયો તેટલો ભાવ તો મુક્તભાવ છે. એમાં મુક્તભાવમાં તો મુક્તિનો અનુભવ છે. જે ભાવ શુદ્ધ થયો, નિરાવરણ થયો એમાં તો મુક્તિનો અનુભવ છે. એમાં સંસારનો અનુભવ કે રાગનો અનુભવ નથી. કેમકે ત્યાં છે જ નહિ. ત્યાં બદ્ધપણું નથી. ત્યાં મુક્તપણું છે. એટલે જેટલો જેટલો, **'જેટલા જેટલા અંશે જ્ઞાનબલથી આવરણનો અભાવ થયો તેટલા તેટલા અંશે મોક્ષ નામ પામ્યો.'** ક્યાં ? સાધક અવસ્થામાં પણ એટલો મોક્ષ પામ્યો એ. જેટલું સાધન થયો એટલો મોક્ષ પામ્યો. એટલો મોક્ષ તો એનો થયો જ ત્યાં. છૂટ્યા એટલા અંશે. બહારમાં પણ ઘણા આટાથી બંધન કર્યું હોય તો જેટલા આંટા છૂટે એટલું તો બંધન છૂટ્યુ કે નથી છૂટ્યું ? એમ સીધી વાત છે.

**'સ્વરૂપની વાર્તા પ્રીતિથી સાંભળે...'** આવા સ્વભાવની સ્વરૂપાચરણની વાર્તા પ્રીતિથી સાંભળે, રુચિથી સાંભળે **'તો (તેની) ભાવિ મુક્તિ કહી.'** શાસ્ત્રમાં આચાર્યઓએ એને ભાવિમુક્તિ કહી છે. તો જે તીર્થંકર ભગવાને કહ્યું એ આચાર્યોએ, ગણધરાદિ આચાર્યોએ શાસ્ત્રોમાં કહ્યું છે. એની ભાવિ મુક્તિ કહી દીધી છે. 'પદ્મનંદિ પંચવિંશતિઃ'માં એ શ્લોક છે એટલે Foot note માં એનો આધાર

આપ્યો છે.

**तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।**
**निश्चितं स भवेद्भव्यो, भावि निर्वाण भाजनं।।**

**'જે જીવે પ્રતીતિયુક્ત પ્રસન્નચિત્તથી આ આત્મતત્ત્વની વાત પણ સાંભળી, તે જીવ વિશેષે કરીને ભવ્ય છે અને અલ્પસમયમાં નિર્વાણને પાત્ર છે.'** મુક્તિ શબ્દ લીધો છે ને ? આ સ્વરૂપની વાર્તા પ્રીતિથી સાંભળે તો તેનો નિર્વાણ, મુક્તિ થાય એટલે એનો નિર્વાણ થાય. નિર્વાણની પાત્રતા અત્યારે લઈ લીધી. સમ્યગ્દર્શનની પાત્રતાની વાત ન કરી. નિર્વાણની પાત્રતાની વાત કરી છે સીધી જ. પૂર્ણતાની પાત્રતા.

જેને પૂર્ણ સ્વરૂપ રુચ્યું. વાર્તા સાંભળી એનો અર્થ એ છે. રુચિથી, પ્રીતિથી સાંભળી છે. એટલે પૂર્ણ શુદ્ધ સ્વરૂપ જેને રુચ્યું એનો નિર્વાણ થઈ જશે એમ કહે છે. Guarantee આપે છે. આચાર્યદેવ એની Guarantee આપે છે. જા તને Guarantee છે. છે તને સ્વરૂપની રુચિ ? તારો નિર્વાણ અહીંયાં Register કરી લીધો. Advance booking. તારો મોક્ષ છે નિયમથી. હવે એને એ રાગની અને પરની રુચિ છોડવાનું કામ છે. આટલું જ કામ છે.

મુમુક્ષુ :- મોટી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ મોટી વાત છે. સ્વરૂપની રુચિ છે એ તો કામ કરી લે છે. જે આત્મકાર્ય છે એની સિદ્ધિનો પાયો સ્વરૂપની રુચિ છે. એક પરની અને રાગની રુચિ છોડે અને સ્વરૂપની રુચિ જો પ્રગટે, ગુણની રુચિ પ્રગટે, સ્વભાવની રુચિ પ્રગટે તો એને દોષની રુચિ અને પુદ્ગલની-જડની રુચિ જાય. પુણ્યની રુચિ જાય. તો એનું કામ થયા વિના રહે નહિ. નિર્વાણને પામી જાય એમ કહે છે. એને સ્વભાવની વાર્તા રુચે. એ વાત એને રુચે. એ વાત એને રુચે એમાં નિર્વાણ, એના ગર્ભમાં નિર્વાણ પડેલો છે. સ્વરૂપની રુચિના ગર્ભમાં નિર્વાણ પડેલો છે અને રાગની રુચિરૂપ મિથ્યાત્વ છે એના ગર્ભમાં અનંત નિગોદ પડેલું છે. અનંત નિગોદ પડેલું છે. આવું જબરદસ્ત છે. પડખું ફરે એટલી વાર છે. આ બાજુના પડખે આમ છે અને આ બાજુના પડખે આમ છે. આવી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારો અધિકાર છે. ગઈકાલનો, આજનો અધિકાર જ કોઈ સારો છે. એકલો સ્વાનુભવનો અધિકાર છે. સ્વસંવેદનની વાત લીધી છે.

મુમુક્ષુ :- પ્રીતિમાં શું લેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રીતિમાં રુચિ લેવી છે ને ? પ્રીતિમાં પ્રેમ. પ્રેમ એટલે રુચિ. સામાન્ય રીતે સમજાય એવો શબ્દ વાપર્યો છે. '**प्रीतिचित्तेन**' પ્રીતિપૂર્વકના ચિત્તથી. ચિત્ત શબ્દ સાથે લગાડ્યો છે એમાં રુચિ લઈ લેવી. માણસ નથી કહેતા ? અમને ઘણી પ્રીતિ છે, ઘણી રુચિ છે. રુચિ જડની હોય એને આત્માની પ્રીતિ ક્યાંથી આવે ? પ્રીતિને ...

મુમુક્ષુ :- પ્રતીતિ છે...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતીતિ છે એ તો આગળ નિર્વિકલ્પ પ્રતીતિ પ્રગટે છે. રુચિના બળથી આગળ નિર્વિકલ્પ પ્રતીતિ પ્રગટે છે. આ પ્રતીતિ એટલે આમાં પ્રતીતિ લે છે એટલે એ જાણે છે એમાં એને વિશ્વાસ છે. ત્યાં પ્રતીતિમાં વિશ્વાસ લેવો છે. પ્રતીતિપૂર્વકનો વિચાર સાધન છે અને નિર્વિકલ્પ અનુભવ સાધ્ય છે. એક બોલ આવશે. તો ત્યાં જે જાણે છે એમાં એને વિશ્વાસ છે. એમ લેવું છે. જાણે છે એમાં વિશ્વાસ છે એમ લેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જાણે અને વિશ્વાસ ... જડમાં સુખનો વિશ્વાસ છે અને આત્મામાં સુખનો વિશ્વાસ છે. બે વિશ્વાસ સાથે રહે છે ? ચૈતન્યનમાં સુખનો વિશ્વાસ અને જડમાં સુખનો વિશ્વાસ, બે સાથે રહેશે ? જાણ્યું એમ કે સુખ તો આત્મામાં છે.

'શ્રીમદ્જી'નું વચન છે ને ? હે જીવ ! ભ્રમામાં, સુખ તો અંતરમાં છે. સુખ અંતરમાં છે અને અંતર સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. બહારમાં બાહ્યમાં ક્યાંય સુખ નથી. ભ્રમામાં એટલે ભ્રમણામાં પડમાં એમ કહે છે. ભ્રમણામાં ન પડ. એમ કરીને (વાત લીધી છે). એ વાત સાંભળી એમાં તને વિશ્વાસ આવ્યો ? કે વિશ્વાસથી સાંભળ્યું છે. જો પ્રતીતિપૂર્વક તારો વિચાર છે તો તને નિર્વિકલ્પ અનુભવ સાધ્ય થશે. અને સુખ

આત્મામાં છે અને આત્માનો જે ગુણ વૈભવ છે, સ્વભાવનો વૈભવ છે એને તેં રુચિથી સાંભળ્યો ? જેને રુચે છે એને અવિશ્વાસનો પ્રશ્ન જ નથી. તો તું નિર્વાણનું ભાજન છો. 'પદ્મનંદિ આચાર્ય' કહે છે કે તું સમ્યક્ત્વમાત્રનું ભાજન છો એમ નહિ, પણ તું નિર્વાણનો ભાજન છો. આમ લીધું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ઊંડેથી વાત કરી છે. બહુ ઊંડેથી વાત કરી છે. આચાર્યદેવે જે વાત (કરી છે કે) '**निश्चितं स भवेद्भव्यो**' તે ભવ્ય નિશ્ચિતપણે. કોઈ થાશે કે કોઈ નહિ થાય. રુચિવાળાને કો'કને નિર્વાણ થશે કે રુચિવાળાને કો'કને નિર્વાણ નહિ થાય એમ નથી કહેતા. '**निश्चितं**' નિયમબદ્ધ વાત છે. આમ વાત છે. ત્રણે કાળના ભવ્યોની આ વાત લઈ લીધી.

પોતાને પણ પહેલા રુચિ પ્રગટી છે ને એનો અનુભવ ખ્યાલમાં છે. પહેલા ક્યાંથી શરૂઆત થઈ છે એ તો પોતાને પણ ખબર છે કે નહિ ? કે રખડતા, રખડતા, રઝળતા, પરિભ્રમણ કરતા કરતા જ્યારે એક આત્માની રુચિ પ્રગટી ત્યારે એ રુચિભાવ કેવો અનન્ય રુચિનો ભાવ હતો, એ વાત એને અનુભવથી સમજાણી છે અને એમાં નિર્વાણનું બીજ પડેલું છે. નિર્વાણનું બીજ અહીંથી ફાલીફૂલીને નિર્વાણને પ્રાપ્ત, મુક્તિને પ્રાપ્ત થવાનું છે. પોતે મુક્તિ પામ્યા પહેલા એ વાતને (લખે છે).

મુમુક્ષુ :- આત્માની રુચિ થઈ એ કોને કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- રાગની અરુચિ રહે અને જે અનુકૂળતાઓ રુચે છે એની પણ રુચિ ન રહે. રાગની પણ અરુચિ રહે અને અનુકૂળતાની પણ રુચિ ન રહે. કારણ કે એ પુણ્યનું ફળ છે. રાગનું જ ફળ છે એ. બાકી તો પ્રતિકૂળતાની અરુચિ એ બધા, આકુળતાની અરુચિ એ બધા તો સર્વસામાન્ય જગતના જીવોને છે. જગતના તમામ સંસારીને અમુક રુચિ અને અમુક અરુચિ છે. પણ જે રુચિ છે એ પુણ્યની અને પુણ્યના ફળની છે. એ રુચિ છૂટી જવી જોઈએ. અને ગુણની રુચિ, સ્વભાવની રુચિ, સ્વભાવથી ઉત્પન્ન થતા સુખની રુચિ, જડથી, પુદ્ગલથી ઉત્પન્ન થતા સુખની અરુચિ અને આની રુચિ, એમ સામે સામે છે.

મુમુક્ષુ :- અંતર સંશોધન જે 'શ્રીમદ્જી'એ કીધું, ... ઉદયભાવ કયો છે ...

પૂજ્ય ભાઈશ્રી :- અંતર સંશોધન એટલે પછી એ શોધે છે. અત્યાર સુધી આ જીવે સુખ તો બહારના વિષયોમાં જાણ્યું છે અને અનુભવ્યું છે. હવે એને એમ કહે છે કે તું ભ્રમણામાં પડમાં. એ તારી ભ્રમણા છે. ત્યાં સુખની ગંધ પણ નથી. જ્યાં તને સુખ લાગે છે ત્યાં તો સુખની ગંધ પણ નથી, નામનિશાન નથી. અનંત સુખ આત્મામાં ભર્યું છે એમ જો તને કહીએ છીએ તો એની શોધ તો ચલાવ. જ્યાં પડ્યું છે એની શોધ કરવી જોઈએ. એ શોધ કરતા અંતર સંશોધન થશે તો એ અંતરમાં પડેલું સુખ મળશે, જણાશે, દેખાશે તને. એમ કહેવું છે.

મુમુક્ષુ :- અંતર સંશોધનની વિધિ શું ?

પૂજ્ય ભાઈશ્રી :- અંતર સંશોધનની વિધિ અંતર અવલોકન. અંતર અવલોકન એ જ અંતર સંશોધનની વિધિ છે. જોવું છે. જ્યાં પડ્યું છે ત્યાં જોવું તો છે કે નહિ ? ખોવાયેલી ચીજને ગોતે છે ત્યારે શું કરે છે ? ઘરનો નાનો દીકરો જ ખોવાય ગયો હોય, કોઈ ઉપાડી ગયું હોય અથવા કોઈ હીરાજડિત દાગીનો ખોવાય ગયો હોય. આ લોકો દાગીના પહેરે છે ને ? એ પહેરવા જતા ક્યાંક મૂકાઈ ગયો, ખોવાય ગયો, કોઈક ઉપાડી ગયું. ઘરમાં કોઈ આવ્યું, કામવાળી હોય. કેવી શોધ ચલાવે છે ? ક્યાંય એની વૃત્તિ બીજે કામ કરે છે ? શોધકવૃત્તિ કેવી કામ કરે છે ! જેટલા છોકરા જોવે એમાં એ છોકરો છે કે નહિ એમ જોવે. જેટલી ચીજો જોવે એમાં ખોવાયેલો દાગીનો છે કે નહિ એમ જોવે. બધે એની શોધકવૃત્તિ જ મુખ્યપણે વર્ત્યા કરે. પોતાને શોધકવૃત્તિ તો આવે છે કે નહિ બહારમાં પણ ? એના અનુભવથી જોવું કે આત્મા ક્યાં છે, સુખ ક્યાં છે ? એમ શોધે છે, આત્મા ક્યાં છે એ શોધે છે. કોઈપણ દ્રવ્ય-ભાવમાં આત્માની મુખ્યતા રહે છે તો એને (સંશોધક વૃત્તિ છે).

'ગુરુદેવ'ના વચનામૃતમાં તો એ વાત છે કે જે સત્યને શોધે, સત્ય સ્વરૂપને શોધે એને સત્ય સ્વરૂપ ન મળે એ ત્રણ કાળમાં બનતું નથી. આમ લીધું છે. જીવ શોધક થાય, શોધવૃત્તિએ જીવ ચડે અને એને સત્ય ન મળે, એને આત્મા ન મળે એ ત્રણ કાળમાં બનતું નથી. પણ શોધે નહિ તો કેવી રીતે મળે ? એને શોધતો નથી તો એને જોતો નથી.

ક્યાંથી મળવાનું છે ? અને શોધે ને ન મળે, ન ભૂતો ન ભવિષ્યતિ. કેમકે અગ્ર રહેવાનો, મુખ્ય રહેવાનો, આગળ રહેવાનો એનો સ્વભાવ છે. જ્ઞાનથી તે અગ્ર જ છે. પણ પોતે શોધતો નથી તો નથી મળતું. પોતે શોધે તો ન મળવાનો પ્રશ્ન જ નથી. એક પણ જીવ અપવાદ ખાતર ત્રણ કાળમાં એવો નહિ હોય કે નહિ થાય કે શોધતો'તો ને એને મળ્યું નહોતું. એવું નથી બનતું. ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં એને જન્મવાનું-ઉત્પન્ન થવાનું બન્યું હોય. જૈન મતમાં હોય કે જૈનમતની બહાર હોય એ પ્રશ્ન નથી. નારકીના ક્ષેત્રમાં હોય કે તિર્યંચના ભવમાં હોય એ પ્રશ્ન નથી. પોતે શોધે અને ન મળે એ બનતું નથી. આમ છે.

નારકીમાં પણ દુઃખના સંયોગો, એકલા દુઃખના સંયોગો, પ્રતિકૂળ સંયોગોનું એ ક્ષેત્ર છે. પૂર્વ પાપના ફળમાં છે ને ? ત્યાં પણ જે જીવ સુખ શોધે છે એને મળી જાય છે, લ્યો ! ચારે કોરથી દુઃખથી ઘેરાયેલા પ્રસંગોમાં સુખ શોધનારને સુખ મળી જાય છે. સત્ય સુખનો શોધક થવો જોઈએ ત્યાં પણ. આટલી વાત છે. બીજું બીજું ઘણું કરે છે જીવ પણ આ કરતો નથી. સત્યની રુચિથી સત્યનું શોધન થવું જોઈએ. સત્યની રુચિપૂર્વક (થાય) તો નહિ મળવાનો પ્રશ્ન નથી. અને બહુ કાળ લાગવાનો પણ પ્રશ્ન નથી. લ્યો, ઠીક !

એક છ મહિના આટલું કર, એમ કહે છે. બીજું બધુ ગૌણ કરીને, હડસેલો મારીને એક વાર છ મહિના આટલું કર. દરકાર કર. છ મહિના તો વધુમાં વધુ Time આપ્યો છે. Maximum period. બાકી તો એટલો સમય પણ પુરુષાર્થવાનને લાગતો નથી. પણ અનંત કાળમાં જીવે ક્યારેય દરકાર જ કરી નથી. ખરેખર તો દરકાર કરી નથી એમ વાત છે. નહિતર કાંઈ દૂર નથી. સ્વરૂપ કાંઈ દૂર નથી. 'ચતુરાંગુલ હૈ દ્રગ સે મિલ હૈ.' ચાર આંગળ પણ નથી એમ કહેવું છે. ચાર આંગળનો અર્થ કે દૂર જ નથી એમ કહેવું છે. ચાર આંગળ તો એટલે કીધા કે પોતે એના અનુભવમાં નથી આવ્યો એટલે ચાર આંગળ બતાવ્યા. બાકી દૂર જ નથી. એટલી વાત છે.

મુમુક્ષુ :- .. વિકલ્પ દ્વારા ...

પૂજ્ય ભાઈશ્રી :- એને તો રાગથી પકડવું છે એને સાધન જ ખોટું છે. સાધન અશુદ્ધ છે એનું કાર્ય શુદ્ધ ક્યાંથી થાય ? શુદ્ધ ધ્યેય ક્યાંથી

એને મળે ? એ પ્રશ્ન જ નથી. પણ આ એક એવો શ્લોક છે 'પદ્મનંદિ આચાર્ય'નો કે કોઈપણ જીવને સ્વરૂપકાર્યમાં પ્રોત્સાહન કરે, પ્રેરણા આપે એવો શ્લોક છે. જે જીવે પ્રીતિયુક્ત પ્રસન્ન ચિત્તથી આ આત્મતત્ત્વની વાત પણ જેણે સાંભળી, તે જીવ વિશેષે કરીને ભવ્ય છે અને અલ્પ સમયમાં તે નિર્વાણને પાત્ર છે. બસ.

આત્માની વાત તો કહેનારા તને મળ્યા. આત્માની વાત કહેનારું સાહિત્ય ઉપલબ્ધ છે. હવે તને ચિત્તની પ્રસન્નતા નહિ રહેવાનું શું કારણ છે ? પ્રસન્ન ચિત્તથી સાંભળવાની વાત છે. પ્રસન્ન ચિત્ત નહિ રહેવાનું તને શું કારણ છે ? જોઈ લે જરા. પ્રસન્ન ચિત્તથી સાંભળ્યું તો તારો બેડો પાર છે. આટલી જ વાત છે. કેટલી સરસ પ્રોત્સાહિત કરે એવી વાત છે ! જીવને એકદમ પ્રોત્સાહન મળે એવો વિષય છે.

'**(તેની) ભાવિ મુક્તિ કહી. અનુપમ સુખ થાય (અને તેનો) અનુભવ કરે...**' જીવને અનુપમ સુખ ઊપજે. એ સુખનો જીવ અનુભવ કરે '**તેનો મહિમા કોણ કહી શકે** ?' વાણીમાં તો એ શક્ય નથી એમ કહે છે. પણ પુદ્‌ગલની વાચાવર્ગણા, વચનવર્ગણામાં તો એની શક્તિ નથી. એનો મહિમા કોણ કહી શકે ? એનું મહત્વ, એની મોટાઈ કોઈ કહી શકે એવું નથી. એ અનુપમ સુખને કહેવા કોઈ સમર્થ નથી. એથી એ કેવું હોય એ સાંભળવાની અપેક્ષાને ગૌણ કરીને, એના અનુભવની અપેક્ષા ઊભી કરવી જોઈએ.

એમ પૂછે ને કે ભાઈ ! આનંદ કેવો ? એ સુખ કેવું ? જરા કહો. કહેવામાં તો વાણીનું જ સામર્થ્ય નથી. ત્યાં બીજો શું ઉપાય છે ? જ્યારે કોઈ કહેવા સમર્થ નથી ત્યારે કોઈ સાંભળવા પણ સમર્થ નથી. એવું જેનું સ્તર છે કે જે કોઈ કહેવા સમર્થ નથી એને અનુભવવાની અપેક્ષામાં અને જિજ્ઞાસામાં જીવ કાં ન આવે ? વિચિક્ષણતા તો એમાં છે કે, અરે..! જેને કહી શકાતું નથી તો એ પોતામાં રહેલું છે અને આ અનુભવમાં હું કેમ ન આવું ? બીજે હોય તો કોઈ આપે કે ન આપે. પરાધીન થાય. પણ જે પોતામાં ભર્યું છે એના અનુભવનો હું અંદર પ્રયત્ન કેમ ન કરું ? એની અપેક્ષામાં જીવે આવવું જોઈએ. ખરી અપેક્ષા જાગે તો અન્ય સર્વથી ઉપેક્ષિત થાય. અન્ય સર્વથી ઉપેક્ષિત થાય તો પછી કોઈ મુશ્કેલી નથી. મુશ્કેલી છે એ બીજાની અપેક્ષા છે એ જ

મુશ્કેલી છે. કોઈપણ પ્રકારે અન્ય દ્રવ્યની અને અન્ય ભાવની અપેક્ષા છે એ જ જીવને પોતાને પોતાના સ્વાનુભવમાં અવરોધક કારણ છે. જો અવરોધક કારણ દૂર થયું તો પુરુષાર્થને આગળ વધવામાં કોઈ બાધક કારણ નથી તો પછી પુરુષાર્થ કેમ ન થાય ? નહિ થવાનો પ્રશ્ન રહેતો નથી.

**'જેટલો સ્વરૂપનો નિશ્ચય બરાબર (યથાર્થ) ભાવે (ચિંતવે) તેટલું સ્વસંવેદન અડગ (અચલ) રહે, (અને) જેટલું સ્વરૂપાચરણ થાય, તેટલું બરાર સ્વસંવેદન થાય, એક થતાં ત્રણેની સિદ્ધિ છે.'** નિશ્ચય ઉપર ભાર દીધો છે. નિશ્ચય એટલે ઓળખાણ, નિર્ણય, ભાવભાસન. **'જેટલો સ્વરૂપનો નિશ્ચય બરાબર (યથાર્થ) ભાવે (ચિંતવે) તેટલું સ્વસંવેદન અડગ (અચલ) રહે,...'** જો સ્વરૂપની ઓળખાણ થાય તો એટલો મહિમા આવે કે સ્વરૂપ જ કોઈ એવું અચિંત્ય, અદ્‌ભુત અને આશ્ચર્યકારી છે કે ઉપયોગ એમાં સ્થિર થઈને સ્વસંવેદનમાં આવી જાય, એના વેદનમાં આવી જાય. એના રસની તીવ્રતા છે. સ્વસંવેદન છે એ રસની તીવ્રતા, સ્વરૂપરસની તીવ્રતાનો એક તબક્કો છે. એ રસ એટલો ઊપજે છે. અનંત આત્મરસનો સાગર છે આત્મા. એનો યથાર્થ નિશ્ચય થાય, ભાવે એટલે એની ભાવના આવે કે આ હું, તેટલું સ્વસંવેદન અડગ અને અચળ રહે. ત્યાં ઉપયોગ ખોડાય જાય એનો. સ્વરૂપના નિશ્ચયવાળાને ઉપયોગ એમાં ખોડાય જાય છે, સ્થિર થઈ જાય છે એમ લેવું છે.

મુમુક્ષુ :- વિશ્વાસનું ...

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્વાસ નિર્ણય થઈ ગયો. આ જ હું છું એમ નિર્ણય થઈ ગયો. નિર્ણય થઈ ગયો એટલે એનું વજન બહુ પડી ગયું. બહારમાં પણ એને ઓથ તો બહારની સંપત્તિની છે ને ? એ તો ક્ષણિક સંપત્તિ છે અને આ શાશ્વત સંપત્તિ છે. આટલો બધો ફેર છે. એ પર છે એટલે એના ઉપર આ જીવનો અધિકાર નથી, એને સ્પર્શી શકતો નથી, અડી શકતો નથી, વેદી શકતો નથી, પરને અનુભવી શકતો નથી. તોપણ મિથ્યાભાવે કેટલી એની હુંફમાં રહે છે.

જેઓને દારિદ્ર હોય છે એને એટલું બધું દારિદ્રતાનું દુઃખ લાગે છે કે આ લોકોની પાસે આટલી બધી સંપત્તિ છે, આટલા બધા સાધનો છે,

ઘર છે, મકાન છે, કપડા છે, દાગીના છે, આ બધું બધાને છે અને મારે નથી. ઘણાને છે અને મારે નથી. એને દારિદ્રના દુઃખમાં માણસ પોતાને નિર્માલ્ય.. નિર્માલ્ય... નિર્માલ્ય... એકદમ એવી Infiriarity માં આવી જાય છે. લઘુતા ગ્રંથીમાં એ જીવ આવી જાય છે. બધાને છે ને મારે નથી, બધાને છે ને મારે નથી. તો એને અંદરમાં એકદમ શોક ને દુઃખ ને બળતો... બળતો... બળતો... બળતો... બળતો... બળતો... જીવે છે. દારિદ્ર છે. અહીં કહે અંત કે અનંત ગુણસંપત્તિનો ધણી છો. ત્રણ લોકનો નાથ છો. અનંત સુખનો સાગર છો. તો એને કેટલીબધી હૂંફ આવે. શાશ્વત સંપત્તિ જોવે તો એને એની હૂંફનો પાર નથી.

કહે છે કે '**જેટલો સ્વરૂપનો નિશ્ચય બરાબર (યથાર્થ) ભાવે (ચિંતવે)...**' છે. આવું જ સ્વરૂપ છે એમ વારંવાર એ સ્વરૂપનો યથાર્થ નિશ્ચય ભાવે, એ સ્વરૂપને ચિંતવે તો એમાંથી સ્વસંવેદન ઉત્પન્ન થાય છે. '**તેટલું સ્વસંવેદન અડગ...**' જેટલા જોરથી નિશ્ચયનો, જ જ્ઞાનનો પર્યાય છે. નિશ્ચય છે એ જ્ઞાનનો પર્યાય છે. જેટલા યથાર્થ ભાવે એને ચિંતવે એટલું અહીંયાં સ્વસંવેદન અચળપણે ઉત્પન્ન થાય, જોરથી ઉત્પન્ન થાય. એકદમ સ્વસંવેદનમાં આવે. એનું કારણ એનફ યથાર્થ ભાવે નિશ્ચય છે, યથાર્થભાવે નિશ્ચયનું ચિંતવન છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનમાં નિશ્ચય ઉત્પન્ન થાય. નિશ્ચયનું સ્વરૂપ નિશ્ચિત થાય છે. યથાર્થપણે નિશ્ચિત થાય છે. યથાર્થપણે નિશ્ચિત થાય છે એટલે સ્વરૂપ સન્મુખ થઈને નિશ્ચિત થાય. રાગમાં ઊભો રહીને, પરસન્મુખ રહીને નિશ્ચય કરે એ નિશ્ચયની વાત અહીંયાં નથી.

એ સ્વસંવેદનમાં '**જેટલું સ્વરૂપાચરણ થાય, તેટલું બરાબર સ્વસંવેદન થાય,...**' એ સ્વરૂપાચરણ થયું, સ્વરૂપમાં સ્થિર થવું થયું. ત્યાં તેટલું સ્વસંવેદન પણ વિશેષ છે. જેટલું સ્વરૂપાચરણ વિશેષ તેટલું સ્વસંવેદન પણ વિશેષ. બરાબર એટલે વિશેષ થાય છે. એ રીતે એક નિશ્ચય થતાં '**ત્રણેની સિદ્ધિ છે.**' ત્રણેની સિદ્ધિ છે એટલે એમાં સ્વરૂપસ્થિરતા છે, સ્વરૂપસંવેદન છે અને એમાં નિર્વિકલ્પ પ્રતીતિ છે એ તો કહેવાની પણ જરૂર નથી. એ તો કહેવાની જરૂર નથી. જ્યાં સ્વસંવેદન છે, નિશ્ચળ સ્વસંવેદન છે અને જ્યાં સ્વરૂપાચરણ છે ત્યાં

પ્રતીતિને તો કહેવાની પણ જરૂર રહેતી નથી. ત્રણે આવી ગયા એની અંદર. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણે એની અંદર આવી જાય છે.

**'એક થતાં ત્રણેની સિદ્ધિ છે.'** એટલે પહેલા સ્વરૂપનિશ્ચય કરવો. યથાર્થ સન્મુખ થઈને, સ્વરૂપ સન્મુખ થઈને એટલે જ્ઞાનને પકડીને, જ્ઞાનના આધારે જ્ઞાનનું સાધન છે એ જ્ઞાનને સાધન બનાવીને, જ્ઞાન ક્રિયાને સાધન લઈને, સન્મુખ થઈને એણે નિશ્ચય કરવો જોઈએ. અનંત જ્ઞાનમય આત્માનો નિશ્ચય એમાં થાય. અનંત જ્ઞાનનો એટલે બીજા પણ અનંત ગુણોના સામર્થ્યમય આત્માનો નિશ્ચય થાય છે. એ અખંડ સિદ્ધપદનો નિશ્ચય છે.

જ્ઞાનમાં આખું આવે એને અંશે વેદન ન આવે એ પ્રશ્ન નથી. આખું તત્ત્વ, અખંડ તત્ત્વ, પરિપૂર્ણ તત્ત્વ જેને જ્ઞાનમાં આવે તેને આંશિક એનું વેદન ન આવે એ પ્રશ્ન રહેતો નથી. કેમકે જેને જ્ઞાનમાં અખંડ પૂર્ણ તત્ત્વ આવે છે એને એનો રસ ઉત્પન્ન એ હદે થઈ જ જાય છે. એ હદે એનો રસ ઉત્પન્ન થાય છે કે જેમાં સ્વસંવેદનની ઉત્પત્તિ થાય, થાય ને થાય જ. ન થાય એ પ્રશ્ન નથી. **'એક થતાં ત્રણેની સિદ્ધિ છે.'**

**'ગુપ્ત શુદ્ધ શક્તિની સિદ્ધિના પ્રમાણમાં પ્રવેશ કરે.'** શું કહે છે ? **'ગુપ્ત શુદ્ધ શક્તિની સિદ્ધિના પ્રમાણમાં પ્રવેશ કરે.'** એટલે શું ? કે જે સ્વરૂપ છે એ તો ગુપ્ત છે. શક્તિ છે એ તો ગુપ્ત છે. ગુપ્ત એટલા માટે કે તે તો કાંઈ પરિણામની જેમ ઉત્પાદરૂપ, વ્યક્તરૂપ નથી થતી. એ તો સામર્થ્યરૂપ હોવાથી અવ્યક્તરૂપ અને ગુપ્તરૂપ રહે છે. તેની સિદ્ધિના પ્રમાણમાં એટલે જેટલો અનુભવ કરે. અનુભવ કરે એટલી સિદ્ધિ થઈ. જેટલી સિદ્ધિ થઈ એના પ્રમાણમાં એનો પ્રવેશ થયો એમ કહેવામાં આવે છે. ભાષા તો પોતાની રીતે કરી છે. ભાષા તો એ વખતે એમને જે પ્રકારની ભાષા ચાલતી હોય એવી ભાષાથી વાત કરે. જ્યારે જેવી ભાષા ચાલતી હોય, ટૂંકી ભાષા ચાલતી હોય તો ટૂંકી ભાષામાં જ બધી વાત કરે છે.

સો-બસ્સો વર્ષ પહેલા એવું હતું કે કાનો-માતર વગર જ બધા અક્ષરો લખાતા અને પત્રો લખાતા. કાના-માતર વગરના. ક, ખ, ગ, ઘ કાના-માતર વગરના લખાણની ભાષા હતી. છતાં લોકો સમજતા.

એ જાતનો મહાવરો હતો. એમ આ ભાષા બહુ ટૂંકી કરી છે. 'અનુભવપ્રકાશ' નાનો ગ્રંથ અને ભાષામાં પણ એટલી...

**'ગુપ્ત શુદ્ધ શક્તિની સિદ્ધિના પ્રમાણમાં પ્રવેશ કરે.'** હવે શું સમજે ? ઘરે વાંચવા બેસે પછી શું સમજે ? આ શું કહે છે ? ગુપ્ત શુદ્ધ શક્તિ એટલે શુદ્ધાત્મા જે ગુપ્ત છે. જે સામર્થ્યરૂપ હોવાથી ગુપ્ત છે. જલ્દી નજરે ચડતો નથી માટે એ ગુપ્ત છે. એની સિદ્ધિ એટલે અનુભવના પ્રમાણમાં. જેટલો અનુભવ, એના પ્રમાણમાં એણે પ્રવેશ કર્યો. બસ, આટલું લેવું છે.

**'જેમ જેમ શુદ્ધતાની પ્રતીતિમાં પરિણતિ સ્થિર થાય...'** એટલે જેમ જેમ શુદ્ધાત્માની. પોતાની જે શુદ્ધતા છે શુદ્ધાત્માની, સ્વભાવની શુદ્ધતા છે તેની **'પ્રતીતિમાં પરિણતિ સ્થિર થાય...'** પ્રતીતિ ઉત્પન્ન થઈ પણ એ પ્રતીતિમાં પરિણતિ સ્થિર થાય, પ્રતીતિ અનુસાર પરિણતિ સ્થિર થાય. એટલે પ્રતીતિનું વારંવાર પરિણમન થતા પરિણતિ સ્થિર થાય **'તેમ તેમ મોક્ષમાર્ગની શુદ્ધિ થાય.'** તેમ તેમ મોક્ષના માર્ગની સિદ્ધિ થાય, મોક્ષના ઉપાયની સિદ્ધિ થાય.

**'જેમ કોઈ અધિક ગાઉ ચાલે તેમ નગર નજીક આવે...'** જેટલું ચાલે એટલો નજીક જાય, જ્યાં પહોંચવું છે એ નગરની. **'તેવી રીતે (જેમ જેમ) શુદ્ધ સ્વરૂપની પ્રતીતિમાં પરિણતિ અવગાઢ, ગાઢ, દઢ થાય, (તેમ તેમ) મોક્ષનગર નજીક આવે.'** જે પૂર્ણ શુદ્ધતા થવી છે, એમાં તો જેમ જેમ શુદ્ધ સ્વરૂપની પ્રતીતિમાં પરિણતિ દઢતા પકડે, અચળતા પકડે, સ્થિરતા પકડે, ગાઢતા પ્રગટે એટલો એ નજીક આવે છે. મોક્ષની નજીક આવી જાય છે. એટલો મોક્ષ એને નજીક છે. એટલે જેટલી ઉગ્રતા કરે છે, મોક્ષમાર્ગમાં પણ જીવ જેટલી ઉગ્રતા કરે છે એટલી દઢતા છે, એટલી ગાઢતા છે, એટલી અવગાઢતા છે. જેટલી ઉગ્રતા એટલો મોક્ષનો કાળ નજીક છે. અહીંયાં તો કાળથી નજીકપણું થાય છે અને ભાવથી નજીકપણું થાય છે. જેટલી ઉગ્રતા એટલો કાળ એને નજીક છે અને એટલો ભાવ પણ નજીક ગયો છે. બસ. કોને વાર છે ? કે જેટલી શિથિલતા એટલી વાર છે. જેટલી ઉગ્રતા એટલો જલદી એ મોક્ષ પામવાનો છે. બસ. આમાં બીજી કોઈ તકલીફ છે નહિ.

**'પોતાની પરિણતિનો ખેલ પોતે કરી પોતે ભવસિંધુથી પાર**

**થાય.'** **'પોતાની પરિણતિનો ખેલ પોતે કરી...'** જેમ બહારમાં ખેલ કરે છે ને ? એમ આ પરિણતિનો ખેલ છે, બીજું કાંઈ નથી. ખેલ છે એનો અર્થ કે બહુ અઘરું નથી. જેમ રમત રમવી અઘરી નથી. જેમ જેમ માણસ જે જે રમત રમે છે એની અંદર એની નિપૂણતા આવે છે કે નહિ ? ભાઈ ! અમારે તો આ ડાબા હાથનો ખેલ છે, એમાં કાંઈ મોટી વાત નથી. ફાવટ જમણા હાથે હોય. ડાબા હાથે ફાવટ ઓછી હોય તોપણ કરી શકીએ છીએ. એટલું સહજ છે. એમ અહીંયાં પણ પરિણતિનું થવું એટલું જ સહજ છે. જો એકવાર એ એના રસ્તે ચડી જાય, એની ઢળક હાથમાં આવી જાય, એનું વલણ ફરી જાય (તો સહજ છે). જો વલણ ન ફરે તો બધું નકામું છે. વલણ એકવાર એનું ફરી જવું જોઈએ.

પોતે પરિણતિનો ખેલ કરી એટલે લીલામાત્રમાં, રમતમાત્રમાં પોતે **'ભવસિંધુથી પાર થાય.'** ભવસિંધુથી પાર થવું એ રમતમાત્રની વાત છે એમ લે છે. કેટલી સહજતા આવે છે ! 'સોગાનીજી' લખે છે ને ? કે મોક્ષ તો એમ કે ઓહો..હો..! બહુ મોટી વાત લાગતી હતી. હે 'ગુરુદેવ' ! આપના વચનોથી સહજમાત્રમાં મોક્ષ છે. એટલો બધો સહેલો મોક્ષ દેખાય ગયો. શું આપનો ઉપકાર કરું ! કેટલો ઉપકાર ! આ તો મોક્ષ જેવી વાત બહુ મોટી ભારે ભારે દેખાતી હતી. આ તો હાથવેંતમાં દેખાય ગઈ. ઠીક ! આપના વચનોનું આટલું સામર્થ્ય છે. આપનો અમારે કેટલો મહિમા કરવો ! આ તો વચન સાંભળતા આટલી વાત છે. આત્મા તો આત્મામાં રહ્યો. વચન વચનમાં રહ્યા. વચન જડ-પુદ્ગલ, આત્મા ચૈતન્ય મહાપદાર્થ. શું મહિમા કરે !

**'પોતે, વિભાવ પરિણતિથી સંસારને વિષમ બનાવી રાખ્યો છે.'** આ વિષયમાં 'પૂજ્ય બહેનશ્રી'ની વાત બહુ સરસ આવી છે કે કઠણ લાગે છે, અઘરું લાગે છે, વિષમ લાગે છે એનું કારણ શું ? કે રુચિ નથી એટલે. અરુચિ ભાવે એમ લાગ્યા કરે છે. રુચિ થાય તો એ કઠણ લાગે એવી ચીજ નથી. એટલી એ વાત. (અહીં સુધી રાખીએ...)

**તા. ૧૫-૧૧-૧૯૮૫, પાના નં.૨૭થી ૨૮, પ્રવચન નં. ૭૧**

..૨૬ પાને છે. પાંચમી લીટીથી છે. ૨૬માં પાને. '**લોકાલોકને જાણવાની શક્તિ જ્ઞાનની છે, તેમાં જેટલું સ્વસંવેદન થયું (તેટલું) સ્વજ્ઞાનની વિશુદ્ધતાનો અંશ થયે થયું.**' શું કહે છે ? જ્ઞાનની શક્તિ તો લોકાલોકને જાણવાની છે અથવા અનંત શક્તિ છે. લોકાલોક જણાય તેથી પણ અનંત છે. અનંત લોકાલોક હોય તો તેનાથી પણ અનંત છે. શક્તિ તો એટલી છે.

અહીંયાં પરિણમનમાં જેટલું સ્વસંવેદન થયું એટલે જ્ઞાને પોતાનું જ વેદન કર્યું. જ્ઞાનમાં વેદન હતું તે વેદન અનુભવગોચર થતું નહોતું. જ્ઞાન વેદનસ્વભાવી છે. અને વેદન સ્વભાવી એવા જ્ઞાનમાં વેદન હોવા છતાં અનુભવગોચર થતું નહોતું. તે જેટલા અંશે અનુભવગોચર થયું એટલે જેટલી તારતમ્યતાથી અનુભવગોચર થયું તેટલું જ્ઞાન વિશુદ્ધ થયું, તેટલું જ્ઞાન નિર્મળ થયું. તેટલું જ્ઞાન શુદ્ધ થયું એટલે તેટલી જ્ઞાનની સ્વાભાવિક નિર્મળતા વધી. જ્ઞાન તો જ્ઞાન જ છે પણ એમાં નિર્મળતા અને મલિનતાનો ફરક પડે છે. અને તે અનુસાર એના સ્વસંવેદનની તારતમ્યતાના ભેદ ઉત્પન્ન થાય છે.

'**તે જ્ઞાને...**' સ્વસંવેદન થયું ત્યારે '**તે જ્ઞાને...**' નિજ સ્વરૂપનો સર્વજ્ઞ શક્તિરૂપે સર્વજ્ઞપણાના સામર્થ્યરૂપે અનુભવ કર્યો. તે જ્ઞાને એમ અનુભવ કર્યો કે હું પોતે સર્વજ્ઞ છું. મારામાં લોકાલોકને જાણવાથી પણ અનંતગણું સામર્થ્ય સદાય વિદ્યમાન છે. અત્યારે તો અનુભવગોચર થાય છે પણ સદાય વિદ્યમાન છે. એવો જ્ઞાને અનુભવ કર્યો. સ્વસંવેદનના કાળમાં પોતાના સર્વ સામર્થ્યનો અથવા પોતાના પરિપૂર્ણ સામર્થ્યનો અનુભવ કર્યો. આવા મહાપદાર્થનો સ્વસ્વરૂપે અનુભવ થાય ત્યારે એની હૂંફ પણ બીજી જાતની છે, એની ઓથ પણ બીજી જાતની છે. એ આધારભૂત દ્રવ્ય છે. પોતાનું સ્વરૂપ એ આધારભૂત દ્રવ્ય છે.

'**જેટલું જ્ઞાન શુદ્ધ થયું,...**' હવે અહીંયાં પ્રતીતિને સાથે જોડે છે. કે '**જેટલું જ્ઞાન શુદ્ધ થયું,...**' એટલે નિજ વેદનમાં, જ્ઞાનના પોતાના

નિજ વેદનમાં સહજ પ્રત્યક્ષપણું, સહજ વેદનમાં જે પ્રત્યક્ષપણું છે એ પ્રત્યક્ષપણું પ્રતીતિના બળથી ઉગ્રતા પામે છે. આચરણ ઊભું થાય છે ને ? જ્યારે સ્વસંવેદન થાય છે ત્યારે નિજ સ્વરૂપની પ્રતીતિ થાય છે, ત્યારે જ સ્વરૂપાચારણ પણ ઉત્પન્ન થાય છે. ચારિત્ર પણ ત્યારે ઉત્પન્ન થાય છે એટલે સ્વરૂપ આચરણ પણ ત્યારે ઉત્પન્ન થાય છે.

તો '**જેટલું જ્ઞાન શુદ્ધ થયું, તેટલું અનુભવમાં સર્વજ્ઞાનના પ્રતીતિભાવને વેદતાં,...**' જ્ઞાને સ્વરૂપને પણ વેદ્યું, પોતાને પણ વેદ્યું, સાથે ઉત્પન્ન થયેલી પોતાની અનંત પરિપૂર્ણ સામર્થ્યની પ્રતીતિભાવને પણ વેદી. પ્રતીતિ ઉત્પન્ન થઈ એટલું નહિ પણ પ્રતીતિભાવનું પણ વેદન કર્યું. અનુભવમાં પ્રતીતિભાવને, સર્વજ્ઞાનના પ્રતીતિભાવને આવો સર્વજ્ઞ સ્વરૂપે આવો જ હું છું એવું પ્રતીતિપણું, એવા પોતાના સહજ પરિપૂર્ણ અસ્તિત્વને પ્રતીતિભાવે, પ્રતીતમાં લેતા એ પ્રતીતિભાવનું પણ વેદન કર્યું. અને એ વેદતા, એવા પ્રતીતિભાવને વેદતાં તે જ્ઞાન શુદ્ધ થયું.

અહીંયાં કહેવાનું તાત્પર્ય એટલું છે કે જ્ઞાને માત્ર પોતાનું અનંત સામર્થ્યવંત સ્વરૂપ જાણ્યું એટલું જ નથી, પણ પ્રતીતિ સહિત જાણ્યું છે. પરલક્ષે ક્ષયોપશમ જ્ઞાનમાં એવું જાણવા મળે છે કે આત્મામાં અનંત સામર્થ્ય છે. પણ પ્રતીતિ જ્યાં સુધી ઊંધી વર્તે છે ત્યાં સુધી સ્વસંવેદનપૂર્વક જાણવું બનતું નથી. વેદનથી જાણવું થતું નથી. વિચારથી જે જાણવું થાય છે ત્યાં પ્રતીતિ સાથે ભળેલી નથી એટલે સ્વસંવેદન નથી. અને પ્રતીતિ આવતા, યથાર્થ જ્ઞાનમાં તો, સ્વરૂપના યથાર્થ જ્ઞાનમાં તો પ્રતીતિ ફરે છે, પ્રતીતિ બદલાય છે, ઊંધી પ્રતીતિ છૂટે છે, સવળી પ્રતીતિ ઉત્પન્ન થાય છે. અને એ પ્રતીતિ જ્યારે આવે છે ત્યારે એનું બળ ઘણું છે. કેમકે પ્રતીતિ જે પ્રગટ થઈ, સ્વરૂપની પ્રતીતિ પ્રગટ થઈ એ ગુણ પૂરો અનંત સામર્થ્ય સાથે પ્રગટ થઈ ગયો. ગુણનું જે અનંત સામર્થ્ય છે એ શ્રદ્ધાનમાં, પ્રતીતિમાં પૂરું પ્રગટ થઈ ગયું. એટલે એનું બળ છે એ એટલું બધું બળ છે કે આચરણ પણ ત્યાં ઊભું થઈ જાય છે. આચરણ પછી બાકી રહેતું નથી. સ્વરૂપાચરણ પણ ત્યાં ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- અનંત પ્રતીતિ-પ્રતીતિ ગુણ પ્રગટ થાય છે ? બાકી

બધા ગુણ અંશે પ્રગટ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અંશે પ્રગટ થાય છે. પ્રતીતિ અંશે પ્રગટ નથી થતી. પ્રતીતિ પૂરી પ્રગટ થાય છે એનો અર્થ કે એક ગુણમાં જે અનંત સામર્થ્ય છે તેની પૂર્ણ વ્યક્તિ ત્યાં થાય છે. એટલે એનું બળ ઘણું છે. એટલે પ્રતીતિનું બળ આવતા (એમ કહ્યું). એટલે અહીંયાં નીચે લીશે કે જ્ઞાનની વિશુદ્ધતાને જ્ઞાનના બળનો પ્રતીતિભાવ કારણ છે. પ્રતીતિભાવને કારણ લઈ લીધું. જ્ઞાનના બળનો જે પ્રતીતિભાવ છે, જ્ઞાનના બળનો એટલે શું ? સર્વજ્ઞપણાનો. અથવા જ્ઞાનના બળનો એટલે આત્માના સંપૂર્ણ સામર્થ્યનો જે પ્રતીતિભાવ છે, એ પ્રતીતિભાવ જ્ઞાનની વિશુદ્ધતામાં કારણ છે. ઉપર પણ એ જ લીધું છે કે શુદ્ધ થયું એ સર્વજ્ઞાનના પ્રતીતિભાવને વેદતા શુદ્ધ થયું. અહીંયાં કહે છે કે એ વિશુદ્ધતાને આત્માના સામર્થ્યનો પ્રતીતિભાવ છે તે કારણ છે.

મુમુક્ષુ :- ઊંધી પ્રતીતિ છે એનું બળ તૂટે છે તો જોર વધારે શેના ઉપર હોય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે અસ્તિત્વ ઉપર જોર હોય છે. પરિપૂર્ણ સામર્થ્યવંત દ્રવ્યનું જે અસ્તિત્વ છે એ દ્રવ્ય ઉપર એનું જોર છે. પ્રતીતિનો વિષય જ અભેદ દ્રવ્ય છે. અભેદ અસ્તિત્વ કહો, અભેદ દ્રવ્ય કહો એ પ્રતીતિનો વિષય છે. એના ઉપર જોર છે. અને ઊંધી જે પ્રતીતિ હતી એની ઊંધાઈ સમ્યક્ સન્મુખતાના કાળમાં ઘણી નબળી થઈ જાય છે.

જ્યારે જ્ઞાન સન્મુખ થઈને પોતાના સ્વરૂપના અવભાસનમાં આવે છે, ત્યાં ઊંધી પ્રતીતિનું બળ એકદમ ગળી જાય છે, એકદમ પાતળું થઈ જાય છે. ઓલા પાંચ પડદા આગળ લીધા છે ને ? એમાં છેલ્લો પડદો રહી ગયો. જ્ઞાનસૂર્ય આત્મા, એને પાંચ પડદા લીધા છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ,.. એમ કરીને. મતિ જ્ઞાનાવરણ, શ્રુત જ્ઞાનાવરણ, અવધિ જ્ઞાનાવરણ, મનઃપર્યયજ્ઞાનાવરણ, કેવળી જ્ઞાનાવરણ. એમ મિથ્યાત્વમાં લઈએ તો મિથ્યાત્વમાં અત્યંત મંદ મિથ્યાત્વ થાય એવી પરિસ્થિતિ થાય છે. મિથ્યાત્વમાં તીવ્રતા, મંદતા થાય છે. પણ મિથ્યાત્વ એટલે પૂરું મિથ્યાત્વ અને સમ્યક્ એટલે પૂરું સમ્યક્. પછી એની અંદર સમ્યક્ની અંદર બીજો ફેરફાર થતો નથી.

એનો વિષય પૂર્ણ છે અને પોતે પણ પોતાની પૂરી શક્તિથી પ્રગટ થઈ ગયું છે. મિથ્યાત્વમાં દઢ મિથ્યાત્વ થાય તો ગૃહીત મિથ્યાત્વ થાય. એ બધા મિથ્યાત્વમાં તીવ્રતા-મંદતાના ભેદો છે. સમ્યક્ થઈ ગયું એટલે થઈ ગયું. ગુણ પ્રગટ થઈ ગયો.

મુમુક્ષુ :- ઊંધી પ્રતીતિ, એના ઉપર વજન અને એના ઉપર લક્ષ હોય તો માર્ગ ન મળે ?

પૂજ્ય ભાઈશ્રી :- માર્ગ સૂઝે જ નહિ. ઊંધી પ્રતીતિની સાથે રાગની અને પરની રુચિને સંબંધ છે. એને રાગ રુચે છે, એને પુણ્ય રુચે છે, જેને પુણ્ય રુચે છે એને પુણ્યના ફળ પણ રુચે છે. એટલે એની પક્કડ પર સાથે ઘણી જોરદાર છે. એટલે એને માર્ગ મળવાનો પ્રશ્ન નથી. માર્ગ તો મુક્તિનો માર્ગ છે, આંશિક મુક્તિસ્વરૂપ છે. પોતે જ આંશિક મુક્તિસ્વરૂપ છે. જેટલા અંશે માર્ગ પ્રગટ થયો એટલા અંશે મુક્તિ કહી છે. મુક્તિ અને બંધ સાથે ક્યાંથી રહે ? એકત્વનો બંધ તો સાથે રહી શકે નહિ. અનંતાનુબંધીનો બંધ તો મુક્તભાવમાં સાથે રહી શકે નહિ.

મુમુક્ષુ :- સ્વરૂપની અત્યંત અત્યંત તીવ્ર ભાવના પેદા થાય તો આ બધું નરમ પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- બધું નરમ પડી જાય. ભાવના તો ગજબનો વિષય છે ! ભાવનામાં તો દ્રવ્યને.. જોકે દ્રવ્યનો પરિણમવાનો સ્વભાવ છે, પણ નહિતર દ્રવ્યને પરિણમવું પડે. દ્રવ્યને પરિણમવું પડે એ ભાવનાનું બળ છે. દ્રવ્યનો તો પરિણમવાનો જ સ્વભાવ છે, પણ એકવાર દ્રવ્યને પરિણનવું પડે એમ કહીએ તો ચાલે. ભાવનાનું બળ તો એવું છે.

ભાવનામાં આવે, અંદરથી ભાવનામાં આવે તો દ્રવ્ય તો પરિણમવા તૈયાર જ છે. માણસ નથી કહેતા ? કે ભાઈ ! તમે બોલાવો એટલી વાર છે. તમે બોલાવો તો અમે તો આવવા તૈયાર જ ઊભા છીએ. તમે બોલાવો એટલી વાર છે. એમ દ્રવ્ય તો કારણપરમાત્મા છે. 'નિયમસાર'માં એને કારણપરમાત્મા (કહ્યું છે). પરમાત્મસ્વરૂપે દ્રવ્ય હોવા છતાં એનું નામ કારણપરમાત્મા આપ્યું છે. પ્રભુ પોતે કારણપણે ઊભો છે. પરમાત્મા પોતે કારણપણે ઊભો છે અને ઊભો છે એટલું

નહિ, તારા ઘરનો દરવાજો ખખડાવે છે કે ઉઘાડ દરવાજો હું બારણે ઊભો છું, ઉઘાડ દરવાજો હું બારણે ઊભો છું. પોતે દરવાજો ખોલે એટલી વાર છે. એના દર્શન થાય એવું છે. આટલું બધું દ્રવ્ય પોતાના સ્વભાવથી પરિણમવા માટે તૈયાર છે. પણ જીવ ઉપેક્ષા કરે ત્યાં બીજો ઉપાય નથી. જીવ પરની અને રાગની અપેક્ષામાં એની ઉપેક્ષા કરી જાય છે. એની-કારણપરમાત્માની અપેક્ષા કરે તો રાગની અને પરની ઉપેક્ષા સહજ થઈ જાય છે. એમ એકબીજાની અપેક્ષામાં એકબીજાની પરસ્પર ઉપેક્ષા સહજ છે.

એટલે અહીંયાં એમ લીધું કે '**સર્વજ્ઞાનના પ્રતીતિભાવમાં આનંદ વધ્યો.**' સર્વજ્ઞાનના પ્રતીતિભાવને વેદતા આનંદ પણ થયો. થયો અને વધ્યો. થયો-વધ્યો બે એકાર્થમાં છે. આનંદ ઉત્પન્ન થયો. આનંદનો વિકલ્પ નથી. હું આનંદનો અનુભવ કરું એવો ત્યાં વિકલ્પ નથી. પણ સર્વજ્ઞ શક્તિનો જ્યાં અનુભવ થયો અને સર્વજ્ઞ શક્તિવાનની પ્રતીતિને પણ વેદનમાં લીધી, પ્રતીતિભાવ પણ જ્યાં વેદનમાં આવ્યો ત્યાં આનંદની ઉત્પત્તિ થઈ જાય છે. એ આનંદ થયો એમ કહો કે સ્વરૂપાચરણ પ્રગટ થયું એમ કહો, ચારિત્ર પ્રગટ થયું એમ કહો, એ બધો ભાવ એની અંદર ગર્ભિત છે. આમ તો અનંત ગુણ શુદ્ધ રૂપે પરિણમવા લાગ્યા. એટલે અનંત ગુણનો પ્રવાહનો એક ધોધ ઊભો થયો. પરિણમનની અંદર જેમ એક મોટો ધોધ પડે છે તો અંદરથી Electricity ઉત્પન્ન થાય છે કે નહિ ધોધમાંથી ? એટલી શક્તિ છે. અનંત ગુણના નિર્મળ પરિણમનનો પ્રવાહનો એક ધોધ, એક મોટું બળવાન વહેણ ઉત્પન્ન થાય છે, જે સંસારને ખલાસ કરે છે, અનાદિના સંસારને એ ખલાસ કરે છે, ખતમ કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એકાર્થ જ છે. પણ કોઈ એ રીતે સમજી શકે છે, કોઈ એ રીતે સમજી શકે છે, કોઈ એ રીતે સમજી શકે છે. ભિન્ન ભિન્ન શબ્દોનું વાચ્ય કોઈવાર એક હોવા છતાં ભિન્ન ભિન્ન વાચક શબ્દો નિમિત્તભૂત થાય છે, ભિન્ન ભિન્ન પ્રકારની યોગ્યતામાં. યોગ્યતા ભિન્ન ભિન્ન છે. એટલે કોઈને વેદનથી પકડાય છે, કોઈને અનુભવના શબ્દથી પકડાય છે, કોઈને જ્ઞાન શબ્દથી પકડાય છે, કોઈને

સ્વસંવેદન શબ્દથી પણ એનો ભાવ ગ્રહણ થાય છે. ભાવનું ભાસન થયું. અને ભાવનું ભાસન થતાં જે-તે ભાવનું ભાસન થયું તે ભાવ સંબંધી રસ ઉત્પન્ન થવો. એવો ત્યાં વાચક-વાચ્ય નિયોગ. વાચક-વાચ્ય એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. વાચક અને વાચ્યને એ પ્રકારે અનાદિથી નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. પારિણામિકભાવે.

મુમુક્ષુ :- નિમિત્તને જાણપણું થાય છે એમાં પ્રતીતિ ભાવને કેવો પ્રકાર હોય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતીતિ ભાવ ઊંધો પડ્યો છે ત્યાં સુધી પરલક્ષીજ્ઞાનમાં જાણપણું થાય છે એનો કોઈ અર્થ નથી. પણ જ્યારે પોતે ઓળખાણ કરે છે, સન્મુખ થઈને ઓળખાણ કરે છે એટલે જ્ઞાનક્રિયાના આધારે, જ્ઞાનસ્વભાવ એને જણાય છે, ઓળખાય છે, પ્રતિભાસે છે, ત્યારે જેવો કેવળજ્ઞાનમાં પરિપૂર્ણ આત્મસ્વભાવ કેવળજ્ઞાનગોચર થયો, એવો જ એને અહીંયાં મતિ-શ્રુતના ભાવભાસનમાં આવે છે. એ ભાવભાસનમાં આવે છે ત્યારે હજી એને સ્વસંવેદન નથી. કેમકે એ વખતે પ્રતીતિ નથી ઊપજી. એ વખતે આનંદ નથી કેમકે એ વખતે પ્રતિતિનું બળ ત્યાં એને સાથે સાથે મળ્યું નથી. પણ જેટલું એ જ્ઞાનબળ ઉત્પન્ન થયું છે, જાણ્યું એમાં પોતાના સર્વજ્ઞ સ્વભાવને જાણ્યો છે કે આવો સર્વજ્ઞ સ્વભાવ છે તો ત્યાં સમ્યક્ સન્મુખમાં મિથ્યાત્વ અત્યંત મંદ થાય છે. મિથ્યાત્વ અત્યંત મંદ થાય છે તો એ ઊલટી જે પ્રતીતિ છે એ એને ફરવાની ત્યાં પરિસ્થિતિ ઊભી થઈ જાય છે.

હું આવો જ છું એવું જે જ્ઞાનબળ, જેમ જેમ એ સ્વસ્વરૂપ ભાવભાસનની અંદર સ્પષ્ટ થતું જાય છે, તેમ તેમ દર્શનમોહ છે એની હાનિ થતી જાય છે અને એક એવો તબક્કો આવે છે ત્યાં રસ ઊપજે છે. સ્વરૂપ અનંત મહિમાવંત હોવાથી, અનંત સામર્થ્યવંત હોવાથી એનો જે મહિમા અને એનો જે રસ છે, એ રસ કોઈ એવા તબક્કે પહોંચે છે કે પ્રતીતિ પલટીને એ જ્ઞાનને પણ સધિયારો આપે છે. એ જ્ઞાનને જ્યારે સાથ આપે છે ત્યારે આનંદ ઊપજે છે. ત્યારે એને નિર્વિકલ્પ સ્વસંવેદન થઈ જાય છે. ત્યારે એને અનુભવ થયો, આત્મજ્ઞાન થયું, એણે સંસારનો છેદ કર્યો, જન્મ-મરણની શ્રૃંખલાને તોડી નાખી એમ કહેવામાં

આવે છે. એ નિજજ્ઞાન કહો, આત્મજ્ઞાન કહો, અભેદજ્ઞાન કહો અને પરથી ભેદજ્ઞાન કહો. બધું એક જ છે.

મુમુક્ષુ :- મુમુક્ષુની સમ્યક્ ભૂમિકા પહેલાં પોતાના પ્રતીતિભાવને ... કેવી રીતે ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે જ્યારે જ્ઞાનમાં સ્વસ્વરૂપ અવભાસ્યું છે પછી તો સ્વરૂપ ઉપર વજન છે. જેટલું સ્વરૂપ ઉપર રસથી, જેટલા રસથી વજન જાય છે એટલો પ્રતીતિમાં આપોઆપ ફેર પડે છે. મિથ્યાત્વ ઘસાતુ ઘસાતુ નાશ પામે છે. ગળી જાય છે એટલે. અને પલટો મારીને પોતાના પૂર્ણ સામર્થ્યથી સમ્યક્ત્વ બહાર આવે છે. વિરુદ્ધતા એની અવસ્થામાંથી છૂટી જાય છે. સર્વાંશે મિથ્યાત્વ છૂટી જાય છે તો કોઈપણ અંશે મિથ્યાત્વનો કોઈ અંશ તો સમ્યક્ત્વમાં રહેતો નથી. એટલે સમ્યક્ત્વ પોતાના અનંત સામર્થ્યથી પ્રસિદ્ધ થાય છે, પ્રગટ થાય છે. એ બહુ ઘણું બળવાનપણું ત્યાં આવે છે. સમ્યક્ સન્મુખમાં એટલું જ્ઞાનબળ નહોતું, જેટલું સમ્યક્ત્વના સદ્ભાવમાં એ પરિણમનરૂપ બળ ઉત્પન્ન થયું, એ બળ ઘણું છે.

મુમુક્ષુ :- સમ્યક્ સન્મુખ થવા માટે કેવી રીતે ...

પૂજ્ય ભાઈશ્રી :- બસ, એણે જ્ઞાયકનો અભ્યાસ કરવો. બધા તાળાની ચાવી એક છે કે હું સહજ જ્ઞાયકમૂર્તિ છું. આ એને અંતર અભ્યાસ ચાલવો જોઈએ. અંતર અભ્યાસમાં જ્ઞાનવેદનના પ્રત્યક્ષપણાથી એણે અસ્તિત્વને ગ્રહણ કરવું જોઈએ. જ્ઞાનવેદનના, સહજ જ્ઞાનવેદનના પ્રત્યક્ષપણાથી નિજ અસ્તિત્વને પકડવું જોઈએ, નિજ અસ્તિત્વને ગ્રહણ કરવું જોઈએ. એ એનો અભ્યાસ છે, અંતર અભ્યાસ છે. આ અંતર અભ્યાસ ચાલવો જોઈએ, વારંવાર ચાલવો જોઈએ.

આગળ આવશે, નીચે આવશે. ૨૭માં છે. '**તત્ત્વનો કૌતુહલી થઈ,...**' કુતૂહલ છે એ જિજ્ઞાસા છે. જ્યાં સુધી ઓળખાણ થઈ નથી ત્યાં સુધી એણે જિજ્ઞાસાથી પોતાની શોધ ચલાવવી જોઈએ. અને એ શોધ ચલાવવા માટે એકવાર પાગલ થવું પડે તો વાંધો નથી. ગાંડા થઈને એની પાછળ શોધ ચલાવવી જોઈએ. માણસ નથી કહેતા ? કે આ હવે પૈસા પાછળ પાગલ થયો માણસ. એને કાંઈ સૂઝતું નથી. એકલો

મોજ-શોખ. જીવનમાં કાંઈ નથી. એકલો એક પૈસો... પૈસો... પૈસો... એમ નથી માણસ કહેતા ? ત્યારે હોય છે તો એની કાર્ય કરવાની વિચિક્ષણતાઓ હોય છે. પણ લોકો એને એમ પણ કહે છે કે અત્યારે એ એની પાછળ ગાંડો છે, પાગલ છે. કેમકે એણે એટલું બધું એ ચીજને મહત્વ આપ્યું છે કે એના ધ્યેયમાં, એની લગનમાં અને એની ધૂનમાં બીજું કાંઈ નથી. એક જ લગનીથી એ એટલી પ્રવૃત્તિ કરે છે. પછી તો પૂર્વ કર્મ અનુસાર સંયોગો તો હોય છે.

એમ અહીંયાં એને પોતાના પરમ સ્વભાવનું, પરમ પવિત્ર સ્વભાવનું ગાંડપણ એકવાર તો લાગવું જોઈએ. જે મહિમા સર્વજ્ઞ ગાય છે, જેનો મહિમા અનંત તીર્થંકરોએ દિવ્યધ્વનિમાં ગાયો, જે આત્મસ્વરૂપનો મહિમા અનંત તીર્થંકરોએ દિવ્યધ્વનિની અંદર ગાયો છે, એ પોતાનું સ્વરૂપ છે અને એનાથી પોતે અજાણ છે અને એનાથી પોતે દૂર વર્તે છે, વિરુદ્ધ વર્તે છે. દૂર વર્તે છે એટલું નહિ પણ વિરુદ્ધ વર્તે છે.

માણસ એમ કહે છે ને કે અમને આઘાત સહન થતો નથી. બીજાનો આઘાત એને લાગે છે, બીજી વાતનો આઘાત લાગે છે, આનો આઘાત નથી લાગતો. તારા જ પરમ પરમાત્મા પરિપૂર્ણ દ્રવ્યથી વિરુદ્ધ જાય છે એનું શું ? સ્વજનનો વિયોગ થાય તો રડે. માતાનો, પિતાનો, ભાઈનો, બહેનનો, પતિનો, પુત્રનો સંયોગ છૂટી જાય, દેહાંત થઈ જાય તો રડે છે ને માણસ ? કે અરે..રે..! મૃત્યુ થઈ ગયું. હવે ક્યારેય મળવાનું નહિ થાય. એકદમ દુઃખનું વેદન આવે છે. પરિપૂર્ણ પરમાત્માનો તને પ્રેમ હોય તો એના વિયોગનું પણ તને દુઃખ લાગવું જોઈએ. જેટલો પ્રેમ વિશેષ એટલું વિયોગનું દુઃખ પણ વિશેષ. આ એનો નિયમ છે. જેટલું મમત્વ વિશેષ એટલું વિયોગનું દુઃખ પણ વિશેષ. એ સહજ છે. લાવવું પડે એ પ્રશ્ન નથી.

'**આનંદ વધ્યો. જ્ઞાન અધિક નિર્મળ થતું ગયું. જ્ઞાનની વિશુદ્ધતાને જ્ઞાનના બળનો...**' એટલે આત્માના બળનો અહીંયાં. જ્ઞાનના બળનો એટલે અહીંયાં આત્માના બળનો '**પ્રતીતિભાવ કારણ છે.**' પ્રતીતિ જ્ઞાનને જુદું પાડીને વિષય કરે છે એમ નથી. એ તો આખા દ્રવ્યને જ પકડે છે. એટલે દ્રવ્યને પકડે છે એમાં એના પરિપૂર્ણ સામર્થ્યને જ પકડે છે. બીજા ધર્મોને અડતું નથી. સામર્થ્યમાં પણ જે

ગુણભેદો છે એને પણ પ્રતીતિ અડતી નથી. એ પ્રતીતિનો વિષય નથી. ભેદો જોવા કે બીજા ધર્મોને યોગ્યતાઓને તપાસવી, જાણવી એ પ્રતીતિનો વિષય નથી. એ તો એકલા સામર્થ્યને જ માત્ર સ્પર્શે છે. એવો જે આત્માના સામર્થ્યનો પ્રતીતિભાવ છે એ જ્ઞાનની વિશુદ્ધતાને કારણ છે. જ્ઞાનની નિર્મળતાને એ કારણ પડે છે. જ્ઞાનની નિર્મળતાને કહો કે આત્માના સર્વ ગુણોની નિર્મળતાને એ કારણ પડે છે. ભલે અહીંયાં જ્ઞાન પરોક્ષ છે. પરિણામમાં પરપરિણતિનું આવરણનું બળ પણ છે. કેમકે હજી તો અવિરત સમ્યગ્દૃષ્ટિ છે. '**છતાં પણ સ્વસંવેદનમાં સ્વજાતિય સુખ થયું, જ્ઞાન સ્વરૂપનું થયું.**'

આવું જે '**એકદેશ સ્વસંવેદન,...**' જઘન્યભાવે, માત્ર આંશિક સ્વસંવેદન છે તે '**સર્વ સ્વસંવેદન...**' એટલે પરિપૂર્ણ સ્વસંવેદનના અંગભૂત છે. એ એની જ જાતના, એના જ અવયવનો વિષય છે. એ પ્રકરણ અહીંયાં બહુ સારું આવ્યું છે. આવો જ વિષય હજી પાછળ ઘણો આવે છે. આ ગ્રંથનો કોઈ બહુ રસિક એવો વિષય એ છે કે એ અનુભવના વિષયને, શ્રદ્ધાન અને પ્રતીતિ સાથે જ્ઞાનના વિષયને સાંકળીને બહુ સ્પષ્ટ કરે છે.

'**સંસાર-મોક્ષની કરનારી પરિણતિ છે,...**' ૨૭મે પાને. પહેલા Paragraph ના છેલ્લે નીચે ચોથી-પાંચમી લીટી છે. '**સંસાર-મોક્ષની કરનારી પરિણતિ છે, (અર્થાત્) નિજપરિણતિ મોક્ષ, પરપરિણતિ સંસાર.**' સ્વરૂપથી ઉપયોગ-પરિણામ જેટલા બહાર ગયા તે બધો સંસાર છે અને સ્વરૂપમાં પરિણામ સમાયા, ઉપશમિત થયા એટલો મોક્ષ છે. '**તે સત્સંગથી-અનુભવી જીવના નિમિત્તથી-આ નિજ પરિણતિ સ્વરૂપની થાય, વિષમ મોહ મટે પરમાનંદને ભેટે...**' પરમ આનંદસ્વરૂપ એવો આત્મા, તેને આનંદપૂર્વક અનુભવે. ભેટે એટલે આનંદપૂર્વક એનો અનુભવ કરે. સત્સંગથી '**આ નિજ પરિણતિ સ્વરૂપની થાય,...**' અથવા અનુભવી જીવ છે એને એ બતાવી શકે છે. એના કથનમાં એ વાત કથંચિતપણે વ્યક્ત થાય છે અને બીજા એથી અજાણ્યા છે એનાથી એ વ્યક્ત થવાનો, પોતે જ અજાણ્યો હોય તો એ વિષય વ્યક્ત કેવી રીતે થાય ? એ રીતે એ વિષય વ્યક્ત થતો નથી.

**'વિષમ મોહ મટે...'** અનંત દુઃખદાયક એવો દર્શનમોહ, મિથ્યાત્વમોહ ત્યાં મટે અને **'પરમાનંદને ભેટે (પરમાનંદ પ્રાપ્ત થાય) સ્વરૂપ પામવાનો રાહ સંતોએ સોહિલો કહી દીધો છે.'** સોહિલાનો અર્થ કર્યો છે. સુખદાયક કર્યો છે, સુંદર અને સોહામણો કર્યો છે. એ પોતે સુંદર જ છે. રાહ-માર્ગ પોતે સુંદર છે. આવે છે ને ?

'નિયમસાર'ની ગાથા આવે છે. કોઈ આ સુંદર માર્ગની નિંદા કરે તોપણ માર્ગ કાંઈ સુંદર છે એ મટી જતો નથી. તું તો એ સુંદર માર્ગની પ્રીતિ કરીને, પ્રતીતિ કરીને તું તો એ માર્ગે જ ચાલજે. ભલે કોઈ એ સુંદર માર્ગની નિંદા કરે. આ લોકો કહે છે ને ? દૂર ઘણા છે એ લોકો સમજતા નથી અને ઈશ્વરકર્તામાં, કર્તા એવા ઈશ્વર પ્રત્યે જેને ઘણી તીવ્ર શ્રદ્ધા છે, એ સીધો એવી રીતે ઘા કરે છે કે જૈનમત તો નાસ્તિકોનો મત છે, નાસ્તિક મત છે. આસ્તિક્ય દર્શનમાં અમે એને ગણતા નથી. એ નાસ્તિકનો ધર્મ છે. માર્ગ તો એટલો બધો નિર્દોષ છે, ચારે પડખેથી એકલી નિર્દોષતાનો જે માર્ગ છે અને જે માર્ગે ચાલતા પરિપૂર્ણ નિર્દોષતારૂપ 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' પહોંચાય છે, એવા સુંદર માર્ગની કોઈ નિંદા કરે. તો કરે, કોઈ એ પણ કરે. એવા પણ જીવો હોઈ શકે. પણ એથી કાંઈ માર્ગ છોડવા જેવો નથી. જગતની આબરૂ ખાતર, જગતની પ્રશંસા ખાતર કાંઈ માર્ગ છોડી દેવા જેવો નથી. અને પોતાના માન અપમાનને કીર્તિ, અપકીર્તિના પ્રશ્નથી પણ માર્ગને છોડવા જેવો નથી. અમે તો ઘણા આ માર્ગે ચાલીએ પણ આ માર્ગે ચાલવા જતાં અમારી પાછી અપકીર્તિ થઈ જાય છે. કહે છે કે, ભાઈ ! એ સુંદર માર્ગ છે. જગતની કીર્તિ, અપકીર્તિ તો એક કલ્પના, ભ્રમણામાત્ર છે. એ ધુમાડાના બાચકા ભરવા જતા કાંઈ હાથમાં આવશે નહિ.

**'ચોરાશી લાખ યોનિરૂપ મુસાફરખાનામાં સદા ફરનારાએ ક્યારેય ક્યાંય પણ સ્થિરરૂપ નિવાસ ન કર્યો.'** આ જીવ ચોરાશી લાખ પ્રકારની યોનિમાં જન્મે છે, પાછો મરણ પામે છે, જન્મે છે, ફરી ફરીને. જેમ કોઈ મુસાફરખાનામાં (રહે), પોતાને ઘર ન હોય ને મુસાફરખાનામાં જેને રહેવું પડે. ત્યાં દરેક મુસાફરખાનામાં એવો નિયમ હોય છે કે તમને આટલા દિવસ કોઈપણ મુસાફર આવશે તેને મુસાફરખાનામાં આટલા દિવસથી વધારે રહેવા દેવામાં નહિ આવે. આ

મુસાફરખાનું છે અને કાયમી વસવાટ માટેનું, કોઈના પણ કાયમી વસવાટ માટેનું આ સ્થળ નથી. એનું નામ મુસાફરખાનું છે.

આ મનુષ્યદેહથી માંડીને ચારેય ગતિમાં ચોરાશી લાખ ઉત્પન્ન થવાના સ્થાનો છે એને યોનિસ્થાન કહેવામાં આવે છે. ત્યાં આ જીવ જન્મે છે, ઉત્પન્ન થાય છે. પણ એ મુસાફરખાનું છે, ઉત્પન્ન થાય છે. એની મુદત પૂરી થઈ કે એને ઘર બદલ્યે છૂટકો છે. એને રહેવું જ હોય કે, ભાઈ ! અહીંયાં હવે અમે આવ્યા પછી બહુ જમાવ્યું છે અમે તો. એટલું બધું જમાવ્યું છે કે બધું સરખું, અમારી ઇચ્છા પ્રમાણે બધું સરખું ચાલે છે. હવે અહીંયાંથી અમારે ખસવું નથી. નહિ ચાલે. મુદત પૂરી થઈ, વાત પૂરી થઈ ગઈ. જેટલું તેં મમત્વ કર્યું, એ મુદત દરમ્યાન તેં જેટલું મમત્વ કર્યું, એટલું તે ઝેર પીધું છે. બીજું કાંઈ કર્યું નથી. માત્ર ઝેર પીવા સિવાય બીજું કાંઈ કર્યું નથી. જેટલો તેં સંયોગનો રસ લીધો એટલું જ વિયોગનું દુઃખ ઉત્પન્ન થશે. પણ એ દુઃખનું કારણ તો તેં પહેલા ગ્રહણ કરી લીધું છે. એ દુઃખ આવ્યા વિના રહેશે નહિ.

'**સદા ફરનારાએ ક્યારેય ક્યાંય પણ સ્થિરરૂપ નિવાસ ન કર્યો.**' ફરતો જ રહ્યો, ફરતો જ રહ્યો. ક્યાંય સ્થિર રહી શક્યો નથી. '**જ્યાં સુધી (આ) પરમજ્યોતિ પોતાના શિવઘરમાં ન પહોંચે ત્યાં સુધી કાર્ય પણ ન સરે.**' અહીંયાં એક પાઠાંતર લીધો છે. ત્યાં સુધીમાં એક કાર્ય પણ ન સરે. જ્યાં સુધી પોતે અંતર્મુખ થઈને, જ્ઞાનની જ્યોતિ પોતે અંતર્મુખ થઈને પોતાના નિજ સ્વરૂપમાં ન પહોંચે, નિજ સ્વરૂપનો અનુભવ ન કરે ત્યાં સુધી એણે એકપણ કાર્ય કર્યું નથી. નિજહિત માટે તો એણે કોઈપણ કાર્ય કર્યું નથી. પણ બીજું તો ઘણું કર્યું. બીજું ઘણું કર્યું એ બધું નકામું વ્યર્થ છે. એનો કોઈ અહીંયાં ઉપયોગ નથી.

એટલે તો પાછળ તરત જ લે છે કે '**જપી, તપી, બ્રહ્મચારી, યતિ આદિ ઘણા વેષ ધર્યા તેથી શું થયું ?**' તેથી કાંઈ ન થયું એમ નથી કહેતા. જોરથી એમ કહે છે કે તેથી કાંઈ જ થયું નથી એમ કહેવા માટે શું થયું ? એમ કહે છે. બતાવ. કાંઈ થયું નથી. આ જપ જપે છે ને ? અખંડ જપ જપે છે. અન્યમતમાં એ પ્રકાર વિશેષ છે. ભગવાનનું નામ સ્મરણ છે એ આ નામના જપ જપવા. અખંડ ચોવીસ કલાસ, ખાય નહિ, પીવે નહિ, ઊંઘે નહિ. એકલો જપ જ જપે. એવી જ રીતે

જંગલમાં જઈને તપ તપે. ઊંધે માથે રહે, ખડે પગે રહે, એક પગે રહે, પંચાગ્નિ તપ તપે અનેક પ્રકારે. બ્રહ્મચારી થાય, બહારમાં વિલાસ આદિ ન કરે, મુનિ થાય. યતિ એટલે મુનિ થાય. એ '**ઘણા વેષ ધર્યા...**' લ્યો ! એને તો વેષ ધર્યા એમ કહી દીધું. આત્મજ્ઞાન વિના એ બધા પ્રકારમાં ક્યાંય આત્મકાર્ય, નિજહિતનું એક અંશે પણ કાર્ય થાય છે એમ બનતું નથી.

એ વગેરે '**ઘણા વેષ ધર્યા તેથી શું થયું ?**' અનંત વાર એ બધા વેષ ધર્યા. આ ભવમાં આ કાંઈ પહેલુંવહેલું કરે છે એવું નથી. અનંત વાર એ કરી ચૂક્યો છે. પણ '**તેથી શું થયું ?**' એનું શાશ્વત હિત થાય એવું પગલું એણે ભર્યું નથી. તેથી '**(એટલા જ માટે હવે તો) નિજ અમૃતને પીવાથી અનાદિનો ભ્રમ, ખેદ (મટે) અને અજર અમર થવાય...**' જો પોતાના સ્વરૂપના આનંદામૃતને સુખામૃતનો સ્વાદ લે, અનુભવમાં રસાસ્વાદ લે તો એનો અનાદિનો ભ્રમ મટી જાય. હું પોતે એક શુદ્ધ આત્મા છું, પરમાત્મતત્ત્વ છું એમ નિર્ભ્રાંત થઈને અનુભવ કરે, તો હું ફલાણો છું.. ફલાણો છું, જપી છું, તપી છું, ગૃહસ્થી છું, યતિ છું, મુનિ છું, ત્યાગી છું એ બધો ભ્રમ એનો છૂટી જાય.

'**અનાદિનો ભ્રમ,...**' મટે. '**ખેદ (મટે)...**' એટલે દુઃખ મટે '**અને અજર અમર થવાય....**' બહારમાં લોકો એમ માને છે કે અમૃત નામનું કોઈ પીણું હશે, એ પીવાથી માણસનું મૃત્યુ નહિ થતું હોય. એવું નથી. જગતમાં એવો કોઈ પદાર્થ નથી, એવું કોઈ પ્રવાહી નથી કે જેને પીવાથી મૃત્યુ ન થાય અને અજરઅમર રહેવાય. ગઢપણ ન આવે. અજર એટલે ગઢપણ ન થાય અને અમર એટલે મૃત્યુ પણ ન થાય. એવો એક પણ કોઈ પદાર્થ નથી. એક આત્માના સ્વાનુભવનો સુખામૃત છે એ અજરઅમર પદને પમાડે છે. પ્રાપ્ત કરાવે છે. એ એકવાર પીધો એ શાશ્વત અમર થઈ જાય છે. એને પછી મૃત્યુ થતું નથી.

'**અજર અમર થવાય (એવો) તત્ત્વસુધા સેવવાનો માર્ગ ક્યો ? તે કહેવામાં આવે છે :**' એવો ભ્રમ મટાડવાનો અને અજરઅમર થવાય એવો તત્ત્વામૃત. સુધા એટલે અમૃત. તત્ત્વરૂપી અમૃત સેવવાનો માર્ગ ક્યો ? ક્યા માર્ગે એ સુધામૃતનું પાન થાય ? તે અહીંયાં કહેવામાં આવે છે. ફેરવી ફેરવીને વિષયને સ્પષ્ટ કરે છે. કેમકે કેટલાક પડખાં એવા હોય

છે કે એને એકસાથે જોડવા જતાં કથનની અંદર મેળ નથી ખાતો. એટલે એક પડખેથી વાત કરી અને આ રીતે પાછો અનુભવ થાય છે. વળી અસ્તિ કરીને બીજા પડખેથી વાત ઉપાડે છે. આ પડખું પણ છે, એની સાથે આ પણ પડખું છે, એની સાથે આ પડખું પણ છે. અનેક પડખા છે એક પરિણામને. બધાને કહેવામાં તો એકસાથે સંભવિત નથી, શક્ય પણ નથી. એટલે આ રીતે એનો કહેવાનો ક્રમ છે.

એ રીતે આ ગ્રંથ ઘણો સુંદર છે. '**તત્ત્વનો કૌતૂહલી થઈ, સકલ અવિદ્યાથી છૂટી પોતાના ચિદાનંદ સ્વરૂપને અવલોકે-અનુભવ કરે.**' તત્ત્વનો કૌતૂહલી થાય, જિજ્ઞાસુ થાય. આ શબ્દ લીધો છે 'સમયસાર'ના ૨૩મા કળશનો આ શબ્દ લીધો છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે'. એકવાર તું તત્ત્વનો કૌતૂહલી થઈને છ મહિના મરીને પણ તું ગમે તેમ કરીને સમ્યગ્દર્શનને પ્રાપ્ત કર. 'तत्त्वकौदूहली सन्' તત્ત્વનો કુતૂહલી થઈને. એ કુતૂહલ છે એ જિજ્ઞાસા છે. આવું મહાન તત્ત્વ સર્વજ્ઞ જૈન પરમાત્મા મુખ્યપણે જેને કહે છે, જેને એકને જ કહે છે. બીજી બીજી વાત એ કોઈ મહત્વનો વિષય નથી. ભલે દુનિયાભરની વાત એમાં આવી ગઈ છે. પણ છતાં મહત્વની કોઈ વાત નથી, કોઈ પ્રયોજનની વાત નથી. પ્રયોજનનો વિષયભૂત હોય તો એક આત્મા જ છે. એનું કુતૂહલ કરીને, તત્ત્વનો એટલે સ્વતત્ત્વનો, નિજ તત્ત્વનો કૌતૂહલી થઈને, એને ઓળખીને '**સકળ અવિદ્યાથી છૂટી...**' અવિદ્યા એટલે અહીંયાં ભ્રમ અને અજ્ઞાન. કેમકે સકળ વિદ્યામાં ભ્રમ પૂરેપૂરો છૂટે છે. થોડોક ભ્રમ રહી જાય અને થોડોક નિર્ભ્રમ થાય એવું બનતું નથી.

'**સકલ અવિદ્યાથી છૂટી...**' સકલ લીધું ને ? એટલે પૂરેપૂરો. ભ્રમથી પૂરેપૂરો છૂટે છે. અજ્ઞાનથી બરાબર પૂરો છૂટી જાય છે. '**પોતાના ચિદાનંદસ્વરૂપને અવલોકે...**' ભ્રમમાં પણ રહે, અજ્ઞાનમાં પણ રહે અને સ્વરૂપનો અનુભવ કરે એ બે વાત તો એકસાથે બની શકતી નથી. અનાદિનું જે અજ્ઞાન અને ભ્રમ છે એ તત્ત્વની જિજ્ઞાસાપૂર્વક, સ્વતત્ત્વને, નિજ તત્ત્વને ઓળખીને, ભ્રમને છોડીને પોતાના ચિદાનંદ સ્વરૂપને અવલોકે. અવલોકે અને '**અનુભવ કરે.**' આત્મા પોતે ચૈતન્ય આનંદસ્વરૂપ છે, જ્ઞાન-દર્શન-આનંદસ્વરૂપ છે એના અનુભવમાં આવે. પોતે જ છે. કોઈ પારકો નથી કે અનુભવ કરવા

ન દે તો ? એ પ્રશ્ન રહેતો નથી. જ્યારે પોતે જ છે ત્યારે પોતે પોતાનો અનુભવ કરી શકે કે ન કરી શકે, એમાં શંકામાં પણ રહેવા જેવું નથી.

મુમુક્ષુની ભૂમિકામાં એટલું એને અંદરથી બળ આવવું જોઈએ, અંદરથી બળ આવવું જોઈએ કે મને તો અનુભવ થાય જ. મારો અનુભવ મને કેમ ન થાય ? થાય જ થાય. ન કેમ થાય ? એટલા બળથી એણે ઉપાડ કરવો જોઈએ. એક જગ્યાએ કહેશે કે તું આંટ મારીશ નહિ એની અંદર. આંટ મારીશ નહિ એટલે મને થાય, ન થાય, કેમ થાય, કોને થાય. અહીંયાં છે. ૨૮મે પાને Paragraph છે એની વચોવચ છે બરાબર. '**પોતાના પરમેશ્વરપદનું દૂર અવલોકન ન કર; પોતાને જ પ્રભુ થાપ.**' દૂર અવલોકન ન કર. મને કોને ખબર અનુભવ થશે કે નહિ થાય ? એ તો બહુ મોટી વાત છે. અનંત પુરુષાર્થનો વિષય કહ્યો છે. આપણે રહ્યા સાધારણ. આપણે રહ્યા સાધારણ એમ નહિ લે. તું તને પોતાને પ્રભુ તરીકે સ્થાપ. એટલું જોર લીધું છે. શું કહે છે ?

સ્વરૂપનો અનુભવ કરે '**નિજાનંદની કેલીરૂપ કલાવડે સ્વપદને દેખે (જેથી) અનાત્માનો સંગ ફરી ન રહે,...**' અનાત્મા. દેહ અને રાગ અનાત્મા છે. વીતરાગ થાય તો દેહ અને રાગનો સંગ રહેતો નથી. સંગ છૂટી જાય છે. આપોઆપ જ છૂટી જાય છે. ન રહે. છોડવો પડે એ પ્રશ્ન નથી. એનો સંગ જ રહે નહિ.

'સોગાનીજી' એક પત્રમાં લખે છે કે 'બલવાન કો સબ સાથ દેતે હૈં.' એમ કરીને એક પત્રમાં વાત આવે છે. બીજાએ શું સાથ દીધો ? કે આ કર્મ છે એ ભાગવા લાગ્યા. જ્યાં પોતે પોતાના ચૈતન્યના પુરુષાર્થને ફોરવીને નિજ પરાક્રમથી સ્વાનુભવમાં આવે છે તો કર્મ ભાગવા લાગ્યા. જે અનાદિથી સંચિત કર્મ વળગ્યા રહેતા હતા, એક પછી, એક પછી એક વળગ્યા જ કરતા હતા એ હવે નવા આવતા નથી અને જે વળગેલા છે એ ભાગવા લાગે છે. તો કહે છે કે આ બીજો પદાર્થ છે એ પણ સાથ દેવા લાગ્યો એને તો. આપોઆપ. એને કાંઈ અડવું પડતું નથી. પરમાણુને સ્પર્શવું પડતું નથી કે સ્પર્શીને ધક્કો મારવો પડે છે ત્યારે એ જાય છે એમ નથી. પોતે અંતર્મુખ થાય છે. પેલા પરમાણુ, કર્મના પરમાણુ પણ એનો રસ્તો પકડે છે. એ પછી પોતાના રસ્તે ચાલ્યા જાય છે. જીવની સાથે એ જીવના સંગમાં રહેતા નથી. સંયોગમાં રહેતા નથી.

અને રહે તો એ જેટલો કાળ રહે એ બધા પછી ભાન થયા પછી તો પૃથ્વીપિંડવત્ છે.

સમ્યગ્દૃષ્ટિને સંચિત કર્મો પૃથ્વીપિંડવત્ છે. પૃથ્વીપિંડવત્ એટલે શું ? આખું જગત પડ્યું છે. ખેતરમાં ઢેફાંના ઢેફાં પડ્યા છે મોટા. આ આત્માને શું નડે છે ? જેમ એ પરમાણુનું ઢેફું ખેતરમાં પડ્યું છે એમ આ ખેતરમાં આ પરમાણુના સ્કંધો પડ્યા છે. એથી આ આત્માને કાંઈ એનો સંબંધ નથી. ભાવે અભિપ્રાયમાં સંબંધ છોડ્યો એને પછી દ્રવ્યે સંબંધ પણ આપોઆપ છૂટી જાય છે.

'**નિજાનંદની કેલીરૂપ કલા વડે...**' નિજાનંદમાં મોજ કરવારૂપ એક કળા હાથમાં આવી ગઈ છે. એટલે સહજપણે પોતાના આનંદની અંદર રમણતા કરે છે. એ રીતે સ્વપદને જે દેખે. આનંદ સહિત, રમણતા સહિત જે સ્વપદને દેખે કે જેના દેખવાથી અથવા જે આનંદમાં રહેતા પછી અનાત્માનો સંગ ફરીને રહેતો નથી. અનાત્માનો સંગ ફરી ફરીને થતો નથી. છે એ પણ નથી રહેતો.

'**અનાદિ મોહના વશથી અહિતમાં નિજ હિત માની રહ્યો છે.**' આ જીવ અહિતમાં હિત માની રહ્યો છે. એનું કારણ એને એવો મોહ છે. જ્યાં પોતાને નુકસાન થાય છે, જ્યાં પોતાનું અહિત થાય છે એવા ભાવોમાં, એવા શુભાશુભભાવો કે જેમાં એના આનંદની, સુખની હાનિ થાય છે, હિતની હાનિ થાય છે એમાં જ એ હિત માની રહ્યો છે કે ના, ના આ મને સારું છે, આ મને અનુકૂળ છે, આ મને ગમે છે. આ રીતે એ હોંશ ઊંધી કરે છે અથવા અહિતમાં એને રસ આવે છે. અહિતમાં એને હોંશ આવે છે, ઉત્સાહ આવે છે. એનું કારણ એને દર્શનમોહ છે, એની ભ્રમણા છે અને એ મોહને વશ, ભ્રમણાને વશ પોતાના જ અહિતમાં, અહિતમાં હિત માની રહ્યો છે. હોંશ કરે છે એનું કારણ છે કે એની માન્યતા તો એમ છે કે આનાથી મને લાભ છે, આમ કરવાથી મને લાભ છે, આમ કરવાથી મને લાભ છે. છે અહિતના પરિણામ, પણ માને છે એને હિતનું કારણ. આ અનાદિથી એને ભ્રમણા વળગી છે.

'**તે મોહનો...**' એટલે તે દર્શનમોહનો, તે ભ્રમણાનો '**ભેદજ્ઞાનથી નાશ કર.**' જુઓ ! આ ઉપાય લીધો. બીજી કાંઈ વાત ન લીધી. આમ

કર ને તેમ કર ને ફલાણું કર ને ઢીંકણું કર ને એ કાંઈ વાત ન લીધી. જા તું યાત્રા કરી આવ એમ ન કહ્યું. ભેદજ્ઞાનથી તું ભ્રમણાનો નાશ કર. જે એના અંતર અભ્યાસની ચીજ છે. બાહ્યદૃષ્ટિ જીવ પહેલા બહારમાં ફેરફાર કરવામાં એ માને છે અને બહારના ફેરફાર થાય તો મેં બધું, આ બધું ઘણું મહત્વનું કામ કર્યું એવું એને ભ્રમણાથી લાગે છે. અને એ બહારના ફેરફારમાં એની દૃષ્ટિ છે, બાહ્ય દૃષ્ટિ છે તેથી એને અંતર અભ્યાસ શરૂ થતો નથી. કાર્ય તો અંતર અભ્યાસથી શરૂ થાય છે. અને જેમ જેમ જીવ અંતર અભ્યાસમાં પ્રગતિ કરે છે, એમ એને બાહ્ય પદાર્થના ફેરફારો આપોઆપ નિરસપણાને લઈને થવા લાગે છે. એવું મોક્ષમાર્ગી જીવનું બાહ્ય સ્થિતિવાળું પરિણમન જોઈને બાહ્યદૃષ્ટિ જીવ બહારની અંદર માત્ર ફેરફાર કરે અને અંતર અભ્યાસમાં જ ન આવે તો એથી કોઈ કાર્યસિદ્ધિ થતી નથી.

રીતનો વાંધો છે. બધે રીતનો વાંધો છે. જેટલા જુદા જુદા માર્ગો થયા અથવા એક માર્ગને છોડીને જેટલા ઉન્માર્ગો છે એ બધા રીતના વાંધાને લઈને છે. નહિ, આ રીતે થાય, કોઈ કહે, નહિ, આ રીતે થાય, કોઈ કહે, નહિ, આ રીતે થાય. કહે છે, કે ભાઈ ! જે માર્ગે જિનેશ્વર ચાલ્યા તેને જિનમાર્ગ કહીએ. અને સર્વજ્ઞ થયા પછી પણ એમણે જે માર્ગે ચાલ્યા એ જ માર્ગને પ્રકાશ્યો કે માર્ગ તો આ વિધિએ છે. હવે એના કરતા પણ તું વિશેષ જ્ઞાનવાન છો ? વિશેષ ડાહ્યો છો ? વિશેષ જ્ઞાની છો ? કે તું એ માર્ગનો ચીલો ચાતરીને કાંઈક બીજી રીતે કરવા માગે છો ? કહે છે કે, ભાઈ ! ઉન્માર્ગે ચાલ્યો જઈશ તું. માર્ગ તો તને હાથ નહિ રહે પણ ઉન્માર્ગે ચાલ્યો જઈશ.

**'તે મોહનો ભેદજ્ઞાનથી નાશ કર. જ્ઞાનચેતનાનો અનુભવ કર...'** ભેદજ્ઞાનથી મોહનો નાશ કર, એમ કહે છે. એ નાસ્તિ કરી. અને અસ્તિથી જ્ઞાનચેતનાનો અનુભવ કર. જ્ઞાનને અનુભવ, જ્ઞાનથી જ્ઞાનને અનુભવ. જ્ઞાનની અંદર જે જ્ઞાનચેતના રહી છે-સ્વભાવ રહ્યો છે એનો અનુભવ કર. '**(કેમ કે) અનાદિ અખંડિત બ્રહ્મપદનો વિલાસ તારા જ્ઞાનકટાક્ષમાં છે.**' આ એક બહુ સહજ વસ્તુ છે એની વાત લીધી છે કે અનાદિ અખંડિત એવું જે તારું બ્રહ્મપદ છે, નિજાત્મ પદ છે, પરમાત્મપદ છે એનો વિલાસ એટલે આનંદપૂર્વક એનો અનુભવ,

આનંદપૂર્વક એનો ભોગવટો કરવો, એ તો એક આંખના ખૂણેથી જોવા જેટલું જ્ઞાનમાં કાર્ય કરવાનું છે. કટ એટલે ખૂણો અને અક્ષ એટલે આંખ. કટાક્ષ એટલે આ મહેણું મારે એને કટાક્ષ કહે છે એ વાત અહીંયાં નથી. બહુ સારો કટાક્ષ કર્યો. એ વાત અહીંયાં નથી. કટ એટલે ખૂણો અને અક્ષ એટલે આંખ. જેમ આંખના ખૂણેથી બીજા પદાર્થને જોતા એને આંખની કીકી પણ ફેરવવી પડતી નથી.

તેમ અહીંયાં તારા બ્રહ્મપદનો વિલાસ તો તારા જ્ઞાનકટાક્ષમાં છે. એક જ્ઞાનની અંદર, તારા જ્ઞાનની અંદર બીજું કાંઈ ફેરવવું નથી. તારા જ્ઞાનની અંદર રહેલી જે જ્ઞાનચેતના, બસ, એનો જ્યાં અનુભવ કરે તો બ્રહ્મપદનો વિલાસ થાય છે. ત્રિકાળી પરમાત્મ પદનો, અખંડ પદનો વિલાસ થાય છે, અનુભવ થાય છે. આટલું સહેલું છે. તને બીજાને જોવાનું કહીએ તો કદાચ તું એમ કહે કે, ભાઈ ! મને એ નથી જણાતું અને નથી દેખાતું. હું શું કરું ? પણ એમ કહે છે કે જે જાણનાર છે એને જ તારે જાણવો છે, જાણનારને જ જોવો છે. અને જે કાંઈ અંદરમાં અભ્યાસ કરવો છે એ આ જ જ્ઞાનાભ્યાસ કરવો છે. જાણનારને જાણવાનો જ્ઞાનાભ્યાસ કરવો છે. ત્યાંથી આઘે જવું જ નથી, ત્યાંથી દૂર જવું જ નથી, બીજે ક્યાંય જવું જ નથી પછી મુશ્કેલી શું છે ? એમ કહે છે. પછી કોઈ મુશ્કેલી નથી.

અહીંયાં જે લીધું છે ને ? એની અંદર થોડોક ભાવ એવો છે કે **'સ્વરૂપ પામવાનો રાહ સંતોએ સોહિલો કરી દીધો છે.'** એનો અર્થ કે સ્વરૂપ બહુ સહેલાઈથી પ્રાપ્ત થાય એવા નિમિત્તભૂત વચનો એકદમ માર્ગને સરળ સુગમ કરીને પ્રાપ્ત થઈ જાય. પાત્ર જીવને-યોગ્ય જીવને તો એકદમ માર્ગની અંદર પદાર્પણ થઈ જાય એવી કોઈ કથનની અને વચનની પદ્ધતિ માર્ગને અડીને, માર્ગને સ્પર્શીને, માર્ગને વ્યક્ત કરનારી એવી જ પદ્ધતિ કોઈ હોય છે. આટલુ બધું સહેલું છે.

એ જ્ઞાનકટાક્ષમાં છે. તારા બ્રહ્મપદનો વિલાસ તો તારા જ્ઞાનકટાક્ષમાં છે. આટલું બધું સહેલું છે. એક તું તારા જ્ઞાનને-જ્ઞાનચેતનાનું અવલોકન કર એટલી જ વાત છે. આથી કોઈ લાંબીચોડી બીજી વાત આની અંદર નથી. આટલું સહેલું છે. સહેલું છે એ કહ્યું માટે સહેલું કરીને દીધું એમ કહે છે. કેમકે જગતમાં બીજી પણ તત્ત્વજ્ઞાનની

માથાફોડ ઓછી નથી ચાલતી. Philosophy ના પ્રકરણો પણ, વિશાળ પ્રકરણો જગતની અંદર અનેક પ્રકારે ઘણા છે. પણ એનું કાંઈ પ્રયોજન નથી. પ્રયોજન ફક્ત તને આટલું છે કે તારી જ્ઞાનચેતનાનો તું અનુભવ કર. તારા બ્રહ્મપદનો વિલાસ એમાં રહેલો છે. બહુ સરસ શૈલી આવી છે. અહીં સુધી રાખીએ...

જ્ઞાનદશામાં નિજ ચૈતન્યમૂર્તિમાં વ્યાપ્ય-વ્યાપકભાવે સુખાનુભવ અર્થાત્ અમૃતરસનું આસ્વાદન થાય છે, જે સ્વાદના વશીભૂત સમસ્ત વ્યવહાર રત્નત્રયના પરિણામ (જેમાં મનની શાંતિ / શાતાનું વેદન હોય છે.) પ્રત્યે પણ સહજ ઉદાસીનતા થઈ જાય છે. દેવાદિક પર દ્રવ્ય પ્રત્યેના પરિણામમાં એકાકાર ભાવે રસ અથવા જાગૃતિ રહેવી-થવી, તે સ્વભાવના અરસપણાને પ્રદર્શિત કરે છે. તેથી બાહ્ય પદાર્થ આશ્રિત બહિર્મુખ પરિણામોથી કાંઈ લાભ નથી, તે ન્યાય તીરની જેમ વાગ્યા વિના બાહ્ય ભાવોમાં જે બહિર્લક્ષ છે, તેના ઉપર અસર થાય તો અને ત્યારે જ ઉન્મુખતાનો પુરુષાર્થ બદલાઈને સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ થાય. તેથી મુમુક્ષુજીવે બાહ્યભાવો થવા કાળે, બાહ્ય લક્ષનું નુકસાન સમજી, અંતર્લક્ષમાં આવવું ઘટે; અને તીવ્ર બાહ્ય રસ થવા કાળે ક્ષોભ (અંતરમાં) થવો ઘટે. (શુભ-અશુભ બંન્ને પ્રકારમાં.)

(અનુભવસંજીવની - ૭૦૭)

**તા. ૧૭-૧૧-૧૯૮૫, પાના નં. ૨૮, પ્રવચન નં. ૭૨**

**'અજ્ઞાનપટલ જ્યારે મટે સદ્ગુરુવચનઅંજનથી પટલ દૂર થતાં જ્ઞાનનેત્ર પ્રકાશે, ત્યારે લોકાલોક દેખાય.'** અજ્ઞાનપટલ જ્યારે મટે. ઉપાદાનમાં .. લીધું. જ્યારે મિથ્યાજ્ઞાન મટે, રાગ અને વર્તમાન પર્યાયમાં મનુષ્યગતિ વગેરે, એમાં હુંપણું-એવું પોતાનું રૂપ જાણવું એ અજ્ઞાનપટલ છે. એ અજ્ઞાનરૂપી પડદો છે. એ જ્યારે મટે અથવા દૂર થાય, સદ્ગુરુવચનઅંજનથી. સદ્ગુરુના વચન, એનું અંજન થાય. જેમ નેત્રમાં અંજન કરતા નેત્રરોગ દૂર થઈને ચક્ષુ ચોખ્ખા થાય અને દેખવું સ્પષ્ટ થાય, તેમ સદ્ગુરુના સત્ય સ્વરૂપને પ્રકાશનારા વચનોના અંજનથી. વચનોથી એટલું નથી લીધું. વચનોના અંજનથી. જેમ આંખમાં આંજણ આંજવામાં આવે, ઔષધી આંજવામાં આવે એમ સદ્ગુરુના વચનનું અંજન થાય છે. પદાર્થો ભિન્ન ભિન્ન હોવા છતાં અહીં સુધી ઉપમાને યોગ્ય છે. વચન વચન તરીકે ભિન્ન રહે છે. વચન સાંભળનાર જીવનું દ્રવ્ય-ગુણ-પર્યાયથી અસ્તિત્વ ભિન્ન છે. તોપણ એ વચનનું સાંભળનારને અંજન થાય છે એવી ઉપમાને યોગ્ય છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભજે છે.

વસ્તુના સ્વરૂપને પ્રકાશનારા, બતાવનારા અને એ સ્વરૂપપ્રાપ્તિનો ઉપાય, જેવું આબેહુબ પરિણમન છે એવું વચન દ્વારા વ્યક્ત કરનાર અને તેના ઉપરથી જે એ વાચ્યને ગ્રહણ કરી લ્યે છે, તેને તો એ વચનરૂપી અંજન મળી જાય છે એમ કહેવામાં આવે છે. આંજણ આંજતા જેમ નેત્રને પ્રકાશ મળે, અજ્ઞાન દૂર થાય છે અને અંતરંગમાં સ્વભાવજ્ઞાનનું ગ્રહણ થાય છે. ત્યારે હું જ્ઞાનમય આત્મા છું, જ્ઞાનસ્વભાવી આત્મા છું એવું અંદરમાં જ્ઞાનનેત્ર પ્રકાશે છે.

જ્યારે જ્ઞાનનેત્ર પ્રકાશે છે ત્યારે પોતાને તો જાણે છે, સાથે સાથે લોકાલોકને જાણે છે એમ કહ્યું. એટલી બધી વાત લઈ લીધી. જ્ઞાનનેત્ર પ્રકાશે ત્યારે લોકાલોક દેખાય. છ દ્રવ્યની પ્રતીતિ પણ ત્યારે જ લીધી છે. જ્યારે આત્માનું જ્ઞાન થાય, આત્માનું અસ્તિત્વ પકડાય ત્યારે એને

છ દ્રવ્યનું અસ્તિત્વ સ્વીકાર્યું. જેણે પોતાનું અસ્તિત્વ નથી સ્વીકાર્યું એણે છ દ્રવ્યનું અસ્તિત્વ પણ ખરેખર નથી સ્વીકાર્યું. ભલે શાસ્ત્રથી સંમત કર્યું હોય તોપણ ખરેખર એણે છ દ્રવ્યનું અસ્તિત્વ નથી સ્વીકાર્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુ તો પાત્રતા જોવે છે. પાત્રતા જોવે છે એટલે એના અંતર્મુખ પરિણમનનું વાચ્ય છે એને વચનગોચર કરે છે. જે પાત્ર જીવ છે એને ‘આ આત્મા અને આ આત્માનું આમ અંતર્મુખ થઈને ગ્રહણ થાય’ એ વાત બંને બરાબર જેવું કહે છે, જેવા દૃષ્ટિકોણથી કહે છે, બરાબર તે રીતે એને ગ્રહણ થાય છે. ત્યારે એને એના જ્ઞાનનેત્રને વચનોનું અંજન મળ્યું એમ કહેવામાં આવે છે. જાણરૂપ જ્ઞાન હતું પણ એ જ્ઞાન પોતાના જ અંતરંગને નહોતું જાણતું. આમ તો જ્ઞાન છે એમ બધા બહિરંગને જાણીને તો સહુ કહે છે. કેમકે ઘટપટાદિ પદાર્થો જણાય છે, પ્રતીબિંબિત થઈને જણાય છે. એટલે જ્ઞાન છે એમ સૌ સ્વીકારે છે પણ જ્ઞાનના અંતરંગને તો કોઈ સ્વીકારતું નથી. અને જ્ઞાનના અંતરંગને સ્વીકારવા જતા એને અંદર વળવું પડે છે. અંદરના અંગને સ્વીકારવા-જાણવા એને અંદર વળવું પડે છે.

એ કેમ અંદર વળવું ? અથવા એ સામાન્ય વેદનરૂપ સામાન્ય સ્વભાવ એ પ્રગટ છે, એ પ્રગટ સ્વભાવને કેવી રીતે લક્ષમાં લેવો ? એવી જે એક અંતર્મુખ થવાની જ્ઞાનની કળા છે તે સદ્ગુરુના વચનોથી એને સમજાય છે. એટલે તો એમ કહ્યું, ‘યા વિધિ સંત કહે ધની હૈ ધની હૈ જિનવૈન બડે ઉપકારી.’ એમ લીધું ને ? જે વિધિથી કહે છે, જે રીતે એ કહે છે એ રીતે એ સીધા સ્વરૂપને સ્પર્શનારા વચનો છે. એટલે એની અંદર વિધિ અને વિધિનો આશ્રયભૂત વિષય બંને એકસાથે સંલગ્નપણે જોડાયને એવી રીતે આવે છે. સંધિ મારીને આવે છે ને ? પરિણમન પણ સંધિ મારીને આવે છે. એને આધારે નીકળેલા, એના નિમિતે નીકળેલા વચનો પણ એવી જ સંધિ લઈને આવે છે. ખરેખર તો એ માર્ગનું રહસ્ય છે. અંતર્મુખ થવું એ વીતરાગ માર્ગનું રહસ્ય છે.

મુમુક્ષુ :- આ રહસ્ય સદ્ગુરુ પાસે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને એ સદ્ગુરુના વચનમાં એ ખુલ્લું થાય છે.

એ રહસ્યને ખુલ્લુ મૂકી દે છે. પોતે તૈયાર થઈને સમજે તો એને સદ્ગુરુના વચનનું અંજન થયું એમ કહેવામાં આવે છે.

**'જ્ઞાનનેત્ર પ્રકાશે, ત્યારે લોકાલોક દેખાય.'** લોકાલોક દેખાય એનો અર્થ એમ કે એટલી જે શક્તિ છે, લોકાલોકને દેખવાની શક્તિ, સર્વજ્ઞશક્તિ, એની લબ્ધિ થાય. **'એવું જ્ઞાન તેનો મહિમા અપાર (છે).'** એવા સ્વરૂપજ્ઞાનનો મહિમા અપાર છે, એનો મહિમા કોઈ વાણીથી પૂરેપૂરો કહી શકાય, વાણીમાં આવી શકે એ ચીજ નથી. વાણીની મર્યાદા છે. જ્ઞાનનો મહિમા તો અમર્યાદ છે. સ્વભાવ અમર્યાદ છે, એની મોટાઈ, એની મહત્તા, એનો મહિમા એ અમર્યાદ છે.

એવા **'જ્ઞાનમયમૂર્તિની સૂરતિનું સેવન કરી કરીને અનેક મુનિ પાર થયા.'** સૂરતિ એટલે મુદ્રા. સૂરતિ એટલે મુદ્રા. જ્ઞાનમયમૂર્તિની મુદ્રાનું સેવન કરી કરીને. અનુભવ તો પર્યાયમાં થાય છે ને ? હું જ્ઞાનમૂર્તિ છું. એવી પોતાની જ્ઞાનમય અવસ્થાનો વારંવાર અનુભવ કરવો એને જ્ઞાનમયમૂર્તિની સૂરતિનું સેવન કહેવામાં આવે છે. અમારા દાદાજી હતા Grand father એ એક પદ બોલતા હતા. 'જેની સૂરતિ શામળિયાની સાથ.' સૂરતિ એટલે આમ એકાગ્રતા પણ થાય છે. 'વદે વેદવાણી' સાંભળ્યું છે પદ ? બહુ જૂનું પદ છે. 'હરિને ભજતા હજી કોઈની લાજ જતી નથી જાણી રે.' એમ કે હરિને ભજે એની જગતમાં આબરૂ ન જાય. એ લોકો તો ભગવાન મદદ કરે છે એમ માને છે ને ? હરિ મદદ કરે છે એમ માને છે. તો હરિનો ભક્ત હોય અને હરિને ભજે એની દુનિયામાં લાજ-આબરૂ ન જાય. લાજ-આબરૂ જાય એવો પ્રસંગ ઊભો થાય ત્યારે હરિ આવીને ઊભા રહે અને એનું કામ પાર પાડી દ્યે. એટલે એની ઈજ્જત ન જાય. જોકે એ બધું તો સંપ્રદાયના પ્રકારથી ચાલે છે. વસ્તુસ્થિતિ કોઈ એવી છે નહિ.

સામાન્ય રીતે સ્વરૂપને ભજનાર હોય એને એના વિકલ્પમાં પુણ્ય તો ઊંચા પ્રકારનું બંધાય છે. છતાં કોઈ એવો પાપનો ઉદય હોય તો ઈજ્જત જાય પણ ખરી. મહામુનિઓને, પવિત્ર દશામાં ઝૂલનારા મહા મુનિઓને જંગલની અંદર પરિષહ ઉપસર્ગ પડે છે. આકરામાં આકરા પ્રાણ જાય એવા ઉપસર્ગ પરિષહ હોય છે. તો પછી સામાન્ય ગૃહસ્થી, સમ્યગ્દષ્ટિ, પંચમ ગુણસ્થાનવર્તીને પ્રતિકૂળતામાં લૌકિક આબરૂ જાય તો

જાય. પૂર્વ કર્મનો એવો ઉદય હોય તો જાય પણ ખરી. પણ ત્યાં એવું નથી. ત્યાં તો સંપ્રદાયમાં ભગવાન હાજર થઈને એની આબરૂને બચાવી લે છે. એ પ્રકારથી બધી વાત ચાલે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સૂરતિ એટલે એકાગ્રતા.

મુમુક્ષુ :- 'હરિને ભજતા હજી કોઈની લાજ જતા નથી જાણી રે..'

પૂજ્ય ભાઈશ્રી :- 'જતા નથી જાણી રે.' અમે એમ નથી જાણ્યું કે હરિને ભજનારની લાજ કોઈ દુનિયામાં ગઈ હોય, આબરૂ ગઈ હોય.

મુમુક્ષુ : 'તેની શૂરતા શામળિયાની સાથ...'

પૂજ્ય ભાઈશ્રી :- શામળ એટલે 'શ્રીકૃષ્ણ'. 'શ્રીકૃષ્ણ'માં જેની એકાગ્રતા છે. સૂરતિ એટલે એકાગ્રતા. એમ વેદો કહે છે. ચાર વેદ પણ એમ વાત કરે છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- પછી એના દાખલા આપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પછી પ્રહલાદની, નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી. આટલા આટલા કામ ભગવાને કર્યા. એવી રીતે બધી વાત આવે છે. સૂરતિ શબ્દ આવ્યો ને ?

જ્ઞાનમયમૂર્તિમાં જે એકાગ્રતાનું સેવન કરે છે, એ રીતે વારંવાર એકાગ્રતા કરીને અનેક મુનિઓ પાર થયા. સંસારથી એ પાર થયા, જન્મ-મરણ એના છૂટી ગયા. આ '**પોતાના સહજનો (સ્વભાવનો) ખેલ છે.**' આત્મા જે સહજ સ્વરૂપે છે, જ્ઞાનમૂર્તિ છે એ તો સહજ સ્વરૂપે છે. કોઈ નવું જ્ઞાન એનામાં રેડીને જ્ઞાનમૂર્તિ બનાવવાની નથી. પણ જ્ઞાનમૂર્તિ તો અનાદિથી સહજ આત્મા છે. તેના સ્વભાવનો ખેલ એટલે તેના સ્વભાવરૂપ પરિણમન, જ્ઞાનમય પરિણમન છે. એટલી જ આ વાત છે. સ્વરૂપની એકાગ્રતા એ સ્વરૂપમાં જ્ઞાનમય પરિણમન છે. સ્વરૂપના વેદનમય એ પરિણમન છે એટલો આ ખેલ છે. ખેલ છે એટલે બહુ અઘરી વાત નથી, એમ કહેવું છે.

કેમકે એ જ પ્રકારે શુદ્ધ પર્યાયે પરિણમવું, એ સ્વભાવ છે. કેવો આત્મસ્વભાવ છે ? કે જેવો સ્વભાવ છે તદ્રૂપ પરિણમવું, એવો જ વસ્તુનો, આત્મવસ્તુનો સ્વભાવ છે. સ્વભાવ અનુસારનું એ પરિણમન

છે. એવો પરિણમવાનો સ્વભાવ છે. સ્વભાવ શુદ્ધ છે એમ નહિ. સ્વભાવ શુદ્ધપણે પરિણમન થવું એ પણ એનો સ્વભાવ છે. એવી શક્તિ છે એની. તેથી એ સહજ છે, સરળ છે અને સુગમ છે.

'શ્રીમદ્જી'એ એ વાત લીધી. સત્ છે એ સહજ છે, સરળ છે અને સુગમ છે અને કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં એની પ્રાપ્તિ થઈ શકે છે. એવો પ્રતિબંધ નથી કે લોકની અમુક જગ્યાએ હોય તો એની પ્રાપ્તિ ન થાય એવો પ્રતિબંધ ક્યાંય નથી. નારકીમાં હોય, મધ્યલોકમાં હોય, દેવલોકમાં-ઊર્ધ્વલોકમાં હોય. ત્રણ લોકમાંથી ગમે ત્યાં હોય.

મુમુક્ષુ :- સદ્ગુરુ કહે સહજકા ધંધા..

પૂજ્ય ભાઈશ્રી :- હા. સહજ પરિણમનનો આ વિષય છે.

**'પરપરિચયમાં વિષમ છે.'** જે જીવોને પરપદાર્થનો રુચિથી, રુચિપૂર્વકનો અત્યંત ગાઢ નિકટ પરિચય છે (અર્થાત્) આ જોઈએ, આ ગમે, આ ન ગમે, આ જોઈએ એવો જે પરનો પરિચય છે, રુચિપૂર્વકનો જે પરિચય છે એમાં આ સ્વભાવનું પરિણમન વિષમ છે. કઠણ પડે છે એને. એને પોતાના ભાવથી એમ દેખાય છે કે આવી ઊંચી વાતો એ આપણે ક્યાંથી સમજી શકીએ અને ક્યાંથી પામી શકીએ ? આ તો કોઈ જંગલમાં રહેનારા મહાત્માઓનું કામ લાગે છે, ત્યાગીઓનું કામ લાગે છે. આપણે ઘરબારી, સંસારી, સામાન્ય માણસો આવી વાત ક્યાંથી પામીએ ? એમ લાગવાનું કારણ એને પરની રુચિ અત્યંત છે. પરની તીવ્ર રુચિમાં એ કઠણ લાગે છે. ઘણો પરપરિચય છે. પરિચયનો અર્થ અહીંયાં રુચિથી એકમેકપણે, ઘણી એકતા થવી. તીવ્ર એક્તા છે એમાં વિષમ છે, તેમાં કઠણ છે.

**'સહજબોધ કલાવડે સુગમ (છે).'** અને આત્માનો જે સહજજ્ઞાનનો અનુભવ કરવાનો પર્યાય, તેનાથી તો તે સુગમ છે. જે જ્ઞાનમાં જ્ઞાનવેદનની પરિણતિ ચાલુ રહે છે અને બંધ થઈ શકતી નથી, એના ઉપર જીવ ઉપયોગ દેતો નથી. વેદન એવો વિષય છે કે ઉપયોગ દે ત્યારે એને એ ખ્યાલમાં આવે છે. શાતા-અશાતાના વેદનમાં પણ માણસ ઉપયોગ ફેરવે તો અશાતાના વેદનને ભૂલે છે કે નહિ ? અશાતા તો સતત ચાલુ હોય છે. પણ ઉપયોગ ફરી જાય તો અશાતાનું વેદન નથી. એમ અહીંયાં કહે છે કે તારા જ્ઞાનમાં તારું જ્ઞાનવેદન છે એના

પૂજ્ય ભાઈશ્રી :- પરપ્રવેશ કરી શકતો નથી પણ એવો એને ભાવ થાય છે કે મારામાં પરનો પ્રવેશ થઈ રહ્યો છે. મારામાં ગળપણ આવે છે, મારામાં ઠંડુ કે ગરમપણું આવે છે અને એમાં હું વ્યાપુ છું. વ્યાપ્યવ્યાપકભાવે અનુભવ કરે છે. ધ્યાનથી જોવે તો જેટલું જ્ઞાનવેદન છે એટલું જ એમાં પોતાનું વ્યાપવું છે. પોતાના જ્ઞાનના પર્યાયથી બહાર એનું પોતાનું વ્યાપવું નથી. વ્યાપ્યવ્યાપકભાવથી પોતાને તપાસે તો પોતાના જ્ઞાનથી બહાર પોતાનું વ્યાપવું નથી. જ્યાં સુધી પોતાના જ્ઞાનની પર્યાય વ્યાપે છે, બસ, ત્યાં એનું વ્યાપકપણું સમાપ્ત થાય છે. એથી બહાર પોતે છે જ નહિ.

**'અમૃતના સેવનથી તુરત તૃપ્તિ થઈ સુખ પામે; તેમ કર્મસંક્લેશમાં શાંતપદ નથી.'** એવું જે આત્માનુ શાંત પદ છે તે કર્મની સાથે જોડાતા, કર્મના ઉદયની સાથે જોડાતા જે સંક્લેશ ઉત્પન્ન થાય છે, જે દુઃખ અને ક્લેશ ઉત્પન્ન થાય છે, એ કર્મસંક્લેશમાં નિજ શાંતપદ નથી. એમાં એનું અસ્તિત્વ નથી. શાંત સ્વરૂપમાં શાંતપદ છે અને કર્મક્લેશમાં શાંતપદ નથી. જ્યાં ક્લેશ છે ત્યાં શાંતિ કેવી ? અને શાંતિ છે ત્યાં કર્મનો ક્લેશ નથી. આ કરવું, તે કરવું, કર્મચેતના, કર્મફળચેતનામાં ક્લેશ છે. કર્મફળમાં શાતા વેદતો હોય તોપણ ક્લેશ છે. કર્મના ફળમાં શાતા વેદતો હોય તોપણ ક્લેશ જ છે. ત્યાં શાંતપદ નથી.

**'અનંતસુખનિધાનની સ્વરૂપભાવનાને કરતાં જ અવિનાશી રસ ઊપજે, તે રસને સંતો સેવતા આવ્યા છે.'** કેવી શૈલી લીધી છે ! એકનો એક વિષય છે પણ કેવો ઘૂંટે છે ! આત્મા જે અનંત સુખનિધાન છે, એ અનંત સુખનિધાનની સ્વરૂપભાવનાને કરતા હું આવો છું, અનંત સુખના નિધાનસ્વરૂપ છું એમ નિજ સ્વરૂપની ભાવનાને ભાવતા. ભાવના કરતા એટલે ભાવના ભાવતા અવિનાશી રસ ઊપજે, આત્મરસ ઊપજે. આત્મા જે શાશ્વત પદાર્થ છે એનો રસ ઊપજે, આત્મરસ ઊપજે. સુખસ્વરૂપની ભાવનાને ભાવતા આત્મરસ ઊપજે. તે આત્મરસને સંતો સેવતા આવ્યા છે. સંતો તો એ આત્મરસમાં, ચૈતન્યરસમાં લીન રહે છે. એ મુનિઓ તો અંતર્મુહૂર્તમાં અનુભવ કરે છે. પરિણતિ તો ધોધબંધ ચાલે છે. મુખ્ય પરિણતિ તો મોક્ષમાર્ગમાં ધર્મની છે અથવા સ્વઆશ્રિત પરિણતિ મુખ્ય છે, જ્ઞાનધારા

ઉપર ઉપયોગ દે અને એવા સ્વભાવ ઉપર દૃષ્ટિ દે. દૃષ્ટિ દે એટલે એને સર્વસ્વપણે ઉપાદેયતા ગ્રહણ કર. આચરણ અપેક્ષાએ. અને શ્રદ્ધા અપેક્ષાએ ત્યાં સ્વભાવના વેદનનું અસ્તિત્વનો સ્વીકાર શ્રદ્ધામાં કર. જ્ઞાનમાં તો એ વેદાય જ રહ્યું છે. જ્ઞાનમાં તો એ વેદાય રહ્યું છે. પણ તારો ઉપયોગ પણ બીજે છે, તારો જાણવાનો વેપાર એના ઉપર નથી જતો, તારું શ્રદ્ધાન રાગના અને પરના અસ્તિત્વને સ્વીકારે છે અને ઉપાદેયતા તને રાગની અને અન્ય પદાર્થોની, જડ પદાર્થોની વર્તે છે. એ ત્રણે ગુણની ઊંધાય છે.

**'સહજબોધ કલાવડે સુગમ (છે).'** એટલે તું ઉપયોગ દે એટલી વાર છે. જ્ઞાનકળાથી એટલે જ્ઞાનથી તું ઉપયોગ દે અંદરમાં એટલી વાર છે. તને તારું વેદન પકડાય એવું છે. **'કષ્ટક્લેશથી દૂર છે.'** એવું જે તારું સ્વરૂપ અને તારું સ્વરૂપરૂપ પરિણમન છે એમાં કોઈ દુઃખ નથી અને એમાં કોઈ આકુળતા-ક્લેશ નથી. કષ્ટ પણ નથી અને ક્લેશ પણ નથી. એ તો શાંતમૂર્તિ છે અને શાંત પરિણમનથી એની સાથે સંબંધ થાય છે. શાંતમૂર્તિ સાથે ક્લેશવાળા પરિણમનથી સંબંધ રહેતો નથી. પરિણમન પણ શાંત છે. **'કષ્ટક્લેશથી દૂર છે.'**

**'શાથી ? કે અફીણ ખાતાં વિષની લહેરી તુરત ચઢે;...'** જો જીવ અફીણ ખાય તો એનો કેફ ચડે. એવો એક ઝેરી પદાર્થ છે, વિષમય પદાર્થ છે કે એનું ઝેર ચડે છે. ખાતાવેંત એનું ઝેર ચડે છે અને **'અમૃતના સેવનથી તુરત તૃપ્તિ થઈ સુખ પામે;...'** અમૃતના સેવનથી એટલે આત્માના આનંદઅમૃતના અનુભવના સેવનથી તુરત તૃપ્તિ થઈને શીઘ્ર એ જ કાળે, એ જ સમયે, બીજો સમય નહિ, એ જ સમયે આત્માને તૃપ્તપણું થાય અને અંતરમાં સુખામૃતનો અનુભવ થાય. સુખ પામે એટલે સુખામૃતનો અનુભવ થાય. સામે સામું લઈ લીધું. ઝેર ખાય, પરરુચિ. પરરુચિનું એ ઝેર છે. પરરસનું, રાગરસું એ ઝેર છે. જેમ અફીણમાં કેફ ચડે છે, એમ એકત્વ કરતા રાગનો કેફ ચડે છે. અંદરમાં આત્મા સાથે-જ્ઞાનમૂર્તિની સાથે એકત્વ કરે તો ત્યાં અમૃતનું સેવન થાય છે, તૃપ્તિ થાય છે અને સુખાનુભવ થાય છે. સુખનો અનુભવ થાય છે.

મુમુક્ષુ :- પરપ્રવેશ અને સ્વપ્રવેશ સામસામે.

મુખ્ય છે કે જેમાં સ્વરૂપરસ છે.

'પૂજ્ય બહેનશ્રી' સાથે એક વખત ચર્ચા ચાલી હતી કે શુદ્ધોપયોગ વારંવાર મુનિઓને થાય છે એ એમ સૂચવે છે કે એમની જ્ઞાનધારા પણ ઘણી પ્રબળ છે. છઠ્ઠા ગુણસ્થાને જ્ઞાનધારા અત્યંત પ્રબળ છે કે ક્ષણમાત્રમાં એ શુદ્ધોપયોગમાં આવે છે. એમ નીચેના ગુણસ્થાને પણ એક ગુણસ્થાનમાં એકસરખી બધાની સ્થિતિ નથી. જેની પરિણતિ, જ્ઞાનધારા જેની પ્રબળ છે, જેની જ્ઞાનધારા ઉગ્ર છે, જોરદાર છે, તેને વારંવાર શુદ્ધોપયોગનો અનુભવ થાય છે. શુદ્ધોપયોગથી અનુભવ થાય છે.

એમ કહ્યું કે એ પરિણતિ છે એ બહાર જતા ઉપયોગને ખેંચે છે. જેમ જેના હાથમાં દોર છે એ પતંગને ખેંચી શકે છે. આમ ગુલાંટ મારતો હોય એને આમ સીધો લઈ જાય ઉપર. દોર જેના હાથમાં છે એ લઈ જાય છે કે નહિ ? એમ જેને અંદર પરિણતિમાં આત્માને ગ્રહણ કરીને જે પરિણતિ ચાલે છે, એના હાથમાં પરિણામનો દોર છે. એ બહાર જતા ઉપયોગને ખેંચીને અંદરમાં લઈ આવે છે. આ બધી વિધિ છે. અંદરમાં કેવી રીતે કામ થાય છે એ વિષયને સ્પષ્ટ કરે છે. આ બધી જુદી જુદી ભાષાપદ્ધતિમાં વાત એ જ બધી ચાલે છે. પણ ભાષાપદ્ધતિ દરેકની કહેવાની પદ્ધતિ જુદી જુદી હોય છે, વચન શબ્દપદ્ધતિ જુદી જુદી હોય છે. વિષય તો જે છે તે જ છે.

**'અનંતસુખનિધાનની સ્વરૂપભાવનાને કરતાં જ અવિનાશી રસ ઊપજે,...'** સ્વરૂપની ભાવનામાં રસ ઘૂંટાય છે, રસ તીવ્ર થાય છે. રસ ન ઊપજતો હોય એને ઊપજે અને ઊપજ્યો હોય એને રસ તીવ્ર થાય. અને મોક્ષમાર્ગના સંતો એ રસને સેવતા આવ્યા છે. જેણે આત્મરસને, બ્રહ્મરસને, શાંતરસને સેવ્યો તે સંતો છે. બાકી વેષધારી છે એ બધા સંતો છે એમ છે નહિ. અન્યમતમાં તો કોઈ સામાન્ય બાવાનો વેશ ધારે તો સંત મહાત્મા છે એમ કહેવાય. એને જમાડે તો કહે, ભાઈ ! સંતને જમાડ્યા એમ કહેવાય. પછી તો ગમે તે માણસો વેશ ધારણ કરે છે. નીચલી કોમમાં બધા ગમે તેવા માણસો હોય છે. પણ એ પદ્ધતિ થઈ ગઈ છે. એ એક રૂઢિ છે બોલવાની. ખરેખરે તો જેને આત્માના શાંત સ્વરૂપના આશ્રયે શાંતરસને સેવ્યો છે તે સંત છે. બાકી કોઈ વેશધારી સંત છે એમ છે નહિ.

મુમુક્ષુ :- ભાવના ઉપર તો 'પૂજ્ય બહેનશ્રી'એ કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ વિષય આવે છે. આમાં ફરી ફરીને હવે એ ભાવનાનો વિષય આવશે. અહીંથી શરૂઆત થઈ છે. હવે ફરી ફરીને લે છે.

**'તેને તું પણ સેવ.'** એવા અવિનાશી રસને તું પણ સેવ. એવા આત્મરસનું તું સેવન કર અથવા તું આત્મરસમાં રહે. અનાત્મરસમાં તું ન રહે. પરિણામમાં રસ તો રહેવાનો જ છે. અનાત્મરસમાં, રાગરસમાં, પુદ્‌ગલરસમાં રહેતા તને દુઃખ થશે. અને અનંત સુખનિધાન એવા આત્માના રસમાં આવતા તને સુખ થશે. બસ, સુખ અને દુઃખ થવાનો આ સિદ્ધાંત છે. અનાદિઅનંત આ સુખ-દુઃખ થવાનો સિદ્ધાંત છે.

જગતમાં જીવો સુખની સમસ્યા ઉકેલી નથી શક્યા. જગતના જીવો સુખ માટે અનાદિથી ધમપછાડા મારે છે. અને જે બાહ્ય પદાર્થોથી સુખ માન્યુ છે એના માટે લડાઈ, ઝઘડા, તકરાર અને વિશ્વયુદ્ધો (થઈ ગયા છે). એ આ સિવાય બીજું કાંઈ નથી. પાછો કોઈ અહીંથી જાય છે એ સંયોગ હાથમાં લઈને જાતો નથી. છતાં પણ એમાં સુખ છે એની પાછળ બધી તકરાર ઊભી થાય છે. બધા તમામ ક્લેશની ઉત્પત્તિ એમાંથી થાય છે. એ સુખની સમસ્યા જગતના જીવો એને હલ કરી શક્યા નથી, એનું સમાધાન મેળવી શક્યા નથી.

અહીંયાં જૈનદર્શનમાં આ વિષય બહુ સ્પષ્ટ છે કે તારું આત્મસ્વરૂપ જ અનંત સુખનું નિધાન છે. નીચે તો લેશે. અવિનાશી રસ લીધું છે ને ? **'તારી (સ્વરૂપ) ભાવનામાં અવિનાશી રસનો ચૂઓ ચૂએ છે, માટે જ ભાવના કરી ભ્રમભાવ મટાડ,...'** ભાવનાનો વિષય ચાલે છે ને એટલે એ વાત ફેરવી ફેરવીને લે છે. જેમ વરસાદ બંધ પડી જાય પણ જ્યાં ચૂઓ થઈ ગયો હોય ત્યાં પાણી ટપક્યા જ કરે. વરસાદ વરસતો નથી અને પાણી ક્યાંથી આવે છે ? કે એ ચૂઓ ચૂએ છે. એનો અર્થ શું ? કે જે મકાનનું છાપરું છે એ પાણીને પકડી રાખે છે, સંગ્રહ કરી રાખે છે. વરસાદ બંધ થઈ જાય છે પણ સંગ્રહેલું પાણી અંદરથી આવ્યા જ કરે છે.

એમ જેણે અવિનાશી રસની ભાવનામાં આવીને જેને રસ ઉત્પન્ન થયો એનો રસ લંબાયા જ કરે છે. એટલે એ રસનો ચૂઓ ચૂએ છે. તમારા હિન્દીમાં એ જ ભાષા છે ? ચૂઓ ચૂએ છે એ જ ભાષા છે ને ?

આ ઢૂંઢારીમાં તો એ ભાષા લાગે છે. એટલે એના એ શબ્દો રાખ્યા છે. છાપરામાં પાણી ગળે છે ને ? પાણી આવ્યા જ કરે.. પાણી આવ્યા જ કરે એમ રસ આવ્યા જ કરે એનો. તીવ્ર રસે કરીને અંદર ગયો છે, એકાગ્રતા કરી છે એટલે એનો રસ લંબાય જ છે.

આમ તો એ સામાન્ય જીવના પરિણામનો ધર્મ છે. કોઈપણ વિષયમાં તીવ્ર રસે કરીને જીવ આગળ વધી જાય તો એ પરિણામ જલ્દી છૂટતું નથી. એનો રસ ચાલ્યા જ કરે છે. ગુસ્સો થઈ હોય તો ગુસ્સો જલ્દી છૂટે નહિ. લોભના તીવ્ર પરિણામ થયા હોય તો લોભ છૂટે નહિ. એ તો સમજવામાં આવે જ છે. ગમે તે વિષયમાં માણસ રસ લઈ લે છે. તો પછી વારંવાર એને કહ્યા કરે છે. આજ કેરી બહુ સરસ આવી'તી, હોં ! અમે આજ કેરી બહુ સારી ખાધી. એવી સરસ કેરી નીકળી હતી. હવે એણે ખાધી હોય એને ચાર કલાક થઈ ગઈ હોય. પણ હજી અંદર એ જ ચાલતું હોય. કેમકે ખાતી વખતે ખૂબ રસ લીધો છે.

જે-તે પ્રકારણમાં, જે-તે પ્રસંગમાં તીવ્ર રસ લે તો એની લાળ લંબાય છે. એમ જેનો આત્મરસ તીવ્ર થયો એને પણ અવિનાશી રસનો ચૂઓ ચાલુ થઈ જાય છે. એ અંદરથી રસ ઝરયા જ કરે છે. '**તે રસને સંતો સેવતા આવ્યા છે. તેને તું પણ સેવ.**' સ્વાધ્યાય છે એ બીજી રીતે રસ લેવાનો વિષય છે. સ્વાધ્યાયમાં ભેદ-અભેદથી વસ્તુનું સ્વરૂપ સમજ્યા અને કારણ-કાર્યથી વસ્તુનુ સ્વરૂપ સમજમાં આવી જાય, પછી એને કારણ-કાર્યના ન્યાય અને Logicની માથાફોડમાં બહુ રહેવાની જરૂર નથી. પછી તો એ સત્શાસ્ત્રોમાં શાસ્ત્રના રચનારાઓએ, મહાપુરુષોએ, ધર્માત્માઓએ જે આત્મરસ રેલાવ્યો છે, એ રસને લેવાનો છે. એમાં એનો રસ વ્યક્ત થયો છે. તો એને વાંચતા અહીંયાં પોતાનો રસ પણ એને ઊપજવો જોઈએ. એ રસને એને વધુ ને વધુ એ નિમિત્તે દઢ કરવો જોઈએ. એ સ્વાધ્યાય છે એ રસ ગાઢ કરવાનું એક નિમિત્ત છે ખરેખર તો.

'**તેને તું પણ સેવ. શ્રેયપદરૂપ અનુપમ જ્યોતિસ્વરૂપપદ પોતાનું જ છે,...**' કલ્યાણપદરૂપ, શ્રેયપદરૂપ છે. જેની અંદર કોઈ આધિ, વ્યાધિ, ઉપાધિ, સંક્લેશ, દુઃખ, આપત્તિ, વિપત્તિ કાંઈ એની અંદર નથી. કોઈ શંકા નથી, કોઈ ભય નથી. જેની અંદર કોઈ વિવાદ કે

વિખવાદ નથી. એ પહેલાં એ જ લીધું છે ને ? 'પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના'. ત્યાં એમ કહ્યું કે, પરની સાથે સંબંધ જોડે છે એ કથા વિખવાદની કથા છે. વિખવાદ એટલે દુઃખ ઊભું થાય એવી કથા છે. એનો જેમાં અભાવ છે અને જે પરમ શાંત શ્રેયપદરૂપ છે. જેને કોઈ જગતના પદાર્થની ઉપમા ન આપીએ એવું જે અનુપમ છે અને જ્ઞાનની જ્યોતિસ્વરૂપ પદ છે તે પદ પોતાનું જ છે. એ પદ કોઈ બીજી ચીજ નથી. એ '**શ્રેયપદરૂપ અનુપમ જ્યોતિસ્વરૂપપદ પોતાનું જ છે,...**' પોતાનું જ એ અનુપમ પદ છે. એવા '**પોતાના પરમેશ્વરપદનું દૂર અવલોકન ન કર;...**' ક્યાંય ઊંડે ઊંડે ગુફામાં એ પરમાત્મપદ રહ્યું છે એમ દૂર એને ન જો. એ પ્રત્યક્ષ અને પ્રગટ છે. અંતર્મુખ થતાં તો બિલકુલ સામે જ છે. ક્યાંય આઘુંપાછું નથી. જેમ સામે સામે હોય એને દેખાવામાં કોઈ તકલીફ છે કે ન દેખાય ? બિલકુલ નજર સમક્ષ હોય એને દેખવાની શું તકલીફ છે કે ન દેખાય ? એમ જે જ્ઞાન સ્વસન્મુખ થયું એને તો પરમાત્મપદ છે એ બિલકુલ સમક્ષ છે. સમક્ષ છે એને કંઈ નહિ દેખાવાનો પ્રશ્ન રહેતો નથી.

'**પોતાના પરમેશ્વરપદનું દૂર અવલોકન ન કર;...**' કઠણ છે અને અનંત પુરુષાર્થે થાય અને ઘણું આપણે તો હજી ચાલવાનું બાકી છે. એ દૂર અવલોકન ન કર એમ કહે છે. એમાં બહુ મહેનત છે અને બહુ પરિશ્રમ છે એવી રીતે એનું દૂર અવલોકન ન કર. '**પોતાને જ પ્રભુ થાપ.**' પોતાની સ્થાપના પ્રભુ તરીકે કર. 'સમયસાર'માં તો 'અમૃતચંદ્રાચાર્ય'નો ટીકાનો પ્રારંભ અહીંથી થાય છે. નમઃ સમયસારાયમાંથી એ કાઢ્યું. નમઃ સમયાસારય એટલે 'સમયસાર' એવું જે પરમાત્મપદ, એને સ્થાપીને આગળ ચાલ. એની સ્થાપના એ એનો નમસ્કાર છે, લ્યો ! એની સ્થાપના એ એનો નમસ્કાર છે. આ ભગવાનની સ્થાપના કરીએ છીએ ને ? આ સ્થાપના સાચી. પછી એને વ્યવહાર કહેવાય. આ સ્થાપના ન કરી હોય તો એ વ્યવહાર છે એમ લાગુ ન પડે.

અંદરમાં નિજ સ્વરૂપની સ્થાપના કર અને બહારમાં અરિહંત પરમાત્માની. અંદરમાં નિજ પરમાત્માની અને બહારમાં અરિહંત થયા, થશે કે હોય એની સ્થાપના કર. ત્રણે કાળના અરિહંતની સ્થાપના થઈ શકે.

મુમુક્ષુ :- અંદરમાં ન સ્થાપે એટલે પછી બહારમાં બધા ગોટેગોટા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો ભૂલ ખાય જ. સ્વભાવિક જ છે. જેને પોતાના નિજ પરમાત્માની સ્થાપના અંદરમાં થઈ નથી, કરતો નથી એ બહારની સ્થાપનાને ઉડાવે તો એ સ્વાભાવિક છે. સ્વાભાવિક છે. અસ્વાભાવિક એમાં કાંઈ નથી. એવું થઈ જાય.

'**પોતાને જ પ્રભુ થાપ.**' તમારે દિગંબર લોકોએ વિરોધ જાજો તો કર્યો ને ? દિગંબર સંપ્રદાયવાળાએ વિરોધ કર્યો. શ્વતાંબરવાળાએ લડાઈ ન કરી, સ્થાનકવાસીવાળાએ લડાઈ ન કરી. સ્થાનકવાસીવાળા તો મૂર્તિને માનતા નથી. તો એ ઝઘડામાં ન પડ્યા. કહે છે કે એવી ગડબડ થઈ જાય છે. જ્યારે પોતે ભાવમાં દૂર ચાલ્યો જાય, ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રમાં પણ ભૂલ કરી બેસે છે. અત્યંત સ્થૂળ વિચારધારામાં એ સ્થિતિ ઊભી થાય છે. પરિણામમાં ઘણી સ્થૂળતા આવી ગઈ હોય ત્યારે દવ-ગુરુ-શાસ્ત્રના વિષયમાં પણ ભૂલ ખાય જાય છે. નહિતર એ વિષય તો એટલો બધો સૂક્ષ્મ બલ્દ્રિનો નથી, જેટલો આત્મા સૂક્ષ્મ બુલ્દ્રિનો વિષય છે. જેટલો સ્વભાવ સૂક્ષ્મ જ્ઞાનનો વિષય છે એટલું સૂક્ષ્મ જ્ઞાન દેવ-ગુરુ-શાસ્ત્રને સ્વીકારવામાં નથી જોતું. એમાં તો થોડું સ્થૂળ જ્ઞાન પણ કામ કરી જાય છે. પણ એથી પણ સ્થૂળ થયા હોય એને એની અંદર એનો નકાર આવી જાય છે.

કોઈ એમ કહે કે પણ અમે બીજા ઘણાને માનીએ છીએ. આ એકનો ન માનીએ એથી શું થયું ? આ એક દલીલ છે. એક 'સૂર્યકીર્તિ' ભગવાનને ન માનીએ તો કાંઈ નહિ, પણ ત્રણે કાળની બીજી બધી ચોવીશીને, તીર્થંકરોને બધાને માનીએ છીએ ને. કહે છે, તું એકેયને માનતો નથી. એક રજકણને સ્વીકારે તે આખા વિશ્વના પરિગ્રહને સ્વીકારે છે. એમ એક સંતની, એક જ્ઞાનીની, એક શાસ્ત્રની, એક મુનિની કે એક અરિહંતનો અસ્વીકાર થયો એટલે અનંતાનો અસ્વીકાર થઈ ગયો. એકેયનો સ્વીકાર એનો સાચો નથી. આમ છે. પણ કેવડી મોટી ભૂલ છે એ સ્થૂળતા આડે સમજાતી નથી.

મુમુક્ષુ :- ગુરુદેવને જે રીતે સંભાળવો જોઈએ એ રીતે સાંભળ્યા ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આત્માર્થી થઈને સાંભળે તો એને તો

ખબર પડે કે આ મારા આત્માને નુકસાન કરનાર છે. આત્માર્થી ભલે જ્ઞાની નથી પણ પ્રયોજનમાં જાગૃત છે. જે આત્માર્થી છે એ પ્રયોજનમાં જાગૃત છે. એટલે પોતાના આત્માને નુકસાન થાય છે અને કેટલું નુકસાન થાય છે એનો એને ખ્યાલ આવે છે. તો એમાં એની મર્યાદા થઈ જાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો નકાર એને થાય નહિ. એ મર્યાદામાં તો એ આવી જ જાય. ભલે અંદરમાં હજી એકત્વ ન થયું હોય તો એ બીજી વાત થઈ. એ ભૂલ રહે તો રહે જ્યાં સુધી એની જ્ઞાનદશા પ્રગટ ન થાય ત્યાં સુધી. પણ બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રને ઉડાવે એનો અનાદર, અવિનય, અવિવેક થાય એવો એકપણ પ્રકાર આત્માર્થીના પરિણમનમાં હોઈ શકે નહિ કે થઈ શકે નહિ.

મુમુક્ષુ :- 'પંચસંગ્રહમાં' ..

પૂજ્ય ભાઈશ્રી :- સમજાયું નહિ.

મુમુક્ષુ :- હજાર કેવળી કરતાં એક તીર્થંકર મોટા અને હજાર તીર્થંકર કરતાં એક જિન પ્રતિમા મોટી.

પૂજ્ય ભાઈશ્રી :- એમ લખ્યું છે ? એની અપેક્ષા શું બતાવી છે ?

મુમુક્ષુ :- એટલે જિન પ્રતિમાની મહિમા બતાવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- મહિમા બતાવી છે. બાકી તો બધા કેવળી સરખા જ છે, તીર્થંકર પણ સરખા જ છે.

મુમુક્ષુ :- 'દિપચંદજી'નું 'પંચસંગ્રહ'

પૂજ્ય ભાઈશ્રી :- ખ્યાલ નથી. જોયું નથી.

મુમુક્ષુ :- 'બનારસીદાસ'...

પૂજ્ય ભાઈશ્રી :- જિન પ્રતિમા જિન સારખી. ૧૭૦માં છે. એક ચૈતન્ય ગ્રહણ કર. બધાય વિભાવોથી પરિમુક્ત થા. નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને ગ્રહણ કર, તેમાં જ લીન થા. એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે. ણમો અરિહંતાણમ્, ણમો સિદ્ધાણમ્ એ પ્રભુ સ્મરણનો ભાવ સુદ્ધા વિકલ્પ છે.

મુમુક્ષુ :- 'નાટક સમયસાર'.

પૂજ્ય ભાઈશ્રી :- છે, નીચે પદ છે પણ હવે આખું પ્રવચન જ જોઈ લઈએ. પરમાત્માની પ્રતિમાને પૂજવાનો ભાવ આવે પણ એ ધર્મ નથી. ભૂમિકામાં હજુ સાધકપણું છે એટલે એવા ભાવ આવે ને ?

સિદ્ધપણું નથી એટલે એટલું બાધકપણું આવે પણ તે હેય તરીકે આવે, જાણવા માટે આવે, જ્ઞાની તો તેનો માત્ર જ્ઞાતા છે. આહા..! આવી વાતો છે. 'નાટકસમયસાર'માં આવે છે ને ? 'જિનપ્રતિમા જિન સારખી.'

**જાકે મુખ દરસસૌં ભદતકે નૈનનિકૌં,**
**થિરતાકી બાની બઢૈ ચંચલતા વિનસી.**
**મુદ્ર દેખી કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં,**
**જાકે આગે ઇંદ્રકી વિભૂતિ દીસૈ તિનસી.**
**જાકૌ જસ જપત પ્રકાશ જગૈ હિરદેમૈં,**
**સોઈ સુદ્ધમતિ હોઈ હુતી જુ મલિનસી,**
**કહત બનારસી સુમહિમા પ્રગટ જાગી,**
**સોહૈ જિનકી છબિ સુવિદ્યમાન જિનસી. ૨.**

બીજું પદ લીધું છે. બે પદ છે એમાં. 'પંચસંગ્રહ' જ કાલે જોઈશું. આમાં તો નથી.

'**પોતાને જ પ્રભુ થાપ.**' એમાંથી ચાલ્યું. સ્થાપવાનું. પ્રભુની સ્થાપના કર, એમ કહે છે. પ્રભુને ઉથાપ નહિ તું. પ્રભુને થાપ, પ્રભુને ન ઉથાપ. એમ લેવું છે. '**જેને સારી રીતે યાદ કરવાથી...**' ઉપલક રીતે નહિ. જેના સ્વરૂપને લક્ષમાં લઈને. એમ. '**સારી રીતે યાદ કરવાથી જ્ઞાનજ્યોતિનો ઉદય થાય, મોહરૂપી અંધકાર વિલય પામે, આનંદસહિત કૃતકૃત્યતા ચિત્તમાં પ્રગટે, તેને વેગે (શીઘ્ર) અવલોકી અન્ય (પરનું) ધ્યાન રોકી વિચારીને સંભાર (યાદ કર).**' શું કહે છે ? કે '**જેને સારી રીતે યાદ કરવાથી...**' એટલે જે પોતાનું સ્વરૂપ છે તેને સંભાળવાથી, એની સાવધાની કરવી એ સારી રીતે યાદ છે. એની અંતર સાવધાની કરવી. આખો જે મોક્ષમાર્ગ છે એ પ્રારંભથી માંડીને અંત સુધીમાં જો કોઈ એનું સામાન્ય સ્વરૂપ છે તો એ છે કે એ મોક્ષમાર્ગ પોતે સ્વરૂપની સાવધાનીરૂપ છે. જે પોતાના સ્વરૂપમાં સાવધાન છે એ પોતાના સ્વરૂપને છોડતો નથી, ભૂલતો નથી, ચૂકતો નથી અને એ સ્વરૂપ સાવધાનીમાં સ્વરૂપનો રસ ઊપજે છે. સાવધાની પરની હોય તો સ્વરૂપનો રસ ક્યાંથી ઊપજે ? ભલે આત્માની વાત વિચારવામાં,

વાંચવામાં, સાંભળવામાં આવે પણ સાવધાની પરની હોય તો સ્વરૂપનો રસ ક્યાંથી ઊપજે ? કે એનો રસ ઊપજે નહિ. અહીંયાં સાવધાની લેવી છે.

**'જેને સારી રીતે યાદ કરવાથી...'** એટલે સ્વરૂપમાં સાવધાન થવાથી **'જ્ઞાનજ્યોતિનો ઉદય થાય,...'** પોતાને પોતાની સમ્યગ્જ્ઞાનની જ્યોતિ, સ્વરૂપજ્ઞાનની જ્યોતિ પ્રગટ થાય અને **'મોહરૂપી અંધકાર વિલય પામે,...'** અને દર્શનમોહ જેનો નાશ થાય. દર્શનમોહરૂપી અંધકાર છે કે જેમાં હિત-અહિત સૂઝતું નથી. દર્શનમોહને લઈને પોતાનું નુકસાન પોતાને દેખાતું નથી. પોતાનો ક્યાં કેવી રીતે લાભ છે એ પણ પોતાને દેખાતું નથી.

અરિહંતની સ્થાપનાને કોઈ ઉડાવે તો એમાં કેટલું મોટું નુકસાન છે ? કેટલું બધું નુકસાન કેવું છે એ પોતાને દર્શનમોહ અતિ તીવ્ર થઈ ગયો હોવાથી દેખાતું નથી. આમ તો એ ગૃહીત મિથ્યાત્વ છે. ઘણું ગાઢ મિથ્યાત્વ થઈ ગયું છે એટલે અનંત કાળ સુધી એને અરિહંતના દર્શનથી દૂર થઈ જાય. એટલા તો પુણ્ય પરવારી જાય. સ્વભાવ તો બહુ દૂર થઈ જાય. કેમકે દર્શનમોહની તો સ્થિતિ બહુ લાંબી પડે છે. પણ પુણ્ય એટલા પરવારી જાય કે બહુ લાંબા કાળ સુધી એને અરિહંતની સ્થાપનાનો કે પ્રત્યક્ષ અરિહંતનો કે અરિહંતની સ્થાપનાનો યોગ ન મળે. અન્યમતમાં ચાલ્યો જાય.

સામાન્ય રીતે જે જીવો અન્ય મતની અંદર જન્મ્યા છે એને એ અરિહંતથી વિરુદ્ધ, એ સ્થાપનાથી વિરુદ્ધ ગયા છે એટલે એને જોગ નથી હોતો, યોગ નથી હોતો. એવી ભૂલ થઈ હોય છે. અન્યમતમાં આવું થાય છે. એમ ને એમ કોઈ મફતમાં આવે છે એમ નથી. પૂર્વ કર્મનું ફળ છે. અને જૈનમતમાં આવ્યા છે એણે આદર કર્યો છે. ભૂતકાળમાં પણ એણે જિનેશ્વરનો આદર કર્યો છે, જિનનો આદર કર્યો છે. એટલો ફેર છે. પછી અહીંયાં આવીને અવળા-સવળા ગમે તે થાય. પણ પૂર્વકર્મ તો આટલું સૂચવે જ છે. એ તો એના ઉપરથી અત્યારે શું કરવું એ એને વિવેક કરવાનો છે. સમજીને તો એને વિવેક તો અત્યારે કરવાનો છે ને. વર્તમાનનો વિવેક કરવાનો છે.

મુમુક્ષુ :- એકવાર વિરાધના કરે તો અનંત કાળ સુધી ...

પૂજ્ય ભાઈશ્રી :- અત્યારે તો મોટી સ્થિતિ પડી જાય. પછી જીવ

સ્વતંત્ર છે અને શક્તિ ઘણી છે, પલટો ગમે ત્યારે મારે, પણ અત્યારે તો એકવાર મોટી સ્થિતિ પડી જાય. જેમ માણસ વેપાર કરે અને નુકસાન ગયું. તો કોઈ એમ કહે કે બસ, હવે નુકસાન ગયું એટલે ઊભો જ નહિ થાય હવે ? દિવાળુ કાઢ્યું એટલે ઊભો (નહિ થાય) ? વેપાર કરીને ફરીને કમાઈ પણ લ્યે. પણ અત્યારે ગયું એ તો સાચું જ.

મુમુક્ષુ :- એક મોટી ભૂલ...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ મોટી ભૂલ છે. સામાન્ય ભૂલ નથી. એક સામાન્ય માણસના ઘરમાં ચોરી કરવી અને રાજાના ઘરમાં ચોરી કરવી, બે સરખું હશે ? આ તો રાજની તિજોરી ઉપર હાથ નાખવાની વાત છે. ભૂલ મોટી છે, નાની ભૂલ નથી. એ પરિણામ બદલીને ગમે ત્યારે સવળો થાય પણ અત્યારે તો દિવાળુ કાઢ્યું એ કાઢ્યું એમાં કાંઈ ફેર છે ? નુકસાન એ તો નુકસાન જ છે. એમાં કાંઈ નફો થોડો છે ? નુકસાનમાં ક્યાંય નફો નથી. એમ છે.

**'જેને સારી રીતે...'** સંભાળવાથી, સાવધાની લેવાથી **'જ્ઞાનજ્યોતિનો ઉદય થાય, મોહરૂપી અંધકાર વિલય પામે,...'** દર્શનમોહનો નાશ થાય અને અંદરમાં **'આનંદસહિત કૃતકૃત્યતા ચિત્તમાં...'** એટલે પરિણમનમાં **'પ્રગટે, તેને...'** નિજ પરમેશ્વરપદને વેગે. પુરુષાર્થથી તુરત શીઘ્રપણે અવલોકીને, અનુભવ કરીને, અન્યનું ધ્યાન રોકીને, અન્ય સંબંધી જે એકાગ્રતા છે એ તોડીને સંભાળ, વિચારીને સંભાળ, એને સારી રીતે અંતર સાવધાનીમાં લ્યે. એ ફેરવી ફેરવીને પોતાનો Tone જુદો જુદો ઉપજાવે છે. (અહીં સુધી રાખીએ..)

**પ્રવચન નં. ૬૩ ઉપલબ્ધ નહિ હોવાથી લેવામાં આવેલ નથી.**

**તા. ૧૮–૧૧–૧૯૮૫, પાના નં.૨૯, ૩૦. પ્રવચન નં. ૬૪**

તારા અનુભવને તપાસ. તું ચેતનસ્વરૂપે છો, ચેતનપદાર્થ છો. ચેતનપદાર્થને ચેતનપર્યાય હોય. અચેતન પદાર્થને ચેતનપર્યાય ન હોય. તારા અનુભવમાં આવતા ચૈતન્યભાવો એ તારા ચૈતન્યગુણને સદાય પ્રગટ કરે છે. એ રીતે તું જો કે તું ચેતન છે. '**(અને) જડ અજાણ (અચેતન) છે.**' જે જડ રજકણ છે એમાં જાણવાનો ગુણ નથી. Computer હોય તોપણ એમાં જાણવાનો ગુણ નથી. કોઈપણ યંત્ર કામ કરતું હોય તોપણ એમાં જાણવાનો ગુણ નથી કે આપોઆપ એ ચાલુ થાય. કે આપોઆપ થાય છે ચાલુ ?

'**જડ અજાણ (અચેતન) છે. તે અજાણમાં (અચેતનમાં) તને માની અશુદ્ધ થયો.**' શરીર આદિ જે અચેતન રજકણો છે, અચેતનની અવસ્થા છે તેમાં તેં તને પોતાને જાણ્યો. આહારાદિ સ્વાદમાં આવતા પદાર્થમાં પણ તેં તને પોતાને જાણ્યો. અને એ રીતે અજાણમાં, અચેતનમાં તને પોતાને માનીને, સ્થાપીને અશુદ્ધ થયો. અશુદ્ધ થવાનું કારણ આ છે. અચેતન જડ પદાર્થને જાણે તેથી અશુદ્ધ થયો એમ નહિ, પણ એમાં પોતાનું રૂપ અથવા પોતે એમાં છે અથવા પોતામાં એ છે એમ માનીને અશુદ્ધ થયો.

'**અજાણ (અચેતન) (કાંઈ) તારી પાછળ પડ્યું નથી.**' તને એ પરાણે મનાવતું નથી કે તું મારામાં તારું સ્વરૂપ જાણ. અચેતન તો અજાણ છે. એ ચેતનને કોઈ કાર્ય પરાણે કરાવે છે, પાછળ પડ્યું નથી એટલે કોઈ પરાણે પાછળ પડાવે, પાછળ પડે એટલે કોઈ જબરજસ્તીથી કાર્ય કરાવે ત્યારે એમ કહે કે આ અમારી પાછળ પડેલા છે, અમારા ઉપર દબાણ લાવે છે, (એમ) કોઈ અચેતનનું તારા ઉપર

દબાણ આવતું નથી. કોઈપણ અવસ્થામાં તું જાણનાર જ્ઞાતા રહે છો. કોઈ અચેતનનું તારા ઉપર દબાણ આવે છે એવું તો બનતું નથી. એ કાંઈ તારી પાછળ પડ્યું નથી. એને ખબર નથી કાંઈ.

અચેતનને કોઈ ખબર નથી કે ચેતનને કાંઈ કરવું કે ન કરવું. એવી કોઈ એને ખબર નથી. ચેતન જાણનાર છે, અચેતનથી જુદો છે. પોતે એનાથી જુદો છે એવું ભૂલે છે ત્યારે એને અનેક પ્રકારે કલ્પના થાય છે કે આવા અચેતનથી મને આમ થાય, આ અચેતનથી મને આમ થાય, આ મને અનુકૂળ પડે, આ મને પ્રતિકૂળ પડે. જ્ઞાતા-દ્રષ્ટા એવો આત્મા જ્ઞાતા-દ્રષ્ટાપણું ભૂલીને આવી કલ્પના કરે છે. ત્યારે એ અચેતનમાં પોતાને માને છે.

‘**તું તારા પદથી (છૂટી)...**’ જ્ઞાતા-દ્રષ્ટા એવા તાર પદથી છૂટીને ‘**એના તરફ ન આવ.**’ તારા ભાવને તું અચેતન પ્રત્યે ન લંબાવ. તારા પરિણામને અચેતનનું આલંબન આવે, તારા પરિણામ એનો આધાર લે એ તારો માત્ર જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ છે એને ભૂલવાની વાત છે. માટે કહે છે કે ‘**તું તારા પદથી (છૂટી)...**’ને, તારા સ્થાનથી છૂટીને, તારું સ્થાન છોડીને. નથી કહેતા ? કોઈ પોતાનું સ્થાન છોડીને પછી માણસ ગમે તેમ પ્રવર્તે તો એમાં એની કાંઈ કિંમત નથી. ‘**એના તરફ ન આવ. જડ કંઈ તારો પલ્લો પકડતું નથી.**’ જેમ તારી પાછળ પડ્યું નથી એમ કાંઈ તારો છેડો જડે પકડ્યો નથી કે હું તને પકડી રાખીશ, હું તને જકડી રાખીશ.

આમ એમ કહેવાય કે આયુષ્યનો બંધ પડે ત્યાં સુધી જીવ દેહમાંથી છૂટી શકતો નથી. આયુષ્ય ચાલુ થઈ જાય પછી આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધી એની ઉદયમાન સ્થિતિ છે એમાં પછી ફેરફાર થતો નથી. સ્થિતિનું અપકર્ષણ, ઉત્કર્ષણ થાય તો ઉદય આવ્યા પહેલા થાય. જેમકે ‘શ્રેણિક’ રાજાને બંધ પડ્યો ત્યારે ત્રીજી નારકીનો પડ્યો હતો. પણ ત્યારપછી સમ્યગ્દર્શન થયું, પરિણામ વિશુદ્ધ થયા તો એ બંધની સ્થિતિ ટૂંકાઈ ગઈ, ગતિ ન ફરી. પણ આયુષ્યના બંધની સ્થિતિ અને સ્થાનમાં ફેરફાર, ક્ષેત્રમાં અને સમયની મર્યાદામાં ફેર પડ્યો. ચોર્યાશી હજાર વર્ષના આયુષ્યે પહેલી (નરકમાં) ગયા છે. ત્યાં ઓછામાં ઓછા દસ હજાર (વર્ષથી) તો ઓછું આયુષ્ય કોઈનું હોતું નથી. દેવમાં પણ દસ

હજારથી ઓછું નહિ. ૩૩ સાગરથી વધારે નહિ. એવી રીતે નારકીમાં દસ હજારથી ઓછું નહિ અને ૩૩ સાગરથી વધારે નહિ.

દોરડાથી બાંધે એવો આયુષ્યનો બંધ છે. એ દેહમાં જીવને બાંધી રાખે છે. અરિહંત થાય તોપણ ન છૂટી શકે. 'સીમંધર' ભગવાન એક કરોડ પૂર્વ સુધી અરિહંતપદે સદેહે બિરાજમાન રહેશે. એક કરોડ પૂર્વ. એક કરોડ પૂર્વ નહિ પણ સોળ કરોડ પૂર્વ. ચોર્યાશી લાખ પૂર્વ. એક કરોડ પૂર્વનું તો આયુષ્ય છે. ચોર્યાશી લાખ પૂર્વ સંસાર અવસ્થામાં અને સોળ લાખ પૂર્વ અરિહંત અવસ્થામાં. એક કરોડ પૂર્વ તો 'ઋષભદેવ' ભગવાન રહ્યા છે. કહે છે કે અનંત પુરુષાર્થ ત્યાં પ્રગટ થયો, અનંત વીર્ય પ્રગટ થયું છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય (પ્રગટ થયા છે) પણ ઉદયમાન કર્મની સ્થિતિમાં કોઈ ફેર પડતો નથી.

આયુષ્ય કર્મ જીવને દેહમાં બાંધે છે ને દોરડાની જેમ ? કે હવે આને છટકવા દેવાનો નથી. બાંધે છે કે નથી બાંધતા ? જીવની એવી યોગ્યતા છે. જડની સાથે, જડ શરીર સાથે રહેવાની, મુક્ત દશા પહેલા, એવી યોગ્યતા જીવની સ્વયં છે. નારકીમાં જવાની પણ જીવની યોગ્યતા છે. કર્મ એને ઘસડીને લઈ જાય છે એમ છે નહિ. જે ક્ષેત્રે જીવની રહેવાની યોગ્યતા છે. જે પુદ્‌ગલોના સંયોગમાં રહેવાની યોગ્યતા છે, એ પોતાની યોગ્યતા અનુસાર રહે છે. એની યોગ્યતા પૂરી થયે પછી કોઈ પરમાણુનો સંગ એને રહેતો નથી.

અરિહંત ભગવાન ઉપદેશ આપે છે ત્યારે અનેક જીવોને એવો રાગ થાય કે આ પરમાત્માનો ઉપદેશ અમે સાંભળ્યા જ કરીએ. અમારા મહા અનંત ઉપકારી છે, મોક્ષમાર્ગ અમને બતાવી રહ્યા છે. અમારા આત્માનું દર્શન એમણે કરાવ્યું. બસ, આમને તો અમે સાંભળ્યા જ કરીએ. એમનો સંયોગ અમને કદિ ન છૂટો. એમ સમવસરણમાં અનેક જીવો એવી ભાવના ભાવે તો ભગવાન રોકાય જાય કે ન રોકાય જાય ? યોગ્યતા પૂરી થઈ. અહીંયાં આયુષ્ય પૂરું થયું એમ કહેવાય. અહીંયાં યોગ્યતા પૂરી થઈ એમ કહેવાય. નિમિત્તથી આયુષ્ય પૂરું થયું, ઉપાદાનથી યોગ્યતા પૂરી થઈ. અયોગી કેવળી થાય. સિદ્ધાલયમાં ચાલ્યા જાય. એ જીવની પોતાની ઉપાદાનની યોગ્યતા છે.

જડ કાંઈ એને પકડી રાખતું નથી. એનો પલ્લો પકડે છે એટલે એને રોકી રાખે છે. જેમ કોઈને કપડું પકડી રોકી રાખે છે તો આગળ જતો અટકાવે, એવું કાંઈ જડ કરતું નથી. કહેવાય એમ કે આયુષ્યનો બંધ છે, દેહથી બંધાયેલો છે. પણ એ બધી વ્યવહારની બોલણી છે. વ્યવહારમાં એવું બોલવાની પદ્ધતિ છે. વાસ્તવિકપણે જોઈએ તો જીવની યોગ્યતા છે.

**'તું નાહક પારકી વસ્તુને તારી કરી કરી જૂઠી હોંશ કરે છે.'** કેવો ભાવ થયો છે ! પોતાને તપાસે તો એને ખ્યાલ આવે કે પરપદાર્થ સંબંધિત પોતે હોંશ કરે છે કે નહિ ? એને રસ આવે છે કે નહિ ? આ અમારે ત્યાં આવો પ્રસંગ આવ્યો છે. આ અમારા મકાનના વાસ્તુનો પ્રસંગ છે, આ અમારા દીકરાના લગ્નનો પ્રસંગ છે. અમે આમ કર્યું.. અમે આમ કર્યું... અમે આમ કર્યું. પારકી વસ્તુને પોતાની કરી કરીને તું જૂઠી હોંશ કરે છો. એ વસ્તુ તારી નથી. અચેતન ચેતન નહિ થાય. પણ પારકી ચીજને પોતાની કરી કરીને હોંશ કરે છે.

કોઈ માણસ મફતનો ફુલાય તો કહે ને, અમારા આવા સગા છે, આ અમારા સગા છે. ત્રીજી પેઢીએ અમારા કુટુંબી થાય. જુઓ ! વડાપ્રધાન થયા છે. વડાપ્રધાનના સચિવ થાય, પટ્ટાવાળો થાય તોપણ ગર્વ કરે. તારો તો કોઈ ભાવ પૂછતું નથી. જેનો તું ગર્વ કરે છો એ તો તારી સામે જોતો નથી. ખોટી-જૂઠી હોંશ કરે છે. એમ જડ તો તારી સામે જોતું નથી. આ અમને પૈસા મળ્યા, આ અમારી આબરૂ મળી. આ અમારું આટલું મોટું કુંટુંબ-પરિવાર. આ અમારા.. અમારા.. અમારા... અમારું... અમારું... અમારું... એ જડ વસ્તુને, પારકી વસ્તુને, પરદ્રવ્યને પોતાને કરી કરીને હોંશ કરે છે. જૂઠેજૂઠો ઉત્સાહ લાવે છે. એમાં કાંઈ સાચ નથી. માને છે એ સાચું. છે નહિ પણ છતાં માને છે સાચું.

**'મને એ ભોગથી સુખ થયું,...'** અમે તો આજ ફલાણું-ફલાણું ખાધું. બદામનો મેસુબ ખાધો. 'ગુરુદેવ' કહેતા ને ? પિસ્તાના પાપડ ખાધા. બદામનો શેરો અને પિસ્તાના પાપડ ખાધા, એમ કહે. પણ ક્યાં તારામાં આવ્યું ? કયા રજકણ તારા આત્મામાં આવ્યા એ તો જો. તું તો એનાથી ખાલી ને ખાલી છો. કોઈ તારા ચૈતન્યપિંડમાં, ચૈતન્યપ્રદેશમાં એક રજકણ ઓગળીને, ગળીને ભળી જાય એવું તો

બનવાનું નથી. એક રજકણ નહિ આવે. બહુ મોંઘી ચીજ ખાય ત્યારે માણસ બતાવે છે. અમે પચાસ રૂપિયાની એક કેરી ખાધી. કેટલા રૂપિયે ડઝન થઈ ? પચ્ચીસો રૂપિયે ડઝન થઈ. આ 'પાલનપુર'ના બધા ઝવેરીઓ છે ને એમાં હરિફાઈ થાય કે આ વર્ષે કેટલાની કેરી ખાધી ? કોઈ કહે કે પચ્ચીસ હજારની. બસ, પચ્ચીસ હજારની ખાધી. અમારે તો દોઢ લાખ થયા. ઠીક ! કેરીના, હોં ! મેં આમ ખાધું આવી હોંશ કરે છે. પરપદાર્થમાં જીવ હોંશ કરે છે.

મુમુક્ષુ :- દુનિયામાં વાહ વાહ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- કલ્પના કરે છે કે મારી વાહ વાહ બોલાય છે. એ વાહ વાહ એવી કોઈ ચીજ હોય તો ઠીક છે. એવી તો કોઈ ચીજ નથી. એની કલ્પનામાત્ર છે. બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- વાહ વાહ કરે એટલે વધારે ફસાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ સારું લાગે એ ફસાય છે.

તીર્થંકરદેવની બહુ વાહ વાહ થાય છે. દેવો આવીને સ્તુતિ-વંદના કરે છે. પણ વીતરાગ પરમાત્મા એની સામું જોતા નથી. જ્ઞાનમાં બધું જણાય છે પણ એની સામું જોઈને જણાતું નથી. એની સામું જોતા નથી એમ કહેવાય છે. એ તો પોતાના સ્વરૂપમાં ડૂબેલા છે. અંતરલીન છે, પરિપૂર્ણપણે અંતરલીન છે. એને બધું જણાય છતાં આ મારા ભક્ત છે અને જે મારી સ્તુતિ વંદના કરતા નથી તે મારા ભક્ત નથી, એવું મારું-તારુંપણું એમને થતું નથી. મારાપણું એમને ક્યાંય દેખાતું નથી. શરીર સંયોગમાં રહ્યું છે, પરમઔદારિક પરમાણુ છે તોપણ મારું શરીર છે એમ તો જણાતું નથી.

**'મને એ ભોગથી સુખ થયું, હું સુખી છું એવી જૂઠી ભ્રમરૂપ કલ્પના માની ખુશી થાય છે.'** જેમ છોકરાને કોડિયું મળે ને રાજી થાય. રમતા રમતા બે-ચાર કોડી લઈને રમવા ગયો હોય અને એમાં ખીચું ભરાય જાય એટલી જીતે તો ઠેકડે ઠેકડા મારે. જીતી ગયો રે.. જીતી ગયો. એમ નાના-મોટા પ્રસંગમાં પોતાની સફળતા જાણીને જીવ હરખાય છે એ જૂઠી ભ્રમણા થઈ છે. કોડિયુંમાં ખુશી થાય એના જેવી વાત છે.

**'એવી જૂઠી ભ્રમરૂપ કલ્પના માની ખુશી થાય છે. (તેમાં) કાંઈ**

**પણ સાવધાનીનો અંશ નથી.**' એવા પરસંયોગમાં ઉત્સાહના, રસના, ખુશીપણાના જે હોંશના પરિણામ છે એમાં શું નુકસાન છે ? કે હું જ્ઞાનમય ચેતન આત્મા છું એવી અંતર સાવધાનીનો અંશમાત્ર એમાં નથી. એકલો જડ બાજુ બાહ્ય દિશામાં, બાહ્ય પરિણામમાં એટલો બધો ઉપયોગથી પરોવાય જાય છે કે હું જ્ઞાનમય આત્મા છું એવી એને જરાપણ સાવધાની રહેતી નથી.

પરમાત્મ સ્વરૂપે છું. મારી કિંમત આવી ઓછી નથી. એ તો નિજપદમાં ઉચ્ચપદ માની માનીને હોંશ કરે છે. પોતાનું ભાન ભૂલીને, પોતાના ઉચ્ચપદનું ભાન ભૂલીને નીચપદમાં હોંશ માને છે કે જગતમાં મારી આટલી આબરૂ વધી ગઈ છે, અત્યારે મારી છાપ જગતમાં બહુ સારી છે. પણ તું ત્રણલોકનો નાથ, એ પદ છોડીને નીચપદમાં ક્યાં હરખાય છો ? જરા પણ સાવધાનીનો અંશ નથી. કાંઈપણ સાવધાનીનો અંશ નથી.

કેવી પદ્ધતિ છે 'દીપચંદજી'ની કહેવાની ! કે જીવ પોતાના પરિણામને જોતો જાય, અવલોકતો જાય, મેળવતો જાય તો એને એમ લાગે કે બરાબર (છે), આ તો મને જ કહેવામાં આવે છે. મેળવે તો એવું એને લાગે. સાચું કહ્યું છે કે ખોટું કહ્યું છે એ એને પછી તર્કવિતર્કમાં જવાની જરૂર પડતી નથી. પોતાના અનુભવ સાથે મેળવે ત્યારે એને બધી બરાબર સમજણ પડે છે.

'**કાંઈ પણ સાવધાનીનો અંશ નથી. આ કોઈ આશ્ચર્ય છે...**' જુઓ ! એ જ શબ્દ વાપર્યો છે '**કે તું ત્રણ લોકનો નાથ હોવા છતાં પોતાના પૂજ્યપદને ભૂલી, નીચે...**' નીચે નહિ પણ નીચ જોઈએ. '**નીચપદમાં પોતાને માની વિકલ થઈ વ્યાકુળ બનીને ડોલે છે.**' એ હરખાય છે એમાં એની વ્યાકુળતા છે. હરખમાં ડોલે છે એમ નથી કીધું. પણ એ તો દુઃખી થઈને ડોલે છે. વ્યાકુળ બની બનીને ડોલે છે. '**આ કોઈ આશ્ચર્ય છે.**' કેવું આશ્ચર્ય છે ? કે પોતાના જ મહાન પદને ભૂલી જઈને હલકા પદમાં પોતાની ખુશી માને છે. આકુળતા છે ત્યાં સુખ માને છે. દુઃખ છે ત્યાં સુખ માને છે. દુઃખમાં સુખની ભ્રાંતિ થાય છે. કલ્પના થાય છે, ભ્રાંતિ થાય છે. છે એને આકુળતા, વિકળપણું છે.

અનંત દુઃખ છે ત્યાં. મિથ્યાત્વનું અનંત દુઃખ છે પણ ટેવાઈ ગયો છે એવો અને કલ્પના કરી છે એવી વિપરીત ઊંધી કે એ દુઃખમાં સુખ કલ્પે છે. હરખાય જાય છે. દુઃખમાં તો દુઃખ હોય. દુઃખમાં કાંઈ સુખ હોય એવું બને નહિ. થોડુંક સુખ થતું હશે કે નહિ થાય ? કે નામમાત્ર અહીંયાં સુખ નથી.

એ મહા આશ્ચર્ય છે. આવો ભૂલાવો છે. સામાન્ય ભૂલાવો નથી પણ આવો ભૂલાવો છે. અંદરમાં જોવે તો પોતાનું ત્રૈલોક્ય પૂજ્યપદ છે. ત્રણ લોક જેને નમી પડે એવું પદ છે. ભગવાન અરિહંત, સિદ્ધને ત્રણ લોક નમે જ છે ને ? તર્ક કરે છે માણસ. અન્યમતિઓ ક્યાં માને છે ? જૈનો હોય એ ભલે માનતા. તમે એમ કહો છો કે ભગવાન ત્રિલોકવંદિત છે પણ જૈનો સિવાય ક્યાં માને છે ? અજૈનો તો માનતા નથી. અથવા વિરોધીઓ છે એ વિરોધ પણ કરે છે. તમે એને ત્રણલોકના જીવો વંદે છે એમ કેમ કહો છો ? તો કહે છે, જે લોકો વિરોધ કરે છે અને જે લોકો માનતા નથી તે બધા પુણ્યને માનનારા છે અને પુણ્યના ફળમાં નમનારા છે. કોને નમે છે એ બધા ? પુણ્યને નમે છે અને પુણ્યના ફળને નમે છે. પુણ્યના જે પદવીધારી છે એવાને પણ મહાન ગણીને નમે છે. તો જગતમાં સર્વોત્કૃષ્ટ પુણ્યના ધારી જે ઈન્દ્રો ચક્રી છે એ બધા તો ભગવાનને નમે છે. એ જેને નમે છે એ ભગવાનને નમે છે. એ આવી ગયા. એ એની નીચે આવી ગયા કે ન આવી ગયા ? શત ઈન્દ્ર વંદિત. સો ઈન્દ્રોથી ભગવાન વંદિત છે. સો ઈન્દ્રો એટલે જગતમાં ત્રણે લોકમાં પુણ્યવંત પ્રાણી છે. નાગેન્દ્ર એમાં નીચે આવી ગયા. બધા આવી ગયા. કોઈ બાકી નથી. જે તિર્યંચોમાં ઈન્દ્ર છે, સિંહ છે એ તિર્યંચોમાં ઈન્દ્ર છે. એ પણ ભગવાનના સમવસરણમાં હોય છે. નમે એટલે ગલુડિયાની જેમ ઢીલા હોય છે. ભગવાન પ્રત્યે એટલો પૂજ્ય ભાવ તિર્યંચ ગતિમાં આવે છે.

**'આ કોઈ આશ્ચર્ય છે કે તું ત્રણ લોકનો નાથ હોવા છતાં પોતાના પૂજ્યપદને ભૂલી, નીચે પદમાં પોતાને માની વિકલ થઈ વ્યાકુલ બની ડોલે છે.'** એમાં ને એમાં તું ખુશી થાય છે. ખરી પરિસ્થિતિ આ છે. **'જેમકે : કોઈ એક ઈન્દ્રજાળના નગરમાં રહે છે.'** **'જેમ કે કોઈ ઈન્દ્રજાળના નગરમાં રહે છે.'** ઈન્દ્રજાળ એટલે માયાવી બધું બનાવ્યું

છે. **'ત્યાં તે ઈનદ્રજાલીને વશ થઈ ઈન્દ્રજાલના હાથી, ઘોડા, નર, સેવક, સ્ત્રી, સર્વે તેમાંથી કોઈને તે હુકમ કરે છે...'** એને રાજા બનાવ્યો ઈન્દ્રજાળમાં. જો આ તારા હાથી, આ તારા ઘોડા, આ તારા અનુચર, આ તારી રાણીઓ. એમ સર્વેમાં કોઈને હુકમ કરે, ચાલો આમ કરો, તેમ કરો, ફલાણુ કરો, ઢીકણું કરો. હુકમ કરે છે. સેવક આવીને ત્યાં તેને સલામ કરે છે. જે સેવક બનાવ્યા છે એ આવીને એને સલામ કરે છે. આ પોરો ખાય છે કે, વાહ ! મને સલામ ભરનારા છે. ઓળખાણ હોય તો માણસ કહે, અમારે તો બધી ઓળખાણ છે. જ્યાં જઈએ ત્યાં બધી ઓળખાણ નીકળે. સરકારી ખાતામાં જઈએ તો ઓળખાણ, સમાજસેવકોમાં ઓળખાણ, શેઠિયાઓમાં, બજારોમાં ઓળખાણ, બધી બજારોમાં ઓળખાણ. આ ઈન્દ્રજાળની ઓળખાણ છે તારે.

**'સેવક આવીને સલામ કરે છે, સ્ત્રી નૃત્ય કરે છે, (પોતે) હાથી ઉપર ચડે છે, ઘોડા દોડાવે છે. ઈન્દ્રજાળમાં આ તમાશાને સાચો જાણે છે.'** આ બધા તમાશા છે. બધું વિલિન થઈ જાય છે ને ? જેને જગતમાં સાચા સંયોગો માને છે એ એના તો કોઈ થતા નથી. કાં તો સંયોગોમાં ફેરફાર થાય અને કાં તો પોતે ફેરફાર થઈને બીજા ક્ષેત્રે ચાલ્યો જાય છે.

**'ઈન્દ્રજાલમાં આ તમાશાને સાચો જાણે છે, વિકલતા ધારણ કરી કોઈવાર કોઈના વિયોગથી રડે છે,...'** એમાં તો એને કોઈનો વિયોગ થાય તો રડે છે. અરે..રે..! મારા બહુ પ્રિયજન હતા એ ચાલ્યા ગયા. તારે ને એને કાંઈ લેવા દેવા હતી નહિ. એક જ જીવ રાગ કરે છે, તે જ જીવ પાછો દ્વેષ કરે છે. પાછો તે જ જીવ રાગ કરે છે. રાગ કરે છે ત્યારે તને સારો લાગે છે અને સારો જાણે છે. દ્વેષ કરે છે ત્યારે એને તું દુશ્મન જાણે છો કે આ મારો દુશ્મન, મારી સાથે દુશ્મનાવટ કરે છે. એ બધા સંયોગના ખેલ છે, કાંઈ સાચું નથી, એમ કહે છે. કાંઈ કિંમત નથી એમ કહેવું છે. ઈન્દ્રજાળ કહીને એમ કહેવું છે કે એની કાંઈ કિંમત નથી.

જે સંયોગ, વિયોગ અનુકૂળતા, પ્રતિકૂળતાની કિંમત આપીને આ જીવ આખે આખો રોકાય જાય છે. આખો આખો વોરાય જાય છે, લ્યો ને ! પોતાના અનંત ગુણને મેલા કરે છે. રોકાઈને શું કરે છે ? અનંત ગુણને મલિન કરે છે અને અનંત દુઃખ ઉત્પન્ન થાય એવા પરિણામ કરે

છે. **'વિકલતા ધારણ કરી કોઈવાર કોઈના વિયોગથી રડે છે, (તથા) દુઃખી બની છાતી કૂટે છે.'** એટલો બધો રડે. મરણ થાય ત્યારે છાતી કૂટે છે કે નહિ ? હવે એ બધું ઓછું થઈ ગયું. પહેલા તો બહુ રડતા લોકો. ન રડતા હોય તો (રોવડાવવાવાળાને બોલાવે). કહે છે કે એ વાતમાં કાંઈ માલ નથી.

**'કોઈવાર કોઈનો લાભ માની ખુશી થાય છે,...'** અમને બહુ અનુકૂળ છે. ઘણો લાભ કરાવી દીધો. અમને લાખો રળાવી દીધા. લાખો કરોડોનો નફો કરાવી દીધો, અમને ઊંચા લાવી દીધા, અમને આમ કરી દીધું, તેમ કરી દીધું. ખુશી થઈ જાય છે. **'કોઈવાર કોઈનો લાભ માનીને ખુશી થાય છે, કોઈવાર શૃંગાર સજે છે,...'** આ મને સારું લાગે છે, આ મને સારું લાગે છે, આ મને ઠીક લાગે છે. મારો દેખાવ આનાથી બહુ સારો થાય છે. તેમ **'શૃંગાર સજે છે, કોઈવાર ફોજ દેખે છે.'** મુનિ થાય ત્યારથી આ પ્રક્રિયા નથી. શૃંગાર સજવાનું, બીજું, ત્રીજું કાંઈ નથી. વાસ્તવિક માર્ગમાં એ આવી ગયા, વાસ્તવિક માર્ગમાં વિચરે છે. એ બધા ખેલ પડતા મૂકીને જાય છે. **'કોઈવાર શૃંગાર સજે છે, કોઈ વાર ફોજ દેખે છે.'** મારી પાસે આટલું લશ્કર છે એમ હું જોઉં છું. કલ્પના બધી એવી કરે. ઈન્દ્રજાળમાં તો બધી કલ્પના થાય છે. **'કોઈવાર ફોજ દેખે છે.'**

મુમુક્ષુ :- ઈન્દ્રજાળ એટલે ખોટું ?

પૂજ્ય ભાઈશ્રી :- ઈન્દ્રજાળ એટલે એ માયાવી રચના, કોઈ દેખાવ કરી દે. એવી વિદ્યાઓ હોય છે. દેખાવ કરી દે. જુઓ ! આ બધું તમને દેખાય છે કે નહિ ? કાંઈ ન હોય. એટલે તો 'મરિચિ'એ 'ઋષભદેવ' ભગવાન ઉપર આરોપ એ જાતનો કર્યો હતો કે આ મારા દાદા છે એ બહુ કપટી છે. હું ઓળખું છું. તમે ન જાણો એને. હું તો જાણું બરાબર. આ બધું સમવસરણ ને બધું તમને દેખાય છે એ બધું કાંઈ નહોતુ પહેલા. ઈન્દ્રજાળિયાથી બધું ઊભું કરી દીધું. અને પાછુ આ બધું વિખાય જશે. જોજો તમે, હું કહું એ સાચું પડે છે કે નહિ ? તો પહેલા નહોતું એ વાત પણ સાચી. એ તો કુબેરે આવીને રચના કરી. અને જેવા ભગવાન બીજી જગ્યાએ વિહાર કરે, પોતે ક્ષેત્ર બદલે, કુદરતી, વિકલ્પ નથી, પણ એવો જ કોઈ ક્ષેત્રનો યોગ હોય તો ત્યાં

ભગવાનનું દેહ સહિત એમ ને એમ આકાશમાર્ગે જેમ Plane જાય એવી રીતે ગતિ થાય. ડગલા ભરે, ઊભા થાય એવું કાંઈ નહિ.

અહીંનું જે સમવસરણ છે એ આખું બધું ઘડીકમાં ફૂ થઈ જાય. ત્યાં કાંઈ એને મકાન પાડવાવાળાને બોલાવવા પડે નહિ કે ભાઈ ! કાટમાળ વેચવાનો છે. તો Contract આપવો પડે. અને Truck ભરીને કોઈ ચીજ લાવવી પડે નહિ અને એમ કાંઈ લઈ જવું પડે નહિ. એવી જ એ રચના છે. એવી કાચી બુદ્ધિવાળાને એ સાચું લાગ્યું. એના પણ અનુયાયીઓ હતા. જગતમાં એના પણ અનુયાયીઓ હતા કે વાત સાચી કરે છે. એણે કીધું એમ જ થયું બધું, હોં ! આ 'મરીચિ' સાહેબ કહે છે એ જ બધું થયું. પહેલા કાંઈ નહોતું અને પાછું બધું થઈ ગયું અહીંયાં. પાછા કહે છે કે એના ઘરના માણસ છે. એ તો સાચી જ વાત કરે ને. એ તો જાણતા જ હોય ને. એવા અમુક પુરાવા મળી જાય કે એ બુદ્ધિવાળાને એ બરાબર બેસી જાય. કે આ જ સાચા છે, આ સત્ય કહે છે. ભલે ગમે તે હોય સામે. પણ આ સાચું કહે છે. એ કહે છે એ બધું સાચું પડે છે. ઠીક !

મુમુક્ષુ : અત્યારે અન્યમવાળા એમ જ કરે છે ને ? આ...

પૂજ્ય ભાઈશ્રી : હા. બધે બધે એવું છે. એવું થાય. એવા અનેક પ્રસંગો બને છે.

મુમુક્ષુ :- આ બધા કારખાના, મકાન ઈન્દ્રજાળ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઈન્દ્રજાળ જ છે એમ કહે છે. પર્યાય પલટી જાય છે. એ બધી પર્યાય પલટી જાય છે. કોઈ એનું થઈને રહે છે ? આ તો જે ક્ષેત્રે તું આકાશમાં છો, એ જ ક્ષેત્રે આ દેહ છે. પણ બીજા તો ભિન્ન ક્ષેત્રે રહેલા છે.

મુમુક્ષુ :- પુદ્ગલ પરમાણુ ભેગા થાય અને છૂટા થાય.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો એનું નામ પુદ્ગલ પાડ્યું. પુરાવું ને ગળાવું... પુરાવું ને ગળાવું... પુરાવું ને ગળાવું એનો સ્વભાવ છે એટલે એને પુદ્ગલ કહ્યા. જડ તો પાંચ જડ છે. પણ પાંચ જડમાં પરમાણુ જડ છે એને પુદ્ગલ પરમાણુ કહેવામાં આવ્યા છે. ઓલા કાળાણું છે એ પણ ભેગા નથી થતા, જુદા પડતા નથી. બાકી તો બધા એક એક છે.

**'કોઈવાર મોજ માણે છે.'** લ્યો ! જાણે બહુ આનંદ ઉલ્લાસમાં

મોજમાં આવે છે. **'એવી રીતે જૂઠનો તમાશો સાચો માની રહ્યો છે.'** આ બધો જૂઠનો તમાશો છે. એટલે સંયોગોના ફેરફાર થતાં જ્ઞાનીને એની અસર આવતી નથી. જેટલી અસ્થિરતા છે એટલી અસ્થિરતા સાધક અવસ્થામાં દેખાય, તોપણ ખરેખર એને અંદરમાં અસર આવતી નથી. એની શ્રદ્ધા, એનું જ્ઞાન એ ફરતું નથી. **'જૂઠનો તમાશો સાચો માની રહ્યો છે. સંસારમાં બધા કહે છે કે ઈન્દ્રજાલ જૂઠી છે, એમાં રંચ પણ સાચું નથી.'** સ્વપનાનો મેળ ખાય છે આની સાથે. સ્વપનામાં બધું જૂઠું છે ને કાંઈ સાચું નથી. જેટલી ઉપર વાત કહી એટલી બધી સ્વપ્નમાં થાય, પણ જાગે તો એમાં કાંઈ નથી. એમ અહીંયાં આખા જગતના પ્રસંગોને સાચા માની રહ્યો છે પણ અંદર જોવે તો એને એમ થાય કે આમાં તો કાંઈ નથી. મારામાં કાંઈ નથી અને જે કાંઈ છે એને ને મારે લેવાદેવા નથી. વાત પૂરી થઈ ગઈ. એ બધી કિંમત એની ખલાસ થઈ જાય છે. 'ગુરુદેવ' તો ત્યાં સુધી કહેતા કે આ પ્રચાર, પ્રસાર, પ્રભાવના સંયોગમાં કરે છે ને ? ચાલો તત્ત્વનો પ્રચાર કરીએ, તત્ત્વનો પ્રસાર કરીએ, પ્રભાવના થાય જૈનધર્મની, તો એ શું છે ? કે એ સંસાર છે એમ કહેતા. એ પણ સંસાર છે. એમાં ક્યાંય આત્મા નથી. એમ કહેતા.

મુમુક્ષુ :- પૂજા, પાઠ, સ્વાધ્યાય...

પૂજ્ય ભાઈશ્રી :- આકરું પડે એવું છે. એ બધોય સંસાર જ છે એમ કહે છે. એમાં ક્યાંય આત્મા નથી. આ પંચ કલ્યાણક થાય ત્યાં તો કાંઈક હશે કે નહિ? ક્યાંય આત્મા નથી.

મુમુક્ષુ :- આત્મા છે ક્યાં ?

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા ત્રિકાળી આત્મામાં છે, ત્રિકાળી સ્વભાવમાં આત્મા છે. ત્રૈલોક્ય પૂજ્ય પદ છે.

**'એમાં રંચ પણ સાચું નથી. એજ પ્રમાણે દેવ, નર, નારક, તિર્યંચના શરીર જડ છે,...'** ચારેય ગતિના શરીર જડ છે. **'(તેમાં) ચેતનનો અંશ નથી,...'** એ જડશરીરમાં ક્યાંય ચેતનનો અંશ નથી. ત્રણ ગતિ સાથે તો કોઈને લાગતુવળગતું નથી. વર્તમાન જે ગતિમાં હોય છે, અત્યારે મનુષ્ય છે, તો એણે એ તપાસી લેવું જોઈએ કે આ જે

જડશરીર છે એમાં ચેતનનો કાંઈ અંશ ખરો ? કે એમાં ચેતનનો અંશમાત્ર નથી. સોના જેવું શરીર દેખાતું હોય તોપણ એમાં ચેતનનો અંશ નથી. આ નથી કહેતા ? સોના જેવી કાયા છે. પણ એમાં કાંઈ ચેતનનો અંશ નથી. તને ભ્રમણા થતી હોય કે આ ઠીક છે પણ એમાં ક્યાંય ચેતનનો અંશ નથી.

મુમુક્ષુ :- જીવીત શરીર ને ...

પૂજ્ય ભાઈશ્રી :- એ મૃત જ છે. જીવિત-ફીવિત કાંઈ છે નહિ. જીવનો સંયોગ છે એટલે જીવિત શરીર કહેવાય છે. 'ખાણિયા' ચર્ચા થઈ ત્યારે દિગંબરના પંડિતો આ દલીલ લાવ્યા હતા. જીવિત શરીર છે એનાથી આ બધા કાર્યો થાય-પૂજા થાય, ભક્તિ થાય, પ્રભાવના થાય. અમે પૂજા કરી, અમે સંયમ પાળ્યો, અમે આમ કર્યું, અમે આમ કર્યું, અમે આમ કર્યું. એ જીવિત છે કે મડદું છે ? કે મડદું જ છે. તારા સંયોગમાં છે ત્યારે તે મડદાને મડદાના સ્વરૂપે તું જો. એમ કહેવું છે. નહિતર એની તને મહિમા અને કિંમત આવશે. એની મહિમા અને કિંમત આવશે એટલે આત્માની મહિમા અને કિંમત જાશે.

'**તિર્યંચના શરીર જડ છે, (તેમાં) ચેતનનો અંશ નથી, ભ્રમથી (તેને) શૃંગારે છે,...**' શણગારે છે એ પણ ભ્રમથી. કે વાહ ! આ મને આમ મળ્યું, તેમ મળ્યું. '**ખાપપાનથી ધૂપેલ તેલ લગાડવા આદિથી (તેનું) અનેક રીતે જતન કરે છે.**' કપડાથી શોભા કરે, દાગીનાથી શોભા કરે. પહેલા બહુ પ્રસાધનો નહોતા. આ બધા Cosmetic જેને કહીએ. તે દિ' તો ધૂપેલ તેલ સાદુ તેલ નાખતા લોકો. નાનપણમાં તો ૨૫-૫૦ વર્ષ પહેલા ખ્યાલ હશે. ઘરે ધૂપેલ તેલ લઈ આવે. ધૂપેલ તેલ નાખે.

મુમુક્ષુ :- હવે મોંઘું થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- એથી પણ મોંઘુ વાપરે છે. અનેક જાતના સેન્ટ ને અત્તર ને બીજું, ત્રીજું. પણ હવે એની વાસ નથી ગમતી. બીજી બધી વાસ ગમે છે.

મુમુક્ષુ :- મડદાને શણગારે છે.

પૂજ્ય ભાઈશ્રી : એ તો જે ચાલતું હોય એ શબ્દ વાપરે ને. અત્યારે કોઈ લખે તો બધી ઘણી લાંબી વાતો લખે છે, કે આ વાપરે છે, પાવડરને ફલાણુ ને ઢીંકણું ને લોકડું આ ને તે ને.

**'(તેને) શૃંગારે છે, ખાનપાનથી ધૂપેલ તેલ લગાડવા આદિથી (તેનું) અનેક રીતે જતન કરે છે.'** સંભાળે છે. શરીર સાચવવું. શરીરે સુખી તો સુખી સર્વ વાતે, એમ કહે. વળી ધર્મમાં ? તો કહે શરીર આદ્ય ખલુ ધર્મ સાધનમ્. જુઓ ! શાસ્ત્રમાં લખ્યું છે. આવે શાસ્ત્રમાં, હોં પાછું !

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં છે. 'અમૃતચંદ્રાચાર્ય'નું 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' છે ને એમાં આવે છે. 'ગુરુદેવ' પ્રવચન કરે ને એના ઉપર (ત્યારે એમ કહે) કે, ભાઈ ! એનો અર્થ એમ છે કે તને શાતા-અશાતામાં તારા પરિણામ ખેંચાય જાય છે. તો જ્યારે શરીરની શાતા છે ત્યારે તું સાવધાન થઈને ધર્મના પરિણામ કર. વ્યવહારે તો બધો એવો જ ઉપદેશ અપાય ને ? નહિતર પાછી અશાતા તો આવવાની જ છે. કાંઈ એકલી શાતા કોઈને રહે એવું તો બનતું નથી. એટલે વળી પાછો તું આખે આખો અશાતાના પરિણામમાં ખોવાય જઈશ. એના કરતા શાતા છે, હાથપગ સાજા છે, ઇન્દ્રિયો સાજી છે ત્યાં સુધીમાં તું સાવધાન થઈને તારા ઉપયોગને ધર્મમાં લગાવ. બીજી આકુળતા નથી ત્યાં સુધી. પણ એનો આધાર લેવા જાય કે હવે હું સાજો-સારો છું માટે ધર્મ કરી શકીશ અને માંદો રહીશ કે માંદો થઈશ તો ધર્મ નહિ કરી શકું. તો ધર્મ થાય નહિ, તો કદિ ધર્મ ન થાય. ધર્મ તો આત્માના અવલંબને થાય છે. શરીરના અવલંબને કાંઈ ધર્મ થતો નથી. પણ કોઈ એવી પરિણામની સ્થિતિ જોઈને, એવા પરિણામની સ્થિતિવાળાની અપેક્ષાએ એવી વાત કહેવામાં આવે છે.

**'અનેક રીતે જતન કરે છે. જૂઠમાં જ મોજ માણી હરખાય છે.'** કાંઈ ત્યાં મોજ જેવું છે નહિ, ઊલટાની આકુળતા થાય છે. તોપણ મોજ માણી માણીને હરખાય છે. **'મરેલાની સાથે જીવતાની સગાઈ કર્યે, કાર્ય કેવી રીતે સુધરે ?'** મડદું હોય એને કહે કે ચાલો, આ તારી સગાઈ કરી આની સાથે. એમ આ શરીર સાથેનો તારો સંબંધ, જીવતાનો સંબંધ મડદાની સાથેની સગાઈ જેવો છે. આમ કોઈ તૈયાર થાય ? રોગીષ્ટ હોય તોપણ ના પાડે. મડદાની તો ક્યાં વાત રહી ? ભાઈ ! એમને ટીબીનો રોગ છે. પણ કરવું હોય તો કરો. કરે કોઈ ?

ભાઈ ! Heart decease છે એમને. સંબંધ કરવો છે ? કહે, નહિ. એ કાંઈ વાત નહિ. આ તો મડદાની સાથે (સંબંધ કરે છે). આટલી મૂર્ખાઈ છે. થોડી નાની ભૂલ નથી પણ આવડી મોટી ભૂલ છે. બહુ ઘણી વાતો લખી છે. નાનો ગ્રંથ છે પણ બહુ વાતો લખી છે.

'**જૂઠમાં જ મોજ માણી હરખાય છે. મરેલાની સાથે જીવતાની સગાઈ કર્યે, કાર્ય કેવી રીતે સુધરે ?**' એ ક્યાંથી સુખી થવાનો હતો ? એમ કહે છે. ભલે અનેક પ્રકારના અનુકૂળતાના સંયોગો થઈ જાય, અનેક સગવડતાના સાધનો થઈ જાય. એ જીવ સુખી થવાનો કે નહિ થવાનો ? ક્યાંથી સુખી થવાનો ? એ સુખી થવાનો નથી. ઊલટાનું એના પરિણામમાં દુઃખ વધવાનું છે. વડાપ્રધાન થાય ત્યારે તો સુખી થાય કે નહિ ?

મુમુક્ષુ :- ભયથી જીવવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- ભયથી તો જીવવું પડે પણ એને ક્યાંય સખ ન મળે. ઘડીક આ સમાચાર આવે અને ઘડી તે સમાચાર આવે. એ અહીંયાં સળગ્યું છે ને અહીંયાં સળગ્યું છે. અનેક જાતના સાચા-ખોટા ગમે તેવા સમાચાર આવે. એના પરિણામને ક્યાંય આત્માનો એક વિચાર કરવાનો અવકાશ મળે નહિ. ક્યારેય હું આત્મા છું, એવો વિચાર કરવાનો એને અવકાશ મળે ? જોકે અહીંયાં ઉદયમાં સલવાય છે એની એ જ દશા છે. જે પ્રકારનો જેને વ્યવસાય છે, જે ઉદયમાં જ સર્વસ્વ માનીને, એણે ત્યાં સર્વસ્વ માન્યું છે કે આ મારું હિન્દુસ્તાન છે. એને હું સરખુ બધું કરી દઉં. એ એમાં સર્વસ્વ માનીને બધા પરિણામ એમાં જ રોકાય જાય છે.

'**કાર્ય કેવી રીતે સુધરે ?**' એટલે ક્યાંથી સુખી થાય ? સુખનો અંશ પણ પ્રગટે નહિ. એકલી આકુળતા... આકુળતા... આકુળતા... આકુળતાવાળું જીવન અને આકુળતાવાળું પરિણમન. એમ ને એમ એનો સમય ચાલ્યો જાય. પછી તો પરિણામ બગડતા જ જાય, બગડતા જ જાય ને બગડતા જ જાય. જ્યારે જીવને વિચાર કરવાની શક્તિ એટલી શક્તિ પ્રગટ હોય ત્યારે પણ એ પોતાનો વિચાર ન કરે, આત્મવિચાર ન કરે, આત્માની સામું ન જોવે, સંયોગમાં સાવધાન થઈને રોકાય જાય અને અસંયોગી તત્ત્વની ઉપેક્ષા કરે, પછી તો એને ક્યાંય

વિચાર કરવાની શક્તિ ન રહે એવી અસંજ્ઞીથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિયથી માંડીને એકેન્દ્રિયની પર્યાયમાં ચાલ્યો જાય છે. પરિણામ ત્યાં વધારે ક્લેશવાળા થાય છે.

**'જેવી રીતે શ્વાન હાડકાને ચાવે, (અને તેથી) તેના ગાલ, તાલુ, પેઢામાંથી લોહી નીકળે તેને જાણે કે સારો સ્વાદ છે,...'** પોતાનું ને પોતાનું લોહી. હાડકું સૂકું હોય. એમાં હાડકામાં કાંઈ લોહી કે સ્વાદ આવે એવું કાંઈ હોય નહિ. પણ કૂતરો હાડકાને ચાવવા જાય ત્યારે હાડકાની ફાંસ કે કણી એને વાગે. પોતાનું ને પોતાનું લોહી નીકળે. ગાલમાં વાગે, તાળવામાં વાગે, પેઢામાં વાગે એમાંથી લોહી નીકળે તેને જાણે કે સારો સ્વાદ છે. આ હાડકું ચાવતા ચાવતા સ્વાદ સારો આવે છે. હાડકામાંથી કાંઈ સ્વાદ આવ્યો નથી. **'તેમ મૂઢ પોતે દુઃખમાં સુખની કલ્પના કરે છે.'** એ સુખની કલ્પનાનો સ્વાદ લે છે. જડમાં તો કાંઈ સ્વાદ છે નહિ કે આત્મા એને સ્વાદી શકે, આસ્વાદી શકે. એના ઉપર 'બનારસીદાસજી'નું પદ છે. 'નાટક સમયસાર' 'બંધ અધિકાર'માં આ પદ લખ્યું છે.

'જૈસેં કોઉ કૂકર...' કૂકર એટલે કૂતરો. 'જૈસેં કોઉ કૂકર છુધિત સૂકે હાડ ચાવૈ,...' છુધિત એટલે ભૂખ્યો થઈને સૂકુ હાડકું મળે તોપણ એને ચાવે છે. 'હાડનિકી કોર ચહું ઔર ચુભૈ મુખમૈં;...' અને એ હાડકાની કોર એને ચારે બાજુ મુખમાં વાગે છે, ખૂંચે છે. 'ગાલ, તાલુ, રસના, મસઢનિકૌ માંસ ફાટૈ,...' ગાલનું માંસ ફાટે, તાળવાનું માંસ ફાટે, પેઢાનું માંસ ફાટે, જીભ ફાટે. 'ચાટૈ નિજ રુધિર મગન સ્વાદ-સુખમેં.' પોતાનું જ રુધિર, પોતાના જ લોહીનો એને સ્વાદ આવે અને એમાં એ સ્વાદમાં મગ્ન થાય છે કે વાહ ! હાડકું બહું સારુ લાગે છે. એવો ભ્રમ થાય છે.

'તૈસેં મૂઢ વિષયી પુરુષ રતિ-રીતિ ઠાનૈ, તામૈં ચિત્ત સાનૈ હિત માનૈં, ખેદ દુઃખમૈં,...' એવી જ રીતે મૂઢ અજ્ઞાની જીવ, જેની મતિ નિજ હિતમાં મૂંઢાઈ ગઈ છે, એવો પર વિષયમાં વિષયી થયેલો જીવ. પુરુષ એટલે જીવ લેવો. 'રતિ-રીતિ ઠાનૈ,...' અને એ જ્યાં એને ઠીક લાગે છે ત્યાં એને રતિ થાય છે એવી એ રીતમાં પડ્યો છે. 'તામૈં ચિત્ત સાનૈ હિત માનૈં,...' એમાં ને એમાં ચિત્તને સાવધાન કરે છે. એમાં ને

એમાં પોતાનું હિત માને છે. શેમાં હિત છે ? કે ખેદમાં અને દુઃખમાં એણે હિત માન્યું છે.

'દેખૈ પરતચ્છ બલ હાનિ-મલ-મત-ખાનિ ગહૈ...' પ્રત્યક્ષ દેખે કે આ શરીરબળ છે એમાં નુકસાન થાય છે. આ અનેક પ્રકારના રોગ થાય. આ શરીરમાં મળ છે, મૂત્ર છે. 'મલ-મત-ખાનિ ગહૈ...' મળ મૂત્રની એ ખાણ છે. 'ન ગિલાનિ પગિ રહૈ રાગ-રુખમૈં.' તોપણ એમાં એને ગ્લાનિ થતી નથી. એમાં એને ધૃણા થતી નથી. અને રાગ અને રાગના રસમાં એ પગિ રહૈ એટલે રચ્યોપચ્યો રહી જાય છે. એમાં ને એમાં રચ્યોપચ્યો રહે છે. એવી રીતે જીવ મૂઢ પોતે દુઃખમાં સુખની કલ્પના કરે છે. એ કૂતરાના દૃષ્ટાંતે લીધું છે.

કૂકર શબ્દ તો આપણે પણ વાપર્યો છે, 'આનંદઘનજી'એ. આ ગુજરાતમાં છે, આ રાજસ્થાનમાં છે. કૂકર આશાધારી. બધેથી જેને માન મેળવવું છે એને શું કહે છે ? કૂકર આશાધારી. જેમ કૂતરો ઘરે ઘરે ટૂકડો માગે છે. હડ હડ કરે તો વળી બીજા ઘરે જાય, પાડોશીના ઘરે. વળી ત્યાંથી હડ હડ કરે તો બાજુના ઘરે જાય. એમ આ જીવ અનેક જગ્યાએથી પોતાના માનની આશા રાખે છે. એને કૂકર આશાધારી, એવો શબ્દ વાપર્યો છે. અહીંયાં પણ કૂકર શબ્દ વાપર્યો છે.

મુમુક્ષુ :- કૂકર...

પૂજ્ય ભાઈશ્રી :- કૂકર એટલે કૂતરો. પણ એ બેય ભાષા એક જ શબ્દ છે. આ ઢૂંઢારીમાં પણ કૂકર શબ્દ છે અને ગુજરાતીમાં પણ કૂકર શબ્દ છે. જૂની ભાષા છે.

**'તેમ મૂઢ પોતે દુઃખમાં સુખની કલ્પના કરે છે.'** એકલો દુઃખમાં જ સુખની કલ્પના કરે છે. એમ કરીને આખી કિંમત ઉડાવી દેવી છે કે જગત, જગતના પદાર્થો, તારા સંયોગો અને ઉદય, એ બધાની કિંમત તું ઉડાડી દે. એક પરિણામે નરકનું ટાંકુ બંધાય અને એક પરિણામે સ્વર્ગનું ટાંકુ બંધાય. આવી તો પરિણામશક્તિ છે કે કુદરત એની સામે જોડાયેલી છે. એવા પરિણામના વિષયને સંભાળતો નથી, એને જોતો નથી અને જડ પાછળ તારા પરિણામ બગાડીને દુઃખના દરિયામાં તું ધકેલાય જાય છો.

મુમુક્ષુ :- હોંશ કરે પાછો.

પૂજ્ય ભાઈશ્રી :- હા એમાં હોંશ કરે. એક તો દુઃખી થવાનો ઉપાય સેવે અને એમાં ને એમાં પાછી હોંશ કરે.

મુમુક્ષુ :- બીજાની વાત છે, અમારી કાંઈ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની જ વાત છે. આ જીવે આ બધું કર્યું છે. જો તું તપાસ. એમ કહે છે. દેખ ! તારામાં તું જો આમ થાય છે કે નહિ ? એમ કહે છે. બીજાની કોઈની વાત નથી. તારામાં આમ થઈ રહ્યું છે એ તો જો, એમ કહે છે. કોઈપણ જડ સંયોગમાં તને શાતા અને સુખની કલ્પના થાય છે ? એમ દેખ, તપાસ કર. અને તપાસ કે ત્યાં સુખ છે કે નહિ ? કે આ ઠીક છે એવા રાગનો તને સ્વાદ આવ્યો છે. આ સારું લાગે છે એવા રાગનો તને સ્વાદ આવ્યો છે. આ સિવાય બીજો કોઈ તને જડનો સ્વાદ આવી શકતો નથી.

**'પેઢામાંથી લોહી નીકળે તેને જાણે કે સારો સ્વાદ છે,...'** કૂતરાને. **'તેમ મૂઢ પોતે દુઃખમાં સુખની કલ્પના કરે છે. પરફંદમાં સુખકંદ-સુખ માને છે...'** પરફંદમાં-બીજાના ફંદમાં ફસાય છે. પરફંદ-ફંદ એટલે ફસાવાનો કારહો કરે એને ફંદ કહેવામાં આવે છે. છટકું. ફસાવાનું છટકું. જેમાં કોઈને ફસાવવો હોય એને પરફંદ કહેવામાં આવે છે. તો કહે છે કે એ પરમાં ફસાય છે. પોતે સુખકંદ છે એ પરફંદમાં ફસાયને સુખ માને છે. કો'ક એને ફસાવે ત્યારે એને એ સુખ માને છે. આ જગતમાં પણ એવા ઠગ માણસો હોય છે ને ? ઠગ માણસો હોય એ ખોટી ચીજને સાચી બનાવી દે. આ હીરા આવે છે. અમેરિકન ડાયમંડ આવે છે કે નહિ ? શરૂઆતમાં નીકળ્યા ત્યારે ત્રણસો રૂપિયાનો માલ ત્રીસ-ત્રીસ હજારમાં લોકો વેચતા હતા. કેટલો ? ત્રણસોના હીરા હોય એના ત્રીસ હજાર ઉપજાવી લ્યે. અને ઝવેરીઓ ભૂલ્યા હતા. કોણ ? ઝવેરીઓ ભૂલ્યા હતા. અને હરખાય કે આહા..હા..! ત્રીસ હજારનો હીરાનો હાર ખરીદ્યો. હોય કાંઈ નહિ એની અંદર. ત્રણસો તો લેવા જાય તો બેસે. વેચવા જાય તો કાંઈ ત્રણસો ઊપજે નહિ. ખલાસ. હવે એમાં રાજી થઈ જાય. રાજી રાજી થઈ જાય. છેતરાય જાય અને રાજી રાજી થાય. આ દશા છે જીવની.

**'પરફંદમાં સુખકંદ-સુખ માને છે...'** પહેલા અમારી સ્થિતિ બહુ સારી નહોતી, હવે તો અમે લાખોપતિ ને કરોડપતિ થઈ ગયા છીએ.

સુખ માને છે. શું હશે એ બધું ? હિન્દુસ્તાન તો ગરીબ જ દેશ હતો. બે-ચાર-પાંચ પેઢીએ જાવ એટલે આર્થિક સ્થિતિએ બધા સાધારણ હતા. આઠમી પેઢીએ તો લગભગ કોઈ શ્રીમંત નહોતું. સાત પેઢી મૂકી દ્યો. આઠમીએ તો બધા (નબળા જ હતા). કોઈ બીજી તો કોઈ આઠમીએ. અત્યારે ભલે ગમે તેવા શ્રીમંત દેખાતા હોય. અમે આમ થઈ ગયા. હવે તું ફસાય ગયો છો, બાપુ ! તું દુઃખમાં ફસાય ગયો છો. એમ માન્યું એ જ તને મોટું નુકસાન છે. એની તને ખબર નથી.

**'પરફંદમાં સુખકંદ-સુખ માને છે. અગ્નિની જાળ શરીરમાં લાગે ત્યારે કહે કે મારામાં જ્યોતિનો પ્રવેશ થાય છે.'** આવી ભ્રાંતિ (થાય છે). કોઈકે આગ ચાંપી, અગ્નિ સળગી, કપડા પકડ્યા, તો રાજી થાય કે, અરે..! આ તો મારામાં જ્યોતિ પ્રગટ થઈ. અરે..! પણ હમણાં સળગી જઈશ આખેઆખો. કેવી કેવી ઉપમાઓ આપી છે ! '**અગ્નિની જાળ શરીરમાં લાગે ત્યારે કહે કે મારામાં જ્યોતિનો પ્રવેશ થાય છે. જો કોઈ અગ્નિની ઝાળને બુઝાવે છે તો તેની સાથે લડે,...**' મારામાં જ્યોતિ પ્રગટી ને તું એને ઓલવી નાખે છો ? એમ મારા સંયોગો સારા થયા અને તું મને લઈ ગયો અને લૂંટી ગયો ? મારું બધું લઈ ગયો ? મારું બધું લૂંટી ગયો ? એમ કહે છે.

મુમુક્ષુ :- જ્યોતિ એટલે આત્મામાં...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જ્યોતિ એટલે શું છે કે જેમ કોઈ પોતામાં જ્યોતિ પ્રગટ થાય તો એક જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય એ તો આનંદની વાત છે ને ? હવે જ્ઞાનજ્યોતિ તો પ્રગટી નથી. અને ખરેખર તો રાગ-દ્વેષ પ્રગટ્યા છે અથવા તો સંયોગો વધ્યા છે. સંયોગો વધ્યા એમાં મમત્વ કર્યું એમાં તો તને નુકસાન થયું છે. એમાં તો આગ લાગી છે. અંદર આકુળતાની આગ લાગી છે. તું એમ માને છે કે હું તો ખુશી થઈ ગયો છું. જેમ જ્યોતિ પ્રગટે ને ખુશી થાય એમ. ખરેખર ત્યાં અજવાળુ નથી થયું. એ તો આગ લાગી છે. આગ લાગી અને અજવાળાની હોંશ કરે તો આગ તો વ્યાપી જાય. એને કોઈ ઓલવવાની મહેનત ન કરે, વધારવાની મહેનત કરે. એમ તું સંયોગો વધારવાની મહેનત કરે છો. જેનાથી આકુળતા અને જેનાથી તારું અહિત થાય એમાં તું આગળ વધવા અને એમાં વિકાસ કરવાની વાત કરે છે. અને કોઈ એ સંયોગો

મટાડે તો જેમ કોઈ જ્યોતિને ઓલવનારો નીકળ્યો એમ માનીને એની સાથે લડાઈ કરે છો. મારા સંયોગો લઈ જવા છે ? તારે મને લૂંટી લેવો છે ? આ તો બધું મારું છે ને તું લઈ જા છો ? એમ કહેવું છે. કઠણ વાત છે જરા. પણ મારું હોય ને લઈ જાય તો પછી હું એને કાંઈ ન કહું ? એમ કહે. પણ હતું કે દિ' તારું ? આમ છે.

**'જો કોઈ અગ્નિની ઝાળને બુઝાવે છે તો તેની સાથે લડે, એવી રીતે પરમાં પરના દુઃખસંયોગને બુઝાવે તો તેને શત્રુના જેવી નજરે જુએ, ક્રોધ કરે.'** આ પરિસ્થિતિ છે કે નહિ ? આ જ પરિસ્થિતિ છે. અહીં સુધી રાખીએ...

વર્તમાનકાળમાં સત્સંગની ઘણી હાનિ થઈ ગઈ છે. તે બાબતમાં ઘોર અંધકાર વ્યાપી ગયો છે. ઓઘસંજ્ઞાએ, પ્રસિદ્ધિ પ્રાપ્ત જ્ઞાનીપુરુષો (જે વિદ્યમાન નથી.) તેમના વચનોનો કલ્પિત અર્થ સમજી, મતિકલ્પનાએ માર્ગનું આરાધન, સંપ્રદાય બુદ્ધિએ થવા લાગ્યું છે. યથા :-

'પદ ગાવા' માત્રને ભક્તિ સમજીને તે પ્રવૃત્તિની પ્રધાનતા જ્યાં ત્યાં વર્તે છે. તો ક્યાંક શાસ્ત્રના વાંચન, અર્થઘટન સંબંધી વિવાદ, અને ઉપદેશક વૃત્તિરૂપ સ્વચ્છંદના દર્શન થાય છે. પરંતુ સત્સંગનું જે અપૂર્વપણું, મુમુક્ષુની ભૂમિકામાં તેનું મહત્ત્વ, અને જરૂરિયાત ઉપર કોઈનું લક્ષ હોય, કે તેનું યથાર્થ ભાન હોય, તેમ દેખાતું નથી. સમ્યક્દર્શનનો મહિમા ગાનારાઓ માત્ર વ્યક્તિ પૂજાનાં સંકુચિત માનસથી પીડાય છે, અને તે દ્વારા ઓઘસંજ્ઞાનું પ્રદર્શન કરી રહ્યા છે.

જ્ઞાનીની ઓળખાણ નહિ હોવાથી, મુમુક્ષુઓએ પરસ્પર સત્સંગ કેમ આરાધવો ? તે વાત લોપાઈ ગઈ છે, ત્યાં અંતર ખોજ તો થાય જ ક્યાંથી ?

(અનુભવસંજીવની - ૭૦૯)

**તા. ૧૯-૧૧-૧૯૮૫, પાના નં. 30, પ્રવચન નં. ૭૫**

Paragraph ની ઉપર છે. '**આ પરજોગમાં ભોગ માની (આ જીવ) ભૂલ્યો, સ્વરસની ભાવનાને યાદ કરતો નથી.**' શું કહે છે ? પૂર્વ કર્મના યોગે જે સંયોગ, પરજોગ એટલે પરસંયોગ, તેમાં અનુકૂળતા અને પ્રતિકૂળતાનો ભોગવટો માનીને આ જીવ ભૂલ્યો છે. બહુભાગ તો પરસંયોગમાં અનુકૂળતાને ભોગવવાનો જીવનો રસ છે. એ સુખબુદ્ધિને લીધે એનો અનંત રસ છે. જગતના તમામ સંયોગો એને એ ભોગવવા યોગ્ય માને છે અને અભિપ્રાયમાં તેની સાથે એને એકતા-એકત્વપણું વર્તે છે. એ ભૂલ્યો છે. પર સંયોગને આ જીવ સ્પર્શી શકતો નથી. માત્ર એ જ્ઞાનનું જ્ઞેય છે. ભિન્ન જ્ઞેય હોવા છતાં, જ્ઞાનનું પણ ભિન્ન જ્ઞેય હોવા છતાં એને એ પોતામાં કલ્પે છે અને પોતાનું એની સાથે એકત્વ ગણીને ભૂલે છે.

એ ભૂલમાં '**સ્વરસની ભાવનાને યાદ કરતો નથી.**' તેમાં આત્મરસ શું છે ? ચૈતન્યરસ શું છે ? અને ચૈતન્યરસનો ભાવ કેવો હોય ? ચૈતન્યરસનો ભાવ કેવો સારો હોય, જેને અતિશય રસ થતાં ભાવના કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- લાડવો ખાય તો મીઠો અને સરસ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ માત્ર કલ્પના છે. ખરેખર એમાં સારાપણું છે એમ હોય તો જેટલું વધારે ખાય, જેટલા વધારે લાડવા ખાય એટલું વધારે સુખ વધવું જોઈએ. સુખ વધવું જોઈએ ને ? ખરેખર એની અંદર સારાપણું હોત તો એ વૃદ્ધિગત થઈ ગયું હોત. પણ ત્યાં ને ત્યાં એને અટકવું પડે છે.

મુમુક્ષુ :- .. કેવો રસ કામ કરે છે ? આત્મરસ ?

પૂજ્ય ભાઈશ્રી :- પરપદાર્થમાં આત્મરસ ક્યાંથી છે ? એ તો જડ રસ છે, અચેતન રસ છે, પુદ્‌ગલ રસ છે. અનાત્મરસ છે. આત્મરસ નથી પણ અનાત્મરસ છે. અને ઘણી આકુળતા એમાં ભરી છે. સ્વરસની ભાવનાને યાદ પણ કરતો નથી. એની સ્મૃતિ પણ રહેતી

નથી. આત્મા ચૈતન્યરસનો પિંડ છે. એ ચૈતન્યરસનો ભાવ અને એની ભાવના એ તો તદ્દન વિસ્મૃત થઈ જાય છે. એવો પરયોગમાં, પરસંયોગમાં એકાકાર થાય છે કે આત્મરસની ભાવનાને યાદ પણ કરતો નથી.

મુમુક્ષુ :- જ્ઞાની પણ ખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની તો આત્મરસમાં ઊભા છે, ચૈતન્યમાં ઊભા છે. ખાતા દેખાય છતાં ખાતા નથી. હાલતા દેખાય છતાં હાલતા નથી, બોલતા દેખાય છતાં બોલતા નથી. અન્ય મતમાં એટલું તો આવે છે. આમાં 'ભાગવત'માં એવો વિષય આવે છે કે 'શ્રીકૃષ્ણ' આહાર લેતા હતા છતાં ઉપવાસી હતા અને 'દુર્વાસા' મુનિએ છ મહિનાના ઉપવાસ કર્યા છતાં એ ઉપવાસી નહોતા. ત્યાં એક એવું પાત્ર 'દુર્વાસા' મુનિનું છે. એ મુનિ હોય છે છતાં બહુ ક્રોધી હોય છે. અને મુનિ હોય છતાં ક્રોધી હોય શકે એનો બાધ સૈદ્ધાંતિક રીતે એ લોકોને નથી.

જેમ શ્વેતાંબર થયા તો મુનિને પણ અમુક હોય એનો બાધ નથી, ભગવાનને પણ અમુક હોય એનો બાધ નથી. એ બધું સિદ્ધાંત બદલાય એટલે પછી ક્યાંય વસ્તુવ્યવસ્થા રહેતી નથી. એટલે મુનિ હોય તોપણ એ ક્રોધી હોય એનો બાધ નથી ત્યાં. સિદ્ધાંતને કોઈ વાંધો નથી આવતો. એને મુનિ તરીકે અનેક જગ્યાએ પાત્રમાં લે છે. અને જ્યાં જ્યાં એનું પાત્ર આવે ત્યાં એ ઘણો ક્રોધ કરે છે. બહુ ક્રોધી પ્રકૃતિવાળા હોય છે. શાપ આપે છે ને એવા બધા કથાનુયોગના ત્યાં દૃષ્ટાંતો ચાલ્યા છે. એટલે કોઈ ત્યાગી મુનિ જો ક્રોધી હોય તો અન્યમતમાં એને 'દુર્વાસા'નું ઉપનામ આપે છે. એ તો 'દુર્વાસા' છે. એને બોલાવશો નહિ. એ ત્યાગી છે. એટલું તો એ લોકોએ એટલું તારવ્યું છે. પછી અંદરનો મર્મ નથી સમજી શક્યા. પણ ભગવાન છે માટે એને અન્યાય ન કરાય.

વસ્તુતાએ તો જેની એકત્વબુદ્ધિ છૂટી છે તેને બાહ્ય ક્રિયાનો કર્તા કહેવામાં આવતો નથી. પોતે પોતાને રાગ અને રાગથી થતી જે મન-વચન-કાયાની ક્રિયા એનો કર્તા પોતે જ પોતાને પ્રતિભાસતો નથી. તેથી તે ખરેખર કર્તા નથી. એ માત્ર જ્ઞાતા છે. મુખ્યપણે જે જ્ઞાતાધારા ચાલે છે એવો એ છે એમ જોવામાં આવે છે.

**'ચોરાશીમાં પરવસ્તુને સ્વ (પોતારૂપ) માને તેથી (આ જીવ) ચિરંકાલનો ચોર જ બન્યો છે.'** અહીંયાં જીવને ચોર કહ્યો છે. પોતાના સિવાય પરવસ્તુને પોતાની કરે છે તેથી એ પરને ચોરે છે એમ લીધું. ક્યારથી ચોરે છે ? ચિરંકાલ. અનાદિથી એ ચોર છે. બીજાની વસ્તુનો એ ધણી-સ્વામી થવા જાય છે. આ મારું છે. શરીર મારું છે, આ બધી સંપત્તિ મારી છે, આ બધા સંયોગો મારા છે. ભગવાન કહે છે કે તું ચોર છો. પારકી વસ્તુને પોતાની કરવા જાય છે.

મુમુક્ષુ :- પોતાનું હોય અને પોતાનું કહે, બૈરા-છોકરા મારા છે, બધા પોતાના જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એના હોય તો શું કરવા મૂકીને જાય છે ? બીજા પદાર્થો જે કુટુંબ-પરિવાર છે એમાં તો એક ક્ષણે રાગ કરે છે અને પાછો પ્રસંગ પડે ત્યારે દ્વેષ કરે છે. ક્યાંથી દ્વેષ કર્યો ? આટલો બધો રાગ કર્યો, આટલી ઉંમર સુધી રાગ કર્યો અને હવે પાછો દ્વેષ કર્યો ? એ જે છૂટી જાય તે પોતાનું નહિ. રાગ પણ છૂટી જાય છે માટે એની અવસ્થામાં હોવા છતાં એનો નહિ, એમ કહેવામાં આવે છે.

અત્યારથી નહિ પણ ચોર્યાશીના ચક્કરમાં બધે એણે પરવસ્તુને સ્વરૂપે પોતારૂપે માની છે. જગત આખું એમાં આવરી લીધું છે. જેટલા જગતમાં જીવો છે તે તમામ જીવો પરપદાર્થમાં સ્વપણું કરે છે કે નહિ ? કરે છે. કોઈ એમાં જગતની અંદર ગમે તે ક્ષેત્રમાં જન્મ્યો હોય, એમાં આ સિદ્ધાંતને કાંઈ ભૂલ પડતી નથી.

મુમુક્ષુ :- સજા ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પોતાને ચોર કરે છે તો એનો દંડ અને દુઃખને પામે છે. ઝેર ખાય તો ફળ થાય, થાય ને થાય. આગળ એક જગ્યાએ આવે છે કે પર રુચિ ભાવે, રુચિ ભાવે પરને જીવ સેવે છે. રુચિથી સેવે છે એટલે સુખબુદ્ધિએ સેવે છે. તેને સંસાર દુઃખ થાય, થાય ને થાય જ. જીવને જ્યારે સંસારમાં દુઃખનો અનુભવ થાય, જ્યારે જ્યારે એને એમ લાગે કે મને દુઃખ પડ્યું છે, ત્યારે એણે એમ વિચારવું રહ્યું કે એણે રુચિ ભાવે આગળમાં આ પ્રકારે આ કાંઈક સેવ્યું છે. એનું આ દુઃખ છે. બીજું કોઈ દુઃખ નથી.

જ્ઞાનીને, જે પ્રતિકૂળ સંયોગો કહેવાય છે એવો ઉદય આવે છે

ખરો. પણ એમને દુઃખ થતું નથી. એ જ્ઞાતાભાવે રહે છે. એ દુઃખ છે એમ જોતા નથી. નારકીના સંયોગોને દુઃખ જોતા નથી અને દેવના સંયોગોને સુખ જોતા નથી. બધે ઉદાસ છે. તમામ સંયોગોથી એ ઉદાસ છે. પણ અજ્ઞાનભાવે જીવ '**ચિરંકાલનો ચોર જ બન્યો છે.**'

'**જન્માદિ દુઃખ-દંડ પામે છે.**' જન્મ-મરણ અનેક પ્રકારના અશાતા આદિના દુઃખને પામે છે, દંડને પામે છે. '**તોપણ પરવસ્તુની ચોરી છૂટતી નથી.**' પરવસ્તુની ચોરી છૂટતી નથી. તોપણ ફરી ફરીને જે પરિણામ કરવા યોગ્ય નથી એવા જ પરિણામને જીવ કરે છે. જે પરપદાર્થો સારા નથી કે ખરાબ નથી એને સારા અને ખરાબ તરીકે એ ગ્રહણ કરવાનો ભાવ કરે છે. ગ્રહણ કરી શકતો નથી પણ સારા ખરાબ માનીને ગ્રહણ કરવાનો કે ત્યાગ કરવાનો, ખરાબ છે એને ત્યાગ કરવાનો ભાવ કરે છે. એ ચોરી છે. પદાર્થના સ્વરૂપની ખબર નથી તેથી એના પરિણામ પણ અનાદિના જે છે એ છૂટતા નથી.

'**દેખો ! દેખો ! ત્રણ લોકનો નાથ ભૂલીને નીચ એવા પરને આધીન થયો.**' શું કહે છે ? જુઓ તો ખરા ! આ જીવ તો અંદરમાં સર્વજ્ઞસ્વભાવી છે. ત્રૈલોક્ય પૂજ્યપદ છે. ત્રણલોકના જીવો જેને પૂજ્ય તરીકે પૂજે એવું જેનું પદ છે, એ પોતાના સર્વોત્કૃષ્ટ પદને '**ભૂલીને નીચ એવા પરને આધીન થયો.**' પોતાથી હલકા છે, નીચા છે અથવા અનુત્કૃષ્ટ છે એવા પરને આધીન થઈ ગયો. આના વગર મારે ચાલે નહિ. પરાધીન થઈ ગયો. પોતે દીન-લાચાર થઈને પુદ્‌ગલ સંયોગોમાં સુખની વાંછા કરે છે, સુખની અભિલાષા કરે છે અને દીન થઈને સુખની માગણી કરે છે. માંગણ જેમ માગે એમ આ પણ દીન થઈને માગે છે.

લોકો જોવે કે આ મોટો રાજા છે અને આ મોટો શેઠિયો છે. મોટો પુણ્યવંત છે. જ્ઞાની જોવે છે કે આ મોટો માગણ છે. ઘણું માગે છે. પુદ્‌ગલ પાસે ઘણું સુખ માગે છે. ઘણા પુદ્‌ગલોનું સુખ માગે છે તેથી આ મોટો માગણ છે. 'ગુરુદેવ' તો કહેતા ને કે થોડું માગે એ નાનો માગણ અને વધુ માગે એ મોટો માગણ. 'ભાવનગર'ના મહારાજા 'કૃષ્ણકુમારસિંહજી' વ્યાખ્યાન સાંભળવા પધારેલા ત્યારે આ વાત કરી હતી. એમની નજરમાં એમ નથી આ મોટા મહારાજા છે અને વ્યાખ્યાન સાંભળવા પધાર્યા છે માટે એને કાંઈક સારું લાગે એવું સારું લગાડીએ.

સારું સારું બોલીને સારું લગાડીએ. એ પ્રકાર હોતો નથી. એ કહે છે કે આ ભલે બહારમાં રાજપદ મોટું પદ દેખાય પણ ખરેખર એ નીચ પદમાં ઉચ્ચ પદપણું જીવે માન્યું છે, બીજું કાંઈ આમાં નથી. એ દીનતાની વૃત્તિ ક્યાં અને અંદરમાં સર્વજ્ઞ પરમેશ્વરપદ ક્યાં ! આમ એકસાથે બંનેને નજરમાં રાખીને તુલના કરે છે ત્યારે જગત જેને રાજપદ માને છે એને આ દીન અને રાંકાપણું માને છે.

**'દેખો ! દેખો ! ત્રણ લોકનો નાથ ભૂલીને નીચ એવા પરને આધીન થયો. પોતાની ભૂલથી પોતાની નિધિ ન પિછાની ભિખારી બની ફરે છે.'** માગણ કહો કે ભિખારી કહો. ભિખારી બનીને ફરે છે. જગતમાં આ જોઈએ ને આ જોઈએ... જોઈએ... જોઈએ... જોઈએ... જોઈએ... બંધ થાતું નથી. પરિણામને તપાસે તો જોઈએ-જોઈએ બંધ થાતું નથી. કહે છે કે એ બધી દીન અને ભિખારી વૃત્તિ છે. અંદરમાં પોતાના પરમેશ્વરપદને ઓળખે, પિછાણે એટલે ઓળખે તો એની દીનતા ખલાસ થઈ જાય એવું છે.

સમ્યગ્દષ્ટિ આર્થિક સ્થિતિએ લોકો દરિદ્ર કહે એવી સ્થિતિમાં હોય. લોકો દરિદ્ર કહે, હોં ! એ પોતે પોતાને દરિદ્ર ન માને. પછી ભલે એ મજૂરી કરતો હોય, ખંભે પાંચ મણની ગુણ ઉઠાવતો હોય કે જંગલમાં લાકડા ભેગા કરીને ભારી બાંધીને વેચવા ગામમાં આવતો હોય. લાકડા સુકાય જાય ને ? એને ભેગા કરીને ભારો બાંધીને વેચવા આવે. ગામડામાં તો એવી પદ્ધતિ હતી. અત્યારે તો કોઈ લાકડા બાળતું નથી. આઠ આના, રૂપિયો, બાર આના, બે રૂપિયાનો લાકડાનો ભારો મળે. પણ અંદરમાં એ પોતાને જરાય દીન માનતો નથી. આ હું દરિદ્ર છું એવી એને કલ્પના થતી નથી. આ હું છું નહિ. જે કાંઈ બહારનો ઉદય છે એ હું છું નહિ. અને એક સમ્યગ્દષ્ટિ ચક્રવર્તી હોય કે દેવ હોય તોપણ આ બહારનો વેશ હું છું નહિ. બેય નીચપદ છે એને તો. કઠિયારાનો વેશ છે એ નીચપદ છે અને ચક્રવર્તીનો વેશ છે એ પણ નીચપદ છે. પોતાના પરમેશ્વરપદ પાસે તો બંને નીચ છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી' કહે છે, 'કલકત્તા'માં હું જ સુખી છું.

પૂજ્ય ભાઈશ્રી :- 'કલકત્તા'માં કરોડપતિ ઓછા નહોતા. ઘણા હોય છે. પણ સુખી તો હું એક છું. અંદરથી સુખનું વેદન આવે છે.

અલૌકિક આત્મિક સુખનું વેદન છે એ. એના સુખના અનુભવમાં પડ્યા છે એ સુખી છે. વારંવાર અનંત સુખસાગરમાં ડૂબકી લગાવે છે. સુખનો સમુદ્ર છે એમાં લીન થાય છે, અંતર લીન થાય છે એ સુખી છે. જગતના એ બધા કહેવાતા કરોડપતિઓ તો બધા દુઃખી છે એની નજરમાં તો. દુઃખી છે એટલે કેવા છે ? કે અંદરમાં હોળી સળગે છે એવા દુઃખી જોવે છે. સળગતા જોવે છે. આગ લાગી છે એમ જોવે છે. 'રાગ આગ દહે સદા તાતૈ સમામૃત સેઈએ.' રાગની અગ્નિમાં ભડકે બળતા જોવે છે. ભલે એ પોતાના સુખી માનતા હોય પણ છે એ દુઃખી.

**'પોતાની ભૂલથી પોતાની નિધિ ન પિછાની...'** અનંત સુખનિધિ છે, અનંત જ્ઞાનની નિધિ છે. અને **'ભિખારી બની ફરે છે. નિધિ ચેતના છે,...'** અનંત ચૈતન્યનો નિધિ પોતે જ છે. ચેતનામાં અનંત સામર્થ્યની નિધિ ભરેલી છે. નિધિ એટલે ભંડાર. એ પોતે જ છે. એ ચેતનાનિધિ તો પોતે જ છે. પોતાને ચેતના અનુભવસ્વરૂપે, ચેતના તો પોતે જ અનુભવસ્વરૂપ છે, તે અનુભવરૂપે જ પોતાને આસ્વાદે છે. એમાં કાંઈ એને પૂછવા જાવું પડતું નથી કે આમ હશે કે નહિ હોય ? પોતાનો અનુભવ પ્રત્યક્ષ કરે છે. ત્યાં એના જ્ઞાનમાં આખી ચૈતન્ય નિધિ, અનંત ગુણનો નિધિ આત્મા પ્રત્યક્ષ છે.

**'નિધિ ચેતના છે, તે પોતે (જ) છે, દૂર નથી,...'** જરાય દૂર નથી. પોતે જ છે એટલે જરાય દૂર નથી. ક્યાંય ભાવથી, ક્ષેત્રથી, કોઈપણ અપેક્ષાએ ખરેખર દૂર નથી. **'દેખવું દુર્લભ છે.'** અનાદિથી દેખતો નથી અને અનાદિથી પરપદાર્થમાં રોકાય ગયો છે અને રોકાય ગયો છે તે અતિશય રસથી એકત્વબુદ્ધિએ પકડાયને આખેઆખો રોકાય ગયો છે. મિથ્યાદર્શન એ ગુણ એવો છે કે એ પૂર્ણપણે જ પરિણમે છે. ઊંધો સરખો પરિણમે છે અને સવળો પણ પૂરો પરિણમે છે. એમાં અધૂરા પરિણમવાનો એનામાં ગુણ નથી. એટલે પૂરા રસથી મિથ્યાત્વમાં એ રોકાય ગયો છે ત્યારે એને દેખવું દુર્લભ થઈ પડ્યું છે. જો પડખું ફરે, સ્વસન્મુખ થાય અને **'દેખે તો સુલભ છે.'** દુર્લભ અને સુલભ બેય અપેક્ષા એકસાથે લીધી છે.

**'દેખવું દુર્લભ છે. દેખે તો સુલભ છે.'** જે દેખે એને માટે સુલભ

છે. પર રુચિમાં પડ્યો છે એને દેખવું ઘણું દુર્લભ છે. પોતે હિન પુરુષાર્થી થયો છે તેથી એને દુર્લભ થઈ પડ્યું છે. પુરુષાર્થની જાગૃતિમાં આવીને, અંતર્મુખ થઈને, સ્વસન્મુખ થઈને દેખે તો એકદમ સુલભ છે. ક્યાંય એને અટવાવું પડે એવું નથી. જગતનો કોઈ પદાર્થ, કોઈ દ્રવ્ય, કોઈ ભાવ એને એમાં અંતરાય પાડી શકે એવી વસ્તુસ્થિતિ નથી. અંતરાયકર્મ પણ ત્યાં નડી શકે એવું નથી.

અંતરાય છે ને ? દાન, લાભ, ભોગ અને ઉપભોગ. એ અંતરાયના ચાર પ્રકારે પરિણામ છે. એ સ્વરૂપનું દાન દેવામાં આંતરો પાડે, સ્વરૂપનો લાભ લેવામાં આંતરો પાડે, સ્વરૂપાનંદના ભોગવટામાં આંતરો પાડે, બીજા ગુણોના ભોગવટામાં પણ આંતરો પાડે એને અંતરાય કર્મ કહે ને ? કે પોતે આડો ચાલે ત્યારે એના ઉપર આરોપ કરવામાં આવે છે કે આ અંતરાય કર્મનો આને ઉદય છે. પણ પોતે ખરેખર આડો ચાલે છે. એ પરિસ્થિતિમાં એને પરભાવ સાથે ઘણા રસથી જોડાણ છે ત્યારે એને એવું લાગે કે આ તો બહુ દુર્લભ છે, આ ઘણી અઘરી વાત છે. કોઈ રીતે આ કેમ થાય એ કોઈ મોટો કોયડો એને લાગે છે. પણ જે જીવ સ્વરૂપની ભાવનામાં આવીને સવળો થવાના પ્રયત્નમાં આવે છે તો એને એ સુલભ લાગે છે, સુગમ લાગે છે. ત્યાં એને દુર્લભતા દેખાતી નથી.

મુમુક્ષુ :- કેવી સરસ વાત 'ગુરુદેવ' બતાવે છે !

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ ઊંચી વાત બતાવી છે. સર્વોત્કૃષ્ટ ! એમ કહે, તું આડ મારીશ નહિ. આ દુર્લભ છે, આ કઠણ છે, અઘરું છે, હું તો પામર છું, આ હું ન કરી શકું. આ બધી મોટા પુરુષોની, મહાપુરુષોની, યોગી મહાત્માઓની વાતો છે. મારા જેવાનું આમાં કામ નથી એવી આડ મારીશ નહિ. પહેલેથી એવી આડ મારી દેવા જેવી નથી. બારણુ બંધ કરીને આગળિયો વાસી દ્યો હવે. આપણું કામ નહિ. એમ નથી. તું અવકાશ રાખજે. તારી પરિણામભૂમિકામાં તારા પરમાત્મા પધારે એની જગ્યા તું પહેલેથી રાખજે અને એના માટે તું આશાવાદી રહેજે, નિરાશાવાદી થઈશ નહિ. એમ કહેવું છે. આશાવાદી રહેજે.

મુમુક્ષુ :- જ્યાં અશક્ય છે ત્યાં એમ કહે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાં તો કહે છે કે ન કેમ થાય ? થવું જ જોઈએ, આમ તો બનવું જ જોઈએ. ચાલે નહિ આમ થયા વગર. પણ તું એક રજકણની પર્યાયને સ્પર્શી શકતો નથી, કરી શકતો નથી. અનંત રજકણોના સ્કંધને પરિણમાવવા માગે છો તારી ઈચ્છા પ્રમાણે, કલ્પના પ્રમાણે. અશક્યને શક્ય કરવા મથે છો તો એમાં દુઃખ થયા સિવાય બીજું કાંઈ નથી. રેતીમાંથી તેલ નહિ નીકળે. વાળુ કહે છે ને ? તલના દાણા જેવડી રેતી હોય ઘોગાવાના દરિયાની, એને પીસી પીસીને એમાંથી તેલ કાઢવાની મહેનત કરે તો ? એમાં તેલ છે નહિ તો નીકળશે નહિ. એ બનવાનું નથી. તને આકુળતા થશે. એમાંથી તેલ કાઢવાની આકુળતા થશે. એમાંથી તેલ નીકળશે નહિ. જે વસ્તુ બનવાની નથી એ કેમ બને ? એમ જેમાં સુખ નથી એમાંથી તારે સુખ લેવું છે. જેમાં દુઃખ નથી એ તને દુઃખનું કારણ દેખાય છે. સુખ-દુઃખથી ખાલી છે ચીજ તો. પરચીજ તો સુખદુઃખથી ખાલી જ છે.

**'કોઈએ પૂછ્યું 'તું કોણ છે ?' તેણે કહ્યું, 'હું તો મડું છું' (મડું છો)...'** મડું એટલે મડદું. શું કહ્યું ? પૂછ્યું ત્યારે કહ્યું કે ભાઈ ! હું તો મડદું છું. કેમકે જીવસ્વભાવને-જીવસ્વરૂપને ઓળખતો નથી. આ શરીરરૂપે પોતાને માન્યો છે. કહે, કોણ છો તું ? તો કહે, હું તો મડદું છું. મડદું છો તો બોલે છે કોણ ? જેમ કોઈ બોલતો માણસ એમ કહે કે, ભાઈ ! હું તો મુંગો છું. મારે જીભ નથી. મારે જીભ નથી એવો જવાબ કોણે દીધો ? જીભવાળાએ દીધો કે જીભ વગરનાએ દીધો ? એમ તું એમ કહે છે કે હું મડદું છું. તો પછી કહે કે આ કોણે જવાબ દીધો ? જવાબમાં કહે કે હું જાણતો નથી. કોણ બોલે છે એની મને ખબર નથી. જીવને જાણતો નથી. શરીર તો પ્રત્યક્ષ રીતે જડ પરમાણુનું બનેલું છે. એમાંથી કોઈપણ વિભાગને જુદો કરવામાં આવે છે તો એમાં સ્પષ્ટપણે અચેતનપણું જોવામાં આવે છે. આટલો ભાગ કાઢી નાખ્યો. આ હાથ આટલો કાપ્યો, પગ કાપ્યો. હૃદય કાઢી લે છે કે નહિ ? હૃદય કાઢીને બીજું બેસાડે છે, ખામીવાળું હોય તો. Bypass surgery કરી આવે છે કે નહિ ? આ બધું અચેતન છે એ તો સ્પષ્ટ છે, જડ છે. તો કહે છે, તું જડ છો તો આ કોણ બોલે છે ? એ કાંઈ ખબર નથી. જીવના સ્વરૂપની ખબર નથી. દેખાય છે એ બધું જડ છે અને એમાં

હુંપણું થાય છે તો બોલે છે કોણ ? કેવી રીતે વ્યવસ્થા છે મને એની ખબર નથી.

કહે છે કે '**હું મડું છું એવું કોણે જાણ્યું ?**' હું મડદું છું. હું ચેતન નથી તો હું અચેતન છું એમ પણ કોણે જાણ્યું ? એમ કહે છે. '**ત્યારે સંભાર્યું (યાદ કર્યું) કે હું જીવતો છું.**' હું જીવું છું એવો હું જીવતો છું. આ તો એક દૃષ્ટાંત લીધો. જેમ કોઈ આમ જવાબ આપે. એમ. એટલી વાત છે. '**તેમ આ (જીવ) માને છે કે હું દેહ છું (દેહ છો) તો આ દેહમાં (હું પણાની) જેણે માન્યતા કરી તે કોણ છે ? કહે કે હું જાણતો નથી.**' શું કહે છે કે સામાન્ય રીતે જીવ દેહને આત્મા માને છે, શરીરને આત્મા માને છે અને શરીરને આત્મા માનતો હોવાથી એના આધારે જ બધી પ્રવૃત્તિ કરે છે. શાતા, શરીરની અનુકૂળતા, શરીરની ભૂખ-તરસ, અનેક પ્રકારે શરીરની અનુકૂળતાઓ, એ શરીરનો આધાર લઈને જોવે છે અને બધી પ્રવૃત્તિ કરે છે.

તેને કહે છે કે આ દેહમાં હુંપણાની માન્યતા કોણે દેહે કરી કે કોઈ બીજાએ કરી ? આ શરીર તે હું. એવો જે તને અનુભવ થાય છે. શરીર કૃષ થાય તો એમ કહે હું નિર્બળ થઈ ગયો છું. શરીર બળવાન થાય તો કહે હું બરાબર તંદુરસ્ત થઈ ગયો છું. કહે છે કે એવા શરીરમાં હુંપણાની માન્યતા કોણે કરી ? શરીરે કરી છે ? શરીરે માન્યતા કરી છે ? કહે નહિ. શરીરે તો માન્યતા નથી કરી. તો પછી કોણે કરી ? તો કહે, ઈ મને ખબર નથી. એના સ્વરૂપની મને ખબર નથી. એ હું જાણતો નથી.

'**(તો હું જાણતો નથી) એવો લવારો કોણે કર્યો ?**' ગુજરાતીમાં એ શબ્દ છે. ઢુંઢારીમાં જે શબ્દ છે એ ગુજરાતીમાં શબ્દ (છે). મફતનું બોલે, કિંમત વગરનું બોલે, અનર્થકારી બોલે, જેનો કાંઈ અર્થ નથી બોલવાનો. અમારે ત્યાં ગુજરાતીમાં એવો રૂઢિ અર્થ છે. લવારો એટલે કામ વગરનું મફતનું અમસ્તુ-અમસ્તુ બોલ.. બોલ.. બોલ.. કર્યા કરે એને એમ કહે કે આ ભાઈ લવારો કર્યા કરે છે. અમારે ગુજરાતીમાં એવો રૂઢિ અર્થ છે. નહિતર તો બોલે છે એમ કહેવાય, જણાવે છે એમ કહેવાય. પણ સાવ નકામુ બોલે એને એમ કહે કે આ લવારો જ કરે છે. એમાં કાંઈ સાંભળવા જેવું નથી. તમારે શું રૂઢિ અર્થ છે ?

મુમુક્ષુ :- લપ લપ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- લપ લપ કરે છે. પણ લવારાનો એવો અર્થ છે ? લપ લપ કરે છે એવો જ અર્થ છે ?

મુમુક્ષુ :- લવ લવ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- લવ લવ કરે એને લવારો કહે.

મુમુક્ષુ :- અજ્ઞાની હોય તો લવારો જ કરે, જ્ઞાની જ બોલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ છે. ખરેખર તો જ્ઞાની જ બોલે છે. સાંભળવા જેવું તો જ્ઞાની જ બોલે છે. અજ્ઞાની બોલે એ તો લવારો જ છે. શાસ્ત્ર અનુસાર બોલે તો ?

મુમુક્ષુ :- એ પણ લવારો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ એમ જ છે. કઠણ પડે એવું છે. આટલો બધો ફેર છે. જ્ઞાની અને અજ્ઞાનીના મૂલ્યમાં આટલો બધો ફેર છે.

'**(એ રીતે) આ પોતાને ખોજી, દેખવા, જાણવા અને પારખવામાં સ્વરૂપને સંભારે ત્યારે સુખી થાય છે.**' મૂળ તો એને અંદરમાંથી પોતાના સ્વરૂપની જિજ્ઞાસા થવી જોઈએ. પોતાની એને શોધ ચાલવી જોઈએ અને પોતાની પરખ કરવાની એની તૈયારી થાય અને એમાં પોતે પરખાય, ઓળખાય ત્યારે એને સંભારે, સંભારે એટલે સંભાળે ત્યારે સુખી થાય. જ્યારે અંતર સાવધાનીમાં આવે ત્યારે સુખી થાય. હું જેવો છું. કેવળજ્ઞાનમાં જેવું પરમાત્મસ્વરૂપ જણાયું છે એવું સ્વરૂપ જ્યારે પોતાને ઓળખાણમાં આવે, પરખવામાં આવે (છે). પીછાણને પરખવું કહે છે, પરખવું. ગુજરાતી શબ્દ છે. આ ચીજની આને પરખ છે, આને હીરાની પરખ છે, આને કાપડની પરખ છે. પરખ શબ્દ અમારે વાપરે છે-પહચાન. એ પારખવામાં આવે. એના ઉપરથી તો અમારે અટક પડી છે આ જે પારેખ. પારિખ તમારે કહે છે ને ? પારિખ. તમારે હિન્દીમાં પારિખ અટક હોય છે. અમારે પરિખ કહે છે, પારેખ કહે છે. તે મૂળ પારખુ હતા. પારખુ હતા એમાંથી પારેખ થયા. જેમ હીરાના જાણનારને ઝવેરી કહે છે, એમ આને પારેખ કહેવામાં આવે છે. કોઈ વિષયમાં નિષ્ણાંત, પારેખ થયા હોય તો એને કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પોતાને કેમ પારખવો ?

પૂજ્ય ભાઈશ્રી :- જેમ બીજી ચીજને પારખવાનો પ્રયાસ કરે છે

એથી વધારે ઉત્સાહ લાવીને, ઉત્કંઠા લાવીને પોતાના સ્વરૂપને જ્ઞાનલક્ષણથી એણે પરખવો જોઈએ.

લક્ષણ છે એમાં એક બીજો અર્થ સમાયેલો છે. લક્ષણ છે એ સ્વરૂપે છે, એમ કહેવું છે. જ્ઞાનસ્વરૂપે કહો કે જ્ઞાનલક્ષણે કહો. આત્મા જ્ઞાનલક્ષણવંત છે અથવા જ્ઞાનવંત સ્વરૂપવંત આત્મા છે. એ લક્ષણ અને સ્વરૂપ એકાર્થમાં અનેક જગ્યાએ શાસ્ત્રમાં એવો શબ્દ પ્રયોગ છે. જેમકે પારિણામિકભાવ છે. કેવો છે ? કે જીવ પારિણામિકભાવ લક્ષણ છે એમ કહેવામાં આવે છે. પારિણામિકભાવલક્ષણ. 'નિયમસાર'માં એવી ભાષા લીધી છે. એટલે કે જીવ પારિણામિક સ્વરૂપે જ છે. ત્યાં લક્ષણ એટલે અંશ નથી લેવો. નહિતર તો અહીંયાં જ્ઞાન એક અંશ છે કે જે લક્ષણ દ્વારા, અંશ દ્વારા આખો અંશી ઓળખાય છે, જ્ઞાન સ્વરૂપી ઓળખાય છે. પણ પારિણામિકભાવ એ કોઈ અંશ નથી. એ તો પોતે જ એ સ્વરૂપે છે. જીવ પોતે જ પારિણામિક ભાવ લક્ષણ છે. એટલે કે જીવ પોતે જ પારિણામિકભાવ સ્વરૂપે છે. એમ લેવું છે ત્યાં. એ સ્વરૂપનો...

મુમુક્ષુ :- પારિણામિકનો...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. પારિણામિક એટલે અનાદિઅનંત એવો ને એવો હોય. અનાદિઅનંત. અનાદિઅનંત જેમાં ફેરફાર ન થાય. અથવા પારિણામિકનો અર્થ એમ કર્યો છે-'દ્રવ્ય આત્મલાભ પારિણામિકઃ' સૂત્ર છે. આમાં છે-'પ્રવચનસાર'માં છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો અધિકાર ચાલે છે એમાં 'દ્રવ્ય આત્મલાભ પારિણામિકઃ' કે 'પંચાસ્તિકાય' બેમાંથી એકમાં છે. લાભ એટલે હોવાપણે. દ્રવ્યની હયાતી, દ્રવ્યનું હોવાપણું. લાભ એટલે નવી પ્રાપ્તિ થવી એમ નહિ. સદાય લાભસ્વરૂપ જ છે આત્મા. સદાય દ્રવ્યની હયાતી સ્વરૂપ છે. કેવો છે ? કે પારિણામિકભાવે છે. સદાય દ્રવ્યની હયાતીરૂપ ભાવ. એને પારિણામિકભાવ કહે છે. જગતમાં લાભ સવાયા કહે છે અહીંયાં લાભ અનંતા છે. કેટલો લાભ છે ? કે અનંતો લાભ છે. સવા-બવા અહીંયાં ટૂંકું પડે. એક અને પાછો પા ભાગ. એમાં શું થાય ? અહીં તો ખૂટે નહિ એવું છે. અનંતુ. અનગળ-ખૂટે નહિ એવું છે.

ચોપડામાં લખે છે ને ? લાભ સવાયા. એમાં એને સારું લાગે.

લાભ થાય તો સારું. તું આત્મલાભ સ્વરૂપે અનંત... અનંત... અનંત... સામર્થ્યવંત છો. એ જ ખરો લાભ છે. આ કાંઈ લાભ નથી. આ લાભ છે જ નહિ. એમાં લાભ માનવો એ નુકસાન છે. એમાં લાભ માનવો એ નુકસાન છે. આવું છે. જગતને અને આ વાતને મળતી પાણ આવે એવું નથી. મેળખાય એવું નથી.

મુમુક્ષુ :- સાચી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણો-બહુ ફેર છે. અવળો-સવળો.

મુમુક્ષુ :- જ્ઞાનીના ઉપદેશનું ધોરણ બહુ ઊંચું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઊંચું છે એટલે શું કહેવું છે ?

મુમુક્ષુ :- સરસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઊંચું કહીને શું કહેવું શું એની પાછળ ? કયો દૃષ્ટિકોણ છે ઊંચું કહેવા પાછળ ?

મુમુક્ષુ :- પાંચમા ગુણસ્થાનકે આર્તધ્યાન છે. પૂજા, દયા, દાનના, વ્રતના, તપના બધા પરિણામ સહજ રીતે થાય છે એ સંસારતત્ત્વ છે. ખૂબ આમ ઊંચું ધોરણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઊંચું ધોરણ છે એમ સમજવા પાછળ બીજો શું ભાવ આવે છે ? બહુ ઉત્કૃષ્ટ છે. ઊંચું છે એટલે ઉત્કૃષ્ટ છે, ઊંચું છે એટલે એકદમ પરમ આદરણીય છે એવો દૃષ્ટિકોણ છે ?

મુમુક્ષુ :- એ તો સરસ છે.

પૂજ્ય ભાઈશ્રી : તો બરાબર છે. નહિતર, એ તો બધી બહુ ઊંચી વાતો છે એમ કરીને.. આ તો બધી જ્ઞાનીની વાત ઊંચી બહુ. આપણું કામ નહિ. એમ લેવું છે ? દૃષ્ટિકોણ શું છે ઊંચો કહેવા પાછળ ? ધર્મના ક્ષેત્રમાં, જે લોકો બીજા લોકો ધર્મના ક્ષેત્રમાં તો ઘણા પ્રવર્તે છે ને ? એને તત્ત્વજ્ઞાનની વાત કરો તો કહે એ બધી ઊંચી ઊંચી વાતમાં અમારું કામ નહિ. એમ કહી દે છે. એટલે એ ઊંચી કહીને એવી અરુચિ બતાવે. નીચી કહેવાની તો કોઈ જગ્યા નથી ત્યાં. ઊંચી કહીને અરુચિનો વિષય બનાવી દે. ઊંચી કીધી એ વાત સાચી કે નહિ ? એ વાત એને માટે તો ખોટી છે. જે પરમ આદરથી જોવે છે, ઊંચી કહીને પરમ આદરથી જોવે છે, આદરવા માટે ઉત્સુક થાય છે, એણે ઊંચાને ઊંચું જાણ્યું છે.

ઊંચી છે એ તો ઠીક છે પણ વાસ્તવિક જ એમ છે. એ વાસ્તવિક

છે, ખરેખર એમ જ છે. પછી એને ગમે તે વિશેષણ સારું આપો એની સામે કાંઈ વાંધો નથી. પણ એમ કહીને એની નજીક જવું જોઈએ. એમ કહીને એનાથી દૂર જવું જોઈએ નહિ. કેમકે એ વાસ્તવિકતા છે.

મુમુક્ષુ :- વાત સરસ છે પણ ઉતરતી નથી અંદર.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈક આડુ આવતું હોય તો ન ઉતરે. કાંઈક આડુ આવતું હોય તો ન ઉતરે. તપાસવું કે શું આડુ આવે છે, એ તપાસવું. અંદર ઉતરવામાં કાંઈક અંદર ને અંદર કોઈક ભાવ આડો આવતો હોય છે, એ કયો ભાવ આડો આવે છે ? શું કરવા આવે છે ? એનું કેમ મહત્વ આ જીવે આપ્યું છે ? એની એણે ઊંડી તપાસણી કરવી.

સામાન્ય રોગ હોય ત્યારે ડૉક્ટર છે એ સામાન્ય દવા આપે. પણ એ સામાન્ય દવા આપીને, સામાન્ય રોગ સમજીને એમાં કોઈ લાભ ન થાય ત્યારે એને શંકા પડે કે કાંઈક અંદરમાં રોગ ઊંડો હોવો જોઈએ. તો એના પછી Investigation માં જાય છે. આની તપાસ કરો, ઊંડી તપાસ કરવો. એમ ઘણો પ્રયત્ન કરવા છતાં અનંત કાળ ધર્મના કાર્યો, એણે માનેલા ધર્મના કાર્યો કરવા છતાં એને ધર્મ ન થયો અને અધર્મનો રોગ ન ગયો તો એણે ઊંડી તપાસમાં જવું જોઈએ કે નહિ ? ઊંડી તપાસ કરવી જોઈએ.

મુમુક્ષુ :- ઊંડી એટલે વાસ્તવિક પ્રયત્ન કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વાત છે. એમ કહે છે, અમે આ બધું છોડ્યું. પ્રવૃત્તિવાળા હોય. અશુભમાં, વ્યવસાયમાં પડ્યા હોય એને તો એમ લાગે કે ભાઈ ! આ બધું કરીએ છીએ પણ એમાં કાંઈ આત્માને લાભ તો ન થાય બરાબર છે. પણ જે બહારમાં શુભયોગમાં હોય એને તો એમ થાય કે આપણે બીજી કોઈ અશુભ પ્રવૃત્તિ તો રાખી નથી. શુભયોગમાં શક્તિ અનુસાર દેવ, ગુરુ, શાસ્ત્રની બધી અર્પણતા, તત્ત્વજ્ઞાનના વિચારો, તત્ત્વ સંબંધીની વિચારણા, શાસ્ત્ર વાંચન, શાસ્ત્ર શ્રવણ (કરીએ છીએ). હવે આ કેમ કાંઈ આગળ ચાલતું નથી. કાંઈક હજી ઊંડી વિચારણા એણે કરવી જોઈએ. આટલું ઉપર ઉપરથી કાંઈ કામ કરતું નથી.

એ ઓળખવાનો વિષય અહીંયાં લીધો. '**(એ રીતે) આ પોતાને**

**ખોજી, દેખવા, જાણવા અને પારખવામાં સ્વરૂપને સંભારે ત્યારે સુખી થાય છે.**' દેખવા, જાણવા માટે સ્વરૂપને પરખે, ઓળખે, અંદરમાંથી એનો નિર્ણય કરે. જ્ઞાનલક્ષણથી જ્ઞાનલક્ષણના આધારે, જ્ઞાનસ્વભાવને ઓળખે. ઓળખે અને બરાબર એમાં સાવધાન થાય, જાગૃત થાય તો સુખી થાય. '**જેમ કોઈ મદિરા પીને...**' પછી નીચે દૃષ્ટાંત લીધું છે. જરા લાંબુ છે દૃષ્ટાંત. પણ કેવી ભૂલ કરે છે. જેમ કોઈ પાગલ થઈને ભૂલ કરે એવી રીતે અહીંયાં સંસારમાં એવી જ જીવ મોટી ભૂલ કરે છે. એ વાત આગળ વિશેષ લઈશું...

જે મુમુક્ષુજીવને જ્ઞાનીપુરુષનો પ્રત્યક્ષ સમાગમ થઈ, તે સત્સંગમાં શિક્ષા-બોધ સાંભળેલ હોઈ, તેના પરિણામે, સહેજે એવા સ્થૂળ દોષો તો છૂટી જવા જોઈએ, કે જેથી બીજા જીવોને તે મહાપુરુષનું અને તેના સત્સંગનું અવર્ણવાદપણું બોલવાનો પ્રસંગ આવે નહિ. આમ જ્ઞાની પુરુષની નજીક વર્તતા / અંતેવાસી જીવોની - બીજા સાધારણ કહેવાતા મુમુક્ષુ કરતાં વધુ જવાબદારી છે. જે જ્ઞાનીપુરુષે લોકોત્તર તત્ત્વ આપ્યું, તેનો શ્રવણ કરનાર લોકોત્તર માર્ગને અનુસરવાનો કામી હોઈ, તેના વહેવારનું સ્તર સાધારણ લૌકિકજનથી વિશેષતાવાળું હોવું ઘટે છે. જ્ઞાનીપુરુષ પ્રત્યેની અત્યંત ભક્તિ પણ સહેજે તેવી યોગ્યતાને પ્રાપ્ત કરાવે છે, અને દુર્વ્યવહાર કરનારને પણ ક્ષોભ પમાડે છે. સામાને એમ લાગી જાય કે 'નક્કી આને કોઈ સત્પુરુષ મળ્યા છે.' તેવી વિશિષ્ટ છાપ અથવા ચોંટ લાગે, તેવું થવું ઘટે.

(અનુભવસંજીવની - ૭૧૦)

**તા. ૨૦-૧૧-૧૯૮૫, પાના નં. ૩૧, પ્રવચન નં. ૭૭**

દૃષ્ટાંત છે. **'જેમ કોઈ મદિરા પીને ઉન્મત્ત બની પુરુષાકાર પાષાણ સ્તંભને જોઈ સાચો જાણી તેની સાથે લડ્યો. તે ઉપર, પોતે નીચે, પોતે જ થયો.'** જેને મદિરા પીવાથી ભાન ભૂલાઈ ગયું છે તો એ પુરુષના આકારે પથ્થર હતો એને સાચો માણસ જાણીને તેની સાથે કુસ્તી કરવા લાગ્યો. દૃષ્ટાંતનો સિદ્ધાંત સાથે મેળ એવો છે કે જે જીવ અકષાયસ્વભાવી આત્મા પોતાના સ્વરૂપને ભૂલે છે, તે જીવ જગતના સચેત-અચેત પદાર્થો સાથે કષાયભાવથી પરિણમ્યા વિના રહી શકતો નથી. કષાયભાવ છે એ દ્વેષભાવ છે, ક્રોધભાવ છે એમ કહે છે. કેમકે એક પ્રત્યે રાગ એ બીજા પ્રત્યે આપોઆપ દ્વેષને ઉત્પન્ન કરે છે.

અહીંયાં એક મનુષ્યનો દૃષ્ટાંત છે કે પુરુષના આકારે પથ્થર હતો તેને પત્થર ન જાણતા દારૂના ઘેનમાં એને માણસ જાણીને પોતાની સામે કોઈ પોતાની સાથે કોઈ લડવા આવે છે એવી કલ્પના કરીને. એ પણ દૃષ્ટાંતને સિદ્ધાંતમાં મેળ ખાય છે કે જે પોતાનું ભાન ભૂલ્યો છે એણે પોતા સંબંધી કાંઈ ને કાંઈ કલ્પના અન્યથા કરી છે. અને એણે પરપદાર્થ સંબંધી પણ અન્યથા કલ્પના કરી છે કે આ પદાર્થ મને અનુકૂળ છે, આ પદાર્થ મને પ્રતિકૂળ છે. એવી કલ્પના કરી છે. આ જીવ મને અનુકૂળ છે, આ જીવ મને પ્રતિકૂળ છે. આ મિત્ર છે, આ શત્રુ છે. એવી રીતે એણે કલ્પના કરી લીધી છે.

**'તેની સાથે લડ્યો.'** એટલે એની સાથે કુસ્તી કરતા એના વજનથી એને એમ લાગ્યું કે આ તો કોઈ બળવાન માણસ લાગે છે. વજનદાર પત્થર જોવે એટલે કોઈ બળવાન માણસ મારી સામે લાગે છે. પોતે હિંમત ખોઈ બેસે છે. નીચે પડે છે. પત્થર એની ઉપર પડે છે. એને એમ થાય કે મને પાડી દીધો. હું આનાથી હારી ગયો. બળવાન માણસથી હું હારી ગયો છું અત્યારે. એમ નીચે પડતા એને ''**હું હાર્યો.' એ પ્રમાણે પરને સ્વ (પોતારૂપ) માની પોતે માન્યતાથી દુઃખી થયો.**

**દુઃખદાતા બીજો કોઈ નથી.**' જીવ દુઃખી થાય છે એ પોતાની મિથ્યા માન્યતાથી દુઃખી થાય છે. જેટલા આકુળિત પરિણામ થાય છે એ પોતાની મિથ્યા માન્યતાને લઈને આકુળિત પરિણામ થાય છે.

રોગ, નિર્ધનતા એ દુઃખનું કારણ નથી. પણ 'મને છે' એ દુઃખનું કારણ છે. મને રોગ છે, મને નિર્ધનતા છે એ એને દુઃખનું કારણ છે. બીજું કાંઈ દુઃખનું કારણ નથી. પોતે અનંત સુખથી ભરેલો પદાર્થ છે, અનંત સુખથી ભરેલું દ્રવ્ય છે, એનું બેભાનપણું છે એટલે ગમે તે પ્રકારે એ દુઃખની કલ્પના કરે છે અને સુખની કલ્પના કરે છે તો એમાં દુઃખ જ અનુભવ કરે છે, આકુળતા અનુભવ કરે છે.

'**એ પ્રમાણે પરને સ્વ (પોતારૂપ) માની પોતે માન્યતાથી દુઃખી થયો.**' માન્યતાથી દુઃખી થયો એમ લીધું છે. બહારના સંયોગોને કારણે (દુઃખી થયો), દુઃખદાયક સંયોગો ઊભા થયા, ઉદય એવા આવ્યા માટે દુઃખી થયો એવું ન કહ્યું. માન્યતાથી દુઃખી થયો. આમ લીધું. '**દુઃખદાતા બીજો કોઈ નથી.**' જેમ પાષાણના આકારે મનુષ્ય હતો એણે કાંઈ એને હરાવ્યો કે એણે એને પાડી દીધો એવું હતું નહિ. પણ પોતે જ ખોટે ખોટી લડાઈ કરવા જતા પોતે જ પડ્યો, પોતે જ નીચે પડ્યો. પેલો ઉપર પડ્યો. એને એમ થયું કે આ મારા ઉપર ચડી બેઠો. હું હારી ગયો. બળવાન છે, કોઈ શક્તિવાન માણસ છે એનાથી હું હારી ગયો. એમ વિચારે છે કે આ સંયોગની પ્રતિકૂળતાથી હું દુઃખી થઈ જાઉં છું અને કર્મના ઉદય પાસે હું હારી જાઉં છું. એ જડ છે, એને ખબર નથી. જેમ પાષાણ પથ્થરને ખબર નથી, એમ આ રજકણોને પણ કાંઈ ખબર નથી. આ સ્થિતિ છે.

'**દુઃખદાતા બીજો કોઈ નથી. તારી ભાવનાએ ભવ બનાવ્યા.**' તારી ઊંધી ભાવનાએ, પરમાંથી સુખ લેવાની ભાવનાએ ભવ બનાવ્યા છે. ભવભ્રમણ થવાનું એક જ કારણ છે કે તારી જે પરપદાર્થમાં એકત્વ છે એ જ મિથ્યાત્વની તીવ્રમાં તીવ્ર પરપદાર્થ પ્રત્યેની મમત્વવાળી ભાવના છે. એટલી તીવ્ર ભાવના છે કે ભિન્ન એવા પદાર્થને વિષે તેં એકત્વ કર્યું. તદ્દન ભિન્ન એવા પદાર્થને વિષે તેં એકતા ભાવથી સાધી, મિથ્યા ભાવથી સાધી. એ તારા અત્યંત મમત્વના રસને પ્રસિદ્ધ કરે છે. '**તારી ભાવનાએ ભવ બનાવ્યા.**' એને લઈને ભવભ્રમણ થયું.

**'અનુત્પન્નને પેદા કર્યું.'** જે તારા સ્વભાવમાં નથી એવું તારા પરિણામમાં ઉત્પન્ન થયું. જેમ સ્વભાવમાં એકલું સુખ ભર્યું છે તો પરિણામમાં દુઃખ ઉત્પન્ન કર્યું. ભવ અને ભવના કારણરૂપ કોઈ સ્વભાવભાવ આત્મામાં નથી. તોપણ બહારમાં અનંત ભવભ્રમણ કર્યું. અનુત્પન્નને ઉત્પન્ન કર્યું.

મુમુક્ષુ :- અનાદિથી આમ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનાદિથી આવું ચાલે છે.

મુમુક્ષુ :- મૂર્ખાઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :- મૂર્ખાઈ કહો, જે કહો. આ તો પોતે દુઃખી થાય છે એ વાતને એણે ગંભીરતાથી વિચારવાની છે. આ દુઃખનું કારણ શું છે ? દુઃખનું કારણ પર સંયોગ છે ? દુઃખનું કારણ ઉદય છે ? કે દુઃખનું કારણ પોતાની માન્યતા છે ? એ વિચારવા જેવું છે. પણ કોઈ જીવ ખરેખર દુઃખ દેવાનો અભિપ્રાય રાખતો હોય, તે અનુસાર સંયોગ બને તો પછી એણે દુઃખ આપ્યું છે કે નહિ ? કોઈ બીજો જીવ વિચાર કરે કે આને મારું. પછી પાપના ઉદયે એવું બન્યું. તો એણે દુઃખ દીધું કે ન દીધું ? આનું ચોરી જાઉં, આનું લઈ જાઉં, આનું મૂકી જાઉં. એણે દુઃખ દીધું છે એમ ખરેખર નથી. એણે ભાવ કર્યા છે. બીજા જીવે દ્વેષભાવ કર્યા છે. એની મર્યાદા, કાર્યની મર્યાદા એણે ભાવ કર્યા ત્યાં સમાપ્ત થઈ ગઈ. ત્યાંથી આગળ એના કાર્યની મર્યાદા નથી.

મુમુક્ષુ :- ભાવનાએ ભવ બનાવ્યા. પરની ભાવનાએ. સ્વની ભાવનાએ મોક્ષ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપની ભાવનાએ જેવું સિદ્ધપદ છે એવું સિદ્ધપદ પ્રસિદ્ધ થાય, પ્રગટ થાય. અને એથી પોતાનું સાક્ષાત્ સિદ્ધપદ છે એની ભાવનાથી વિરુદ્ધ ભાવના કરે કે હું માણસ છું, કર્મવાળો છું અને આવા ઉદયવાળો છું. સંસારી છું. એવી સંસારની ભાવનાથી ભવભ્રમણ થાય. અનુત્પન્ન ઉત્પન્ન થાય. અનુત્પન્નને ઉત્પન્ન કર્યું એમ કહે. નીચે કહેશે આકાશને બાંધ્યું. આકાશ બંધાતું નથી પણ આકાશને બાંધવાનો ભાવ કર્યો.

**'અનુત્પન્નને પેદા કર્યું. (ઉત્પન્નું ન હોતું તેને ઉત્પન્ન કર્યું). અચેતનને ચલાવ્યું,...'** જે પોતે અચેતન સ્વયમેવ ચાલતું નથી. એવા

પરિણામ કર્યા કે હું અચેતનને ચલાવું છું. શરીર મેં ચલાવ્યું. અનેક પ્રકારના સંયોગોના કાર્યો હું હતો તો મેં કર્યા. બીજો કોઈ કરી શકે એવું નહોતું એવું મેં બધું કર્યું. એમ અનેક પ્રકારે અચેતનને ચલાવ્યું. અચેતનને ચલાવ્યું હોવાની બુદ્ધિ કરી, એવા પરિણામ કર્યા, એવા અભિપ્રાય કર્યા. વસ્તુતાએ પોતે અચેતનને ચલાવી શકતો નથી. છતાં ચલાવ્યું હોવાનું માન્યું એટલે ચલાવ્યું. એમ.

**'મરેલાનું જતન અનાદિથી કરે છે.'** મડદાનું જતન અનાદિથી કરે છે. જે દેહ ધારણ કરે છે એ દેહને સુરક્ષિત રાખવા, તે દેહને વ્યવસ્થિત રાખવા, સ્વચ્છ અને સુઘડ રાખવા, સર્વ પ્રકારે એની રક્ષા અને જતન કરે છે. **'મરેલાનું જતન અનાદિથી કરે છે.'** દૃષ્ટાંત એટલા માટે આપે છે કે જગતમાં કોઈનું મૃત્યુ થાય પછી એનું કોઈ જતન કરતું નથી. હવે એને અહીંથી રવાના કરો. મોડું થવા દેશો નહિ. મોડું ન થવા દે.

મુમુક્ષુ :- આણે જતન કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- આણે જતન કર્યું. ઊંધું કર્યું ઊલટું.

'ગુરુદેવ' કહેતા હતા કે જેમ મડદાને મસાણની અંદર લાકડામાં બાળી નાખવામાં આવે છે. તો બીજા લાકડા જેમ ભડ ભડ બળે છે એમ આ દેહ પણ ભડ ભડ બળે છે. તો દેહ પણ મસાણનું એક લાકડું જ છે ને. એમ જ સમજ. શરીર છે એ દેહ તને ગમે તેટલું સારું લાગે, સુંદર લાગે, રમ્ય લાગે, મનોહર લાગે તોપણ એ મસાણનું લાકડું છે. હવે તારે એને ક્યાં સુધી પાલીશ કર્યા કરવું છે ? એને સરખુ રાખવા માટે અનેક પ્રકારની ઉપાધિ કરે ત્યારે એને એમ કહે કે મસાણના લાકડાને પાલિશ કરી કરીને અંતે તો પાછુ મસાણમાં મૂકવું છે.

'ગુરુદેવ' કહેતા. એ જીવની દેહ પ્રત્યેની જે ચિકણી વૃત્તિ છે, દેહ પ્રત્યેના રાગના મિથ્યાત્વ સહિતના ચિકણા ભાવ છે, એ દેહની તુચ્છતા બતાવીને જે ક્ષણભંગુર છે, જે વિનાશક છે અને જે અંતે દહનક્રિયાને લાયક છે એની તુચ્છતા બતાવીને એના પ્રત્યેના મહત્ત્વવાળા ભાવને તોડી નાખવો છે. એની મહત્તા તોડ અને સર્વોત્કૃષ્ટ એવા પોતાના પરમેશ્વરપદની મહત્તા ઓળખીને લાવ. એની ઓળખાણ કરીને લાવ, એમ કહેવું છે.

નિજપદ એવું છે કે જો એની ઓળખાણ થાય તો એની મહત્તા

આવ્યા વિના રહે નહિ અને દેહાદિની મહત્તા પછી રહે નહિ. આની આવ્યા વિના રહે નહિ અને એની હોય તે ચાલ્યા ગયા વિના રહે નહિ. અનાદિની રાગ અને શરીરની મહત્તા છૂટી જાય અને પોતાના પરમપદની મહત્તા આવે.

એ આગળ કહ્યું છે ને ? ૨૮ પાને. Paragraphમાં મોટો Paragraph છે એમાં વચ્ચે છે. '**પોતાના પરમેશ્વરપદનું દૂર અવલોકન ન કર; પોતાને જ પ્રભુ થાપ.**' આ વાત કરી છે ને ? કહે છે કે દૂર અવલોકન ન કર. એટલે શું ? કે સમીપતાથી અવલોકન કર. મારા સ્વરૂપે હું પ્રત્યક્ષ છું, હાજરાહજુર છું, એમ સમીપ અવલોકન કર. સમીપ એટલે બાજુમાં એમ નહિ. હું પોતે જ મારા સ્વરૂપે પ્રત્યક્ષ છું એમ અવલોકન કર. પરમેશ્વરપદે હું પ્રત્યક્ષ છું એમ અવલોકન કર. હું સંસારી છું, માણસ છું, ફલાણો છું અને આમ છું ને આમ છું એ બધી કલ્પના છોડી દે.

મુમુક્ષુ :- જેવો પોતાને માને એવી ચેષ્ટા કરે.

પૂજ્ય ભાઈશ્રી :- એવી જ ચેષ્ટા કરે. એ તો સ્વાભાવિક છે. માણસ હોય અને શંકા પડે કે ભૂત વળગ્યુ. શંકા ભૂત અને મંછા ડાકણ, કહે છે કે નહિ ? ભૂત શું છે ? શંકા પડી એનું નામ ભૂત છે. કાંઈ ભૂત-બુત વળગતું નથી. શંકા ભૂત. તો એ ભૂત જેવી ચેષ્ટા કરશે. જીભ કાઢે, આંખ કાઢે, ડોળા કાઢે, આમ કરે, તેમ કરે. એણે પછી જે વિચારો કર્યા હોય. ભૂત વળગે ત્યારે આવું આવું થાય એવા વિચાર કર્યા હોય એવી ચેષ્ટા કરવા લાગી જાય. 'સમયસાર'માં એને ભૂતાવિષ્ટ પુરુષ કહ્યો છે. ભૂતનું આવિષ્ટપણું કીધું. મારામાં ભૂત છે. એમ આણે પણ કર્માવિષ્ટ (માન્યું). મારામાં કર્મ આવી ગયા છે, મને કર્મ વળગ્યા છે. એમ કર્મને વળગે છે પોતે. એ મનુષ્ય છું. મનુષ્યને લાયક બધા મારા ઉદય છે. તે ઉદય અનુસાર મારે આમ કરવું જોઈએ, આ મારું કર્તવ્ય, આ મારું કર્તવ્ય અને આ મારું કર્તવ્ય. એવી ચેષ્ટા કરે છે. મનુષ્યોચિત ચેષ્ટા કરે છે.

પોતાને જ પ્રભુ સ્થાપ અને દૂર અવલોકન ન કર. પ્રત્યક્ષપણે પરમેશ્વરપદમાં સહજ પ્રત્યક્ષપણું છે. તારા જ્ઞાનલક્ષણમાં પણ સહજ પ્રત્યક્ષપણું છે. બેની સંધી કરીને. એકદમ તને તું પોતાને પ્રત્યક્ષ સ્વરૂપે

જો, તો તું સદાય હાજરાહજુર છો. તારા પરમેશ્વરપદની મહત્તા તને આવશે. અને આખા જગતની મહત્તા તને ઊડી જશે. પછી જગતની મહત્તા કેમ ટાળવી ? આબરૂની, પૈસાની, મકાનની, બીજી, ત્રીજી મહત્તા કેમ ટાળવી ? એ વાત તને શિખડાવવી પડશે નહિ. એ મહત્તા બધી ટળી જશે. એક પ્રભુદર્શનથી બધી મહત્તા ટળી જાય છે. લ્યો. પોતાને પ્રભુ સ્થાપ એમ કીધું છે. જ્યાં સ્થાપના કરે છે કે હું આવો. અસ્તિત્વથી સ્થાપના કરે છે ને ? સમ્યગ્દર્શનમાં બધી પ્રતીતિ થઈ કે બધી મહત્તા ચાલી જાય છે.

આબરૂની મહત્તા નહિ. ભાઈ ! અમારે માન નથી જોઈતું, અમારે કાંઈ આબરૂ જોઈતી નથી. પણ કોઈ બેઆબરૂ કરે તો એની મહત્તા ખરી કે નહિ ? કોઈ અપમાન કરે, કોઈ નિંદા કરે. એ બધી એક જ જાત છે. એમાં બીજી જાત નથી. જેને નિંદા ગમતી નથી એને પ્રશંસા અવશ્ય અવશ્ય ગમે છે. આમ છે. જેને પ્રશંસા ગમે છે એને નિંદાનો અણગમો આવ્યા વિના રહે નહિ. જ્ઞાતા-દ્રષ્ટા એવા આત્મા પાસે તો બંને જ્ઞાનના જ્ઞેયમાત્ર છે. એને કાંઈ અડતું, આભડતું, લાગતું, વળગતું કાંઈ નથી. પણ છતાં મને લાગેવળગે છે એવી માન્યતાથી દુઃખી થઈ જાય છે-આકુળિત થઈ જાય છે.

મુમુક્ષુ :- પોતે પ્રભુ નથી ને પ્રભુ સ્થાપ ? પોતે પ્રભુ તો છે નહિ અને પ્રભુ પોતાને સ્થાપ.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રભુ નથી એમ કોણે કહ્યું ? ભગવાન કહે છે કે પ્રભુ છો તું. 'શુદ્ધ સત્તાએ સૌને પેખતા હો લાલ.' સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ તો એમ કહે છે કે તું અમારા જેવો છો. જેવા અમે છીએ એવો અમારી જાતનો છો. એથી જરા પણ ફેરફાર નહિ. 'યોગીન્દ્રદેવ' તો 'યોગસાર'માં એમ કહે છે કે પરમાત્મામાં અને પોતામાં કિંચિત્‌માત્ર ફેર માને એના જેવું બીજું મોટું કોઈ પાપ આ જગતમાં નથી. મિથ્યાત્વનું પાપ છે ને ? એટલે એના જેવું કોઈ મોટું બીજુ પાપ નથી. એવી રીતે વાત કરે છે. એટલે ત્યાં સુધી લઈ લીધું કે 'તનમંદિરમાં દેવ જિન, જન દેરે દેખંત.' આ તનમંદિરમાં, શરીરમંદિરમાં જિનદેવ છે એને જોતો નથી અને દોડી દોડીને દેરે જાય છે. 'જન દેરે દેખંત.' લોકો દેરાસરમાં દેવ દેખે છે. 'હાસ્ય મને દેખાય છે.' મને તો આ હસવા જેવું

લાગે છે. 'પ્રભુ ભિક્ષાર્થે ભમંત.' પોતે ભગવાન થઈને ભિક્ષા માગવા નીકળ્યો છે. ભમે છે કે મને કોઈક કાંઈક બટકુ આપો... બટકુ આપો. મારી થોડી પ્રશંસા કરો, મને સારું લગાડો, મને માન આપો, મને પૈસા આપો, મને અનુકૂળતાઓ આપો, મને બધી સગવડ આપો તો હું રાજી રાજી રહું.

મુમુક્ષુ :- બીજાની દયા પર જ જીવવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. હવે તો કાંઈક માણસ થોડુંક વિચારે છે ને. બુદ્ધિવાદનો જમાનો છે. બુદ્ધિની તીવ્રતા લોકોમાં દેખાય છે. તો હવે લોકો સમજતા થયા છે કે જે લોકોને પરિણામમમાં મનની નબળાઈ છે એને ગમવું-ન ગમવું વધી જાય છે. એને ગમવું, ન ગમવું વધી જાય છે ત્યારથી માંડીને વ્યસન સુધીના જેટલા કોઈ (પ્રકાર છે એ મનની નબળાઈ છે). તત્ત્વની ખબર નથી તોપણ આટલી બુદ્ધિથી વિચારી શકે છે. બીડી વિના ચાલે નહિ, દારૂ પીવાની લત થાય, અથવા કોઈપણ પદાર્થ ગમે અને ન ગમે એવું થાય તો એ ત્યાં મન નબળું પડ્યું છે. એ વાત સમજાય છે. આ તો આજકાલ પેપરમાં આવી બધી વાતો આવે છે. અખબારોમાં આવી વાતો આવે છે.

મુમુક્ષુ :- સાહિત્ય ઘણું આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એની અંદર લોકો બુદ્ધિથી આટલું સમજે છે. સામાન્ય રીતે જે મનોવિજ્ઞાનના અભ્યાસી છે, માનસ વિજ્ઞાનના અભ્યાસી છે એ લોકોને સમજાય છે કે મન નબળું પડે ત્યારે કેવા કેવા પરિણામ થાય. પરિણામ શબ્દ એ લોકો ન વાપરે પણ મનમાં શું શું થાય. એ રીતે. આ ચીજ ગમે છે ? એ તારી નબળાઈ. આ ચીજ નથી ગમતી ? એ તારી નબળાઈ. એમ લે છે.

'**મરેલાનું જતન અનાદિથી કરે છે.**' અનાદિથી દેહની સેવા કરે છે. '**જૂઠી માન્યતામાં (અચેતનને) પોતાના જેવું (ચેતન જેવું) તું કરે છે,...**' એ જડ છે છતાં એને તું ચેતન જેવું, પોતાના જેવું, પોતા સ્વરૂપે માનીને એનું જતન કરે છે. પોતાનું ન માને તો એનું જતન કરવાનું, પારકાનું કોઈ જતન કરવા જાતું નથી. '**(પણ) કંઈ તારું કર્યું જડ ચેતન ન થાય.**' ભલે તું એને ગમે તેટલું ચેતનપણે સમજીને એની સાથે ગમે તે પ્રકારે સાચવણી, જતન કરે પણ એથી કાંઈ એ ચેતન થઈ જાય

નહિ. મારાપણું, મમત્વપણું, એકત્વપણું અત્યંત કરે, અનંતગણું કરે, અનંતકાળથી કરે તોપણ એ કાંઈ ચેતન થાય નહિ.

'(પણ) **કંઈ તારું કર્યું જડ ચેતન ન થાય. તું જ એવી જૂઠી કલ્પનાથી દુઃખ પામે છે.**' પણ એ જડમાં ચેતનપણાની મિથ્યા કલ્પનાથી, મિથ્યા માન્યતાથી તને આકુળતા થવા સિવાય બીજું કાંઈ થતું નથી. કોઈ પાગલ માણસ રસ્તામાંથી પસ્તી ભેગી કરીને થેલીમાં નાખે. આખી થેલી ભરીને એમ વિચારે કે મેં કરન્સી નોટ ભેગી કરી. મોટો દલ્લો હાથમાં આવ્યો. ખુશી થાય. સુખ થયું કે ન થયું એને ? ન સુખી થયો એ ? કે એમ સમજીને કરજ કરશે તો દુઃખી થાશે. અથવા એને કોઈ સ્વીકારશે નહિ ત્યારે દુઃખી થાશે. એણે સ્વીકારેલી ચીજ બીજો નહિ સ્વીકારે એટલે દુઃખી થાશે. આમ થયું ને તેમ થયું. એમ જૂઠી કલ્પનાથી સુખ અને જૂઠી કલ્પનાથી દુઃખ. બસ.

આ જડ-ચેતનનો વિષય, જડ-ચેતનની ભિન્નતાનો વિષય અને રાગની ભિન્નતાનો વિષય, કારણ કે ભિન્નતા નહિ માનતા રાગ છે અથવા રાગથી અભિન્નતા સાધે છે. એટલે જડ-ચેતનની ભિન્નતાનો વિષય અને રાગની ભિન્નતાનો વિષય વૈજ્ઞાનિક પદ્ધતિથી એક જૈનદર્શનમાં છે. બાકી ક્યાંય નથી. બધું એક જ માનીને ચલાવવામાં આવે છે. જોકે આજકાલ તો કહેવાતા જૈનો પણ એ બે એક માનીને ચાલે છે. એમાં બે વચ્ચેની ભિન્નતાનો સંપ્રદાયમાં તો વિષય પણ ચાલતો નથી.

મુમુક્ષુ :- મૂળ પાયાનો...

પૂજ્ય ભાઈશ્રી :- પાયાનો સિદ્ધાંત જ એ છે. જૈનદર્શનનો પાયો જ એ છે. જે જગતમાં ક્યાંય નથી, કોઈ દર્શનોમાં નથી.

મુમુક્ષુ :- પૂજા કરી, અપવાસ કર્યા...

પૂજ્ય ભાઈશ્રી :- બધું. કોઈ ત્યાગને બહાને એકતા કરે, કોઈ ગ્રહણને બહાને એકતા કરે, બધું એકનું એક છે. સૈદ્ધાંતિક રીતે તો એમાં ત્યાંનો ત્યાં છે. બીજે ક્યાંય નથી.

જ્યાં ઈશ્વરને જ એવી રીતે સ્થાપે કે એ જગતના કાર્યો કરે. તો પછી હું જગતના કાર્યો ન કરું એ વાત ક્યાંથી ખ્યાલ આવે ? એમ આ એમ કહે કે આ કર્મનો ઉદય મને અનુકૂળતા આપે અને કર્મનો ઉદય

પ્રતિકૂળતા આપે, દુઃખ આપે. આ સુખનું કારણ થાય અને આ દુઃખનું કારણ થાય. કર્મને લઈને બધું થાય. ત્યાં પછી એનાથી છૂટા પડવાની ભિન્નતાનો વિચાર કરવાનો ક્યાં રહ્યો ?

દિગંબર સંપ્રદાયના પંડિતો અને સમાજે એકવાર ભેગા થઈને, 'ઈંદોર'માં કે ક્યાંક ભેગા થયેલા. 'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં. એમ કે જે નિમિત્તથી કાર્ય ન માને અથવા એક દ્રવ્યથી બીજા દ્રવ્યનું ભિન્નપણું માને તેને અજૈન ઘોષિત કરો, જાહેર કરો. ઘોષણા કરો. સમાજની અંદર જાહેર કરો કે એ અજૈન છે. એટલે એમ કે 'સોનગઢ'વાળા જૈનો નથી પણ બધા અજૈન છે એમ જાહેર કરો. પણ તારે જિનેશ્વરને અજૈન કરવા પડશે, તું આવું કરીશ તો. 'भेदविज्ञातः सिद्धा सिद्ध ये किल केचन।' આચાર્ય 'અમૃતચંદ્ર' ભગવાન અહીંથી તો વાત ઉપાડે છે. સિદ્ધ કોણ થયા ? સંસારીમાંથી સિદ્ધ (કઈ રીતે) થયા ? કે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા. કોણ રખડ્યા ? કે 'अस्यैवाभावतो बद्धा' જેને ભેદવિજ્ઞાનનો અભાવ રહ્યો તે બંધાણા, તે સંસારમાં રખડ્યા, ભ્રમિત થયા. ભવભ્રમણમાં રખડ્યા એ બધા એના અભાવથી રખડ્યા. આ લોકોએ એવું એક રતિસર ગેધરિંગ કર્યું. મેળાવડો કર્યો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- 'ખાણિયા' ચર્ચા. આ તો રીતસર એક અધિવેશન ભરેલું. અખબારોની અંદર પછી જાહેરાતો આપે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે તે બધાને અજૈન જાહેર કરવા. એને આપણા જૈનમાં ગણવા નહિ.

મુમુક્ષુ :- એ રીપોર્ટ ઠેઠ સુધી ચાલે છે. કહેવાતા...

પૂજ્ય ભાઈશ્રી :- એ કહે તો પછી અજૈન ન થઈ જાય આ લોકો ? ઘણા ભેગા થઈને એમ કહે કે આ અજૈન છે. તો પછી બધા અજૈન થઈ જાય કે ન થઈ જાય ? એ કાંઈ પ્રશ્ન રહેતો નથી. કેવી એ હાસ્યાસ્પદ વાત છે ! ઘણાએ સાથે ભેગા મળીને કર્યું માટે કાંઈ એનું મહત્વ છે. એમાં કહેવાતા મોટા મોટા સમાજના મુખ્ય માણસો સામેલ થયા માટે એ કાંઈ મહત્વવાળી વાત છે, એમ છે ? કે એનું કોઈ મહત્વ નથી. પણ જેને સમાજમાં મોટાઈ લેવી છે એને તો દુઃખ થઈ જાય કે અરે..રે..! આપણને કાઢી નાખ્યા. આપણને આમ ગણ્યા. આપણને

આમ કહી દીધું. આપણને... પણ હવે તને અડતું નથી કાંઈ. એ કહે છે એ તને કાંઈ અડતું નથી.

'લહી ભવ્યતા મોટું માન.' આવે છે ? ભગવાનના, સર્વજ્ઞના જ્ઞાનમાં એમ આવ્યું કે આ જીવ આસન્ન ભવ્ય છે તો એના જેવું બીજું મોટું માન કયું ? પછી ભલેને ત્રિભુવન અપમાન કરે. ત્રણ લોકના જીવો એનું અપમાન કરે. એનાથી કાંઈ એને સંબંધ રહેતો નથી. એ માન-અપમાનનો હાઉ છે માણસને.

'**તું જ એવી જૂઠી કલ્પનાથી દુઃખ પામે છે. (એમ કરવામાં) તને શો ફાયદો છે** ?' ચાલો પૂછે છે કે આ તો તું દુઃખી થવાનો ઉપાય કરે છે. આથી તને ફાયદો શું છે પણ ? તારા હાથે કરીને પગ ઉપર કુહાડો મારવો એનાથી તને શું ફાયદો છે ? પોતાના પગ ઉપર કુહાડો મારે એથી કાંઈ ફાયદો છે એને કાંઈ ? એ તો પોતે જ દુઃખી થાશે. બીજું કાંઈ દુઃખી થવાનું કારણ નથી. '**મારો ફંદ હું પાડું છું. (મારા ફંદને હું કરું છું પણ)...**' એમ તું પોતે જ વિચારતો નથી. ફંદમાં પડવાનું એટલે ભવભ્રમણમાં રખડવાનું, ક્લેશમાં પડવાનું પોતે જ કરે છે. બીજો કોઈ કરતો નથી. બીજો કોઈ એને કરાવતો નથી. બીજાને કોઈ એમાં લેવા-દેવા નથી. કોઈ જડને કે ચેતનને કાંઈ લેવા દેવા નથી. '**(તેથી) કાંઈ સિદ્ધિ નથી.**' અને એ રીતે પોતે જ ભવભ્રમણમાં રખડવાના કારણને સેવે એનાથી કાંઈ સિદ્ધિ નહિ મળે. એનાથી કાંઈ મળવાનું નથી. ઊલટાનો દુઃખી થશે પણ એને કાંઈ મળશે નહિ.

'**વિચાર વિના પોતાની નિધિ ભૂલ્યો.**' નિજ વિચાર વિના, સ્વરૂપના વિચાર વિના પોતાની ગુણનિધિને ભૂલ્યો છે. અલૌકિક ગુણો છે. લૌકિકમાં જે ગુણ કહેવાય છે એ તો હજી અહીંયાં અલૌકિક ગુણની અપેક્ષાએ, અલૌકિક ગુણોની બરાબરીમાં દોષના ખાતામાં જાય છે. ક્રોધ કરે અને કોઈ એને ક્ષમાભાવથી માફી આપે. એના પ્રત્યે ક્ષમા કરીને માફીના પરિણામ આપે તો લોકો એને એમ કહે કે આ ગુણવાન છે. પણ એવો ક્ષમાનો રાગ છે એ અલૌકિક જ્ઞાતા-દ્રષ્ટા ક્ષમાભાવની બરાબરીમાં તો એ દોષભાવ છે. જ્ઞાતા-દ્રષ્ટાપણું જે છે એવો જે ક્ષમાભાવ છે એ ગુણ છે અને આ દોષ છે. આટલો બધો તો ગુણનો સ્તર ઊંચો છે. આત્મામાં રહેલા જે ગુણો, એની જે કક્ષા, એનું જે

સ્તર એમાં આટલો મોટો તો ફેર છે.

**'પોતાની નિધિ ભૂલ્યો. અનંતચતુષ્ટયરૂપ અમૃત મેલું કર્યું,...'** લ્યો, ઠીક ! કોઈક એંઠવાડ નાખીને કપડા બગાડે. માથેથી એંઠવાડ નાખે ને રસ્તા પર એટલે માથા ઉપર બધું પડે. એને એમ થાય કે આ બધું એંઠું મારા ઉપર નાખ્યું. કપડા મેલા થયા. એકદમ એને ઘૃણા થઈ આવે. અહીંયાં પરમ પવિત્ર એવું જે નિર્મળ જ્ઞાન છે આત્મામાં, નિર્મળ દર્શન છે, નિર્મળ સુખ છે, અનંત પુરુષાર્થ છે, પવિત્ર પરિણામો છે, અનંત પવિત્રતા છે, પોતે અનંત પવિત્રતાનો પૂંજ છે એને મેલું કર્યું. એને કષાયભાવથી, મિથ્યા ભાવથી એને મેલું કર્યું. અથવા પોતાને મેલો છે એમ અનુભવ્યો, રાગવાળો અનુભવ્યો. મેલો અનુભવ્યો, રાગી અનુભવ્યો. વીતરાગસ્વરૂપ એવો પોતે, જિનસ્વરૂપ એવો પોતે એને રાગી, દ્વેષી, મોહી, સંસારી એવો અનુભવ્યો. પોતે જ અનંત ચતુષ્ટયને મેલું કર્યું. મેલું મૂળમાં છે એ મેલું થઈ શકતું નથી, પણ મેલાપણે પોતાને સ્વીકાર્યું એટલે મેલું કર્યું એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એ વખતે સ્વરૂપ તો તેવું ને તેવું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જેવું ને તેવું જ છે. જેના ઘરમાં નિધિ દાંટેલી છે. એને ખબર ન હોય અને ભીખ માંગે તોપણ છે એ તો છે જ. વસ્તુ નથી એવું કાંઈ નથી. પણ એના બેભાનપણામાં એ દારિદ્રતાના દુઃખને અને દીનતાને કર્યા કર્યે છે. દીનતાના પરિણામ કરે છે કે કોઈ મને મદદ કરો, હું રાંકો છું, હું ભિખારી છું, હું દયાને પાત્ર છું. તમે કોઈ મારા ઉપર દયા કરો. અંદર નિધિ ભરી છે, ઘરમાં નિધિ ભરી છે. આવું છે.

'સોગાનીજી'એ એકવાર એવું કહ્યું. આ મંદિરમાં જાવું અને ભગવાનની સ્તુતિ આદિના પરિણામ થાય એ દીનતાના પરિણામ છે. કેવા પરિણામ છે ? દીનતાના પરિણામ છે. કેમકે પોતે તો અંદરમાં પરેશ્વરપદે છે. બહારમાં બીજા પરમેશ્વરને જોવે છે તો રાગ છે તો દીનતા કરે છે. કોઈ કેવળજ્ઞાની કેવળજ્ઞાની પ્રત્યે સ્તુતિ કરતા નથી. કોઈ સિદ્ધ બીજા સિદ્ધ પ્રત્યે સ્તુતિ, વંદના, પૂજા, ભક્તિ કાંઈ કરતા નથી. કરે છે ? એ પરિસ્થિતિ જોવામાં આવતી નથી.

સમવસરણમાં મુનિરાજ બેઠા હોય. તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ ચાલતી હોય. એ દિવ્યધ્વનિથી પણ ઉપયોગ બદલાય જાય, ફરી જાય.

અંદરમાં ધ્યાનની શ્રેણીમાં આવે, શુક્લધ્યાનની શ્રેણી માંડીને પોતે કેવળજ્ઞાનમાં પ્રસિદ્ધપણે કેવળજ્ઞાન પ્રગટ કરે તો એ સ્થાન ખાલી છે. જ્યાં બેઠા હોય એ સ્થાન ખાલી થાય. સીધા પાંચસો ધનુષ ઊંચે આકાશની અંદર પદ્માસને ત્યાં સ્થિત થઈ જાય. ભગવાનની જે પાંચસો ધનુષ ઊંચી તો આ (ગંધકૂટી છે). એટલે પાંચસો ધનુષ ઊંચે જાય. સમવસરણની ગંધકૂટીની ઊંચાઈ પાંચસો ધનુષ છે. પછી ભગવાનનું આસન છે-કમળ. પછી એના ઉપર અંતરીક્ષમાં સહેજ જગ્યા વચ્ચે રહે છે. અડીને દેહ હોતો નથી. એ આસનથી પણ સહેજ અંતરીક્ષમાં વચ્ચે જગ્યા રહે છે. ભગવાનનો-તીર્થંકર ભગવાનનો દેહ હોય છે. બરાબર બસ, એ Level ની અંદર, આકાશની અંદર. અરિહંત કેવળી થાય. જે જે અરિહંત કેવળી થાય એ બધાય એ સ્થાને આવે. સાંભળતા હતા ત્યારે નીચે બેસીને સાંભળતા હતા. અરિહંત કેવળી થયા અને સાંભળવાનું બંધ થયું એટલે સીધા ઉપર આવી ગયા. એ શું બતાવે છે ? કે રાગ છે ત્યાં સુધી એટલી દીનતા છે. પૂજા-ભક્તિના પરિણામને દીનતા કહેવી ? વ્યવહારે ન કહેવાય. વ્યવહારે તો એને પૂજા-ભક્તિ કહેવાય. નિશ્ચયે એને દીનતા કહેવામાં આવે છે. એમ છે.

'**વિચાર વિના પોતાની નિધિ ભૂલ્યો.**' સ્વવિચાર વિના પોતાની સ્વ નિધિને ભૂલ્યો. '**અનંતચતુષ્ટયરૂપ અમૃત મેલું કર્યું.**' એટલે તો 'અષ્ટપાહુડ'માં 'કુંદકુંદાચાર્યે' એ વાત લીધી છે. 'परदव्वादो दुग्गई'. પરદ્રવ્યને અનુસરતા દુર્ગતિ થાય છે. મોક્ષ નથી થતો પણ ચાર ગતિ સંસારની છે એની દુર્ગતિ થાય છે. તો એમાં એ વાત આવી ગઈ કે અમે તારા માટે પરદ્રવ્ય છીએ. કહેનાર શું કહે છે ? કે અમે તારા માટે તો પરદ્રવ્ય છીએ. 'परदव्वादो दुग्गई'. અમને અનુસરવાનું અમે કહેતા નથી. અને અમે પણ એવા દીન અને પામર નથી કે કોઈ અમારી સ્તુતિ, વંદના, પૂજા કરે તો અમે ખુશ રહીએ, તો અમને ઠીક પડે. જગતમાં તો એવા પરમાત્મા કલ્પે છે. લોકોએ ભગવાનને પણ ખુશામતખોર ગણ્યા છે. એની પ્રશંસા, એની પૂજા, એની ભક્તિ, એની સ્તુતિ કરે એના પ્રત્યે એ પ્રસન્ન રહે અને એને બધું આપે. બાકીનાને કાંઈ આપે નહિ અને કોઈ અવળા ચાલે એને પાછા શીક્ષા આપીને સીધા પણ કરી દે. આડા ચાલે એને. એવા પરમાત્માને વિષે રાગ-

દ્વેષની કલ્પના કરી છે. અહીંયાં તો કહે છે કે તું મને અનુસરીશ (તો) 'परदव्वादो दुग्गई'. મને અનુસરીશ તો દુર્ગતિમાં જઈશ. અને અમે એવા કોઈની અપેક્ષાએ રાખીએ એવા દીન પણ નથી. બીજાની અપેક્ષા રાખવી એ દીનપણું છે. કોઈ મારી સ્તુતિ કરે, મારી પ્રશંસા કરે એ તો અપેક્ષિત ભાવ થયો, એ તો દીનતા છે. ભગવાન એવા દીન હોતા નથી. અંદરમાં ધ્રુવપદ એવું છે, પ્રભુપદ એવું છે કે બીજાની તો એ અપેક્ષા રાખતો નથી પણ એની પર્યાયની અપેક્ષા એને નથી. ઠીક ! બીજાની પર્યાય એને અનુકૂળતા વર્તે એ તો અપેક્ષા એને નથી, પણ એની પર્યાયની અપેક્ષા એને નથી. એવું પર્યાય નિરપેક્ષ, સ્વદ્રવ્ય સ્વાધીન દ્રવ્ય છે. પર્યાયનિરપેક્ષ દ્રવ્ય છે. દ્રવ્યસ્વભાવ.

**'અનંતચતુષ્ટયરૂપ અમૃત મેલું કર્યું, ચેતના, મારો પાડેલો ફંદ એવો છે, (જાણે) આકાશ બાંધ્યું !'** એવી કલ્પના કરે છે કે આખા જગતને મહાત કરવાની. આકાશને બાંધવાની કલ્પના કરે. મહત્વકાંક્ષી જીવ થાય છે ને ? એની મહત્વકાંક્ષાનો કાંઈ છેડો નથી પછી. કોઈ એને Limit હોતી નથી, મર્યાદા રહેતી નથી. '**(જાણે) આકાશ બાંધ્યું ! અચરજ થાય છે.**' આ તો આશ્ચર્ય જેવી વાત છે. કાંઈ કરી શકતો નથી. એક રજકણને સ્પર્શી શકતો નથી. એક રજકણની એક Second માં અસંખ્ય અવસ્થા બદલાય જાય છે એમાં એક અવસ્થામાં ફેરફાર કરી શકે નહિ. એક Secondમાં એક પરમાણુમાં કેટલી અવસ્થા બદલાય ? અસંખ્ય, અબજોથી વધારે. કરોડો-અબજોથી વધારે. એક સમયમાં પર્યાયથી પર્યાયાંતર થાય છે ને પરમાણુ ? દરેક દ્રવ્ય થાય છે. તો એક પરમાણુ એક Second માં અસંખ્ય વાર અવસ્થા બદલી નાખે છે. આ જીવને તો એની ખબર પણ પડતી નથી. કઈ અવસ્થાને એ બદલવા જાય અને સ્પર્શવા જાય ? એ કાંઈ કરી શકતો નથી. પણ જાણે બધાનું કરી શકું છું, અનંત પરમાણુના કાર્યને હું કરું છું.

**'આકાશ બાંધ્યું ! અચરજ થાય છે. પણ જો કવલ અવિદ્યા જ હો તો તું આવર્યો ન જાત.'** અથવા કેવળ અવિદ્યા જ હોત તો એ જ તારું સ્વરૂપ હોત. તો પછી આ આવરણ છે એ વાત ન રહેત. નિરાવરણની સામે આવરણ અપેક્ષિત છે. આવરણ, નિરાવરણ, શુદ્ધિ, અશુદ્ધિ આ બધું તો અપેક્ષિત છે. જો કેવળ અવિદ્યા અને કેવળ

અશુદ્ધિ હોત, તો તો પછી કાંઈ શુદ્ધિનું નામ લેવાનું કે નિરાવરણ થવાનો પ્રશ્ન રહેતો નથી. પણ એમ નથી. કેવળ અવિદ્યા એ તારું સ્વરૂપ નથી, કેવળ અજ્ઞાન એ તારું સ્વરૂપ નથી, કેવળ દુઃખ એ તારું સ્વરૂપ નથી. તારું સ્વરૂપ બીજું છે એમ કહે છે કે જે અત્યારે આવરણમાં ગણવામાં આવે છે.

**'અવિદ્યારૂપ જડની અલ્પ શક્તિથી તારી મહાન શક્તિ ન હણી જાય.'** ભલે તે અનાદિથી વર્તમાન સુધી અનંત કાળ પર્યંત અવિદ્યા સેવી, મિથ્યાત્વમાં રમ્યો, અજ્ઞાન ભાવો કર્યા, કષાયભાવો કર્યા, પરના કર્તાપણાના ભાવો કર્યા, અનંત કાળ નિગોદમાં રહ્યો, પ્રચુર કષાય કલંકમાં, તોપણ તારું મૂળ સ્વરૂપ એવું ને એવું નક્કોર કોરે કોરું છે. અંદરમાં કાંઈ ફેરફાર નથી. તારી મહાન શક્તિ હણી ન જાય, એનો નાશ ન થાય. અનંત શક્તિ તારામાં ભરી છે એનો નાશ થઈ ગયો તેનાથી ? કે અરે..! અનંત શક્તિમાંથી કાંઈ પણ ઓછું થયું નથી. તારું જે શક્તિનું નિધાન છે એ તો એટલું ને એટલું પૂરેપૂરું ભરપૂર ભરેલું છે. એમાં કોઈ ફેરફાર નથી.

**'અવિદ્યારૂપ જડની અલ્પ શક્તિ...'** એમ. પાછી અલ્પશક્તિ કીધી. જડની શક્તિ કીધી એ તો. ચૈતન્યની શક્તિ તો આ છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય એ ચૈતન શક્તિ છે. આ રાગ, અવિદ્યા, અજ્ઞાન, મિથ્યાત્વ, કર્મનો ઉદય, સંયોગો બધા જડમાં નાખી દીધા. બે જ ભાગ પાડ્યા. એક જડ અને એક ચૈતન્ય. શુદ્ધાત્મ સ્વરૂપ તે ચૈતન્ય આત્મસ્વરૂપ બાકી બધું જડસ્વરૂપ.

મુમુક્ષુ :- અલ્પ શક્તિથી...

પૂજ્ય ભાઈશ્રી :- અલ્પ શક્તિથી. જડની અલ્પ શક્તિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ પરમાણુની શક્તિ અહીંયાં નથી લેવી. અવિદ્યાની શક્તિ લેવી. મિથ્યાત્વ અને અજ્ઞાનની શક્તિ કેટલી ? કે અલ્પ. અનાદિકાળથી જીવ અજ્ઞાન અને મિથ્યાત્વમાં પડ્યો છે પણ એને ટળતા કેટલી વાર લાગે છે ? એક સમય લાગે છે. જેમ અનાદિનો અંધકાર હોય એને ટળતા કેટલી વાર લાગે ? કે પ્રકાશ થાય (એટલી વાર લાગે). એક સમયમાં પ્રકાશ થાય અને અંધકાર ટળી જાય. પણ

ઘણા વર્ષનો અંધકાર છે માટે કાંઈ બહુ મજબુત અંધકાર થઈ ગયો અને પ્રકાશ આવે તો એને નીકળતા જરાક વાર લાગે, પ્રકાશને મહેનત પડે એવું થાય કે ન થાય ? કે પ્રકાશને ઘણી મહેનત પડે ત્યારે જૂનું અંધારું જાય. નહિતર જૂનું અંધારું ન જાય. એ તો પ્રકાશ થતાંવેત, ગમે તેટલું અંધારું હોય, પ્રકાશ થતાવેંત ખલાસ થાય છે.

એમ અજ્ઞાન અને મિથ્યાત્વ છે એ ક્ષણિક છે, ક્ષણ ક્ષણવર્તી છે. આત્માની અનંત જ્ઞાન દર્શનની શકિત સામે, અનંત પુરુષાર્થની શકિત સામે એ વિભાવ ભાવોની શક્તિ કોઈ ગણતરીમાં જ નથી. એટલી અલ્પ છે કે જેની કોઈ ગણતરી ન થાય. એટલી અલ્પ છે. જેમ સમુદ્રમાં કોઈ ઝેરનું ટીપું નાખે તો સમુદ્રનું પાણી ઝેરી થાય કે ન થાય ? કે ન થાય. હવે આમાં ઝેરનું ટીપું પડી ગયું છે. દૂધપાકના તપેલામાં ઝેરનું ટીપું પડ્યું હોય તો દૂધપાક ન વપરાય. પણ સમુદ્રના પાણીમાં ? કે એમાં કાંઈ ન થાય. એમાં તો એવા હજારો-લાખો સર્પ હોય છે. પાણીના સર્પ હોય છે એ પણ ઝેરી સર્પ હોય છે. તોય સમુદ્રનું પાણી ઝેરી થતું નથી. એટલું એનું પ્રમાણ વિશાળ છે.

એમ આત્માની અનહદ શકિત છે, અનંત શકિત છે એ શકિત પાસે એક સમયની પર્યાયની વિભાવશક્તિ, જેને આખો પોતે આધીન થયો હોવાનું માને છે એ તો કાંઈ નથી. પણ પોતાની મહાનતાને જોવે તો એને ખબર પડે કે પોતે કેટલો મહાન છે અને આ કેટલું અલ્પ છે. એ તો પોતાની મહાનતાને જોવે તો એને સમજાય, નહિતર સમજાય એવું નથી.

**'અવિદ્યારૂપ જડની અલ્પ શક્તિથી તારી મહાન શક્તિ ન હણી જાય.'** એથી કાંઈ તારી મહાન શક્તિનો એ નાશ કરે કે તારી મહાન શક્તિને કાંઈ આંચ પહોંચાડે, કાંઈ પણ એમાં ખોડખાંપણ ઊભી કરે એ બની શકે એવું નથી. **'પરંતુ તારી શુદ્ધ શક્તિ પણ મોટી, તારી અશુદ્ધ શક્તિ પણ મોટી.'** લ્યો ! અલ્પ કહીને પાછી મોટી કહી. અન્યમતવાળાને આ નથી સમજાતું કે એક જ વાત કરે અને પાછા એની વિરુદ્ધ વાત કેમ કરે છે ? પણ ત્યાં અપેક્ષા બદલાય છે. જેને પુત્ર કહ્યો હતો એ એના પિતાની અપેક્ષા લઈને કહ્યો હતો. પણ એને પિતા કહ્યો ત્યારે એના પુત્રની અપેક્ષા લીધી છે. આ આંગળીને મોટી

કહે છે તો નાનીની અપેક્ષા લેવામાં આવે છે અને નાની કહે ત્યારે મોટીની અપેક્ષા લેવામાં આવે છે. તો જેને નાની કહે છે તેને મોટી કહે છે અને મોટી કહે છે તેને જ નાની કહે છે. એમાં વાંધો શું આવે ? અપેક્ષા છે.

મુમુક્ષુ :- અંદરમાં તો વસ્તુ એક જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુ તો જે છે ઈ છે. અપેક્ષાએ એના વિશેષણો લગાડવામાં આવે છે. બાકી વસ્તુ જેવી છે તેવી છે.

કહે છે કે '**તારી શુદ્ધ શક્તિ પણ મોટી,...**' શુદ્ધતાએ પરિણમવાની તારી શક્તિ મોટી. આ પણ સમીપપણે અવલોકન કરવાની વાત છે. તારો સ્વભાવ તો શુદ્ધપણે પરિણમવાનો જ તારો સ્વભાવ છે. પરિણમન અપેક્ષાએ પરિણમન સ્વભાવને જોવામાં આવે, તો આત્મા, પોતાનું જેવું શુદ્ધ સ્વરૂપ છે એવો જ શુદ્ધપણે પરિણમે. એવો એનો સ્વભાવ છે. અશુદ્ધપણે પરિણવાનો એનો સ્વભાવ નથી. એવા સ્વરૂપને જોવે કે શુદ્ધ પરિણમવાનો સ્વભાવ છે, એનું પરિણમન શુદ્ધતા પકડે છે, એનું પરિણમન અશુદ્ધતા છોડી દે છે. આવું વિજ્ઞાન છે.

આમાં એ વાત ફેરવી ફેરવીને આવે છે કે ગુપ્ત એવી જે તારી શક્તિ છે એને વ્યક્તપણે ભાવ, પ્રગટપણે ભાવ. હવે ગુપ્ત કઈ ? અને કહે છે કે ગુપ્ત છે તો એને વ્યક્તપણે કેમ ભાવવી ? એ તો સામર્થ્ય અપેક્ષાએ અવ્યક્ત છે એટલે ગુપ્ત કહ્યું, પણ જે સામર્થ્ય તો જેવડું છે એવડું જ્ઞાનમાં પ્રગટપણે જાણ તો એ પ્રગટ છે જ્ઞાનમાં. જ્ઞાનમાં પ્રગટ છે. તો એને વ્યક્તપણે ભાવ કે જેના ભાવવાથી સ્વભાવની વ્યક્તતા થશે, અવસ્થામાં પણ સ્વભાવરૂપ પરિણામ થશે.

'**તારી શુદ્ધ શક્તિ પણ મોટી, તારી અશુદ્ધ શક્તિ પણ મોટી.**' અશુદ્ધ શક્તિ મોટી એમાં એવી અપેક્ષા છે કે અનાદિથી એ અશુદ્ધપણે તું પરિણમી રહ્યો છો. એટલે એક તો જાણે કાળ ઘણો મોટો ગયો. અનંત કાળ ગયો. વળી એ અશુદ્ધતા ટાળવાની તને ઈચ્છા થાય, સામાન્ય ભાવ થાય, વિકલ્પ થાય તોપણ એ અશુદ્ધતા એવી રીતે ટળતી નથી. મિથ્યાત્વ પણ અનંત બળથી પરિણમે છે ને ? ગુણ તો પૂરો ઊંધો પડ્યો છે. તો એમાં પણ એટલું બળ છે, ઊંધાઈનું એટલું

બળ છે. તો એ જોઈને એમ કહે છે કે એ અશુદ્ધ શક્તિ પણ તારી મોટી. કેટલી મોટી ? કે સાક્ષાત્ પરમાત્મા તને એમ કહે કે ના ના, તું શુદ્ધ છો, તું સ્વરૂપે કરીને શુદ્ધ છો. મારા જેવો જિનેશ્વર પરમાત્મા છો. તો એને ના પાડે. એને પણ ના પાડે. ના ના, હું તો આવો છું ને. તમે મને કહો છો પણ હું તો આવો જ છું ને. તો એ પરમાત્માને પણ ન ગાંઠે એવી એની અશુદ્ધ શક્તિ પણ મોટી. અને આ જીવે કેટલી વાર ગાંઠ્યું નથી ? કે અનંત વાર એણે પોતે આ જીવે ગાંઠ્યું નથી. પૂર્વ કર્મના યોગે, પૂર્વ પુણ્યના યોગે જિનેશ્વરનો સંયોગ થયો, પણ આયુષ્ય વ્યતીત કર્યું અવગણીને. નહિ ગાંઠીને, અવગણીને આયુષ્ય પૂરું કર્યું છે. અનંત વાર એણે એ રીતે આયુષ્ય પૂરું કર્યું છે અને ભવભ્રમણની અંદર ભટક્યો છે. એમ તારી '**અશુદ્ધ શક્તિ પણ મોટી.**'

'**તારી ચિંતવણી તારે ગળે પડી.**' આવી જે તારી ચિંતવણી, પરની ચિંતા, પરની ઉપાધિ, તેં ઊભી કરેલી પરની ઉપાધિ એ તારે ગળે પડી છે. તારી જ ચિંતવણી તારે ગળે પડી છે. તને કોઈએ બીજાએ ચિંતામાં નાખ્યો એ વાત સાવ ખોટી છે. આ બધી જવાબદારીઓ તો સમજવી જોઈએ ને ? પૂરી કરવી જોઈએ કે નહિ ? ગળામાં નાખી હોય કોઈએ જવાબદારી કે જાવ તમે પ્રમુખ. તો જવાબદારી પૂરી કરવીને ? તમે આ ઘરના વડીલ. તમે કહેશો એમ બધા ચાલશે. તમારી આજ્ઞામાં બધા ચાલશે. પછી ફરજ થઈ પડે કે ન થઈ પડે ? એ તારી ચિંતવણી તારે ગળે પડી છે. બીજાનું તું માને છો એ વાતમાં માલ નથી. તને સારું લાગે એટલું તું માને છો. શું છે ? જીવને પોતાને ગોઠે છે એટલું માને છે. ન ગોઠે તો પરમાત્માનું માનવા તૈયાર નથી. આ હાલત છે. એટલે જે કાંઈ ઉપાધિ છે એ એણે ગમતી ચીજની ઉપાધિ-અધિયારી વહોરી છે. બાકી કાંઈ વાતમાં માલ નથી.

મુમુક્ષુ :- પૂજા ભક્તિ કરીએ છીએ અને આપ કહો છો કે નથી માનતો.

પૂજ્ય ભાઈશ્રી :- માનતો નથી. એ સંસારનો દૃષ્ટાંત 'ગુરુદેવ' દેતા હતા કે ચુંદડી ઓઢે ધણીની અને ધણીનું કીધું માને નહિ. અમે દેવ-ગુરુ-શાસ્ત્રને, જ્ઞાનીને બધાને માનીએ છીએ, અમારા ઉપર એનો ઉપકાર છે અને એનું જ માને નહિ પાછા. ઘણા બૈરા હોય છે ને ?

કહેવાય કે આ ફલાણાની ઘરવાળી છે. એની એક વાત માને નહિ. એનું જ બધું એણે માનવું પડે. તું મારું માન, હું તારી એક વાત માનવાની નથી. એના જેવી દશા હોય છે. એમ પોતાની ઉપાધિ પોતે ઊભી કરેલી છે. કોઈ એને ઉપાધિમાં નાખ્યો છે એ વાત સાચી નથી.

મુમુક્ષુ :- ભગવાનના શરીરની પૂજા કરે તો એ આજ્ઞાની પૂજા નથી કરતો.

પૂજ્ય ભાઈશ્રી :- આજ્ઞાની પૂજા કરે તો તો અંદર સમાય જાય. ભગવાનની આજ્ઞા તો સીધી એ છે કે જો હું અંદરમાં પરિપૂર્ણ લીન થઈ ગયો છું, ડૂબેલો છું. આ મારી આજ્ઞા છે. મારે કહેવાની પણ જરૂર નથી. તું મારા સામુ જો, મારા સ્વરૂપને જો એટલે તને ખબર પડે કે તારે શું કરવા જેવું છે. એ તો મૌનપણે ઉપદેશ આપે છે, બોધ આપે છે કે આ કર્તવ્ય છે. પછી તો કાંઈ પ્રશ્ન નથી. પણ એ બાહ્ય દૃષ્ટિએ બહારમાં ને બહારમાં બહારની મહત્તા છે અને બાહ્ય કાર્યોમાં અને બાહ્ય દૃષ્ટિમાં આયુષ્ય અને સમય વ્યતીત કરે છે. (અહીં સુધી રાખીએ...)

આત્મજ્ઞાન સાથે વૈરાગ્ય અવિનાભાવિપણે હોય જ છે. સર્વ સ્વરૂપજ્ઞાની ધર્માત્મા ઉદય પ્રત્યે ઉદાસીન ભાવે સહજ વર્તે છે. તેમણે સુખ આત્મામાં જોયું છે. પુદ્‌ગલ સંયોગ સુખથી રહિત - શૂન્ય જણાય છે. તેથી પુણ્યયોગે પણ સહજ ત્યાગી દશામાં તેઓ વર્તી શકે છે, વા વર્તે છે; એવો ત્યાગ તે તેમનું ઐશ્વર્ય સ્પષ્ટપણે વ્યક્ત કરે છે, અને તે તેમની અંતરંગ દશા સાથે સુસંગત છે. તેમજ બીજા મુમુક્ષુને પણ ઉપકારભૂત છે. તેમ જાણી શ્રી ભગવાને ત્યાગનું ઉત્કૃષ્ટપણું ઉપદેશ્યું છે કે જે અકર્તાપણે કર્તવ્ય છે.

(અનુભવસંજીવની - ૭૨૮)

**તા. ૨૨–૧૧–૧૯૮૫, પાના નં.૩૧, ૩૨ પ્રવચન નં. ૯૭**

**'અવિદ્યારૂપ જડની અલ્પ શક્તિથી તારી મહાન શક્તિ ન હણી જાય. પરંતુ તારી શુદ્ધ શક્તિ પણ મોટી, તારી અશુદ્ધ શક્તિ પણ મોટી.'** શું કહે છે ? કે જડ છે એ, અજ્ઞાન મિથ્યાત્વમાં જડ કર્મનો ઉદય નિમિત્ત છે. અને અજ્ઞાન અને મિથ્યાત્વ છે એ અવિદ્યા છે. વિદ્યાથી તો પોતાનું સ્વરૂપ જણાય અને વેદાય. પણ અવિદ્યાથી પોતાનું સ્વરૂપ જણાતુ નથી, અનુભવમાં આવતું નથી. જેની શક્તિ અલ્પ છે અથવા વિભાવની શક્તિથી સ્વભાવ શક્તિ અનંતગણી મહાન છે, અનંતગુણ છે. અનંત કાળથી ક્ષણ ક્ષણવર્તી વિભાવ વિદ્યમાન ભલે રહ્યો હોય તોપણ એની અલ્પ શક્તિ છે, મર્યાદિત શક્તિ છે, વિભાવની શક્તિ મર્યાદિત છે. સ્વભાવની શક્તિ અમર્યાદિત છે, અનંત છે. તેથી એ વિભાવ તારી અનંત શક્તિને હણી નાખે એવું તો ન બને. એથી કાંઈ હણી ન જાય, એનો નાશ ન થઈ જાય. ભલે અનાદિનો વિભાવ હોય તોપણ તારા સ્વભાવનો નાશ એણે કર્યો નથી. સ્વભાવને પ્રગટ નથી થવા દીધો. એટલી એની શક્તિ ઘણી ગણીએ, મોટી ગણીએ, વિશેષ ગણીએ તો જુદી વાત છે. કે સ્વભાવને પ્રગટ નથી થવા દીધો. પણ સ્વભાવનો નાશ થાય એવું એ શક્તિ કરી શકે નહિ.

એટલે '**તારી શુદ્ધ શક્તિ પણ મોટી,...**' અને આવી અનંત શુદ્ધ શક્તિ હોવા છતાં એને પ્રગટ ન થવા દેનાર એવા વિભાવની શક્તિ પણ એ અપેક્ષાએ મોટી. મોટીની એટલી અપેક્ષા છે. આવો અનંત સામર્થ્યવાળો સ્વભાવ હોવા છતાં એના પ્રગટ થવામાં વિભાવ નડે છે, વિભાવ પ્રતિબંધક છે, અવરોધક છે અને તેથી સ્વભાવ પ્રગટ થતો નથી. તો એ પણ એની શક્તિ એટલી મોટી. અનંત કાળ સંસાર રહે છે એટલી પણ વિભાવની શક્તિ છે. તો જેની જેટલી શક્તિ જ્યાં જે પ્રકારની હોય તેટલી તો જાણવી જોઈએ. અને એથી વધારે એને મહત્તા આપીને, પોતે અનંત સ્વભાવને ભૂલે અને અનંત સ્વભાવને પ્રગટ કરવા માટેનો પ્રયાસ ન કરે, તોપણ એ વિભાવને વધારે પડતું મહત્વ

આપે છે. અને વિભાવને કારણે અનાદિથી સ્વભાવ પ્રગટ નથી થયો એમ પણ ન જાણે તોપણ એ સ્વભાવ વિભાવને જેમ છે એમ સમજી શકતો નથી. એ બેય વાત લીધી છે.

પહેલી વાત એ લીધી કે તારી મહાન શક્તિ છે. એવી અનંત શક્તિને કાંઈ વિભાવ છે એ હણી શકે, નાશ કરી શકે, નિર્મૂળ કરી શકે એવું ન બને. સ્વભાવ વિભાવને નિર્મૂળ કરશે. સ્વભાવ પ્રગટ થયા પછી અસંખ્ય સમયમાં સાધક દશાનો કાળ અસંખ્ય સમય છે. વિભાવને નિર્મૂળ કરશે. પણ અનંત કાળનો વિભાવ સ્વભાવને નિર્મૂળ નહિ કરી શકે. ગમે ત્યારે સ્વભાવ પ્રગટશે. અને સ્વભાવ પ્રગટશે તો વિભાવ ખલાસ છે પછી. પછી વિભાવની શક્તિ નથી કે સ્વભાવની સામે એ ટકી શકે. એવી તો વિભાવની શક્તિ નથી. પણ અનંત કાળથી એ સ્વભાવ પ્રગટ નથી થતો તે અપેક્ષાએ અશુદ્ધ શક્તિ પણ મોટી. અશુદ્ધતત્ત્વ પણ એટલું મોટું છે કે શુદ્ધતાને ઉત્પન્ન થવા દેતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ નથી. એ તો પરિણામનું બળ છે. પરિણામમાં ઊંધાઈનું પણ બળ છે એટલું લેવું છે અહીંયાં તો. સમ્યક્ત્વમાંથી કાંઈ બધા થોડા મિથ્યાત્વમાં આવે છે ? કોઈ જીવ આવે. અને તે પણ ક્ષાયિક સમ્યક્ત્વ ન થયું હોય તે જીવ આવે. ક્ષયોપશમવાળા પણ બધા આવે એ પ્રશ્ન નથી. ક્ષાયિકવાળા તો કોઈ ન આવે. 'શ્રેણિક' મહારાજાને 'મહાવીર' ભગવાનના સમવસરણમાં ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટ થયું. હજી તો ૨૫૦૦ વર્ષ પહેલાની જ વાત છે. રાજગૃહીમાં તો એના અવશેષો જોવા મળે છે. રાજગૃહી એમની રાજધાની હતી. ત્યાં ભગવાનનું સમવસરણ આવ્યું હતું. રાજગૃહીના પાંચ પહાડ છે. ત્યાં ઉપર પાંચસો ધનુષ ઊંચે આકાશમાં રચના થાય છે. ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટ થયું હતું, છેલ્લે આપઘાતનો વિકલ્પ આવ્યો તોપણ સમ્યક્ત્વ ગયું નથી. સમ્યક્ત્વ નથી ગયું. અને પૂર્વે બહુ મોટુ પાપ કર્યું હતું.

વીતરાગી મુનિને ઉપસર્ગ કર્યો હતો. ભાવલિંગી સંતને ઉપસર્ગ કર્યો હતો. બહારમાં કોઈ નિર્દોષ પ્રાણીને પરેશાન કરે, હેરાન કરે તોપણ લોકોને ત્રાસ થાય કે આ ગાયને મારે છે, બકરાને મારે છે. આણે શું

બગાડ્યું ? આ તો મુંગું પ્રાણી છે. ત્રાસ આવે છે ને ? અરેરાટી થઈ જાય. આ તો એથી પણ શાંત છે. એ તો હજી તિર્યંચ છે. મનુષ્ય, એમાં પણ નિર્ગ્રંથ ગુરુ ભાવલિંગી સંત. જેનો કષાય ખલાસ થવાની તૈયારી છે અને વીતરાગતા પરિપૂર્ણ કરવા માટે જેણે જંગલમાં જઈને પુરુષાર્થનો મહાપ્રારંભ કર્યો છે.

જેમ કોઈ કહે છે ને કે ભાઈ ! સંસાર જીતવાની લડાઈનો આરંભ કર્યો છે. સંસારને ખલાસ કરશે હવે. એવા મુનિરાજ, નિર્દોષ મુનિરાજ છે. એના ઉપર ઉપસર્ગ કર્યો તો સીધી ત્રીજી નારકીનો બંધ પડ્યો છે. એટલું રૌદ્રધ્યાન થયું છે. 'શ્રેણિક' રાજા તીર્થંકરનું દ્રવ્ય અને રૌદ્રધ્યાન થયું છે. તીર્થંકરનું દ્રવ્ય અને રૌદ્રધ્યાન થયું છે. ત્રીજી નારકીનું આયુષ્ય બાંધ્યું. ઉદય નથી આવ્યો તો એ પહેલા એમાં અપકર્ષણ થઈ જાય છે અને પહેલી નારકીમાં આવે છે. પણ ગતિનો એવો નિકાચિત બંધ પડ્યો છે કે ગતિ ફરતી નથી. એટલું ચીકણું બહુ ભયાનક પરિણામ થયું છે.

મુમુક્ષુ :- મુનિરાજ ઉપર સાપ નાખીને ઉપસર્ગ કર્યો એનું આવું ફળ મળ્યું તો જિનેન્દ્ર પ્રતિમા ઉપર...

પૂજ્ય ભાઈશ્રી :- ઘણો. લગભગ તો નિગોદ સુધી પહોંચી જાય. સીધો વિરોધ કર્યો હોય તો લગભગ નિગોદ સુધી પહોંચી જાય. એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- અરિહંત પ્રતિમા તો સાક્ષાત્ સમ્યગ્દર્શનમાં નિમિત્ત થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિમિત્ત છે એ તો. બહુ મોટી વાત છે, જબરદસ્ત વાત છે.

કાલે એક મુમુક્ષુ દુકાને આવ્યા હતા. ચર્ચા ચાલી હતી. આ વિષય ઉપર જ થોડી ચર્ચા ચાલી. અન્યમતિ છે એ ગૃહીત મિથ્યાત્વી છે. મુસલમાન છે, ક્રિશ્ચયન છે, વૈષ્ણવ છે. જગતમાં અનેક મતમતાંર ચાલે છે. ૩૬૩ પાખંડ તો 'ઋષભદેવ' ભગવાનના વખતથી ઊપજ્યા. ત્યારપછી તો એના પણ ભેદ-પ્રભેદ, પેટા ભેદ બહુ ચાલ્યા. એ ગૃહીત મિથ્યાત્વ, તિર્યંચ પણ અગૃહીતમાં છે. તિર્યંચ તો હજી અગૃહીતમાં છે. એને એટલું ગૃહીત નથી. જુઓ ! અહીંયાં મનુષ્ય છે તો ગૃહીતમાં છે. તિર્યંચ અગૃહીતમાં છે. કેમકે સીધો એને બુદ્ધિપૂર્વકનો વિરોધ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રનો સીધો બુદ્ધિપૂર્વકનો.. એ ગૃહીત મિથ્યાત્વ કરતા

પણ આનું ગૃહીત વધારે ઉગ્ર થયું છે, વધારે બળવાન થયું છે. કેમકે આજે કોઈ ગામનો મુસલમાન કોઈ જિનમંદિરમાં આવીને તોફાન કરવા નહિ આવે. આવે છે ? કે એ એના મંદિરે, આપણે આપણી મસ્જિદમાં જાવું, એ ભલે એના મંદિરમાં જાય. પણ આપણે બીજી માથાકૂટ પરસ્પરમાં ન જોઈએ. પણ આ તો સીધી વાતનો વિરોધ છે. એથી પણ ખરાબ છે. એવું છે એ.

મુમુક્ષુ :- સંત સમ્યગ્દૃષ્ટિ હોય એની વિરાધના કરે...

પૂજ્ય ભાઈશ્રી :- હા એનો વિરોધ કરે, વિરાધના કરે (એના ફળમાં) બહુ આકરા કર્મ બંધાય. આકરા પરિણામ છે. સીધો વિરોધ કરે છે. ક્રોધની પ્રકૃતિ એમાં ઉગ્ર હોય કષાયની તો નારકીમાં જલ્દી જાય. કોઈ એવા ક્રોધવાળા ન દેખાય પણ વિરોધના પરિણામવાળા દેખાય. દેખાય શાંત. બે પ્રકાર છે. એ નિગોદમાં જાય, જલ્દી. આ નારકીમાં જલ્દી જાય, આ નિગોદમાં જલ્દી જાય.

મુમુક્ષુ :- મુમુક્ષુને તો બહુમાન જ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બહુ સ્વાભાવિક છે. જેને પોતાને નિર્દોષતા જોઈએ છે, જેને પોતાને સંસાર મટાડવો છે, જેને શુદ્ધ થવું છે અને એ ભાવનાથી જે આવ્યો છે એની તો વાત જ જુદી છે. એને તો ઊંધા પરિણામ થવાનો પ્રશ્ન નથી. એને તો સીધો જ આદર આવે. 'પૂજ્ય બહેનશ્રી'એ આ દિવસોમાં કહ્યું ને ? થોડા દિવસ પહેલા. એક જિનેન્દ્રની આકૃતિ જોઈને આદર આવે છે. હજી તો મૂર્તિ છે, એની પ્રતિષ્ઠા કરી છે કે ન કરી છે એ પ્રશ્ન ગૌણ છે. આકૃતિ જોઈને જ બહુમાન આવે છે. એવી તો એની બાહ્ય મુદ્રા એટલી છે. આકૃતિ જોઈને પરમ આદર આવે. એકદમ આદરનો, ભક્તિનો જ ભાવ આવે. બહુ કુદરતી છે આ વસ્તુ. એકદમ કુદરતી છે.

મુમુક્ષુ :- ચેષ્ટા...

પૂજ્ય ભાઈશ્રી :- ચેષ્ટા તો એક વચ્ચેની વિધિ છે. આ ભગવાન છે એમ દેખાય છે કે નહિ પણ ? અને એમ દેખાય છે તો પ્રતિષ્ઠા કરવી છે કે એમ નથી દેખાતું ને પ્રતિષ્ઠા કરવી છે ? આ ભગવાનની મૂર્તિ છે એમ દેખાયા પછી પ્રતિષ્ઠા કરે છે. એ તો કોઈ બીજી રીતે એનો ગેરલાભ ન લઈ જાય એટલે વચ્ચે એક વિધિ ગોઠવી છે. કોઈ

અવિધિએ પણ ગમે તેમ કરવા લાગી જાય તો એની પરંપરા પાછી બહુ ખરાબ ઊભી થઈ જાય આગળ જતા. માણસને ઘરના એક રમકડા જેવી ચીજ ન થઈ જાય. એટલે એને વિધિપૂર્વક બિરાજમાન કરે છે. પણ ભાવ તો ભગવાનની સ્થિતિમાં જે પ્રતિમાને ઢાળો ઢાળ્યો છે શાંતરસનો, એમાં તો આદર જ આવે, એમાં અનાદર આવવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- પહેલાવહેલા 'સીમંધર' ભગવાન પધાર્યા ત્યારે...

પૂજ્ય ભાઈશ્રી :- કેટલી ભક્તિ 'ગુરુદેવ'ની હતી ! કેટલી ભક્તિ હતી ! આંસુ આવી ગયા હતા. કેમકે છેલ્લે છોડીને આવ્યા છે ને ? કે વિયોગ થઈ ગયો તો આ સંયોગ થઈ ગયો. જાણે સાક્ષાત્ 'સીમંધર' ભગવાન આવ્યા હોય અને જે ભાવ આવે એવા ભાવ એમને આવ્યા છે. પ્રતિષ્ઠા નહોતી થઈ. પણ ષાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા છે. એટલો હર્ષ અને એટલો ઉત્સાહ. એક જ પ્રકાર આવે. બીજો પ્રકાર આવવાનો પ્રશ્ન નથી. સંપ્રદાયના દિગંબરોએ તો ત્યારે પણ થોડો ઉહાપોહ કર્યો હતો, કે વિદ્યમાન તીર્થંકર હોય એની સ્થાપના ન થાય. અત્યારે ભાવીનું ઉપાડ્યું. તે દિ' વિદ્યમાનનું ઉપાડ્યું. એ તો સિદ્ધાલયમાં જાય પછી સ્થાપના કરાય. હોય એની કાંઈ સ્થાપના કરાય ? આ ખોટું છે, આ ભૂલવાળું છે. પછી કહેવાતા વિદ્વાનો, સમજણા અને અણસમજણા બધા સાથે જોડાય જાય. એક પૂર્વગ્રહ વિરોધનો હોય એટલે બધો પ્રકાર એવો ઊભો થઈ જાય.

મુમુક્ષુ :- પાછા એ જ દિગંબરોએ વીસ તીર્થંકર સ્થાપ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો 'બયાના'ની 'સીમંધર' ભગવાનની ચારસો વર્ષ પહેલાની જ પ્રતિમા છે. એ લોકોએ જ સ્થાપ્યા છે. દક્ષિણમાં 'બેંગ્લોર' પાલે 'મહાપદ્મ' ભગવાનની, 'શ્રેણિક' મહારાજાની પ્રતિમા છે. અનેક જગ્યાએ છે. એનો તો પ્રશ્ન જ નથી. જ્યાં સ્થાપના નિક્ષેપના જાણકાર નયજ્ઞાનવાળા હોય ત્યાં એ પ્રશ્ન જ નથી કે આમ હોય કે ન હોય. એ પ્રશ્ન Final થઈ ગયો છે, પૂરો થઈ ગયો છે. અજ્ઞાનીનો તો અધિકાર જ નથી. એમાં હા, ના કરવાનો કોઈ અધિકાર જ નથી ને. જેનો અધિકાર નથી એ અધિકારથી વાત કરે છે. એવી વાત છે.

એટલે તો 'બનારસીદાસે' એવો શબ્દ વાપર્યો છે કે 'સોહી પ્રમાણે

જિન પ્રતિમા જિન સારખી.' જિન પ્રતિમાનું પ્રમાણ કોણ આપશે ? કે જેના ઘટ અંતરમાં એવી રીત જાગી છે, ભવભ્રમણની અલ્પ સ્થિતિ જેની રહી ગઈ છે એવા સમ્યગ્દૃષ્ટિ સાધકજીવ પ્રમાણ કરે છે. 'જિન પ્રતિમા જિન સારખી.' એ પદ એમણે એ રીતે લખ્યું છે. એટલે ગૃહીત મિથ્યાત્વમાં પણ અન્યમતિઓ કરતા પણ તીવ્ર ગૃહીત મિથ્યાત્વનો આ પ્રગટ પ્રકાર છે. પ્રગટ ભાવ વધારે ... એથી વધારે ગુણ નથી. કેમકે એ પ્રકારે એ સીધો વિરોધ નથી કરતા.

**'તારી અશુદ્ધ શક્તિ પણ મોટી. તારી ચિંતવણી તારે ગળે પડી.'** આવી તારી અશુદ્ધ પ્રકારની ચિંતવના તારે ગળે પડી. એટલે કે તને દુઃખ થવામાં, તને અનેક પ્રકારના જન્મ-મરણના ભવભ્રમણ થવામાં તારી અશુદ્ધ ચિંતવણી જ કારણ છે, જવાબદાર છે, બીજું કોઈ જવાબદાર નથી. તારા જ વિપરીત ભાવો જવાબદાર છે. **'પરને દેખી પોતાને ભૂલ્યો.'** પરને દેખી અને પોતાને ભૂલ્યો છે. પરપદાર્થ તો સ્વપરપ્રકાશક જ્ઞાનમાં જણાશે. પણ તું એને જોઈને પોતાને કાં ભૂલ્યો ? જોનારને ક્યાં ભૂલ્યો ? પરને દેખીને પોતાને ભૂલ્યો. પરને દેખીને પરમાં અનેક પ્રકારે કલ્પના કરવા લાગ્યો. જેવું પર નથી તેવી. પરને પરપણે ન જાણ્યું. પરને દેખીને પરપણે ન જાણ્યું. ત્યાંથી જ ભૂલ્યો. કેમકે સ્વપર તો સાપેક્ષ છે ને ? તો પરને પર જાણે ક્યારે ? કે સ્વને સ્વ જાણે ત્યારે. પોતાને ભૂલ્યો. સ્વને સ્વ જાણવાનું ભૂલ્યો તો પરને પર જાણવાનું પણ ભૂલ્યો.

**'અવિદ્યા તારી જ ફેલાવી છે;...'** આવું વિપરીત જ્ઞાન છે એ તારું પોતાનું તેં જ ફેલાવ્યું છે, તેં જ એને ઉગ્ર કર્યું છે, તેં જ એને વૃદ્ધિગત કર્યું છે. એમાં બીજું કોઈ કારણ તું લઈશ નહિ. તારી પોતાની જ જવાબદારી સમજજે. **'અવિદ્યા તારી જ ફેલાવેલી છે; તું અવિદ્યારૂપ કર્મો પર પોતાપણું ન દે તો કાંઈ જડનું જોર નથી.'** એ અવિદ્યા ઉપર તારું જોર ન હોય, એ અજ્ઞાન ભાવોમાં, વિપરીત ભાવોમાં તું જોર ન દે. તો પછી કાંઈ કર્મનો ઉદય કે સંયોગોનું કોઈ જોર નથી. એને લઈને કાંઈ એ ભાવ થાય છે, કર્મના ઉદયને લઈને ભાવ થાય છે એ વાત ખરેખર નથી. તું જ એને જોર આપે છો.

અને કરણાનુયોગથી જુઓ તોપણ એવો કોઈ સિદ્ધાંત નથી કે જે

કર્મનો ઉદય હોય અને જેટલી Degree એટલે જેટલા રસવાળો વિપાક હોય એટલા જ રસવાળા વિભાવ પરિણામ જીવને કરવા પડે એવો કોઈ સિદ્ધાંત નથી. તેથી ઓછા રસવાળા પણ કરે, અરે..! તેનાથી ઉપેક્ષિત થઈને, ઉન્મુખ થઈને, સ્વસન્મુખ થઈને એનો ક્ષય પણ કરે અને તેનો રસ વિપાક હોય તેનાથી વધારે ઉગ્રતાવાળા પણ પરિણામ કરે. કોઈ નિયમ નથી કે એટલો જ બરાબર Degree to degree વિકાર કરવો પડે. એવો કોઈ નિયમ નથી. હા, જેવા પરિણામ થાય જેટલા રસ વિપાકના, એમાં Degree to degree કર્મનો સંબંધ થાય. એમાં આઘુંપાછું ન થાય. જેવા ભાવ કરે તેવા જ કર્મ બંધાય. પણ બંધાયેલા જેવા હોય એવો જ અહીંયાં ભાવ કરવો પડે એવો કોઈ નિયમ નથી. એ જીવની સ્વતંત્રતા છે. ઓછા પણ કરે અને અધિક પણ કરી શકે છે. અને થાય છે. એ રીતે જ થાય છે. સરખા જ થાય એવો કોઈ નિયમ નથી. એટલે એનું કોઈ જોર નથી.

**'તેથી અપરંપાર શક્તિ તારી છે.'** તારી શક્તિને સંભાળ તો જડકર્મ તો કાંઈ જ નથી. ગમે તેવા કર્મ હોય તો એ તો તારી શક્તિ પાસે તો એની કોઈ ગણતરી જ નથી. એ તો નાસ્તિવત છે. નાસ્તિ જ છે. તારામાં તો એની નાસ્તિ જ છે. એ કાંઈ કરે એ પ્રશ્ન રહેતો નથી. એમ શક્તિનું ભાન કરાવ્યું છે. પોતાની શક્તિ કેવડી કેટલી છે એનું ભાન કરાવ્યું છે.

**'પરની ભાવના કરી ભવ કરી રહ્યો.'** પરની એટલે પોતાને છોડીને જે કાંઈ પૂર્વ કર્મનો ઉદય છે એમાં એની ભાવના કરે છે. આ મને હો, આ મને હો. મને આ હો, આવું હો, આવું હો, આ હો. એમ જગતના પદાર્થની ભાવના કરી કરી. અનાદિની પરિગ્રહ સંજ્ઞા તો જીવને છે જ. પરિગ્રહ સંજ્ઞા તો.. સંજ્ઞા એટલે ઈચ્છા. પરિગ્રહની ઈચ્છા ઉદયપણે હોય કે ન હોય એ પડી જ છે. એમાં વિશેષ... વિશેષ... વિશેષ... ભાવો કરે છે ત્યારે એને ભાવના કહેવામાં આવે છે.

**'પરની ભાવના કરી ભવ કરી રહ્યો. સંસાર વધાર્યો,...'** એ પરની ભાવનાથી તો સંસાર વધાર્યો છે. પૈસા મળે, કુટુંબ પરિવાર વધે, સત્તા મળે એ ત્રણ મુખ્ય એના પ્રકાર છે. લક્ષ્મી, અધિકાર અને કુટુંબ-પરિવાર. સોળમા વર્ષે 'શ્રીમદ્જી'એ લીધું છે કે નહિ ? 'લક્ષ્મી અને

અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો ?' કુટુંબ પરિવાર વધે.

મુમુક્ષુ :- આ ત્રણમાં તો ઘણું આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- જીવને વધુમાં વધુ ભાવનાના વિષયમાં આ ત્રણમાં બધું આવી જાય છે. સત્તા માટે વિશ્વયુદ્ધ થયા અને પૈસાનો ઝઘડો તો રોજ જોવામાં આવે છે. એમાં તો કાંઈ પૂછવું પડતું નથી. અને પરિવાર, મિત્ર, મંડળ, સમાજ એની ઓથ, એમાં પણ જીવ અહંભાવ કરે છે. એ પરનો જ આધાર લ્યે છે. એકાંતે એ પરનો આધાર લે છે. એ બધા આધારબુદ્ધિના સ્થાનો છે.

તેનાથી '**સંસાર વધાર્યો,...**' એ જ હવે વાત આવશે. શું કરવું ? કે '**નિજ ભાવનાથી...**' પરની ભાવનાથી સંસાર વધાર્યો તો નિજ ભાવનાથી સંસાર મટાડ્યો. સીધેસીધી સામે સામી વાત છે. '**નિજ ભાવનાથી અવિનાશી, અનુપમ, અમલ, અચલ, પરમપદરૂપ, આનંદઘન, અવિકારી, સાર, સત્, ચિન્મય, ચેતન, અરૂપી અને અજરામર પરમાત્માને પામે છે. તો એવી ભાવના કેમ ન કરીએ** ?' વળી એ ભાવના કરવા માટે તને કોઈ રોકી શકે એમ નથી કે તને કોઈએ પ્રતિબંધમાં રાખ્યો નથી. ચાલો, તમારે આ ભાવના નથી કરવાની. તમારા સ્વરૂપની ભાવના તમારે નથી કરવાની. કરશો તો તમને સજા કરશું. એ તો કોઈ છે નહિ. શા માટે ન કરીએ ?

જ્યારે પોતાની ભાવના સ્વાધીનપણે પોતે જ કરી શકે છે અને એ ભાવના કરતા સંસારનો અભાવ થાય છે, તો પછી એવી ભાવના શા માટે ન કરીએ ? આમ પ્રશ્ન ઉઠાવ્યો છે. કરીએ જ કરીએ. આમ છે. ભાવનામાં આવેલા વાત કરે છે ને ? નિજ સ્વરૂપની ભાવનામાં આવેલા એમ કહે છે કે જ્યાં પરની ભાવનાથી સંસારનો રઝળપાટ થાય છે અને સ્વરૂપની ભાવનાથી શાંત સુખમય, સમાધિ સુખ અનંત કાળનું પ્રગટ થાય છે તો એવી ભાવના શું કરવા ન કરીએ ? કે જે ભાવના કરવા માટે એને કોઈની પરની, મદદની જરૂર પડતી નથી. મદદની જરૂર પડે, લેવી પડે એવું કાંઈ થાય તો તો એમ થાય કે ભાઈ ! શું કરીએ, અમારે ભાવના કરવી છે પણ અમને કોઈ મદદ કરનાર નથી. અમને કોઈ મદદ કરે તો અમે આ કામ કરીએ. નહિતર કેવી રીતે કરી શકીએ ? એ પણ પ્રશ્ન નથી.

કેટલા વિશેષણો વાપર્યા છે, જુઓ ! બહુ મહિમાથી વાત કરે છે. જ્યાં જ્યાં સ્વરૂપની વાત આવે છે ત્યાં કેટલાય શબ્દનો એ પ્રયોગ કરે છે. શબ્દપ્રયોગ કરે છે એમ નહિ, એમનો રસ ઘણો દેખાય છે. એ વિષયમાં સ્વરૂપ અને સ્વરૂપની ભાવનાનો વિષય આવે છે ત્યારે એમનો રસ છે એ અછાનો રહેતો નથી. એ વિશેષતા છે. આ ગ્રંથની એ વિશેષતા છે. સ્વાનુભવનો ગ્રંથ છે અને સ્વાનુભવનું કારણ એવી જે નિજ ભાવના, એ વિષય જ્યારે આવે છે ત્યારે એ પોતે ખરા વેશમાં આવે છે. એમ કહીએ તો ચાલે. નથી કહેતા ? કોઈ માણસ ખરા વેશમાં આવે તો એમ કહે હં, જુઓ ભાઈ ! પ્રસંગ પડ્યો તો હવે એ ખરા વેશમાં આવે છે. એમ આ પોતાનો ભાવનાનો વિષય આવે છે, ભાવતો વિષય આવે છે તો એનો રસ વૃદ્ધિગત થાય છે.

'**નિજ ભાવનાથી અવિનાશી,...**' પરમાત્માને પામે છે. આ બધા પરમાત્મપદના વિશેષણ છે. અવિનાશી પરમાત્માને પામે છે. એટલે શાશ્વત પદને પામે છે, '**અનુપમ,...**' પદને પામે છે. મળરહિત '**અમલ,...**' પદને પામે છે. જ્યાંથી ચલાયમાન ન થવું પડે એવા '**અચળ,...**' પદને પામે છે. અને પરમપદને, એથી કોઈ બીજું ઉપરનું પદ નથી. બધા અપરમપદ છે. નિજ સ્વરૂપ પાસે બીજા બધા અપરમપદ છે. એવા '**પરમપદરૂપ...**'ને પામે છે. '**આનંદઘન,...**'ને પામે છે. કેટલો આનંદ છે ? કે નિબિડ આનંદ છે જેની અંદર. અનવકાશપણે જેમાં કોઈ બીજો અવકાશ કે ગુંજાયશ નથી, સિવાય આનંદ, દુઃખનો કણ જેમાં આવી શકે એવી કોઈ જગ્યા એમાં નથી. એવું જે આનંદનું ઘનિષ્ટ અને બળવાન સામર્થ્યપણું છે એને આનંદઘન કહેવામાં આવે છે. એ શબ્દપ્રયોગ આયુર્વેદની અંદર દવા માટે વપરાય છે. કોઈપણ દવાને Concentrate form માં તૈયાર કરે ત્યારે એને ઘન કહે છે.

મુમુક્ષુ :- ઘનવટી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘનવટી કહે છે ને. ફલાણી ઘનવટી, આની ઘનવટી, આની ઘનવટી. એટલે એમ કે એ દવા નથી પણ એનું ઘનિષ્ટ સ્વરૂપ છે ત્યાં. એ દવા Powerful એ દવા છે એમ કહે છે. ઘન એટલે ઘનિષ્ટ સ્વરૂપ. આનંદનું ઘનિષ્ટ સ્વરૂપ તે આત્મા છે. ઉપયોગમાં એનો

ખ્યાલ તો લેવો જોઈએ ને. આ જે દેહના સ્થાનમાં જે ચૈતન્યપિંડ છે એની અંદર આનંદ કેટલો ? ઘનિષ્ટ આનંદ પડેલો છે, બેહદ આનંદ પડેલો છે. જેની કોઈ મર્યાદા નથી એટલો આનંદ રહેલો છે. એ ભાવનાથી આનંદઘન પરમાત્માને પામે છે.

'**અવિકારી,...**' નિર્વિકારી પરમાત્માને પામે છે. જેમાં વિકારનું નામનિશાન નથી. પોતે શુદ્ધ જ છે. સ્વરૂપથી પોતે અનાદિઅનંત શુદ્ધ જ છે. નિર્વિકાર તો વિકાર ગયો તેને નિર્વિકાર કહીએ, પણ જેમાં પહેલેથી જ નથી તેને અવિકારી કહીએ. '**અવિકારી, સાર,..**' રૂપ, સુખરૂપ. સારરૂપ, ઉપાદેયરૂપ, સુખરૂપ એવું પોતાનું પરમાત્મપદ છે. '**સત્,...**' છે. ત્રિકાળ હોવારૂપ છે. સત્ છે. '**ચિન્મય,..**' છે. ચૈતન્યમય છે. પોતે જ ચેતનસ્વરૂપી છે. '**અરૂપી...**' છે. જેને રૂપ, રસ, ગંધ, વર્ણ, સ્પર્શ, ગંધ, શબ્દ એવું કાંઈ નથી એવું અરૂપી છે. અને અજર-અમર છે. જેને કોઈ વૃદ્ધપણું લાગુ પડતું નથી. જેનું કોઈ નાશ થવારૂપ મૃત્યુ નથી. એવા અજરઅમર પરમાત્મપદને પામે છે. '**તો એવી ભાવના કેમ ન કરીએ ?**' એવી ભાવના કેમ ન કરીએ ? એમ કહે છે. આવો મોટો લાભ થતો હોય, લાભ થવાનો હોય એ બાજુ તો વીર્ય ઊછળે જ ઊછળે. આ એક સ્વભાવિક પ્રકાર છે. આત્માના સ્વભાવનો આ એક પરિણમનનો પ્રકાર છે. આટલો મોટો લાભ છે.

'**'આ' પોતાના સ્વરૂપમાં જ ઉચ્ચ એવું સર્વ-સકલ પૂજ્યપદ...**' વળી પાછા વિશેષણ ઉપાડ્યા. જોયું ! '**પરમધામ, અભિરામ, આનંદ, અનંતગુણ, સ્વસંવેદનરસ, સ્વાનુભવ, પરમેશ્વર, જ્યોતિસ્વરૂપ, અનુપમ, દેવાધિદેવપણું ઈત્યાદિ સર્વ પામીએ.**' '**'આ' પોતાના...**' આ એટલે પ્રત્યક્ષ એમ લેવું છે. પ્રગટપણે. પોતાના સ્વરૂપમાં ઉચ્ચ. ઉચ્ચ એટલે સર્વોત્કૃષ્ટ. '**સર્વ સકલ પૂજ્યપદ પરમધામ...**' એ એનું સર્વોત્કૃષ્ટ પૂજ્યપણું છે. બહારના વ્યવહારથી પૂજ્યપણું એ તો પછીની વાત છે. રાગ રહે તો એ વાત છે. વીતરાગભાવમાં તો એ પ્રશ્ન છે નહિ. એવું પરમપૂજ્ય પદ '**પરમધામ,...**' ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિવાસધામ.

સ્વઉપયોગમાં આત્મા પોતામાં નિવાસ કરે છે એમ કહેવાય છે.

નિજ ઉપયોગ જ્યારે સ્વરૂપમાં જાય છે ત્યારે આત્મા પરિણામે કરીને પોતામાં નિવાસ કરે છે. આ બધી આત્માની સ્વાનુભવની વાત બહુ મીઠાશવાળી છે. એક બોલ બહુ સારો છે. એમાં બીજું કાર્ય-કારણનું Logic અને એવું કાંઈ ન આવે. એકલો અધ્યાત્મરસ એ એક જ એનો વિષય હોય છે. જાજા વિકલ્પની જેમાં દખલ નહિ. વચનામૃતનો ૧૭૬મો બોલ છે.

'**મુક્તદશા પરમાનંદનું મંદિર છે.**' શું કહ્યું છે ? મુક્તદશા તો એક મંદિર છે. શેનું મંદિર છે ? મંદિરમાં નિવાસ કરે છે ને ? પરમાનંદનું મંદિર છે. પરમ આનંદથી જે દશામાં નિવાસ કરી શકાય એવી મુક્તદશા છે. પરમ આનંદનું મંદિર જ છે એ તો. મુક્તદશા એ પામ્યા, પહોંચ્યા એ પરમાનંદના મંદિરમાં પહોંચ્યા. અહીંયાં કહે ને ? ભગવાનના મંદિરમાં જાય, એ ભગવાનનું મંદિર એ ભગવાનનું મંદિર છે. પછી બીજા કોઈ ગમે તેવા પ્રકારના મકાન હોય, ગમે તેવા નિવાસસ્થાનો હોય, ગમે તે પ્રકાર હોય પણ ભગવાનનું મંદિર એ ભગવાનનું મંદિર. ફેર છે એ ફેર છે. બીજે એટલી શાંતિ ન મળે જેટલી મંદિરમાં આવતા શાંતિ મળે.

આ લોકો તો ખાલી કલ્પના કરે છે તોપણ એને એમ થાય છે. સામાન્ય રીતે મુસલમાનો નમાજ પઢવા જાય તો એમ જોવે છે કે આ એક ખુદાનું સ્થાન છે. ક્રિશ્ચિયનો રવિવારે દેવળમાં જાય તો એને એમ થાય કે આ એક પવિત્ર સ્થળ છે. શાંતિ મળે એવું કાંઈક છે. કષાય તો મંદ થાય છે ને ? એ તો સાવ ગૃહીતમાં આ પ્રકાર છે. આ તો સાક્ષાત્ જિનેન્દ્ર પ્રતિમા જિનસારખી. આ તો બીજી જ વાત છે. અને આ તો નિજ જિનમંદિર. પરમાત્મદશા એટલે નિજ જિનમંદિર. જેમ આને નિજ મંદિર કહેવાય છે ને ? આ બધામાં પાછા અંદર છે એ નિજ મંદિર છે. આ આખું મંદિર છે. ઓલું નિજ મંદિર છે. જિનમંદિરમાં પણ પેલું નિજ મંદિર છે. એમ આ નિજ મંદિર છે ખરેખર તો.

'**મુક્તદશા પરમાનંદનું મંદિર છે. તે મંદિરમાં નિવાસ કરતા મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે.**' આનંદની વાત છે ને ? અનંત પ્રદેશે આનંદઘન છે. અહીંયાં વિરામ આનંદ અનંત ગુણ સ્વસંવેદન રસ એ બધું લીધું છે. કે '**તે મંદિરમાં નિવાસ કરતા મુક્ત**

**આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે. આવા મોક્ષરૂપ પરમાનંદમંદિરનો દરવાજો સામ્યભાવ છે.**' સાધકદશામાં જે સામ્યભાવ ઉત્પન્ન થયો તે મોક્ષના મહેલનો દરવાજો છે. સામ્યભાવ-વીતરાગભાવ. મુનિરાજ છે, મુનિદશા છે એ મોક્ષદશારૂપ પરમાનંદ મંદિરના, પરમાનંદના મહેલના દરવાજે આવીને ઊભેલા છે. દરવાજા સુધી પહોંચી ગયા છે. સમ્યગ્દૃષ્ટિને તો હજી એટલી સ્થિરતા પ્રગટ કરીને સામ્યભાવ પ્રગટવો એટલે દરવાજા સુધી પહોંચવાનું બાકી છે. હજી એને થોડું ચાલવું પડે એવું છે. ત્યારે એ દરવાજાએ પહોંચશે,- સામ્યભાવે પહોંચશે.

કહે છે કે '**આ મોક્ષરૂપ પરમાનંદમંદિરનો દરવાજો સામ્યભાવ છે. જ્ઞાયકભાવે પરિણમીને વિશેષ સ્થિરતા...**' થાય. સમ્યગ્દૃષ્ટિ થાય ત્યારે જ્ઞાયકભાવે પરિણમે અને એ જ્ઞાયકભાવે પરિણમીને પછી વિશેષ સ્થિરતા થાય ત્યારે એને સામ્યભાવ પ્રગટે. એ સામ્યભાવ પ્રગટે ત્યારે મુનિદશા પ્રગટ થાય ત્યારે એ દરવાજે પહોંચ્યા. જ્યારે એ મોક્ષદશા પરમાનંદને પામશે ત્યારે એ મોક્ષમંદિરમાં એમનો નિવાસ થઈ ગયો. આમાં બીજી કાંઈ લાંબી માથાફોડ નથી. પણ એક અધ્યાત્મ ભાવોની મીઠાશ જ છે. ભાવનાનો વિષય છે ને આ તો.

એવી સ્વાધ્યાયમાં સમજણ ભલે મુખ્ય છે પણ કોરી સમજણ એ એની મુખ્યતા નથી. સ્વાધ્યાયમાં ભલે સમજણની મુખ્યતા છે. અને સમજણની મુખ્યતા એટલા માટે છે કે એ સમજણમાં પણ સમજણની ઘડ ઘણાને બેસતી નથી. એટલે સમજણની મુખ્યતાથી આપણે ત્યાં સ્વાધ્યાય છે. પણ માત્ર કોરી સમજણનો એ વિષય નથી. સાથે સાથે ભાવનાનો વિષય તો હોવો, હોવો ને હોવો જ જોઈએ. ભાવના જો ન હોય તો કોરી સમજણ છે. એ સમજણનો બોધ કાંઈ મળે એવું કાંઈ બનતું નથી.

'શ્રીમદ્ રાજચંદ્રજી'એ ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધની વાત કરી છે ને ? સિદ્ધાંતબોધ અને ઉપદેશબોધ. એમાં એમણે એક એવો નિયમ એની અંદર લખ્યો છે કે ઉપદેશબોધ પરિણમ્યા વિના સિદ્ધાંતબોધ પરિણમતો નથી. એવી એક વાત લખી છે. એટલે શું ? કે સિદ્ધાંતની જે સમજણ છે એ ભાવનામાં આવ્યા વિના કોઈ કોરી સમજણથી જ

આગળ વધવા માગે તો એ એને પરિણમશે નહિ. એ સિદ્ધાંતબોધ એને પરિણમશે નહિ. ભાવનાનો વિષય તો પહેલા છે અને સિદ્ધાંતનું સમજવું ત્યારપછી છે. એ જ વાત એમણે પેલી જ્ઞાનક્રિયાની વાતમાં લીધી. જ્ઞાનમાર્ગની વાત લીધી કે જ્ઞાનમાર્ગે પરમઅવગાઢ દશા થયા વિના, ભાવનાની પરમઅવગાઢ દશા થયા વિના જ્ઞાનમાર્ગે ભૂલવાના અનેક સ્થાન છે. એમ કરીને વાત લીધી છે. કાં જીવને સ્વચ્છંદ થઈ જાય, કાં અતિપરિણામીપણું થઈ જાય, કાં એને કલ્પના થાય અને કાં તો એના વિકલ્પો વધી જાય. આમ હશે કે આમ ? આમ હશે કે આમ ? આમ હશે કે આમ ? આમ હશે કે આમ ? એવા કોઈપણ પ્રકાર થવાનું કારણ શું ? કે અવગાઢ ભાવનાની પરમઅવગાઢ દશામાં આવ્યા પહેલા એણે સિદ્ધાંતનું પ્રકરણ પકડ્યું. એનો પણ કોઈ નિયમ છે.

સિદ્ધાંત છે એ તો પરમગંભીર છે. દ્રવ્યાનુયોગનો વિષય તો એટલો બધો ગંભીર છે કે જ્ઞાન એ દ્રવ્યાનુયોગમાં ઊંડે... ઊંડે.. ઊંડે... ચાલ્યું જાય છે. શુક્લધ્યાનની અંદર. ઠેઠ શુક્લધ્યાનનું કારણ લીધું છે 'શ્રીમદ્જી'એ. દ્રવ્યાનુયોગ પરમગંભીર અને શુક્લધ્યાનનું કારણ છે. તેથી એમણે તો એમ કહ્યું કે તું એકલો વાંચીશ નહિ. ભાવનામાં, વૈરાગ્યમાં રહીને જ્ઞાનીના સંયોગમાં એનું અધ્યયન કરવું. કોઈ જાણકાર હોય, અનુભવી હોય એને સાથે રાખીને જરા એ વિષય સમજજે, નહિતર તું તો કાંઈક કલ્પનાએ ચડી જઈશ.

મુમુક્ષુ :- અગિયાર અંગ સુધી જ્ઞાન વયું જાય પણ કોરેકોરું સાવ લુખ્ખું.

પૂજ્ય ભાઈશ્રી :- સાવ કોરેકોરું. ઉઘાડનો એ વિષય થઈ જાય છે. એમાં શું છે કે મતિ-શ્રુતજ્ઞાનનો જેટલો ક્ષયોપશમ વધારે એટલું એ જાણે વધારે. અને એ જ પરલક્ષી ક્ષયોપશમની અંદર જેટલું એ વધારે જાણે એટલો એ પર સંબંધિત રસ કેળવે.

મુમુક્ષુ :- પરસંબંધી રસ કેળવે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરલક્ષી છે ને એટલે પર સંબંધિત રસ કેળવી. છેવટે ક્ષયોપશમનો રસ પણ કેળવે, ઇન્દ્રિયજ્ઞાનનો રસ પણ કેળવે. એ પણ પર રસ છે. અને બહારના જે સાધનો છે અથવા બાહ્ય સંયોગ છે એ સંબંધીનો રસ પણ પરરસ છે. તે જ જ્ઞાન જો અંતર્મુખી

થાય, સ્વલક્ષીજ્ઞાન થાય તો એને તે જ શાસ્ત્રનું અધ્યયન, તે જ ક્ષયોપશમ એને આત્મરસથી કેળવે. અધ્યાત્મરસ કેળવે. દિશા કઈ બાજુની છે એના ઉપર આખો આધાર છે. પરલક્ષી ક્ષયોપશમમાં એ અન્ય રસ પરરસને કેળવે અને એ સ્વમુખી હોય, અંતર્મુખી હોય તો એ આત્મરસને, ચૈતન્યરસને, શાંતરસને કેળવે. એમાંથી એ જ રસ ઊપજે એને, જ્ઞાનરસ જ ઊપજે એને. પેલા પણે રાગરસ વધે, પરરસ વધે, રાગરસ વધે, ક્ષયોપશમનો રસ વધે. એવો પ્રકાર છે.

'**પરમધામ, અભિરામ,..**' અભિરામ. નિજમંદિરમાં અભિરામ-આરામ કરવાનું સ્થાન એને અભિરામ કહેવામાં આવે છે. આનંદ એટલે એકલો આનંદ આનંદ છે જેમાં. સિવાય આનંદ બીજી કોઈ જેમાં જગ્યા પણ નથી. અનંત ગુણ ! કેટલા અનંત ? આકાશના પ્રદેશોથી અનંત. ચારે બાજુ અમર્યાદ ક્ષેત્રમાં વ્યાપેલું એવું જે, દશે દિશામાં વ્યાપેલું એવું અનંત.. અનંત.. અનંત.. મર્યાદા નથી, તે આકાશના સર્વ પ્રદેશો કરતા સંખ્યાએ અનંત ગુણ જેનામાં છે. એવું અનંત ગુણથી ભરચક ભરેલું. સ્વસંવેદનરસ. જેમાં સ્વસંવેદનનો રસ છે. આ બધું પામીએ એમ કહે છે. અનંત ગુણને પામીએ. પામીએ એટલે અનુભવ કરીએ.

સ્વસંવેદનરસનો અનુભવ કરીએ. જ્ઞાનવેદનને સમ્યક્ પ્રકારે પોતાને વેદનમાં લઈએ. સ્વાનુભવને પામીએ, પરમેશ્વરપદને પામીએ. પરમઐશ્વર્યનો અનુભવ કરીએ. જ્યોતિસ્વરૂપ છે, જ્ઞાનની જ્યોતિસ્વરૂપ છે. જ્ઞાન-દર્શનની જે અનાદિઅનંત જ્યોત છે એનો અનુભવ કરીએ, જેની ઉપમા ન આપી શકીએ એવા અનુપમપદ અને દેવાધિદેવપણું છે જેનામાં. દેવના પણ જે દેવ. દેવો પણ જેને નમે. આ દેવલોક તો પુણ્યને હિસાબે એનું ઉત્કૃષ્ટપણું ગણવામાં આવે છે. પણ એના પણ જે દેવ છે, દેવોના પણ જે દેવ છે એવું દેવાધિદેવપણું, એ વગેરે બધું પામીએ. પોતે જ દેવાધિદેવ છે. દેવનો પણ દેવ.

અહીંયાં તો સામાન્ય પુણ્યવાળાની સાથે એને નીચાપણું અનુભવાય જાય. ભાઈ પૈસાવાળા છે હોં ! જરાક. એ તો ભાઈ પૈસવાળા કહેવાય. મોટા માણસ કહેવાય. એમ કરવા માંડે. પણ હવે તું અમથો અમથો શું કરવા ગરીબાઈ કરે છો ? દરિદ્રતા કરે છો ? તારું સ્વરૂપ તો દેવાધિદેવપણે છે. આમ છે. '**ઇત્યાદિ સર્વ પામીએ. માટે**

**પોતાનું પદ ઉપાદેય છે.**' આવું હોવાને લીધે, આટલી બધી મહાનતા હોવાને લીધે. માટેનો અર્થ એ છે. આવી આવી મહાનતા હોવાને લીધે '**પોતાનું પદ ઉપાદેય છે.**' પોતે જ પોતાને ઉપાદેય છે. આવા પદની આગળ બીજું કોણ આથી વધારે છે કે ઉપાદેય હોઈ શકે ? એમ કહે છે. પોતાનું જ પદ પોતાને ઉપાદેય છે.

એના ઉપર 'અમૃતચંદ્રાચાર્ય'નો એક કળશ લીધો છે. '**एकमेव हि तत्स्वाद्य**' આ એક જ આસ્વાદ કરવા યોગ્ય છે અર્થાત્ અનુભવ કરવાયોગ્ય છે. '**एकमेव हि**' '**मेव**' કહ્યા પછી '**हि**' લગાડ્યો છે. '**एकमेव**' એમાં જ આવી જાય છે. કેટલું વજન છે ! '**एकमेव ही तत्स्वाद्य, विपदामपदं पदम्।।**' જે વિપદાનું અપદ છે. જ્યાં કોઈ વિપદાની ગંધ જ નથી. કોઈ વિપદા જેની અંદર આવી શકે નહિ. જગતમાં જેટલી વિપદા છે એ બધી આ સ્વરૂપથી બહાર રહે છે. અહીંયાં કોઈનો પ્રવેશ કે સ્પર્શ થઈ શકતો નથી. કોઈ વિપદાનો પડછાયો પણ પડી શકતો નથી એના ઉપર. એમ છે ખરેખર તો.

'**विपदामपदं पदम**' '**अपदं**' '**विपदामपदं पदम**' એમ લેવું છે. એવું પદ છે. '**अपदान्येव भासन्ते, पदान्यन्यानि यत्पुरः**' જેની આગળ, '**यत्पुरः**' એટલે જેની આગળ, બીજા અન્ય પદો. '**पदान्यन्यानि**'. બીજા સર્વ પુણ્યની જેટલી કોઈ પદવીઓ છે, '**अपदान्येव भासन्ते**' એ બધા અપદ એવા ભાસે. એ મારું પદ નહિ, એ મારું પદ નહિ, એ મારું પદ નહિ. ઈન્દ્રપદ ? કે એ મારું પદ નહિ. ચક્રવર્તી પદ ? કે એ મારું પદ નહિ. પણ તીર્થંકર પદ ? કે એ પણ મારું પદ નહિ. એમ છે. તીર્થંકર પદ મારું પદ નહિ. એ તો બહુ ગજબની વાત છે. ચૌદ ગુણસ્થાનમાં કોઈ ગુણસ્થાન ? તો કહે, એ મારું પદ નહિ. અરિહંતપદ મારું પદ નહિ. સયોગી કેવળી મારું પદ નહિ, અયોગી કેવળી પણ મારું પદ નહિ. એમ છે.

'ગુરુદેવે' એક વખત એ વાત બહુ સરસ લીધી હતી. વિષય ચાલતો હતો ૫૦ થી ૫૫ ગાથાના પ્રવચનનો. એમાં આ નહિ... આ નહિ.. આ નહિ... ૨૯ બોલનો ઉકરડો. ઉકરડો. ૨૯ બોલ તો મુખ્ય મુખ્ય પણ એક બોલની અંદર ઘણા બોલ હોય. જેમ કે ગુણસ્થાન

નહિ, માર્ગણાસ્થાન નહિ, જીવસ્થાન નહિ. તો બોલ ત્રણ ત્યાં ગણ્યા. પણ એ ત્રણ બોલના પેટા બોલ ૪૨ થાય. ચૌદગુણસ્થાન, ચૌદ માર્ગણાસ્થાન અને ચૌદ જીવસ્થાન છે. તો માર્ગણાની અંદર સમ્યક્ત્વમાર્ગણા અને જ્ઞાનમાર્ગણા અને ગતિમાર્ગણા એવી બધી માર્ગણાઓ છે. તો કહે, જ્ઞાનમાર્ગણા નહિ. ઠીક ! પણ જ્ઞાનથી તો આત્મા જ અડે છે ભગવાનને. તો કહે, અહીંયાં ત્રિકાળીની વાત ચાલે છે. જ્યાંથી જે લક્ષણ, પ્રગટ લક્ષણમાંથી જડે છે એ આશ્રયનો વિષય નથી. એ આશ્રયનો વિષય નથી. સમ્યક્ત્વ, એક સમયની પર્યાય આશ્રયનો વિષય નથી.

એમાં ગતિ માર્ગણાનો બોલ આવ્યો કે ચાર ગતિ તો અગતિ છે. ચાર ગતિ તો આત્માની માર્ગણાની છે. ચાર ગતિમાંથી જીવને શોધે છે. કાં જીવ મનુષ્યમાં હોય, કાં દેવમાં હોય, કાં તિર્યંચમાં હોય, નરકમાં હોય. માર્ગણા એટલે જ્યાંથી શોધી શકાય તે માર્ગ, તેને માર્ગણા એવું નામ દીધું છે. શાસ્ત્રમાં વિષય એ છે. આગમનો વિષય છે. તો કહે, અહીંયાં અધ્યાત્મનો વિષય ચાલે છે. આગમનો નહિ. અહીંયાં આગમનો વિષય નથી ચાલતો પણ અધ્યાત્મનો વિષય ચાલે છે. તો કહે, ચાર ગતિ તો જીવ નહિ, પણ આ પંચમગતિ એ પણ જીવ નહિ. લે જા. એ જીવ નહિ. ત્યાં સુધી (લીધું). વ્યાખ્યાનમાં તો પછી કાંઈ બાકી તો રહે નહિ. કોઈ વાત બાકી ન રહે. એ તો પૂરી જ આવે. વાત આવે એ બધી પૂરી જ આવે. પંચમગતિ નહિ. કેમકે એ પર્યાય છે. પંચમગતિ પણ એ પર્યાય છે.

'સોગાનીજી'એ એ જ કહ્યું. ચૌદ ગુણસ્થાન હોગા, સિદ્ધાલયમેં જાના હોગા. નિઃશંક વિષય છે. ચૌદમું ગુણસ્થાન આવશે અને તે વખતે સિદ્ધાલયમાં જવાનું થાશે. તો યહ સબ કાર્ય પર્યાય કે પર્યાય મેં હૈં. પર્યાય કે કાર્ય સબ પર્યાય મેં હૈ ઔર મેરેમેં નહીં. ચાલો, ઠીક ! સિદ્ધાલયમાં જવાનું મારામાં નથી. આવો ત્રિકાળી જે છે એનો મહિમા ગાયો છે. એમ કરીને એની મહાનતા પ્રસિદ્ધ કરી છે.

એ '**अपदान्येव भासन्ते**' એમ લીધું છે. 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે જેટલા અન્ય પદો છે-'**पदान्यन्यानि यत्पुरः**' જેની આગળ જેટલા અન્ય પદ છે તે બધા અપદરૂપે ભાસે છે. અપદરૂપે એટલે મારા પદરૂપે

એ ભાસતા જ નથી ને, મારા સ્વરૂપે ભાસતા જ નથી ને. નિશ્ચયનયના વિષયભૂત અને દૃષ્ટિના વિષયભૂત દ્રવ્ય એવું છે. એમ લેવું છે. અને દૃષ્ટિના વિષયભૂત છે તે એક જ માત્ર ઉપાદેય છે. એવું નિજપદ, પરમપદ એ જ ઉપાદેય છે.

**'અને અન્ય (સર્વ) પરપદ હેય છે.'** આ સિવાયના બાકીના બધા પરપદ છે, પરમપદની પાસે અપરમપદ છે અને એ બધા હેય છે. કોઈ આશ્રયનું સ્થાન નથી. એટલું અંદર ભર્યું છે એમ કહે છે. એ પદમાં, નિજ પદમાં એટલું ભર્યું છે કે એની પાસે બીજા કોઈની ઉપાદેયતા થવાનો પ્રશ્ન જ રહેતો નથી. અહીં સુધી રાખીએ...

એકમાત્ર આત્મકલ્યાણના કામી એવા મુમુક્ષુજીવોએ પરસ્પર સત્સંગરૂપી કલ્પવૃક્ષનું અંતરની ભાવનાથી સિંચન અથવા ઉપાસના કરવા યોગ્ય છે. તેમાં ઉપદેશક પદ્ધતિ યોગ્ય નથી, કારણકે આ દશા તેવી પ્રવૃત્તિ માટે અધિકારી નથી. તેથી આત્માર્થી જીવે ભાવના અને જિજ્ઞાસાપૂર્વક, પરસ્પર મળી ભાવના વૃદ્ધિ થાય, સ્વરૂપ લક્ષ થાય, તે અર્થે પોતાના દોષોનું અવલોકન થયું હોય તે સંબંધી નિષ્પક્ષપણે વિચારણા કરવા યોગ્ય છે. તેમજ ઉપકારી એવા સર્વજ્ઞ તીર્થંકર દેવ, આચાર્ય આદિ શ્રીગુરુ, અને પરમ કરુણાશીલ સત્પુરુષોનાં ગુણગ્રામ, ભક્તિ, તેમના પ્રત્યે પ્રમોદભાવના, અવિરોધભાવના, આશ્રયભાવના દઢ વૈરાગ્ય સહિત કરવા યોગ્ય છે. અધ્યાત્મની રુચિ વધે તેવો વિષય મુખ્યપણે સત્સંગમાં પરસ્પર ચર્ચાવા યોગ્ય છે. સિદ્ધાંતબોધ પરમ ગંભીરતાથી, આત્મહિતનું મુખ્ય લક્ષ રાખી, ભાવનાથી ભીંજાયેલા અંતઃકરણપૂર્વક (સ્વચ્છંદ અને શુષ્કતા ઉત્પન્ન ન થવા અર્થે ) વિચારવા યોગ્ય છે. મતમતાંતરથી દૂર રહેવા યોગ્ય છે.

(અનુભવસંજીવની - ૭૨૬)

**તા. ૨૩–૧૧–૧૯૮૫, પાના નં.૩૨, પ્રવચન નં. ૬૮**

સ્વરૂપનો મહિમા કરીને તાત્પર્ય એ કાઢ્યું કે સ્વરૂપ ઉપાદેય છે. એક માત્ર પોતાનું પદ ઉપાદેય છે. **'અને અન્ય (સર્વ) પરપદ હેય છે.'** અહીંયાં પોતાનું પદ ઉપાદેય છે એટલે રાગનો વિષય બનાવવો, પરપદ હેય છે એટલે દ્વેષનો વિષય બનાવવો એમ કહેવા માગતા નથી. જ્યાં વીતરાગભાવ છે ત્યાં ઈષ્ટ-અનિષ્ટપણું નથી. અથવા વીતરાગભાવમાં કોઈ અન્ય પદાર્થ અનુકૂળ-પ્રતિકૂળ નથી. **'અન્ય (સર્વ) પરપદ હેય છે.'** એટલે કે અન્ય સર્વ પદાર્થો મને પ્રતિકૂળ છે એમ નથી. હું જ્ઞાનમાત્ર છું અને અન્ય સર્વ જ્ઞેયમાત્ર છે. એમ જ્ઞાનને માત્ર જ્ઞાતા ભાવે જાણનારના સ્થાનમાં રાખી અને જ્ઞેયને માત્ર ભિન્ન પદાર્થરૂપ માત્ર જ્ઞેયના સ્થાનમાં જાણવું, અનુકૂળ-પ્રતિકૂળ નહિ જાણતા માત્ર જ્ઞેયના સ્થાનમાં જાણવું, એવું વીતરાગભાવે જ્ઞાતા-દષ્ટાપણું એ જ્ઞાતા-દષ્ટાપણામાં નિજપદ ઉપાદેય છે એમ કહેવાય છે. ત્યાં નિજપદનો રાગ, ઉપાદેયતાનો વિકલ્પ, એ પ્રકાર નથી. પણ ત્યાં નિજપદ ઉપાદેય છે એટલે પોતે જ્ઞાતાભાવે રહેતા નિજપદની ઉપાદેયતા થઈ. જો ઈષ્ટ અનિષ્ટપણું મટે, અનુકૂળતા-પ્રતિકૂળતાની કલ્પના મટે તો જ ઈષ્ટ-અનિષ્ટપણાને અનુસરીને થતાં સર્વ પ્રકારના વિકલ્પો મટે. જો વિકલ્પો મટે તો સ્વરૂપસમાધિ થાય અને સ્વરૂપસમાધિ થાય તો સ્વરૂપનો આનંદ ઊપજે.

અહીંયાં થોડી આનંદની વાત લેવી છે. જે **'એકદેશમાત્ર નિજાવલોકન એવું છે કે ઈન્દ્રાદિની સંપદા વિકારરૂપ ભાસે છે.'** એકદેશ એટલે અંશ માત્ર. નિજાવલોકન એટલે અહીંયાં નિજ અનુભવન. સ્વરૂપનો આંશિક અનુભવ, જે ચોથા ગુણસ્થાનમાં મોક્ષમાર્ગના પ્રવેશકાળમાં થાય છે તે એકદેશ છે એટલે આંશિક છે. સંપૂર્ણ અનુભવ તેરમા ગુણસ્થાને છે. જ્યાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અનંત ચતુષ્ટ્ય પ્રગટ થયા ત્યાં સ્વરૂપનો પરિપૂર્ણ અનુભવ છે. અને નીચેના ગુણસ્થાને ગુણસ્થાન અનુસાર આંશિક અનુભવ છે. આંશિક

અનુભવ એટલે અનુભવનો વિષય અંશ માત્ર અનુભવમાં આવે છે એમ નહિ. અનુભવનો વિષય તો જેટલો પૂર્ણ અનુભવમાં આવે છે એટલો જ અંશ અનુભવમાં આવે છે. પણ અનુભવ કરનાર અવસ્થા પૂર્ણ વિકસિત નથી, આંશિક વિકાસ પામેલી છે એમ કહેવું છે.

**'એકદેશમાત્ર નિજાવલોકન એવું છે કે ઈન્દ્રાદિની સંપદા વિકારરૂપ ભાસે છે.'** એ નિજ અવલોકન એટલે નિજ અનુભવમાં થતો આનંદ એવો છે, નિરાકુળતા એવી છે, એનું સુખ એવું છે, શાંતિ એવી છે કે ઈન્દ્રની સંપદા પ્રત્યે સમ્યગ્દષ્ટિનું લક્ષ જાય, જે સંપદાને જોતા મિથ્યાદષ્ટિને આશ્ચર્ય અને અહોભાવ થાય કે, શું વૈભવ છે એનો ! એ જ સંપદા પ્રત્યે, એ જ વૈભવ પ્રત્યે સમ્યગ્દષ્ટિનો ઉપયોગ જાય તો એને આકુળતા થાય. આકુળતા તો બેયને થાય છે પણ પેલાને ખબર પડતી નથી. મિથ્યાદષ્ટિને સુખની કલ્પના થાય છે ત્યાં થાય છે તો એને આકુળતા જ થાય છે, પણ એ બેભાન અવસ્થામાં છે એટલે એને ખબર નથી. સમ્યગ્દષ્ટિ સભાન અવસ્થામાં છે. સ્વરૂપનું ભાન વર્તે છે, સુખ સ્વરૂપના ભાનમાં છે એટલે એને દુઃખનું જ્ઞાન થાય છે કે આ ઉપયોગ બહાર જાય છે એટલું દુઃખ છે. પછી એ સમ્યગ્દષ્ટિ ઈન્દ્ર પોતે હોય અને પોતાની સંપત્તિ ઉપર એનો ઉપયોગ જાય (કે) આ ઈન્દ્રાસન છે. રત્નજડિત ઈન્દ્રાસન હોય છે. એના ઉપર જઈને હું બેસું. દેવોની સભા ભરાણી છે. હું જઈને ઈન્દ્રાસન ઉપર બેસું. એ એને દુઃખરૂપ ભાસે છે. એવો વિચાર આવે છે એ એને દુઃખનું કારણ છે. સભાન અવસ્થા છે એટલે.

મુમુક્ષુ :- ઈન્દ્રની વાત કરી. અહીંયાં તો...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો ગોદડું સારું ન હોય તોપણ એને મમત્વ થાય છે. અથવા અહીંના પ્રમાણમાં સારું હોય, લ્યો ને ! અહીં તો અહીંના પ્રમાણમાં બધું હોય ને ? દેવલોકમાં દેવલોકના પ્રમાણમાં હોય. અહીંયાં હોય તે અહીંના પ્રમાણમાં હોય. તોપણ જીવને આ મારું છે. મારું છે તે સારું છે, ઠીક છે, આ મને અનુકૂળ છે, એમાં એને દુઃખ થાય છે. આ સંયોગો મારી અનુકુળતા રાખનારા, અનુકૂળતા સાચવનારા, અનુકૂળતા કરનારા સંયોગો છે. બરાબર અનુકૂળતા પ્રમાણે માણસ ઘર ગોઠવે છે ને ? ઘર બનાવે, ઘર ગોઠવે, સાધન-સામગ્રી.

પોતાની અનુકૂળતાની કલ્પના પ્રમાણે કરે છે ને ? એ ભાવમાં દુ:ખ છે. સુખ નથી પણ દુ:ખ છે.

મુમુક્ષુ :- આવા ભાવમાં દુ:ખ ન લાગે તો અનુભવ થાય જ નહિ ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સુખ લાગે અને દુ:ખ ન લાગે એને ત્યાંથી પાછા વળવાનું કેવી રીતે બને ? અનુભવ તો અંતર્મુખ દશાનો ઉપયોગ છે. અહીંયાં જ્યાં બહારમાં સુખ લાગ્યું છે ત્યાંથી ઉપયોગને ફરવાનું કારણ તો કાંઈક મળવું જોઈએને. ત્યાં જવાનું જેમ કારણ છે, એમ ત્યાંથી પાછા વળવાનું પણ કારણ તો જોઈએ ને. ત્યાં જવાનું કારણ સુખ છે તો ત્યાં નહિ જવાનું કારણ દુ:ખ થવું જોઈએ. આ તો સીધી સમજાય એવી વાત છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ કહ્યું, વિકલ્પમાં દુ:ખ નથી લાગતું.

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પમાત્રમાં. એ તો ત્યાં સુધીની વાત છે, ભેદજ્ઞાનમાં સમ્યગ્દર્શન પહેલાં, ભેદજ્ઞાનમાં ત્યાં સુધીની વાત છે કે સમ્યગ્દર્શન થનાર જીવને શુદ્ધ સ્વરૂપનો વિચાર, વિકલ્પ ઊઠે એમાં પણ દુ:ખ લાગે. જ્ઞાનમાં જે નિર્ણયમાં, નિશ્ચયમાં, ભાસનમાં જે સુખનું, અનંત સુખનું સ્વરૂપ છે, અનંત સુખનું દળ છે એ નિધાનનો સીધો અનુભવ નથી અને વચ્ચે રાગ ક્યાં ઉત્પન્ન થાય છે ? વિકલ્પ ક્યાં ઉત્પન્ન થાય છે ? વચ્ચે ઉત્પન્ન થતો વિકલ્પ છે એ એને અનુભવ નથી (થવા દેતો), એ ત્યાં બાધક છે.

વ્યવહારે એમ કહેવાય કે એવો વિકલ્પ થયો, પછી અનુભવ થયો માટે વિકલ્પ સાધક છે, વિચાર સાધક છે અને અનુભવ સાધ્ય છે. એમ વ્યવહારે કહેવાય. વ્યવહારે જેને અનુકૂળ કહેવાય તેને જ નિશ્ચયે પ્રતિકૂળ કહેવાય છે. નિશ્ચયથી તે જ પ્રતિકૂળ છે. ત્યાં તે ન થાય અને સીધો પ્રયત્ન-પુરુષાર્થ ઉગ્ર થઈને નિર્વિકલ્પ અનુભવ કરે. નિર્વિકલ્પ સ્વરૂપમાં અભેદ ભાવ, અભેદ અનુભવરૂપ ભાવ એટલા સ્વરૂપના રસથી કરે અથવા થાય, કરે અથવા થાય એકાર્થ છે, ત્યાં વિકલ્પની ઉત્પત્તિ નથી થતી. અથવા વચ્ચે વિકલ્પની દખલ છે એ ત્યાં નથી થતી.

મુમુક્ષુ :- વિકલ્પની દખલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- દખલ છે. એ દુ:ખભાવ છે, આકુળતાભાવ છે.

અને એ વિકલ્પ તો ત્યાં સ્થૂળ વિકલ્પ નથી. મનમાં પણ સૂક્ષ્મ વિકલ્પ અંતર્જલ્પરૂપ, એને અંતર્જલ્પ કહ્યો છે, સૂક્ષ્મ વિકલ્પ, ઘોલનરૂપ, મનનરૂપ, ચિંતવનરૂપ વિકલ્પ છે. એ પણ દુઃખભાવ છે. મેલ તો થોડો હોય કે જાજો હોય. મેલ જ રહે કે બીજું કાંઈ થાય ? મલિનતા છે એ થોડી કે જાજી પણ મલિનતા તે મલિનતા જ છે. જાતફેર ક્યાં છે ? એમાં સુખ જ્યાં સુધી જણાય અને શાતા થાય ત્યાં સુધી ત્યાંથી ખસવાનું જીવને બનતું નથી. એક તો એકત્વબુદ્ધિએ પરિણમી રહ્યો છે અને એમાં એને અભિપ્રાય જો સુખનો હોય, ઈષ્ટપણાનો હોય તો કોઈ રીતે ત્યાંથી પાછું ફરી શકાય નહિ. એ નિયમબદ્ધ વાત છે.

અહીંયાં તો કહે છે કે '**ઇન્દ્રાદિની સંપદા...**' ઉત્કૃષ્ટ દૃષ્ટાંત લીધું છે. પછી નીચેની બધી વાત. જેને જે પ્રકારનો ઉદય હોય ત્યાં એનું લક્ષ જાય છે. જીવનું લક્ષ તો જ્યાં એનો ઉદય હોય ત્યાં જાય છે. એ ઉદય પ્રત્યે લક્ષ જતાં, ઉદય પ્રત્યે ઉપયોગ જતા રાગ નામ વિકાર ઉત્પન્ન થાય છે. કાં ઠીક લાગે છે અને કાં અઠીક લાગે છે. એવું કોને ભાસે છે ? કે જેને એકદેશ પણ નિજાવલોકન થાય એને. કેમકે એણે અનુભવની શાંતિ જોઈ. આ વચ્ચે વિવાદ થયો હતો ને ? 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'નું પ્રકાશન થયું. ત્રીજા ભાગમાંથી આ પ્રસંગ ઉપડ્યો કે દેવાદિ પ્રત્યે ઉપયોગ જાય તો ભઠ્ઠી જેવું દુઃખ લાગે. દેવ-આદિ એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર. થોડું દુઃખ નહિ પણ (ભઠ્ઠી જેવું દુઃખ લાગે). એ તો સ્થૂળ વિકલ્પ છે ને ? આત્માના સ્વભાવના વિકલ્પમાં તો સ્વભાવની શાંતિ ઉપર લક્ષ છે અને હજી પુરુષાર્થની અલ્પતા છે એટલે વિકલ્પ ઊપજે છે, પણ એ મંદ ઊપજે છે. અહીંયાં તો સ્થૂળ ઉપયોગ છે. સર્વજ્ઞદેવની ભક્તિ, પૂજા સ્થૂળ ઉપયોગ છે, સ્થૂળ રાગ છે. ગુરુની ભક્તિ એ પણ સ્થૂળ રાગ છે. શાસ્ત્ર સ્વાધ્યાયાદિ શાસ્ત્રભક્તિ પણ સ્થૂળ રાગ છે. અને એમાં ભઠ્ઠી જેવું દુઃખ લાગવું જોઈએ. ભઠ્ઠીમાં ક્યાં સુધી પડ્યો રહે ? દુઃખ ન લાગે ત્યાં સુધી પડ્યો રહે. ક્યાં સુધી રહે ? દુઃખ ન લાગે ત્યાં સુધી રહે. આમ છે. અતિશયોક્તિનો આ વિષય નથી કે વધારેપડતું કહે છે. વાસ્તવિકતા આ છે. ખરેખર આ વાસ્તવિકતા છે. જ્યારે દેવ-ગુરુ-શાસ્ત્રની જેણે ભક્તિ અને કિંમત ઘણી આંકી હોય, જાણે-અજાણે એને ધર્મ માન્યો હોય અને એ પ્રકારના કષાયની

મંદતાના સ્થૂળ પરિણામ થવા છતાં પણ કષાયની મંદતાને કારણે એમાં કલ્પનાથી શાતા ને શાંતિ વેદી હોય, છે નહિ, ત્યાં આત્માની શાંતિ નથી, છતાં એને કલ્પિત શાંતિ વેદાણી હોય, એ મનની કલ્પના છે, એને એ જરા કઠણ પડે. આ વાત બરાબર નથી લાગતી. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ઉપયોગ જાય અને ભઠ્ઠી જેવું દુઃખ લાગે, આ વાત કાંઈ બરાબર લાગતી નથી. વિવાદ ચાલ્યો.

'ગુરુદેવે' સીધો અભિપ્રાય આપ્યો, કે આત્માની શાંતિ જેણે જોઈ હોય એને તો આમ જ લાગે. આમ ન લાગે એણે આત્માની શાંતિ જોઈ નથી. અનુભવી નથી. જોઈ નથી એટલે અનુભવી નથી. આમ મેળ ખાય. અનુભવ કરનાર જીવો તો ભિન્ન ભિન્ન છે. એક સમ્યગ્દષ્ટિને કેવી શાંતિનો અનુભવ થાય છે ? એની મેળવણી કેવી રીતે કરવી ? એનો અનુભવ એની પાસે છે, પોતાનો અનુભવ પોતાની પાસે છે. મને જેવો અનુભવ થયો એવો જ આને અનુભવ થયો એ કેવી રીતે મેળવવું ? આ રીતે મેળવવું. કે એને જો આ ભઠ્ઠી જેવું દુઃખ લાગે છે તો મને પણ ભઠ્ઠી જેવું દુઃખ લાગે છે. વાત બરાબર છે. એને શાંતિ હોવી જોઈએ. જેણે અનુભવી હોય એને જ આ ખબર પડે એવું છે. બીજાને તો શાતાનુ સુખ એમાં લાગ્યા વિના રહે નહિ. સર્વ સામાન્ય જીવોને તો એમાં સુખ લાગશે, શાતા શાંતિ અનુભવાશે. એ પુદ્‌ગલજનિત ભાવ છે. પુદ્‌ગલ પ્રકૃતિનો એ સ્વાદ છે. એ આત્માના સ્વરૂપનો સ્વાદ નથી. એ જ્ઞાનનો સ્વાદ નથી. એમ એ મેળવાય છે કે બરાબર છે આ.

**'ઈન્દ્રાદિની સંપદા વિકારરૂપ ભાસે છે.'** અથવા એ સંપદા ઉપર રાગનો અંશ ઊઠે, વિકલ્પ ઊઠે ત્યારે રાગાંશ ઊપજે (એમાં દુઃખ ભાસે છે). સમ્યગ્દષ્ટિને તો આંશિક રાગ ઊપજે છે. જ્ઞાન તો ભિન્ન પડ્યું છે, એને ભિન્ન જોવે છે. સમ્યગ્દષ્ટિ ઈન્દ્ર, ઈન્દ્રાસનને તો ભિન્ન પદાર્થ જોવે છે. છતાં એ ચારિત્રગુણનો રાગ ઊઠે છે અને એ ઈન્દ્રાસન ઉપર બેસવા માટે એનો ઉપયોગ જાય છે, વિકલ્પ થાય છે તો એને એનું દુઃખ લાગે છે. એ આંશિક રાગ છે. રાગાંશ છે એ. તીવ્ર રાગ મિથ્યાદષ્ટિને એકત્વબુદ્ધિએ થાય અને આખેઆખો રાગમય પોતાને અનુભવે એવો અનુભવ તો સવિકલ્પ દશામાં, રાગસહિતની દશામાં પણ સમ્યગ્દષ્ટિને એ પ્રકારે તો રાગનો અનુભવ થતો નથી. ઊલટાનો

રાગાંશ પણ મારા વીતરાગી સ્વભાવથી ભિન્ન છે એવું એને જ્ઞાન થાય છે. એટલે એને એ દુઃખરૂપ, વિકારરૂપ અને મલિન ભાવરૂપ ભાસે છે. પોતાના પરમપવિત્ર સ્વરૂપની ત્યાં સરખામણી થાય છે કે વિકાર છે એ મલિનભાવ છે અને આત્મા પોતે પરમ પવિત્ર સ્વરૂપે છે. એ બેયની મેળવણી થઈ ગઈ ત્યાં કે આ મલિન છે અને પોતે પવિત્ર છે. પોતે પવિત્ર છે અને રાગાંશ છે તે મલિન છે. એમ ભાસે છે, પ્રત્યક્ષ ભાસે છે. તેથી તેમાં તેને મોહ થતો નથી.

એનું કારણ શું ? આવું દિવ્ય ઈન્દ્રાસન હોય, દિવ્ય વૈભવ હોય, ઈન્દ્રની દિવ્ય રિદ્ધિ-સિદ્ધિ હોય છતાં ઈન્દ્રને એમાં મોહ ન થાય એનું કારણ શું ? કે એના પ્રત્યે ઉપયોગ જાય અને વિકલ્પ જાય એ દુઃખરૂપ છે અને આ દુઃખનું નિમિત્ત છે એમ એને અનુભવ થાય છે. અહીંથી પણ એવું થાય છે. મહામુનિ હોય, વીતરાગી મુનિ હોય, નિર્ગ્રંથ મુનિ હોય. વૈરાગ્યના મહેલના શિખરનો શિખામણી. 'પદ્મપ્રભમલધારીદેવ'ના શબ્દો તો એવા છે. મહામુનિ કેવા છે ? કે વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણી છે. એટલો રોમે રોમે વૈરાગ્ય છે. અહીંયાં કેવળજ્ઞાન સાધવા નીકળી પડ્યા છે. એમાં અધૂરાશ રહી જાય અને આયુષ્ય પૂરું થાય તો દેવલોકમાં રિદ્ધિ-સિદ્ધિવાળા દેવ થાય. છતાં પણ ત્યાં તેને મોહ ન થાય. કેમ ? કે અહીંથી જ ભિન્ન પડ્યા છે.

પોતાના સ્વરૂપમાં રહેલી આત્મિક રિદ્ધિ સિદ્ધિ, આત્મિક વૈભવના અનુભવમાં એને બહારની રિદ્ધિ સિદ્ધિના ઉપયોગના નિમિત્તો દુઃખરૂપ, વિકારરૂપ ભાસે છે. તેથી એને ત્યાં મોહ થતો નથી. દ્રવ્યલિંગી મુનિ હોય અહીંયાં વૈરાગી હોય અને દેવલોકમાં જાય એટલે એને મોહ થાય. બેય બહારમાં મુનિદશામાં, ત્યાગવાળી દશામાં છે. લ્યો ! બેયનો ત્યાગ સરખો દેખાય, બેયના પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના આચરણ સરખા દેખાય, બાહ્યાચરણ બિલકુલ શાસ્ત્રોક્ત હોય, જિનોક્ત જિનાગમ પ્રમાણ અનુસાર હોય. કાંઈ ફેર નહિ. નિરતિચાર પાળતા હોય. દોષ ન આવે એવી રીતે. અતિચાર એટલે દોષ. મર્યાદાને ઓળંગ્યા વિના, વ્યવહારની મર્યાદાને ઓળંગ્યા વિના બાહ્યાચરણ હોય. એક દેવલોકમાં જાય એને મોહ થાય અને એક દેવલોકમાં જાય એને મોહ ન થાય. જેણે અસંગતત્ત્વ સાધ્યું છે, અસંગતત્ત્વની દૃષ્ટિ છે

અસંગતત્ત્વ જ જેને ઉપાદેય છે, એને ગમે તેવા સંયોગમાં, જેમ કંચનને કાટ લાગતો નથી એમ એ લેપાતો નથી. ત્યાં એ દેવલોકમાં નહિ લેપાય. અને અહીંયાં સંયોગી દૃષ્ટિ છે, મેં આ છોડ્યું... મેં આ છોડ્યું... મેં આ છોડ્યું... મેં આ છોડ્યું... એ સંયોગ ઉપર દૃષ્ટિ છે. આટલી મારી સંપત્તિ હતી એનો ત્યાગ કરીને મેં દીક્ષા લીધી છે. તારી રાખીને ને ? ત્યાગ કર્યો એ તારી રાખીને કર્યો. મારી હતી ને મેં છોડી. તેં છોડી નથી, હજી તારી જ રાખી છે. એ દેવલોકમાં જાય છે તો એને અહીંના ઉદય ભાવો છૂટી જાય છે અને ત્યાંના ઉદય ભાવો ચાલુ થાય છે. એટલે એને ઉદય ભાવ સામાન્ય થઈ ગયા.

જ્યારે સાધકજીવ છે એને અહીંયાં પોતાના અનુદય એવા આત્મસ્વરૂપ સાથેનું જે જોડાણ છે એ જોડાણ ત્યાં સાથે રહે છે. આને ઉદયનું જોડાણ સાથે રહે છે, આને આત્માનું અનુદયનું જોડાણ સાથે રહે છે. પરિણામની (-ફળની) જે સ્થિતિ છે એ તો બંનેની સામાન્ય જ રહે છે, પણ અહીંયાં ત્યાગ દેખાતો હતો, ત્યાં ભોગ દેખાય છે. પરિણામમાં બે વચ્ચે આટલો ફેર છે. એટલે મિથ્યાદૃષ્ટિ ત્યાં એકાકાર થઈને એકેન્દ્રિયાદિમાં જાય છે અને સમ્યગ્દૃષ્ટિ પાછા ત્યાંથી મનુષ્ય થઈને બાકીનું સાધકપણું પૂરું કરીને સાધ્ય અવસ્થાને પ્રાપ્ત કરે છે.

**'ઈન્દ્રાદિની સંપદા વિકારરૂપ ભાસે છે. જેની પ્રાપ્તિથી અનંત સંતો (તેનું) સેવન કરી પોતાના સ્વરૂપનો અનુભવ કરી ભવપાર થયા માટે પોતાના સ્વરૂપને સેવો.'** શું કહે છે ? કે જે સ્વરૂપની પ્રાપ્તિ થતાં, એક-બે દાખલા નથી પણ અનંત સંતો થઈ ગયા, અત્યાર સુધીમાં ભૂતકાળમાં અનંત સંતો થઈ ગયા. એક-બે-ચાર થયા એમ નહિ. લોકો એમ કહે છે કે આવું તો કો'કને થાય. બધાને થાય ને ઝાઝાને થાય એવો કાંઈક ઉપદેશ કરો અને એવો કાંઈક સાધન ગોઠવો અને એવી કોઈ વ્યવસ્થા કરી દ્યો. ભાઈ ! ભલે ઓછાને થાય છે તોપણ અનંતાને થયું છે. એવું નથી કે બે-ચારને જ થયું છે અને પછી કોઈને થયું નથી. એવું પણ નથી. **'જેની પ્રાપ્તિથી અનંત સંતો (તેનું) સેવન કરી પોતાના સ્વરૂપનો અનુભવ કરી ભવપાર થયા...'** ભવપાર થવા માટે પોતાના સ્વરૂપનો અનુભવ કરી ભવપાર થયા. બીજી રીતે કોઈ ભવપાર થયા એ વાત નથી. **'માટે પોતાના સ્વરૂપને સેવો.'** તેથી કરીને પોતાના સ્વરૂપનું

સેવન કરો.

**'શ્રી સર્વજ્ઞદેવે સર્વ ઉપદેશનું મૂળ આ બતાવ્યું છે કે (જો) એકવાર સ્વસંવેદનરસનો આસ્વાદી થાય તો એવા આનંદમાં મગ્ન થાય કે ફરી પરની તરફ કદી પણ દૃષ્ટિ ન આપે.'** સર્વ ઉપદેશનું મૂળ અથવા સર્વ ઉપદેશનું કેન્દ્રસ્થાન શું છે ? કે એક સ્વરૂપાનંદનો, નિજાનંદનો અનુભવ કરવો તે. આ સર્વ ઉપદેશનું મૂળ છે. સ્વાનુભૂતિ છે એ સર્વ ઉપદેશના કેન્દ્રસ્થાને કોઈ વાત હોય તો એ સ્વાનુભૂતિની છે. 'ગુરુદેવ' તો એમ કહેતા કે બાર અંગનો સાર આ સ્વાનુભવ છે. ... બાર અંગનો સાર હોય (તો આ છે), સર્વ શ્રુતનો આ સાર છે. ભગવાનની વાણી જે પ્રગટ થઈ એનો સાર આ છે. અને તેથી એ વાણીમાં સ્વાનુભવને જ સમસ્ત જિનશાસન કહેવામાં આવે છે. આખું જિનશાસન એમાં સમાય ગયું. સમસ્ત એમ કહી દીધું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બધું આવી ગયું એની અંદર. એક માણસ એક અબજ રૂપિયા કમાણો. તો એ દસ-પંદર કમાણો કે ન કમાણો ? દસ-પંદર ન આવી ગયા ? અથવા એને નુકસાન કાંઈ નથી ગયું એમ આવી ગયું કે ન આવી ગયું ? ચાલો ! જે કમાણો એમાં એને નુકસાન નથી થયું એમ આવ્યું કે ન આવ્યું ? તો સ્વરૂપનો લાભ થયો એમાં એને રાગાદિનું નુકસાન ન થયું એ આવી ગયું કે ન આવી ગયું ? પૂજા, યાત્રા એ તો બધો રાગ છે. રાગ છે એમાં લાભ છે કે નુકસાન છે ? નુકસાન છે તો રોજ ઉઠીને શું કરવા કરો છો ? આ પ્રશ્ન છે. .. અમસ્તા રોજ ભગવાનની પૂજા કરે. છતાં એની અંદર અભિપ્રાય શું છે એ વિચારવું. ક્યા અભિપ્રાયથી કરવામાં આવે છે ? તમારો દૃષ્ટિકોણ શું છે ? દૃષ્ટિકોણ એમાં ધર્મ સમજીને એ કરવામાં આવે છે ? કે આ ધર્મ નથી પણ ધર્મ સુધી પહોંચાતું નથી તેથી ઉપયોગ કાં શુભમાં રહેશે કાં અશુભમાં રહેશે. તો અશુભમાં રહેવું એ યોગ્ય છે કે શુભમાં રહેવું એ યોગ્ય છે ? એમ એની વહેંચણી છે. કેવી રીતે એની વહેંચણી છે ? એની પાછળ શું અભિપ્રાય છે ?

જે જીવ પોતાના સ્વરૂપના અનુભવનો પુરુષાર્થ કરતો હોય અથવા જેને થતો હોય, તેને તે પુરુષાર્થ જ્યારે મંદ ગતિ પરિણામને પામે ત્યારે

એને શુભ વિકલ્પની ઉત્પત્તિ થાય. પછી એ શુદ્ધ વિકલ્પની ઉત્પત્તિમાં કોઈપણ શુભોપયોગની ક્રિયા હોઈ શકે. કોઈ નિયમ નથી કે આ જ હોવી જોઈએ. એને પૂજા જ હોવી જોઈએ, એને શાસ્ત્રવાંચન જ હોવું જોઈએ. એને ભક્તિ જ થવી જોઈએ, એને દયાનો જ વિકલ્પ આવવો જોઈએ, એને દાનનો જ વિકલ્પ આવવો જોઈએ. એવો કોઈ અહીંયાં નિયમ નથી. કોઈને કોઈ શુભ વિકલ્પ હોય. બસ, આટલો નિયમ છે. એ જ જીવને પુરુષાર્થ ઉગ્ર થાય તો તે રાગની હાનિ થઈને, તે રાગની હિંસા થઈને એનો નાશ કરીને વીતરાગભાવને પ્રાપ્ત કરે છે, શુદ્ધોપયોગને પ્રાપ્ત કરવામાં આવે છે. તો મટાડવા યોગ્યને મટાડ્યું કે નહિ મટાડવા યોગ્યને મટાડ્યું ? મટાડવા યોગ્યને મટાડ્યું.

મુમુક્ષુ :- સ્વાધ્યાયમાં એમ જ આવે કે અંદર જા.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ તો બધા જ વિકલ્પ એ છે એટલે એને વ્યવહાર કહ્યો છે. એમાં પણ એમ જ કહેવા માગે છે, બીજું કાંઈ કહેવા માગતા નથી. શાસ્ત્રવાંચનમાં પણ એ જ છે. પૂજા-ભક્તિમાં પણ એ જ વાત છે. જ્યાં જ્યાં તત્ત્વનો વિષય છે એ બધો વ્યવહારમાં ઓછા-વત્તા અંશે ગોઠવવામાં આવ્યો છે.

આમ તો કહે છે કે સર્વજ્ઞદેવે જે ઉપદેશનું મૂળ બતાવ્યું છે, એ મૂળમાં એકવાર જઈને સ્વસંવેદનરસનો આસ્વાદી થાય, આત્માના શુદ્ધ જ્ઞાનના રસને એકવાર વેદે-અનુભવ કરે તો એ વખતે એને એવો આનંદ ઊપજે, આનંદનો ફૂવારો અંદરથી ફૂટે, એવી એની મગ્નતા થાય, આનંદમાં પણ એ લીન થઈને આનંદનો અનુભવ કરે કે આનંદની આગળ એને એ આનંદ છોડીને, બીજો આનંદ, પુદ્‌ગલમાંથી આનંદ મેળવવા જેવો છે એની પર ઉપર (દૃષ્ટિ રહેતી નથી). (ચૈતન્ય) દળની સન્મુખ થતાં આનંદ આનંદ અનુભવમાં થાય છે અને એની સન્મુખતા છોડીને ઉપયોગ પરસન્મુખ થાય તો એમાં પ્રત્યક્ષ દુઃખનો અનુભવ થાય છે.

જ્યાં શાંતિ અને અશાંતિ પ્રત્યક્ષ અનુભવગોચર થતી હોય ત્યાં એને વિવેક ન થાય એ પ્રશ્ન રહેતો નથી. એક બાજુ અગ્નિથી દાઝતો હોય, બીજી બાજુ શીતળતા આવતી હોય, તો દાઝવા ઊભો રહે, બળવા ઊભો રહે કે શીતળતા બાજુ જાય ? એમાં એને અવિવેક

થવાનો પ્રશ્ન રહેતો નથી. એ પોતાના સ્વરૂપને છોડીને પર ઉપર જાય એ વાત રહેતી નથી. સમ્યગ્દૃષ્ટિ જીવો પણ પ્રમુદિત થયેલા જોવામાં આવે છે.

'સોગાનીજી' એમ કહ્યું કે સૌધર્મ ઇન્દ્ર છે એ સમ્યગ્દૃષ્ટિ, એકાવતારી છે. પછી મનુષ્ય થશે એ ચરમશરીરી થશે. અને ઇન્દ્રાણી છે એણે પણ ત્યાં નવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે. સૌધર્મ ઇન્દ્રની ઇન્દ્રાણી. એ પણ એકાવતારી છે. એ પણ મનુષ્ય થશે, પુરુષપર્યાયને પ્રાપ્ત થશે. એ પણ ચરમશરીરી છે. બંને ભગવાનની ભક્તિ કરે, ભગવાનનો જન્મ થાય. એક સૌધર્મ ઇન્દ્ર અસંખ્ય તીર્થંકરોનો જન્મોત્સવ મનાવે. એક-બે વાર નહિ. સાક્ષાત્ બાળ તીર્થંકરો હોય છે. ત્યારે એમના જન્મોત્સવમાં આવે છે. ઉદયમાં આવે ... બત્રીસ લાખ વિમાનનો સાહેબ છે. કેટલા ? અને એક વિમાનમાં અસંખ્ય દેવ છે. અહીંયાં તો કેટલા ચોસઠ કરોડ કે સીત્તેર કરોડની (વસ્તી છે) પણ Prime minister થાય તો પારો ફાટી જાય. એક વિમાનમાં અસંખ્ય દેવ એવા બત્રીસ લાખ. એક નહિ, હજાર નહિ, બત્રીસ લાખ વિમાન સૌધર્મ ઇન્દ્રની આજ્ઞા નીચે છે. એને ખાલી લાગે. મારાથી આ બધું ખાલી છે-શૂન્ય છે. મારામાં બધું ભર્યું છે. એ સિવાય બધું મારાથી ખાલી છે. ખાલી ખાલી લાગે. ઘરમાં એકલો રહી જાય અને બધાનો Accident થાય ને બધાનું મૃત્યુ થઈ જાય, પોતે એકલો રહી જાય તો ખાલી ખાલી લાગે કે નહિ ? એમ એને ખાલી જ લાગે. પોતાથી બધું ખાલી લાગે.

એ સૌધર્મ ઇન્દ્ર બહારમાં એટલું પુણ્ય છે છતાં પગે ઘુઘરા બાંધીને નાચે છે. બત્રીસ લાખ વિમાનનો સાહેબ છે એ ઘુઘરા બાંધીને નાચવા માંડે. જેમ નાચનારી ઘુઘરા બાંધે એ રીતે. એટલો બાલ તીર્થંકરનો મહિમા છે. હજી તો ચોથે ગુણસ્થાને છે. પોતે ચોથે ગુણસ્થાને છે. બાલ તીર્થંકર ચોથે ગુણસ્થાને છે. હિસાબકિતાબ ન થાય ? હજી ક્યાં સર્વજ્ઞ થયા છે, હજી ક્યાં મુનિ થયા છે. વળી મારું સમ્યક્ત્વ જૂનું છે કે આમનું જૂનું છે, સમ્યક્ કોને પહેલા થયું છે. કાંઈ વિચાર નહિ કરતા હોય ?

દસમા ભવમાંથી ભગવાન 'મહાવીરસ્વામી'... સૌધર્મ ઇન્દ્ર તો અબજોના અબજો વર્ષથી ચોથા ગુણસ્થાને હોય. અને એ પણ એ

પહેલા એની આગળના ભવમાં પ્રાપ્ત કરીને ત્યાં ગયા હોય. ક્ષાયિક સમ્યગ્જ્ઞદષ્ટિ છે. સમ્યગ્દર્શનમાં તો હું મોટો છું એમ કાંઈ નહિ વિચાર આવતો હોય ? એટલી ભક્તિ કરે.. એટલી ભક્તિ કરે. જાણે ઈન્દ્રને હર્ષ માતો નથી, સમાતો નથી. એવી ભક્તિ (કરે). જોનારને એમ થાય કે આની ભક્તિ ગજબની ભક્તિ છે. એમાં એ દુઃખનો અનુભવ કરે છે. ઠીક ! હરખનો નહિ પણ દુઃખનો અનુભવ કરે છે. આ કઈ જાતની વાત છે ! ચોખ્ખે ચોખ્ખો હરખ દેખાય છે અને તમે કહો છો કે એને દુઃખનો અનુભવ છે ! હા. એને દુઃખનો અનુભવ છે, હરખનો અનુભવ એને નથી. ગૌણ છે ખરેખર, મુખ્યપણે દુઃખનો અનુભવ છે. ગૌણ કેવી રીતે ? બહારમાં દેખાય એ મુખ્ય ? આટલું બધું મુખ્ય થયું ત્યારે તો બહાર દેખાણું અને પેલું ગૌણ રહી ગયું ત્યારે અંદર રહી ગયું. એમ ખરું કે નહિ ? મુખ્ય પરિણતિ તો શુદ્ધ પરિણતિ છે.

સાધકદશામાં મુખ્ય પરિણતિ, મુખ્ય વૃત્તિ તો શુદ્ધ વૃત્તિ છે અને દેવ-ગુરુ-શાસ્ત્રને આશ્રિત ઉપયોગ જાય એ ગૌણ વૃત્તિ છે. એ ઉપરછલ્લી વૃત્તિ છે. એનાથી ભિન્નતા અનુભવે છે અને મુખ્ય વૃત્તિ અભિન્ન ભાવે અનુભવરૂપ છે. મુખ્ય વૃત્તિ અભિન્ન ભાવે અનુભવરૂપ છે અને આ ભિન્ન ભાવે છે કે આ હું નહિ આ હું નહિ. એનો નિષેધ થઈ ગયો. એનો નિષેધ છે અંદરમાં. તે વૃત્તિનો પણ નિષેધ છે.

અનુભવનો વિષય આ તો 'ગુરુદેવે' આટલો ખોલ્યો. નહિતર સંપ્રદાયોમાં તો કોઈને ખબર નથી કે આ શું ચાલે છે ? નિર્વિકલ્પ ઉપયોગ તો થાય ત્યારે એની ખબર પડે એટલે એની ખબર ન મળે. અને સવિકલ્પ દશામાં પરિણતિ નથી એટલે એની ખબર ન મળે. પછી જે ગતાનુગતે બહારની જે ક્રિયા ને આ ને તે જે કાંઈ બધાની રૂઢિ ને રીવાજ ને રીત જુદી, પદ્ધતિ જુદી એ પરંપરા ચલાવે એનું નામ ધર્મ ચલાવ્યો એનું માન્ય. પણ ધર્મનું ત્યાં નામનિશાન નથી. ધર્મના બહાને મિથ્યાત્વ સેવાય છે અને મિથ્યાત્વ દઢ થઈ જાય છે. ગૃહીત મિથ્યાત્વ છે. એને ધર્મ માને એ તો બુદ્ધિપૂર્વકનું પકડેલું ગૃહીત છે. આમ છે. ગૃહીત મિથ્યાત્વ કહો, તીવ્ર મિથ્યાત્વ કહો, એ બધું એક છે. એ તો મિથ્યાત્વ તીવ્ર થતાં ગૃહીત છે.

કહે છે કે '**એકવાર સ્વસંવેદનરસનો આસ્વાદી થાય...**' એનો રસ

એવો અલૌકિક છે એમ કહે છે. આત્મરસ છે એવો કોઈ અલૌકિક રસ છે કે બહારામં કોઈપણ પદાર્થ ઉપર ઉપયોગ જતા આકુળતા થાય તો એનાથી વિરુદ્ધ જાય છે. ભલે એમાં સુખની કલ્પના થાય, હોંશ થાય, ઉત્સાહ થાય, આનંદ મનાય, શાંતિ મનાય, સુખ મનાય, પણ એ તમામ પ્રકાર આકુળતાના જ છે. એનાથી વિરુદ્ધ એવો આ નિરાકુળરસ છે. તેનો આસ્વાદી થાય, એનો અનુભવ કરનારો થાય, એનું વેદન કરનારો થાય. '**તો એવા આનંદમાં મગ્ન થાય કે ફરી પરની તરફ કદી પણ દૃષ્ટિ ન આપે.**' એ દુઃખમાં જવા માટે ત્યાંની દૃષ્ટિ એ કરે નહિ. એની ઉપાદેયતા ક્યારેય કરે નહિ, એમાં એકતા ક્યારેય કરે નહિ. અને કોઈપણ પર પદાર્થને સુખના સ્થાન તરીકે, સુખના નિમિત્ત તરીકે, સુખના કારણ તરીકે શ્રદ્ધામાં શ્રદ્ધે નહિ. એનું નામ દૃષ્ટિ ન આપે. એક આત્મા સિવાય માન્યતામાં કોઈને માને નહિ. સીધી વાત આ છે. બહારમાં માણસ એમ કહે ને, તમે કોને માનો ? ફલાણાને માનો ? ઢીકણાને માનો ? આને માનો ? તેને માનો ? આ કહે છે કે આત્માને માને છે ને બીજા કોઈને માનતો નથી. એક જ માન્યતા, બીજી માન્યતા નહિ.

મુમુક્ષુ :- 'સોનગઢ'ને માનીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- 'સોનગઢ' તો ગામ છે. એ તો ગામ છે. એને માનવું એટલે શું પણ ? 'સોનગઢ'થી કહેવાયેલું એવું જે તત્ત્વ છે એ તત્ત્વમાં અમારી શ્રદ્ધા છે. ભાષા ટૂંકી છે. ત્યાં જે તત્ત્વ કહેવાયું. 'ગુરુદેવ' કાંઈ પોતાનું નામ ન લ્યે. અહીંથી કહેવાણું છે એમ કહે. શું કહે ? અહીંથી આ બહાર પડેલી વાત છે. ક્રમબદ્ધ પર્યાય, તો કહે અહીંથી બહાર પડેલી વાત છે. એમ બોલતા હતા ને ?

'**સ્વરૂપસમાધિ (એ) સંતોનું ચિહ્ન છે, તે થવાથી રાગાદિ વિકાર હોતા નથી,...**' સ્વરૂપસમાધિ જેને સ્વરૂપમાં નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થઈ એને સ્વરૂપસમાધિ કહેવામાં આવે છે. એ નિર્વિકલ્પ સમાધિ છે. ભલે એક ક્ષણમાત્ર છે તોપણ એ નિર્વિકલ્પ સમાધિ છે. એ નિર્વિકલ્પ સમાધિ અનંત જન્મ-મરણની શ્રૃંખલાને છેદી નાખે છે. એવી જેને સ્વરૂપસમાધિ થઈ તે સંતોનું ચિહ્ન છે. એ સંત છે. બહારમાં સંતનો વેશ ધારણ કર્યો તે કોઈ સંત છે એમ અહીંયાં ન કહ્યું. કે આવો વેશ હોય

એને સંત ગણવા. અથવા નગ્ન થાય, લ્યો. ફલાણા કપડા પહેરે, માળા પહેરે, તિલક કરે એને એક બાજુ મૂકો. કોઈ દાઢી વધારે, વાળ વધારે એ એક બાજુ મૂકો. નગ્ન થાય માટે સંત છે કે નહિ ? નહિ, એ પણ નહિ. એ કોઈ વેશ નહિ. સંતોનું ચિહ્ન કે સમાધિ જેને લાગી. આ વાત ત્રણ કાળમાં અફર (છે). એ તો એને હોવું, હોવું ને હોવું જોઈએ. કેમકે સ્વરૂપસમાધિમાં સ્વરૂપની શાંતિ વેદાય છે અને જેણે સ્વરૂપની શાંતિ ઉત્પન્ન કરીને શાંત થયા તે સંત છે. આમ તો સ-અંત તે સંત છે. જેના ભવભ્રમણનો અંત આવી ગયો, પરિભ્રમણનો અંત આવ્યો તે સંત. સ-અંત. અંત સહિત લીધું ને ? શેનો અંત આવ્યો ? કે એના સંસારનો અંત આવ્યો તે સંત છે.

**'સ્વરૂપસમાધિ (એ) સંતોનું ચિહ્ન છે,...'** ઘણી તો સૂત્ર જેવી વાત છે. **'તે થવાથી રાગાદિ વિકાર હોતા નથી,...'** એવું સ્વરૂપસમાધિપણું થતાં તે જીવને રાગાદિ વિકાર હોતા નથી **'જેમ આકાશમાં ફૂલ હોતા નથી તેમ.'** આકાશમાં ફૂલ ઊગે ? જમીન જ નથી ત્યાં આકાશમાં કેમ ફૂલ ઊગે ? તો કહે છે, સંતોને વિકાર હોય ? કે આ વાતની કલ્પના જ કરવા જેવી રહેતી નથી. જેણે પોતાની નિર્વિકાર ચૈતન્યભૂમિ જોઈ છે, એ ભૂમિમાં-એ ક્ષેત્રમાં નિવાસ કર્યો છે અને જે આત્મારૂપ થયા છે. ખરેખર તો આત્મારૂપ થયા છે એમ નહિ, એ પરમાત્મારૂપ થયા છે. કેમકે પોતાને પરમાત્મસ્વરૂપે અનુભવે છે.

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાને છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- અલ્પ રાગાદિ વિકાર છે એ એને એક ન્યાયે નથી એમ કહેવામાં આવે છે. એક ન્યાયે નથી એમ કહેવામાં આવે છે. એટલે શું છે ? એને એ ભિન્ન જાણે છે. એને એ પોતાના સ્વરૂપમાં સમાવે છે એમ એના ભાવમાં નથી. અને એ રસકસ વગરના નિરસ થઈને એવા છે કે હવે એ ટળી જવાના છે એટલે એને નથી એમ કહેવામાં આવે છે.

આ ઝાડ છે, એનું મૂળ કપાય જાય ત્યારે પાંદડા લીલા રહે. હજી ઝાડ તો લીલું છે ને તમે કહો કે ઝાડ મરી ગયું. મૂળમાંથી કાપી નાખ્યું છે, ઝાડનો નાશ કર્યો છે. પણ તમે ઝાડનો નાશ કર્યો તો આ પાંદડા લીલા કેમ રહે ? એ લીલા છે એનો દેખાવ જ લીલો છે, હવે કાંઈ એમાં

લીલાપણું વધે એવું નથી. પછી એમાં કાંઈ પાંગરે ખરું ? એમાં કાંઈ થાય નહિ. એ સુકાવા ખાતર છે.

એ ન્યાયે સમ્યગ્દષ્ટિને પણ વિકાર નથી એમ કહેવામાં આવે છે. બચાવ કરવા માટે અહીંયાં વાત નથી. એ જેટલો એને વિકાર અંશ ઉત્પન્ન થાય છે એનો ખેદ છે. એ ટાળવા માટે એ અવિરતપણે પુરુષાર્થ કરે છે, એનો એને પ્રમાદ નથી. એ બધું એના બીજા પડખા ઘણા છે. એ બધો ન્યાયનો વિષય છે. છતાં એક ન્યાયે અભિપ્રાય ફરી ગયો છે. એક રાગને જેણે પહેલા રાગને મિત્ર જાણ્યો હતો એ જ રાગને વીતરાગમાર્ગમાં આવતા જે દુશ્મન જાણે છે. એ આખો અભિપ્રાય ફરી ગયો છે. પછી એ સંબંધ કાયમી ટકવાનો નથી. એ સંબંધ છૂટી જવાનો છે. એટલે એને નથી એમ કહેવામાં આવે છે.

અહીં બહુ જોરથી વાત કરી છે. '**તે થવાથી...**' એટલે સ્વરૂપસમાધિ થતાં '**રાગાદિ વિકાર હોતા નથી, જેમ આકાશમાં ફૂલ હોતા નથી તેમ.**' એમ લઈ લીધું. પણ આકાશમાં તો સર્વથા ફૂલ નથી. અહીંયાં સર્વથા નથી ? દૃષ્ટાંત તો બહુ જોરદાર આપ્યું છે. આવું કહેવા પાછળ હેતુ શું છે ? આ વિચારવું જોઈએ. વિચારવાયોગ્ય કોઈ વાત હોય તો આ છે. જે મુખ્ય પરિણતિ છે એની મહિમા દર્શાવવી છે. માર્ગની ભક્તિ છે આ. ઠીક ! સમ્યગ્દષ્ટિ સાધકની ભક્તિ તે માર્ગની ભક્તિ છે અને પરમાત્માની ભક્તિ તે સાધ્યની ભક્તિ છે. ઉપાયની ભક્તિ અને ઉપેયની ભક્તિ. બે ભેદ છે. આ માર્ગ છે તે ઉપાય છે અને જે સાધ્ય પરમાત્મપદ છે તે ઉપેય છે. માર્ગની ભક્તિ છે. માર્ગ પણ એવો મહાન છે, માર્ગ પણ એવો સુંદર છે, નિર્વિકાર છે, શુદ્ધ છે. એ પણ ભક્તિ કરવા યોગ્ય છે. તેથી સાધકની ભક્તિ તે માર્ગની ભક્તિ છે એમ કીધું. એ વાત લીધી ને ? એ મહિમા કર્યો છે.

'**દેહ-અભ્યાસનો નાશ, અનુભવપ્રકાશ,...**' આ તો આચાર્યો કરે છે, હોં ! આ તો પોતે સમ્યગ્દષ્ટિ છે. પણ 'નિર્જરા અધિકાર'માં 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' એમણે પણ મહિમા કર્યો છે. મોક્ષમાર્ગનો મહિમા કર્યો છે. જઘન્ય ભાવે ભલે અહીંયાં જ્ઞાન પ્રવર્તે છે તોપણ એને બંધન નથી અને નિર્જરા છે. 'નિર્જરા અધિકાર' કહેવો છે ને ? કે એને નિર્જરા છે એમ કહેવામાં આવ્યું છે. ત્યાં તો બહુ કડક

વાત કરી છે. બહુભાગ લોકોને તો ન સમજાય એવી વાત છે.

પૂર્વકર્મને કારણે (સમ્યગ્દૃષ્ટિ જીવને) ભોગ-ઉપભોગનો સંયોગ છે. કહે છે કે એ પર અપરાધજનિત દોષ તને નથી. શું કહ્યું છે ? પરને કારણે તને દોષ નથી. તું તારા આત્મામાં છો. શ્રદ્ધાથી, જ્ઞાનથી, આચારણથી. તો પર અપરાધજનિત દોષ તને નથી. તને નિર્જરા છે. સમ્યગ્દૃષ્ટિને નિર્જરા છે. એટલી બધી વાત લીધી છે. પણ અત્યારે તો એ દૃષ્ટિ બિલકુલ નથી. સંપ્રદાયમાં નથી અને અનુભવમાં નથી. અત્યારે તો કોઈ ચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિ હોય તો એ કોઈ માનવા તૈયાર ન થાય. 'રામચંદ્રજી' જેવા પાત્ર હોય તો કોઈ માનવા તૈયાર ન થાય.

મુમુક્ષુ :- આવા 'રામચંદ્રજી' હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઈતિહાસમાં ભૂતકાળમાં થઈ ગયા એટલે ભલે બધા ભક્તિ કરે. બાકી સામે આવે તો ચિત્તડિયું ઠેકાણે રહે નહિ. આ ? આવા રાજા-મહારાજા, આટલું બધું રાજ, પાટ, ભોગ, ઉપભોગ ! આને તમે એમ કહો છો કે આ ભગવાન જેવા પુરુષ છે. આ કેવી વાત કરો છો ? એવી વાત છે. બાહ્ય દૃષ્ટિમાં બાહ્ય સંયોગની એટલી મુખ્યતા થઈ જાય કે એની મૂળ પરિણતિ તપાસવી, સમજવી, ઓળખવી, પરીક્ષા કરવી એ બહુ મોટો વિષય થઈ જાય છે, મોટી વાત થઈ પડે છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને અંદરથી આખે આખું ફરી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એનું ભવન ફરી ગયું છે. એમ કહેવાય છે. લોકો નથી કહેતા ? ગાંડો થાય ત્યારે એમ કહે છે. આપણે ત્યાં કોઈ પાગલ થાય ત્યારે એમ કહે કે આનું હવે ભવન ફરી ગયું છે. ભવન એટલે પરિણમન. ભવ-થવું, પરિણમવું. એમ એનું ભવન અંદરમાં ફરી ગયું છે. પોતાનું પરમાત્મસ્વરૂપ એ એનું નિવાસસ્થાન થઈ ગયું છે અને બહારમાંથી બધે ઊઠી ગયો છે. ઊઠી ગયો છે એમાંથી. એમ ખરેખર છે. એની પ્રવૃત્તિ સમજાય એવું નથી.

'શ્રીમદ્જી'એ ના પાડી. 'સોભાગભાઈ'ને ના પાડી. 'જૂઠાભાઈ'ને ના પાડી. બેય નજીકના પાત્ર છે. જેને માટે આ અનુયાયીઓમાં એમ કહેવાય છે કે એમને તો સમ્યગ્દર્શન થઈ ગયેલું. ત્યારે નહિ પણ પછીથી થઈ ગયેલું. 'સોભાગભાઈ'ને તો સંભવ દેખાય છે. એમની જે મૃત્યુ

વખતની અવસ્થા જોઈ, ત્યારે એમણે સંપ્રદાયના મુનિઓ સાથે એમની સરખામણી કરી છે કે આ જે મોટા મોટા મહામુનિ કહેવાય છે એની જેવી સમાધિદશા મૃત્યુ કાળે ન હોય એવી 'સોભાગભાઈ'ની દશા હતી. તેમ લીધું છે. એ તો ઘણા પાત્ર હતા. એકદમ અત્યંત પાત્ર જીવ હતા. અને 'શ્રીમદ્જી'ને વિચારણા ઊગવાનું નિમિત્ત એ થયેલા છે. એમનો તો ઉપકાર માન્યો છે. ઘણી જગ્યાએ 'સોભાગભાઈ'નો ઉપકાર માન્યો છે.

મુમુક્ષુ :- એમને પણ ના પાડી કે આવશો નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- 'મુંબઈ'માં વેપાર ચાલે. 'મુંબઈ'માં આવવાની ના પાડે. દુકાને આવવાની મનાઈ નહિ, 'મુંબઈ'માં એના ઘરે આવવાની મનાઈ કરી છે. અહીંયાં ગડબડ હશે, તકલીફ હશે એટલે ? નહિ. કારણ આપ્યું છે કે અમારી વિચારશ્રેણી પરિપૂર્ણ વીતરાગતાની શ્રેણી છે. પૂર્ણ વીતરાગતા. પૂર્ણતાને લક્ષે શરૂઆત ચાલી છે ને ? એવી પૂર્ણ વીતરાગતાની વિચારશ્રેણીની સામે તમે અમારી પ્રવૃત્તિ જોઈને રખે તમને અંદેશાનું કારણ થશે. માટે અહીંયાં આવવાની તમને આજ્ઞા નથી. એમ ચોખ્ખું લખ્યું. થોડા વખતમાં અમે નિવૃત્તિ અર્થે... ગુજરાતમાં આવતા હતા. મધ્ય ગુજરાતમાં. 'વડોદરા' અને 'આણંદ' ને 'ખંભાત'. નિવૃત્તિ ક્ષેત્રે આવવાનું થશે ત્યારે તમને જણાવશું. ત્યારે મળજો. ત્યાં મળજો, અહીંયાં નહિ.

બાહ્ય દૃષ્ટિમાં નિર્ણય સ્થિર રહેવો કઠણ છે. 'ગુરુદેવ'ની તો બહારની અવસ્થા લગભગ ત્યાગી જેવી હતી. 'બહેનશ્રી'ને પણ એટલો વૈરાગ છે. એમનું જીવન વૈરાગી છે. પણ તોય મોટર ભાળીને ઘણા ભડક્યા. આવી Luxurious car છે. શું ખાતા-પીતા હશે કોને ખબર છે.

મુમુક્ષુ :- જોવા આવતા માણસો.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં તો કાંઈ વાંધો નહિ. જોવા આવે તો. બધા માટે ખુલ્લુ રાખતા. પણ ઉદયને જોવો કે આત્માને જોવો એમાં નજર જુદી જુદી છે. નજરનો વિષય છે.

મુમુક્ષુ :- ... તત્ત્વદૃષ્ટિએ એમ...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં પણ એને ભોગ-ઉપભોગના પરિણામથી ભિન્નતા વર્તે છે. તેમાં તેને સુખ અનુભવાતું નથી અને સુખબુદ્ધિ પણ થતી નથી. ભોગ-ઉપભોગના વિષયની ઉપર ઉપયોગ જાય તોપણ

એને સુખબુદ્ધિ થતી નથી. સુખનું નિમિત્ત એને લાગતું નથી. દુઃખનું નિમિત્ત લાગે છે. પોતાને પણ એ પરિણામથી આકુળતા અને દુઃખ અનુભવાય છે. અને અંદરમાં જે શુદ્ધાત્માની પરિણતિ છે એ પરિણતિમાંથી એ પોતે ચ્યુત થતા નથી, છૂટતા નથી, પોતાનું આરાધકપણું છોડતા નથી. ભાઈ ! એ તો સવા પાંચ લાખનો નફો હતો એ પચ્ચીસ હજાર બાદ જતા જ પાંચ લાખનો નફો ગણવામાં આવે છે. પછી એનું નુકસાન જુદું ક્યાં ગણાવાનું રહ્યું ? એમ છે કે નહિ ?

મુમુક્ષુ :- તત્ત્વદૃષ્ટિએ જ્યારે એનો ઉપયોગ ભોગ-ઉપભોગમાં જાય ત્યારે તો બંધતત્ત્વ જ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એકલો બંધભાવ છે, એકલો બંધભાવ છે પણ અલ્પ છે. ઉપયોગ જાય છે પણ પરિણતિ જતી નથી. એમ છે.

મુમુક્ષુ :- ઉપયોગ જ્યારે જાય ત્યારે એને બંધ જ થાય ? નિર્જરા થતી નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- એકલો બંધ થાય છે. પરિણતિ છે એની નિર્જરા થાય છે. પરિણતિના નિમિત્તે નિર્જરા થાય છે. ઉપયોગના નિમિત્તે બંધ થાય છે. અલ્પ બંધ છે એટલે નવા કર્મની આવૃત્તિ છે એ ઓછી છે અને જૂના સંચિત કર્મની નિવૃત્તિ વિશેષ છે, વધુ છે. તેથી કર્મ ખલાસ થતા જાય છે. આવે છે ઓછા અને જાય છે વધારે.

ઉપર એક વાસણ એવું હોય કે ઉપરથી તમે ઓર્યા કરો અને નીચે મોટું કાણું પડી ગયું હોય ને નીચેથી ચાલ્યું જતું હોય. તમે નાખ્યા કરો તોપણ વાસણ ભરાય નહિ. ઊલટાનું ખાલી થતું જાય. સરવાળે સાવ ખાલી થાય છે. કેમકે ઉપરનું બંધ થઈ જાય છે. પછી આવૃત્તિ એક કાળે ઘટતી જાય છે. જેમ જેમ ગુણસ્થાન વધતું જાય છે એમ નવો બંધ ઘટતો જાય છે. નવા કર્મનું આવવું ઘટતું જાય છે અને જવાની ગતિ વધી જાય છે. ચોથા ગુણસ્થાનેથી પાંચમા ગુણસ્થાને ગુણશ્રેણી નિર્જર (થાય છે), એનાથી છઠા ગુણસ્થાને પણ ગુણશ્રેણી નિર્જરા (થાય છે). ગુણશ્રેણીનો અર્થ સમજો છો ? Multiplication જેને કહેવાય. સરવાળો નહિ. ૨ ગુણ્યા ૨ એને ગુણ કહેવામાં આવે છે. બેનો ગુણ. જેને અંગ્રેજીમાં Squere કહે છે. ૫૦ x ૫૦ એને ૫૦નો Squere કહેવામાં આવે છે. A squere, B squere, C squere. એ ગુણશ્રેણી

નિર્જરા છે. એટલી બધી નિર્જરા વધી જાય છે અને બંધ એકદમ ઘટતો જાય છે. સાધકદશા વધતી જાય છે.

આ માલનો અહીંયાં પડતર છે. પછી શક્તિ પ્રમાણે ખેડી લે છે વેપારી-વેપારી. પોસાણ ન હોય તો શું કરે ? હાથ જોડીને બેસી રહેવું પડે. આ પોસાણ થઈ ગયું છે. એની રુચિમાં અને શ્રદ્ધામાં આત્મા પોસાણો છે. આત્મા પોસાય છે. ભોગ, ઉપભોગ, રાગ અને જડપદાર્થો પોસાતા નથી. એને પોસાતા નથી એટલે લાખ વાત પોસાતા નથી. એમ છે. આ તો ભગવાનનો રાગ છે ને ? આ તો વ્રતનો રાગ છે ને ? આ તો દાનનો રાગ છે ને ? એ પ્રશ્ન નથી. એને રાગ પોસાતો નથી એટલે પોસાતો નથી. એમ વાત છે. એ બહુ મોટી વાત છે. પોસાય એ બહુ મોટી વાત છે અને ન પોસાય એ પણ બહુ મોટી વાત છે. એકનું Station નિગોદ છે અને બીજાનું છેલ્લું Station-Destintion સિદ્ધ દશા છે. આટલો બધો પોસાણ ઉપર ઉપયોગનો વેપાર ચાલે છે.

પરિણામનો મુખ્ય વેપાર... પરિણામ તો વેપાર છે. જીવના પરિણામ છે એ વેપાર છે. જેનું પોસાણ છે એનો વેપાર છે એમ કહેવાય છે. જેનું પોસાણ નથી એનો વેપાર નથી. એ તો ખલાસ કરવાની ચીજ છે. પાંચ-પચ્ચીસ ચીજમાં બે-પાંચ ચીજનું પોસાણ ન રહ્યું અને બાકીની ચીજનું પોસાણ રહ્યું. હવે તમે પ્રશ્ન કરો છો તો પછી આનો વેપાર શું કરવા કરે છે ? પણ એ રહી ગઈ છે એને કાઢવી છે એનો વેપાર છે. શેનો ? ખબર પડે છે કે નહિ ? કાપડનો. એનો વેપાર કર્યો કહેવાય .. ? કે ભાઈ ! એ કાઢવા માટે એ તો વાત હતી. જેનું પોસાણ છે એનો વેપાર ચાલે. ગાંસડીબંધ માલ તો એ લાવીએ છીએ. કાંઈ .. લાવે કોઈ ? એનો વેપાર એને એ ચાલે છે. સમ્યગ્દૃષ્ટિને મુક્ત થવાનો વેપાર ચાલે છે. એ વાત લોકોને સમજાતી નથી. એટલે એનો મહિમા કરવામાં આવે છે અને બીજો હેતુ એનો એ છે કે અનાદિથી જીવ અહીંયાં ભૂલ્યો છે. એને જ્ઞાનીનો સમાગમ થવા છતાં જ્ઞાનીને એ ઓળખી શક્યો નથી. ઓળખાવાની પણ ત્યાં મહેનત કરી છે, નિષ્કારણ કરુણાથી એ જ્ઞાનીઓએ. એકમાત્ર ઓળખવાની Line માં તો આવ. તોપણ તારી ગાડીનો પાટો બદલાય જાય.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. કરણાનુયોગથી એ બંધ છે અને અધ્યાત્મની મુખ્યતામાં એને નિર્જરા કહેવામાં આવે છે. અધ્યાત્મ ભાવની મુખ્યતા કરવી હોય તો નિર્જરાને મુખ્ય ગણીને એની નિર્જરા થાય છે એમ કહેવાય. થાય છે બેય. નિર્જરાનું પ્રમાણ વિશેષ છે. બંધનું પ્રમાણ અલ્પ છે. પણ કરણાનુયોગની વાત ચાલતી હોય તો એને બંધ થાય છે એમ કહેવાય. એટલે એને નિર્જરા નથી થતી એમ નથી કહેવું. નિર્જરાની વાત ચાલતી હોય ત્યારે એટલી બધી નિર્જરા થાય છે, બંધ ઘણો અલ્પ છે એને નહિવત્ ગણીને થતો નથી એમ પણ કહેવામાં આવે છે. બેય વાત આ રીતે છે. (અહીં સુધી રાખીએ...)

વીતરાગ શ્રુતના પરમ રહસ્યને પ્રાપ્ત થયેલા, પરમકરુણાશીલ મહાપુરુષનો યોગ પ્રાપ્ત થવો અતિશય દુર્લભ છે. તે મહાપુરુષના ગુણ અતિશયથી, સમ્યક્‌દશાથી સમાગમ પ્રાપ્ત, પાત્ર મુમુક્ષુજીવની વૃત્તિ સ્વરૂપ પ્રત્યે વળે છે. શુદ્ધ વૃત્તિમાન અર્થાત્ શુકલ અંતઃકરણથી આત્મહિતના કામી મુમુક્ષુને તે પુરુષની અભ્યંતરદશાની પરીક્ષા થઈ, પ્રતીતિ આવે છે, ત્યારે પરમ વિનયની પ્રાપ્તિ થાય છે; અને તે પુરુષનાં વચનો આગમ સ્વરૂપ ભાસે છે. પ્રત્યક્ષ વચન યોગ બળવાન ઉપકારી છે. પરંતુ તેવો પ્રત્યક્ષયોગ નિરંતર ન રહે તેથી, તેમના વચનોની અનુપ્રેક્ષા અર્થે શાસ્ત્ર સાધન છે. તો પણ વિશુદ્ધ દષ્ટિવાનને તે ઉપકારી થાય છે; જેમણે પ્રત્યક્ષ સત્સંગ ઉપાસી શ્રુતનું રહસ્ય જાણ્યું હોય; તે શ્રીગુરુની આજ્ઞાના પરમ અવલંબન વડે ભવસાગર તરી જાય છે. તેવો સ્વચ્છંદ નિરોધ થયો છે જેને, તેને આગમ અનર્થકારી થતા નથી. (અનુભવસંજીવની - ૭૨૪)

**તા. ૨૭-૧૧-૧૯૮૫, પાના નં. ૩૨, ૩૩ પ્રવચન નં. ૭૯**

**'દેહ-અભ્યાસનો નાશ, અનુભવપ્રકાશ, ચૈતન્યવિલાસરૂપ ભાવને ઓળખે, જે લક્ષ્યલક્ષણ લખવામાં ન આવી શકે, ઓળખ્યે સુગમ થાય, લખ્યે સ્વાદરૂપ ન થાય.'** શું કહે છે ? અનાદિનો દેહ અભ્યાસ એટલે દેહનો અધ્યાસ છે. અભ્યાસ એટલે વારંવાર અનુભવ થવો. જે જે પ્રકારના દેહનો ચાર ગતિમાં સંયોગ થાય છે તે દેહને પોતારૂપે-નિજ સ્વરૂપે અનુભવ કરવાનો અભ્યાસ અનાદિ અજ્ઞાનથી ચાલી જ રહ્યો છે. એ પરિણામ થઈ જ રહ્યા છે. 'શરીર તે હું' એવા પરિણામ અનાદિથી થઈ રહ્યા છે. એનો નાશ થાય ત્યારે અનુભવનો પ્રકાશ થાય. અથવા દેહ અભ્યાસના નાશને ઓળખે-એવા ભાવને ઓળખે, નાસ્તિરૂપ ભાવ છે એ અને અનુભવનો પ્રકાશ થાય, આત્માના અનુભવનું પ્રગટપણું થાય એ ભાવને ઓળખે અને ત્યારે ચૈતન્યમાં રમણતા થાય, આત્મામાં રમણતા થાય એ ભાવને ઓળખે. એકસાથે અસ્તિનાસ્તિ છે. દેહ અભ્યાસનો નાશ ન થાય અને અનુભવપ્રકાશ થાય એવું બને નહિ. બે વિરુદ્ધ ભાવ છે. એટલે અનુભવનો પ્રકાશ થતાં દેહ અભ્યાસનો નાશ થાય.

બે સાથે એટલે લીધું છે કે કોઈ જીવો એવું પણ માને છે કે અમને ચૈતન્યનો અનુભવ થયો છે. અમને આત્માનો અનુભવ-અનુભૂતિ થઈ ગઈ છે. ભલે દેહાધ્યાસ રહ્યો હોય કે ન રહ્યો હોય એની અમને ખબર ન હોય. અથવા પરિણામની દેહાધ્યાસરૂપ પ્રવૃત્તિ એવી ને એવી રહે અને ચૈતન્યનો અનુભવ થયો છે એવું બનતું નથી. બંને ભાવોને ઓળખવા જોઈએ. દેહાધ્યાસના ભાવને પણ ઓળખવો જોઈએ અને ચૈતન્યના અનુભવરૂપ ભાવને પણ ઓળખવો જોઈએ. એ બંનેને ઓળખે.

**'જે લક્ષ્યલક્ષણ લખવામાં ન આવી શકે,...'** એવું જે શુદ્ધાત્મ તત્ત્વ છે એ લક્ષ છે અને એની ઓળખાણ લક્ષણથી થાય છે. એવો લક્ષણનો વિષય અને લક્ષ્યનો વિષય પૂરોપૂરો લખવામાં આવી શકતો

નથી. કથંચિત્ કહેવાય છે. એ તો સંકેતમાત્ર રૂપે કહેવાય છે, પણ એ કાંઈ લખવામાં આવી શકે નહિ. '**ઓળખ્યે સુગમ થાય,...**' લખવામાં આવી શકે નહિ, ઓળખ્યે સુગમ થાય. જો ઓળખે તો લક્ષ્યલક્ષણ શું છે ? ઓળખાણ પડે તો એને માર્ગ પણ સુગમ થાય. સુગમતા અહીંથી છે.

ઓળખાણ થાય છે ત્યારથી રુચિ પ્રગટે છે. જ્યારથી રુચિ પ્રગટે છે ત્યારથી ઉપયોગ સૂક્ષ્મ થાય છે. ઉપયોગ સૂક્ષ્મ થાય છે તો સ્વભાવ અને વિભાવના ભેદને સમજી શકે છે, ઓળખી શકે છે. એક જ સમયમાં, એક જ કાળમાં, એક જ પરિણામમાં સ્વભાવ અને વિભાવ, સ્વ ભાવ અને અન્ય ભાવ, એને જુદા જુદા પાડી શકે છે. ઉપયોગ સૂક્ષ્મ હોય તો પાડી શકે, નહિતર પાડી શકે નહિ. એ '**ઓળખ્યે સુગમ થાય,...**' એવી ઓળખાણ હોય તો એનું સુગમપણું થાય.

કાંઈ '**લખ્યે સ્વાદરૂપ ન થાય.**' ઓળખવાથી અનુભવ થશે, ઓળખવાથી એનો આસ્વાદ આવશે, પણ ખાલી લખવાથી અથવા કહેવાથી, બોલવાથી એનો સ્વાદ નહિ આવે. બેય અહીંયાં લેવું. લખ્યે સ્વાદ ન આવે, આસ્વાદરૂપ અનુભવ ન આવે, પણ વિકલ્પ કરવાથી પણ એનો આસ્વાદરૂપ અનુભવ ન આવે. અમે તો એકલી આત્માની જ વાતો કરીએ. વાતો કરવાથી કાંઈ અનુભવ થાય ? અથવા અમે એનો જ વિચાર કરીએ. એના સિવાય બીજા વિકલ્પ અમારે કરવા નથી. કહે છે કે ત્યાં સુધી તો એનો આસ્વાદ અથવા અનુભવ નથી. લખ્યે એટલે લખવાથી, બોલવાથી બધા પદ લઈ લેવા. વિકલ્પથી પણ એ આસ્વાદરૂપ ન થાય. જ્ઞાનમાં સીધું ઓળખે. વિકલ્પની આડ વિના સીધું જ્ઞાનમાં (ઓળખે). વિકલ્પની આડ વિના સીધેસીધું જ્ઞાનમાં ઓળખે તો અનુભવરૂપ થાય અને નહિતર અનુભવરૂપ થાય નહિ.

મુમુક્ષુ :- રુચિ છે એ ઓળખાણ થયા પછી થાય કે એ પહેલા પણ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ખરી રુચિ તો ઓળખાણ થયા પછી થાય છે. ખરી રુચિ તો ઓળખાણ થયા પછી થાય છે. પણ એ પહેલા અવગુણ ન રુચતા હોય, દોષ ન રુચતા હોય. એના પરિણામમાં નાસ્તિનો વિષય ઊભો છે ને ? દોષ ઊભા છે, અવગુણ છે. અનેક પ્રકારના રાગાદિ ભાવ છે. એ એને ન રુચતા હોય અને આત્મકાર્ય કરવું છે એવી એને

કાંઈક ભાવના વિશેષ હોય તો એવું કહેવાય ખરું કે આ જીવ રુચિવાળો છે. એમ કહેવાય. પણ ખરેખર રુચિ તો ઓળખાણ થયા પછી છે. ગુણ નિધાન આત્મા છે એ ગુણના નિધાનને, ગુણ સ્વરૂપને ઓળખવામાં આવે તો એને એની રુચિ અનન્ય પ્રગટે. એ પહેલા ગુણને ઓળખ્યા વિના અવ્યક્તપણે એને દોષ જોતા નથી, દોષ જોઈએ નહિ, એવો જે પ્રકાર છે એને પણ અવ્યક્ત રુચિ છે એમ કહેવાય છે. પણ એ ખરી રુચિ નથી. એ ખરી રુચિ નથી. ઓળખાણથી રુચિ થાય એ રુચિ સાચી.

**'ઓળખ્યે સુગમ થાય,...'** ઓળખાણ થતાં એક તો પોતાની અનન્ય રુચિ પ્રગટે છે. અને બીજી મોટી વાત એ છે કે જેની ઓળખાણ થાય છે એ અનંત મહિમાવંત હોવાથી એનો મહિમા પણ કોઈ અપૂર્વ પ્રગટે છે. અને એ મહિમા પ્રગટે છે ત્યારે એને ચૈતન્યનો રસ, આત્માનો રસ અંદરમાં ઉત્પન્ન થાય અને પરિણતિ ચાલુ થાય. એ સ્થિતિમાં ભેદજ્ઞાન સરખું ચાલે. એ વિના ભેદજ્ઞાન સરખું થઈ શકે નહિ. કેમકે પરિણામમાં રાગ અને જ્ઞાન, સ્વભાવ અને વિભાવની ભિન્નતા એને સમજાતી નથી.

જે રાગનું જ્ઞાનમાં પ્રતિબિંબ પડી રહ્યું છે ત્યાં એ રાગ અને જ્ઞાન એકમેકપણે જોવામાં આવે છે. રાગને જોનાર જ્ઞાન રાગથી ભિન્ન છે એવો આંતરો ત્યાં પડતો નથી. કેમકે બે ભાવની ઓળખાણ જુદી જુદી નથી. સ્વભાવ શું અને વિભાવ શું એની એને ખબર નથી. તો એને ભેદ પાડવો, બે વચ્ચેનો ભેદ જોવો એ એનાથી બની શકતું નથી. પહેલામાં પહેલો એણે નિર્ણયની દિશામાં, ઓળખાણની દિશામાં પ્રયત્ન કરવો જોઈએ.

**'આત્મા સહિત વિશ્વ વ્યાખ્યેય,...'** છે. આત્મા અને બાકીના બીજા પદાર્થો, છએ દ્રવ્યો. એ આખું વિશ્વ થઈ ગયું. **'આત્મા સહિત વિશ્વ વ્યાખ્યેય,...'** છે એટલે કથન કરવા યોગ્ય છે, છએ દ્રવ્ય વ્યાખ્યાન કરવા યોગ્ય છે. **'આત્મા સહિત વિશ્વ વ્યાખ્યેય, વ્યાખ્યા વાણીની રચના,...'** અને જે વાણીની, શબ્દની રચના થાય છે એ વ્યાખ્યા છે. એનો વિષય શું ? કે વ્યાખ્યેય એવા છ દ્રવ્ય છે. આખું જગત. આત્મા પણ એ વ્યાખ્યેય છે-વ્યાખ્યાન કરવા યોગ્ય છે અને

છએ દ્રવ્યો વ્યાખ્યાન કરવા યોગ્ય છે. પોતાનો આત્મા અને બાકીના છ દ્રવ્ય. એ વ્યાખ્યેય છે, વ્યાખ્યાનને યોગ્ય છે. વ્યાખ્યાન છે તે વાણીની, શબ્દોની રચના છે. અને '**વ્યાખ્યાન કરનાર વ્યાખ્યાતા (છે.)**' એમાં વ્યાખ્યાનરૂપી જે કાર્ય થાય છે એમાં વ્યાખ્યાનકર્તા છે તે વ્યાખ્યાતા છે. તે સંયોગી પદાર્થ છે. કોઈપણ એક માણસ વ્યાખ્યાન કરે. એમાં જડ-પુદ્‌ગલનો સંયોગ છે. આત્માનો યોગ અને ઉપયોગ છે એમાં. મન, વચન, કાયાનો યોગ છે, ઉપયોગ છે અને એ શરીર સહિતની ક્રિયા છે અને એનાથી એને વ્યાખ્યાન કરનારો કહેવામાં આવે છે.

એકલો આત્મા શબ્દને ઉત્પન્ન કરતો નથી તેથી તે પણ વ્યાખ્યાન કરનારો નથી. એકલું મૃતક ક્લેવર હોય તોપણ તે વ્યાખ્યાન કરે એવું જોવામાં આવતું નથી. એટલે વ્યાખ્યાન કરનારો તે વ્યાખ્યાતા. એમ લીધું. ત્રણ વાત લીધી. વ્યાખ્યાન, વ્યાખ્યેય અને વ્યાખ્યાતા. છ દ્રવ્ય છે એ વ્યાખ્યાન કરવા યોગ્ય છે. મોહના વિકારથી છે એમ કહે છે. ઠીક ! એટલે કે અંતર્લીન થતા એ કાંઈ નથી. પોતાના સ્વરૂપમાં લીન થતા ન તો વ્યાખ્યેય ઉપરનું લક્ષ છે, ન તો વ્યાખ્યાન થાય છે અને ન તો વ્યાખ્યાતા વ્યાખ્યાનની પ્રવૃત્તિ કરે છે. કાંઈ વાત રહેતી નથી. 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર.' હવે વ્યાખ્યાનકારને પૂછો. વ્યાખ્યાતા હોય વ્યાખ્યાનકાર એને પૂછો કે આ વ્યાખ્યાન છે એ શું છે ? તો કહે, એ વ્યાખ્યાન છે એ મોહના વિકારથી છે. ઠીક !

મુમુક્ષુ :- આચાર્યો સૂત્રો લખે...

પૂજ્ય ભાઈશ્રી :- આચાર્યો સૂત્ર લખે છે તો એમ કહે છે, એટલો વિકલ્પ ઊપજે એટલો ચારિત્રમોહ છે. દિગંબર આચાર્ય સિવાય એ વાત નહિ મળે. સમજ્યા ? 'અષ્ટપાહુડ'માં ત્યાં સુધી લખ્યું છે કે સત્શાસ્ત્રની રચનાકાળે સત્‌ને સ્થાપવાનો જે ભાવ છે તે રાગ છે. અને આ સિવાય આમ સત્ છે અને બીજું કહે તે અસત્ છે, એ અસત્‌ને ઉથાપવાનો ભાવ તે દ્વેષ છે. ઠીક !

મુમુક્ષુ :- લખતા પણ જાય અને કહેતા પણ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- લખતા જાય છતાં સત્યને કહેતા જાય છે. એમાં મેં ભાવ કર્યો માટે મારો દોષ નહિ એ વાત ત્યાં નથી. એટલા નિષ્પક્ષ છે આચાર્યો. દર્શનમોહ ચાલ્યો ગયો છે ને ? તો દર્શનમોહ

ચાલ્યો જાય ત્યારે સમ્યગ્જ્ઞાન છે એ મધ્યસ્થ જ્ઞાન છે, નિષ્પક્ષ જ્ઞાન છે. ચારિત્રમાં પણ આંશિક સામ્યભાવ ઉત્પન્ન થયો છે, સમભાવ ઉત્પન્ન થયો છે એ નિષ્પક્ષપણું છે. એટલે એ સ્વ-પરના દોષ જેમ છે તેમ એના જ્ઞાનમાં આવે છે. જેને પોતાના દોષ સમજાય એને પણ બીજાના સ્થૂળ દોષો કેવા હોય તે ચેષ્ટા ઉપરથી સહેજે સમજવામાં આવી શકે છે. બાકી તો એ સિવાયના લોકો તો બધા વ્યાખ્યાન કરવાને ધર્મનું કાર્ય માને છે. શું માને છે ? કે જે લોકો વ્યાખ્યાન કરે છે, અમે પણ વ્યાખ્યાન કરીએ છીએ, અમે ધર્મની પ્રવૃત્તિ કરીએ છીએ, ધર્મકાર્ય કરીએ છીએ. બીજાને બોધ આપીએ છીએ, બીજાને બોધ પમાડીએ છીએ. ઠીક ! વાતમાં કાંઈ માલ નથી. બધું મોહના વિકારથી છે. ક્યાં મૂકી દીધું ?

મુમુક્ષુ :- માનવકલ્યાણ.

પૂજ્ય ભાઈશ્રી :- માનવકલ્યાણ. બહુ ગડબડ છે એમાં તો. એમાં તો ઘણી ગડબડ છે. એમાં તો મનુષ્યને જીવતા રાખવા, મનુષ્યની સાધન, સગવડ અને સુવિધાઓ સચવાય એના માટે બીજા પ્રાણીઓની હિંસા-અહિંસા સામું જોવામાં આવતું નથી. એ તો બહુ સંકુચિત વર્તુળની વાત છે. મનુષ્ય પૂરતો જ એ વિચાર કરે છે. બીજા પ્રાણીઓનો એ વિચાર કરતા નથી.

મનુષ્યોને મનુષ્ય પૂરતો સ્વાર્થ આવે ત્યારે એ બીજાને અન્યાય કરે. એ પાપબુદ્ધિ છે. શું છે ? બીજાની હિંસા-અહિંસામાં એ દુર્લક્ષ કરશે, ઉપેક્ષા કરશે, અવગણના કરશે. તો એ પાપબુદ્ધિ થઈ ગઈ. કહેવાય નામ બહુ રૂપાળુ આપે કે માનવકલ્યાણ. પણ પાપબુદ્ધિ છે. કેમકે એમાં મનુષ્ય પૂરતો સ્વાર્થ છે. જ્યાં જ્યાં સ્વાર્થ છે ત્યાં ત્યાં પાપબુદ્ધિ ઊભી થયા વિના રહેતી નથી. જેટલો સ્વાર્થ તીવ્ર, એટલું પાપ પણ તીવ્ર થાય.

મુમુક્ષુ :- કો'કનું ભલુ કરે...

પૂજ્ય ભાઈશ્રી :- કો'કનું ભલું કરે પણ બીજાનું નુકસાન કરીને ને ? બીજાને દુઃખ દઈને ને ? ક્યાંથી ભલું કરવું છે ? ભલું ક્યાંથી કરવું છે ? એમ કહેવું છે. કો'કનું લઈને કો'કનું દેવું એમાં તેં શું કર્યું ? શું કર્યું એણે ? આ તો પ્રવૃત્તિ કેવી છે ? મુનિઓને આ પ્રવૃત્તિ હોય છે. વ્યાખ્યાનની

પ્રવૃત્તિ તો મુનિને હોય છે. તો કહે છે, એ બધું મોહના વિકારથી છે. છદ્મસ્થને. ભગવાનને તો વ્યાખ્યાનની ઇચ્છા નથી. એ તો વાણી સ્વયં ઊપજે છે.

**'અનાદિની (ચાલી આવતી)...'** જુઓ ! આવી વાતો કેટલીક કેટલીક ગણતરી બહારની કરી નાખી છે. વ્યાખ્યાન, વ્યાખ્યાતા, વ્યાખ્યેય આ બધી વાત કરી પણ એ બધા ભેદો વિકલ્પ ઊપજે છે કે આ વ્યાખ્યાન કરનાર, આ વ્યાખ્યાન, આ વ્યાખ્યેય. એ વિકલ્પ ન જોઈએ, એમ કહેવું છે. વિકલ્પનો નિષેધ છે.

મુમુક્ષુ :- .. મોહ વિકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિકલ્પ ઊઠ્યો કે 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર' એકવાર 'ગુરુદેવે' કહ્યું હતું. આપણે સાથે હતા. આ બધું પ્રચાર ને પ્રસાર ને આ બધું જે છે એ સંસાર છે બધો. મોહ ન કીધો પણ સંસાર છે. રાગ આવે પણ આવે એને સમજવો તો જોઈશે ને કે એ ચીજ શું છે ? રાગના કાળમાં તને રાગ આવશે. સત્શાસ્ત્રની પ્રવૃત્તિ થાવ, સત્શાસ્ત્રનો પ્રચાર, પ્રસાર થાવ, તત્ત્વજ્ઞાનનો પ્રચાર, પ્રસાર થાવ પણ એ બધી એ મોક્ષની પ્રવૃત્તિ છે ? સંસારની પ્રવૃત્તિ છે. એ બધો સંસાર છે. જ્યાં સંસાર છે ત્યાં આત્મા નથી અને આત્મા છે ત્યાં સંસાર નથી. ત્યાં ક્યાંય આત્મા નથી. એટલે એ પ્રવૃત્તિનો રાગ આવે તોપણ તારા રાગને વિવેકરૂપી લગામમાં રાખજે. નહિતર રાગનો ઘોડો એવો દોડશે કે તને ઉથલાવીને હેઠો નાખશે. મર્યાદિત છે.

જો એને ખ્યાલ આવે કે આ પણ સંસાર છે તો રાગ થઈ જાય તો એનો નિષેધ આવે અને એની મર્યાદા થઈ જાય. નિષેધ આવે તો મર્યાદા થાય. પણ નિષેધ જ ન આવે, એકાંત કર્તવ્ય માને કે આ જ કરવા જેવું છે, આ જ સર્વસ્વ છે, એને એ વિષયની મર્યાદા રહેતી નથી.

**'અનાદિની (ચાલી આવતી) આત્માની આકુળતા તે એક વિશુદ્ધ બોધ કલા વડે મટે છે.'** વિશુદ્ધજ્ઞાન, શુદ્ધજ્ઞાન. **'અનાદિની (ચાલી આવતી) આત્માની આકુળતા...'** અનાદિથી આકુળ-વ્યાકુળ થઈ રહ્યો છે. મિથ્યાત્વદશામાં અનંતી આકુળતા અને દુઃખને ભોગવી રહ્યો છે. તે સર્વ પ્રકારની આકુળતા અને દુઃખને મટવાનું એક જ સાધન

છે કે પોતાના સ્વરૂપનું શુદ્ધ જ્ઞાન થાય, પોતાના સ્વરૂપનો બોધ થાય. જ્ઞાન સ્વરૂપ સન્મુખ થઈને સમ્યગ્જ્ઞાનની કળા પ્રગટ થાય. અથવા જ્ઞાન પોતાથી ભિન્ન તત્ત્વોને ભિન્નપણે જોવે એવી જ્ઞાનમાં ક્ષમતા આવે. એને બોધકળા કહેવામાં આવે છે. એ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

'**માટે સહજ બોધકલાનો નિરંતર અભ્યાસ કરો.**' માટે એવા સહજ જ્ઞાનનો, સહજ સમ્યગ્જ્ઞાનનો નિરંતર અભ્યાસ કરો. નિરંતર સમ્યગ્જ્ઞાનરૂપ પરિણમો. (આ) ભાવના છે. બીજી રીતે ન પરિણમો. અજ્ઞાનભાવે ન પરિણમો, આકુળતાએ દુઃખી થઈને ન પરિણમો. એક સહજ બોધકળાનો, સહજ સમ્યગ્જ્ઞાનનો સદાય પરિણમનરૂપ અભ્યાસ કરો. અભ્યાસ એટલે વારંવાર પરિણમવું. એને અભ્યાસ કહે છે. નિરંતર સતત પરિણમો. અને '**સ્વરૂપ-આનંદી થઈ ભવોદધિને તરો.**' અને સ્વરૂપનો આનંદ વેદીને, સ્વરૂપનો આનંદ અનુભવીને ભવરૂપી સમુદ્રને તરો, ભગસાગરને તરો. ઉદધિ એટલે સાગર-સમુદ્ર. '**સ્વરૂપ-આનંદી થઈ ભવોદધિને તરો.**' આ જ કર્તવ્ય છે. આ કર્તવ્ય છે. પેલું કર્તવ્ય નથી. વ્યાખ્યાન આદિ કર્તવ્ય નથી. આ કર્તવ્ય છે. સમ્યગ્જ્ઞાન કર્તવ્ય છે, સ્વરૂપનો આનંદ કર્તવ્ય છે. એમ લેવું છે.

'**નરભવ કાંઈ સદા તો રહે નહિ.**' આ મનુષ્યભવ કાંઈ શાશ્વત રહેવાનો નથી. ગમે ત્યારે ફૂ થઈ જશે. અત્યારના તો આયુષ્ય અલ્પ છે. પંદર-વીસ ટકા તો પચાસ થી સાંઈઠ ગાળામાં વિદાય લે છે. સાંઈઠથી સીત્તેરમાં લગભગ ચાલીસ ટકા માણસો વિદાય લેતા જોવામાં આવે છે. કેટલા થયા ? લગભગ પચાસ-પંચાવન ટકા. પચાસ ટકાથી વધુ માણસો તો સીત્તેર વર્ષ પૂરા કરતા નથી. એક તૃત્યાંશ ભાગ કરે, ત્રીસ ટકા, પાંત્રીસ ટકા રહે એમાંથી લગભગ ઓગણત્રીસ ટકા. એક ટકો બાદ રાખે. પણ આ તો સામાન્ય જેની સાથે વાતચીત, ચર્ચા, વાર્તા, આ વિષય ચર્ચાય છે એને પણ એટલું સમજવા જેવું છે કે પચાસથી એંશીમાં તો ગમે ત્યારે વાત પૂરી થવાની છે. એ કાંઈ સદા રહે એવી ચીજ નથી.

'**નરભવ કાંઈ સદા તો રહે નહિ. સાક્ષાત મોક્ષસાધનરૂપ જ્ઞાનકલા આ ભવ વિના અન્ય જગ્યાએ ઊપજતી નથી.**' કહેવું છે એ કે નરભવ

છે એ તો ટૂંકો કાળ છે અને એ ઉપરાંત કરી લેવા જેવી કોઈ તક હોય, Chance હોય તો આ નરભવમાં છે-મનુષ્યભવમાં છે. પછી તો એવું મોટું અંધારું છે કે ક્યાંય તને જ્ઞાનમાં આત્મકલ્યાણનો વિવેક ઊપજે એ વાત તો બહુ દુષ્કર છે, ઘણી અઘરી છે. અહીંયાં આટલી વિવેક કરવાની બુદ્ધિની થોડી સ્થિરતા છે તોપણ અહીંયાં અઘરું પડે છે તો બીજે ક્યાં વારો આવવાનો હતો ? બીજે તો ક્યાંય વારો આવશે નહિ.

અહીંયાં તો કેટલાક સાધનો સુલભ છે. ચાલો બાર મહિનાનું અનાજ તો ભરી રાખ્યું છે. એ તો ખરાબ થઈ જાય (એટલે એટલું ભરે છે). નહિતર તો કેટલું સંઘરે એનું કહેવું મુશ્કેલ છે. પણ તિર્યંચમાં એ પરિસ્થિતિ નથી. એને તો સવારે, સાંજે કોઈ Advance વ્યવસ્થા નથી કે બાર મહિનાનું અનાજ એણે સંગ્રહી રાખ્યું છે. એને ગોતવા નીકળવું પડે છે. કીડીને દરની બહાર નીકળવું પડે છે અને ઢોર જંગલમાં ચરવા જાય છે અને પશુ-પક્ષી સવાર પડે એટલે ઊડી ઊડીને માઈલો સુધી જાય છે. એને કોઈ ઘરમાં ઓરડો નથી અને કોઈ કોઠી નથી કે ડબા ભરે એવી પરિસ્થિતિ ત્યાં નથી. એટલે એને તો એ ચિંતા તો સવાર પડે અને એ પરિસ્થિતિ છે. બીજો એને વિચાર આવવો મુશ્કેલ છે. એની પરિસ્થિતિ એવી છે કે એને બીજો વિચાર આવવો મુશ્કેલ છે. ભૂખ અને તૃષા, ભૂખ અને તૃષા. એને (પાણી પીવા માટે) કાંઈ કોઈએ પરબ બાંધી રાખ્યું છે ? ચાલો, આ ગોળા ભરી રાખ્યા છે. એ એને શોધવાનું જ છે. એ પરિસ્થિતિમાં તો બીજી કોઈ વાત જ રહેતી નથી. દેહને પોષણ કેમ મળે ? આ પરિસ્થિતિ છે.

બહુભાગ તો મોટી તો તિર્યંચ ગતિ છે. નારકીમાં તો હેરાન-હેરાન છે. એનો કાંઈ પ્રશ્ન નથી. દેવલોકમાં પણ એટલો રાગનો ઉધામો, ધાઉધામો (છે). અત્યારે આ પૈસાવાળાને ધાઉધામા જોવાય છે એથી અનેકગણું પરિણામની અંદર એકલી બેચેની.. બેચેની.. બેચેની વધી જાય ત્યાં કે એનું માથું ઠેકાણું હોતું નથી. અહીંયાં જેમ લોકોનું માથું ઠેકાણે નથી. એથી વધારે ખરાબ પરિસ્થિતિ ત્યાં છે. એને આત્મકલ્યાણનું સૂઝવું બહુ દુષ્કર છે.

અહીંયાં મધ્યમ કોટીના સંયોગો છે. ન તીવ્ર રાગ, ન તીવ્ર દ્વેષ એવું કાંઈ ન થાય, પોતાના સ્વરૂપ કલ્યાણનો વિચાર કરી શકે. એવો

વધુમાં વધુ અવકાશ હોય તો મનુષ્યગતિમાં છે. એ વાત કહેવી છે.

મુમુક્ષુ :- મનુષ્યગતિમાં પણ 'ગુરુદેવ' જેવા સમર્થ મહાપુરુષ થયા.

પૂજ્ય ભાઈશ્રી :- આપણે સબ અવસર આ ચૂકા હૈ. એના જેવું છે. તીર્થંકર જેવા પુરુષ. જો એ જંગલમાં નિર્ગ્રંથ દશામાં હોત તો આટલો વાણીનો લાભ મળત કાંઈ ? અરિહંત અવસ્થામાં તો સીધી વાતચીતનો પ્રસંગ જ નથી. એના ટાઈમે વાણી નીકળે અને ટાઈમે છૂટે. અહીંયાં તો વર્ષો સુધી સીધેસીધો સંપર્ક. જે કાંઈ મુંઝવણ હોય એ સીધું પૂછી લવાની છૂટ. આટલી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ હોય તો એને જ્ઞાન પ્રગટી જ જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો પ્રગટી જાય છે.

મુમુક્ષુ :- અહીંયાં એમ લખ્યું છે કે અન્ય જગ્યાએ ઊપજતી નથી. એ મુનિદશાની અપેક્ષાએ લખ્યું હશે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જ્ઞાનકળા છે ને ? મોક્ષસાધનરૂપ જ્ઞાનકળા આ ભવ વિના અન્ય જગ્યાએ ઊપજતી નથી એટલે બહુભાગ, બહુ ભાગ એમ (હોય છે). તિર્યંચને કોને ઊપજે છે ? નારકીને કોને ઊપજે છે ? અને દેવમાં પણ કોને ઊપજે છે ? કે જેણે અહીંયાં કાંઈક આ દિશાનો પ્રયત્ન કરીને સંસ્કાર ઝીલ્યા છે એને. બાકી તો લગભગ તો બીજે Chance રહેતો નથી. એમ લેવું છે. એટલે બહુ અલ્પ સંખ્યામાં છે. બાકીની ત્રણ ગતિમાં એક તો સંખ્યા બહુ મોટી છે અને ત્યાં સમ્યક્ત્વ નવું ઊપજવામાં કો'ક કો'ક જીવને (થાય છે). અહીંયાં સંખ્યા ઓછી છે છતાં અહીંયાં પણ અનેક જીવો એના પ્રમાણ જુઓ, એનું પ્રમાણ કાઢવામાં આવે, Percentage કાઢવામાં આવે તો મનુષ્યભવ છે એ સૌથી વધારે મોક્ષના સાધનરૂપ ગતિ છે. અહીંયાં અવકાશ વધારે છે. બીજે એ જાતનો પરિણામમાં પણ અવકાશ નથી અને એ રીતે બીજા કાર્યો જલ્દી થતા નથી. એ તો શું કહેવું છે ? વાત, ચર્ચા, કથન તો ચાલે છે મનુષ્યની સાથે ને ? તો એને એમ કહે છે કે તું વાયદાનો વેપાર કરીશ નહિ.

(બીજી ગતિમાં સમ્યક્ત્વ) થાય છે ને ? બીજે થાય છે એ વાત તું ભૂલી જા. તું અહીંયાં અત્યારે કરવાની વાત કર. કોઈને અત્યારે લાભ

મળતો હોય તો કોઈ એમ કહે કે કાલ દેવા આવજે. ઘરાકને તો ઉઠવા દે નહિ. પ્રલોભન આપીને બેસાડી રાખે છે કે નહિ ? કાપડનો વેપાર હોય એને તો બધું સમજાય એવું છે. કાંઈક કાંઈક મગાવે. ઘરાક કેવડું છે એના ઉપર આધાર છે. પોતે બીડી ન પીતો હોય તો બીડી પીવડાવે છે કે નહિ ? તમે શું લેશો ? તમે શું લેશો ? ફલાણી સીગરેટ અમને ફાવે. ભાઈ ! લઈ આવી દે તું એને. એમ કહે. ઠીક ! અને કાં તો Advance વ્યવસ્થા રાખે. લાભનું કોઈને મોડું કરવું છે ?

જે એમ વિચાર કરે છે કે અહીંયાં નહિ તો કાંઈક બીજી ગતિમાં કરી લઈશું. એને એ લાભ સમજાણો નથી. એને લાભ છે એમ જ સમજાણું નથી. એટલે પછી એને ભ્રમણામાં ખ્યાલ જાય છે કે અહીંયાં નહિ તો બીજે થાય તો છે ને. ત્યાં કરી લેશું. તને તો ક્યાંય બીજે થવાનો હવે પ્રશ્ન રહેતો નથી. અહીંયાં થવાની જગ્યા હતી ત્યાં તેં એટલી હદે ઉપેક્ષા કરી છે કે હવે બીજે થવાનો વારો તારો તો આવે એવું છે નહિ.

**'તેથી વારંવાર કહેવામાં આવે છે કે નિજબોધકલાના બલ વડે...'** નિજ એટલે સ્વરૂપ, બોધ એટલે જ્ઞાન. સ્વરૂપજ્ઞાન, આત્મજ્ઞાનની કળા એટલે આવડત. આત્મજ્ઞાનની કળાના બળ વડે, સમ્યગ્જ્ઞાનની કળાના બળ વડે નિજ સ્વરૂપમાં નિરંતર રહો. વારંવાર એમ કહેવામાં આવે છે. શ્રીગુરુ વારંવાર એમ કહે છે કે તમે તો નિરંતર સ્વરૂપમાં જ રહો. શેના દ્વારા ? કે આત્મજ્ઞાન દ્વારા. સ્વરૂપમાં તો પોતે આત્મા છે પણ ભાવે બહાર જાય છે એને એમ કહે છે કે પોતે પોતામાં છે એમ પોતામાં સ્થિર ભાવે પોતાનો જ અનુભવ કરો.

**'નિજબોધકલાના બલ વડે નિજ સ્વરૂપમાં રહો. નિરંતર આ જ યત્ન કરો.'** અને સ્વરૂપમાં સ્થિર રહેવાનો જ પ્રયત્ન કરો. બીજો પ્રયત્ન કરો એમ ન કહ્યું. બીજા કાર્યો કરવા ક્યારે ? બીજા કાર્યો કરવા ક્યારે એમ નહિ. બીજા કાર્યો કરવામાંથી છૂટવું ક્યારે ? એમ વિચાર કર. એમાંથી છૂટવું ક્યારે એમ વિચાર કર. કરવું ક્યારે એ વિચાર છોડ. એમ કહે છે.

કાલે થોડી ચર્ચા થઈ હતી. જ્ઞાનીની દશાની ચર્ચા ચાલી હતી. રાગ થાય છે ને રાગ થાય છે. એનો એક બહુ સારો દૃષ્ટાંત છે. 'શ્રીમદ્જી'એ

એક પત્રમાં લીધો છે. મધદરિયે તોફાન હોય. તોફાન હોય અને જે એની જે એની નાવ હોય એ તોફાનમાં સપડાણી હોય, એને ખબર હોય કે આ પૂર્વ દિશામાં કિનારો છે માટે એ બાજુ જઈએ તો બચીએ. કિનારે ચાલ્યા જઈએ તો બચીએ. બાકી આ તોફાનમાં તો બચાય એવું નથી. તો એ નાવનો ચલાવનારો પૂર્વ દિશા બાજુ, કાંઠાની દિશા બાજુ પૂરી શક્તિથી નાવને ચલાવે કે ન ચલાવે ? ક્યાંક પવન અને તોફાન વધી જાય ને થોડોક પાછો પડે તો એ પાછો પડવા માટે પાછો પડે છે ? એનો પ્રયત્ન તો કાંઠા તરફ જવાનો જ હોય છે. પાછું તો પડી જવાય છે.

એમ પરિપૂર્ણ શુદ્ધતાનું જેનું ધ્યેય છે એનો પ્રયત્ન તો પૂર્ણ શુદ્ધતાનો જ ચાલે. છતાં રાગાદિ થાય એટલું અંદરમાં ભાવનું તોફાન છે એટલે એટલું અસ્થિરતાથી પાછું પડાય છે. બાકી એને પાછું પડવું છે અને રાગ કરવો છે એ વાત નથી. રાગ કરવો છે એ વાત નથી એનો પુરાવો શું ? કે એનો પુરાવો આ કે વ્યાખ્યાન કરવું એ મોહના વિકારથી છે એમ કહેતા જાય છે. ઠીક ! પુસ્તક લખતા જાય છે અને કહેતા જાય છે કે આ વ્યાખ્યા, વ્યાખ્યાતા, વ્યાખ્યાન એ બધું મોહના વિકારથી છે. ત્યાં ક્યાંય આત્મા નથી.

એટલે જ્ઞાનીનો રાગ છે એ એની અસ્થિરતાનો પ્રકાર આ રીતે છે કે રાગના તોફાનમાં એની શક્તિ બહાર જઈને પાછા પડવું પડે છે. એના પ્રયત્નથી રાગ કરે છે એમ નથી. પ્રયત્નથી તો એ શુદ્ધતા કરે છે, પ્રયત્નથી તો આત્મામાં સ્થિર રહેવાનો પ્રયત્ન કરે છે. પણ છતાં જેટલી અશક્તિ છે એટલો રાગ થઈ જાય છે. થઈ જાય છે બીજી વાત છે અને કરવા યોગ્ય છે એ તદ્દન બીજી વાત છે. બે વચ્ચે અભિપ્રાયનો મોટો ફેર છે. ઉત્તર-દક્ષિણનો ફેર છે.

**'નિજબોધકલાના બલ વડે નિજ સ્વરૂપમાં રહો. નિરંતર આ જ યત્ન કરો.'** આવો જ પ્રયત્ન કરો. **'આવું વારંવાર કહેવડાવવું તો બાળક પણ ન કરાવે, તમે (તો) અનંત જ્ઞાનના ધણી બની, એવી ભૂલ ધારો છો, તેથી ઘણું અચરજ આવે છે.'** આ તો શરમિંદા થવા જેવી વાત છે. આવું વારંવાર તો બાળકને પણ બે-ચાર વખત કહીએ ત્યાં એ કામ કરી લે છે, આજ્ઞા માની લ્યે છે. અને તમને તો કેટલી વાર કીધું. અનેકવાર કહીએ છીએ છતાં તમે આ કાર્ય કરતા નથી. આવું તો

બાળક પણ ન કરાવે. બાળકમાંથી પણ તમે ગયા એના જેવી વાત છે.

વળી તમે કેવા છો ? બાળક જેવા નથી પણ તમે તો અનંત જ્ઞાનના ધણી છો. તમારું સામર્થ્ય તો અનંત જ્ઞાન પ્રગટ થાય એવું સામર્થ્ય છે, અનંત પુરુષાર્થ પ્રગટ થાય એવું સામર્થ્ય છે. એટલું સામર્થ્ય હોવા છતાં તમે વારંવાર કહેવડાવો છો અને કાર્ય કરતા નથી. આ તો બહુ મોટી ભૂલ થાય છે. બહુ મોટી ભૂલ કરો છો, સામાન્ય ભૂલ નથી. મોટી ભૂલ છે. કેવી વાત લીધી છે !

કોઈ માણસ (પાસે) અબજોની દોલત હોય અને કાંઈ ન આપે તો એને માણસ એમ કહે કે જો આટલો પૈસો છે પણ ક્યાંક આપે છે ? જરાય કોઈને કાંઈ આપે છે ? એમ કરે. એમ તારી પાસે અનંતજ્ઞાન, અનંત પુરુષાર્થનું સામર્થ્ય છે અને પ્રથમ જઘન્યભાવે કામ કરવું એટલી ઉદારતા નહિ અંદર શક્તિ વાપરવાની ? મૂડી ન હોય, પૂંજી ન હોય એ તો ન આપે. પણ જેની પાસે અખૂટ દોલત છે એ કાંઈ ન આપે ત્યારે તો એ ઘણું વિચિત્ર લાગે છે. એના જેવી વાત છે.

**'તમે (તો) અનંતજ્ઞાનના ધણી બની, એવી ભૂલ ધારો છો,...'** અથવા અનંતજ્ઞાનના ધણી છો, અનંત સામર્થ્ય છે. અને તમારા સામર્થ્યને સ્વીકારવા તમારી શ્રદ્ધા તૈયાર નથી ? આ તે કેવી વાત છે ? તમારા જ સ્વરૂપને સ્વીકારવા તમે તૈયાર ન થાવ આ કેવી વાત છે ? એમ કહે છે. **'તેથી ઘણું અચરજ આવે છે. તે અચરજની વાત ન કરવી.'** એ બહુ લાંબી વાત કરવા જેવું નથી. થોડી કરે છો તોપણ. પણ **'તે અચરજની વાત ન કરવી. ચામડાં અને હાડકાંના જડ શરીરમાં સ્વપણું માન્યે મોટી હાનિ છે.'** તમે આત્મસ્વરૂપમાં તો સ્વપણું માનતા નથી અને હાડકાં-ચામડાનું આ માળખું છે, શરીર છે એમાં સ્વપણું માનો છો ! આ મોટું અચરજ છે પાછું. માણસ શું કહે છે ? કોઈ પોતાના છોકરાને ભૂખ્યો રાખે અને પાડોશીના છોકરાને સાટો આપો. સાટો એટલે ખાજલી. મીઠી ખાજલી કહે છે ને ? પોતાના છોકરાને ભૂખ્યો રાખે અને પાડોશીના છોકરાને જઈને મીઠાઈ દઈ આવે. કેવું વિચિત્ર લાગે ! પેલાને તો ભૂખ્યો પૂરી રાખે છે. માગે છે તો ઘરનો છોકરો છે ને દેતો નથી અને પાડોશીના છોકરાને કહે છે તું મીઠાઈ ખા. એમ આત્માને પોષણ આપતો નથી ને શરીરને પોષણ આપ્યા કરે છે.

આમ શરીરની બરાબર અનુકૂળતા રહેવી જોઈએ. બધી અનુકૂળતા શરીરની રહેવી જોઈએ. આત્માને ભૂખ્યો રાખે છે, પોષણ આપતો નથી અને શરીરના પોષણ માટેની પ્રવૃત્તિ (કરે છે). ચોવીસ કલાક એમાંથી નવરો થાતો નથી. અચરજની શું વાત કરવી એમ કહે છે. એક તો તું તને સ્વીકારતો નથી એટલું જ નહિ પણ આવી ઊંધી પ્રવૃત્તિ ચાલે છે, ઊલટી પ્રવૃત્તિ ચાલે છે.

કહે છે કે એ '**ચામડાં અને હાડકાંનાં જડ શરીરમાં સ્વપણું માન્યે મોટી હાનિ છે.**' ઘણું નુકસાન છે. એમાં પાછું નુકસાન થોડું નથી. અત્યારે તો દુઃખ અને પરંપરા દુઃખની એમાંથી ઊભી થશે. ચાર ગતિનું પરિભ્રમણ. તું ભાવે શરીરને વળગ્યો તો પછી એક પછી એક શરીર પણ તને થયા જ કરવાના. શરીરથી છૂટો થઈને તારો મોક્ષ થાશે નહિ.

'**પોતાના જ્ઞાનમાં સુખસમુદ્રને પામી અવિનાશી પુરીનો રાજા થાય છે.**' શું કહે છે ? કે આ બધી વિપરીત કરણી, વિપરીત પ્રવૃત્તિ છોડીને જો પોતાના જ્ઞાનમાં સુખ સમુદ્રને જોવે, પોતાની અંદર રહેલા પોતાના સુખસમુદ્રને જોવે એને પામ્યો એમ કહેવામાં આવે છે. સુખસમુદ્ર તો છે જ. પણ જોવે તો પામ્યો, નહિતર પામ્યો નહિ. એને પામ્યો એમ સીધું કીધું. મળી ગયો એને. ઊંધુ-ઊલટું કરે છે એ પણ સુખના અર્થે જ કરે છે ને ? હાડકાં-ચામડાંના શરીરમાં સ્વપણું માનીને લાલન-પાલન-પોષણ કરે છે એ પણ સુખને અર્થે કરે છે કે નહિ ? કહે છે કે એમ કરવાથી સુખ મળવાનું નથી. એથી સુખ થવાનું નથી. પણ અંદર જે સુખનો સમુદ્ર છે, એને જ્ઞાનમાં જોવે તો અવિનાશી પુરીનો રાજા થાય. તો પછી એના જન્મ-મરણ મટી જાય. અવિનાશી પુરીનો રાજા થવાનો અર્થ એ કે પછી એને શરીરના નાશરૂપ મૃત્યુ અને ભાવમાં પણ ભાવમરણરૂપ મૃત્યુ એ નાશ એને રહેતો નથી. એ પછી અવિનાશી થઈ ગયો.

'**પોતાના જ્ઞાનમાં સુખસમુદ્રને પામી અવિનાશી પૂરીનો રાજા થાય છે.**' પોતે અજરઅમર પદને પામે છે. '**અનંત ચૈતન્યશક્તિરૂપ રાજધાનીનો વિલાસી થાય છે.**' અને પોતાની જે અનંત ચૈતન્યશક્તિ છે તેને ભોગવે છે. એનો વિલાસી થાય છે એટલે એને ભોગવે છે. જેમ કોઈ રાજા રાજધાનીમાં બેઠો બેઠો પોતાના રાજને ભોગવે. રાજાનું

દૃષ્ટાંત એટલે આપે છે કે એ રાજા કોઈનો પરાધીન નથી. એમ આ ચૈતન્યશક્તિને ઓળખનાર પોતે પછી કોઈનો પરાધીન નથી. ચૈતન્યરાજા થઈ ગયો પોતે. **'અનંત ચૈતન્યશક્તિરૂપ રાજધાનીનો વિલાસી થાય છે.'**

**'પરમાં પોતાને માનીને તું એવી રીતે દુઃખ પામી રહ્યો છે કે જેમ મડદાને વસ્ત્ર-આભૂષણાદિ ચડાવી માને કે 'મેં પહેર્યાં છે.''** ઠીક ! થોડીક લે છે. અચરજની વાત છે ને એ થોડી લંબાવે છે. વચ્ચે એક વાત નાખી દીધી. પછી પાછી એ જ વાતની શરૂ કરે છે કે કેવી આશ્ચર્યકારક વાત છે કે **'પરમાં પોતાને માનીને તું એવી રીતે દુઃખ પામી રહ્યો છે કે જેમ મડદાને વસ્ત્ર-આભૂષણાદિ ચડાવી માને કે 'મેં પહેર્યાં છે.''** આ માણસ સારા સારા વસ્ત્રો પહેરે છે ને ? વેશ કાઢ્યો હોય એવી રીતે. જુદી જુદી જાતના Fashion ના, જુદી જુદી જાતના રંગબેરંગી પહેરે છે. ત્યારે એને એમ લાગે કે મેં કપડા પહેર્યા. મેં આવા સરસ કપડા પહેર્યા. તેં પહેર્યા કે મડદાએ પહેર્યા છે એ તો વિચાર કર. આત્મા વસ્ત્ર પહેરતો નથી.

કાલે પેપરમાં એક લેખ આવ્યો હતો. આત્મજ્ઞાન થયું, એક ભાઈને આત્મજ્ઞાન થયું. 'સુરત'ના સ્ટેશન ઉપર બેઠા બેઠા. એણે એની જીવનકથા લખી હતી. એટલી બધી બાલીશ વાતો લખી હતી. એને કપડાનો બહુ શોખ હતો. બીજે ક્યાંય એનું મન ન લાગે પણ કપડામાં તો એને કોલર આવો જોઈએ ને ટોપી આવી જોઈએ, કોટ આવો જોઈએ, ફલાણું આવું જોઈએ. ક્યાં આત્મજ્ઞાન અને ક્યાં આ બધી વાતો !

અહીં તો એ દૃષ્ટાંત આપ્યું છે કે જે એમ માને કે મેં સારા કપડાં પહેર્યાં એણે મડદાને કપડા પહેરાવીને એમ માન્યું છે કે મેં સારા કપડાં પહેર્યા. આના જેવી વાત છે. સારા કપડા પહેરે તો સારું લાગે કે ન લાગે ? એ સારું લાગે, જેવું લાગે એવું લાગે પણ એ તો તારી કલ્પના છે કે બીજું કાંઈ છે ? જો કલ્પના ન હોય તો એ સારું લાગે છે એ ચીજ શું કરવા બદલે છે માણસ ? ફેરફાર શું કરવા કરે છે ? જે સારું લાગે એ એનું એ જ રાખે પછી એમાં ફેરફાર ન કરે. પણ રંગ બદલી નાખે છે. અનેક પ્રકારે એમાં ફેરફાર કર્યા જ કરે છે.

**'તું જીવતાં, તેને જૂઠ જ પોતાના માને છે.'** તું તો જીવનવાળો છો. ચૈતન્યના જીવનવાળો છો. શરીરમાં કોઈ ચૈતન્યનું જીવન નથી. છતાં તેને જૂઠ જ (પોતાના માને છે). જે અજીવ છે, જડ છે એને પોતાનું માને છે. **'એ પ્રમાણે દેહ જડ છે.'** એ તો હજી દૃષ્ટાંત લીધું છે. જેમ કોઈ બીજા મડદાને વસ્ત્ર પહેરાવીને ખુશી થાય. ઘણામાં એવી વિધિ હોય છે. માણસનું મૃત્યુ થાય પછી કહે બહુ કિંમતી શાલ લાવો. શાલ ઓઢાડો એને. કિંમતી ! પણ હવે એને શું ? ગમે તે ઓઢાડો તો એને ખબર છે કાંઈ ? શું એનો અર્થ છે ? કિંમતી, વગર કિંમતીનો ત્યાં શું અર્થ છે ? એવું જ અહીંયાં છે એમ કહેવું છે. આ જડ શરીરને બહુ કિંમતી વસ્ત્ર જોઈએ. કિંમતી, ભારેમાં ભારે વસ્ત્ર હોય એ જોઈએ. તો એ શું છે ? એને ખબર છે કાંઈ ? એને તો કાંઈ ખબર નથી. જડ શરીરને કાંઈ ખબર નથી.

**'એ પ્રમાણે દેહ જડ છે. એના ભોગને તું પોતારૂપ માની જૂઠ જ જડની ક્રિયાને શા માટે પોતાની માને છે ?'** શરીરના અનેક પ્રકારના પંચેન્દ્રિયના વિષયો ભોગ અને ઉપભોગ. એને તું પોતારૂપ માનીને **'જૂઠ જ જડની ક્રિયાને શા માટે...'** આ મેં કર્યું, મેં ખાધું, હું ધરાણો, હું પુષ્ટ થયો એમ શા માટે તું માને છે ? **'જેમ સર્પ કોઈને કરડે, (અને) કોઈ બીજાને ઝેર ચડે તો અચરજ માનીએ છીએ...'** કો'કને સર્પ કરડે અને મરે કો'ક એવું બને ? એકને સર્પ કરડે અને બીજાને ઝેર ચડે ? કેવી રીતે બને ? **'(તેમ) જડ ખાય, પહેરે, સ્નાન, તેલમર્દન આદિ ક્રિયા કરે...'** આ શરીર છે એમાં જે ભાણામાં રોટલા પડ્યા હતા, થાળીમાં રોટલી, દાળ, ભાત, શાક પડ્યા હતા એ હોજરીમાં આવ્યા તો કહે મારામાં આવ્યા. તારામાં ક્યાં આવ્યા ? એ જડનો ફેરફાર જડમાં થયો કે ચેતનમાં થયો ? થયો જડમાં અને આ કહે છે કે મારામાં આવ્યા. મેં ખાધું. ક્યાંક જમવા જઈએ ને તો કો'ક આગ્રહ કરે ત્યારે એ પ્રશ્ન કરવો પડે છે કે આ વધારે ખાઈએ તો વધારે લાભ ખરો કે નહિ ? તમે વધારે પીરસો અને વધારે ખવડાવો તો વધારે ખાવાથી વધારે લાભ થાય કે ન થાય ?

મુમુક્ષુ :- પ્રેમથી આગ્રહ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ ખાવાથી લાભ થાય કે ન થાય ? સવાલ એ છે. શું લાભ થાય એનાથી ? એનો કાંઈ અર્થ નથી, એનો કાંઈ અર્થ નથી.

**'જે સર્પ કોઈને કરડે, (અને) કોઈ બીજાને ઝેર ચડે તો અચરજ માનીએ છીએ (તેમ) જડ ખાય,...'** તો મેં ખાધું એમ કહે છે. જડ પહેરે તો મેં પહેર્યું એમ કહે છે. શરીરનું સ્નાન થાય તો કહે મેં સ્નાન કર્યું. અને આ તેલ. તેલ ચોળે છે. તે દિવસે તેલમર્દનથી વધારે નહિ હોય. અત્યારે તો કેટલા સાધનો, પ્રસાધનો નીકળ્યા છે. સેંકડો જાતના. કહે છે કે એ બધું મેં કર્યું, મેં ભોગવ્યું એમ તું કહે છે અને એમ તું પરનો સ્વામી થયો. ત્યાં તું બીજાનો સ્વામી થયો. એ જડનો સ્વામી થયો.

**'પરનો સ્વામી પણ એવું તો માનતો નથી.'** પરનો સ્વામી એટલે આ રાજા, શેઠ છે. એમ કહે છે કે ને કે આ અમારા શેઠ છે, આ અમારા રાજા છે, અમારા ધણી છે. રાજાને શું કહે ? આ અમારા ધણી છે. પણ પરનો સ્વામી એમ તો માનતો નથી. તું તો એવું માને છે પાછો. પરનો સ્વામી થા છો પણ આ તો સાવ એના કરતા પણ વિચિત્ર માને છો. **'રાજા નોકરનો સ્વામી છે. (છતાં) તેના ધરાયાથી રાજા એમ કહેતો નથી કે 'હું ધરાયો છું''** નોકર ખાય અને રાજાનું પેટ ભરાય કે ન ભરાય ? ન ભરાય. એ એનો ધણી હોવા છતાં એમ નથી કહેતો કે એણે ખાધું એટલે બસ, હવે આવી ગયું મારે. એણે જમી લીધું ને, હવે મારે જમવાની જરૂર નથી. એમ કહેતો નથી. અહીં તો શરીરમાં રોટલા પડ્યા, હોજરીમાં રોટલા પડ્યા તો કહે મેં ખાધું. ક્યાંની વાત છે આ ? આટલી બધી વિચિત્ર વાત છે. આ તો વિસ્તાર કરે છે એમાં આટલા બધા ભેદથી વાત કરે છે એમાં શું લેવું છે ? કે દેહાત્મબુદ્ધિ કેવી રીતે કામ કરી રહી છે ? દેહમાં આત્મબુદ્ધિ છે એ કેવી રીતે કામ કરે છે ? કે નાનામાં નાની શરીરની ક્રિયા કરે તો જાણે મેં કર્યું, મેં ખાધું, મેં શ્વાસોશ્વાસ લીધા, મેં પાણી પીધું. આ પરિસ્થિતિ ઊભી થાય છે.

**'રાજા એમ કહેતો નથી કે 'હું ધરાયો છું' વળી તું દેખ, તારી આવી ચાલ તને જ દુઃખદાયક છે.'** આમ કહીને એમ કહેવું છે કે આ રીતે દેહાત્મબુદ્ધિએ જીવ પરિણમે છે એ જીવને વર્તમાન દુઃખનું કારણ

છે અને ભવિષ્યમાં પણ એ દુઃખનું જ કારણ છે. શરીરના ખાવા, પીવાના કાર્યો છે. અન્ય સંપ્રદાયમાં તો એ આત્માનું કાર્ય નથી એ વાત જ નથી. એ આત્માનું કાર્ય નહિ, એ વાત જ નથી. એ વચ્ચેનો ભેદ જ જોવામાં આવતો નથી. અને જૈન સંપ્રદાયમાં પણ તત્ત્વદૃષ્ટિ ન આવે તો જડતત્ત્વ અને ચેતનતત્ત્વનું જુદા જુદાપણું એને ન જણાય. તો કહે છે કે આ મેં ન ખાધું. ખાધું એ તો બરાબર નહિ. પણ આ ન ખાધું એ બરાબર. એટલો મેં ત્યાગ તો કર્યો કે ન કર્યો ? ત્યાગ કર્યો કે ન કર્યો ? પણ જડ શરીરમાં રોટલા આવ્યા અને જડ શરીરમાં રોટલા ન આવ્યા એમાં વચ્ચે તું ક્યાં આવ્યો ? એ કહે. જ્યારે રોટલા આવ્યા ત્યારે જો તું વચ્ચે આવી ગયો કે આ મેં ખાધું, તો જ્યારે એ રોટલા ન આવ્યા ત્યારે વચ્ચે તું આવ્યો કે આ મેં ન ખાધું. એ બંને એક જ વાત થઈ ગઈ. બીજી જુદી જુદી વાત રહેતી નથી.

એટલે જડની ક્રિયા અને ચૈતન્યની ક્રિયા જુદી પાડવાની વાત છે. એ વગર કોઈ રીતે પરદ્રવ્યનો સંયોગ છૂટીને અસંગ દશા દ્રવ્યે અને ભાવે ઉત્પન્ન થાય એવું કદિ બને નહિ. અને ત્યાં સુધી, જ્યાં સુધી જીવ જડને વળગે ત્યાં સુધી એનું દુઃખ મટે (એમ બને નહિ). જડને વળગ્યે દુઃખ છે. દુઃખ શેનાથી છે ? કે જડને વળગવાથી સુખ છે. સાધનસંપન્ન થયા પછી પણ દુઃખી કોણ છે ? વિચાર કરીએ તો. બહારમાં અનુકૂળતા થઈ ગઈ તો એનો રસ જેને ચડ્યો એ દુઃખી થાય છે. કેટલાય એવા સગાસંબંધીઓમાં દાખલા જોઈએ છીએ કે પહેલા દરિદ્રી હતા ત્યારે એટલા દુઃખી નહોતા જેટલા સંપન્ન થયા પછી દુઃખી છે. શું થયું ? ભાઈને તો ડાયાબીટીસ થઈ ગયો છે. ભાઈને તો કાં બીપી લો થઈ ગયું છે, કાં બીપી હાઈ થઈ ગયું છે અને ક્યારેક ક્યારેક એટેક પણ આવી જાય છે. હવે આટલી બધી અનુકૂળતા થઈ ગઈ. પહેલા એકદમ મજૂરી માંડ માંડ કરે ત્યારે કાંઈક ઠીક પડતું હતું. કાંઈક બે પાસા સરખા થતા હતા. હવે કાંઈ ચિંતા જ ન રહી. Bank balance બધી ચારે કોર પડી છે. એને કેમ ઠીક પડતું નથી ? કે એના પરિણામ બહુ વળગેલા રહે છે. શું થાય છે ? ડૉક્ટર એમ કહે કે જુઓ ભાઈ ! ચિંતા નહિ કરતા. તમારો રોગ એવો છે કે તમારે કાંઈ ચિંતા કરવી નહિ. કહે ના ના ડૉક્ટર સાહેબ હું ચિંતા કરતો જ નથી ને કાંઈ.

મારે શું ચિંતા કરવાની ? મારે તો બધું જ છે. પણ એ બધું છે એ જ તારી ચિંતા છે. મારે આ બધું છે એ જ તારી ચિંતા છે. એનું શું ? જીવને ત્યાં એટલો રસ વેદાય છે.

એટલા તીવ્ર રસથી એ પોતાપણું કરે છે. કાંઈ ક્રિયા કર્યા વિના, હોં ! પડ્યો પડ્યો. પલંગમાં ખાટલામાં પડ્યો પડ્યો એટલા તીવ્ર રસથી પરિણામ કરે છે કે એ જેટલો જડને વળગે છે એટલું પરિણામમાં દુઃખ ઉત્પન્ન થાય છે. ચૈતન્ય એનો ખેંચાય છે. જડરસમાં, જડબુદ્ધિએ એનું ચૈતન્યનું ખેંચાણ એ બાજુ થઈ જાય છે અને એ એના સુખને વીંખી નાખે છે. એના સુખને એ પીંખી નાખે છે અને એમાંથી દુઃખની ઉત્પત્તિ થાય છે.

અહીંયાં એ કહે છે કે '**દેખ, તારી આવી ચાલ તને જ દુઃખદાયક છે.**' આવા પરિણામની ચાલ, આ પ્રકારની ચાલ તને જ દુઃખનું કારણ છે એમાં બીજાને કાંઈ નુકસાન નથી.

જ્ઞાનીપુરુષની અંતરંગ દશા અલૌકિક હોય છે. મુમુક્ષુજીવને તે સમજાય અને ઓળખાય, તો તે પોતાનો પરમાર્થ - આત્માર્થ સાધી શકે છે. તેથી ઓળખાણ થવી તે પ્રયોજનભૂત છે.

જ્ઞાની અને મુમુક્ષુ બંન્નેને પૂર્વ પ્રારબ્ધકર્મનો ઉદય વર્તે છે, તેથી બાહ્ય દશામાં પ્રાયઃ સામ્ય છે - પરંતુ અંતરંગ દશામાં ફરક છે, તે ફરક સમજી - ઓળખી, અનુસરણ કરે તો, ભવ પાર થવાની કળા હાથમાં આવી જાય. - તેથી ઠામ ઠામ 'પ્રત્યક્ષ યોગનું મહત્વ અતીવ હિતકારી છે' - તેમ દર્શાવવામાં આવ્યું છે.

(અનુભવસંજીવની - ૭૩૬)

**તા. ૨૭-૧૧-૧૯૮૫, પાના નં. ૩૪, પ્રવચન નં. ૭૦**

કારતક સુદ પુનમ. 'વવાણિયા'માં 'શ્રીમદ્જી'નો જન્મ થયેલો. સૌરાષ્ટ્રમાં. 'ગુરુદેવ'ને છોડીએ તો ભૂતકાળના જ્ઞાનીઓમાં નજીકમાં નજીક સમય 'શ્રીમદ્જી'નો છે. છેલ્લા એકસો વર્ષમાં, છેલ્લી શતાબ્દીમાં 'શ્રીમદ્જી' એકમાત્ર છે. એમના સમયમાં જે કોઈ મુમુક્ષુ એમના સમાગમમાં આવ્યા, એ મુમુક્ષુઓની 'શ્રીમદ્જી' પ્રત્યેની ભક્તિ અસાધારણ હતી. ગૃહસ્થવેશમાં હોવા છતાં એમને દેવ તરીકે 'કૃપાળુદેવ' તરીકે સંબોધન કરતા. મુમુક્ષુ એમને 'કૃપાળુદેવ' એમ કહેતા. ગૃહસ્થવેશમાં હતા છતાં જે સર્વજ્ઞ ભગવાનને ઉપમા આપતા એવી ઉપમા મુમુક્ષુઓ એમને પત્રમાં સંબોધન કરતા. ગ્રંથમાં જે પત્રો છે એ તો 'શ્રીમદ્જી'ના પોતાના છે. પણ એમને જેમણે પત્રો લખ્યા હતા એ તો એકદમ ભક્તિથી ભરપૂર પત્રો છે. કેટલાક પત્રો જોયા. જોયા એ તો લગભગ અઢીસો-ત્રણસો પત્રોની નોટબુક હતી.

જેમ ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તરણતારણહાર કહેવાય છે, એમ જ પ્રત્યક્ષ જ્ઞાનીમાં તારણબુદ્ધિ આવે છે. મુમુક્ષુજીવને, પાત્ર જીવને બોધને યોગ્ય હોય એવા જીવને તારણબુદ્ધિ ઉત્પન્ન થાય છે. એની એ નિશાની છે. સૂચક પરિણામ છે. અત્યંત ભક્તિથી એમના સમાગમને વારંવાર ઇચ્છે છે. વારંવાર એમના સમાગમની ચાહના વ્યક્ત કરી છે. માત્ર ભક્તિને ઇચ્છી છે. કોઈએ જ્ઞાનની માગણી કરી છે એવી બહુ અલ્પ સંખ્યા છે. પ્રત્યક્ષ સમાગમમાં જ્ઞાનીની ભક્તિ ઇચ્છવી.

મુમુક્ષુ :- ભક્તિમાર્ગ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- ભક્તિમાર્ગ છે તો એમાં દૂષણ શું છે એ વિચારો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પોતે જ તત્ત્વસ્વરૂપ છે. જ્ઞાની પોતે જ તત્ત્વસ્વરૂપ છે. એ તત્ત્વ સામે રહે છે કે એક બાજુ રહી જાય છે ? કોઈને તત્ત્વના બહુમાન વિના તત્ત્વને પામવું છે ? કેવી રીતે થશે ?

બહારમાં તો જડની લાચારી કરે છે અને જડનું બહુમાન કરે છે. જેની પ્રાપ્તિ થઈ શકતી નથી એવા જે પરમાણુ, એનું બહુમાન કરે છે, એ એની ભક્તિ છે. અને એક બહુમાન કરતા તો જડબુદ્ધિ થાય છે. ચૈતન્યના બોધથી દૂર જાય છે.

જ્ઞાની તો સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ છે. એટલે એમાં તત્ત્વ નહિ રહેવાનો પ્રશ્ન જ નથી. તત્ત્વ અત્યંત સમક્ષ થતાં ભક્તિ ઊપજે છે. ખરેખર તો ભક્તિ ક્યારે ઊપજે છે ? ભક્તિ એટલે બહુમાન. એની નજીકતા થાય, એની સમીપતા થાય ત્યારે બહુમાન ઊપજે છે અને ત્યારે ભક્તિ ઊપજે છે. એમાં દૂર રહેવાનો તો પ્રશ્ન જ નથી.

શાસ્ત્રની વાતો કરે એટલે એ એ તત્ત્વજ્ઞાન છે ? એવું કાંઈ તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ નથી. શાસ્ત્રોમાંથી પ્રશ્નો કાઢે, શાસ્ત્રોની ચર્ચા કરે, શાસ્ત્રોનું વાંચન કરી નાખે માટે એ તત્ત્વજ્ઞાન થઈ ગયું એવું કાંઈ નથી. તત્ત્વજ્ઞાન તો સ્વતત્ત્વના મહિમાપૂર્વક ઉત્પન્ન થાય છે. તત્ત્વજ્ઞાનનો અર્થ જ એ છે કે સ્વતત્ત્વનું જ્ઞાન તે તત્ત્વજ્ઞાન. નહિતર તો જેને શાસ્ત્રજ્ઞાન ન હોય એવા સમ્યગ્દષ્ટિને તત્ત્વજ્ઞાનનો અભાવ કહેવો પડશે. જેને શાસ્ત્રજ્ઞાન ન હોય, એવા કોઈ સમ્યગ્દષ્ટિ હોય કે જેને શાસ્ત્રો વિષેનું જ્ઞાન ન હોય તો એ તત્ત્વજ્ઞાની નથી ને ? એ જ તત્ત્વજ્ઞાની છે. જેને સ્વતત્ત્વનું જ્ઞાન છે તે તત્ત્વજ્ઞાની અને ભલે હજારો શાસ્ત્રો કંઠસ્થ હોય તોપણ જેને સ્વતત્ત્વનું જ્ઞાન નથી તે બધા અજ્ઞાની. તત્ત્વજ્ઞાની નહિ પણ અજ્ઞાની છે. વિદ્વાન હોય, પંડિત હોય પણ બધા અજ્ઞાનીમાં જાય છે.

બહુ શાંત અને સૌમ્ય મુદ્રાધારી હતા. બહુ ગંભીર મુદ્રા હતી. બહુ નાની ઉંમરથી ગંભીર વિચારણા અને નાની ઉંમરમાં જ સ્વતત્ત્વની અનુભૂતિ કરી અને અલૌકિક દશાને પ્રાપ્ત કરી અને ઘણા મુમુક્ષુઓને એ સ્વતત્ત્વ સંબંધી ઊંડી ઊંડી વાતો તત્ત્વના સિદ્ધાંતોની, વીતરાગી સિદ્ધાંતોની ઘણી ઊંડી વાતો એમના પત્ર વ્યવહારમાં જોવામાં આવે છે.

મુમુક્ષુ :- નોટબુક હતી કે હસ્તલિખિત ?

પૂજ્ય ભાઈશ્રી :- નોટબુક હતી. લખેલી. ભાઈ 'મલાડ'વાળા છે ને ? એ આમ તો 'દેવલાલી' મળ્યા હતા. પણ એમ કહ્યું કે તમે 'મુંબઈ' આવો ત્યારે હું 'મુંબઈ'માં એક ભાઈ પાસે છે એ વાંચવા લાવી

આપીશ. એ લઈ આવ્યા હતા. વાંચવા. વાંચીને પાછી આપી દીધી હતી. વાંચવામાં તો બીજો કોઈ તત્ત્વનો વિષય બહુ ચર્ચેલો નહિ. કોઈએ ક્યારેક પ્રશ્ન કર્યો છે. બાકી બધાએ સત્સમાગમની માગણી કરી છે. કેમકે પત્રવ્યવહાર તો ત્યારે થાય છે કે પ્રત્યક્ષ સમાગમ નથી હોતો. એક ગામથી બીજે ગામ વચ્ચે પત્રવ્યવહારનો પ્રસંગ ઊભો થાય છે એટલે એમણે પ્રત્યક્ષ સમાગમની માગણી કરી છે. એક Paragraph તો વિશેષણનો લખે. સર્વજ્ઞને ઉપમા આપી એવી બધી ઉપમા આપી છે. એટલી ભક્તિથી પત્રો લખ્યા છે. લોકો અત્યારે વાંચે તો સહન જ ન કરી શકે. લોકોની સહનશક્તિ બહાર જાય. એટલી બધી ભક્તિથી એમને પત્રો લખ્યા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉંમરમાં તો ૩૪ વર્ષે દેહ છોડ્યો હતો. ૩૪ વર્ષ તો અત્યારે યુવાન અવસ્થા ગણાય છે. ૪૦-૪૫ વર્ષ સુધી તો અત્યારે યુવાન અવસ્થા ગણાય છે. એ યુવાન ખરેખર તો પુરુષાર્થમાં યુવાન હતા પણ જ્ઞાનમાં તો વૃદ્ધતા હતી, પ્રૌઢતા હતી. જેમ વૃદ્ધ માણસને દુનિયાદારીનો અનુભવ હોય છે અને તેથી યુવાન જેવા ઉછાછળા નથી હોતો પણ ઠરેલા હોય છે. એમ એ જ્ઞાનથી ઠરેલા હતા એમ કહેવું છે. એટલે અનુભવજ્ઞાન જેમનું પ્રસિદ્ધ હતું. અને વિશેષતા હતી. સારું એવું અનુભવનું જ્ઞાન સંપન્ન થયું હતું. 'રાજકોટ'માં દેહ છોડ્યો છે.

'વવાણિયા'માં જન્મ થયો. ચૈત્ર સુદ પાંચમ છે કે ચૈત્ર વદ પાંચમ છે ? જન્મ દિવસ કારતક સુદ પૂનમ છે. દેહાંત ચૈત્ર મહિનામાં છે. બક્ષી શેરી. 'રાજકોટ'માં બક્ષી શેરી છે ને ? ત્યાં. એ મકાને એકવાર જઈ આવ્યા છીએ. એવા મહાત્માઓ ભાગ્યે જ પૃથ્વી ઉપર હોય છે એવી એક ... છે. પોતે પોતાના માટે એ લખી ગયા છે. 'એક ભવતારી.' 'હવે એક જ દેહ ધરીને જાશું સ્વરૂપ સ્વદેશ.' હવે જે અમારું સ્વદેશ સિદ્ધાલય છે. સિદ્ધ અવસ્થા અને સિદ્ધાલય. અંતર બાહ્ય એક જ પ્રકાર. એક જ ભવમાં. હવે ભવભ્રમણની બધી મુસાફરી પૂરી થાય છે. નિર્મળ શ્રુતજ્ઞાનમાં પોતાના સંસાર પરિભ્રમણનો છેડો દેખાય જાય છે. વર્તમાન ચાલતા પુરુષાર્થના પરિણમનથી અને પોતાના સ્વસંવેદનજ્ઞાનથી ભવિષ્યની ખબર પડે છે.

મુમુક્ષુ :- દિગંબર શાસ્ત્રના અભ્યાની ખાસ ભલામણ કરી છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમણે સત્શાસ્ત્રોની જે યાદી લખી છે કે આ શાસ્ત્ર વાંચવા જોઈએ. ૧૮ શાસ્ત્રમાંથી ૧૭ દિગંબર શાસ્ત્રો છે. સંપ્રદાયમાં, દિગંબર સંપ્રદાયમાં એમનો જન્મ નહોતો. સ્થાનકવાસી સંપ્રદાયના કુળમાં જન્મેલા અને સ્થાનકવાસીમાં તો વૈષ્ણવોની સાથે પણ વૈવાહિક સંબંધ હોય છે એટલે એમના માતાજી હતા એ તો વૈષ્ણવ હતા. નાનપણમાં વૈષ્ણવની કંઠી બાંધેલી. વૈષ્ણવની કંઠી બાંધતા. તૂટી ગયા પછી ફરીને નથી બાંધી. વિચારણા નાનપણથી જ (ચાલી હતી). ત્યારપછી સ્થાનકવાસીના એટલે શ્વેતાંબર શાસ્ત્રોનું અધ્યયન થયેલું. કેટલાક વૈષ્ણવ શાસ્ત્રો પણ એમણે વાંચ્યા છે. બીજા પણ અન્ય ધર્મનું પણ ઓછાવત્તા પ્રમાણમાં એમને વાંચન હશે એવું લાગે છે.

'ગાંધીજી'એ જે પ્રશ્ન પૂછ્યા એમાં 'બાઈબલ' ઉપરના પ્રશ્નો પૂછ્યા છે, 'કુરાન' ઉપરના પ્રશ્નો પૂછ્યા છે, 'ગીતા' ઉપરના પ્રશ્નો પૂછ્યા છે, 'રામાયણ' અને 'મહાભારત' ઉપરના પ્રશ્નો પણ પૂછ્યા છે. એટલે એ પણ ઓછા વત્તા પ્રમાણમાં એમને વાંચન હશે. ક્ષયોપશમ તો બહુ તીવ્ર હતો. સ્મૃતિ બહુ તીવ્ર હતી. ક્ષયોપશમ ઘણો, બહુ શક્તિશાળી ક્ષયોપશમ જેને કહીએ એવો ક્ષયોપશમ હતો. પણ એ બધા કરતા આત્મજ્ઞાન હતું એ બહુ મોટી વાત છે. એ ઘણી મોટી વાત છે.

વર્તમાનમાં કોઈપણ પ્રત્યક્ષ સત્પુરુષના યોગ વિના, વર્તમાનમાં પ્રત્યક્ષ બોધ નથી સાંભળ્યો. ભૂતકાળમાં સમાગમ થયેલો છે પણ અત્યારે એમણે જે અંદરથી સંસ્કારની જાગૃતિથી જે અનુભૂતિ સુધી પહોંચ્યા એ બહુ મોટી વાત છે. સામાન્ય વાત નથી પણ એ બહુ મોટી વાત છે. કેમકે અંતર્મુખનો માર્ગ છે એ જગતનું બહુ ગુપ્ત રહસ્ય છે. એ ગુપ્ત તત્ત્વ છે. અનંત કાળથી કલ્યાણની ઇચ્છા કરવાવાળા આ જીવે એ માર્ગ મેળવ્યો નથી. બાકી બધું કર્યું છે. પણ અંતર્મુખ થયો નથી, અંતર્મુખ થઈ શક્યો નથી અને અંતર્મુખ કેમ થવું એની રીત એને આવડી નથી. એ રીત સુધી પહોંચ્યો નથી. અને એ વાણીગોચર નહિ હોવાથી અરૂપી પરિણામને તો કોઈ દેખાડી શકે એવું છે નહિ.

ચાલુ અધિકાર. 'અનુભવ પ્રકાશ' પાનું-૩૩. ૩૩ પાને નીચે

છેલ્લે. **'જે સુંદર વસ્તુ હોય તેને ઉપરથી (ઉપરથી જોઈને, ઉપરના દેખાવથી) અંગીકાર ન કરીએ.'** ઉપરથી એટલે માત્ર દેખાવ ઉપરથી એને અંગીકાર ન કરીએ. વિષય શું ચાલ્યો છે ? કે આ જીવને દેહાત્મબુદ્ધિ છે અને દેહ ઉપરનું, શરીર ઉપરનું એનું આકર્ષણ છે. એ શરીરની સુંદરતાને લઈને છે. પણ ખરેખર ઘૃણા ઉત્પન્ન થાય એવા અંદરમાં મળ, રુધિર અનેક પ્રકારે ઘૃણા ઉત્પન્ન થાય એવા દુર્ગંધ (યુક્ત) પદાર્થો, પરમાણુઓ ત્યાં દેહમાં રહેલા છે. તેથી ઉપર ઉપરની સુંદરતા જોઈને એ આકર્ષિત થવું અથવા એની ઉપાદેયબુદ્ધિ રહેવી, સુખબુદ્ધિ થવી એ કરવા યોગ્ય નથી.

**'દેહ અશુચિ, નવ દ્વારે સ્રવે છે.'** નવ ઠેકાણેથી એમાંથી અશુદ્ધ પદાર્થો, મલિન પદાર્થો વહે છે. તેથી એમાં પ્રીતિ કરવા લાયક કાંઈ નથી એમ કહેવું છે. પંડિત 'દૌલતરામજી'નું એક પદ ટાંક્યું છે. એના ટેકામાં.

'પલ રુધિર, રાધ, મલ થૈલી. કીકસ વસાદિતૈં મૈલી;
નવદ્વાર વહૈ ઘિનકારી, સ દેહ કરૈં કિમ યારી.'

જેમાં મળ છે, શ્લેષ્મ છે, કફ છે, રુધિર છે, માંસ છે. જેમ એ કોઈ થેલી ભરીને આપે તો માણસ ત્યાંથી દૂર જાય છે. અને એ કાંઈ અંદર છે અને બહાર નથી દેખાતું એવું કાંઈ નથી. નવ પ્રકારથી એનો બહાર સ્રાવ પણ જોવામાં આવે છે. એવા દેહમાં પ્રીતિપૂર્વક કેમ સંબંધ કરે છે ? યારી એટલે દોસ્તી. સંબંધ કરવો. પ્રીતિપૂર્વક કેમ સંબંધ કરે છો ? એવું એક પદ લીધું છે.

**'દેખતા જ ગ્લાનિ (ઊપજે છે), બહારમાં (તેનું) રૂપ દેખાય છે તો સુંદર, (પણ) અંદર ખરાબી પડી છે. તેની અંદર વિષ્ટા, મૂત્રની ખાણ (છે), (દેહ) નાશ ન પામતો હોય તો એ એવો હોવા છતાં પણ અંગીકાર કરીએ.'** આવો તો છે-ઘૃણાસ્પદ તો છે, છતાં પણ નાશવાન છે. એ એટલા માટે લે છે કે દેહનો સંબંધ જાણે છૂટવાનો જ નથી એવી વૃત્તિથી જીવ દેહાત્મબુદ્ધિએ પ્રવર્તે છે. જાણે કે પોતાના દેહનો નાશ જ થવાનો, વિયોગ જ થવાનો નથી. ઓચિંતો મોટો ખોટકો આવે ત્યારે એને સહેજ ખ્યાલ જાય છે કે ઓચિંતું થાય ખરું. થઈ શકે એવું છે ખરું. પછી માણસો એમ કહે છે કે ભાઈ ! આ તો એક Notice આવી છે. જરાક ચેતી જાવ તો સારું.

આમ તો વાળ ધોળા થાય ત્યારે એમ કહે છે કે હવે Notice આવી ગઈ આ, લખાણ આવી ગયું. લખાણ ધોળામાં કાળુ કરવામાં આવે છે. આ કાળામાં ધોળું લખાણ છે. બે પ્રકારે થાય ને ? એનો અર્થ શું છે ? કે પરમાણુઓ જે પલટતી ચીજ છે. ભલે શરીર તને એવું ને એવું દેખાય પણ એના ફેરફારફ પ્રતિ સમયે થઈ રહ્યા છે. અને એ ક્ષણિક વસ્તુ છે, નાશવંત વસ્તુ છે. નાશવંત વસ્તુમાં નિત્યતાનો વિશ્વાસ કરીને તું જે પ્રવર્તે છો એ વિશ્વાસનો વિશ્વાસઘાત ઊભો થશે ત્યારે તને આઘાત લાગ્યા વિના નહિ રહે. જેમ કોઈના ઉપર વિશ્વાસ મૂક્યો હોય એ વિશ્વાસઘાત કરે ત્યારે એકદમ આંચકો લાગે છે કે નહિ ?

એમ જીવ દેહમાં નિત્યતા કલ્પીને, નિત્યતા કલ્પે છે અને નિત્યતા કલ્પીને પ્રવર્તે છે એમાં એને અનિત્યપણું જ્યારે વાસ્તવિક ઊભું થાય અને પલટો ખાય છે ત્યારે એને એકદમ આઘાત લાગે છે. કેમકે એણે એ પરમાણુઓ ઉપર વિશ્વાસ મૂક્યો હતો કે આ મને સુખદાયક છે, સુખનું સ્થાન છે, સુખના કરનારા છે અને બસ, હવે આનાથી છૂટી જવાનું ? આ છૂટી જાય છે. જાણે પોતે પોતાનો નાશ અનુભવતો હોય એવો મૃત્યુવત્ અત્યંત અત્યંત દુઃખનો અનુભવ કરે છે. બહુભાગ જીવો તો બેશુદ્ધ દશા પામી જાય છે. સુધસાન ગુમાવી બેસે છે એટલા દુઃખમાં આવે છે.

કહે છે કે એક તો મળ મૂત્રની ખાણ છે અને વળી નાશકારી છે, ક્ષણિક છે. એવો હોય છતાં એ નાશ ન પામતો હોય અને તું એના ઉપર પ્રીતિ કર, વિશ્વાસ કર તો તો ઠીક છે. તને દુઃખ નહિ થાય. પણ આ તો વિશ્વાસનું સ્થાન નથી, વિશ્વાસ કરવા યોગ્ય નથી. એના ઉપર વિશ્વાસ કરીને બેઠો છો. દુઃખ થયા વિના રહેશે નહિ. આગળ એક પદ આવી ગયું ને ? રુચિથી જડ પદાર્થોને સેવે; પછી શરીર, ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના વિષયો, તેને સંસાર દુઃખ થાય જ થાય. ન થાય એવું બને નહિ. કેમકે એને જે પરમાણુ ઉપરની રુચિ થઈ, રુચિ ગઈ એના ઉપર ત્યાં જ એણે એ ઝેર ખાધું છે. ફળ તો પછી ભલે આવે. ઝેર તો એ વખતે જ એણે ખાઈ લીધું છે. એનો પ્રત્યાઘાત આવ્યા વિના રહેશે નહિ.

ક્યાં દોષ થાય છે એ ખબર પડતી નથી. જીવનું જ્ઞાન સ્થૂળ થઈ

ગયું છે. એટલે એને પરપદાર્થ પર રુચિ થાય છે, પ્રેમ અને રાગ થાય છે, ત્યાં એને શું નુકસાન થાય છે ? આત્માની શક્તિ કેટલી હણાય છે એનો એને ખ્યાલ રહેતો નથી. એ નુકસાન સમજાતું નથી. બહારમાં રૂપિયા કોઈ લઈ જાય તો એને નુકસાન સમજાય છે. પણ અંદરમાં આત્માને પરિણામથી નુકસાન થાય એ સમજાતું નથી. તેથી તીવ્ર રસે પ્રવર્તે છે.

**'નાશ પામવા છતાં પણ તમને દુઃખદાયી ન હોય તો એવાની (દેહની) સાથે તમે સ્નેહ કરો (પણ) જન્માદિ દુઃખ ભરો છો (વહોરો છો)...'** વળી એમ કહે છે કે ભલે નાશ થાય તો થાય. ભલે નાશ થાય. પણ અમને તો આ દેહાત્મબુદ્ધિ, દેહમાં આત્મબુદ્ધિ કરતા અમને સુખ છે. દેહનું લાલનપાલન કરતા અમને સુખ છે. તો કહે છે કે પણ એનાથી જન્મનું દુઃખ, અશાતાનું દુઃખ એ બધું દુઃખ તો ચાલુ જ છે. ખરેખર તો રોગનું ઘર તો શરીર છે. શરીર સિવાય ક્યાં રોગ થાય છે ? વેદનાની મૂર્તિ છે. અશાતા વેદનાની એ મૂર્તિ છે. એટલે નાશ પામવા છતાં પણ તમે એના ઉપર સ્નેહ કરો છો પણ સુખદાયી હોય તો સ્નેહ કરો. દુઃખદાયી છે ને કાં સ્નેહ કરો ? ત્રણ વાત લીધી. એક તો મળ મૂત્રની ખાણ હોવાથી ઘૃણાસ્પદ છે, બીજું, નાશવંત છે અને ત્રીજું, દુઃખનું સ્થાનક છે. સુખનું સ્થાનક નથી પણ દુઃખનું સ્થાનક છે. ઘડીક આ પ્રકારનું દુઃખ ઊભું થાય અને ઘડીક આ પ્રકારના રોગથી દુઃખ ઊભું થાય. એના નિમિત્તે દુઃખ જ થાય છે. બીજું કાંઈ થતું નથી.

**'જન્માદિ...'** જન્મ, રોગ, મરણ, વૃદ્ધાવસ્થા એ બધા પ્રકાર લઈ લેવા. અનેક પ્રકારના દુઃખને તો દેહના માધ્યમથી જ અનુભવ કરો છો. **'તમારી સાથે (એ) જન્માદિ અનાદિના લાગી આવ્યા છે.'** અનાદિથી આ દેહનો સંયોગ એક પછી એક (થાય છે). એક ગયો અને બીજો સંયોગ થયો, બીજો છૂટ્યો અને ત્રીજાનો સંયોગ થયો. એમ ને એમ ચાલુ ને ચાલુ છે. અનાદિથી એ તમારી સાથે ચાલ્યા આવ્યા છે. **'તમે મહાન પુરુષોના જેવી રીતિનો ભાવ કર્યો છે...'** આ તો એક વ્યંગ છે. કોઈ મહાપુરુષો તો એવા હોય કે જેનો સાથ લીધો હોય પછી એને ન છોડે. મહાપુરુષની એ નિશાની છે. જેને સાથે રાખ્યા હોય એને પછી ન છોડે. એ એક મોટાઈ છે. એ અમારી સાથે પહેલેથી છે. ભલે

એ એની સાથે ને સાથે રહ્યા. એમ કરીને એને ન છોડે. એ ઉદારતા હોય છે. એમ (અહીંયાં કહે છે), તમે કદાચ ઉદાર હશો.

‘‘**જે અમારી સાથે સંબંધ રાખે તેને ન છોડવા**’...’ અનાદિથી નવા નવા શરીરે અમારી સાથે સંબંધ રાખ્યો છે. પછી એ શરીરને સાચવવું જ જોઈએ ને, જાળવવું જ જોઈએ ને, પ્રીતિ કરવી જ જોઈએ. એને ન છોડવા જોઈએ નહિ. ‘**એમ તો તમે મહંત કહેવાશો નહિ.**’ એ સિદ્ધાંત તમે લાગુ કરવા જતા હો તો એ કાંઈ મોટાઈ અને મહંતપણાની નિશાની નથી. એ તો ખોટી ઓથ લેવા જેવી વાત છે એમ કહે છે. ‘**એમ તો તમે મહંત કહેવાશો નહિ. મહંત તો પાપને મટાડતાં જ થવાય.**’ મોટાઈ ક્યારે આવે ? પાપ છૂટે તો. પવિત્રતા પ્રગટે, આત્માની મહાનતા પ્રગટ થાય. મહાસ્વરૂપની, મહા ચૈતન્યસત્તા પ્રગટ થાય ત્યારે એની મહત્તા છે. અને એ પ્રગટ થાય ત્યારે નાસ્તિથી અનેક પ્રકારના રાગ-દ્વેષ-મોહ છૂટે છે, એ બધા પાપ છૂટે છે.

‘**મહંત તો પાપને મટાડતાં જ થવાય. એ તો (દેહ તો) પાપનું રૂપ છે.**’ દેહ તો પાપનું રૂપ છે. ક્યા ફળથી દેહ મળ્યો, એમ કહે છે. એ પાપના ફળમાં મળ્યો છે. પુણ્યના ફળમાં નહિ. પરમાર્થે તો પુણ્ય પણ પાપ જ છે આમ તો. દેવ અને મનુષ્ય ભવ પુણ્યનું ફળ કહેવાય છે. પણ અહીંયાં એમ કહે છે કે એ તો પાપના ફળમાં મળેલો છે. દેહ તો પાપનું રૂપ છે. દેહ પોતે જ પાપનું સ્વરૂપ છે, એમ કહે છે. એની સાથે પ્રીતિ કર્યે પાપભાવ ઉત્પન્ન થાય છે. દેહમાં પોતાપણું કર્યું એ પાપભાવ થયો. દેહને પોષણ કરવાના પરિણામ થયા એ બધા પાપભાવ થયા. એમ. એ પાપનું રૂપ છે. જેના નિમિત્તે પાપ થાય એને પાપ કહે છે. પૈસો પાપ છે એમ નથી માણસ કહેતા ? પૈસો તો જડ પરમાણુ છે. પાપ પણ નથી અને પુણ્ય નથી. દેહ પણ જડ પરમાણુ છે. પાપ પણ નથી અને પુણ્ય પણ નથી. પણ જેના નિમિત્તે પાપ જ થાય એને પાપ કહેવામાં આવે છે.

જગતમાં જગતના જીવો જેના નિમિત્તે માત્ર પાપ જ કરી રહ્યા છે તેથી એને પાપ કહેવામાં આવે છે. પૈસા મેળવવાની વૃત્તિ પાપ છે એમ દેહાત્મબુદ્ધિ પાપ છે. દેહના આહાર-પાણી, આ, તે, પાલનપોષણ કરવું એ બધા પાપભાવ છે, અશુભભાવ છે. આહાર લેવાનો ભાવ

અશુભભાવ છે. મુનિરાજની વાત જુદી છે. બાકી બધે અશુભપણું છે.

**'એ તો (દેહ તો) પાપનું રૂપ છે.'** પાપ સ્થાનક છે એમ. પાપાયતન છે, અશુભાયતન છે. શુભાયતન નથી પણ અશુભાયતન છે એમ કહેવું. **'માટે તમે સમજો, તમારા ધનને અંગીકાર કરો,...'** કયું ધન છે ? ગુણનું ધન છે. આત્મામાં જે ધન છે એ ગુણની સંપત્તિ છે. એને સમજો, એને અંગીકાર કરો. દેહ અને આત્માનો તફાવત સમજીને. સમજો એનો અર્થ એ છે. દેહ અને આત્મા વચ્ચેનો તફાવત સમજીને તમે તમારા ધનને અંગીકાર કરો. તમે તો આત્મા છો. આત્માના ગુણને પ્રગટ કરો, આત્માના ગુણની ચાહના કરો, શરીરની ચાહના ન કરો. એમ કહેવું છે.

**'પારકું ધન જતું રહે છે,...'** આ તો પારકું છે. પારકી ચીજ છે. એ કાંઈ સદાય રહેવાની નથી. બીજાની ચીજ થોડીવાર માટે આવી હોય તો એ ઉછીની લીધેલી કહેવાય. અથવા એ સંયોગમાત્ર કહેવાય, મહેમાનદાખલ કહેવાય, પણ એ કાંઈ કાયમ રહેતી નથી. શરીર આવે છે, જાય છે. બીજાના દાખલા તો પ્રત્યક્ષ જોવામાં આવે છે. દેહાંત થાય છે એ તો પ્રત્યક્ષ જોવામાં આવે છે કે નહિ ? કોઈ Second એવી ખાલી નથી કે મનુષ્યની સંખ્યા છે એમાં પણ કોઈ Second ખાલી હોય કે જ્યાં કોઈ મનુષ્યનો દેહ ન છૂટતો હોય, એવી કોઈ Second ખાલી રહેતી નથી. આંકડો તો મોટો છે. એક Secondથી વધારે સંખ્યા છે.

**'પારકું ધન જતું રહે છે, તેને તમે ફરી ગ્રહો છો,...'** જે ચાલ્યું જાય છે છતાં એની પક્કડ તમારી છૂટી નથી એટલે ફરીને ગ્રહણ કરો છો. .. લ્યે તો એને ચોરી કહે અને ઉઘાડે છોગે લે તો એને લૂંટ કહેવામાં આવે છે. બીજાની ચીજ લઈ ગયા હોય તો શું કહે ? કાં ચોરી કરે છે અને કા લૂંટ કરે છે. તો રાજમાં પણ એનો કાયદો ઘડીને એનો ગુનો અને સજા નક્કી કરવામાં આવી છે. એ લૌકિક કાનુન ને લૌકિક કાયદા છે. આ કુદરતી કાનુન અને કુદરતી કાયદા છે. અથવા સર્વજ્ઞના જ્ઞાનમાં, વીતરાગના જ્ઞાનમાં આવેલા આ બધા વીતરાગી કાનુન છે. વીતરાગી કાયદા છે આ બધા. સર્વજ્ઞના જ્ઞાનથી (નક્કી થયેલા કાયદા છે). (દેહ છે તે) ચૈતન્યસ્વરૂપે નથી, તું જડ સ્વરૂપે નથી. છતાં એને

લેવા માટેના તારા પરિણામ છે અને એ પરમાણુને મેં ગ્રહણ કર્યા, મેં ખાધું, મેં પીધું, મેં આ ભોગવ્યું, એ બધા (ભાવ) ગુના છે. એ ખરેખર તો બીજા પદાર્થ ઉપરનો પોતાનો અધિકાર જમાવવાની વાત છે. પારકા ઉપર પરાણે અધિકાર જમાવવો છે. વસ્તુ વ્યવસ્થામાં એ બની શકતું નથી. તેથી જન્માદિ, જન્મ-મરણ આદિ દંડને ભોગવવા પડે છે, એમ કહેવું છે.

**'તેને તમે ફરી ગ્રહો છો, તેના દંડમાં ભવદુઃખ સહો છો...'** ભવભવાંતર થાય છે એ અન્ય પદાર્થનું ગ્રહણ કરવાના પુરુષાર્થના ફળમાં છે, ઊંધા પુરુષાર્થના ફળમાં છે. આખું જગત સંયોગ પાછળ પડ્યું છે. ઉકરડામાં રખડતું ભુંડ, ત્યાંથી માંડીને ચક્રવર્તી. 'શ્રીમદ્જી'એ તો બહુ નાની ઉંમરમાં આ વાત લખી છે. ભુંડથી માંડીને ચક્રવર્તી સુધીના બધા જીવો વધતા વૈભવના વ્યવસાયી છે. 'વ'નું Aletration કર્યું. બધાની સંયોગ પાછળ દોડ છે અને સંયોગ મેળવવા, સંયોગ વધારવા, સંયોગ જાળવવા, સંયોગથી સુખ, સંયોગના વિયોગથી દુઃખ, સંયોગથી સુખ આ એક જ ધૂન છે. એ જે પરપદાર્થની પક્કડવાળા પરિણામ છે એ જ ભવભ્રમણ અને ભવભ્રમણના દુઃખોનું કારણ છે. આમ સીધી વાત છે.

લોકો એમ કહે કે ફલાણા ભાઈએ પુરુષાર્થ કર્યો. કાંઈ નહોતું. બાવડાના બળે આટલી સંપત્તિ ઊભી કરી. આ બહુ આગળ વધી ગયા છે. હવે તો એ બહુ આગળ વધી ગયા છે. મોટી બહુ પેદાશ થઈ ગઈ એટલા બધા આગળ વધી ગયા. શેમાં આગળ વધી ગયા છે ? સંસારસાગરમાં ડૂબકા ખાવામાં આગળ વધી ગયા છે. આમ છે. ઊલટું છે. જગતની દૃષ્ટિથી, સંસારની દૃષ્ટિથી મોક્ષની દૃષ્ટિ ઊલટી સુલટી છે આખી.

**'તેના દંડમાં ભવદુઃખ સહો છો તોપણ પરને લેતાં લેતા (તમે) થાક્યા નથી...'** મૂળ તો જીવને અજ્ઞાન છે. જીવ એનાથી સુખ થવાનું માને છે. જે પરિણામથી એને દુઃખ થાય, વર્તમાનમાં પણ દુઃખ થાય અને ભવિષ્યમાં પણ દુઃખની પરંપરા સર્જાય એને જ એ સુખનું કારણ અજ્ઞાનથી માને છે. તેથી એની પાછળ દોડે છે. અહીંયાં કહે છે કે તમે એને લેતા લેતા થાક્યા નહિ. આટલું બધું દુઃખ સહન કર્યું તોપણ

થાક્યા નહિ. '**બહુ દુઃખી થવા છતાં પર ગ્રહણનું બાણ (લક્ષ, લાલસા, ટેવ) તમે છોડતાં નથી.**' બાણ એટલે લક્ષ, બાણ એટલે ટેવ, બાણ એટલે લાલસા અથવા વાસના. એને તમે છોડતા નથી.

'**બહુ દુઃખી થવા છતાં...**' ઘણા દુઃખી થયા. જન્મ જન્માંતરમાં જન્મ-મરણના, અશાતાના, અસમાધિના, મૂંઝવણના દુઃખ ભોગવી ભોગવીને આકુળતા ઘણી થઈ, ઘણા દુઃખી થયા છતાં તમે એ છોડતા નથી. આ ચિતાર છે. આખા જગતનો આ ચિતાર છે. '**શાહપદ તો પોતાના ધનથી પામશો.**' કહે છે ને ? ફલાણા ફલાણા શાહ. વાણિયામાં શાહની અટક હોય છે ને ? બાદશાહને શાહ કહેવાય છે. પાછળ શાહ લાગે છે. એ શાહપણું તો ક્યારે છે ? કે પારકું ન લઈ લે એને. બીજાનું લઈ લે એને શાહપણું છે ? ચોરને કોઈ એમ કહે ? સાહુકાર છે એમ કહે ? એક માણસ પોતાની જીભાન ન બદલે એને શાહસોદાગર કહે છે. એક જીભાનથી વાત કરી કે ભાઈ, અમારી આ વાત પાકી. તો કહે ભાઈ ! એની શાહ એવી છે, એની શાખ એવી છે. એમાં હવે ફેર પડશે નહિ. લાભ, નુકસાન ગમે તે થાય.

કહે છે કે બહુ દુઃખી થવા છતાં પણ તમે એને છોડતા નથી એ કાંઈ શાહપદ નથી. બીજાની ચીજ તમારે ચેતન થઈને જડને લઈ લેવું છે એ કાંઈ શાહપદ નથી. '**શાહપદ તો પોતાના ધનથી પામશો.**' પોતાનું ધન એટલે ગુણને પ્રગટ કરશો તો શાહપદ પામશો. બીજાનું ગ્રહણ કરવામાં તો અવગુણ છે. ગુણ નથી પણ અવગુણ છે. '**તેથી સ્વપરના વિવેકી બની આત્મધનને ગ્રહો,...**' તેથી સ્વપર વચ્ચેનો વિવેક ધારણ કરીને, પારકી ચીજ છે એ પોતાની નથી અને પારકી ચીજ પોતે ગ્રહણ કરવા જેવી પણ નથી. બેય વાત સાથે છે. પોતાની નથી એનું જ્ઞાન શા માટે કરવું ? આ જડ છે અને પર છે એમ પરને જાણવા પાછળ દૃષ્ટિકોણ શું છે ? કે પરને ગ્રહણ કરવાના દોષરૂપ પરિણામ છે એ ટાળવાનો એની પાછળ દૃષ્ટિકોણ હોવો જોઈએ.

'**તેથી સ્વપરના વિવેકી બની...**' અને વિવેકથી સ્વનું, આત્મધનનું ગ્રહણ કરો. અવિવેકથી (પરનું ગ્રહણ) ન કરો એનું નામ વિવેક છે. અને '**પરનું મમત્વ સ્વપનાંતરમાં ન કરો.**' જોયું ! જરા જોરથી વાત આવી છે. જાગતા તો પરનું ગ્રહણ કરવાનો પ્રશ્ન નથી પણ

સ્વપ્નમાં પણ પરનું ગ્રહણ કરો નહિ. એ એટલા માટે લીધું છે કે જે જીવને સ્વરૂપના ગ્રહણપૂર્વક ભેદજ્ઞાન થાય છે, સ્વ સ્વરૂપનું-નિજ સ્વરૂપનું ગુણથી અને વેદનથી સ્વપણે ગ્રહણ થાય છે, તેને પોતાનું વ્યાપવું પોતાના સ્વસ્વરૂપમાં જ અનુભવાય છે. પોતાની વ્યાપ્તિ, પોતાનું વ્યાપકપણું પોતાના સ્વપ્રદેશમાં અનુભવાય છે. એને તે જ ક્ષેત્રે રહેલા દેહમાં પણ પોતાનું સ્વપણું અનુભવાતું નથી અને વેદાતું નથી. બીજું તો બધું બહાર છે. ઘર, મકાન, પૈસા, દાગીના, કુટુંબ, પરિવાર, આબરૂ એ તો બહારની ચીજ છે. બહારની એટલે ભિન્ન ક્ષેત્રે એ પદાર્થો પડ્યા છે. પણ શરીર તો જ્યાં આત્માનું ક્ષેત્ર છે આકાશમાં ત્યાં જ શરીરનું ક્ષેત્ર છે. તોપણ જેને પોતાના વ્યાપ્યવ્યાપકપણું પોતાના જ્ઞાનમય આત્મામાં વેદનથી અનુભવાયું એને દેહમાં પણ સ્વપણાનું વેદન આવતું નથી. જાગતા તો નહિ પણ સ્વપનામાં પણ નહિ. એવી ભિન્નતા થાય છે.

મુમુક્ષુ :- એટલે જ જ્ઞાનીનો મહિમા બહુ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભિન્નતા એટલે કેવી એ લૌકિક ચીજથી બહારની વાત છે. કે દુનિયા આખીના (જીવો), જગતના જીવો દેહાત્મબુદ્ધિને વશ પડેલા છે. એક જીવ લાવો જગતમાં. એક સમ્યગ્દૃષ્ટિ એવા છે કે જેને દેહ હોવા છતાં દેહથી અંદરમાં ભિન્ન પડી ગયા. એના ઉપર 'યોગીન્દ્રદેવે' 'યોગીન્દ્રાચાર્યે' એમણે 'પરમાત્મપ્રકાશ'માં (પહેલા) ભાગમાં એ ગાથા લખી છે. ૬૮ ની ગાથા છે ને ? ત્યાં સર્વજ્ઞ પરમાત્માની, અરિહંત પરમાત્માની વાત લીધી છે. કે,

**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**
**जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।।६८।।**

ત્યાં એમ લીધું કે દેહમાં રહીને, સર્વજ્ઞ અરિહંત પરમાત્માને હજી દેહ છૂટ્યો નથી. આયુષ્ય છે ત્યાં સુધી દેહ છે, ત્યાં સુધી અરિહંત દશા છે, તો દેહમાં રહીને દેહથી ભિન્ન આત્મા એમણે જોઈ લીધો છે. દેહમાં રહીને દેહથી ભિન્ન આત્મા એમણે જોયો છે. તેથી એમણે એમ જોયું કે આ આત્મા જન્મતો નથી, આ આત્મા મરતો પણ નથી. આ તો પરમાર્થે નહિ જન્મતો અને નહિ મરતો શાશ્વત એવો પદાર્થ આત્મા છે. એમ દેહની હયાતીમાં, દેહના સંયોગના કાળમાં પણ દેહથી ભિન્ન જોઈ

લીધો છે. પ્રત્યક્ષ ત્યાં તો છે. ત્યાં તો આત્માના પ્રદેશો સીખે જ્ઞાનમાં જણાય છે. નીચે અનુભવમાં ચોથા ગુણસ્થાને પ્રદેશો ભલે પ્રત્યક્ષ ન જણાય પણ પોતાની ભિન્ન વ્યાપ્તિ, દેહથી ભિન્ન હું ચૈતન્યમાં વ્યાપ્યો છું એમ તો એને પ્રત્યક્ષ અનુભવમાં આવે છે.

આંધળો સાકર ખાય અને દેખતો સાકર ખાય. તો દેખતો તો સાકરનો રંગ રૂપ જોઈ અને સ્વાદ માણે. આંધળો એના રંગ રૂપને જોયા વિના સ્વાદને માણે. સ્વાદને માણવામાં તો કોઈને ફેર પડતો નથી. સાકર દેખતાને દેખાય એટલે એને વધુ ગળી લાગે, આંધળાને ન દેખાય એટલે ઓછી ગળી લાગે એવું કાંઈ બને છે ? એમ તો બનતું નથી. અહીંયાં દેહમાં રહીને દેહથી ભિન્ન પોતાના ચૈતન્યતત્ત્વને જેણે અનુભવી લીધું છે એને સ્વપનાંતરમાં પણ, એમ. બીજા જાગતામાં નહિ પણ બીજા સ્વપ્નની જે બીજી દશા છે, જાગવામાં તો પ્રશ્ન જ નથી એને, પણ સ્વપ્નની બીજી દશા છે એમાં એને એવું સ્વપનું પણ દેહાત્મબુદ્ધિનું ન આવે એમ કહેવું છે. ઠીક !

બહુ વિશિષ્ટ વાત એ છે કે જગતની અંદર જે સ્વપ્નની સ્થિતિ છે એ તો એક એવી દશા છે કે જેમાં નહિ બનવાયોગ્ય પણ બને છે. પોતે શ્રીમંત હોય અને ભીખ માગતો હોય એવું પણ એને સ્વપ્ન આવે. પેટ ભરીને સૂતો હોય છતાં એકદમ ભૂખ લાગી છે એવું પણ સપનું આવે કે ન આવે ? જીવતો હોય છતાં મૃત્યુ પામ્યો હોય એવું (સપનું આવે). (અહીંયાં તો સ્વરૂપની) શક્તિથી ઊભી થયેલી પર્યાય છે કે જેને સ્વપ્નમાં પણ અભેદ જ્ઞાન ન થાય, દેહાત્મબુદ્ધિ ન થાય, પરમાં સ્વપણાની બુદ્ધિ ન થાય. જાગતા તો થવાનો પ્રશ્ન નથી. એવી વાત લઈ લેવી છે.

**'સ્વપરના વિવેકી બની આત્મધનને ગ્રહો,...'** પરનું ગ્રહણ કરવાનું મમત્વ એટલે પરનું ગ્રહણ કરવાનો ભાવ તો સપનામાં પણ ન કરો. આ મેં ખાધું ને પીધું ને સુખી થયો, પરથી હું સુખી થયો એ વાત તો સ્વપ્નામાં પણ ન જોઈએ. જાગતા તો ન જોઈએ. સ્વપ્નામાં પણ ન જોઈએ. આ દશાને અલૌકિક ભેદજ્ઞાનની દશા કહેવામાં આવે છે. કેટલા પુરુષાર્થે એ પ્રાપ્ત થાય છે ! એ પુરુષાર્થે ચડે ત્યારે એને (ખબર પડે). માણસ નથી કહેતા કે વ્યાયામ શાળામાં આવે અને કસરત કરે

અને પસીનો ઉતરે ત્યારે ખબર પડે કે કસરત શું ચીજ છે. એવી આ સંસારનો નાશ કરવાની Exercise છે. ભેદજ્ઞાનની જે Practice છે, પ્રયોગ છે એ પ્રયોગશાળામાં જે જ્ઞાનની કસરત છે, જ્ઞાનનો વ્યાયામ છે એ સંસારને નાશ કરવાનો છે. એમાં જે શક્તિ કેળવાય છે એ શક્તિ એટલી બધી અસાધારણ છે, જેના એક ક્ષણમાં ભવભ્રમણની આખી Line છૂટી જાય, તૂટી જાય અને મોક્ષની દશા નજીકના ભવિષ્યમાં પાંગરે એવી અલૌકિક સ્થિતિ ઊભી થાય, એને સ્વપ્નાંતરમાં પણ દેહાત્મબુદ્ધિ થતી નથી. જાગતા તો ન થાય પણ સ્વપ્નમાં ન થાય. આમ લીધું છે.

**'તમારી પાસે અખંડ રત્નત્રયાદિ અનંતગુણનિધાન છે,...'** તમે કાંઈ દરિદ્રી નથી. દરિદ્રી હોય અને ભીખ માગે તો તો એમ કહે છે કે સંભવિત છે કે શું કરે બિચારો ? દરિદ્રી છે એટલે લાચાર થઈને ભીખ માગે છે. પણ તમારી પાસે તો દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ મહાન રત્નો જેવા અનંત અનંત ગુણના રત્નોનું નિધાન ભરેલું છે. ગુણનિધાનથી તમે એટલા ભરેલા છો કે તમારા ગુણનો છેડો નથી. ગુણ ગણતા... ગણતા... ગણતા... ગણતા.. હવે આ છેલ્લો ગુણ એમ ન આવે ક્યાંય. એનું નામ ગુણની અનંતતા છે. લાખ કરોડ, અબજ ઘણા ગુણ ગણ્યા. આટલા આટલા પૂરા થયા પછી આ ગુણ છેલ્લો, સંખ્યાએ છેલ્લો. આવે કે ન આવે ? કે એ ન આવે. એટલા અનંત ગુણ છે આત્મામાં. એવા ગુણના નિધાનથી તમે ભરેલા છો.

મુમુક્ષુ :- દેખાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- મોઢું ફેરવીને બેઠો છે એટલે દેખાતું નથી. મોઢું ફેરવી લીધું.

મુમુક્ષુ :- તો શું કરવું હવે આનું ?

પૂજ્ય ભાઈશ્રી :- મોઢું ફેરવવું. મુખ ફેરવવું. સન્મુખ થાવું. પોતાના સ્વરૂપની સન્મખ થાવું. ઊંધુ મોઢું રાખે તો ક્યાંથી દેખાય ? દેખાય નહિ. સીધી વાત છે.

**'તમારી પાસે અખંડ રત્નત્રયાદિ અનંતગુણનિધાન છે, (તમે) દરિદ્રી નથી, જે દરિદ્રી હોય તે એવા કામ કરે.'** દરિદ્રી હોય એ ભીખ માગે, લાચારી કરે, દીનતા કરે. તમે ચૈતન્યદેવ છો. 'જિન સોહી હૈ

આત્મા' 'ઘટ ઘટ અંતર જિન બસે' છે ને ? અંદર જિનેશ્વરદેવ પોતે બિરાજમાન છે. અને એ પછી પોતે ભીખ માગે, લાચારી કરે. જડ પાસે. એ પણ જડ પાસે વળી. પરમાણુ પાસે. જેને કાંઈ ખબર નથી. એની પાસે એ દીનતા કરે કે હે પરમાણુઓ ! હે પૈસાના પરમાણુઓ ! તમે મને સુખ આપો. ક્યાંથી આપશે ? એની પાસે છે નહિ કે આપે.

જીવ પોતાના ગુણનિધાનને ભૂલીને ભાવે દરિદ્રી થાય છે. દ્રવ્યે દરિદ્રી નથી છતાં ભાવે દરિદ્રી થાય છે. દરિદ્રતાનો ભાવ ધારણ કરીને દરિદ્રી થઈને ફરે છે. એને ઓળખાણ કરાવે છે કે, ભાઈ ! તું દરિદ્રી નથી. તારું નિધાન તારામાં ભરેલું છે.

મુમુક્ષુ :- કેટલો ઉપકાર 'ગુરુદેવ'નો આવું નિધાન બતાવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે જ ને. જેણે નિધાન બતાવ્યું એ તો એના ઉપકારની કોઈ સીમા હોતી નથી. એની કોઈ મર્યાદા કહે છે ? માણસ કહે છે ને કે, ભાઈ ! ભક્તિમાં મર્યાદા રાખો. પણ હવે ઉપકારની તો મર્યાદા નથી, ભક્તિમાં રહે કેવી રીતે ? જો તમે મને પાંચ પૈસા આપો તો હું તમને પાંચ પૈસા તમારા પાછા દઉં. પાંચ રૂપિયા આપો તો પાંચ રૂપિયા પાછા દઉં. સો રૂપિયા આપો તો વ્યાજ સીખે તમને એકસોને બે (આપું). બે ટકાનું વ્યાજ હોય એ એકસો ને બે પાછા આપો. પણ જેની અસીમ ઉપકારની મર્યાદા છે એના પ્રત્યેની ભક્તિની સીમા રહે એ વાત રહેતી નથી. કેટલો ઉપકાર ! અનંત ઉપકાર કહે છે કે નહિ ? એક કોરથી અનંત ઉપકાર કહે અને બીજી કોરથી એમ કહે નહિ હવે તમે એમાં આમ જરાક વધારે પડતું નહિ કરો એ વાતને કાંઈ મેળ ખાતો નથી. તો ઓલી વાત કહેવા પૂરતી છે. માત્ર એક શબ્દનો આડંબર કરવાની વાત છે. એમાં કાંઈ ભાવ હોતો નથી. એમ છે ખરેખર.

**'દરિદ્રી હોય તે એવા કામ કરે.'** એમ કહે છે. બાકી અખંડ રત્નત્રયાદિ અનંત ગુણનિધાન પોતાની પાસે છે. શ્રીગુરુ એને બતાવે છે. એ જોવું તો પોતાને છે. બતાવનાર કાંઈ એને જોઈ દેશે નહિ. જોવાનું તો પોતાને છે. પોતાના પુરુષાર્થથી પોતે જોવે. જોવે એને પ્રાપ્ત કર્યું એમ કહેવામાં આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. પ્રાપ્તની અનુભૂતિ છે એને પ્રાપ્તિ કહેવામાં આવે છે. (અહીં સુધી રાખીએ...)

**તા. ૨૯–૧૧–૧૯૮૫, પાના નં. ૩૪, ૩૫ પ્રવચન નં. ૭૧**

**'શ્રી ગુરુએ તમારું નિધાન તમને દર્શાવ્યું છે. હવે (તેને) સંભારી સુખી થાઓ.'** શું કહે છે ? આત્મજ્ઞાની છે એ આત્માનો બોધ આપે છે, આત્મા દર્શાવે છે. તેથી તેને ગુરુ કહીએ. 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય.' **'શ્રીગુરુએ તમારું નિધાન તમને દર્શાવ્યું છે.'** એટલે આત્મામાં ગુણનું સામર્થ્ય કેટલું છે, કેટલા અનંત ગુણો છે અને ગુણનું સામર્થ્ય, આત્માનું સામર્થ્ય કેટલું છે તે બતાવ્યું છે. (શ્રીગુરુને) અનુભવ વર્તે છે. તે ખરેખર દેખાડી શકે છે. તે તેમણે દર્શાવ્યું છે. તમે **'(તેને) સંભારી સુખી થાઓ.'** સંભારીને એટલે જ્ઞાનમાં લઈને. સંભારવાનો અર્થ એ છે. સંભારવું એટલે જ્ઞાનમાં લેવું. તમારા નિજપદને તમે જ્ઞાનમાં લ્યો અને તેનો જ્ઞાનમાં અનુભવ કરો અને સુખી થાવ. એ અનુભવથી તમે સુખી થાવ.

હવે જીવ ભૂલ્યો છે એની વાત કરે છે. **'જેમ કોઈ સ્ત્રીએ પોતાની પથારી ઉપર કાષ્ટની પૂતળીને શણગારીને સુવાડી, પતિ આવ્યો ત્યારે તેણે એમ જાણ્યું કે મારી સ્ત્રી સૂતી છે. (તેને) હેલો દીધો (સાદ પાડ્યો) પણ બોલી નહિ, ત્યારે પવનાદિથી સેવા ચાકરી આખી રાત કરી.'** એના સ્વાસ્થ્યની અસ્વસ્થતા જાણીને એ ભલે આરામ કરે. જવાબ ન દીધો તો કાંઈ નહિ, ભલે આરામ કરે. અથવા નિંદ્રામાં છે તો એને ખલેલ પાડવી નહિ. આરામની અંદર એને અસ્વસ્થતા વધે એવું કાંઈ ન કરવું એમ ગણીને એણે સેવા કરી. આખી રાત સેવા કરી.

**'પ્રભાત થયું ત્યારે જાણ્યું કે મેં જૂઠી જ સેવા કરી.'** જ્યારે એને ખ્યાલ આવ્યો કે આ તો પૂતળી છે, આ તો લાકડું છે, ત્યારે એને એમ લાગ્યું કે મેં તો આખી રાત ખાલી આ લાકડાને પવન નાખ્યા કર્યો. તો એને પોતાના વ્યર્થ પરિશ્રમનો ખ્યાલ આવ્યો. દૃષ્ટાંતમાં શું લેવું છે કે પોતાના વ્યર્થ પરિશ્રમનો એને ખ્યાલ આવ્યો કે મેં જૂઠી જ અથવા વ્યર્થ જ સેવા કરી.

**'એ પ્રમાણે,...'** હવે સિદ્ધાંત લે છે. કે **'દેહને સાચો પોતારૂપ (આત્મા) માની સેવે છે.'** દેહ જડ છે, અચેતન છે તેની ગમે તેટલી સેવા કરે તોપણ લાકડાની સેવા કરતા જે ફળ મળે અથવા વ્યર્થ પરિશ્રમ થાય તેવો જ વ્યર્થ પરિશ્રમ છે. તેનાથી આત્માને સુખ થાય કે આત્માને બીજો કોઈ લાભ થાય એ પરિસ્થિતિ નથી. અથવા એ દેહના પરમાણુ સ્વતંત્ર પરિણમે છે, સ્વતંત્રપણે જ્યાં પરિણમે છે, ત્યાં એ ગમે તેટલી એની સેવા કરે, એને ઠીક રાખે તોપણ એ પરિણમે એ રીતે જ પરિણમવાના છે. બહુભાગ તો દેહની વધુ કાળજી લેનારા વધારે અશાતામાં પડેલા જોવામાં આવે છે. જેટલી દેહની સંભાળ વિશેષ લે છે તેટલી વિશેષ અશાતા ભોગવતા પણ એ જોવામાં આવે છે. તેથી દેહની ચાકરી કરે માટે એને સુખ થાય એ તો વસ્તુસ્થિતિ નથી. ગમે તેટલી ચાકરી કરી હશે તોપણ તે વ્યર્થ જ જશે એમ લેવું છે. દૃષ્ટાંત અનુસાર તો એ વ્યર્થ જ જશે, તેથી કાંઈ સાર્થકપણું થશે એમ નથી.

**'દેહને સાચો પોતારૂપ (આત્મા) માની સેવે છે.'** અચેતનને સચેતન માનીને સેવે છે. **'જ્ઞાન થતાં એમ જાણે કે મેં અનાદિકાળથી દેહમાં પોતાપણું જૂઠ જ માન્યું.'** એ જૂઠ છે એવું જ્યારે લાગે ત્યારે એને જ્ઞાન થયું છે. નાસ્તિથી લીધું. જ્ઞાન તો જ્ઞાનના અનુભવથી જ્ઞાન થયું છે, આત્માના અનુભવથી જ્ઞાન થયું છે, આત્માના વેદનથી જ્ઞાન થયું છે. એ અસ્તિથી છે. પણ એવી અસ્તિમાં આ પ્રકારની નાસ્તિ ઊભી થયા વિના રહે નહિ કે દેહને આત્મા માન્યો હતો તે જૂઠ હતું. શરીર છે એ મારી બાજુમાં રહેલું એક ખોખું છે. અનંત પરમાણુનો બનેલો એ સ્કંધ છે. સ્વતંત્રપણે પરિણમે છે. હું જ્ઞાનમય જ્ઞાનપિંડ આત્મા છું. જાણનાર દેખનાર સિવાય મારું કોઈ કાર્ય નથી. અને અત્યાર સુધી જે દેહમાં દેહાત્મબુદ્ધિ, આત્મબુદ્ધિ-દેહમાં પોતાપણાનો ભાવ થતો હતો, પોતાપણું અનુભવાતું હતું એ ભૂલ હતી, એ જૂઠ હતું, એ સત્ય નહોતું. વસ્તુસ્થિતિ એમ નથી. એવું જ્યારે એને ભાસે ત્યારે એને ખરેખર આત્મજ્ઞાન થયું છે. ત્યાં સુધી એને જ્ઞાન થયું છે એમ કહેવાય નહિ.

**'જ્ઞાન થતાં એમ જાણે કે...'** એમ લીધું છે. એનું નામ જ્ઞાન થયું. **'કે મેં અનાદિકાળથી...'** દેહમાં અનાદિથી વર્તમાન સુધી, અત્યાર સુધી

**'દેહમાં પોતાપણું જૂઠ જ માન્યું છે.'** આ તો પુણ્ય અથવા પાપના પરિણામકાળે દેહની ક્રિયા થાય તો એ પણ મેં કરી એવું દઢ કરે એને દેહાત્મબુદ્ધિ છૂટવાનો તો પ્રશ્ન જ રહેતો નથી. જડમાં ચેતનની બુદ્ધિ એ મોટી ભૂલ છે અને એ મિથ્યાત્વનું સૌથી મોટું પાપ છે. પછી બીજા પાપ છે એ બધા એથી નાના નાના છે. નાના પાપથી ડરે અને મોટા પાપથી ન ડરે તો શું ગણવું ? બે-પાંચ રૂપિયાની ચોરી ન કરે પણ લાખો-હજારોની મોટી ધાડ મારે તો એ કાંઈ વિવેક કરે છે ? એ ખરેખર વિવેક કરતા નથી.

મુમુક્ષુ :- ધર્મને નામે પણ મિથ્યાત્વ જ દઢ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ બને છે. મિથ્યાત્વની પરિભાષા કેટલી કરી છે કે અધર્મમાં ધર્મબુદ્ધિ તે મિથ્યાત્વ છે. કુશાસ્ત્રમાં શાસ્ત્રબુદ્ધિ તે મિથ્યાત્વ છે. કુગુરુમાં ગુરુબુદ્ધિ તે મિથ્યાત્વ છે. કુદેવમાં દેવબુદ્ધિ તે મિથ્યાત્વ છે. એમ આવે છે કે નહિ ? થોકડામાં તો એ બધું આવે કે ન આવે ? તો અહીંયાં દેહમાં આત્મબુદ્ધિએ મિથ્યાત્વ જ છે. દેહ તે આત્મા નથી. દેહ જ્યારે આત્માના સંયોગમાં છે ત્યારે પણ એ આત્માનો થઈને રહ્યો નથી. આત્મારૂપ થઈને રહ્યો નથી. જડ જડપણે જ રહ્યો છે. પણ જીવ ભ્રાંતિથી એને પોતાપણું માનીને જૂઠથી જ એનું લાલન પાલન કરે છે.

મુમુક્ષુ :- શરીરથી જ બધી ... ઊભી થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા પછી તો બધી પરંપરા ચાલે. પછી તો શરીરને ટકવાના, નભવાના, સગવડતાના, અનુકૂળતાના, જાળવવાના, એ બધા પ્રકારની અંદર મમત્વ ઉત્પન્ન થયા વિના રહે નહિ. એ જૂઠ દેખાય, કલ્પના દેખાય. વાસ્તવિક આત્માનું જ્ઞાન થતાં એ કલ્પિત અને જૂઠ દેખાય.

ચોરને પોષણ આપો છો. ઘરમાં, દુકાનમાં કોઈ ચોરી કરતો હોય અને એના ઉપર વહાલપ કરે. આ Staff હોય છે ને ? એમાં કોઈ એવા માણસો હોય જે ચોરી કરતા હોય. એને જ પોષણ આપે, એનો પક્ષ કરે તો શું દશા થાય ? કે એ તો તને વધારે નુકસાન કરશે.

એમ જે ઇન્દ્રિયો દ્વારા ભોગઉપભોગને ભોગવતા તમે એમ માનો છો કે આ મને સુખ થાય છે, આનાથી હું સુખી છું, આ મને સુખના

કારણો છે. કહે છે કે એ તો તમારા ગુણનિધાનને ચોરે છે. એ તો ગુણને ચોરે છે. **'તમે પાંચ ઈન્દ્રોયરૂપી ચોરને પોષો છો, અને જાણો છો કે આ અમને સુખ આપે છે,...'** આ તો અમને સુખ દેનારા, અમારી અનુકૂળતાના દેનારા છે. કહે છે કે એ અનુકૂળતા લેવા જતા તો તમારા ગુણ ઘવાય છે, તમારા ગુણની અંદર હાની થાય છે. ગુણપરિણતિમાં નુકસાન થાય છે એની તો ખબર રહેતી નથી.

'શ્રીમદ્જી'એ તો સોળ વર્ષે એ વાત લખી છે કે 'સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો.' જે ઈન્દ્રિયોના ભોગ-ઉપભોગથી તમે સુખ લ્યો છો, ખરેખર તો એ વખતે તમે સુખને ટાળો છો. સુખ લેતા નથી પણ સુખને (ટાળો છો). પારમાર્થિક સુખ, આત્માના સુખથી દૂર જવાની વાત છે. અને આકુળતામાં પડો છો, આકુળતામાં હોમાય જાવ છો અને કલ્પના કરો છો એમાં સુખની.

**'અને જાણો છો કે આ અમને સુખ આપે છે, પણ એ અંતરના ગુણરત્નને ચોરી લે છે.'** ચોરી લે છે એટલા માટે કહ્યું કે ખબર પડતી નથી. ચોરી કરે એની ખબર ન પડે. છાનીમાની ચીજ લે છે ને ? એમ તમને ખબર પડતી નથી કે ચોરી થાય છે. તમારા ગુણરત્નની ચોરી થાય છે. થોડું નુકસાન નથી. તમારા રત્ન ચોરાય જાય છે. એમ કહે છે. કાંઈ કોઈ ઘરમાંથી સાવરણી લઈ ગયું એમ નથી. ઘરમાંથી રત્ન લઈ જાય અને સાવરણી લઈ જાય એમાં ફેર ખરો કે નહિ ? આ તો ગુણરત્નને ચોરી લ્યે છે.

**'એ અંતરના ગુણરત્નને ચોરી લે છે.'** એમ એનું જ્ઞાન કરે તો એને ભોગ-ઉપભોગ પ્રત્યે નીરસતા આવે. એ સાચી ત્યાગબુદ્ધિ છે. ભોગઉપભોગનો ધર્મના ક્ષેત્રમાં ત્યાગ કરવામાં આવે છે. લગભગ દરેક સંપ્રદાયની અંદર આ વિષય છે. તો એની પાછળ કયો દૃષ્ટિકોણ અપનાવ્યો છે એ વાત સ્પષ્ટ નથી. એ તો ગાડરિયો પ્રવાહ હોય અને ગાડરિયા પ્રવાહમાં જેમ એક કરતા હોય એ બીજું કરે, બીજા કરતા હોય એ ત્રીજા કરે, એમ આગળ આગળ એમ ને એમ ગતાનુગત એ ચાલ્યુ જાય રૂઢિ પ્રમાણે. અને એ કરે એટલે એ ધર્મ પામ્યો, ધર્મ પાળ્યો એમ ગણે. તો ખરેખર એને દૃષ્ટિકોણ નથી.

જે પરિણામથી, જે અત્યાગના પરિણામ છે, અત્યાગના પરિણામ

છે એટલે પરપદાર્થને ગ્રહવાના જે પરિણામ છે એ પરિણામથી આત્માનું ગુણરત્ન, આત્માનું ધન ચોરાય જાય છે. ગુણરૂપી ધન ચોરાય છે. એવો એને નુકસાનનો ખ્યાલ આવે તો અહીંયાંથી ખરેખર ભાવથી હટી શકે-અભિપ્રાયથી ખસી શકે. નહિતર એમ ને એમ ઓઘેઓઘે બધું થાય છે. એનાથી આત્માને લાભ થતો નથી.

મુમુક્ષુ :- ઓઘેઓઘે થાય અને જયજયકાર થાય પાછો.

પૂજ્ય ભાઈશ્રી :- જય જયકાર થાય એટલા માટે કરવું ને ? જય જયકાર કરાવવો છે ? શું ઈચ્છા છે ?

મુમુક્ષુ :- ધંધો કરવાવાળા જયજયકાર કરીને ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો એનું જોર છે. એ સમુહ વધે, કોઈપણ સમુહ વધે એટલે પછી એનું ચાલે. એ રીતે બધું ચાલે. શું થાય ? 'અંધો અંધ પલાય.'

મુમુક્ષુ :- આટલા વખત સુધી ચાલુ રહ્યું પણ કાંઈ ફેર પડ્યો એમ દેખાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો એનો પસ્તાવો કરવો જોઈએ. પોતે એનો પસ્તાવો કરવો જોઈએ. તો ફેર પડે. આટલા વર્ષથી આ વાત સાંભળવા છતાં જો ફેર ન પડે તો પોતાને એનું દુઃખ થવું જોઈએ. દુઃખ પણ ન થાય તો એનો કોઈ ઉપાય નથી. જો દુઃખ પણ ન થાય તો એનો કોઈ ઉપાય નથી. ખરેખર તો પ્રથમ જ એને ઘા પડવો જોઈએ. આટલા વર્ષ પછી નહિ, પણ શરૂઆતમાં જ એને ઘા પડવો જોઈએ. બહુભાગ તો એવું બને છે. પણ એ બીજાની સામે જોઈને વિચારવાનો વિષય નથી કે ફલાણા આવે છે એને કાંઈ ફેર ન પડ્યો, ફલાણા આવે છે એને કાંઈ ફેર ન પડ્યો. આ તો આવા ને આવા રહ્યા. આ તો આવા ને આવા રહ્યા. એ માટે એ વાત કરવા જેવી નથી. એમાં નુકસાન પોતાને છે. એને ફેર ન પડ્યો તો પોતાને ફેર પડ્યો કે નહિ, એ વાત તો પહેલા જોવાની છે. અને વાત પોતા માટે છે, વાત કોઈ બીજા માટે નથી. ખરી વાત તો એ છે.

**'હવે તમે જ્ઞાનખડગ સંભાળો, ચોરોને એવા રોકો કે ફરી બળ ન પકડે (જોર ન કરે).'** તમે જ્ઞાનરૂપી તલવાર સંભાળો. એમ કહે છે. શૂરવીરતા ગ્રહણ કરો, પુરુષાર્થને ઉપાડો, એમ કહેવું છે. **'ચોરોને એવા**

**રોકો કે ફરી બળ ન પકડે...**' કષાયની કેડ ભાંગે એવું કોઈ કામ કરો. જે પરપદાર્થના ગ્રહણના ભાવ છે એ તો કષાયથી મલિન થતા ભાવો છે. તો એના ઉપર એવો પ્રહાર કરો કે એ ફરીને ઊભા થાય નહિ. એમ લેવું. પુરુષાર્થથી જ્ઞાનખડગ સંભાળો. જ્ઞાનથી જુઓ કે એમાં નુકસાન કેટલું છે ! અને જ્ઞાનથી જુઓ કે આત્મામાં જતાં સમાધિનું સુખ કેવું છે ? પરિભ્રમણના દુઃખ કેવા છે અને મુક્તિનું સુખ કેવું છે, એની તુલના કરો. એની તુલના કરીને જ્ઞાનથી જ્ઞાનમાં સ્થિર રહીને બીજે પરિણામ જતા રોકો. એનું નામ જ્ઞાનખડગ સંભાળ્યું. પોતે જ્ઞાનમાં રહે, જ્ઞાનમયભાવમાં રહે તો પોતાના પરિણામ બહાર જાય નહિ. એ એણે જ્ઞાનખડગ સંભાળ્યું. અકષાયભાવમાં રહે તો સકષાયભાવ થાય નહિ. એ જ્ઞાનખડગ છે.

'**ચોરોને એવા રોકો કે ફરીને બળ ન પકડે (જોર ન કરે).**' આ ઇન્દ્રિયો બળ ન પકડે એમ કહે છે. ઇન્દ્રિય તરફના પરિણામમાં જોર ન રહે. એના નુકસાનનો ખ્યાલ આવતા જ તે પરિણામ બંધ થઈ જાય. '**વિષયકષાયને જીતીને નિજ રીતિના રાહમાં આવો,...**' જુઓ ! એ નિજ રીતિ છે. આત્મા જે જિનસ્વરૂપ છે તે વિષય કષાયને જીતનારો છે. એનો સ્વભાવ તો વિષય કષાયને જીતનારો છે. હારનારો એનો સ્વભાવ નથી. એ પોતાના સ્વભાવના સંભાળથી વિષય કષાયમાં ન જાય તો એણે વિષય કષાય ઉપર જીત મેળવી એમ કહેવામાં આવે છે. આ જિનપણું નામ જ જીતવા ઉપરથી છે. જીતે તે જૈન. વિષય કષાયને જીતે તે જૈન. એમ લીધું છે.

મુમુક્ષુ :- 'જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે...' એમાં શું કહેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં પણ એ જ કહેવું છે.

જ્ઞાનસ્વભાવથી ઇન્દ્રિયોને જીતવી એટલે અધિકપણે, પોતાનું જ્ઞાનસ્વભાવનું અધિકપણું લેતા, અધિકપણું, ભિન્નપણું, ઉપાદેયપણું બધું એકાર્થમાં છે, તેથી જ્ઞાનમાં રહેતા બહારમાં ઇન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયો પ્રત્યે પરિણામ ન જાય ત્યારે એણે ભગવાનની સ્તુતિ કરી એમ કહેવામાં આવે છે. ત્યાં પ્રશ્ન તો એ પૂછ્યો છે કે તીર્થંકરની સ્તુતિ કેવી હોય ? એ પ્રશ્ન કર્યો છે. તીર્થંકરની સ્તુતિ તો તીર્થંકરનું જેમાં વર્ણન આવે એવી તીર્થંકરની સ્તુતિ અમે તો સાંભળી છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે

કે અમારો જવાબ બીજો છે. બીજી જાતનો આ જવાબ છે.

હે તીર્થંકરદેવ ! આપના શરીરની કાંતિ દશે દિશાને ઉજ્વળ કરે છે. એવી સ્તુતિ તો સાંભળી છે. આપને અષ્ટ પ્રાતિહાર્ય છે અને ચોત્રીશ અતિશય વર્તે છે. એ સ્તુતિ તો અમે સાંભળી છે. પણ એ તો વ્યવહારસ્તુતિ છે. વ્યવહારસ્તુતિ છે એટલે એ ખરી સ્તુતિ નથી. કેમકે દેહાશ્રિત બધી વાત કરી, પુદ્‌ગલાશ્રિત વાત કરી એ બધી. તીર્થંકરદેવના આત્માની વાત એમાં ન આવી.

અહીંયાં એમ કહેવું છે કે 'જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે.' જ્ઞાનસ્વભાવથી ઇન્દ્રિયોને જીતે ત્યારે એણે તીર્થંકરની સ્તુતિ કરી એમ કીધું. આ ખરી સ્તુતિ, નિશ્ચયસ્તુતિ આ છે. આ સાચી સ્તુતિ છે. કેવો જવાબ આપ્યો છે ! પ્રશ્નનો ઉત્તર જ એવો આપ્યો છે કે નવાઈ લાગે કે આ પ્રશ્ન આવો કર્યો અને આવો જવાબ કેમ આપ્યો ? પણ એની પાછળ એટલો હેતુ છે કે લોકો નિશ્ચયને ભૂલી ગયા છે અને વ્યવહારને બહાને બીજા રવાડે ચડી ગયા છે. શાસનસ્તંભ જેવા હતા ને ? આચાર્યદેવ તો શાસનના સ્તંભ જેવા હતા. એટલે શાસનને લક્ષમાં રાખીને એ બધી વાત લખી છે. 'આનંદઘનજી'એ ગાયું છે કે નહિ ? 'માખણ થા સો વીરલા પાયા છાશે જગ ભરમાયા.' એ છાશ એટલે આ બધું. માખણ તો થોડું નીકળે. જેટલી છાશ નીકળે એટલું માખણ હોય ? બેય સરખું નીકળે ? છાશની મોટી ગોળી ભરી હોય અને માખણ અંદરથી કિલો-બે કિલો નીકળે. એ તો જેના હાથમાં આવ્યું એ માખણ ખાય. બાકી તો છાશ તો જેમ લોકોને મફતમાં આપી દે. એની કાંઈ કિંમત નથી. એમ બાકીના પરિણામની કોઈ કિંમત નથી.

મુમુક્ષુ :- 'ગગનમંડલમેં ગૌવા વિહાણી' ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ગગનમંડળ મેં ગૌવા વિહાણી, વસુધા દૂધ જમાયા, માખણ થા સો વીરલા છાશે જગ ભરમાયા. અબધુ નટ નાગરકી બાજી.' 'ગુરુદેવ' પ્રવચનમાં બહુ દોહરાવતા. 'ગુરુદેવ'ને આ બધા વિષયમાં રસ હતો. બહુ રસ હતો. લલકારીને પ્રવચનમાં કહેતા.

મુમુક્ષુ :- આ રીતની સ્તુતિ કરી તે અધ્યાત્મથી જવાબ આપ્યો એમ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અધ્યાત્મથી જવાબ આપ્યો. પ્રશ્ન એમ

લાગે કે આ તો વ્યવહારથી કોઈએ જવાબ માગ્યો છે. પણ જવાબ આપ્યો છે અધ્યાત્મના દૃષ્ટિકોણથી. આ ખરી સ્તુતિ છે. તીર્થંકર ભગવાનની આ સાચી સ્તુતિ છે. અને આ કરવા જેવું છે. ત્યાં જ્ઞેયજ્ઞાયક સંકરદોષ અને ભાવ્યભાવક સંકરદોષનો નાશ કરવાનો ઉત્તર આપ્યો છે. બેય રીતે વાત લીધી છે. જ્ઞાનમાં જ્ઞેય જણાય છે ત્યારે એમાં એકત્વ કરે છે તે જ્ઞેયજ્ઞાયક સંકરદોષ છે. અને ઇન્દ્રિયના વિષયોરૂપ ભોગ અને ઉપભોગરૂપ પદાર્થની અંદર પોતે ભોગવટાનો ભાવ કરે છે તે ભાવ્યભાવક સંકર દોષ છે. એમાં એકત્વ કરે છે. એ બંને પ્રકારના દોષથી મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર થાય છે-અધર્મ થાય છે. અને એ ધર્મથી વિરુદ્ધ વિરાધક ભાવ છે. એમ જાણીને છોડવા યોગ્ય છે.

**'વિષયકષાયને જીતીને નિજ રીતિના રાહમાં આવો,...'** રાહ એટલે રસ્તો. તમારું જેવું સ્વરૂપ છે એવી રીત પકડોને. એમ કહે છે. માણસ નથી કહેતા કે, તમારા કુટુંબમાં, તમારા ખાનદાનીમાં તો આવા વેપાર-ધંધા હતા જ નહિ. આ માણસ કરે છે કે નહિ ? બીડીના, તમાકુના, સિગારેટના, અભક્ષ્ય પદાર્થોના. પણ એ તમારી નિજ રીતિ નથી. એ નિજ રીતિ નથી. વિષય કષાયને જીતવું તે નિજ રીતિ છે. તમે જિનસ્વરૂપી છો, અકષાયસ્વરૂપી છો તો તમે તમારી નિજ રીતિમાં રહો ને. બીજી રીતિમાં કેમ જાવ છો ? એમ કહે છે.

**'અને તમે શિવપુરીમાં પહોંચી રાજ્ય કરો.'** તમે શિવપુરીમાં-મોક્ષપુરીમાં પહોંચીને તમારા સ્વરૂપનું રાજ્ય કરો. જેમ રાજ કરવામાં વસ્તી હોય છે, નગર હોય છે એમ બધુંય છે તમારે. એમ કહે છે. એ કહેવું છે. એમણે એક બીજો ગ્રંથ લખ્યો છે એમાં તો બહુ આવી વાતો લીધી છે. ભાવપ્રકાશ કે એવું કોઈ નામ છે પુસ્તકનું. **'તમે શિવપુરીમાં પહોંચી રાજ્ય કરો.'** 'ભાવદિપીકા' છે. 'ભાવદિપીકા' કરીને એમનો ગ્રંથ છે. 'દીપચંદજી' છે ને. 'ભાવદિપીકા'. 'ભાવદિપીકા'માં એવી વાતો બહુ લીધી છે. આત્મા વૈશ્ય છે એમ કરીને પછી વૈશ્ય શું શું કરે ? એમ આત્મા શું શું કરે ? આત્મા રાજા છે. આત્મા ક્ષત્રિય છે, આત્મા બ્રાહ્મણ છે, આત્મા શુદ્ર છે. બધાય બોલ ઉતાર્યા છે. આત્મા નટ છે. કેવો નટ છે ? કે નૃત્યુ કરે છે. નૃત્ય કરે છે તો કેવું નૃત્ય કરે છે ? એના

બોલ બધા ઉતાર્યા છે. એ નૃત્યની જે બધી ચેષ્ટાઓ હોય છે, નૃત્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર એના બધા બોલ ઉતાર્યા છે. પરિણતિના. એ રીતે ઘણી ઉપમાઓથી વાત કરી છે.

અહીંયાં ટૂંકામાં થોડી વાત લીધી છે કે '**તમે શિવપુરીમાં પહોંચી રાજ્ય કરો. તમે રાજા, દર્શનજ્ઞાન વજીર-રાજ્યના સ્થંભ,...**' છે. જ્ઞાન અને દર્શન છે, જેમ રાજાના મુખ્ય માણસને પ્રધાન કહેવામાં આવે છે. રાજા બેસે એની બે બાજુ બે મોટા પ્રધાન-મુખ્ય માણસ બેસે. એમ તમે જીવ રાજા છો અને દર્શનજ્ઞાન તમારા વજીર છે, તમારા પ્રધાન છે. રાજ્યના સ્થંભ છે. '**ગુણ એ વસ્તી,...**' છે. અનંત ગુણ છે. તમને કાંઈ ઓછી વસ્તી નથી. કોઈ કહે ને આ દેશ બહુ મોટી વસ્તીવાળો એટલે બહુ મોટો દેશ છે. ક્ષેત્રફળ મોટું હોય અને વસ્તી ઓછી હોય તો મોટો દેશ નથી કહેવાતો. ખરેખર તો પ્રદેશ તે દેશ છે. હજારો માઈલનું ક્ષેત્ર હોય અને અંદર બે-પાંચ હજાર માણસો રહેતા હોય તો એને મોટો દેશ ન કહેવાય. દેશ મોટો છે પણ માણસો ઓછા છે. એમાં કાંઈ નથી. તમારે તો અનંત ગુણની વસ્તી છે એમ કહે છે. બાકી તો સંખ્યા આવે બધે. લાખ, કરોડ, અબજની સંખ્યા આવે. આ તો અનંત ગુણની વસ્તી તમારે છે. એના ઉપર રાજ કરો તમે. એમ કહેવું છે. એવું આવે છે કે પણ એકલું-એકલું લાગે છે. પણ અંદર અનંત ગુણ છે. તું ક્યાં એકલો છો ? અંદરમાં, તારા ઘરમાં અનંત ગુણની વસ્તી છે, અનંત ગુણના નગરમાં તું નિવાસ કરે છો પછી એકલું ક્યાં રહ્યું ?

'**ગુણ એ વસ્તી, અનંત શક્તિરૂપ રાજધાનીનો વિલાસ કરો.**' અને પોતાની અનંત શક્તિને ભોગવો, અનંત સામર્થ્યનો અનુભવ કરો અને આનંદથી, સુખથી એમાં વિલાસ કરો. જેમ માણસને વૈભવ વિલાસમાં સુખ થાય છે, એમ આત્માના ગુણવૈભવના વિલાસમાં તમે આનંદથી, ચેનથી, સુખથી નિવાસ કરો.

મુમુક્ષુ :- જ્યાં અમારા બધા છે ત્યાં જવું છે, અહીંયાં અમારું કોઈ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- 'બહેનશ્રી'ઓ તો એ બધી બહુ મીઠી વાતો લખી છે એમણે તો. જ્યાં બધા અમારા જ છે, કોઈ પારકુ નથી. અનંત

ગુણનો જે અમારો દેશ ત્યાં અમે વસીએ છીએ, જ્યાં બધા અમારા જ છે. કોઈ પારકું નથી. અમે ત્યાંના રહેવાસી છીએ. રાગના રહેવાસી અમે નથી. એ પારકો દેશ છે, એ પરદેશ છે. પરદેશમાં અમને ફાવતું નથી. સ્વદેશ, અમારા સ્વદેશમાં અમે રહેવાવાળા છીએ.

નંદનવનમાં એકદમ હરિયાળી હોય. ચારે બાજુ ... પાકેલા હોય, ઠંડક હોય તો ભર્યું ભર્યું લાગે. એમ આત્મા નંદનવન છે. અંદર અનંત ગુણ ખીલેલા છે. અનંત ગુણની પરિણતિ ખીલે છે. એમાં આત્મા ક્રિડા કરે છે. નંદનવનમાં આત્મા ક્રિડા કરે છે. એ એનો બાગ છે. ક્રિડાબાગ છે.

**'અનંત શક્તિરૂપ રાજધાનીનો વિલાસ કરો. અભેદરાજ્ય રાજવું તે તમારું પદ છે.'** તમારા રાજ્યની અંદર કોઈ બીજો ભાગ પડાવે, બીજા કોઈની આણ વર્તે, બીજા કોઈની સત્તા ચાલે એ વસ્તુસ્થિતિ નથી. **'અભેદરાજ્ય રાજવું...'** રાજને ભોગવવું, રાજને રાજવું એ ક્રિયા લીધી. રાજવાની ક્રિયા લીધી. રાજને ચલાવે તે રાજને ભોગવે છે, રાજમાં રાજ કરે છે. જે રાજ્યમાં રાજ કરે એને રાજવું એમ કહેવામાં આવે છે. અભેદ રાજ્યને રાજવું. પોતાના અભેદ સ્વરૂપમાં સારી રીતે રાજવું એવું તમારું પદ છે. એવા તમારા પદ ઉપર બેસો. તમે તમારા સિંહાસન ઉપર બેસો. તમે રાજા થઈને હેઠે શું કરવા બેસો છો ?

'ગુરુદેવ' કહેતા. નાનું બાળક હોય તો એને ડાહ્યો કરીને એની મા સુવડાવે છે. મારો દીકરો ડાહ્યો ને પાટલે બેસી નાહ્યો. એમ પોતે ગાય. હાલરડું ગાય ત્યાં સુઈ જાય છે. આ જિનવાણી પણ એના ગુણ ગાય છે. તું તો રાજા છો, ચૈતન્યરાજા છો. અકષાય સ્વભાવી છો. ગુણનું નિધાન છો. તારી ગુણસંપત્તિ અને ગુણવૈભવ પાસે જગતની લક્ષ્મી અને વૈભવો બધા તુચ્છ છે. એવા અભેદ રાજપદનું તમે રાજ કરો. શા માટે તમે નીચ થઈને, નીચ વસ્તીમાં જઈને વિષય કષાયના નીચ ભાવોમાં જઈને તમે નીચે પડો છો, નીચે બેસો છો ? એ પદ તમારું નથી. 'સમયસાર'માં એક પદ છે. આ તમારું પદ છે... આ તમારું પદ છે. તમારું પદ છે ત્યાં તમે આવો અને બીજે તમે ન જાવ.

**'અભેદરાજ્ય રાજવું તે તમારું પદ છે. અપાવન અસ્થિર એવા અચેતન (દેહ) સાથે શા માટે સ્નેહ કરો છો ?'** અપાવન છે, જે અપવિત્ર છે, મલિન છે, અસ્થિર છે. અપાવન છે, અસ્થિર છે. બે વાત

સાથે જ લે છે. કેમકે અપાવન હોય છતાં કાયમ રહેતો હોય તો ચાલો કાયમ તો રહે છે. અમારી સાથે કાયમ રહેનારો તો છે. ના, તને દગો દેનારો છે. જેના ઉપર તને વિશ્વાસ છે કે આ ચીજ મારી છે અને આનાથી હવે મને વાંધો નથી. હવે આ શરીર એવું સરસ મજાનું તંદુરસ્ત થઈ ગયું છે કે વાંધો નથી. તો ઘડીકમાં ફૂ થઈ જાય છે. કાંઈ ન હોય ને એમાંથી... મૂળ તો બહાનું જડે. પણ આને કાંઈ બહાનું ન જડે એવું શરીર હોય. શરીર જાડુ નહોતું, ચરબીવાળુ શરીર નહોતું. કેમ Heart attack આવ્યો ? કે ન ખબર પડે કેમ આવ્યો ? ડૉક્ટરને પૂછો. ભાઈ ! એ કાંઈ સમજણ ન પડે. આમાં કેમ આવ્યો એ ખબર ન પડે. બને છે કે નહિ ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એનું જે વર્તુળ છે તપાસનું એ મર્યાદિત છે. એ એની Range માં ન આવે. અમારે એક નજીકના સગા હતા. વાંચનનો શોખ, વાંચ્યા કરે. સાહિત્ય ઘરે લઈ આવે. સામાજિક સાહિત્ય વાંચ્યા કરે. આરામથી નોકરીના ટાઈમે નોકરી કરે. બાકી આરામથી બેસીને વાંચતા જ હોય. કાંઈ ઉપાધિવાળું જીવન નહિ. એક દિ' બપોરે જમીને આરામ કર્યો, આરામ કરીને કહે લાવ હવે નોકરીએ જઈએ. ટાઈમ થયો છે. થોડેક ચાલ્યા. ઘર બહાર નીકળીને સો-પચાસ ડગલા. ત્યારે એમ થયું કે છાતીમાં દુઃખાવો છે. ઘરે આવીને જેવા સૂતા તો કહે Latrine જવું. Latrine જઈને આવ્યા. હાથ-પગ ખેંચાવા માંડ્યા. ડોક્ટર-બાક્ટરને બોલાવે અને પહોંચે એ પહેલા તો વાત પૂરી થઈ ગઈ. શું કારણ ? કે કાંઈ કારણ નહિ. કારણ શું ? એ તે ભરોસો રાખ્યો છે કે હવે વાંધો નથી. એ તકલીફ છે તારી. ત્યાં જ વાંધો છે. ભરોસો કર્યો ત્યાં જ વાંધો છે.

**'અપાવન અસ્થિર એવા અચેતન** (દેહ) **સાથે શા માટે સ્નેહ કરો છો** ?' સ્નેહ કરો છો, વિશ્વાસ કરો છો, વિશ્વાસથી રાગ કરો છો, વિશ્વાસપૂર્વક રાગ કરે છે. એને અવિશ્વાસ નથી આવતો કે આનો સાથ લઉં છું પણ ક્યાં સુધી ? આ ઓચિંતો સાથ છૂટી જશે એનો એને ખ્યાલ છે નહિ. '**બરાબર નિહાળો** !' શું કહે છે ? વિચારો એમ નથી કહેતા. શૈલી જુઓ ! '**બરાબર નિહાળો** !' અંદરમાં બરાબર જુઓ,

અવલોકન કરો. '**આ શરીરમંદિરમાં આ ચેતનદીપક શાશ્વતો છે.**' એમની પદ્ધતિ છે એ પ્રયોગપદ્ધતિની ભાષા છે. બે વખત તો આ આ વાપર્યું છે. '**આ શરીરમંદિરમાં આ ચેતનદીપક...**' જેટલું શરીર પ્રગટ છે એટલો જ આત્મા અંદર ચૈતન્ય પ્રગટ છે. કોની હયાતીમાં તું જાણે છે કે આ શરીર છે ? જે કાંઈ તું કાર્ય કરે છો એ કો'કની હયાતીમાં જાણીને કે એમ ને એમ ? કોની હયાતીમાં જાણ્યું ? કે ચેતનની હયાતીમાં જાણવામાં આવે છે. બરાબર નિહાળો એને.

'**બરાબર નિહાળો ! આ શરીરમંદિરમાં આ ચેતનદીપક શાશ્વતો છે.**' શરીર શાશ્વત નથી, શરીરનું મંદિર શાશ્વત નથી. ચેતનદીપક અંદરનો શાશ્વત છે. જેમ મંદિરમાં દીવો કરેલો હોય છે કે નહિ ? એમ આ દેહમંદિરમાં અંદર એક ચૈતન્યદીવો, એની ચૈતન્યની જાગતી જ્યોત સાથે શાશ્વતપણે બિરાજમાન છે. એને જુઓ બરાબર, એમ કહે છે. જે જ્ઞાનમાં તમને શરીર દેખાય છે, તે જ્ઞાનમાં શરીર જુઓ તો શરીર દેખાશે અને જ્ઞાનને જુઓ તો જ્ઞાન દેખાશે. તમારે જોવું શું છે એ નક્કી કરો.

દૃષ્ટાંત આવે છે કે દર્પણમાં મોરનું પ્રતિબિંબ પડે છે. દર્પણમાં મોરને જુઓ તો મોર દેખાશે અને દર્પણને જુઓ તો દર્પણ દેખાશે. અરીસાને જુઓ તો શું દેખાશે ? આ તો અરીસો છે. મોર નથી. પણ તમે એકલા પ્રતિબિંબિત થયેલા મોરને જુઓ તો તમને અરીસો નહિ દેખાય, મોર દેખાશે. એમ જ્ઞાનમાં પ્રતિબિંબ જ્ઞેયનું પડે છે. તમે એકલા પ્રતિબિંબને જુઓ છો તો એકલું તમને જ્ઞેય જ જણાય છે. જ્ઞાન નથી જણાતું. જ્ઞાનમાં જ્ઞાનને જુઓ તો જ્ઞેય નહિ જણાય, જ્ઞાન જણાશે. તમારું લક્ષ શેને જોવા ઉપર છે ? શું જોવામાં તમારું લક્ષ છે ? એ તમને દેખાય છે.

મુમુક્ષુ :- અરીસાને જાણતાં મોર જણાય જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. મોરને જોતા અરીસો નથી દેખાતો, અરીસો દેખતા મોર નથી દેખાતો. અરીસો દેખાય છે. દર્પણને જોતા, દર્પણમાં દર્પણને જોતા દર્પણ જ દેખાય છે કે આ તો દર્પણ છે. એને દર્પણ જોવા ઉપર એનું લક્ષ છે તો એને એમ લાગે છે કે નહિ, આમાં મોર નથી, આ તો અરીસો જ છે. ભલે એની અંદર મોરનું ચિત્ર ઉઠ્યું છે પણ વસ્તુ તો અરીસો છે એ. વસ્તુને જોવા ઉપર એનું લક્ષ હોવું

જોઈએ ને. અને એકલા મોરને જોવે તો અરીસો નહિ દેખાય એને. જુઓને, હાલતો ચાલતો મોર છે. એમ લાગે. ચાલે છે મોર. અરીસામાં મોર ચાલતો દેખાય. એકલા મોરને જોવે તો અરીસો નહિ દેખાય અને અરીસાને દેખે તો મોર નહિ દેખાય. શેને જોવું છે તારે એના ઉપર આધાર છે. જોવા જોવામાં ફેર છે. એમ તું જ્ઞાનમાં જ્ઞાનને જ જો. જ્ઞાનમાં જ્ઞાનવસ્તુને જો. જ્ઞાનમાં જ્ઞાનવસ્તુને જોવાની છે. જ્ઞાનમાં જ્ઞેયનું પ્રતિબિંબ પડે છે એનું લક્ષ કરવાની જરૂર નથી.

મુમુક્ષુ :- ખરેખર તો તે અરીસો જ છે. મોર તો છે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- છે જ નહિ ને પણ. ખરેખર તો ત્યાં મોર છે જ નહિ ને. મોર ત્યાં હોય તો તો અરીસાનું શું થાય ? મોરનું પ્રતિબિંબ છે, પણ એને તું સાચો મોર માનીશ તો શું થશે ? મોરના પ્રતિબિંબને સાચું માને છો. મોરનું પ્રતિબિંબ છે એ અરીસાની પર્યાય છે એ અરીસો છે. અરીસાની પર્યાય અરીસો છે કે અરીસાની પર્યાય મોર છે ? અરીસાની પર્યાય મોર નથી થઈ. અરીસાની પર્યાય કાંઈ મોરની પર્યાય થઈ છે ? મોર તો બહાર બીજે છે. એ પ્રતિબિંબ પણ અરીસાની પ્રતીતિ કરે છે. એમ છે. જોવાનો દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ.

'**મંદિર (શરીર) તો છૂટે છે,...**' શરીરમંદિરમાં જે શાશ્વત દીપક ચૈતન્ય છે એમાં શરીર મંદિર અશાશ્વત છે, નાશવંત છે, અસ્થિર છે, તે તો છૂટે છે. મંદિર તો છૂટે છે. એ માળખું વિખાય જાય છે. મંદિરનું માળખું વિખાય જાય છે. '**પણ શાશ્વત રત્નદીપક જેવો ને તેવો રહે છે.**' એને રત્નદીપકની ઉપમા આપી છે. જે ઘીનો દીવો હોય, તેલનો દીવો હોય એ તો નાનો મોટો થાય, ઓછો-વધારે થાય. આ તો એનો પ્રકાશ પણ સ્થિર છે, એમ કહે છે. રત્ન સ્થિર છે અને એનો પ્રકાશ પણ સ્થિર પ્રકાશ છે.

'**મંદિર (શરીર) તો છૂટે છે, પણ શાશ્વત રત્નદીપક જેવો ને તેવો રહે છે.**' એમાં કાંઈ ફેર પડતો નથી. આત્મા એવો ને એવો રહેશે. શરીરની રાખ થશે એમ કહે છે. એ પણ ... 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત.' જેમ આ રેત રખડે છે એવી જ રીતે એ રાખ થઈને રખડશે. એમાં ક્યાંય આત્મા નથી, ચેતનપણું નથી ત્યાં કાંઈ. એમાં તને માયા લાગી છે, ભ્રમ થયો છે. કાયાની માયા. પણ એ દુઃખદાયક છે.

એ પરિણામ તને દુઃખદાયક છે, એનાથી સુખ થવાનું નથી.

**'(શરીર) તો છૂટે છે, પણ શાશ્વત રત્નદીપક જેવો ને તેવો રહે છે. વ્યવહારમાં તમે અનેક સ્વાંગ નટની જેમ ધરો છો, નટ તો જેવો ને તેવો રહે છે.'** ઘડીકમાં તમે એમ કહો છો કે હું તો વેપારી છું. વળી ઘરમાં આવીને તમે એમ કહો છો કે હું તો વડીલ છું, હું તો ફલાણું છું, પુત્ર છું, પિતા છું, આમ છું, આમ છું. જેની સાથે જેવો સંબંધ તમે રાખો છો એવો નટની જેમ સ્વાંગ ધરીને એવો અભિનય કરવામાં આવે છે. નટની સાથે સરખાવ્યા. જેમ નટ જુદા જુદા પાત્રોમાં અભિનય કરે છે. એમ આ પણ જુદા જુદા ક્ષેત્રમાં જુદો જુદો અભિનય કરે છે. પણ **'નટ તો જેવો ને તેવો રહે છે.'** એમ અંદરમાં તમે હું તો એક આત્મા છું. આ બધા ખેલનો કાંઈ અર્થ નથી. નિરર્થક છે. ખેલ ખેલ છે અને હું તો જે છું તે છું. એમ પોતાની વાસ્તવિકતાને અંદરમાં વળગી રહે, વાસ્તવિક સ્વરૂપને વળગી રહે તો પોતે તો જેવો છે તેવો રહે છે.

**'તેવી રીતે બદ્ધ વા સ્પૃષ્ટ ભાવ, કર્મનો છે.'** કર્મથી બંધાયેલો અને કર્મથી સ્પર્શાયેલો કર્મપ્રસંગ છે. જગતમાં પોતાના પરિપૂર્ણ નિર્મળ શુદ્ધાત્મ સ્વરૂપથી બીજું કાંઈપણ, એનાથી બીજી જાતનું કાંઈપણ છે તે બધો કર્મપ્રસંગ છે. ક્યાંય આત્મા નથી. એ કર્મપ્રસંગ છે એમ જાણીને એનાથી પોતાની જુદાઈ જાણવી જોઈએ. કર્મ તે ધર્મ નથી અને ધર્મ તે કર્મ નથી. લ્યો ! ખરેખર તો આમ છે. કર્મનો પ્રસંગ તે ધર્મનો પ્રસંગ નથી અને ધર્મનો પ્રસંગ તે કર્મનો પ્રસંગ નથી. માટે કર્મને અને ધર્મને જુદા જુદા પાડી દેવા જોઈએ. જુદા પાડી દેવા જોઈએ. આ તો કર્મપ્રસંગમાં ધર્મ માને. કોઈ શુભકાર્યનો પ્રસંગ હોય તો કહે છે કે આ અમારો ધર્મનો પ્રસંગ છે. નહિ, એ કર્મનો પ્રસંગ છે. ધર્મનો પ્રસંગ નથી.

મુમુક્ષુ :- આ સ્વાધ્યાય એ ધર્મનો પ્રસંગ ને ?

પૂજ્ય ભાઈશ્રી : નહિ. સ્વાધ્યાય એ કર્મપ્રસંગ છે. ઉદય છે કે બીજું કાંઈ છે ? સ્વાધ્યાય લ્યે, સ્વાધ્યાય કરે, દીક્ષા લ્યે. શું છે ? ધર્મ પ્રસંગ કે કર્મ પ્રસંગ છે ? એ પણ કર્મપ્રસંગ છે. આમ છે. એટલે તો એમ કહ્યું કે આત્મા મનુષ્ય નથી, ગૃહસ્થી નથી, ત્યાગી નથી, મુનિ નથી. તે એકેય વેશ આત્માને નથી.

'પૂજ્ય બહેનશ્રી'એ તો વચનામૃતમાં ત્યાં સુધી લીધું છે કે મુનિ પણ નથી અને સિદ્ધપણાનો વેશ પણ આત્માને નથી. ત્યાં સુધી લઈ લીધું છે. એકેય પર્યાયવેશ આત્માને નથી.

મુમુક્ષુ :- જ્ઞાયક તો જ્ઞાયક જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાયક તો જ્ઞાયક જ છે. કોઈ પર્યાયવેશ આત્માને નથી. ત્રિકાળ એકરૂપ રહેનારું પોતાનું મૂળ સ્વરૂપ છે. એવું તું શ્રદ્ધાન કર, એવું તું જ્ઞાન કર અને એવું જ આચરણ કર. બસ. એ સિવાય બીજું બધું કરવા જઈશ તો કર્મપ્રસંગમાં આવી જઈશ. પછી ક્યાંય ધર્મનો પ્રસંગ રહેતો નથી.

**'તેવી રીતે બદ્ધ વા સ્પૃષ્ટભાવ, કર્મનો છે.'** આત્મા તો અબદ્ધસ્પૃષ્ટ છે. અબદ્ધ અને અસ્પૃષ્ટ છે. એ કર્મથી બંધાયેલો નથી અને રાગથી સ્પર્શાયેલો નથી, મૂળ સ્વરૂપ એનું. એ બધો કર્મભાવ છે. **'તે પણ (જીવદ્રવ્ય) કમલપત્રની માફક કર્મથી ન બંધાય, ન સ્પર્શાય.'** આવી બધી ઉપમાઓ જગતમાં મળે છે કે અનાદિનો સંસારમાં રહ્યો માટે સંસારી ખરો કે નહિ ? કે ચોવીસ કલાક કમલપત્ર પાણીમાં રહ્યું માટે ભીનું થયું કે નહિ ? નહિ. એને પાણી અડ્યું નથી. કોરેકોરું છે. એવી એની ઉપર ઝીણી એવી રૂવાંટી હોય છે. એને પાણી ન અડે. પાણીનું એક ટીપું નાખો તો એ જુદું દેખાય. પાંદડું જુદું દેખાય. અહીં બહુ છે. ભગવાન 'મહાવીર' ત્યાં 'પાવાપુરી'થી (મોક્ષ પધાર્યા ને). જલ સરોવરમાં ખૂબ છે. કમળ ખૂબ છે. કમળનું જ સરોવર છે. એના કેટલાક પાંદડા ઉપર પાણી હોય છે તો જાણે મોતી (હોય એવું લાગે). સૂર્યના કીરણો એના ઉપર પડે તો મોતી ચમકતા હોય એવું લાગે. ગોળ બિંદુ પડ્યા હોય. એ પાણી છૂટું પડ્યું હોય, જેમ પારો છૂટો પડ્યો હોય એમ. અને પાંદડું જુદું હોય. પાણીથી એ લેપાતું નથી.

એમ મૂળ ચૈતન્યદ્રવ્ય એ કોઈથી લેપાય નહિ એવો એનો સ્વભાવ છે. એ કર્મથી પણ લેપાય નહિ અને રાગથી પણ લેપાય નહિ. પોતાના ચૈતન્ય સ્વરૂપે એમ ને એમ સદાય રહે. એવું એણે કદિ લક્ષમાં લીધું નથી. એવો એણે પોતાના સ્વરૂપનો વિશ્વાસ કર્યો નથી. પછી આચરણ તો થાય ક્યાંથી ? જેનો વિશ્વાસ નથી કર્યો, જેનું જ્ઞાન નથી કર્યું એનું આચરણ કરવાનો તો પ્રશ્ન રહેતો નથી.

**'તે પણ (જીવદ્રવ્ય) કમલપત્રની માફક કર્મથી ન બંધાય, ન સ્પર્શાય.'** આ ચૌદમી ગાથાના બોલ લીધા છે. ચૌદમી ગાથાના અબદ્ધસ્પૃષ્ટના બોલ છે ને ? એમ આ બંધાયેલો નથી, સ્પર્શાયેલો નથી, લેપાયેલો નથી. **'જેવી રીતે માટી અન્ય અન્ય ભાવ (આકાર) ધરવા છતાં એક છે,...'** અનન્ય. **'તેવી રીતે (જીવદ્રવ્ય) અન્ય અન્ય પર્યાય ધરવાં છતાં એક છે.'** મનુષ્યની પર્યાય ધરે, નારકીની પર્યાય ધરે, તિર્યંચની પર્યાય ધરે. એમ માટીમાંથી અનેક વાસણ કરે તોપણ માટી તો માટી જ છે. સર્વ અવસ્થામાં માટી તો માટી જ છે.

મુમુક્ષુ :- આત્મા ભાવકર્મ તો બાંધે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- બાંધે છે એની મર્યાદા ક્યાં સુધી ? એના મૂળ દ્રવ્યમાં બાંધે છે ? ક્યાં બાંધે છે ? હવે દ્રવ્યકર્મ બાંધે છે એ પ્રશ્ન તો તમે નથી કરતા એટલું સારું છે. પણ ભાવકર્મ તો આત્મા કરે છે કે નહિ ? બાંધે છે એટલે કરે છે કે નહિ ? એમ લેવું. ભાવકર્મ જ્યાં કરે છે ત્યાં કર્મપ્રસંગ છે, તે આત્માનું સ્વરૂપ નથી. એમ આત્માએ જાણવું જોઈએ. તો એનું કર્તવ્ય ન રહે એને. નહિતર તો દયાનો ભાવ કર્યો તો એણે શુભકર્મ (કર્યું). એ શુભકર્મ થયું ને ? દયાભાવ તે શુભકર્મ થયું ને ? હવે એને જો આત્માનું સ્વરૂપ નથી એમ જાણે તો તો એ એને છૂટે. પણ એને આત્માનું સ્વરૂપ જાણે તો ? મારું કર્તવ્ય જાણે તો ? કરવા લાયક છે એમ જાણે તો કે દિ' છોડે ? કે એને છોડવાનો પ્રસંગ રહેતો નથી.

કોઈ શુભાશુભ ભાવ એ જીવનો સ્વભાવ અને જીવનું સ્વરૂપ નથી. ભલે છે પર્યાયભાવ આત્મામાં, આત્માની પર્યાયમાં, પણ એ સ્વભાવભૂત છે કે વિભાવભૂત છે ? એ તો તત્ત્વદૃષ્ટિથી એણે પોતે નક્કી કરવું જોઈએ.

મુમુક્ષુ :- .. હોવા છતાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ આત્માની પર્યાયમાં રોગ થયો. શરીરને સોજો ચડ્યો. છે શરીરની અવસ્થા ને ? માટે રાખો એમ કરીને કોઈ રાખે છે ? ગુમડું થયું. શરીરની અવસ્થા છે ને પણ.

મુમુક્ષુ :- ભાવકર્મનો માલિક ...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવકર્મનો માલિક ભાવકર્મ. પુદ્‌ગલ અધ્યાત્મદૃષ્ટિથી કહેવામાં વાંધો નથી. પણ દ્રવ્યાનુયોગથી એને ન લેવું.

પુદ્‌ગલ. જે છ દ્રવ્યમાં જીવદ્રવ્ય, પુદ્‌ગલ દ્રવ્ય, ધર્માસ્તિ એમ દ્રવ્યાનુયોગથી એને ન લેવું. અધ્યાત્મદષ્ટિએ લેવામાં વાંધો નહિ. કેટલાક ભૂલ શું કરે છે ? કે અધ્યાત્મની વાત અધ્યાત્મની મર્યાદામાં નહિ સમજતા દ્રવ્યાનુયોગની મર્યાદામાં લઈ જાય છે. એને પુદ્‌ગલ જ જાણો. એ તો પુદ્‌ગલ જ છે. તો એ પુદ્‌ગલ જો જાણશે તો એને પોતાનો દોષ મટાડવા લાયક છે એવો બોધ એને પાછો છૂટી જશે.

જેમકે ઝાડને રોગ થયો તો ઝાડ મટાડે. મારે શું ? મને ક્યાં એની તકલીફ છે ? એમ પુદ્‌ગલનો રોગ પુદ્‌ગલમાં થયો. મારે શું ? એમ કરીને એ દ્રવ્યાનુયોગમાં લઈ જાય તો પોતાનો દોષ પોતાને મટાડવાની વાત નહિ રહે.

મુમુક્ષુ :- પુદ્‌ગલનું લક્ષ કરે છે માટે...

પૂજ્ય ભાઈશ્રી :- માટે થાય છે જીવની અવસ્થામાં. પણ જડને આશ્રયે જડ સદ્દશ પરિણામ થયા માટે એને જડ કહેવામાં આવે છે. અને જડ કહેવામાં અધ્યાત્મદષ્ટિ એ છે કે આત્મામાં આત્મદષ્ટિ કહેતા, જેમ કોઈ છોકરાને એમ કહે કે તું અમારા ઘરનો નહિ. નીકળી જા ઘરમાંથી. તું અમારો દીકરો નહિ એમ કહી દે. પણ જે છે એ છે એ તો. એમ ત્યાં જે છે એ ઉગ્રતા લાવવાનો દષ્ટિકોણ છે. વસ્તુસ્થિતિમાં ભૂલ થવી જોઈએ નહિ. વચનવ્યવહારનો દોષ નથી. પણ જ્ઞાનમાં દોષ થવો જોઈએ નહિ.

મુમુક્ષુ :- ભાવકર્મ જીવમાં થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવકર્મ જીવની અવસ્થામાં થાય છે.

મુમુક્ષુ :- એટલે પર્યાયમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અવસ્થા એટલે પર્યાયમાં થાય છે. એ જીવનો ભાવ છે. દ્રવ્યાનુયોગથી જીવનો ભાવ છે. અધ્યાત્મથી એને એમ કહે કે પુદ્‌ગલનો પર્યાય છે, પુદ્‌ગલનો ભાવ છે. એમ કહેવાય. પણ દ્રવ્યાનુયોગથી તો એ જીવનો ભાવ છે. સંજ્ઞ અને અસંજ્ઞનો. મિથ્યાદર્શન, અજ્ઞાન અને અચારિત્ર-અત્યાગભાવ. એ સંજ્ઞ અને અસંજ્ઞ બે પ્રકારે છે. અસંજ્ઞ છે તે પુદ્‌ગલની પ્રકૃતિના ભાવ છે અને સંજ્ઞ છે તે જીવની પ્રકૃતિના ભાવ છે.

જેને પ્રામાણિકપણે એમ સમજાય કે જીવ પોતે દોષ કરે છે અને

તેથી પોતે મટાડવા લાયક છે. એવો જે અશુદ્ધનિશ્ચયનો વિષય. નિશ્ચયથી જીવની પર્યાયમાં દોષ છે એવો અશુદ્ધ નિશ્ચયનયનો વિષય જે સમજી શકે તે જ શુદ્ધ નિશ્ચયનયના વિષયને સમજી શકે. જો અશુદ્ધ નિશ્ચયનયના વિષયને યથાર્થપણે ન સમજે, તે શુદ્ધ નિશ્ચયથી આ દોષ મારો નથી એમ નહિ સમજી શકે. જેને એકડો આવડે એને બીજું ગણિત આવડે. પણ એકડામાં ભૂલ હોય એને પછી બગડો આવડવાનો પ્રશ્ન રહેતો નથી. આ 'પંચાસ્તિકાય'નો વિષય છે. એટલે જ્યાં દોષને પુદ્‌ગલ પરિણામ કહ્યા હોય, જીવ એનો કર્તાહર્તા નથી એમ કહ્યું હોય ત્યાં જ્ઞાતા-દૃષ્ટાપણું સ્વભાવને મુખ્ય કરીને કહેવામાં આવે છે એમ જાણવું.

મુમુક્ષુ :- અહીંયાં અધ્યાત્મ પર્યાય પરને વિષય કરે છે માટે વિભાવ પર્યાય અને સ્વને વિષય કરે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જ્ઞાનની પર્યાયમાં સ્વપર જણાવું તે એનો સ્વભાવધર્મ છે. સ્વપરનું જાણવું થવું એ એનો સ્વભાવ ધર્મ છે.

મુમુક્ષુ :- સ્વને વિષય નથી કરતો પરને કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરને અવલંબે છે ત્યાં એને ભાવકર્મ ઊભું થાય છે. પરને અવલંબે છે ત્યાં. અથવા પરની સન્મુખ થાય છે અને સ્વની સન્મુખતા છોડે છે ત્યાં એને ભાવકર્મ થાય છે. આંશિકપણે કે પૂર્ણપણે પરસન્મુખ થાય તે એનો વિભાવ છે. જ્ઞાનનો વિભાવ શું ? અને સ્વભાવ શું ? કે જ્ઞાનમાં પરનું અવલંબન લેવું તે વિભાવ, પરની સન્મુખ થવું તે જ્ઞાનનો વિભાવ. પણ પરનું જણાવું થાય એ જ્ઞાનનો વિભાવ નહિ, એ જ્ઞાનનો સ્વભાવ. કેમકે સ્વમાં રહીને પણ પરનું જાણવું તો થાય છે. સ્વને અવલંબતા પણ પર જણાય છે.

પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જાય ત્યારે એને કોઈ પર નથી આમાં, સ્વમાં પર નથી એવું જ્ઞાન થઈ જાય છે. સ્વપરની ભિન્નતાનું જ્ઞાન સ્વાનુભવમાં થાય છે. એ પહેલા તો એને ધારણાજ્ઞાન હતું કે સ્વ અને પર જુદા જુદા છે. પણ અનુભવ થયો ત્યારે ખબર પડી કે આ તો મારા સ્વરૂપમાં એકાકારપણે હું જ્યારે હતો ત્યારે કોઈ પરનો અનુભવ ન થયો. કેમકે ત્યાં કોઈ પરની હયાતી પણ નહોતી. મારા સ્વરૂપ અસ્તિત્વમાં એકલી મારી હયાતી અને એકલું મારું અસ્તિત્વ મને

અનુભવાયું. એમ એણે પરથી ભિન્નપણું જાણ્યું. તો પરનું જ્ઞાન થયું તે કાંઈ વિભાવ નથી. પણ પરનું અવલંબન થવું, પરની સન્મુખ થવું તે જ્ઞાનનો વિભાવ છે અથવા દોષ છે.

મુમુક્ષુ :- તેને ભાવકર્મ કહે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એને ભાવકર્મ કહેવામાં આવે છે. વિભાવ છે તે ભાવકર્મ છે. તેનાથી નવા કર્મ બંધાય. સ્વભાવથી નવા કર્મ બંધાયા નહિ. અહીં સુધી રાખીએ...

કોઈપણ કથનની સત્યતા, કહેનારની સમજણ પર આધારિત છે, અર્થાત્ જેની સમજણ સાચી, તદ્ અનુસાર વચન પણ સાચું માનવા યોગ્ય છે. પરંતુ સમજણમાં ભૂલ હોય, તે સાચું કહે તોપણ ખરેખર સાચું નથી. તે ઉપરાંત ભલે શાસ્ત્ર પઠન વડે, વસ્તુનું સ્વરૂપ જાણવામાં, જાણપણાની ભૂલ દેખાતી ન હોય, પરંતુ પરિણમનમાં યથાર્થતા ન હોય, અર્થાત્ પરમાર્થનું સાધવાપણું ન હોય તો, વજન અન્યથા જાય, અથવા કોઈપણ પ્રકારે વિપર્યાસ સધાતો હોય, વા ભાવસંતુલન જળવાતું ન હોવાથી એકાંતિક પરિણામ થતાં હોય તોપણ તેવા વક્તાને અનુસરવા યોગ્ય નથી. આત્માર્થી જીવે કોઈપણ તત્ત્વની પ્રરૂપણા કરનારને અનુસરતાં પહેલાં આ પ્રકારે વિચારી, પરીક્ષા કરી, અહીં સુધી ઊંડા ઉતરીને અનુસરણ કરવા યોગ્ય છે, નહિ તો વિપર્યાસિની થવાની કે તેમાં દ્રઢતા થવા સંભાવના રહે છે.

(અનુભવસંજીવની - ૭૪૨)

**તા. ૩૦-૧૧-૧૯૮૫, પાના નં.૩૫, ૩૯ પ્રવચન નં. ૭૨**

જીવનું મૂળ સ્વરૂપ શુદ્ધ નિશ્ચયનયથી કેવું છે તેનો અહીંયાં વિસ્તાર છે. આ વિષય 'સમયસાર'ની ચૌદમી ગાથામાં લીધો છે. અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ એવા જે પાંચ વિશેષણો સ્વરૂપ એક આત્મા છે. મૂળ સ્વરૂપે કેવો છે, એ વાત અહીંયાં જુદા જુદા દૃષ્ટાંતપૂર્વક કહેવામાં આવે છે. નીચેથી પાંચમી લીટી.

મુમુક્ષુ :- મૂળસ્વરૂપ અને બે સ્વરૂપ એમ કેમ આત્માને ?

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ સ્વરૂપ એટલે પદાર્થ છે એ સામાન્ય વિશેષાત્મક છે. મૂળ સ્વરૂપ એટલે સામાન્ય સ્વરૂપ. સામાન્ય અને વિશેષ બંને સ્વરૂપે પદાર્થ છે એમાં પર્યાયમાં ભાવો બદલતા જાય છે. એ પદાર્થનું બદલતું અંગ છે, પલટતું અંગ છે. અને વસ્તુ મૂળ સ્વભાવે એકરૂપ એમ ને એમ રહે છે. જે પલટતું અંગ પર્યાય છે-અવસ્થા છે એમાં અનાદિથી વિભાવ છે. અનાદિથી એ વિભાવ ઉપર જીવની દૃષ્ટિ છે. અનેક જાતના વિભાવોનો એને અનુભવ છે, પરિચય છે અને વિભાવ સ્વરૂપે જ એણે પોતાને સ્વીકાર્યો છે અને માન્યો છે.

જીવ પોતાના મૂળ સ્વરૂપથી અનાદિથી અજાણ છે. હવે એ મૂળ સ્વરૂપ સામાન્ય હોવાથી સામર્થ્યરૂપ હોવાથી અપ્રગટ, ઉત્પાદ-વ્યયની અપેક્ષાએ અપ્રગટ અવયવ હોવાથી અને તેનો અનુભવ અને પરિચય કદિ નહિ કર્યો હોવાથી પોતાના વિષે જ પોતાને અજ્ઞાનપણું ચાલ્યું આવે છે. એ મૂળ સ્વરૂપ છે એ પોતે પરમાત્મપદસ્વરૂપ છે, પરમ પવિત્ર છે. અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ અનંત ચતુષ્ટય મંડિત છે. એવું સ્વરૂપ હોવા છતાં એનાથી અજાણ્યો રહીને વર્તમાન પોતાના દીન પરિણામ, લાચારીના પરિણામ, ભાવદારિદ્રતાના જે પરિણામ છે એવો જ પોતાને સ્વીકારીને જીવ પ્રવર્તી રહ્યો છે. તેથી તેને ગુણની ઉત્પત્તિ થતી નથી. દોષ વૃદ્ધિગત થઈને બહુભાગ એને નિગોદમાં રહેવાનું થાય છે. પરિભ્રમણ કરતા જીવને મોટો કાળ નિગોદમાં પસાર થાય છે. ત્રસનો કાળ બહુ ઓછો છે. બે ઈન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવની

અવસ્થા એ ત્રસ અવસ્થા છે. પણ પોતાના નિર્દોષ સ્વરૂપના બેભાનપણાને લીધે એને દોષમય પોતાનું સ્વરૂપ સ્વીકાર્યું હોવાને લીધે એ દોષને જ પોતાનો સ્વભાવ અને સ્વરૂપ જાણીને દોષરૂપ પરિણમતો... પરિણમતો... પરિણમતો.. અલ્પ કાળમાં નિગોદમાં જાય છે ત્યાં અનંત કાળ રહે છે, ક્વચિત બહાર આવે છે તો વળી પાછો નિગોદમાં ચાલ્યો જાય છે. અને આ પરિભ્રમણમાં અનંત દુઃખ ભોગવે છે.

જે મહાત્માઓ એ પરિભ્રમથી છૂટ્યા, એ પરિભ્રમણથી છૂટવાનો રસ્તો જેણે અનુભવ્યો તે નિષ્કારણ કરુણાથી એ કહેતા ગયા કે આ રસ્તો છે. આ રસ્તે તમે ચાલો તો તમારું પણ સંસાર દુઃખ મટીને સિદ્ધપદની સિદ્ધિના સુખનો તમને પણ લાભ થાય. અમે કાંઈ દેતા નથી કે અમે કાંઈ લેતા નથી. અમે જે જાણ્યું, અનુભવ્યું એ કેવી રીતે જાણવા અને અનુભવવા મળે છે એ કહેતા જઈએ છીએ. પાત્ર જીવ છે એનો સ્વીકાર કરીને એ રસ્તે આગળ વધીને પોતે પણ આગળ વધતા વધતા બીજાને કહેતા જાય છે. આમ માર્ગની પરંપરા ચાલે છે.

શું કહે છે ? કમળપત્ર છે એ પાણીથી સ્પર્શાતું નથી. તેમ જીવ પણ કર્મથી સ્પર્શાતો નથી. અનાદિથી કર્મ સંયોગ હોવા છતાં કર્મથી એ સ્પર્શાયેલો નથી. જુદા જુદા કર્મના પરમાણુનું આવાગમન થાય છે. પાછી એની સ્થિતિ પૂરી થઈને એનો (વિયોગ) થાય છે. એમ ને એમ પરિસ્થિતિ સંયોગ વિયોગની ચાલે છે. જીવ એનાથી અલિપ્ત રહે છે. જળમાં કમળપત્ર અલિપ્ત રહે છે તેમ.

**'જેવી રીતે માટી અન્ય અન્ય ભાવ (આકાર) ધરવા છતાં એક છે, તેવી રીતે (જીવદ્રવ્ય) અન્ય અન્ય પર્યાય ધરવા છતાં એક છે.'** ચાર ગતિના અનેક પર્યાયો ધરવા છતાં જીવસ્વરૂપે તો જીવ એક જ છે. જીવ પોતાનું જીવત્વ છોડીને ક્યારેય કોઈ ગતિરૂપ સ્થાયી થઈ જાય છે કે હવે દેવપણે સ્થાયી થઈ ગયો, હવે નારકીપણે કે મનુષ્યપણે સ્થાયી થઈ ગયો, એવું કદિ બનતું નથી. **'અન્ય અન્ય પર્યાય ધરવા છતાં...'** એ પર્યાય પલટે છે અને જીવસ્વરૂપે, મૂળ સ્વરૂપે તો પોતે એક એટલે એવો ને એવો રહે છે. અનેકપણે પર્યાય ધારણ કરવા છતાં પોતાનું એકપણું છોડતો નથી. પોતાના એકરૂપ સ્વરૂપનો ત્યાગ કર્યા વિના, એને છોડ્યા વિના, સ્વરૂપથી ચ્યુત થયા વિના અવસ્થામાં ચાર ગતિની જુદી જુદી

અવસ્થાઓ અન્ય-અન્ય, અનેક-અનેક, અનેરી-અનેરી અવસ્થા ધારણ કરે છે. તોપણ સ્વભાવે કરીને અનન્ય રહે છે. અન્ય અન્ય થતો નથી.

એવી રીતે સોનાનો દૃષ્ટાંત છે. અનેક ઘાટથી ઘડાવા છતાં સોનું તો સોનું જ રહે છે. ચાહે એના કુંડળ કરે, કડા કરે, વીંટી કરે, હાર કરે પણ સોનું તો સોનું જ છે. જેટલું સોનું છે, ઘાટ ગમે તેટલા બદલાય એટલું જ સોનું રહે છે. એમાં બીજો ફેર પડતો નથી. એ મૂળ ધાતુ છે. એમ ચૈતન્ય મૂળ ધાતુ તો એમ ને એમ રહે છે.

**'જેમ સમુદ્ર તરંગો વડે વૃદ્ધિહાનિ કરે છે, તોપણ સમુદ્રપણાથી નિશ્ચલ છે,...'** સમુદ્ર તો સમુદ્ર એવડો ને એવડો છે. વધ્યો પણ નથી ને ઘટ્યો પણ નથી. કેટલીક વાત ગણિતથી ન સમજાય એવી પ્રત્યક્ષ પણ જોવામાં આવે છે. ગંગા જેવી નદી... ગંગા, સિંધુ, બ્રહ્મપુત્રા ત્રણ મોટી નદી છે. એવી નદીઓમાં એક એક સેકન્ડે હજારો ટન પાણી ઠલવાય છે. એક સેકન્ડે. રોજનું કેટલું થાય ? મહિનાનું કેટલું થાય ? વર્ષનું કેટલું થાય ? લાખો-કરોડો ટન પાણી થાય. અબજો ટન પાણી થાય. છતાં ક્યાંય સમુદ્રની અંદર હવે પૂર આવ્યું છે ને પાણી માતુ નથી એવું કદિ બનતું નથી. અને ઉનાળાના ચાર મહિના એટલું બાષ્પીભવન થાય કે જેટલો કોઈ એનો વરસાદ થાય ત્યારે જળબંબાકાર થઈ જાય. એટલું પાણી ઉલેચાય ત્યારે પણ ઉનાળામાં એમાં કાંઈ ઘટે છે એમ નથી. ઉનાળાની ૧૧૮ ડિગ્રીના તડકામાં પણ ભરતીના ટાઈમે એટલી જ ભરતી આવે. ઉનાળો છે એટલે હવે ઓછી ભરતી આવશે એવું નથી થતું. અને ચોમાસું છે એટલે હવે વધારે ભરતી આવે છે. ઉનાળામાં ઓટ વધી જાય છે, ચોમાસામાં ઓટ ઘટી જાય છે એવું બનતું નથી. એમાં કયું ગણિત કામ આવે એવું છે ? આટલા મોટા પ્રમાણમાં જેની અંદર આવવા જવાનનું આવાગમન છે છતાં પણ એમાં કાંઈ ફેર દેખાતો નથી.

સમુદ્રપણે તો સમુદ્ર જેવડો છે એવડો જ છે. એમાં કાંઈ નાનો મોટો થતો નથી. ભલે તરંગોની વૃદ્ધિ હાનિ દેખાય છે. જ્યારે સમુદ્રની અંદર તોફાન હોય તો જાણે મોટા મોટા મોજા દેખાય, શાંત દરિયો હોય ત્યારે શાંત દેખાય. પણ એ ઉપરના તરંગોનું ઓછાવત્તાપણું દેખાય છે.

સમુદ્રપણે એ ઘટવા વધવાપણું સમુદ્રનું જોવામાં આવતું નથી.

**'તેવી રીતે (જીવદ્રવ્ય) વિભાવ વડે વૃદ્ધિ-હાનિ કરે છે, (પણ) વસ્તુ નિજ અચલ છે.'** શું કહે છે ? કે એવી રીતે વિભાવનું ઓછાવત્તાપણું જોવાય છે. પ્રચુર કષાયકલંકવાળો જીવ નિગોદમાં દેખાય છે. શાંત અવસ્થાવાળો મનુષ્યમાં દેખાય છે તો એ વિભાવની હાનિવૃદ્ધિ દેખાય છે. વસ્તુ ત્યાં બદલાણી નથી. વસ્તુમાં કોઈ હાનિ-વૃદ્ધિ થઈ ગઈ છે (એમ નથી). જ્યારે ઘણો વિભાવ પ્રગટ થઈને જીવ નિગોદમાં ગયો ત્યારે વસ્તુ અંદરથી ઘસાઈ ગઈ, અનંત કાળ નિગોદમાં રહ્યો એટલે એના અનંત ગુણમાં કાંઈ ખામી પહોંચી એવું કાંઈ બનતું નથી. તેવી રીતે જીવમાં પણ હાનિવૃદ્ધિ નથી. એના જ ઉપર એક 'જ્ઞાનદર્પણ'નું એમનું પદ અહીંયાં ફૂટનોટમાં છે.

**'સિંધુમેં તરંગ જૈસે ઉપજૈ વિલાય જાય નાનાવત વૃદ્ધિહાનિ જામૈં યહ પાઈએ,...'** સિંધુ એટલે દરિયો. દરિયામાં જેમ તરંગ છે એ ઊપજે અને નાશ પામે. નાનાવત એટલે અનેક પ્રકારે. અને એ રીતે તરંગની વૃદ્ધિ હાનિ જેમાં જોવામાં આવે છે. એ રીતે **'અપને સ્વભાવ સદા સાગર સુથિર રહૈ, તાકો વ્યયઉત્પાદ કૈસે ઠહરાઈએ.'** જે પોતાના સ્વભાવ સાગરથી સદાય સ્થિર છે, સ્થિર છે એટલે વૃદ્ધિ હાનિ રહિત છે. તેને ઉત્પાદ-વ્યય કેવી રીતે ઠરાવવો ? જે ધ્રુવ છે એને ઉત્પાદ-વ્યય કેવી રીતે એને ઠરાવવો ? કે એમાં ઉત્પાદ-વ્યય નથી. ઉત્પાદ-વ્યયથી રહિત ધ્રુવ છે. ઉત્પાદ-વ્યયથી રહિત છે અને ઉત્પાદ-વ્યયથી નિરપેક્ષ છે. ઉત્પાદ-વ્યયની અપેક્ષા ધ્રુવને નથી. ધ્રુવ ધ્રુવથી છે.

**'પરમ પદારથમેં સ્વારથ સ્વરૂપહીં કૌ અવિનાશી દેવ આપ જ્ઞાનજ્યોતિ ધ્યાઈએ.'** 'પરમ પદાર્થમેં સ્વારથ સ્વરૂપહીં કૌ.' જુઓ ! ગૃહસ્થ અવસ્થામાં આવા પદોની રચના કરી છે. **'પરમ પદારથમેં સ્વારથ સ્વરૂપહીં કૌ...'** પરમ પદાર્થમાં સ્વરૂપનો જ સ્વઅર્થ સ્વપ્રયોજન છે. એવું જે નિજ પ્રયોજન સાધે તો પોતામાં ને પોતામાં અવિનાશી દેવ જે છે, પોતે જ જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છે એનું ધ્યાન કરે. એનું ધ્યાન કરીને પામે. એ રીતે વસ્તુ અચળ છે.

**'જેવી રીતે સુવર્ણ વાનભેદ હોવા છતાં અભેદ છે,...'** સોનાનો

દૃષ્ટાંત લીધો છે. **'તેવી રીતે કર્મથી અનેક ભેદ હોવા છતાં વસ્તુ (ચૈતન્ય) અભેદ છે.'** સોનામાં આઠ વલુ, દસ વલુ, બાર વલુ, ચૌદ વલુ, પંદર વલુ (કહે છે) એને વાનભેદ સોનું કહેવામાં આવે છે. વાનભેદ એટલે ચોખ્ખું સોનું નહિ. અવસ્થાએ જેમાં બીજા કોઈ પદાર્થનું ભેળસેળપણું છે. તાંબુ છે, ચાંદી છે એવી બીજી ધાતુ ભેળવે છે ત્યારે સોનું વાનભેદ છે એમ કહેવામાં આવે છે.

**'તેવી રીતે કર્મથી અનેક ભેદ હોવા છતાં વસ્તુ (ચૈતન્ય) અભેદ છે.'** આ પહેલા ગુણસ્થાને જીવ છે, આ ચોથા ગુણસ્થાને છે, આ છઠા-સાતમા ગુણસ્થાને છે, આઠમા-નવમા ગુણસ્થાને છે, તેરમા ગુણસ્થાને છે એ બધા વાનભેદ લીધા છે. અવસ્થાની અંદર કર્મસંયોગથી જે કાંઈ અશુદ્ધિ રહી, જેમ સોનું અશુદ્ધ કહેવાય છે પણ મૂળ ધાતુ અશુદ્ધ નથી થઈ, મૂળ ધાતુ તો શુદ્ધ સોનુ છે, અવસ્થાએ એનો વાનભેદ ઓછાવત્તાપણું જોવામાં આવે છે, તેવી રીતે જીવ છે એ પણ પોતાની ચૈતન્ય વસ્તુ, ચૈતન્યધાતુથી અભેદ છે. એમાં કોઈ ગુણસ્થાનના ભેદ નથી. ચૌદ ગુણસ્થાનના ભેદ, એનાથી પાર, ચૌદ ગુણસ્થાનના ભેદથી પાર જીવ સ્વરૂપ છે. એની ઓળખાણ કરવી. પ્રથમમાં પ્રથમ એની ઓળખાણ કરવામાં આવે તો એ મહિમાવંત સ્વરૂપનો મહિમા જ્ઞાનમાં ભાસે. જેટલી એની મહત્તા છે એટલી જ્ઞાનમાં ભાસે તો એનો આદર થાય. આદર થાય તો એનો અનુભવ થાય. એની મહત્તા ભાસે તો બીજી જે ભૂલથી, ભ્રમથી બીજા પદાર્થોની, અન્ય પદાર્થોની અને અન્ય ભાવોની જે મહત્તા ભાસી છે એ મહત્તા છૂટી જાય. એ રીતે જીવ અભેદ છે, વસ્તુ અભેદ છે.

**'(જેમ) સ્ફટિકમણિ પુરી (રંગીન વસ્તુ)થી લીલો, લાલ ભાસે છે,...'** પુરી એટલે બાજુમાં રહેલો રંગીન પદાર્થ. લીલો રંગનો પદાર્થ હોય તો આખો સ્ફટિક લીલો ભાસે છે. લાલ રંગનો પદાર્થ બાજુમાં હોય (તો લાલ દેખાય છે). 'સમયસાર'માં જાસુદ પુષ્પનો દૃષ્ટાંત લીધો છે. જાસુદ પુષ્પ જો સ્ફટિક મણી પાસે રાખવામાં આવે તો જેવો જાસુદ પુષ્પનો રંગ છે એવો જ લાલ રંગ સ્ફટિકની અંદર ઊપજે છે. એ સ્ફટિકની પર્યાય છે. લાલ રંગ છે એ સ્ફટિકની પર્યાય છે. છતાં એ સ્ફટિકની સ્વભાવભૂત પર્યાય નથી. સ્ફટિકની પર્યાય હોવા છતાં જેવો

નિર્મળ પારદર્શક સ્વભાવ છે તેવી તે અવસ્થા નથી. કેમકે સ્ફટિક જેવો નિર્મળ છે એમાં તો કોઈ રંગ નથી. પારદર્શકપણાને કોઈ રંગ નથી. અને જે રંગની ઝાંય ઉત્પન્ન થઈ એવું મૂળ સ્વરૂપ સ્ફટિકનું નથી. છતાં પારદર્શકપણું હોય ત્યાં રંગ ઊપજે. લાકડાની બાજુમાં જાસુદનું ફૂલ રાખ્યું હોય તો ? એની અંદર-લાકડાની અંદર લાલ ઝાંય ઊપજે ? કે ન ઊપજે. તો એ એમ બતાવે છે, લાલ ઝાંય ઊપજી એ પણ એમ બતાવે છે કે નિર્મળતા હતી તો ઊપજી. નિર્મળતા ન હોત તો ક્યાંથી ઝાંય પડત ? એ પણ નિર્મળતાને બતાવે છે.

મુમુક્ષુ :- સ્ફટિકમણિની બે પ્રતિમા 'ઘોઘા'માં હતી એ લાવ્યા..

પૂજ્ય ભાઈશ્રી : હા. સાંભળ્યું છે. પારદર્શકપણું છે ને ? પાછળ દીવો રાખે તો એ દેખાય છે ને ? પ્રકાશમય આખો, પ્રકાશમય દેખાય છે. એ એક આભાસ-ભાસ લેવા માટે છે. સ્ફટિકનું જિનબિંબ હોય છે તો પાછળ પ્રકાશ રાખો તો આખુ બિંબ છે એ પ્રકાશ-પ્રકાશ દેખાય છે. જેમ આત્મા જે ચૈતન્યબિંબ છે એ ચૈતન્યપ્રકાશનું બિંબ છે. એવી રીતે એનો ભાસ લેવા માટે એ રીતે જોવામાં આવે છે.

મુમુક્ષુ :- આ પણ સ્ફટિક મણિ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ચૈતન્ય સ્ફટિક છે. આત્મા ચૈતન્ય-સ્ફટિક છે. કર્મના ઉદયની ઝાંય અંદર આવે છે. ઝાંય પડે છે ત્યારે જીવ એમ સમજે છે કે કર્મથી મને કાંઈક થયું. મને કર્મથી કાંઈક મારામાં અસર થઈ ગઈ. એ એટલી હદે અસરથી તન્મય થાય છે કે જેમાં અસર ન થઈ શકે એવા સ્વભાવને એ ભૂલી જાય છે. જ્ઞાની તો બન્નેને જાણે છે. પોતાનો મૂળ સ્વભાવ જેમાં કર્મના ઉદયની અસર થતી નથી તેને પણ જાણે છે અને કર્મના ઉદયની ઝાંય પડી એને પણ જાણે છે. એનું વજન, આશ્રય, આધાર, શ્રદ્ધા, એની ભાવની પક્કડ મૂળ સ્વરૂપ ઉપર હોવાથી એને કર્મના ઉદયની અસર થતી નથી એમ કહેવાય છે. થતી હોવા છતાં થતી નથી એમ કહેવામાં આવે છે. એ રીતે.

મુમુક્ષુ :- જ્ઞાનસ્વભાવ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનસ્વભાવને પ્રગટ કરે છે. કર્મનો ઉદય ત્યાં જ રહેલા શરીરના પરમાણુમાં ઝાંય નથી પાડતો. આત્મામાં ઝાંય પાડે છે. શેમાં દેખાણા ? ભાવો શેમાં દેખાણા ? અંદરમાં જે

જ્ઞાયકસ્વભાવ (છે) એ જાણે છે કે ઉદય આવો છે. કોણ જાણે છે ? કર્મના ઉદયને જાણનાર કોણ છે ? જ્ઞાયક સ્વભાવ છે. પોતે હુંપણે જ્ઞાયકસ્વભાવ છે એમ જ્યાં જ્ઞાયકસ્વભાવમાં આશ્રય લઈને, આશ્રય કરીને જાણે તો કર્મના ઉદયથી ભિન્ન પડી જાય છે. અને જ્ઞાયકસ્વભાવમાં હુંપણું ન રહે તો કર્મના ઉદયમય પોતે પોતાનો અનુભવ કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પછી પોતાને ભૂલ્યો પછી ક્યાં ગયો, ક્યાં ખોવાણો એનો પત્તો લાગતો નથી.

'**(જેમ) સ્ફટિકમણિ પુરી (રંગીન વસ્તુ)થી લીલો, લાલ ભાસે છે, (છતાં પણ) સ્વભાવ તો શ્વેત છે.**' શ્વેત છે અથવા પારદર્શક છે. એમ '**પર તે પર છે, નિજ ચેતનામાં પર નથી.**' કર્મનો ઉદય, રાગાદિ વિભાવ એ પણ જ્ઞાનમાં જણાય છે ને ? જ્ઞેય છે એ. અનેક પ્રકારના જગતના પદાર્થો પર તે પર છે અને પર તે સ્વ નથી. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી. પોતાના સ્વચતુષ્ટયથી પોતે સ્વ છે, અસ્તિરૂપે છે અને પરપદાર્થના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ પરચતુષ્ટયથી પોતે નાસ્તિરૂપ છે. આમ પોતે પોતાથી અસ્તિરૂપ અને પરથી નાસ્તિરૂપ છે એવું જ અનેકાંતિક પોતાનું સ્વરૂપ છે. એક જ કાળે અસ્તિ-નાસ્તિ સ્વરૂપે પોતે પ્રકાશમાન છે અને એ રીતે પરથી ભિન્ન અને સ્વથી અભિન્ન પોતાને અનેકાંતમયપણે જોતા અંદરના આનંદઅમૃતનો આસ્વાદ આવે છે. એમ લેવું છે. એ વિષય સ્યાદ્વાદ અધિકારમાં 'અમૃતચંદ્રાચાર્યે' 'સમયસાર'ના પરિશિષ્ટમાં લીધો છે.

મુમુક્ષુ :- ક્ષેત્રથી તો આત્મા અને શરીર એક છે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષેત્રથી નિમિત્ત અપેક્ષાએ એક ક્ષેત્રે છે. આકાશનું અવગાહનમાં નિમિત્ત છે તો જે ક્ષેત્ર આત્મા રોકે છે આકાશનું, એ જ ક્ષેત્ર શરીર રોકે છે. એમ નિમિત્ત અપેક્ષાએ એક ક્ષેત્રે છે. ઉપાદાન અપેક્ષાએ એક ક્ષેત્રે નથી. ચૈતન્યના પ્રદેશમાં શરીરના પરમાણુ નથી અને શરીરના પરમાણુમાં ક્યાંય ચૈતન્યનો પ્રદેશનો પ્રવેશ નથી.

'શ્રીમદ્જી'ને કોઈએ અવગાહનનો અર્થ પૂછ્યો છે. આ

જૈનશાસ્ત્રની પરિભાષામાં અવગાહન શબ્દ વાપર્યો છે. એનો શબ્દાર્થ શું થાય છે ? તો કહે, કેટલાક શબ્દો એવા હોય છે કે એ શબ્દનો બીજો શબ્દ નથી મળતો. તોપણ એને સમજાવવા પોતાના સ્વરૂપને છોડ્યા વિના એક જ ક્ષેત્રે બે પદાર્થો પોતપોતાના સ્વરૂપે રહે, તેને તે ક્ષેત્રનું બંને પદાર્થોએ અવગાહન કર્યું છે એમ કહેવામાં આવે. અવગાહન એટલે જગ્યાનું રોકવું. જે આકાશની જગ્યા આત્માએ રોકી છે, તે જ આકાશની જગ્યા શરીરે રોકી છે. છતાં આત્માએ સ્વરૂપનો ત્યાગ કર્યો નથી. ચૈતન્યસ્વરૂપનો ત્યાગ કરીને જડસ્વરૂપે થયા નથી. પરમાણુઓ જડસ્વરૂપનો ત્યાગ કરીને ચૈતન્યસ્વરૂપે થયા નથી. એમ પોતાના સ્વરૂપનો ત્યાગ કર્યા વિના સંયોગમાં એક ક્ષેત્રે સાથે રહેવું, એને એક ક્ષેત્રાવગાહ કહેવામા આવે છે. એક ક્ષેત્રાવગાહ કહેવામાં આવે છે.

**'પર તે પર છે, નિજ ચેતનામાં પર નથી.'** પોતાનો ચેતનાસ્વરૂપ આત્મા છે એમાં ક્યાંય પર નથી. ચેતનાને જોવે તો એકલી એકાકાર ચેતનાના જ દર્શન થાય એવું છે અને એમાં ક્યાંય ચેતનામાં જડત્વના દર્શન થાય એવું નથી. એવી ચેતના છે. **'ચેતનામાં પર નથી. ષડભાવ ઉપર ઉપર જ રહે છે. જળ ઉપર સેવાળની માફક...'** ષડભાવ છે કે બીજો કાંઈ શબ્દ છે ? છ ભાવ લીધા છે. આમાં ઢૂંઢારી છે. બરાબર નિહાળો એમ આગલા પેરેગ્રાફમાં આવ્યું ને ? મૂળ ભાષા એ મૂળ ભાષા છે. નીકે નિહારો. એ ભાવ ક્યાંથી મળે બરાબરમાં ? ષટ્ભાવ ઉપરી ઉપરી રહે. છ પ્રકારના ભાવ.

મુમુક્ષુ :- એટલે પાંચ આ બતાવ્યા એ અને બીજો પર તે પર એમ બતાવ્યું હશે.

પૂજ્ય ભાઈશ્રી :- ષટ્ગુણ હાનિવૃદ્ધિ. હાનિવૃદ્ધિના ભાવ. છનો મેળ એ છે. ષટ્ગુણ હાનિવૃદ્ધિ. પછી તો એ ગમે તે ગુણના પર્યાયનું પરિણમન હોય. ષટ્ગુણ હાનિવૃદ્ધિમાં તો. એ અન્ય ભાવ કહો, વિભાવ ભાવ કહો, અસ્થિર ભાવ કહો એ બધા ઉપર ઉપર રહે છે.

**'જળ ઉપર સેવાળની માફક...'** જેમ જળ ઉપર લીલ બાજે છે, શેવાળ બાજે છે એ પાણીનો મેલ છે. જે શેવાળ છે એ પાણીનો મેલ છે. અનંતકાય છે, અનંતકાય છે. તેવી રીતે જળ જુદું છે, શેવાળ જુદી છે. એમ રાગ-દ્વેષના મેલ છે એ ભિન્ન ચીજ છે. અંદરમાં ચૈતન્ય

નિર્મળ જળ છે એ જુદી વસ્તુ છે એમ લેવું છે. '**ચિદાનંદ મારી ગુપ્ત શુદ્ધશક્તિને વ્યક્ત પણે ભાવ,...**' તારી ગુપ્ત શક્તિને એમ કહેવું છે. મારીને બદલે તારી જોઈએ. કારણ કે આમાં સંબોધન છે ને. આદેશાત્મક છે.

'**ચિદાનંદ તારી ગુપ્ત શુદ્ધ શક્તિને વ્યક્તપણે ભાવ, જેથી તે વ્યક્ત થાય.**' હે ચિદાનંદ ! તારી જે ચૈતન્ય શક્તિ છે, શુદ્ધ શક્તિ છે, ગુપ્ત શુદ્ધ શક્તિ. જે શક્તિ છે એમાં તો અશુદ્ધતા થઈ શકતી નથી. જે સામર્થ્યપણે છે અને ઉત્પાદરૂપે પ્રગટ નથી તેથી તેને ગુપ્ત કહીએ, અવ્યક્ત કહીએ. એ અવ્યક્ત હોવા છતાં એને વ્યક્તપણે ભાવ એમ કહેવું છે. આ વિધિનો વિષય છે. રીત શું છે આ ? કે પોતાનું સ્વરૂપ સામાન્ય શક્તિ સ્વરૂપે હોવા છતાં શક્તિને તું વ્યક્તરૂપે જો કે હું આવો છું. શક્તિની સન્મુખ થઈને શક્તિને જ્ઞાનમાં લેતા, જ્ઞાનમાં તે અવ્યક્ત નથી. જ્ઞાનમાં તે વ્યક્ત થઈ ગઈ. તો એને વ્યક્તપણે ભાવી. જ્ઞાયક સ્વભાવ છે એને જ્ઞાયકપણે જો, એમ કહે છે. હું જ્ઞાયક છું એમ જો. જ્ઞાયકપણું એમ પોતામાં, શક્તિપણે એમ પોતામાં જોતા તે શક્તિ વ્યક્ત થાય છે. વ્યક્તપણે ભાવ કે જેથી તે (વ્યક્ત થાય).

...તે પદાર્થનો આવિર્ભાવ જ કરે છે ને ? વિભાવમાં શું કરે છે ? કોઈ પરપદાર્થ આવી જતો નથી. જ્યારે જીવને અન્ય પુણ્યના ઉદયનો, પદાર્થનો સંયોગ થાય છે, મકાન, પૈસા, કુટુંબ, પરિવાર, ત્યારે કોઈ આત્મામાં આવી જાય છે ? જીવ શું કરે છે ? આ બધું મને મળ્યું. એવા ભાવનો આવિર્ભાવ કરે છે. ત્યારે એના આત્મામાં કાંઈ આવે છે ? આવે છે એના આત્મામાં ? પણ આ બધું મને મળ્યું. એવો એક પરપદાર્થના વિષયમાં ભાવનો આવિર્ભાવ કરે છે. ત્યારે આ તો પોતાનું નિજ સ્વરૂપ છે. ઓલું તો પર સ્વરૂપ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પર છે. આ તો નિજ સ્વરૂપ અભેદ છે અને અભેદ અનુભવરૂપ સ્વરૂપ છે. એવો હું છું, એમ જ્યારે વ્યક્તપણે પોતાને ભાવે છે ત્યારે તે તેવો જ ભાવ વ્યક્ત થાય છે. ત્યારે તેવી જ શક્તિ અવ્યક્ત છે તે વ્યક્ત થાય છે.

'**ચિદાનંદ તારી ગુપ્ત શુદ્ધશક્તિને વ્યક્તપણે ભાવ, જેથી તે વ્યક્ત થાય.**' એને ભાવતા એ વ્યક્ત થાય છે. તેથી ભાવનાની પ્રધાનતા છે. ભાવનાની પ્રધાનતા કેમ છે ? કે તેને ભાવવાથી તે પ્રગટ થાય છે

માટે ભાવનાપ્રધાન છે. મોક્ષમાર્ગ છે તે ભાવનાપ્રધાન છે. ૩૨૦ ગાથામાં આવે છે. ભાવના છે. મોક્ષમાર્ગ છે તે ભાવના છે અને આત્મા એ ભાવનાનું ભાવવાયોગ્ય એવું ભાવ્ય છે. આત્મા ભાવ્ય છે. એમ ભાવ્યભાવક પોતે જ અભેદ છે. કોઈ બહારનું ભાવ્યભાવક છે નહિ.

ગુપ્ત એટલે આમ બહાર એની વ્યક્તતા નથી એટલે ગુપ્ત લીધું છે. જેને 'સમયસાર'ની ૪૯ મી ગાથામાં અવ્યક્ત વિશેષણ વાપર્યું છે. વર્ણ નહિ, ગંધ નહિ. અલિંગગ્રહણની ગાથામાં અવ્યક્ત શબ્દ એક આવે છે. આત્મા વ્યક્ત નથી. છ દ્રવ્યના સમૂહરૂપ લોક વ્યક્ત છે, એના ગુણ-પર્યાયો વ્યક્ત છે, આત્માનો કષાય વ્યક્ત છે, એક સમયની ઉત્પાદ-વ્યયરૂપ અવસ્થા વ્યક્ત છે અને એ બધાથી ભિન્ન હોવાથી આત્માને અવ્યક્ત કહીએ. ભિન્નપણાને લીધે અવ્યક્ત કહીએ. બીજું કાંઈ કારણ નથી એમ કહેવું છે. અવ્યક્ત એટલે ન દેખાય એવો એમ નહિ. ન જણાય એવો એમ નહિ. અદશ્ય છે એટલે દેખાય એવો નથી અને જ્ઞાનમાં જણાય એવો નથી એમ ક્યારેય નહિ કહે. એ પણ જ્ઞાનનું જ્ઞેય છે. એ પણ દશ્ય છે. પણ એ ભિન્ન છે. બીજા વ્યક્ત પદાર્થોથી અને વ્યક્ત અવસ્થાઓથી ભિન્ન છે માટે અવ્યક્ત છે. એમ ત્યાં અવ્યક્ત વિશેષણ લીધું છે.

અહીંયાં એને ગુપ્ત લીધું છે કે હે '**ચિદાનંદ તારી ગુપ્ત શુદ્ધશક્તિ...**' છે. એટલે શક્તિરૂપ જે શુદ્ધ શક્તિ છે તેને તું '**વ્યક્તપણે ભાવ,...**' એ જાણે કે તારામાં વ્યક્ત હોય એવી ભાવના કર. એ વ્યક્ત હોય એવી ભાવના કર. અવ્યક્ત છે એને વ્યક્ત હોય એવી ભાવના કર. એટલે તારાથી અભિન્નપણાની ભાવના કર. ભિન્ન તો એ બીજાથી છે. તારાથી તું ભિન્ન છો એમ છે નહિ.

મુમુક્ષુ :- આવડો મોટો મહાન પદાર્થ ક્યાં ગયો ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રગટ જ છે એમ કહે છે. અવ્યક્ત નથી પણ સ્વસન્મુખ અવસ્થામાં, સ્વસન્મુખ જ્ઞાનમાં આત્મા પ્રગટ છે. પ્રગટ છે એમ નહિ પણ પ્રગટ પ્રકાશમાન છે એમ કહેવામાં આવે છે. જે નિત્ય ઉદિત છે એમ કહેવામાં આવે છે. નિત્ય ઉદિત શબ્દ વાપર્યો છે, 'સમયસાર' છઠ્ઠી ગાથામાં. ચૈતન્યસ્વભાવ જ્ઞાયકસ્વભાવ આત્મા નિત્ય ઉદિત છે એમ કહેવામાં આવ્યું છે. એનો તો સદાય ઉદય છે. નવો ઉદય

થાય એવું પણ એમાં નથી. એ તો પોતાના કેવળજ્ઞાનાદિ સામર્થ્યથી કેવળજ્ઞાનનો સૂર્ય સદાય જ વિદ્યમાન છે. સૂર્યનો ઉદય કહેવાય છે. પણ સૂર્ય કાંઈ નવો ઊગે છે ? નહોતો દેખાતો અને દેખાણો ત્યારે ઉદય થયો એમ કહ્યું. એમ અનુભવ થયો ત્યારે આત્મા પ્રગટ્યો એમ કહ્યું. પ્રગટ થયો આત્મા. પણ હતો તે પ્રગટ્યો. પ્રગટ જ હતો તે અનુભવમાં આવ્યો. એનું નામ પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. વસ્તુ વસ્તુ તરીકે છતી વસ્તુ છે. અણછતી વસ્તુ નથી. એ છતી વસ્તુને અણછતી કરીને માની રાખી છે. આ મોટામાં મોટો દોષ છે, આ મોટામાં મોટું અનિષ્ટ છે.

મુમુક્ષુ :- આ અનિષ્ટ 'ગુરુદેવે' ટાળ્યુ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આટલો સ્પષ્ટ વિષય કર્યો. અંધારું થઈ ગયું હતું. મૂળ દિગંબર સંપ્રદાયમાં સંપ્રદાયબુદ્ધિ થાય ત્યારે બધી ગડબડગોટા થયા વિના રહે નહિ. ક્યાંય પણ સંપ્રદાયબુદ્ધિ થાય એટલે બધા અનિષ્ટો ઊભા થાય, દોષ ઊભા થાય. મૂળ જે સર્વજ્ઞની પરંપરા છે અને સર્વજ્ઞની જે આમ્નાય છે એને લોકો ભૂલી ગયા છે. મતિ કલ્પનાએ પછી બીજે રસ્તે ચડી ગયા. પોતે પોતાના સ્વરૂપને જાણતા નથી તેથી પોતાના વિષયમાં પોતે અંધ સમાન છે. પોતે પોતાને દેખતા નથી એટલે પોતે અંધ છે. અને એ અંધ એમ કહે છે કે અમે જોઈએ છીએ એ સાચું અને તમે જુઓ છો એ ખોટું.

દેખતા અને આંધળા વચ્ચે ઝઘડા થાય છે પછી, તકરાર થાય છે. આંધળો તકરાર કરે છે કે આકાશમાં હું બરાબર જોઉં છું. બાર પક્ષી ઊડે છે. ત્યારે દેખતો કહે છે કે, ભાઈ ! પાંચ જ ઊડે છે. ચોખ્ખા નજરે દેખાય છે અને તમે બાર ક્યાંથી લાવ્યા ? તો કહે, જોયા વિના બાર કહુ કેવી રીતે ? બાર શું કરવા કીધા ? મેં અગિયાર ને તેર ન કીધા ? ચૌદ ન કીધા ? ઠીક ! બુદ્ધિ છે ને ? હું બાર કહું છું એનો અર્થ જ એ છે કે હું જોઉં છું એને. તો કહે, તું બાર કહે કે ગમે તે કહે. પણ તું નથી જોતો એ વાત નક્કી છે. દેખતો એમ કહે છે કે, ભાઈ ! પાંચ છે. અને પાંચના તું બાર કહે છે કે એ જ બતાવે છે કે તું આંધળો છો. પાંચને બાર બતાવે છે એ એમ બતાવે છે કે તું આંધળો છો. પણ કાંઈક કલ્પના કરે છો. વસ્તુસ્થિતિ એમ નથી. આવી લડાઈ જગતની અંદર જ્ઞાની અને અજ્ઞાની વચ્ચેની દેખાય છે. કેમકે એક ઘર્ષણનો વિષય

ઊભો થાય છે ને ? તો અનાદિથી આ ઘર્ષણ ચાલે છે. આ કોઈ નવું નથી.

'ઋષભદેવ' ભગવાને, આ કાળની ચોવીસીમાં લઈએ તો યુગલિયાનું ક્ષેત્ર પૂરું થયું અને જેવી વાણી છૂટી ત્યાં ૩૬૩ અન્ય મતો શરૂ થયા. ૩૬૩ અન્ય મત શરૂ થયા, જ્યાં ભગવાનની વાણી શરૂ થઈ ત્યાં. એ અભિપ્રાયવાળા જીવો તો હતા જ. પણ અભિપ્રાય ત્યાં વ્યક્ત થયા. અભિપ્રાય નહોતા, નવા અજ્ઞાની થયા એમ નથી. પણ એ અભિપ્રાય વ્યક્ત થયા અને એ લોકોએ જાહેર કર્યું કે આ કહે છે તે ખોટું છે. એ ભલે 'ઋષભદેવસ્વામી' કહીને બધા ભગવાન કહે પણ એ વાત ખોટી છે. અમે સમજી છે એ વાત સાચી છે. ચાલે છે. એવું અનાદિથી બધી ચોવીસીમાં, બધા કાળમાં એ રીતે અસત્ અભિપ્રાય અને સત્ અભિપ્રાય અનાદિથી છે. બંનેનો પરસ્પર સ્વભાવથી વિરુદ્ધ હોવાથી બંને વચ્ચેનું અંતર સ્પષ્ટ જોવામાં આવે છે. પેલા કહે છે કે આમ નહિ ને આમ, આ કહે છે કે આમ નહિ ને આમ. એમ ચાલે જ છે. જગતમાં કોઈ એ નવી ચીજ નથી.

એમ અનાદિથી ચાલતું આવ્યું છે અને અનંત કાળ ચાલતું રહેવાનું છે. એમાં બીજો કોઈ ફેર નથી. પ્રમાણ ઓછું-વત્તુ થશે. પણ એ વસ્તુ કાયમ એ ચીજ નાશ થઈ જશે, જગતમાં ક્યારેય બધા અજ્ઞાનીઓ હશે કે ક્યારેય બધા જ્ઞાનીઓ હશે એવું ક્યારેય જગત રહેવાનું નથી, થવાનું નથી. એમ સંપ્રદાયમાં પણ કોઈ આખો સંપ્રદાય મોક્ષે જાય એવું કદિ બનતું નથી. લોકસમૂહ આખો, સમાજ આખો મોક્ષે જાય કે બધા પામી જાય એ અપેક્ષા રાખવી અસ્થાને છે. એવું કદિ બની શકતું નથી. એ તો સમવસરણમાં જ ૩૬૩ ઊભા થઈ ગયા. સાંભળનારા તો સમવસરણમાં હતા. સમવસરણની બહાર તો કોઈ સાંભળનારા નહોતા. સમવસરણમાં જ ઊભા થઈ ગયા. બધા જૈનો હતા કે અજૈનો હતા ? એ પરિસ્થિતિ એકદમ કુદરતી છે. કહે છે..

મુમુક્ષુ :- નિમિત્ત તો સારું હતું.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પોતે સારુ પરિણામ કરે તો નિમિત્ત સારું. સારુ નિમિત્ત ક્યારે ? સારા નિમિત્તનો આરોપ ક્યારે ? નિમિત્ત ઉપર સારાપણાનો આરોપ ક્યારે ? કે પોતે ઉપાદાનમાં સારું કાર્ય કરે તો

નિમિત્ત સારું. એ તો જેવું છે એવું છે. એને ખરાબ કહેવું એ વ્યાજબી નથી. એ નિમિત્તે પોતે ખરાબ પરિણામ કરે તો એ નિમિત્તને ખરાબ કહેવું એ વ્યાજબી નથી, ન્યાયસર નથી. કેમકે એ તો જે નિર્દોષ છે એ છે. એટલે એને એમાં ખરાબપણાનું નિમિત્તત્ત્વ નથી. સારાપણાનું નિમિત્તત્ત્વ છે. એટલી વાત છે. એટલું લેવું જોઈએ. પણ એ આરોપિત વાત છે.

'**તું અવિનાશી રસનો સાગર,...**' અમૃતરસનો સાગર, સ્વરસનો, આત્મરસનો સાગર '**પરરસ કેમ મીઠો દેખ્યો,...**' કેવી શૈલી લીધી છે એમણે ! ઢુંઢારીમાં તો એમની ભાષા બહુ મીઠી છે. ૪૦ પાનું છે. '**તું અવિનાશી રસ કા સાગર, પરરસ કહાં મીઠા દેખ્યા,...**' એમ લીધું છે. 'જાકે નિમિત્તે સંસારકી ઘૂમરી ભઈ તાંહી કો ભલા જાની સેવે હૈ.' તું અમૃતરસનો, આત્મરસનો સાગર છો. કષાયનો રસ છે, વિભાવનો, રાગનો, કષાયનો રસ છે એને તેં મીઠો કેમ દેખ્યો ? એમ કહે છે. એને તેં તારો કેમ જાણ્યો ? એ અમને સમજાતું નથી. તારામાં અમૃતરસ છે. એની પાસે તું વિષના રસને પણ સારો જાણે છો ! આ તે કઈ જાતની વિચિત્રતા છે.

એક બાજુ અવિનાશી પરમાત્મા ). 'ગુરુદેવ'ની તો બહુ ભાષા એવી હતી. આત્મા તો અમૃતરસની કાતળી છે. કાતળી છે એમ કહેતા. જેમ ઓલી શેરડીની વચ્ચેની કાતળી મીઠી હોય ને ? આત્મા તો અમૃતરસની કાતળી છે અને આ વિભાવભાવ, રાગાદિ ભાવ એ તો ઝેર છે. ક્યાં અમૃત અને ક્યાં ઝેર ! તને આ ઝેર કેમ મીઠું લાગે છે ? એમ કહે છે. અમૃત તને અનુભવાયું નથી એટલે તને એવી ભ્રાંતિ થાય કે આમાં પણ કાંઈક સ્વાદ છે. પણ એ ઝેરનો સ્વાદ છે. આત્માના અમૃતરસના આસ્વાદ પાસે ઝેરના સ્વાદને તું કાં મીઠો ગણીને વખાણે છે ? એમ કહે છે.

'**પરરસ કેમ મીઠો દેખ્યો, કે જેના નિમિત્તથી સંસારની ઘૂમરીઓ થઈ...**' આ જેમ ઘૂમરીમાં વહાણ આવે અને ચક્કર-ચક્કર-ચક્કર ફર્યા કરે. એમ સંસારની ઘૂમરીમાં તું જન્મ-મરણ... જન્મ-મરણ... જન્મ-મરણ... કર્યા કરે છો. એ કષાયની ઘૂમરીમાંથી બહાર નીકળી જા, એમ કહે છે. ઘૂમરી આવે છે ને ? પાણીમાં ઘૂમરી જોઈ છે ? એવું તાણ

હોય છે કે એમાં કોઈ આવે એ પછી ત્યાં ને ત્યાં ઘૂમ્યા કરે, ફર્યા કરે. એ એકદમ ગોળ-ગોળ ફરવાની ગતિમાં આવી જાય પાણીની સાથે. દરિયામાં એવા મોટા વમળ થાય છે. ઘૂમરીને વમળ કહે છે ત્યાં. દરિયામાં પાણીના મોટા પ્રવાહ ચાલતા હોય છે એમાં એ વમળ ઊભા થાય અને એમાં જો કોઈ વહાણ સપડાય ગયું તો ખલાસ. એકદમ ગોળ-ગોળ થઈને ઊંધુ પડીને ડૂબી જાય. એમાંથી બહાર નીકળવું મુશ્કેલ પડે. એમાં ક્યાંય એના હલેસા કે શઢ કે બીજું કાંઈ કામ આવે નહિ. એટલું બધું ગતિમાં આવી જાય કે ગણતરીની સેકન્ડમાં તો એ થોડાક ચકરાવા ફરીને ઊંધુ પડીને ડૂબી જાય.

એમ આ કષાયની ઘૂમરી, કષાયનો વેગ છે એ કષાયની ઘૂમરી છે એમ કહે છે. એ ઘૂમરીમાં તું ક્યાં આવી ગયો ? એમ કહે છે. આત્મા શાંતરસનો સમુદ્ર છે અંદર. એમાં ડૂબકી લગાવને. અમૃતરસમાં તરબોળ થા તું. કષાયરસને મીઠો ભાળીને એના વેગમાં ક્યાં ચડે છો ?

**'જેના નિમિત્તથી સંસારની ઘૂમરીઓ થઈ તેને ભલી જાણી સેવે છે ? જેવી રીતે મદ્ય પીનારો મદ્ય પીતો જાય, દુઃખ પામતો જાય,...'** વધારે ઘૂમરીઓમાં ભલું જાણી જાણીને સેવે તેમ તું બધું ભૂલ્યો છે. દારૂ પીનારાની ઉપમા આપી છે કે એ એક એવી પરિસ્થિતિ છે કે માણસ જેમ જેમ દારૂ પીએ છે એમ એને વધુ વધુ પીવાનું મન થાય છે. કેટલો પીવે છે એની પછી એને સાનભાન રહેતું નથી. એ બસ પીધા જ કરે. એનું એક જ લક્ષ રહે. જ્યાં સુધી ખલાસ ન થાય ત્યાં સુધી એ પીધા જ કરે અને કાં તો એ બેભાન થઈને પડી ન જાય ત્યાં સુધી એ પીધા કરે. તો એને એ સારું લાગે છે ત્યાં. તો સારું હશે ત્યારે સારું લાગતું હશે કે નહિ ? ત્યાં એને ઘણું દુઃખ થાય છે, ઘણો આકુળિત થાય છે, ઘણું એને પરિણામમાં નુકસાન છે. તોપણ એક એવી સ્થિતિએ ચડી જાય છે કે જ્યાંથી એ પાછો ફરી શકતો નથી. બસ, કષાયના અભિપ્રાયવાળા જીવની એવી સ્થિતિ છે. જેના અભિપ્રાયમાં રાગનો એક કણ પણ ઇષ્ટ છે એ કેટલા રાગને કરશે એનો કોઈ છેડો નથી. એને અનંતાનુબંધીનો રાગ કહ્યો છે. રાગનો રાગ તે અનંતાનુબંધીનો રાગ. અનંતાનુબંધીનું આ સ્વરૂપ છે.

રાગનો રાગ તે અનંતાનુબંધીનો કષાય છે અને એ અનંતાનુબંધી

ચોથા ગુણસ્થાને પહેલો જાય છે. ત્યાં એનો કષાય મર્યાદિત થાય છે પછી. આમ વ્રત નથી લીધા. ચોથા ગુણસ્થાને અવિરતી છે. પણ અનંતાનુબંધી (ચોકડી) એની ખલાસ થઈ છે અને એ રીતે એને વ્રત નામ કષાયની મર્યાદા થઈ ગઈ છે. જે અનંતો કષાય હતો એ ચોથા ગુણસ્થાને નથી રહેતો. પાંચમા ગુણસ્થાને આવે ત્યારે બીજી ચોકડી જાય છે. પણ પહેલી ચોકડી ચોથા ગુણસ્થાને જાય છે. તો એ મર્યાદા થઈ ગઈ છે અને બહુ મોટો ફેર પડ્યો છે. અનંત અનુબંધ કરે એવો કષાય ગયો, મર્યાદિત અનુબંધ થાય એવો પ્રત્યાખ્યાનવરણી, પછી અપ્રત્યાખ્યાનવરણી, સંજ્વલન ત્રણ બાકી રહ્યા. એ વધુ સ્થિરતા થતાં એ ચાલ્યા જશે.

**'જેમ કે :- એક નગરમાં એક પુરુષ રહે છે.'** નગર સમૂહ છે. એકલો રહે છે. એક શહેર છે, મોટું નગર છે, લાખો મકાન છે એની અંદર. એમાં એકલો છે. **'એક નગરમાં એક પુરુષ રહે છે. નગર સૂનું છે, ત્યાં બીજો કોઈ નથી. તે નગરમાં ચોરાશી લાખ ઘર છે,...'** કેટલા ? ચોરાશી લાખ ઘરમાં એકલો છે. બધા એના. ઠીક ને. શું કીધું ? કે ચોરાશી લાખ ઘર (છે). એક મકાન માટે પડાપડી કરે છે ને માણસ ? આ ચોરાશી લાખ ઘર તારા.

મુમુક્ષુ :- દુઃખીના દાળિયા...

પૂજ્ય ભાઈશ્રી :- આટલી બધી સંપત્તિ ન ગણાય ?

ખરેખર તો માણસને સંપત્તિ કરતા પણ મને મારી સંપત્તિવાળો બીજા સંપત્તિવાળો જોવે એ વધારે છે એને. સંપત્તિ કરતા પણ બીજો મને સંપત્તિવાળો જોવે. હવે આ તો એકલો છે. ચોરાશી લાખ ઘર એના. પણ કોણ જાણે કે એના છે ? આ નગર તો સૂનું છે એમ કહે છે. એમાં એને રસ કેટલો આવે ?

**'તે નગરમાં ચોરાશી લાખ ઘર છે, ત્યાં પેલો પુરુષ તે ઘરોને હંમેશા સુધાર્યા જ કરે છે.'** એને એક ટેવ પડી ગઈ છે. જે મકાનમાં રહે છે એને ઠીક કરે. વળી બીજા મકાનમાં જાય એને પાછો ઠીક કરે. **'વળી બીજે દિવસે બીજામાં (અન્ય ઘરમાં) રહે ત્યારે તેને સુધારે. એ પ્રમાણે તે ભીંતડાને સુધારતાં સુધારતાં આખો જન્મારો વીત્યો.'** આ બાજુ ભીંતડા સુધારે ત્યાં પાછા ઓલા જૂના થાય. જે એણે ઠીક કર્યા હતા એ

પાછા જૂના થાય. આ શરીર છે એને ઘર કીધું છે. શરીરમાં નિવાસ છે ને ? તો આને સુધારે છે. વળી પાછો બીજા ઘરમાં જાય તો એને સુધારે છે, વળી ત્રીજા ઘરમાં જાય તો એને સુધારે. એમ ને એમ એનો કાળ ગુમાવે છે. શરીરની પળોજણમાં જ આખી જિંદગી કાઢે છે. એને ખવડાવવું, પીવરાવવું, નવડાવવું, ધોવરાવવું, પાલીશ કરવું, એના સૌંદર્યના પ્રસાધન વાપરવા. અત્યારે કેટલા નિકળ્યા છે. છપ્પનશે જાતના. બસ, એમ ને એમ શરીરની પળોજણ, શરીરના લક્ષે આખો જન્મારો જાય છે એનો.

'ગુરુદેવ' કહેતા કે મશાણના લાકડાને પાલીશ કર તો આખરમાં તો એ મશાણનું લાકડું છે. જેમ બીજા લાકડા મશાણમાં સળગશે એમ સાથે સાથે આ સળગશે. તો પછી એ બેય સરખું છે. એમાં ફેર શું છે ? ગમે તેટલું પાલિશ કર તોપણ એ પાલીશ કરી કરીને ત્યાં મૂકવાનું છે પાછું. નકામો તારો કિંમતી વખત તું ગુમાવે છો. એ રીતે આખો જન્મારો વીત્યો એટલે અનંત કાળ ગયો. '**તેને સુધારવાનો રોગ થયો છે.**' એકલું સુધારવામાં પાછી એની પળોજણ કેટલી ? જેટલું એને સરખું રાખવું હોય, જેટલી સગવડતાવાળું રાખવું હોય એટલી પાછી એને પૈસાની વ્યવસ્થા જોઈએ. જેટલા પૈસાની વ્યવસ્થા જોઈએ એટલું એ પૈસા કમાવાના સાધનની વ્યવસ્થા જોઈએ. એ સાધન બરાબર રહે એના માટેના એના બધા પાછા વર્તુળો બરાબર જોઈએ. ઘરાગી બરાબર જોઈએ, દુકાન જે ચાલતી હોય એમાં. એને લગતા જેટલા સંબંધો હોય એ પાછા બરાબર એને રાખવા જોઈએ. મોટી વણઝાર ઊભી થાય. એમાં ને એમાં આખો જન્મારો એનો ચાલ્યો જાય.

ભાઈ ! એ એક Side Business કરીને એકકોર રાખ. માણસ શું કરે છે ? નિવૃત્ત માણસ હોય તો કાંઈ કોઈની પાસે માગવું એના કરતા આપણે... શું કહે છે ? પાર્ટટાઈમ સર્વિસ કરી લેવી. શું કહે છે એને ? કે બે કલાક અમે આવશું. તમારું કામ આ પ્રકારનું છે અમે જાણીએ છીએ. કરી દઈશું. બાકી હવે પછી બાવીસ કલાક અમારી. બે કલાક તમારી અને બાવીસ કલાક અમારી. અને અહીં તો એવી સગવડ છે કે એ બે કલાકમાં પણ તું તારા ઉપયોગને, તું તારા જ્ઞાન પરિણામને, શ્રદ્ધાનના પરિણામને તો ઠેકાણે રાખી શકે. એમાં કાંઈ એ બે કલાકે

આખું ઓરાઈ જવાની જરૂર નથી. ઉપરછલ્લા ઉપયોગથી તો ઘણા વિચારો કરે છે કે નહિ ? એ ઉપરછલ્લા ઉપયોગથી થોડો ટાઈમ કામ થઈ જાય. થઈ જાય તે થઈ જાય. ન થઈ જાય તે ન થઈ જાય. એ તો એક બાજુની ચીજ છે. એ કાંઈ મૂળ કરવા લાયક એનો મૂળ સ્વભાવ અને મૂળ ધર્મ અને મૂળ ફરજ નથી, કર્તવ્ય નથી. કર્તવ્ય બીજું છે. એને ગૌણ કરી નાખ્યું એટલે નહિવત્ કરી નાખ્યું. અને આને મુખ્ય કરી નાખ્યું. શરીરને સુધારવાનું સાધન એને મુખ્ય કરી નાખ્યું અને બાકીનું બધું ગૌણ કરી નાખ્યું.

(ઘણાં) એમ કહે કે અમને વખત નથી, આ બધું વિચાર કરવાનો. અરે..! મરવાનો વખત નથી, એમ કહે. એટલા બધા અમારે કામ છે કે અમને ક્યાંય વખત મળતો નથી. એ મુખ્યતા આપી દીધી. વખત તો મળે છે. જ્યાં એણે લાભ માન્યો છે, મહત્તા આપી છે ત્યાં બધો વખત ગાળે જ છે.

**'તેને સુધારવાનો રોગ થયો. જ્યારથી સુધારતો હતો ત્યારથી રોગ લાગ્યો હતો.'** અનાદિથી આ રોગ લાગ્યો હતો. નવો થયો છે એમ નથી, પણ અનાદિથી આ રોગ એને લાગેલો છે. ચોરાશી લાખ યોનિમાં ઊપજે છે અને ત્યાં એ શરીરની સંભાળ કરી કરીને આખું આયુષ્ય વ્યતીત કરે છે. વળી નવા શરીરમાં જાય છે, વળી એની સંભાળમાં આખું આયુષ્ય વ્યતીત કરે છે. વળી નવા શરીરમાં જાય છે, વળી ત્યાં આખું આયુષ્ય વ્યતીત કરે છે. અને જગત ઉપર દૃષ્ટિપાત કરો તો આ વાતની સત્યતા માલુમ પડે છે. કહેવાતા જગતમાં બુદ્ધિશાળી ડાહ્યા, વિચારક માણસો શરીરની પાછળ સમય કેટલો વ્યતીત કરે છે અને શરીરની અનુકૂળતાઓ મેળવવા પાછળ કેટલો સમય વ્યતીત કરે છે એ બધું એક જ થયું.

**'ત્યારથી રોગ લાગ્યો હતો. તે પોતાની પરમ ચતુરાઈને ભૂલ્યો.'** ખરેખર તો એ જીવ ડહાપણ ચૂક્યો છે એમ કહે છે. લોકમાં તો જીવ વ્યવસાય કરે, સારો વ્યવસાય કરે, ઘણા પૈસા કમાય ત્યારે એમ કહે છે કે બહુ ચતુર છે, હોશિયાર છે, ડાહ્યો છે, ઘણી આવડત છે અને એણે પોતાના બુદ્ધિબળથી અને બાહુબળથી કાંઈ નહોતું એમાંથી આટલું ઊભું કર્યું. બાપ-દાદા દરિદ્ર હતા, પોતે પણ દરિદ્ર હતા અને અત્યારે

બહુ સંપન્ન થઈ ગયા અને સુખી થઈ ગયા. તેને અહીંયાં ચતુર કહેતા નથી. એને પાગલ અને રોગિષ્ટ કહે છે. રોગિષ્ટ કહે છે એને તો. જગતમાં લોકો એની મહત્તા આપે છે.

છાપાની અંદર શ્રદ્ધાંજલી આવે છે. ફલાણા ફલાણા શેઠ. પછી જેટલા એના કન્સર્ન હોય, એના સંબંધીઓ હોય એના નામ આવે. ઉપર એનું વર્ણન આવે કે બહુ સામાન્ય સ્થિતિમાંથી, પોતાના બુદ્ધિબળથી જેણે જીવનમાં ઘણો વિકાસ કર્યો એવા બુદ્ધિશાળી હતા. તમારા જેવું અમને પણ થાવ. પછી શું કહે ? પછી પાછા કહે, તમારા જેવું અમને પણ થાવ. જ્ઞાની એના ઉપર મીંડુ મૂકે છે, ચોકડી મૂકી દે છે. જગત એને સો માર્ક આપે છે, ઘણા માર્ક આપે છે, પણ જ્ઞાની એના ઉપર ચોકડી મૂકે છે કે આ બિચારાએ એની જિંદગી આમ ને આમ સંયોગ પાછળ વેડફી નાખી. અને કાંઈ લીધા વિના. આટલું બધું ભેગું થયું પણ કાંઈ લીધા વિના એકલા પાપના પોટલા બાંધીને ક્યાં ચાલ્યો ગયો એનો પત્તો નથી.

'ગુરુદેવ' તો કહેતા ને આ રાજા ને શેઠિયા અને બીજા ને ત્રીજા ઢેઢગરોળીના કૂખે ચાલ્યા જશો. જૈન હોય તો સીધા નરકમાં ન જાય. એ અભક્ષ્યને એવું ન ખાતા હોય. પણ આ વેપાર-ધંધા અને કારખાનામાં એટલા બધા પાપના પોટલા બાંધે કે ક્યાં ચાલ્યો જઈશ એનો પત્તો લાગશે નહિ. અહીંયાં એને બધા ખમા-ખમા કરતા હોય. શેઠ સાહેબ.. શેઠ સાહેબ.. જાય ઢેઢગરોળીની કૂખે. એના ઘરમાં ઢેઢગરોળી થઈને આવે તો છી છી કરીને આઘી કાઢે. આ પરિસ્થિતિ થાય. એ વિવેક નથી, અવિવેકી છે એમ કહે છે.

(અહીં સુધી રાખીએ...)

**તા. ૧-૧૨-૧૯૮૫, પાના નં. ૩૯, પ્રવચન નં. ૭૩**

જેમ એક નગરમાં એક પુરુષ રહે છે. સુનું નગર છે. એ નગરમાં ચોરાશી લાખ ઘર છે. **'ત્યાં પેલો પુરુષ તે ઘરોને હંમેશા સુધાર્યા જ કરે છે. વળી બીજે દિવસે બીજામાં (અન્ય ઘરમાં) રહે ત્યારે તેને સુધારે. એ પ્રમાણે તે ભીંતડાને સુધારતાં સુધારતાં આખો જન્મારો વીત્યો. તેને સુધારવાનો રોગ થયો. જ્યારથી સુધારતો હતો ત્યારથી રોગ લાગ્યો હતો. તે પોતાની પરમ ચતુરાઈને ભૂલ્યો.'** ત્યાં સુધી કાલે લીધું હતું. જેમ માણસને કોઈ ધૂન ચડે છે તો એ જેની ધૂન ચડી હોય એનું કામ કર્યા જ કરે છે. પાગલ માણસ જોવામાં આવે છે. કપડાને ગાભાને ભેગા કરીને બાંધે, પોટકું કરે. વળી પાછો છોડે, વળી પાછો બાંધે, વળી પાછો છોડે. એમ ને એમ કર્યા જ  કરે. એમાં એનો સમય જાય એનું કાંઈ નહિ અને કારણ વગર પણ એ પ્રવૃત્તિ કર્યા કરે. એ દૃષ્ટાંત છે.

**'પોતાની પરમ ચતુરાઈને ભૂલ્યો. તે પુરુષને મોટી વિપત્તિ થઈ પડી કે વગર પ્રયોજને એકલાં સૂનાં ઘરમાં તેની મહેનતમજૂરીમાં તે મંડ્યો રહે છે.'** સૂના ઘરમાં વગર પ્રયોજને એમ લીધું છે. કોઈ એમાં પ્રયોજન એનું સિદ્ધ થતું નથી. અને ફાલતુ મહેનતમજૂરીમાં એ લાગ્યો રહે છે. **'પોતે અનંત બલવાન છતાં વૃથા ભૂલી દુઃખ પામે છે.'** એ દૃષ્ટાંત છે. પોતે બળવાન હોવા છતાં પોતાના બળને ભૂલીને વ્યર્થ પરિશ્રમ કરીને દુઃખ પામે છે, વૃથા પરિશ્રમ કરીને દુઃખ પામે છે. એમ લેવું છે કે સંયોગો સુધારવાની જીવની જે વૃત્તિ છે એ વૃથા પરિશ્રમ છે. એ વૃત્તિ દુઃખદાયક છે. અને એ પરિશ્રમ કરતા એ પોતાના અનંત સામર્થ્યને ભૂલે છે. પોતાના ચૈતન્યના અનંત સામર્થ્યને ભૂલીને એ બહારના સંયોગો સુધારવાની, વધારવાની, જાળવવાની, સાચવવાની એ પ્રકારની એને વૃત્તિ રહ્યા કરે છે. તદ્અનુસાર પ્રવૃત્તિ પણ કાંઈને કાંઈ એ કર્યા કરે છે. જોકે પ્રવૃત્તિ કરવી એ એના હાથની વાત નથી. પરંતુ એની વૃત્તિ રહ્યા કરે છે. એમાં એ પોતાના અનંત સામર્થ્યને ભૂલે છે એ વાત

નિશ્ચિત છે.

'ગુરુદેવે' દુકાન છોડી. દુકાને બેસતા હતા ને ? તેર વર્ષની ઉંમરથી દુકાને બેસતા હતા. પહેલા તો લાંબુ ભણતર નહોતું. સાત ચોપડી ભણે એટલે સો વર્ષ પહેલા તો બહુ કહેવાતું. સાત ચોપડી ભણે એટલે છોકરાને ઉઠાડી મૂકે અને કાં નોકરી કરે કા દુકાને (બેસે). ઘરની દુકાન હોય તો પિતાજીની દુકાને બેસી જાય. સાધારણ હોય તો નોકરીએ લાગી જાય. ઓગણીસ વર્ષ સુધી દુકાને બેઠા. છ-સાત વર્ષ. પછી દુકાન છોડી ત્યારે આ વિચાર નહિ કર્યો હોય ? કે પ્રવૃત્તિ છોડે એ ખાય શું ? પ્રવૃત્તિ ન કરે એ ખાય શું ? એવો વિચાર નહિ કર્યો હોય ? અને પ્રવૃત્તિ કરે તે જ ખાય છે અને પ્રવૃત્તિ છોડે તે બધા ભૂખ્યા રહે છે એવું કાંઈ જોવામાં આવે છે ?

પ્રવૃત્તિ છોડવાવાળાને એની ચિંતા હોય એ પ્રવૃત્તિ છોડી શકે છે ? પ્રવૃત્તિ તો તે જ છોડે છે કે જેની એને ચિંતા નથી. કોણ છોડે છે ? ચિંતાવાળો છોડી શકે ? છોડી ન શકે. એની ચિંતા ન હોય એ છોડી શકે વાસ્તવિકપણે. પણ એ ચિંતામાં એને કર્તૃત્વબુદ્ધિ પણ છે કે હું મારા ડહાપણથી, મારી ચતુરાઈથી જગતના સંયોગો મેળવી શકું, પ્રાપ્ત કરી શકું, બધું સરખું રાખી શકું, બધી વ્યવસ્થા હું ગોઠવી શકું. એ બધું કર્તૃત્વ એની અંદર ઊભું છે. કર્તૃત્વ પડ્યું છે.

મુમુક્ષુ :- બધું એમ ને એમ જ ગોઠવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગોઠવાય છે. ત્યારપછી સંપ્રદાયનું પરિવર્તન કર્યું ત્યારે ત્રણ-ચાર જણા સાથે હતા. પછી હજારો માણસો આવવા માંડ્યા, મકાનો બનવા માંડ્યા, મંદિરો બનવા માંડ્યા. કોણે કર્યું એ બધું ? આરોપથી લોકો એમ કહે કે, સાહેબ ! આપ હતા તો આ બધું થયું. તો કહે, અમે કાંઈ કર્યું નથી. અમે એના કર્તાહર્તા નથી અને અમે એ કાંઈ કર્યું નથી. કોઈને ઘરે ઘરે બોલાવા ગયા હતા ? કે તમે આવો ભાઈ, 'સોનગઢ' આવો. અને બોલાવવા જાય તો કોઈ આવે ખરું ? એ પણ પરિસ્થિતિ સંભવિત નથી.

મુમુક્ષુ :- અજાણ્યા માણસો એમ પૂછે છે, 'કાનજીસ્વામી' ગયા પછી એનો વહીવટ કોણ કરે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે અત્યારે સાધુ થઈને પણ

વહીવટ કરે છે. સાધુ હોય એ પણ વહીવટમાં માથું મારે છે. આ તો સાધુ નહોતા જોકે. પણ જે સાધુ તરીકે પોતે માને છે, મનાવે છે એ લોકો પણ વહીવટ કરે. મીટિંગો ભરાવે. મીટિંગોની અંદર ભલે પોતે ન રહે પણ જે કાંઈ એને પક્ષ હોય એ બાજુના બધા પરિણામો એના ચાલતા હોય, એ પ્રમાણે સૂચનાઓ આપે. એ બધું જોવાય છે અત્યારે. સ્પષ્ટ છે ને ? એટલે એમ કહે, એ ગયા તો હવે કોણ વહીવટ કરશે ? અમને પૂછે છે એવું, હોં !

અમે તો એમ કહીએ છીએ કે હતા ત્યારે પણ વહીવટમાં તો કોઈ દિવસ માથું મારતા જ નહોતા. સંસ્થાનો વહીવટ તો ગૃહસ્થો જે ટ્રસ્ટીઓ છે એ કરતા હતા અને એ કરે છે. કોઈ દિવસ એમણે વ્યવસ્થાની અંદર માથું માર્યું નથી. વ્યવસ્થા કેમ ચાલે છે એ પૂછ્યું નથી. એની અંદર કોઈ સૂચના દીધી એવું ક્યારેય બન્યું નથી. અરે..! ફલાણા ગામમાં ઘણા મુમુક્ષુ છે માટે મંદિર બંધાવો એવું નથી કહ્યું. ક્યાંય મંદિર બંધાવો એમ પોતે નથી કહ્યું કે તમે અહીંયાં ભગવાનનું મંદિર બંધાવો. એવું નથી કહ્યું. બીજી તો વ્યવસ્થા ક્યાં રહી ?

મુમુક્ષુ :- એકવાર કહ્યું, પોતે કહેતા, એક લાખ પુસ્તકો છપાવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક ઉપર એમને ઘણો ભાવ હતો. મુમુક્ષુની ભૂમિકાને યોગ્ય એટલો બધો વિષય એની અંદર સૂક્ષ્મ રીતે પણ આવ્યો છે કે એ ગ્રંથ અનુસાર જો મુમુક્ષુ પોતાની દશા કેળવે અને એને મોક્ષમાર્ગ હાથમાં ન આવે એવું ન બને. એ એવી ચીજ બહાર આવી કે એને મોક્ષમાર્ગ ન મળે એ પ્રશ્ન જ નથી. જોકે એમાં એ પોતે જ કહે છે કે એને થાય જ થાય. માર્ગ મળે જ મળે. ન મળે એ પ્રશ્ન નથી. ચૌદ્ બ્રહ્માંડ ફરી જાય તો ફરી જાય, માર્ગ ન મળે એવું કદિ બને નહિ. એટલી બધી જોરથી, guranteeથી વાત કરી છે. એવો સ્પષ્ટ વિષય એકધારો, એક જ જગ્યાએ, એક જ ગ્રંથમાંથી (ક્યાંય મળે નહિ).

મુમુક્ષુએ તો જેમ ઓલા અન્યમતમાં રોજ 'ગીતા' વાંચે એમ જૈન-ગીતા સમજીને વાંચવા જેવું પુસ્તક છે. કાંઈકને કાંઈક એને પોતાને એમાંથી મેળવવાનું મળે, મળે ને મળે. મુમુક્ષુને તો એમાંથી કાંઈક મળે, મળે ને મળે જ. કોઈપણ સ્તરના મુમુક્ષુને. પાછા સામાન્ય

મુમુક્ષુ, વિશેષ મુમુક્ષુ, મધ્યમ મુમુક્ષુ. જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ત્રણ વર્ગ પાડો તોપણ એ બધાને મળે એવું છે. એટલે એમની જ્ઞાનની નિર્મળતામાં એ વિષય આવ્યો છે કે મુમુક્ષુસમાજને દેવા યોગ્ય, કહેવા યોગ્ય એવી વાત શું છે એ એમને ખ્યાલમાં આવ્યું છે. એ વાત એમના પ્રવચનોમાં, વાંચનમાં નીકળી છે. શાસ્ત્ર વાંચન કરતા ને ? રાત્રે બહેનોની સભામાં શાસ્ત્ર વાંચન કરતા. ત્યારની એ બધી વાતો છે. અત્યારે પણ ઘણી ચર્ચાઓ ચાલે છે. પૂછે એને તો બધી વાત બહુ સ્પષ્ટ આવે છે.

મુમુક્ષુ :- બધી છપાવવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બનવાનું હોય ત્યારે બને છે. ભાવના તો સારી છે.

મુમુક્ષુ :- આ ટ્રસ્ટીઓ વહીવટ કરે પણ એ પણ કરતા જ નથી ને ? ઓટોમેટિક જ થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી : હા. એ તો વહીવટ કરવાના ભાવ કરે છે એટલે વહીવટ કરે છે એમ કહેવાય છે. ભાવ કરે છે. જીવ તો પરિણામ સિવાય બીજું શું કરે ? જીવના કાર્યક્ષેત્રની મર્યાદા તો પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. પોતાના સ્વચતુષ્ટ્યથી બહાર તો કોઈ જીવ કે અજીવ કોઈ પદાર્થનું પરિણામ જ અશક્ય અને અસંભવિત છે. એ જ્યાં વસ્તુ વિજ્ઞાન છે ત્યાં બીજું કોઈ કોઈનું કરવાનો પ્રશ્ન ક્યાં છે ? ભાવ ગમે તે કરે. એ તો ન કહ્યું ? આકાશને બાંધ્યું. જીવ શું કરે છે ? આકાશને બાંધ્યું એમ કીધું, લ્યો ! 'દીપચંદજી'એ. આવ્યું કે નહિ ? એટલે એવા ખોટા પરિણામ કર્યા. કોઈ આકાશને બાંધી નથી શકતું.

મુમુક્ષુ :- ૩૧ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- આકાશને બાંધ્યું ! છે. '**ચેતના મારો પાડેલો ફંદ એવો છે, (જાણે) આકાશ બાંધ્યું ! અચરજ થાય છે.**' કોઈ એમ કહે કે આકાશને હું એક ગાંઠડી-પોટકું બાંધીને એક કોર ઘરમાં મૂકી દઉં. આકાશને ઘરની અંદર પેટીમાં, પટારામાં પોટકું બાંધીને રાખી દઉં. એ જેવી ફાલતુ કલ્પના છે, એવી જગતના કાર્યો કરવાની જે કલ્પના છે એ બધી એવી જ છે. આકાશને બાંધવાની વાત છે. એક રજકણની પર્યાયને તું સ્પર્શી શકે નહિ. અનંત રજકણોના સ્કંધને હું આમ કરું અને

તેમ કરું. ક્યાંથી લાવ્યો ? એ વાત છે એ બિલકુલ અણસમજણ અને અજ્ઞાન ભરેલી વાત છે.

મુમુક્ષુ :- પરિણામ કરે છે તે યોગ્યતા અનુસાર થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જાય છે. યોગ્યતા અનુસાર પરિણામ થયા જ કરે છે.

મુમુક્ષુ :- ધારે એવા પરિણામ...

પૂજ્ય ભાઈશ્રી :- ઈચ્છા પ્રમાણે કોઈ કરી શકે એ પણ વસ્તુસ્થિતિ નથી. કેમકે ઈચ્છા એક સમયનો રાગ છે. અને એને આધીન કાંઈ આખું દ્રવ્ય નથી. ઈચ્છા એક સમયનો રાગ છે. એને આધીન ન તો આખું સ્વદ્રવ્ય છે કે ન તો કોઈ પરદ્રવ્ય છે. આમ છે ખરેખર તો. યોગ્યતા અનુસાર પરિણામ થયા કરે છે.

જે જીવને વર્તમાન સ્થિતિમાં દુઃખાનુભવ છે, દુઃખનો અનુભવ છે એ જીવ સુખ માટે પોતાની સમજણ પ્રમાણે કાંઈને કાંઈક કરવાની ઈચ્છા કર્યા કરે છે, રાગ કર્યા કરે છે, અભિલાષા કર્યા કરે છે. પોતાની સમજણ પ્રમાણે કે આ રીતે સુખ થશે, આમ કરતા મને સુખ થશે, આમ સુવાથી સુખ થશે, જમવાથી સુખ થશે, આરામથી સુખ થશે, હાલવાથી, ચાલવાથી સુખ થશે, બેસી રહેવાથી સુખ થશે, દુકાને જવાથી સુખ થશે, દુકાને નહિ જવાથી સુખ થશે, એમ બધા પ્રકારની કલ્પના કર્યા કરે છે. સુખ આત્મામાં છે એવું જેણે જાણ્યું એ આત્મામાં એકાગ્ર થયા અને એણે વાસ્તવિક સુખામૃતનો અનુભવ કર્યો. બાકી બધા સુખ માટેના ઝાંવા તદ્દન નકામા અને વ્યર્થ છે. કોઈ રીતે જીવને સુખ થાય એવું નથી.

મુમુક્ષુ :- પરિણામને અને પર્યાયને કર્તા-કર્મ સંબંધ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામ અને પર્યાય તો એક જ છે. પરિણામ કહો કે પર્યાય કહો. એ તો બંને એક જ વાત છે. શબ્દભેદ છે. પરિણામનું બીજું નામ પર્યાય છે અને પર્યાયનું બીજું નામ પરિણામ છે. કોઈ એવી વિવિક્ષા છે કે પદાર્થનું પરિણામ હોવાથી પદાર્થ પોતાના કાર્યને કરે છે એમ ગણીને આખા પદાર્થને કર્તા કહેવામાં આવે છે અને પરિણામને એનું કાર્ય કહેવામાં આવે છે. તોપણ પદાર્થનો સામાન્ય ધ્રુવ અંશ અવિકળ અને અવિચલિત રહેતો હોવાથી, સ્વભાવ અચળ રહેતો

હોવાથી પરિણામ અંશ પરિણામને કરે છે, પરિણામના ષટ્કારકો પરિણામના કાર્યને કરી રહ્યા છે. પરિણામ પરિણામનો કર્તા છે, પર્યાય પર્યાયનો કર્તા છે. એ કર્તાકર્મની ચરમસીમા છે એમ પણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- શુભાશુભ પરિણામ તો જ્ઞાનમય છે.

પૂજ્ય ભાઈશ્રી :- શું પ્રશ્ન છે ? જો પોતે પોતાના સ્વરૂપનું જ્ઞાન કરે તો જ્ઞાનમય છે. જો પદાર્થ પોતે, આત્મપદાર્થ પોતે પોતાના સ્વરૂપનું જ્ઞાન ન કરે તો પોતાના સ્વરૂપના અજ્ઞાનમય છે અને જ્યારે અજ્ઞાનમય છે ત્યારે એ પોતાનું અકર્તાપણું ભૂલીને પરપદાર્થનું અને રાગનું કર્તાપણું એને અજ્ઞાનમાં ભાસે છે કે હું તો આ કરું છું, હું આ કરી શકું છું એવું એને ભાસે છે. એ આભાસ એનો જૂઠો છે. વસ્તુ સ્થિતિ નથી.

અહીંયાં તો શું વિચારવા જેવું છે ? કે આ જીવ આત્મામાં પ્રવૃત્તિ નહિ કરવાને બદલે. હવે પોતા માટે શું વિચારવા યોગ્ય છે ? કે આ જીવ આત્મામાં પ્રવૃત્તિ નહિ કરવાને બદલે સંયોગાશ્રિત ભાવોના પરિણામ કરે છે. તો એ પેલા પુરુષની જેમ ચોરાશી લાખ ભીંતડાને સુધારવાવાળો છે. બીજું કાંઈ કરતો નથી. ફરી ફરીને એ સૂનાં નગરમાં જેમ એક એક મકાનના ભીંતડાને સરખું કરીને વળી, બીજા મકાનમાં જઈને એના ભીંતડા સરખા કરે, વળી ત્રીજા મકાનમાં જઈને એના ભીંતડા સરખા કરે. એમ આ પણ પોતાના સંયોગોના ભીંતડા પાછળ લાગેલો છે. મંડી પડ્યો છે. સંયોગો સરખા થશે કે નહિ થશે ? ભીંતડા સરખા રહેશે કે નહિ રહે. વળી પાછું એને તો ઘર બદલવું પડે છે. જેમ નોકરિયાતને નોટિસ આવે અને બદલી થાય એમ આની પણ બદલી થઈ જાય છે. ગમે તેટલા ભીંતડા સુશોભિત કરી કરીને ઘડીક રાજી થાય, પણ એનું કાંઈ એમાંથી પ્રયોજન સરે એવું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મજૂર જ છે, મજૂરી કરે છે. એ એમ કહેતા કે આ મજૂર છે ને એ ચાર કે આઠ કલાક મજૂરી કરે. પછી એને તો શારીરિક પરિશ્રમ છે એટલે થાક્યો-પાક્યો નિરાંતે શાંતિથી નીંદર લે, સૂઈ જા. ભલે પછી ઘરે ખાટલામાં કાંઈ પાથરવાનું ન હોય ને એમ ને એમ સૂઈ જાય. કે નીચે ઓટલે કોથળો નાખીને સૂઈ જાય. પણ આ

મોટો મજૂર એવો છે, શેઠિયાઓને ખાસ સંબોધીને કહેતા કે આ બધા મોટા મજૂર એવા છે કે ચોવીસ કલાક બસ, સંયોગોની માળા ફેરવ્યા જ કરે છે. આમ કરું, તેમ કરું, ઘરે જાય તો ટેલિફોન, ધંધાના ટેલિફોન, કામકાજના ટેલિફોન. અને સવા મણની તળાઈ હોય પલંગમાં તોપણ એને ઊંઘ આવે નહિ. ઓલાને કોથળા ઉપર ઊંઘ આવે. આને ઊંઘ આવે નહિ પાછી. એકલી મજૂરી કરી કરીને મરી જાય છે. આયુષ્ય પૂરું કરી નાખે છે. એને સમયની મર્યાદા નથી.

'શ્રીમદ્જી'એ સત્તરમાં વર્ષમાં એક બહુ સરસ વાત કરી છે. પ્રવૃત્તિની મર્યાદા રાખજે. આમ આટલી વાત કરી છે. એનો અર્થ શું ? કે તારે પ્રવૃત્તિ કરવી પડે એવી પરિસ્થિતિ હોય અને બહારમાં લાચારી ન કરવાનો એક પ્રકાર ગોઠવવા માટે પણ પ્રવૃત્તિની પણ મર્યાદા રાખ. આટલા સમયથી વધારે (નહિ). દુકાનની પ્રવૃત્તિ દુકાને. ઘરે આવીને પછી એ પળોજણ નહિ. ઘરે સ્વાધ્યાય, વાંચન, ચિંતવન, મનન, ધ્યાન. જ્ઞાન-ધ્યાનની એની પ્રવૃત્તિ ઘરે રહેવી જોઈએ. દુકાનની વાત દુકાને પૂરી થઈ ગઈ. એ તો એક સાઈડ બિઝનેસ થઈ જવો જોઈએ. બાજુમાં ન ચાલતા કરવું પડે એ બીજી વાત છે. એમ સમજીને. બાકી મુખ્ય એનું લક્ષ્ય છે એ આત્મ કલ્યાણનું રહેવું જોઈએ. તો કાંઈક એનું વજન હોય તો આ બાજુનું કાંઈક રસ્તો મળવાની જગ્યા છે અને નહિતર રસ્તો મળે એવું નથી.

મુમુક્ષુ :- પ્રવૃત્તિની અંદર લીન થઈ ગયા હોય એના માટે વાત છે, પણ પ્રવૃત્તિથી છૂટા પડી ગયા હોય, તોપણ નિવૃત્તિમાં સમય હોય તોપણ પ્રમાદમાં જ આખો સમય પસાર થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત તો એવી છે કે પોતાનુ હિત કરવાની ધગશવાળાનો આ રસ્તો છે-આ માર્ગ છે. જેને પોતાનું હિત કરવાની અંદરમાં ધગશ છે એના માટેની આ લાઈન છે. જેને સ્વકાર્યની ધગશ નથી એ પ્રમાદ નહિ કરે તો શું કરશે ? અધ્યાત્મના પ્રકરણમાં પ્રમાદ શું ચીજ છે એ તમને ખ્યાલ છે ? પ્રમાદ છે એ કષાયના ભારથી ઝુકી પડેલું પરિણામ છે, લચી પડેલું પરિણામ છે. ઉપરથી એ શાંત દેખાય કે આને ક્યાં વિષયકષાય છે ? પણ જ્યાં પ્રમાદ છે ત્યાં કષાયનો ભાર અંદર ભર્યો છે. એવી એ સ્થિતિ છે. એટલે પ્રમાદને શાસ્ત્રમાં ચોર કહ્યો

છે. પ્રમાદ ચોર છે. જેમ ચોરની ભીતી લાગે એમ જીવના પરિણામમાં પ્રમાદ વર્તે ત્યારે પાત્રજીવને અંદરમાં ભય થઈ આવે છે.

આમ તો જગતમાં કોઈ પદાર્થથી બીવા જેવું નથી, કોઈનાથી ડરવા જેવું નથી. સંયોગોની કોઈપણ પ્રતિકૂળતાથી ડરવા જેવું નથી. એક અજ્ઞાનનો ભય અને પ્રમાદનો ભય અથવા આત્માના જે પરિણામ વધારે અહિતકર થતા હોય એવા જે પરિણામ (હોય) એનો ભય થવા યોગ્ય છે અને એ ભય થાય તો સમજવું કે કાંઈક પાત્રતા છે. જો એનો પણ ભય ન થાય તો સમજવું કે હવે આ સંસારમાં રખડવા માટેની બહાદુરી છે આની. જેટલી બહાદુરી છે એ બધી એની સંસારમાં રખડવાની બહાદુરી છે. સત્પુરુષોએ કહેવામાં તો કાંઈ બાકી રાખ્યું નથી. જીવને પોતાની યોગ્યતા અનુસાર ગ્રહણ થાય છે. જે કાંઈ ગ્રહણ કરવાનું છે એ તો પોતાની યોગ્યતા અનુસાર ગ્રહણ થાય છે.

**'આ પુરુષનું શહેર તો એક પરમ વસ્તીવાળું, ત્યાંનો તે રાજા છે.'** અનંત ગુણોની, દિવ્ય ગુણોની પરમ વસ્તીવાળુ અંદરમાં શહેર છે. ત્યાંનો પોતે રાજા છે. વસ્તુ પોતે ત્યાંનો રાજા છે. **'તેને સંભાળે તો સૂના ઘરની સેવા તજે, ત્યાંનું રાજ્ય કરે.'** જો પોતાના અનંત ગુણધામને અંદરમાં જ્ઞાનમાં લ્યે તો બહારની જે પળોજણ છે એ છોડે. **'તો સૂના ઘરની સેવા તજે,...'** અજીવ છે એ એના માટે સૂનું ઘર છે. રજકણો છે એમાં પોતાની હસ્તિ નથી, પોતાનું અસ્તિત્વ નથી. નિજ ચૈતન્યનું અસ્તિત્વ નિજ ચૈતન્ય સિવાય ક્યાંય નથી. માટે પોતાના સિવાય બધા અન્ય પદાર્થો પોતાના માટે સૂના ઘર જેવા છે. જ્યાં પોતે નથી. એની સેવા તજે, અને **'ત્યાંનું...'** એટલે પોતાનું **'રાજ્ય કરે.'**

અંદરમાં કેટલી રમણીયતા છે એ અંદર ગયા વિના તો ખબર પડે નહિ. અને અંદર કોઈ દિવસ ગયો નથી. એટલે એને એ રમણિયતાનો એને આનંદ અને સુખની અને સુંદરતાની એને કાંઈ અંદરની તો ખબર નથી. બહારની કલ્પના છે એ રમણીયતાની, સુંદરતાની. એટલે બહાર ને બહાર પરિણામ ફર્યા કરે છે. બહાર પરિણામ ફરતા આકુળતા ઊપજે છે. જડનો રસ લેતા ચૈતન્યની વિરુદ્ધતા, સ્વભાવની વિરુદ્ધતા થાય છે. જડનો રસ લેતા ચૈતન્યસ્વભાવની વિરુદ્ધતા, વિરાધના થાય છે તેથી એને દુઃખ થાય છે. સ્વભાવનો પ્રતિબંધ તે દુઃખનું કારણ છે.

'પંચાસ્તિકાય'માં એક એવો સિદ્ધાંત લીધો છે. 'પંચાસ્તિકાય સંગ્રહ' 'કુંદકુંદાચાર્ય'નું. જીવને સ્વભાવનો પ્રતિબંધ દુઃખનું કારણ છે. જ્ઞાનસ્વભાવ, સુખસ્વભાવ એનો અવરોધ થાય છે એટલે દુઃખ ઊપજે છે. બીજું કોઈ દુઃખનું કારણ નથી. એવા જડાશ્રિત પરિણામ પોતે જ કરે છે. એ એને દુઃખ ઊપજાવે છે.

મુમુક્ષુ :- પ્રતિબંધ એટલે શું કહેવા માગે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતિબંધ એટલે સ્વભાવ જેવો છે એવો જ અવસ્થામાં વ્યક્ત થવો જોઈએ, પ્રગટ થવો જોઈએ. એના બદલે એને રોકે છે. એવા પરિણામ કરે છે કે એ પ્રગટ નથી થતો. સ્વભાવ પ્રગટ નથી થતો. ઊંધા પરિણામ કરે છે, એની વિરુદ્ધના પરિણામ કરે છે. ચૈતન્ય પોતે પોતાને સેવવાને બદલે જડને સેવે છે.

મુમુક્ષુ :- દુર્લક્ષ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દુર્લક્ષ કરીને પાછો જડને સેવે છે. પોતાનું તો દુર્લક્ષ કરે છે અને જડની સેવા કરે છે. શરીરની સેવા કરે છે, સંયોગોની સેવા કરે છે. એ ચૈતન્યના સ્વભાવને રોકનારા પરિણામ છે.

મુમુક્ષુ :- અંદર રમણીયતા છે તો કેવી કેવી રમણીયતા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ગજબની રમણીયતા છે ! મુનિઓને ચક્રવર્તી વંદવા આવે તો સામું જોવાની એને પડી નથી. એવી એ રમણીયતા છે. ચક્રવર્તી નીકળે અને બહાર જંગલમાં જતા હોય ને એમાં કોઈ મુનિરાજ ધ્યાનમાં બેઠેલા જોવે. વંદન કરવા આવે પણ એને સામું જોવાની પડી નથી. એવી અંદરમાં રમણીયતા છે. કેવી હશે ! 'વંદે ચક્રી તથાપિ ન મળે માન જો.' ઈન્દ્રો આવે. ગમે તે આવે નહિ. આ આત્માથી કોણ અધિક છે ? અંદર પરમેશ્વરપદથી કોણ અધિક છે એમ જોવે છે.

મુમુક્ષુ :- પરમેશ્વરપદમાં બીજું અંદરમાં શું શું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઘણું છે. પાર વગરનું છે. શું શું છે એ કહેવા બેસે તો ભગવાનની વાણી થાકે એવી વાત છે. અંદરમા એટલું બધું છે કે દિવ્યધ્વનિની શક્તિ બહારની વાત છે. છદ્મસ્થની વાણી તો શું કહે એને ? અંદરમાં જાય તો ખીલેલું નંદનવન છે, પાંગરેલું નંદનવન છે. આરામનું, અભિરામનું સ્થાન છે, જ્યાંથી બહાર નીકળવું ગમે નહિ. એટલે તો સાધક ભાવના ભાવે છે કે એવો અપૂર્વ અવસર, ધન્ય

અવસર ક્યારે આવશે કે અંદર જઈએ તો બહાર પાછા જ આવીએ નહિ. વચનામૃતમાં ઘણા એવા મીઠા બોલ લીધા છે. ક્યારે એમાં એવા સમાઈને રહીએ કે બહાર જ આવવાનું બને નહિ ? અને 'પદ્મપ્રભમલધારીદેવે' 'નિયમસાર'માં મુનિઓને સ્વરૂપમંથર કહ્યા છે. સ્વરૂપમંથર. સ્વરૂપની અંદર એવા જામી ગયા છે કે બહાર નીકળવા માટે એ આળસુ છે. બહાર ઉપયોગ આવવો એ એમને ફાવતું નથી. એવું મુનિઓનું સ્વરૂપ લીધું છે. એને નમો લોએ સવ્વસાહુણં કહ્યા છે. એવા વીતરાગી મુનિઓ છે.

**'તેવી રીતે આ ચિદાનંદ ચોરાશી લાખ યોનિના શરીરોની સુધારણા કર્યા કરે છે.'** શરીરરૂપી ઘરમાં આવે છે અને એ શરીરને સુધારે છે. શરીરને સરખું રાખવું, શરીરને જાળવવું, સાચવવું, ઠીક રાખવું એ શરીરને સુધારવાની પળોજણમાંથી એને આત્મામાં ઉપયોગ દેવાની ફુરસદ લાગતી નથી. એમ કહેવું છે. જે શરીરમાં આવે એને સુધાર્યા કરે. ગમે તેટલું સુધારે તો પાછું છોડ્યે છૂટકો. એ કાંઈ સુધારેલું એમ ને એમ સુધારેલું રહી જાય એમ છે નહિ. સુધારવાનો ઘણો પ્રયત્ન કરે અને બગડતું પણ જાય. છતાં પોતે સમજતો નથી. કે આ હું સુધારવાનું કરું છું ને કેમ બગડે છે ? સુધારવાની મહેનત કરું છું ને મારી મહેનત કેમ કામમાં આવતી નથી ? કે મહેનત કામમાં આવે એ વસ્તુસ્થિતિ નથી. તને ભાવ તારા દુઃખદાયક થાય. બાકી બીજું કાંઈ થાય નહિ એમાંથી.

આપણે ત્યાં તો 'ગુરુદેવ'ની સભામાં સાંભળવા માટે ઘણા ડૉક્ટરો આવતા હતા. મોટા મોટા ડોક્ટરો આવતા હતા. મોટા સર્જનો (આવતા). એને 'ગુરુદેવ' પૂછતા કે આ તમે ડૉક્ટરો દવા કરો તો કાંઈ થાય ખરું કે નહિ ? ફાયદો થાય કે નહિ ? દર્દીને કે તમને પોતાને ? તમારી દવા કરો કે બીજાની. કાંઈ કરી શકો છો કે નથી કરી શકતા ? એ બધું કાંઈ નથી કરી શકતા એ તો પ્રત્યક્ષ અનુભવ થાય છે. આ વાત સમજ્યા પછી એ વાતનો પ્રત્યક્ષ અનુભવ થાય છે કે કાંઈ કરી શકાતું નથી. છતાં કરતા હોવાનું માને તો એમાં આકુળતા થવાની. બીજું કાંઈ થવાનું નથી.

મુમુક્ષુ :- મોટા મોટા ડૉક્ટરો 'ગુરુદેવ'ને કહે, એવા આશીર્વાદ આપો કે તરફડી તરફડીને ન મરું.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આશીર્વાદ શું કરે એમાં ? એને તો એક બહુમાનનો ભાવ થયો. બાકી તો પૂર્વકર્મનો ઉદય છે.

મુમુક્ષુ :- બીજાને ...

પૂજ્ય ભાઈશ્રી :- એને તો ડૉક્ટરોને તો દર્દીઓનો જ પ્રસંગ છે. બીજાની અશાતા જોઈને મને આવી અશાતા ન થાવ એવા પરિણામ થાય. બીજા કોઈને તરફડીને મરતા જોવે તો પોતાને આવું ન થાય એમ ઈચ્છે. પણ એ તો પૂર્વકર્મ અનુસાર છે.

પરિણામને પોતાના સ્વરૂપમાં રાખવા કે પોતાની બહાર જવા એ પોતાના પુરુષાર્થને આધીન છે, ઈચ્છાને આધીન નથી. પુરુષાર્થને આધીન છે. ઊંધા પુરુષાર્થને આધીન દુઃખ થશે. અને સવળા પુરુષાર્થને આધીન સુખ થશે. પુરુષાર્થ કઈ દિશાનો કરવો ? પુરુષાર્થ તો કરી જ રહ્યો છે, થઈ જ રહ્યો છે. કઈ દિશા પુરુષાર્થની હોવી જોઈએ એનો વિવેક થાય તો પુરુષાર્થ આપોઆપ દિશા બદલે છે.

સ્વાધ્યાયાદિ કરવાનું કારણ શું ? શા માટે સ્વાધ્યાયનો વ્યવહાર છે ? કે એની અંદર જીવને વિવેક સૂઝે છે કે કઈ દિશામાં પુરુષાર્થ લગાવવો જોઈએ. મારો પુરુષાર્થ સંયોગ પાછળ લાગે છે ? કે મારો પુરુષાર્થ અસંગતત્ત્વ એવો જે આત્મા છે એની પાછળ જાય છે ? એક દુઃખનું કારણ છે, એક સુખનું કારણ છે. હવે તારી જરૂરિયાત પ્રમાણે આપોઆપ પુરુષાર્થ વળશે. જો તને બાહ્ય સંયોગોની જરૂરિયાત લાગશે તો પુરુષાર્થ એ બાજુ વળ્યા વિના નહિ રહે. એમાં ઈચ્છા નહિ કામ કરે. જો તને અંતર સુખની, આત્મસુખની જરૂરિયાત દેખાશે તો આપોઆપ પુરુષાર્થ એ બાજુ જવા લાગશે. વિવેક કરાવે છે.

જ્ઞાન ઉપર એક વાત મૂકે છે, સ્વાધ્યાયમાં સમજણ ઉપર એક વાત મૂકવામાં આવે છે કે જો ભાઈ ! આ સુખના કારણો છે, આ દુઃખના કારણો છે. તને ઠીક પડે એમ સમજ તું. અમે આમ સમજ્યા છીએ એ વાત જાહેર કરીએ છીએ. તારી સમજણમાં આવે એ સાચું. અનુભવ કરીને નક્કી કર. અમે કહીએ છીએ એમ માની લેજે એમ નહિ. અનુભવ કરીને તું નક્કી કર કે તને શેનાથી દુઃખ છે અને શેનાથી સુખ છે ? બસ.

મુમુક્ષુ :- આ ભવમાં પૂર્વકર્મનો ઉદય આવે છે કે વર્તમાન કર્મ

પણ કામ કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉદય પૂર્વ કર્મનો આવે છે. ઉદય વર્તમાન કર્મનો નથી આવતો. વર્તમાન કર્મથી બંધ પડે છે. ઉદય પૂર્વ કર્મનો આવે છે. કોઈ વર્તમાન કર્મનો તરત ને તરત ઉદય નથી. પૂર્વ કર્મનો ઉદય આવે છે એમ સમજવામાં ન્યાય શું લેવો ? કે પૂર્વે કેવા પરિણામ કર્યા છે એનું જ્ઞાન કરવું જોઈએ. જીવ ઉદયમાં ફેરફાર કરવા માગે છે. જગતના તમામ જીવોની એવી પરિસ્થિતિ છે કે એને વર્તમાન ઉદય પ્રમાણે નથી રહેવું. ઉદયમાં ફેરફાર કરવા માગે છે. અંગ્રેજોએ તો એ કહેવત કરી કે To murmur against the preserance is the human nature. માનવસ્વભાવ એવો સ્વભાવ એવો છે કે પોતાના વર્તમાન સંજોગોની સામે બડબડાટ બડબડાટ કર્યા જ કરે. To murmur-બડબડ. આમ નહિ ને આમ થવું જોઈએ... આમ નહિ ને આમ થવું જોઈએ... આમ નહિ ને આમ થવું જોઈએ. આ એક માનવસ્વભાવ થઈ ગયો. એણે શું એક બુદ્ધિથી એક વાતનું સામાન્ય તત્ત્વ તારવી લીધું કે આ બધું સામાન્ય જોવામાં આવે છે. દરેક માણસને આ સામાન્ય જોવામાં આવે છે એટલે એને human nature કહ્યું. અને એ પરિસ્થિતિ છે.

કોઈ ધાર્મિક ક્ષેત્રની અંદર યુક્તિ કરવામાં આવે છે. જેમકે હિન્દુની અંદર એમ કહે છે કે, આ સંયોગોની અંદર ફેરફારની માથાકૂટ કરીએ છીએ તો દુઃખ... દુઃખ.. દુઃખ.. થયા કરે છે. કેમકે એ તો એક જાતનો અસંતોષ છે ને ? અસંતોષનું દુઃખ છે. એટલે એને સંતોષકારક સંજોગો મળવા જોઈએ અને એવું નહિ કરવા માટે એ લોકોએ યુક્તિ કરી કે, ભાઈ, રામ રાખે તેમ રહીએ. પ્રભુને ગમ્યું તે ખરું અને પ્રભુ રાખે તેમ રહેવું, રામ રાખે તેમ રહેવું. એની ઇચ્છા વિરુદ્ધ ફેરફાર કરવાની માથાકૂટમાંથી ઉગરી જાવું, છૂટી જાવું. એ લોકોએ યુક્તિ ગોઠવી. તો શું છે કે આ જે ફેરફાર કરવાની જે તીવ્ર વૃત્તિ છે એના ઉપર કાપ પડે અને જે પરિસ્થિતિમાં એમ કે ઈશ્વરે આપણને મૂક્યા છે એ પરિસ્થિતિ આપણે મંજુર કરી લ્યો અને એ સ્થિતિમાં શાંતિથી રહો. દુઃખી થવાને બદલે શાંતિથી રહો. પણ યુક્તિમાં ક્યાં સુધી (ટકે) ? યુક્તિ ઉપર ક્યાં સુધી ટકાય ?

જ્યારે એ પરિણામનું, એવા વિચારનું અવલંબન આવે ત્યારે થોડી

કષાયની મંદતાની શાંતિ રહે. એમાં જીવ ટકી ન શકે. જીવને ટકવા માટે નક્કર ભૂમિકા વસ્તુસ્થિતિની જોઈએ. વસ્તુના સ્વરૂપની નક્કર ભૂમિકા જોઈએ.

જૈન સિદ્ધાંતો બધા વસ્તુના સ્વરૂપને બતાવનારા, વસ્તુના સ્વરૂપનો આશ્રય કરાવનારા સિદ્ધાંતો છે. ત્યાં વસ્તુવિજ્ઞાનનું નિરૂપણ છે. કોઈ યુક્તિ પ્રયુક્તિ નથી કે ભાઈ, એક આવા ઈશ્વરની કલ્પના કરો અને એ બધું આમ સંચાલન કરે છે અને એ રાખે છે એમ આપણે રહેવું છે. એવી કોઈ પોકળ વાત નથી. તું ચૈતન્ય પદાર્થ છો. તારી ચેતનતા તને સદાય પ્રગટ અનુભવગોચર છે. બીજા સંયોગિક રૂપી પદાર્થો સ્પર્શ, રૂપ, રસ, ગંધ, વર્ણવાળા જે જણાય છે એ અચેતન જડ પદાર્થો છે. એમાં ક્યાંય સુખ નથી. સુખ ચેતનમાં છે. ઊંડી વિચારણાથી આ વિષય અનુભવગોચર થઈ શકે એવું લાગે છે. એ વસ્તુને આધારિત બધી વાતો છે. વસ્તુના વિજ્ઞાનને આધારિત એ બધો વિષય છે. ત્યાં ટકી શકે. કેમકે એ નક્કર ભૂમિ છે. એક સત્ય છે, એક હકીકત છે. ઓલી બધી યુક્તિ પ્રયુક્તિ કેટલું કામ કરે ? એ કાંઈ થોડીવાર પરિણામમાં ઠીકપણું લાગે, પાછા પરિણામ બગડી જાય એમાં તો.

મુમુક્ષુ :- આ વાત 'ગુરુદેવે' જોરથી કહી. 'સ્વાધ્યાય મંદિર'માં લખ્યું છે, વત્થુ સહાવો ધમ્મો.

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. અનંત કાળથી અનંત તીર્થંકરો આ કહેતા આવ્યા છે. વર્તમાન યુગમાં આ વાત ભૂલાઈ ગઈ હતી. પાત્ર મુમુક્ષુ ભવ્યોના કોઈ નસીબ કે આવો એક ઉદય થયો અને યુગપુરુષ જેવા 'ગુરુદેવ'નો અહીંયાં સંયોગ થયો લોકોને. એટલે યુગપુરુષ કહ્યા 'ગુરુદેવ'ને. એક નવો યુગ જેણે પલટ્યો હોય ! છે તો અનાદિકાળની સત્યની વાત આ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પદ્ધતિ જ આખી લુપ્તપ્રાયઃ હતી. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં ઘોર અંધારું, એ પરિસ્થિતિ જૈન સંપ્રદાયમાં હતી. બીજાની તો શું વાત કરવી ? જ્યાં કપોળ કલ્પનાઓ ચાલે છે એની તો વાત જ શું કરવી ?

**'જે ઘરમાં રહે, વસે તેને સુધારે પછી બીજી શરીર ઝુંપડીને**

**સુધારે, પછી બીજી મળે, તેને સુધારતો રહે, બધા દેહ જડ,...'** એ જેટલી જેટલી શરીરની ઝુંપડી. ઝુંપડી એટલા માટે કીધી. ઝુંપડીમાં જેમ ઓલા લાકડા-બાકડા બધા વાંકા-ચૂંકા લાકડા ખોડીને માળખું ગોઠવે છે. એમ આ વાંકાચૂકા હાડકાની એક ઝુંપડી છે. ઝુંપડી જેવું શરીર છે એમ કહે છે. મકાન હોય ને સ્લેબ ભર્યો હોય એવું નથી. એમાં જેમ ઓલા ઝાડના ડાળખા અને વાંકાચૂકા લાકડા હોય અને ગોઠવ્યું હોય એવી રીતે આ પણ હાડકા બધા વાંકાચૂકા બધા છે. એ રીતે આખુ મોઢવું જેમ ખડક્યું છે એવી રીતે હાડકા ચામડાનું મોઢવું ખડક્યું છે.

**'તેને સુધારતો રહે, બધા દેહ જડ, તે જડની સેવા કરતાં કરતાં અનાદિકાળ વીત્યો.'** વિચિક્ષણતાથી ક્યારેય એણે વિચાર નથી કર્યો કે આ જન્મતા આટલું બધું દુઃખ, મરતા મરણનું આટલું બધું દુઃખ અને એ વચ્ચેના જીવનમાં અશાતાના દુઃખના પાર નહિ, મૂંઝવણના દુઃખના પાર નહિ, આ બધાનો કાંઈ રસ્તો હશે કે નહિ હોય ? આનો કોઈ નિવેડો ખરો કે આમ ને આમ જ ચાલવાનું ? એમ કો'ક દિ' તો વિચાર વિચિક્ષણતાથી તો કરવો જોઈએ કે ન કરવો જોઈએ ? કે આનો કોઈ ઉપાય છે કે નહિ ? આ બધાને ટાળવાનો અને કેવળ સુખી રહેવાનો કોઈ ઉપાય છે કે નહિ ? એ વિચારવું જોઈએ. એનું નામ વિચિક્ષણતા છે. બાકી એમ ને એમ ઢોરની જેમ જીવન જીવ્યા કરે. બોજો એમ ને એમ હોય. પરિણામ ઉપર મૂંઝવણનો, ઉપાધિનો બોજો જ રહ્યા કરે એ કાંઈ જીવન નથી.

મુમુક્ષુ :- અનાદિ કાળ લખ્યું એને બદલે અનંત ?

પૂજ્ય ભાઈશ્રી :- **'અનાદિ કાળ વીત્યો.'** અનાદિથી કાળ વીત્યો. એમ. અનાદિકાળ વીત્યો એટલે અનાદિથી કાળ વીત્યો આવે છે. કોઈ આદિ નથી, શરૂઆત નથી થઈ. છે અનંત કાળ. પણ ક્યારથી અનંત ? કે જેની કોઈ આદિ નથી ત્યાર્થી. મૂળ શબ્દ રાખવો પડે ને ? મૂળમાં ઢૂંઢારીમાં જે ભાષા લીધી છે એમાં એને એ શબ્દ અહીંયાં મળતો હોય તો અનુવાદ કરનારા શબ્દ ન બદલે. કેમકે એનો ભાવ જળવાય રહે ને ? કહેવાવાળાનો અભિપ્રાય છે, આશય છે. એ જળવાય રહે.

**'જડની સેવા કરતાં કરતાં...'** અનાદિથી વર્તમાન સુધીનો અનંત કાળ વીત્યો. એમ એની અંદર આવી જાય છે. **'આ શરીર સેવાનો**

**કર્મરોગ અનાદિનો લાગ્યો આવ્યો છે.**' શરીરની સેવા કરવાનો પરિણામમાં રોગ છે એને. લ્યો ઠીક ! શરીરની સેવામાં તો રોગ મટાડવાની વાત છે. તો કહે ના, એ જ રોગ છે તને. પૂજામાં તો આવે છે કે નહિ ? ક્ષુધારોગ વિનાશનાય નૈવેદ્ય નિર્વપામિતીમાં ભાવના શું છે ? કે હે પરમાત્મા ! આપને ક્ષુધારોગ મટ્યો. આપ હવે આહાર કરતા નથી. આહાર કરવાવાળા પરમાત્માની અહીંયાં વાત નથી. જેણે આહાર કરવાવાળા કલ્પ્યા છે એની તો વાત નથી. પણ આપ નિરાગી પરમાત્મા, આપને આહારાદિનો રાગ નથી, આહારાદિનું દુઃખ નથી. નહિતર તો જીવને અશાતાનું દુઃખ થાય. પણ એ પ્રકાર જ નથી. એ રોગ મટી ગયો છે આપને. અમે પણ એમ જ ઇચ્છીએ છીએ કે અમને પણ ક્ષુધાદિરોગ ન હો. ડૉક્ટર તો એમ કહે કે ભૂખ મરી જાય તો તમારું લિવર બગડ્યું છે માટે રોગ છે. લિવરમાં તકલીફ થાય ત્યારે પહેલીવહેલી ભૂખ ન લાગે. તમને રોગ થયો છે. એ તો શરીરરોગની વાત છે. અહીંયાં આત્માને જે આહારની ઇચ્છા થાય છે એ રાગનો રોગ છે. એમાં દુઃખ છે, આકુળતા છે. એ રોગની વાત છે.

શું કહે છે ? કે '**આ શરીરસેવાનો કર્મરોગ અનાદિથી લાગ્યો છે.**' એ તો જૈનદર્શનમાં આને શરીર સેવાના ભાવને રોગ કહે છે, હોં ! બાકી તો બધે રીરને સરખું રાખવાની વાત છે. શરીરને પવિત્ર રાખો, શરીરને સારું રાખો. ધર્મને નામે ઉપવાસ કરાવે. કેમ ? કે, ભાઈ ! ઉપવાસ કરો તો શરીર સારું રહે. ભાઈ ! એ શરીર માટે ઉપવાસ નથી કરવાના. એ ક્ષુધારોગનો નાશ કરવાનો પ્રયોગ છે એમાં. શરીરને વધારે તંદુરસ્ત બનાવવાની વાત એમાં નથી. એ તો દેહાત્મબુદ્ધિ છે જ અનાદિની. ધર્મના ક્ષેત્રમાં દેહાત્મબુદ્ધિ દૃઢ કરવી છે ? કે ધર્મના ક્ષેત્રમાં દેહાત્મબુદ્ધિ ટાળવાની છે ? પ્રયોજન શું છે ? પછી ગોઠવી દે છે એવી રીતે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી' એમ કહે છે કે પહેલા મિથ્યાત્વનો ત્યાગ કરો પછી વ્રત, તપ કરવા.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. એ તો જૈન દર્શનનો સિદ્ધાંત જ એ છે. 'શ્રીમદ્જી'એ કહ્યું છે નહિ, જૈનદર્શનની એ આમ્નાય છે, જૈનસિદ્ધાંતની એ આમ્નાય છે. એ 'ટોડરમલજી'એ 'મોક્ષમાર્ગ

પ્રકાશક'માં શબ્દોથી લખ્યું છે કે જૈનદર્શનમાં તો એવી આમ્નાય છે કે પ્રથમ તો તત્ત્વજ્ઞાન વડે મિથ્યાત્વનો નાશ કરે. ત્યારપછી પોતાની શક્તિ અનુસાર, સ્વભાવમાં સ્થિર રહેવાની શક્તિ અનુસાર વ્રત, પ્રતિજ્ઞા આદિ અંગીકાર કરે. એ રાજમાર્ગ છે. એ માર્ગનો ક્રમ છે. એના બદલે કોઈ અક્રમે કરવા લાગે કે ભલે અમને કાંઈ મિથ્યાત્વનો નાશ ન થયો હોય તોપણ અમે તો તપશ્ચર્યા મોટી મોટી કરીએ. તો એ વાત કોઈ રીતે બની શકે એવું નથી. એવા અજ્ઞાનતપસી તો અનંત વાર પોતે થયો છે. એ તો અન્ય મતમાં પણ એવી તપશ્ચર્યા છે. આપણા જૈનોમાં કરે છે એના કરતા પણ વધારે કરે છે. ત્યાં તો જે સાધુ-બાવા થાય એ તો પંચાગ્નિ તપ તપે. આપણે ત્યાં હજી સાધુ થયા પછી એવી તપશ્ચર્યા નથી કે તડકામાં ઊભા રહે, ફરતો અગ્નિ સળગાવે, ઊંધે માથે રહે. એ લોકો તો શીર્ષાસન કરે, એક પગે રહે.

'રાણપુર' અમારા ઘરની બાજુમાં મંદિરમાં બાવા આવતા ને. ખાખી બાવા આવે. આમ તો નગ્ન બાવાઓ હોય છે પણ એ લોકો વસ્તીમાં નથી આવતા. આવે તો ઉપદ્રવ થાય. પણ જે લોકો લંગોટી પહેરે એ બધા ખાખી બાવા આવે. રાખ ચોળે એટલે... એ રાખ ચોળવા પાછળ હેતુ છે કે આ ગરમી-ઠંડીની અસર ઓછી થાય. તો એવા પંચાગ્નિ તપ તપે. ચામડી ફાડે એવો ઉનાળાનો તડકો હોય ત્યારે અગિયાર વાગે તપશ્ચર્યાની શરૂઆત કરે. પછી રાત્રે ખાય. એ લોકો તો રાત્રે ખાવામાં માને. એ લોકો ખાય રાત્રે. એ અગિયાર વાગે એની તપશ્ચર્યા શરૂ કરે. ઉનાળામાં તડકો જ્યારે તપવાનો શરૂ થાય, પગબળણું શરૂ થાય એ પહેલા એ શૌચાદિ કરી આવે, જંગલ જઈ આવે. પછી આવે. હાથપગ ધોઈ પાછા ફરીને રાખ ચોળી, નાહીને પાછા રાખ ચોળે. રાખ ચોળીને પછી જમીન ઉપર ગારનું લીપણું કરે. છાણા ગોઠવે. ચારે બાજુ ચારે દિશામાં ગોળાકાર એક સર્કલ કરે. છ-આઠ ફૂટના ડાયામીટરનો. આટલી આટલી છાણાની પાળ કરે. પછી અગ્નિ પેટાવે. એ બધા છાણા બરાબર સળગે એટલે એની વચ્ચે ઊભા રહે. તે સાંજ સુધી. સાંજે ચાર વાગ્યા સુધી, પાંચ વાગ્યા સુધી. ખરે તડકે અને ફરતી અગ્નિ સળગાવીને. સામાન્ય માણસને તો લૂ લાગીને મરી જાય. એ જાતની પ્રેક્ટિસ હોય. ખરે બપોરે ! આ તો નજરે જોયા છે. પછી

પાછા સાંજે સ્નાન-બાન કરી. પૂજા ને આ ને તે સેવાપૂજા કરી પછી રાત્રે જમે. પાછા બીજે દિવસે ફરીને તપશ્ચર્યા કરે. ધર્મ થાય કે ન થાય ? મિથ્યાત્વ દઢ થાય. કોઈ ધર્મ બર્મ થવાનો પ્રશ્ન એમાં નથી. એમાં પણ કષાયની મંદતાવાળા હોય, રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ થઈ હોય, ચમત્કારવાળા હોય. બધું હોય એની અંદર. પણ એમાં ક્યાંય આત્મા નથી ને એમાં ક્યાંય ધર્મ પણ નથી. એ બધી ગડબડ જોઈને લોકો પછી આકર્ષિત થાય છે.

**'તેથી આ રોગ વડે પોતાનું અનંતબળ ક્ષીણપણાને પામ્યું.'** જેમ શરીરરોગ થતાં શરીર શક્તિ ક્ષીણ થાય છે. તેમ આત્માને રાગ અને મિથ્યાત્વનો રોગ થાય છે. એમાં એનું આત્મબળ ક્ષીણ થાય છે. એના પરિણામની અંદર આત્મબળનો વિકાસ થતો નથી. એનું જ્ઞાનબળ, દર્શનબળ, પુરુષાર્થબળ એ બધું એનું ક્ષીણ પામ્યું. અને **'જન્માદિની મોટી વિપત્તિ ભોગવે છે.'** અને જન્મ-મરણની ઘણી આપત્તિ, ઘણા દુઃખને એ ભોગવે છે. દુઃખ થોડું પણ જીવને જોઈતું નથી, એક ક્ષણ પણ કોઈને જોઈતું નથી. છતાં એ દુઃખ છોડવાનો પ્રયત્ન, સાચો પ્રયત્ન કો'ક કરે છે. બહુભાગ તો એ દુઃખને છોડવા માટે નવા દુઃખ ઊભા થાય એવો જ પ્રયત્ન કરે છે. એમ કરતા હોવાથી એને અજ્ઞાન કહેવામાં આવે છે. પોતે જ દુઃખી થવા માટે, દુઃખી થવાની દિશામાં પ્રયત્ન કરે છે. આ અજ્ઞાનનું કાર્ય છે.

**'જન્માદિની મોટી વિપત્તિ ભોગવે છે. જડને એમ માને છે કે (એ) હું જ છું.'** તે જડને એમ માને છે કે હું જ છું. એમ જડને માને છે. શરીરને એમ માને છે કે આ જ હું છું. ચૈતન્યને ભૂલ્યો છે એટલે શરીર તે જ હું છું. એમ માનીને બધી પ્રવૃત્તિ કરે છે. એ નવા શરીર ગ્રહણ કરવાના અને છોડવાના રસ્તે ચાલે છે. નવા નવા જન્મ-મરણ થશે. તે પાછો મનુષ્ય થઈને મનુષ્ય જ રહેશે એવું તો કાંઈ નથી. બહુભાગ તો જીવ (તિર્યંચમાં ચાલ્યો જાય છે). તિર્યંચનું ક્ષેત્ર મોટું છે. તિર્યંચનું પેટ મોટું છે. એમ કહે છે. જાય તિર્યંચમાં. ત્યાં જ્ઞાન બિડાઈ જાય છે. જ્ઞાન બિડાઈ જાય છે ત્યાં મૂંઝવણ વધે છે. એ તો એ કોઈને વાચા નથી. તિર્યંચોને એ જાતની કહેવાની અને સમજાવવાની વાચા નથી. બાકી અહીંયાં મૂંઝવણ વધે ત્યારે એ કોઈ રીતે સહન કરી શકે

નહિ એવી પરિસ્થિતિ ઊભી થાય છે. બીજું બધું ઠીક, પણ આ ટેન્શન આવે છે એ પોસાતું નથી. એમ કહે છે કે નહિ માણસ ? ટેન્શન કહે છે અત્યારની ભાષા. તણાવ, માનસિક તણાવ અને માનસિક ટેન્શન સહન થઈ શકે નહિ. આ તો સંજ્ઞી પંચેન્દ્રિય છે. પણ તિર્યંચમાં તો જેમ જેમ મન વગરનો થાય, ચાર ઇન્દ્રિયવાળો થાય, ત્રણ ઇન્દ્રિય, બે ઇન્દ્રિય, એક ઇન્દ્રિય (થાય), એની મૂંઝવણની કોઈ વાત થાય એવું નથી.

મુમુક્ષુ :- અહીં તો કાંપોઝ (દવા) આપે..

પૂજ્ય ભાઈશ્રી :- એ અહીં તો કાંપોઝ આપે તોપણ એની મૂંઝવણ ઘટે છે ક્યાં ? પછી કહે છે કે હવે એક અસર નથી કરતી એટલે બે લેજો. શું કહે ? અને બે અસર ન કરે અને ત્રણ ને ચાર લેવાનો વારો આવે ત્યારે ડૉક્ટર કહે કે હવે જોખમ થોડું વધતું જાય છે. એ મટાડવાનો કાંઈ ઉપાય નથી. એ મૂંઝવણ વધવાની વાત છે.

સામાન્ય રીતે એ બધા પેઈનકીલર ડ્રગ્સ છે એ જ્ઞાનતંતુને બહેરા કરનારા ડ્રગ્સ છે. બરાબર છે ? તો એને લાભ થયો કે નુકસાન થયું ? એ કહો. તમારા જ્ઞાનતંતુ બહેરા થઈ જાય એ લાભ થયો કે નુકસાન થયું ? કે તું જડ શરીરને પોતારૂપે માનીને જડ જેવો થવા માટેના તું બધા ઉપાય કરે છે. તારી ચેતનતાને તું રૂંધી નાખે અને જડ જેવા તારા પરિણામ થાય અને જડ જેવી સ્થિતિ થાય એવા ઉપાયને તું આદરે છો, આદરવા લાયક માને છો. એ કરવા જેવું નથી.

એના કરતા તો જે કાંઈ પરિસ્થિતિ હોય એમાંથી તું તારા નિરાકુળ શાંત આત્મામાં જવાના પરિણામનો પુરુષાર્થ કરને. અશાતા પણ તને નહિ દેખાય અને મૂંઝવણ તો રહેશે નહિ. મૂંઝવણ તો ભાગી જશે. મૂંઝવણ ઊભી નહિ રહે. આ એક એવો માર્ગ છે કે મૂંઝવણ તો પહેલા તબક્કે ટળી જાય છે. એને અસમાધાનની મૂંઝવણ છે. જ્યાં જડ-ચેતનની ભિન્નતાનું વિજ્ઞાન એની સમજમાં આવ્યું કે એની મૂંઝવણ ગઈ.

આ જીવ જડમાં કાંઈ કરી શકતો નથી. પછી આમ કેમ થયું ને કેમ ન થયું ? એની આકુળતા ને એની મૂંઝવણ ને એનું ટેન્શન તો એને આવવાનું નથી. જો સમજણ એની બરાબર યોગ્ય યથાર્થ હોય તો. ખાલી ધારી રાખેલું હોય તો નહિ હાજર થાય. કોરી ધારણા અને

ભણતર હશે, ખાલી બાહ્યજ્ઞાનથી શીખી લીધું હશે તો એને એ ટેન્શન આવશે અને એ ધારણા એને કામમાં નહિ આવે. એ મૂંઝવણ વખતે પરિણામ બગાડી બેસશે. એનું સમજેલું ક્યાંયનું ક્યાંય અધ્ધર રહેશે. એ એને કામમાં આવશે નહિ.

જ્ઞાન તો એક સંપત્તિ છે, જીવની એક મૂડી છે. જેમ મૂડી છે એ વખતે કામમાં આવે. અને વખતે કામમાં ન આવે તો એ મૂડી શેની ? એમ કહે છે કે નહિ માણસ ? એમ જ્યારે એને દુઃખ ને આકુળતા થાય ત્યારે જ્ઞાન હાજર થાય. એનું નામ એની મૂડીને સંપત્તિ છે. પણ શિખેલું હોય એ જ્ઞાન નથી અને તેથી એની કાંઈ હાજરી હોતી નથી કે થતી નથી એની હાજરી. અને એ અદ્ધર રહી જાય છે.

**'જન્માદિની મોટી વિપત્તિ ભોગવે છે. જડને એમ માને છે કે (એ) હું જ છું.'** બસ, આ અનુભવ કરીને, તપાસીને નક્કી કરવા જેવું છે. શરીરને એમ માને છે, સંયોગને એમ માને છે કે આ જ હું છું અને આ જ મારું છે અને બસ, આ જ સર્વસ્વ છે. સર્વ સ્વ-બધું આમાં આવી જાય છે. એ રીતે પોતે પ્રવર્તે છે. એમાં મોટી વિપત્તિ, જન્માદિ, જન્મ-મરણની મોટી વિપત્તિ ઊભી છે.

'ગુરુદેવ' તો એમ કહેતા કે એવા મિથ્યાત્વના ભાવમાં, એ મિથ્યાત્વના ગર્ભમાં અનંતા નિગોદના ભવ પડ્યા છે. શું કહેતા ? મિથ્યાત્વના ગર્ભમાં અનંતા નિગોદના ભવ પડ્યા છે અને મિથ્યાત્વના ગર્ભમાં અનંતા કતલખાના ખોલવાના ભાવ પડ્યા છે. આમ કહેતા હતા. કેમકે સંયોગ પાછળ જીવ છે ને ? તો કતલખાનું કોણ ખોલે છે ? કે જેને સંયોગ સુધારવા છે એ. એ બિચારો સંયોગ પાછળ પડ્યો છે કે આ કતલખાનાથી મને કમાણી થશે એમાં મને મોટર, બંગલા ને વાડી ને એશ આરામ રહેશે. તો એ સંયોગથી સુખ છે એ સિદ્ધાંત પાછળ એ જીવ કતલખાનુ માંડ્યા વિના રહેશે નહિ. આજે નહિ ને કાલે. સરવાળે ત્યાં જાશે. એટલે પહેલા મિથ્યાત્વનો ત્યાગ કરવો, નાશ કરવો એમ લીધું. એનું કારણ છે.

જેમ મિથ્યાત્વના ગર્ભમાં આ દોષ પડ્યા છે, તેમ સમ્યક્ત્વના ગર્ભમાં અનંતી સિદ્ધ પર્યાય ઊભી છે. અનંતી સિદ્ધ પર્યાય પડેલી છે. એ સમ્યક્ત્વના ગર્ભમાં રહેલી વાત છે. આ મિથ્યાત્વના ગર્ભની વાત

છે. હવે તુલના કર તું. તોળીને નક્કી કર કે શું ગ્રહણ કરવા જેવું છે ને શું છોડવા જેવું છે. આ સમજવાનો વિષય લઈ લીધો. તારી સમજણમાં કાંઈ વજન ફરે છે તારું ? જો વજન ફરે તો ધન્ય છે તને ! તારી આખી લાઈન બદલાઈ જશે. જો વજન ન ફર્યું તો એ તો અનાદિનું છે એમાં ને એમાં તું ચાલ્યો જઈશ. બીજો કોઈ એનો ઉપાય નથી.

અહીંયાં જડમાં હુંપણું (માને) એ મોટી હાનિ અને મોટી વિપત્તિનું કારણ છે. એ માને છે એ મિથ્યાત્વ છે. માને છે એમ શબ્દ લીધો છે ને ? એટલે એ મિથ્યાત્વ છે અને એની અંદર બહુ મોટું નુકસાન છે. અહીં સુધી રાખીએ...

શાસ્ત્રવાંચન, શ્રવણ, વિચાર આદિ બૌદ્ધિક પ્રક્રિયા, બુદ્ધિપૂર્વકના વિપર્યાસને ટાળવા સુધી ઉપયોગી છે. તેમ પ્રથમથી જ લક્ષમાં રહેવું જોઈએ; નહિ તો વિચારાદિની આદતમાં ફસાઈ જવાનું થશે. પ્રથમથી જ સમજણની વાતને અંતરમાં ઉતારવાનું લક્ષ હોય તો, વિચારાદિ ઉપર લક્ષ ન રહે, અથવા વજન ન રહે. અને પ્રયાસ અથવા પ્રયોગની દિશામાં આગળ વધવાનું થાય. જ્યારે અંતર્ અવલોકન વડે પ્રયોગ ચાલુ થાય છે, ત્યારે જ ભાવભાસન, સમજણ થઈ હતી તેનું આવતું જાય છે. અને જેમ જેમ ભાવભાસન વધતું જાય છે, તેમ તેમ દર્શનમોહ શિથિલ થતો જાય છે, જે પ્રક્રિયા દર્શનમોહના અભાવ સુધી ચાલવી જોઈએ.

તાત્પર્ય એ છે કે મુમુક્ષુજીવે વિચાર ભૂમિકાનું મૂલ્ય ઉક્ત પ્રકારે મૂલવવું ઘટે, તેથી વધુ નહિ. (અનુભવસંજીવની - ૭૪૩)

**નોંધ :– પ્રવચન નં. ૭૪–૭૫ ઉપલબ્ધ નહિ હોવાથી લેવામાં આવેલ નથી.**

**તા. ૯–૧૨–૧૯૮૫, પાના નં. ૩૮, પ્રવચન નં. ૭૬**

'અનુભવપ્રકાશ', પાનું-૩૮. પેરેગ્રાફની છેલ્લી બે-ત્રણ લીટી ફરીને લઈએ.

**'જેવી દષ્ટિથી...'** ત્યાંથી લેવું છે. **'જેવી દષ્ટિથી દેખે તેવું ફલ થાય.'** જોવામાં દષ્ટિકોણ શું છે તે અનુસાર બધા ભાવો કામ કરવા લાગે છે. એક જ રંગ સારો છે એવી કલ્પનાએ સારો દેખાય છે અને તે જ રંગ બીજાને સારો નથી એવું એને ખરાબ લાગે છે કે આ રંગ સારો નથી. કોઈપણ ચીજ પોતે કેવા દષ્ટિકોણથી એને જોવે છે તે પ્રકારે એને રાગાદિ ભાવો ઉત્પન્ન થાય છે.

**'જેવી દષ્ટિથી દેખે તેવું ફલ થાય.'** અહીંયાં જરા વિષય સૂક્ષ્મ લેવો છે કે જ્ઞાનમાં જ્ઞેયનું પ્રતિબિંબ પણ છે અને જ્યાં જ્ઞેયનું પ્રતિબિંબ છે તે અવસ્થા પણ જ્ઞાન છે. વસ્તુ પણ જ્ઞાનસ્વરૂપ છે. બાહ્યદષ્ટિ અને પરદષ્ટિ હોવાને લીધે પર પદાર્થનો અનુભવ થાય છે. બીજો પદાર્થ જ્ઞાનમાં પ્રતિબિંબત થતાં તેનો અનુભવ થાય છે. અનુભવ પોતાની જ્ઞાનપર્યાયનો થતો હોવા છતાં અનુભવ જ્ઞેય પદાર્થનો થાય છે એવી દષ્ટિથી જીવ જોવે છે ત્યારે એને પોતાનો અનુભવ થાય છે એવું લાગતું નથી, પણ પરનો અનુભવ થાય છે એવું લાગે છે, એવું ભાસે છે. એ જૂઠ છે.

સ્વમાં પરનો અનુભવ, જ્ઞાનમાં પરનો અનુભવ થઈ શકતો નથી. જ્ઞાનમાં ઠંડીનો અનુભવ થઈ શકતો નથી. એમ કહેવું છે. ચાલતો ઉદય લઈએ તો. અત્યારે ઉદયમાન પ્રકાર આ છે કે ઠંડી શરૂ થઈ. તો ઠંડી લાગે છે એમ કહેવાય છે-ઠંડીનો અનુભવ થાય છે એમ કહેવાય છે.

પણ વાસ્તવિક્તાએ ઠંડી જ્ઞાનમાં જણાય છે. ઓછી છે, વધારે છે એ બધું પ્રમાણજ્ઞાનમાં આવી શકે. પણ જ્ઞાનને ઠંડીનો અનુભવ થાય તો જ્ઞાન પોતે શીતપર્યાયે પરિણમે. જ્ઞાન ઠંડું થઈ જાય. પણ જ્ઞાનમાં જ્ઞાનનો અનુભવ કરે તો જ્ઞાન ઠંડુ થયું છે એવો અનુભવ નહિ થાય. ઠંડી જ્ઞાનમાં જણાય એમ ખ્યાલમાં આવશે, પણ જ્ઞાન ઠંડુ થયું એવો અનુભવ કોઈને ક્યારેય થાય છે ? એ નહિ થઈ શકવા યોગ્ય છે. પણ જીવ ઠંડીનો અનુભવ થાય છે એવી દૃષ્ટિથી દેખે છે અને તેથી એને દુઃખ થાય છે. અહીંયાં આ સુખકારી દૃષ્ટિ છે અને આ દુઃખકારી દૃષ્ટિ છે. એમ સુખ-દુઃખ ઉત્પન્ન થવાનુ મૂળ શોધ્યું છે આ.

**'જેવી દૃષ્ટિથી દેખે તેવું ફલ થાય. મયૂરમુકરંદ પાષાણ છે. તેમાં બધા મોર જ ભાસે છે. પાષાણ તરફ દેખતાં મોર ભાસે, પદાર્થ તરફ દેખતાં પદાર્થ જ છે,...'** હવે મયૂરમુકરંદને પદાર્થ તરીકે જોવે તો એ પદાર્થ દેખાય છે. એમાં મોર છે. મોરમાં એકાગ્રતા થાય તો એને મોર દેખાય છે. પદાર્થ દેખાતો નથી, મોર જ દેખાય છે. પણ ખરેખર ત્યાં મોર નથી. ત્યાં તો પદાર્થ જ છે. મોર ત્યાં નથી. અરીસામાં પ્રતિબિંબિત થયેલી કેરી ખાવાના કામમાં આવે કે ન આવે ? જેવી કેરી અસલ છે એવું જ પ્રતિબિંબ છે, જરા પણ ફેર નથી. પણ એ કેરી ખાવાના કામમાં આવી શકે એમ નથી. કેમકે કેરી જ નથી એ તો. એ તો અરીસાની અવસ્થા છે, એ કાંઈ કેરી નથી.

**'તેમ પરમાં પર ભાસે,...'** પરમાં એટલે પર તરફની દૃષ્ટિમાં પર ભાસે. પરમાં પર ભાસેનો અર્થ એવો છે. ભાષા બહુ સંક્ષિપ્ત છે. પર તરફની દૃષ્ટિમાં પર ભાસે. પર તરફ આમ દૃષ્ટિ લંબાવે છે, પરને જાણવાની દૃષ્ટિ લંબાવે છે, પરમાં એકાગ્ર થઈને પરના રસથી પરને અવલોકે છે, ત્યારે એને એકલો પર જ ભાસે છે. પછી એમાં વિશેષ કલ્પના એ થાય છે કે આ મને ઠીક લાગે છે અથવા આ મને ઠીક લાગતું નથી. બેય એક જ વાત છે. ઠીક લાગે છે એ પણ એમ જ વાત છે. એ વિશેષ-વધારે પડતી વાત છે. એટલે એને વિભાવ કીધો છે. વિ-ભાવ એટલે વધુ પડતો ભાવ. વધુ પડતો એટલે વસ્તુના સ્વરૂપનુ ઉલ્લંઘન કરીને જે વધારે ભાવ થયો તે વિભાવ. એવો પણ એક વિભાવનો અર્થ છે. વિભાવનો અર્થ વિકાર પણ છે અને વિભાવનો અર્થ વિશેષ ભાવ,

વધુ પડતો ભાવ, ઘણો ભાવ, અતિશય ભાવ, એને પણ વિભાવ કહેવામાં આવે છે. તો એ અતિશયપણું કરે છે.

જેમ કોઈ માણસ એમ કહે ને કે હવે અતિશયોક્તિ ન કરો. અતિશય-ઉક્તિ-વધારે પડતું કથન. હોય એના કરતા વધારે બતાવવું તેને અતિશયોક્તિ કહેવામાં આવે છે. એમ આ અતિશય દૃષ્ટિ છે. પરને જોવાની દૃષ્ટિ, સ્વને ચૂકીને, પરને જોવાની દૃષ્ટિને વિભાવદૃષ્ટિ કહો કે છે એના કરતા વધારે પડતું જોવાની દૃષ્ટિ કહો. કેમકે તે પરપદાર્થનો અનુભવ નહિ થઈ શકતો હોવા છતાં અનુભવ થયો હોવાની દૃષ્ટિથી તે દૃષ્ટિનો, એવા વિભાવનો અનુભવ કરે છે. તોપણ પદાર્થનો અનુભવ તો થઈ શકતો નથી પણ એવા ભાવનો અનુભવ કરે છે, પોતાની પર્યાય હોવાથી.

‘**પરમાં પર ભાસે, નિજ તરફ જુએ તો પર ન ભાસે,...**’ નિજમાં નિજને જોવે, નિજમાં નિજને જોવે તો નિજમાં નિજ પોતે છે એમ ભાસે, એમ અનુભવ કરે અને પરનું પ્રતિબિંબ પડવા છતાં પર નથી એમ અનુભવ કરે, પર જણાવા છતાં નિજમાં પર નથી એમ અનુભવ કરે. ‘**જેવી દૃષ્ટિથી દેખે તેવું ફલ થાય.**’ તેવું ફળ થાય એટલે તેવો એને અનુભવ થાય. ફળનો અર્થ અહીંયાં અનુભવ છે. નિજમાં સ્વપણાની દૃષ્ટિથી દેખે છે તો એને એવો અનુભવ થાય છે. પણ તે સાચો નથી. એવું વસ્તુ સ્વરૂપ નથી, તે સત્ય નથી. અરિસાની કેરી સાચી નથી તેથી તે અનુભવ જૂઠ છે. એને કેરી તરીકે જાણવું એ અનુભવ જૂઠ છે. એમ નિજમાં પરનો અનુભવ કરે તે જૂઠ છે.

નિજ તરફ જુવે, નિજમાં નિજ તરફ જુએ. નિજને જોવાનો-નિજને અવલોકવાનો દૃષ્ટિકોણ રાખીને પોતાના અનુભવને તપાસે, જુવે એટલે તપાસે કે મારા જ્ઞાનમાં શું છે ? ભલે અનેક જ્ઞેયો પ્રતિબિંબિત થાય તોપણ મારા જ્ઞાનમાં શું છે ? એમ પોતાના જ્ઞાનાનુભવને તપાસે, જ્ઞાનમાં થતા અનુભવને તપાસે તો જ્ઞાનમાં સિવાય જ્ઞાન કાંઈ નહિ હોવાથી જ્ઞાનનો જ અનુભવ થતો માલુમ પડશે. જ્ઞાનક્રિયામાં જ્ઞાન જ થતું માલુમ પડશે. જ્ઞાનક્રિયામાં ક્રોધાદિ થતા માલુમ નહિ પડે. તપાસે તો એને ખબર પડે.

મુમુક્ષુ :- ક્રોધાદિનું પ્રતિબિંબ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્રોધાદિનું પ્રતિબિંબ છે. ક્રોધાદિ એમાં નથી.

મુમુક્ષુ :- પ્રતિબિંબને ન જોવું.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતિબિંબને ન જોવું. પ્રતિબિંબને જોવું એટલે નિજને જો તો તને પ્રતિબિંબ પ્રતિબિંબ તરીકે પ્રતિબિંબનું જ્ઞાન થશે તને. પ્રતિબિંબનું જ્ઞાન પ્રતિબિંબ તરીકેનું થશે. પણ પ્રતિબિંબનું જ્ઞાન બિંબ તરીકેનું થાય છે. કેમકે તું નિજને જોતો નથી. તું તને જોતો નથી તો પ્રતિબિંબના બદલે તું બિંબ જોવે છો ત્યાં. પછી એ કેરી ખાવાની મહેનત કરે તો કે દિ' પેટ ભરાય ? અને કે દિ' સ્વાદ અને કે દિ' પેટ ભરાય ? એમ જીવ પરના અનેક ભોગ-ઉપભોગમાં સુખ માનીને રાચે તો કે દિ' એને તૃપ્તિ થાય ? કોઈ દિવસ થાય નહિ.

'**નિજ તરફ જુએ તો પર ન ભાસે, નિજ જ છે. (તેથી) સુખકારી નિજદૃષ્ટિ ત્યજી દુઃખરૂપ પરમાં દૃષ્ટિ ન દો.**' તેથી સુખકારી એવી નિજ દૃષ્ટિ છોડીને. બે એકદસાથે નહિ રહે. નિજમાં નિજ છે એવું પણ જ્ઞાન, જ્ઞાનમાં જ્ઞાનનું પણ જ્ઞાન, પોતાનું પણ જ્ઞાન એને જ આત્મજ્ઞાન કહે છે. જ્ઞાનને પોતાનું જ્ઞાન, સ્વજ્ઞાન તે આત્મજ્ઞાન (છે). અને જ્ઞાનમાં પોતાનું જ્ઞાન છોડીને, ત્યજીને પરના હોવાપણાનું જ્ઞાન, પોતાની હયાતીને ભૂલીને, પોતાની મોજૂદગીને ભૂલીને, પરના હોવાપણાનું જ્ઞાન એ દુઃખદૃષ્ટિ છે. એનાથી દુઃખ ઉત્પન્ન થાય છે, આનાથી સુખ ઉત્પન્ન થાય છે.

'**દુઃખરૂપ પરમાં દૃષ્ટિ ન દો.**' આમ દૃષ્ટિ ફેરે ફેર છે. વસ્તુ તો સ્વ પર પદાર્થ જે છે તે છે. સ્વ પર પદાર્થ કોઈ પોતાના સ્વરૂપને છોડીને, સ્વરૂપનો ત્યાગ કરીને કોઈ અન્ય સ્વરૂપે થાય (અર્થાત્) સ્વપદાર્થ પરપદાર્થરૂપે થાય કે પરપદાર્થ સ્વપદાર્થરૂપે થાય એ દૃષ્ટિ બદલે, ઊંધી દૃષ્ટિથી જુએ તોપણ તેમ બનશે નહિ. કાચને હીરા તરીકે જોશે તેથી કાચ હીરો નહિ થાય. હીરાને કાચ તરીકે જોશે તો હીરો કાચ નહિ થાય. અણસમજણનું નુકસાન થશે. પણ કાંઈ પદાર્થ પોતાના સ્વરૂપનો ત્યાગ કદિ કરતો નથી.

મુમુક્ષુ :- શરદીનું જ્ઞાન થયું...

પૂજ્ય ભાઈશ્રી :- શરદીના વેદનથી જ્ઞાન નથી થયું. જ્ઞાનમાં સ્વચ્છત્વ હોવાથી, સ્વપરપ્રકાશત્વ હોવાથી એનું જ્ઞાન થયું છે. જ્ઞાનમાં

શરદીનું વેદન કદિ થયું જ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- તો શરદી કેમ ખબર પડી ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતિબિંબ પડે છે. શરદીના જે પરમાણુ છે વાતાવરણ, તે સૂક્ષ્મસ્થુળ પરમાણુ છે. પ્રકાશ, અજવાળુ, અંધારું એ સ્થુળસૂક્ષ્મ પરિણામ છે. સ્થુળસૂક્ષ્મ એટલા માટે કે હાથમાં ન આવે. અંધારાના પરમાણુનો કોઈ ડબો ભરવો હોય, પેક કરવો હોય કે પ્રકાશને ક્યાંક ભરી રાખવો હોય તો પકડી રાખી શકાય કે નહિ ? એ સૂક્ષ્મ છે. પણ સ્થૂળસૂક્ષ્મ છે. સ્થુળસૂક્ષ્મ એટલે આંખથી પણ એ દશ્યમાન છે. એટલે એને સ્થૂળસૂક્ષ્મ કહીએ. અને આ ઠંડી-ગરમીના પરમાણુની જે અવસ્થા છે એ સૂક્ષ્મસ્થુળ છે. ઇન્દ્રિયજ્ઞાનથી જણાય છે તેથી તે સ્થુળ છે. સ્પર્શેન્દ્રિયથી જણાય છે કે આ ઠંડું લાગે છે. હવા ઠંડી છે. વાતાવરણમાં ઠંડી છે. તો એ ક્યાંય દશ્યમાન થતાં નથી એટલે એ સૂક્ષ્મસ્થુળ છે.

ભેદ છે ને ? પરમાણુની પર્યાયના સ્થુળ-સ્થુળ, સ્થુળ, સ્થુળ-સૂક્ષ્મ, સૂક્ષ્મ, સૂક્ષ્મ-સ્થુળ અને સૂક્ષ્મ-સૂક્ષ્મ. છ ભેદ લીધા છે. જૈનદર્શન સિવાય આ (બીજે ક્યાંય) નથી. આવા ભેદ-પ્રભેદો પુદ્ગલના ભેદ-પ્રભેદો પણ જૈનદર્શન સિવાય નથી. એક સ્પર્શગુણને આઠ જાતની પર્યાય છે એ પણ જૈનદર્શન સિવાય નથી. સ્પર્શગુણની આઠ પ્રકારની પર્યાય છે. એ જૈનદર્શન સિવાય ક્યાંય નથી. જૈનદર્શનના વિજ્ઞાનની આ વાત છે પાછી. આ દ્રવ્યાનુયોગનો વિષય છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય. દ્રવ્યાનુયોગનો વિષય છે. તે જણાય છે. કર્મના પરમાણુ સૂક્ષ્મ છે. આ સૂક્ષ્મ સ્થુળ છે. કર્મના પરમાણુ સૂક્ષ્મ છે. ઇન્દ્રિયગ્રાહ્ય નથી. અને એક પરમાણુ વાતાવરણમાં છૂટો વિશ્વમાં રહે તે સૂક્ષ્મ સૂક્ષ્મ છે. કર્મના પરમાણુ તો વિભાવપર્યાયે પરિણત છે. કર્મપ્રકૃતિએ કાર્મણવર્ગણામાં પરિણમિત છે. એ સૂક્ષ્મ છે. ઇન્દ્રિયજ્ઞાન ગોચર કોઈને થતા નથી. એકલો પરમાણુ એક જ જુદો રહે તે સૂક્ષ્મ સૂક્ષ્મ છે. એ પણ કોઈને જણાય નહિ. એટલે ઠંડીનો અનુભવ નથી થયો, વેદન નથી થયું. ઠંડી જણાય. ઠંડીનું જ્ઞાન થયું છે. સૂક્ષ્મ સ્થુળ છે એનું જ્ઞાન થયું છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં વેદાય છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વેદન નથી થયું.

મુમુક્ષુ :- ઠંડી લાગી એનું જ્ઞાન થયું.

પૂજ્ય ભાઈશ્રી : લાગી જ નથી એમ કહે છે. જ્ઞાનને જો ઠંડી લાગે...

મુમુક્ષુ :- જ્ઞાનને નહિ. વેદનથી જ્ઞાન થયું, જાણ્યું કે ઠંડી છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ વેદન કોને થયું ? વેદન કોને થયું ? ઠંડીનું વેદન કોને થયું ? મને ઠંડીનું વેદન થયું તો તમે ઠંડા થયા ? બીજો પ્રશ્ન. તમને ઠંડીનું વેદન થયું તો તમે ઠંડા થયા છો ? આ પ્રશ્ન છે. સુખ-દુઃખ થયું. એ તો મને ઠંડી લાગી છે એવી કલ્પના કરી તેથી દુઃખ થયું. એ જ ઠંડી ઉનાળામાં આવે તો તમને સુખરૂપ લાગશે. ઉનાળામાં ઠંડી સુખરૂપ લાગશે. શિયાળામાં દુઃખરૂપ લાગશે. ઠંડી પોતે સુખરૂપ હોય કે ઠંડી પોતે દુઃખરૂપ હોય તો એ બે પ્રકારે એનો અનુભવ કેમ થાય ?

વાતાવરણના હવાની ઠંડી અવસ્થાના બે પ્રકારે કેમ અનુભવ થાય છે ? એક કાળે તમે એમ કહો છો કે આ મને દુઃખનું કારણ છે. બીજી વખતે તે જ અવસ્થાને અને તેટલી જ ડિગ્રી ઠંડીને તમે સુખનું કારણ કહો છો. તો એ સુખરૂપ છે ? કે એ દુઃખરૂપ છે ? એ સુખરૂપ પણ નથી અને એ દુઃખરૂપ પણ નથી. એક વાત તો એ છે કે એ સુખરૂપ પણ નથી અને એ દુઃખરૂપ પણ નથી. બીજું, જો એ સુખરૂપ નથી અને એ દુઃખરૂપ નથી તો એનું લાગવું સુખરૂપ ને દુઃખરૂપ ક્યાંથી થાય ? બીજું કે એ લાગતી નથી. જણાય છે પણ લાગતી નથી, વેદાતી નથી. જાણવું બીજી વાત છે, વેદવું બીજી વાત છે. આ તફાવત નથી પાડતા. જાણે છે એને જ વેદે છે અને વેદે છે એને જ જાણે છે. એમ લઈ લ્યે છે.

કોઈ આત્માને, કોઈ જ્ઞાનને ઠંડાપણું થવું કે ગરમપણું થવું. સ્પર્શગુણ નહિ હોવાથી, પરમાણુની સ્પર્શગુણની પર્યાય છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ જે એના રૂપીપણાના ગુણ છે, એવો સ્પર્શગુણ આત્માને નહિ હોવાથી આત્મા ન તો શીત પર્યાયે પરિણમે છે કે ન તો આત્મા ઉષ્ણ પર્યાયે પરિણમે છે. અશક્ય અને અસંભવિત છે. કેમકે ગુણ નથી. એની પર્યાય ક્યાંથી થાય ?

'સમયસાર'ની કર્તાકર્મ અધિકારની ગાથાઓ ચાલી છે. ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬ સુધી આ વિષય લીધો છે. પાંચ ગાથાઓ આ વિષય

ઉપર ચાલી છે. જીવને ભ્રમ થાય છે. એમાં એ ભ્રમિત અવસ્થામાં પોતાનું સ્વાભાવિક સ્વરૂપ-જેવું સ્વરૂપ છે તેવું સ્વરૂપ પોતે પોતાને અનુભવગોચર નહિ કરતા અન્ય સ્વરૂપે પોતાનો અનુભવ કરે છે. ઠંડીના પરમાણુપણે એ સ્વરૂપે પોતાનો અનુભવ કરે છે. પોતાના સ્વરૂપને ભૂલીને અનેકવિધ પ્રકારે પોતાને વિશ્વરૂપે કરે છે. ત્યાં એવો શબ્દપ્રયોગ કર્યો છે. વિશ્વરૂપે પોતાને કરે છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં જણાય છે અને એમાં સુખ-દુઃખ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ જણાય છે એમાં દૃષ્ટિ ખોટી છે એમ કહે છે. જેવી દૃષ્ટિથી દેખે તેવું ફળ થાય. જણાય છે એમાં એ મને અનુભવ થાય છે, મારામાં કાંઈક આવે છેદ, મારામાં એ ઠંડાપણાની અસર આવે છે, કાંઈક મને ઠંડુ લાગે છે, હું ઠંડો થાઉં છું, એવો અનુભવ કરે છે. એ દૃષ્ટિ ખોટી છે.

જેવી દૃષ્ટિથી દેખે તેવું ફળ થાય. એ તો સિદ્ધાંત લીધો પહેલો. એને એમ લાગે છે કે મને ઠંડી લાગે છે. માટે મને આમાં દુઃખનું કારણ છે. ક્યારેક દુઃખનું કારણ ને ક્યારેક સુખનું કારણ. તેને તે પદાર્થને દુઃખનું ને સુખનું કારણ કલ્પે છે. એ કલ્પનામાત્ર છે એમ ત્યાંથી એ નિશ્ચિત થાય છે કે એક જ પદાર્થને તે સુખરૂપપણે અનુભવ કરે છે અને તેના તે પદાર્થને તે દુઃખરૂપપણે પણ અનુભવ કરે છે. ગરમ પાણી. અત્યારે ગરમ પાણીથી ન્હાય છે ને ? એ સુખરૂપ લાગે છે. ઉનાળામાં એટલા ગરમ પાણીથી ન્હાય જો. એ દુઃખરૂપ લાગે. એ સુખરૂપ કે દુઃખરૂપ છે ખરું ? એ સુખરૂપ કે દુઃખરૂપ નથી. તો કેમ આમ થયું ? કે તેં એવી કલ્પના કરી તેથી એમ થયું.

અત્યારે ઠંડી છે એ દુઃખરૂપ લાગે છે કે સુખરૂપ લાગે છે ? મુનિરાજ તો નિર્વસ્ત્ર અવસ્થામાં ખુલ્લા જંગલમાં બેસે છે. એવું નથી કે એ કાંઈ પણ સંરક્ષણ રાખે છે. ઠંડીથી સંરક્ષિતપણે રહે છે એવું તો કાંઈ નથી. આ અત્યારે ગડબડ કરે છે એ વાત નથી. જે જંગલમાં ભાવલિંગ દશામાં મુનિ વિચરે છે, જો એ દુઃખરૂપ હોય તો એને સૌથી વધારે દુઃખ થવું જોઈએ. એને અંદર સુખનો અનુભવ છે. એ કહે છે, મને તો મારા સુખનો મારામાં અનુભવ છે. અને મારા સુખનો અનુભવ એટલી ડિગ્રીથી છે, સુખની ડિગ્રી એટલી વધી છે ત્યાં, તારતમ્યતા જેને કહીએ

કે એવો સુખાનુભવ જગતના કોઈ પ્રાણીને નથી. જે વધુમાં વધુ સાધનસંપન્ન છે અને વધુમાં વધુ દુનિયા જેને સુખી કહે છે, સુખના અનુભવનો એક અંશમાત્ર નથી ત્યાં. મુનિરાજના સુખનો એક અંશ પણ ત્યાં નથી. ખરેખર તો એ જાત જ નથી ત્યાં. સમ્યગ્દૃષ્ટિને એનો અંશ છે. મિથ્યાદૃષ્ટિ અવસ્થામાં એનો અંશ નથી.

સુખમાં સાચું સુખ શું ? આ મોટો સવાલ છે. ખરેખર સુખ શું ? આ મોટો સવાલ છે. આ તો બધા બાહ્ય પદાર્થોના સુખ-દુઃખની કલ્પના છે. પણ ધાર્મિક ક્ષેત્રમાં આવીને ધ્યાનાદિના સુખની કલ્પનામાં પણ લોકો ચડે છે. અનેક પ્રકારે યોગને આ ને તે ને ધ્યાનને કરે છે ને ? કેટલાક તો એમ કહે છે કે ભાઈ એવા જે મહાપુરુષ હોય એની નજીક તમે દસ મિનિટ બેસો, પા અડધી કલાક બેસો તમને આનંદ આનંદ અંદર થવા માંડે. એ સાચી વાત હશે ને કાંઈક ? જેવી કલ્પના કરે, જેવી દૃષ્ટિથી દેખે તેવું ફળ થાય. જૂઠી કલ્પના અને જૂઠી દૃષ્ટિ કરે તો એ વસ્તુ કાંઈ ટકવાની નથી. એવી રીતે કોઈ સુખ અને આનંદ માને તો કાંઈ સુખ અને આનંદ થઈ જતો નથી. એ વસ્તુ કાંઈ ટકતી નથી. એ તો કૃત્રિમભાવ છે. વિભાવભાવ કૃત્રિમભાવ છે.

મુમુક્ષુ :- આજે 'ગુરુદેવ'ના પ્રવચનમાં ઘણા સારા ભાવ નીકળ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મિક ભાવો-આત્માના સ્વભાવના પ્રકાશનારા ભાવો છે તેથી એને સારા કહ્યા. પણ સારા ક્યારે ? કે એવા ભાવે પોતે પરિણમે ત્યારે. પોતાને અંદરમાં સારું થાય ત્યારે એના ઉપર ઉપચાર આવે કે આ સારા. નહિતર ઓઘે ઓઘે તો બહુ વખાણી માર્યું છે.

'શ્રીમદ્જી'એ કહ્યું ને કે સાકર અને શ્રીફળની મીઠાશ સૌએ વખાણી મારી છે. અને તેથી લોકો એમ કહે કે સાકર લ્યો. શુકનમાં સાકર રાખો, શુકનમાં શ્રીફળ લ્યો. પણ અહીંયાં તો અમૃતની સચોડી નાળિયેરી છે. શું કહ્યું ? ફેર શું પાડ્યો એમાં ? કે લોકો ઓઘે ઓઘે બધું કહે છે કે આ ધર્મ થયો, આ શાંતિ થઈ, આ સુખ થયું, આ ધ્યાન થયું, અમને આનંદ આવ્યો, ફલાણુ થયું, ઢીકણું થયું. એટલે સાકરનું શ્રીફળ સૌએ વખાણી માર્યું છે. પણ અંદર અનુભવમાં તો એકલી અમૃતની નાળિયેરી જ છે અહીંયાં તો. એ અનુભવની વાત લીધી છે. ખરું સુખ તો આ છે. બાકી બધા કૃત્રિમ સુખને સુખ કહેવાની જે પદ્ધતિ અને

વ્યવહાર છે એમાંથી વાસ્તવિક સુખનો અનુભવ થાય એ પરિસ્થિતિ નથી. એમ ભ્રમના ઘણા સ્થાન છે. અને બાહ્ય દૃષ્ટિમાં તો એ કોઈને કોઈ સ્થાનમાં ભ્રમનું સેવન થાય. ભ્રમ ન છૂટે ત્યાં સુધી બાહ્ય દૃષ્ટિએ ધર્મના ક્ષેત્રમાં પણ ભ્રમનું જ સેવન થાય.

મંદ કષાયને શાંતિ માને. શાસ્ત્ર ભણતરને એ જ્ઞાન માને. વક્તૃત્વકળા હોય એને પણ જ્ઞાન માને. ઓરેટરી સારી હોય, સારી સુંદર ભાષામાં અવાજ મીઠો હોય. અવાજ એવો સારો હોય. બોલવાની એવી શૈલી હોય, છટા હોય તો એને જ્ઞાન માને. છટા ન હોય ને ભણતર સારું હોય ને અનેક વાતો (કરે), ઘણું સમજાવી શકે, ઘણું કહી શકે એને જ્ઞાન માને. જ્ઞાન તો જ્ઞાનાનુભવ તે જ્ઞાન છે. જ્ઞાનમાં જ્ઞાનનો અનુભવ થતા પોતે જ્ઞાનમયપણે પોતાને ભાસે, માત્ર જ્ઞાનમયપણે ભાસે એ જ્ઞાન છે એ ગુપ્ત વસ્તુ રહી ગઈ છે. કેમકે એ અંતરદૃષ્ટિથી સમજાય છે. બાહ્ય દૃષ્ટિથી એ સમજાતું નથી. આ બાહ્યદૃષ્ટિના વિષયમાં સમજ પડે છે. એટલે એને જ્ઞાન માને છે. એમાં ભ્રમ થાય છે. એમાં જ્ઞાન હોવાનો ભ્રમ થાય છે, જ્ઞાન નહિ હોવા છતાં. તો એ ઠીકરી કાંઈ રૂપિયામાં નહિ ચાલે. ઠીકરી રૂપિયામાં નહિ ચાલે. એ તો કહી ગયા. રૂપિયામાં પરાણે ચલાવવા માગે તો ? કે નહિ ચાલે.

'**હે ચિદાનંદરામ ! પોતાને અમર તરીકે અવલોકો.**' શાશ્વતપણે પોતાનું અવલોકન કરો. ક્ષણિક પર્યાયરૂપે પોતાને ન અવધારો અને સંયોગ પણ શાશ્વત નથી, અશાશ્વત છે, અનિત્ય છે. એ રૂપે પણ પોતાને ન અવલોકો. પોતાને અમર તરીકે શાશ્વતપણે અવલોકો. '**મરણ તારામાં નથી.**' મરણ જેવી કોઈ ચીજ નથી. આત્મા શાશ્વત પદાર્થ છે એનો નાશ થાય તો એને મરણ થયું એમ કહેવાય. પણ મરણ નથી અને મરણની ગંધ પણ નથી. જે મરણનો ખ્યાલ આવતા દુઃખની માત્રા વધીને પ્રાણી સુધબુધ ભૂલી જાય છે. જગતના પ્રાણી બેશુદ્ધ થાય છે.

મરણ પહેલાં અંત કાળમાં સેકન્ડોમાં દુઃખ વધી જાય. ક્ષણમાત્રમાં એટલી દુઃખની તારતમ્યતા, દુઃખની ડિગ્રી વધી જાય કે સાનભાન ખોવે છે. કહે છે કે છે જ નહિ તમારામાં. એ ચીજ જ કલ્પિત છે. દેહત્યાગ છે, દેહત્યાગરૂપ જે બહારનો ફેરફાર છે એ દેહત્યાગ થતાં આત્મામાંથી

કાંઈ જતું નથી. ન તો એક ગુણ ઓછો થાય છે કે ન તો એક પર્યાય ઓછી થાય છે. કોઈ ક્ષેત્રમાંથી, પ્રદેશ-કોઈ ક્ષેત્રમાંથી એક પ્રદેશ ઓછો થાય છે એવું કાંઈ બનતું નથી. દેહત્યાગ થતાં આત્માએ શું ત્યાગ્યું ? આત્મામાંથી કાંઈ ગયું નથી. એ તો એવડો ને એવડો, એટલો ને એટલો શાશ્વત છે. સદાય એટલો ને એટલો રહેવાનો છે.

**'જેમ કોઈના ઘરમાં કોઈ ચક્રરત્ન, ચૌદ રત્ન, નવનિધિ છે છતાં તે દરિદ્રી થઈ ફરે છે.'** ભાન નથી. નવનિધિ અંદરમાં-પોતાના ઘરમાં છે. અને ટૂકડો ટૂકડો માગે છે. કપડાનો ટૂકડો આપો, રોટલાનો ટૂકડો આપો. દરિદ્રી થઈને ફરે છે. **'તે તેના-પોતાના ચક્રવર્તીપદના અવલોકન માત્રથી ચક્રવર્તી પોતે થાય,...'** દૃષ્ટિફેરે કેટલો ફેર છે એમ કહે છે. પદાર્થ તો સ્વપર પદાર્થ જે તે સ્વપર સ્વરૂપે છે. સ્વ સ્વરૂપે છે કે જે સ્વ સ્વરૂપનો પોતે કદિ ત્યાગ કરતો નથી, કરી શકતો પણ નથી. પર પર પદાર્થરૂપે છે કે પર પદાર્થનો ગ્રહણત્યાગ આત્મા કરી શકતો નથી. ગ્રહે તો ત્યાગ કરે ને ? ન તો આત્મા પરપદાર્થનું ગ્રહણ કરી શકે છે, ન તો આત્મા પરપદાર્થનો ત્યાગ કરી શકે છે.

જે એમ કહે કે અમે આટલા પરપદાર્થો છોડ્યા અને આટલા પરપદાર્થનો ત્યાગ કર્યો, તેણે ગ્રહણ કર્યું હોવાનું પહેલા માન્યું છે અને એ વાત પકડી રાખી છે. પરપદાર્થને ગ્રહણ કર્યાનું તો છોડ્યું નથી અને તેથી એણે પરપદાર્થને ત્યાગ કરવાનું માન્યું. એને પરપદાર્થની પક્કડ કદિ પણ છૂટી નથી. લાખો-કરોડોની સંપત્તિ છોડીને અમે દીક્ષા લીધી. એમ કહે છે કે નહિ ? અથવા લાખો-કરોડોનું અમે દાન દીધું. બેય વાત તારી કલ્પનાની છે. એ તારા હતા ક્યે દિવસે કે તે એનું દાન દીધું ? તારી માલિકની ચીજનું તું દાન દઈ શકે છો. જે ચીજ તારી માલિકીની નથી એનું દાન દેવાનો ક્યાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે ? બીજાની ચીજનું બીજો દાન દે ? એ તો હાસ્યાસ્પદ છે કે નહિ ? કે ભાઈ ! મૂડી કો'કની અને દાનમાં તું તારું નામ ક્યાં લખાવે છો ? આ જીવ એવું કરે છે. જ્યારે કાંઈ દાનાદિ ક્રિયા કરે છે, ત્યાગાદિ ક્રિયા કરે છે ત્યારે એ પરનો ધણી થઈને, પોતે એનો માલિક નહિ હોવા છતાં પરાણે માલિક થઈને ત્યાગ કરે છે. એ જ્ઞાનીઓને હસવા જેવું લાગે છે, હાસ્યાસ્પદ લાગે છે. અને વળી એમાં ધર્મ થયો હોવાનું માને. કાંઈક ધર્મ કર્યો.

મુમુક્ષુ :- મિથ્યાત્વનો મોટો અધર્મ છે.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વનો ધણી ખરો અત્યારે. અધર્મનો ધણી ખરો. આમ છે. આવી વાત છે. આત્માની ચીજ નહિ હોવા છતાં આત્મા એમ કહે કે નહિ, એ મારી છે અને હું એને આપું છું. એ મારી છે અને હું એને આપું છું. ભાઈ ! પરાણે તું ક્યાં (ધણી થાય છે). આ દુઃખનો રસ્તો છે. આ તારા માટે દુઃખનો રસ્તો છે, બીજું કાંઈ નથી. ભોગ-ઉપભોગને ગ્રહણ કરવા એ જીવને અધર્મ દેખાય છે. એ અધર્મ દેખાય છે. પણ આ પરમાં અહંપણું કરું છું હું દાન આપતા કે ત્યાગ કરતા, એ એને અધર્મ નથી દેખાતો. એ એટલો જ ગુનો છે. જરાય ઓછો ગુનો નથી. ઓલું તો અશુભ છે અને આ તો શુભ છે. કે પરમાર્થે તો બેય ગુના મિથ્યાત્વ સહિત સરખા છે. પરમાં સ્વપણું કરવાનો જે ગુનો છે એ તો એકસરખો જ છે. એમાં જરાય ફેર નથી.

એટલે લોકોને જરા આકરું લાગ્યું. જે લોકોએ એને મહત્તા આપી હતી એને આકરું લાગ્યું. તમારે ત્યાગ કરવો નથી માટે તમે આમ કહો છો. ઠીક ! આળ ચડાવવામાં તો શું વાંધો છે ? એ તો સહેલી વાત છે. આળ નાખવામાં કાંઈ બહુ તકલીફ નથી પડતી. તમારે લહેરપાણી કરવા છે, લાડવા ખાતા ખાતા મોક્ષે જાવું છે માટે તમે આવી બધી વાતો કરો છો.

ભાઈ ! એમ નથી. માત્ર વાત કરવાનો આ વિષય નથી. સ્વને સ્વપણે અનુભવવાનો અને પરને પરપણે અનુભવવાનો ભાવ છે, એની સમજણ છે અને એ સમજણ અનુસાર એણે પ્રતીત કરવાની છે, શ્રદ્ધા કેળવવાની છે, એને જ્ઞાન કેળવવાનું છે. શ્રદ્ધા-જ્ઞાન કેળવાયા હશે તો એવું આચરણ થશે. નહિતર શ્રદ્ધા-જ્ઞાનને આચરણ અનુસરશે. જેવું શ્રદ્ધા અને જ્ઞાન હશે એવું આચરણ થશે. આચરણ તો શ્રદ્ધા-જ્ઞાનને અનુસરશે. એ કાંઈ બીજી રીતે એનું અનુસરણ થશે નહિ.

મુમુક્ષુ :- ભોગ-ઉપભોગના પરિણામ અને પરમાં હુંપણાના પરિણામ એ ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ.

મુમુક્ષુ :- કારણ કે સમ્યગ્દૃષ્ટિને પણ ભોગ-ઉપભોગના પરિણામ થાય છે પણ એની શ્રદ્ધા પલટાય ગઈ છે...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એને પરમાં હુંપણું થતું જ નથી.

મુમુક્ષુ :- નહિ. શ્રદ્ધાનો દોષ તો મોટો ખરો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધાનો દોષ સમ્યગ્દષ્ટિને તો નથી.

મુમુક્ષુ :- એમને નથી પણ...

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાદષ્ટિ તો ત્યાગ કરે એમાં પણ શ્રદ્ધાનો દોષ છે અને ગ્રહણ કરે એમાં પણ શ્રદ્ધાનો દોષ છે. નાનો-મોટો દોષ થાય ત્યારે ?

મુમુક્ષુ :- શ્રદ્ધાનો દોષ અને ચારિત્રનો દોષ બેમાં અંતર તો ખરું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ વચ્ચે દોષનું બહુ મોટું અંતર છે. અહીંયાં મિથ્યાદષ્ટિ અને મિથ્યાદષ્ટિની વાત લીધી છે. એક જીવ ભોગ-ઉપભોગમાં પડીને પોતાને સુખી માને છે કે અમારે લીલા લહેર છે, કાંઈ વાંધો નથી. બીજો જીવ પોતાની સંપત્તિનો ત્યાગ કરે છે. દાન આપે છે, દીક્ષા લે છે. તો મેં મારી કરોડોની સંપત્તિ મૂકીને દીક્ષા લીધી કે એનું દાન દીધું. અને આ જીવને અને (પેલા જીવને) શ્રદ્ધાના દોષમાં બેયમાં શું ફેર ? કાંઈ ફેર ખરો ? બેય સરખા દોષી છે. એ રીતે પરમાં અહંપણું રાખીને દાન દેનાર કે દીક્ષા લેનાર અને પરપદાર્થના ભોગ-ઉપભોગમાં રહેનારને શ્રદ્ધાનો દોષ એકસરખો છે.

હવે એનું એક બીજું પડખું તપાસીએ તો ભોગ-ઉપભોગવાળાને એ પરિણામથી છૂટવું સહેલું છે. આ દાન દેવાવાળાને છૂટવું મુશ્કેલ છે. કેમકે પેલો એને ધર્મ નથી માનતો. પેલો સમજે છે કે મને તો આમાં અત્યારે ઠીક લાગે છે. ભલે તૃપ્તિ થતી નથી. ભલે આકુળતા પણ આમાંથી થાય છે, રોગ પણ આમાંથી થાય છે. ભોગે રોગ ભયં. જેટલા ભોગઉપભોગમાં પડ્યા છે એને એ પણ ખ્યાલ છે કે આ બધા રોગના કારણ છે. શરીરદુઃખ કોઈને જોઈતું નથી, શરીરઅશાતા પણ જોઈતી નથી. એને એ ધર્મ નથી માનતો. એટલે અંદર અંદર બીએ છે એનાથી. જ્યારે આ તો નિર્ભિકપણે કરે છે કે આ તો ધર્મ છે. આ તો મારો ધર્મ છે. એ જો સૂક્ષ્મતાથી તપાસો તો આનો-ધર્મ માનનારનો મોટો દોષ છે.

શુભ-અશુભને જોઈએ તો અશુભ મોટો દોષ છે. કેમકે કષાયની તીવ્રતા ત્યાં વધારે છે. અહીંયાં કષાયની મંદતા છે. પણ કષાયની મંદતા-તીવ્રતાનો અનુભવ કરવો અને બાહ્ય દૃષ્ટિથી એને જ દોષ ને

નિર્દોષતામાં એની ખતવણી કરવી એ જૈનદર્શનના સિદ્ધાંતમાં નથી. જૈનદર્શનના સિદ્ધાંતમાં પહેલા મિથ્યાત્વનો અભાવ કરવા માટે બધી વાત છે. એ વિષયને સ્પર્શે નહિ, એ વિષયને જાણે નહિ, સમજે નહિ અને માત્ર કષાયની તીવ્રતા-મંદતાને દોષની વાતોમાં લ્યે, એ જૈનદર્શનની બહારની બધી વાતો છે. જૈનદર્શનની એ વાતો નથી. એ બધી વાતો બધા અન્યમતિઓ આ વાત કરે છે. કોઈ પોતાની રીતે, કોઈ આ રીતે, કોઈ આ રીતે. જેની જેટલી બુદ્ધિ ચાલે એટલી સૌ કરે છે. જૈનદર્શન જુદું જ અહીંથી પડે છે. લગભગ કહેવાતા જૈનોમાં એ વિષય નથી કે જૈનદર્શન ક્યાંથી જુદું પડે છે.

મુમુક્ષુ :- .. મિથ્યાત્વનો ત્યાગ કરતા સર્વસંગ પરિત્યાગ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વના ત્યાગમાં તો રાગેય મારો નથી અને રાગનો વિષય પણ મારો નથી. એ વાત લેવાની છે. આકરી શરત છે એ. જેવી તેવી વાત નથી. રોટલા છોડવા કે આજે આહાર નથી લેવો એ સહેલી વાત છે. પણ આ જગતમાં મારો એક પરમાણુ પણ નથી અને રાગનો એક કણ પણ મારો નહિ. અને મારો નહિ તેથી મારે એ કાંઈ જોઈએ નહિ. મારે એક આત્મા જ ખપે. જ્ઞાનાનંદ સ્વરૂપી આત્મા સિવાય મારે કાંઈ જોઈતું નથી. બહુ આકરી શરત છે. પણ એ એને અઘરું પડે છે એટલે સહેલું લેવા જાય છે. કોઈ સહેલો ધર્મ મળી જાય તો સારું.

'ગુરુદેવ'ને ઘણા પ્રશ્ન કરતા હતા. કાંઈક સહેલું કહો. આ બહુ અઘરી અઘરી વાત કરો છો. કાંઈક સહેલું કહો. તો કહે, રાખ સહેલી છે. રાખનું બીજું નામ સહેલી છે. સહેલી એટલે હળવી. વજન ઓછું હોય ને ? રાખનું બીજું નામ સહેલી છે. ગામડામાં એને સહેલી કહે. રાખ સહેલી છે. ધર્મ એટલો સહેલો નથી. ધર્મ તો તલવારની ધાર ઉપર ચાલવા જેવો છે. એ કોઈ સહેલી ચીજ નથી. ઓલું તો પાંચ વર્ષનું બાળક હોય (એને કહે કે) આજે ખાવાનો ત્યાગ લઈ લે. તો કહે, ખાવાનો ત્યાગ. કબુલ. ચડી જા ડુંગરો. તો કહે, કબુલ. દોડીને ચડી જઉં. પાંચ વર્ષનું બાળક હોય તો ધડધડાટ માંડે ચડવા. થાય કે નહિ ધર્મ ? એ કાંઈ ધર્મ થાય એવું નથી.

જેમ જેના ઘરમાં નવ નિધિ છે, ચક્રરત્ન છે. **'તે તેના-પોતાના ચક્રવર્તીપદના અવલોકનમાત્રથી ચક્રવર્તી પોતે થાય,...'** એને જાણતા, એને અવલોકતા એને ચક્રવર્તીપણું પોતાના ભાનમાં આવે છે. એને ચક્રવર્તી થવા માટે શું કર્યું ? કાંઈ નથી કર્યું. **'તેમ સ્વપદને પરમેશ્વરૂપ અવલોકે તો ત્યારે (તે ક્ષણે) પરમેશ્વર છે.'** પરમેશ્વર બનાવવો એ પ્રશ્ન નથી. ખુદ પરમેશ્વર સ્વરૂપે છે. સાક્ષાત્ અખંડ સિદ્ધપદ સ્વરૂપે પોતે જ છે. અંદરમાં એ સ્વરૂપ છે પોતાનું. માને તો પણ છે અને ન માને તોપણ છે. છે એ તો છે જ. ન માને તો દુઃખી થાય છે અને માને તો સુખી થાય છે. બસ. આટલો ફેર છે. જો પરમેશ્વરસ્વરૂપ અવલોકે પોતાને સ્વપદને. અવલોકતા જ પરમેશ્વર થાય છે. પરમેશ્વર છે.

**'જુઓ ! જુઓ ! (કેવી મોટી) ભૂલ ! અવલોકનમાત્રથી પરમેશ્વર થાય; એવું અવલોકન કરતો નથી, ઈન્દ્રિયચોરોને વશ બની પોતાના નિધાનને લૂંટાવી દરિદ્રી થઈ ભવવિપત્તિને ભરે છે (વહોરે છે).'** આમ છે. લેવા-દેવાનું કાંઈ નથી, એમ કહે છે. અવલોકનમાત્રથી પરમેશ્વર થાય. એવું અવલોકન ન કરવાની ભૂલ કરે. તો પોતે શરીરવાળો અને ઈન્દ્રિયવાળો છે અને આ જોઈશે ને તે જોઈશે. આના વગર ચાલશે નહિ, આના વગર ચાલશે નહિ. એમ વશ બનીને, શરીરને વશ બનીને (રહેશે). ઈન્દ્રિય ચોર કીધી છે. એનું નિધાન ચોરાય છે. એનું સુખ ચોરાઈ જાય છે. જ્ઞાન અને સુખ એનું ચોરાય જાય છે.

ઈન્દ્રિયચોરોને વશ બની લુંટાવે છે. ચોરાય તો થોડુંક રહી જાય અને થોડુંક (લઈ જાય), આ તો સાવ લુંટાય જ જાય છે. ચોરીમાં તો થોડુંક ઘરમાં રહી પણ જાય. આ તો કહે છે કે લુંટાય જાય છે. ક્યાંય એને સુખના કણનો પણ અનુભવ થતો નથી. એવા દુઃખનો અનુભવ થાય છે. **'પોતાના નિધાનને લુટાવી દરિદ્રી થઈ...'** લાચાર થઈ, રાંકો થઈ, દીન થઈ માગતો ફરે છે. **'ભવવિપત્તિને ભરે છે...'** અનેક જન્મ-મરણને વહોરી લે છે. એના ફળમાં જન્મ-મરણના દુઃખને ઊભા કરે છે. જન્મ-મરણરહિત એવું જે શાશ્વતપદ છે એનું શ્રદ્ધાન જ્ઞાન કરતો નથી. શ્રદ્ધાન જ્ઞાન કરતો નથી એટલે પોતે શાશ્વત જ્ઞાનાનંદ સુખ સ્વરૂપે છે એનો અનુભવ કરતો નથી. એથી પોતે દીનપણે સુખ

માટે સુખની યાચના કરતો ફરે છે. દરિદ્રી થઈને ફરે છે એટલે સુખની યાચના કરે છે. કોઈ મને સુખી કરો, કોઈ મને સુખી કરો.

**'ભૂલ મટાડતો નથી.'** ભૂલ મટાડવાવાળા એને ભૂલ મટાડવાનું કહે તો એના ઉપર ક્રોધિત થાય છે. નહિ, તમે આમ કેમ કહો ? તમે આમ કહો છો એ ખોટું છે. તમારી ભૂલ છે. એના ઉપર ક્રોધ કરે છે. પોતાને અંદરમાં સ્વભાવની અરુચી છે ને ? એટલે એ સ્વભાવના દર્શાવનારા મળે તો એની પણ એને અરુચી થાય છે. એના વચનો પ્રત્યે અરુચિ થાય છે. આવી તો વાત હતી હશે ? આવી વાતમાં તો લોકોને સ્વચ્છંદ થઈ જશે, ફલાણું થઈ જશે, ઢીકણું થઈ જશે. હવે લોકોને થાવું હોય તે થાય. તને શું થાય એ નક્કી કરને. તને સ્વચ્છંદ થાય તો શું કારણે થાય છે ? તારો વિચાર કરને.

સ્વચ્છંદ ન થાય એવી વાત પણ કરે છે. નથી કરતા એવું તો કાંઈ નથી. અને આત્માનું કલ્યાણ થાય એવી વાત કરે છે. તો આત્માનું કલ્યાણ થાય એવી વાત કરે, એથી આત્માનું કલ્યાણ થશે એ તને કેમ ન દેખાણું ? આટલો સવાલ છે. નહિ પણ ફલાણાનો સ્વચ્છંદ થઈ ગયો અને એને આમ થયું, આવા પરિણામ થયા ને ફલાણું થયું. હવે સાકર ખાતા ખાતા કોઈ ગધેડો મરી ગયો. સાકર ખાતા ગધેડાનું મૃત્યુ થાય કે ગધેડાને તાવ આવે. તેથી મનુષ્યે સાકર ન ખાવી એ ક્યાંનો સિદ્ધાંત છે ? મનુષ્ય સાકર ખાવાનું છોડી દ્યે ?

એમ જે પાત્ર જીવ છે, જેને આત્મહિત કરવું છે, ધર્મના ક્ષેત્રમાં તો જે હિત કરવા આવ્યો છે તે હિત-અહિતને ન સમજે તો સ્વચ્છંદે જાય. જીવ સ્વચ્છંદે ક્યારે જાય ? કે હિત-અહિતની સમજણ છૂટી જાય તો. બાકી જેને નિર્દોષ થવું છે, દોષ ટાળવા છે, ગુણ પ્રગટ કરવા છે એને આ ગુણ પ્રગટ કરવાની વાતોથી, દોષ મટાડવાની વાતોથી એને કેમ દોષ વધે ? અને એને વધે ને કેમ ખબર ન પડે ? એવું તો કદિ બને નહિ.

મૂળ તો શું છે કે નાના નાના દોષને મોટા દોષ માની રાખ્યા છે અને મોટા દોષ તો એને દોષ તરીકે જ દેખાતા નથી. એટલે એને સ્વચ્છંદ દેખાય છે. પણ કયા ક્યા ગુણસ્થાને કેવા કેવા ઉદયભાવના પરિણામ હોય એની ખતવણીની ખબર નથી. એટલે એને ગુણસ્થાન

અનુસાર ભાવ છે કે નહિ એની મેળવણી થઈ શકતી નથી, વિચાર કરી શકતો નથી. અને પોતે પોતાને નાના દોષ મટાડીને મોટો માન્યો છે એટલે એને એમ લાગે છે કે આમ કેમ થાય છે ? આમ કેમ ? એવું લાગે છે. પણ એ એની સમજણનો વિષય નથી.

મુમુક્ષુ :- અમારામાં ગુણસ્થાનનો જ ગોટાળો થયો. હોય પહેલા ગુણસ્થાને, ચોથું ને પાંચમું...

પૂજ્ય ભાઈશ્રી :- બધે એમ જ છે. એમ જ છે. બધે એમ જ છે. ત્રણે ફીરકામાં એમ જ છે. ગુણસ્થાનની બહાર તો ત્રણ ફીરકામાં છે. જૈનના ફીરકા સિવાય, જૈન સંપ્રદાય સિવાય ચૌદ ગુણસ્થાનની વાત નથી. પહેલા ગુણસ્થાનવાળા છઠ્ઠુ-સાતમું ગુણસ્થાન માને, પાંચમું ગુણસ્થાન માને, ચોથું ગુણસ્થાન માને. એટલે પછી એમાં ગડબડ ઊભી થયા વિના રહે નહિ. થાય જ થાય.

એ તો 'ગુરુદેવે' સ્પષ્ટતા કરી કે, ભાઈ ! ચોથું ગુણસ્થાન છે એને તપાસવા માટે આટલા આટલા પ્રકાર છે. હવે જેને ચોથું ગુણસ્થાન ન હોય એના માટે વિચાર કરવાની જરૂર છે કે પાંચમું ગુણસ્થાન છે કે નહિ ? એને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન છે કે નહિ એ કાંઈ વિચાર કરવાની જરૂર રહે છે. બહુભાગ પૂછો તો સમ્યક્ત્વ મિથ્યાત્વના વિષયથી જ અજાણ્યા છે. ચોથા ગુણસ્થાન સંબંધી જ અજાણ્યા છે. ન તો પહેલા ગુણસ્થાનની પૂરી ખબર છે, ન તો ચોથા ગુણસ્થાનની પૂરી ખબર છે. પહેલાની પણ ખબર નથી. આવી વાત છે.

મુમુક્ષુ :- એટલે મૂર્ખામીમાં પહેલામાં તો છીએ ને ? એમ કહે.

પૂજ્ય ભાઈશ્રી :- એ લોકોને અણસમજણથી શું હોય છે કે અમે લોકો પહેલામાં છીએ. કેટલાક તો પહેલામાં પણ નથી. ઝીરોમાં છે એમ કહે. અમારે એકડો તો છે.

મુમુક્ષુ :- ગુણનું સ્થાન.

પૂજ્ય ભાઈશ્રી : ગુણનું સ્થાન પહેલું તો હાથમાં આવ્યું. બીજા તો ઝીરોમાં છે. ભાઈ ! ચૌદ ગુણસ્થાનની બહાર કોઈ નથી.

મુમુક્ષુ :- ઝીરો ગુણસ્થાન હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- ના, ના હોય જ નહિ. પણ એ પહેલા ગુણસ્થાનમાં અભિમાન કરે છે કે અમે પહેલામાં તો આવ્યા છીએ. ભલે

ચોથામાં ન હોઈ, પાંચમામાં ન હોય પણ પહેલામાં તો છીએ. પણ નિગોદનો જીવ પણ પહેલામાં હોય છે. આ તો બહુ ક્રિયાકાંડે ચડ્યા હોય, મહારાજ સાથે ચોમાસું કરતા હોય. પોહા-પ્રતિક્રમણા રોજ કરતા હોય, આંબેલો કરતા હોય અને વિધિ-વિધાનમાં મહિનાઓ સુધી બેસતા હોય એને પહેલા ગુણસ્થાનની પણ ખબર ન હોય. કે અમારે ચોથું ન હોય તો કાંઈ નહિ. પહેલું તો છે. હવે પહેલું તો નિગોદિયાને પણ છે.

મુમુક્ષુ :- પાંચમે માને.

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો ગમે તેટલું માને એને ક્યાં વાંધો છે. આ તો કોઈ સંબંધી તો અનેક હોય ને. એ વાત કરે ત્યારે ખબર પડે. પહેલું તો છે અમારે. પહેલું છે એ તો પહેલું તો હવે અનાદિનું પહેલું જ છે. અનાદિનું જીવને પહેલું ગુણસ્થાન જ છે. સમય તો થયો છે, અહીં સુધી રાખીએ..

સ્વરૂપના વિકલ્પ દ્વારા સ્વરૂપમાં અહંભાવ થાય, ત્યાં સુધી આત્મામય પરિણમન નથી, પરંતુ વેદનપૂર્વક સ્વરૂપલક્ષ સહિત પરિણમન તે આત્મામય પરિણમન છે. જ્યાં સુધી વિકલ્પ છે, ત્યાં સુધી બાહ્યવૃત્તિ છે, વેદનમાં સ્વપણે પોતાનો અનુભવ તે અંતર્વૃત્તિ છે. વેદનથી જ અસ્તિત્વ ગ્રહણ છે. જ્ઞાનવેદન સિવાઈ, માત્ર સ્વરૂપના વિકલ્પમાં અસ્તિત્વ ગ્રહણ નથી. તેથી મોક્ષમાર્ગીને સવિકલ્પ દશામાં, પરિણતિમાં વેદન છે. જેટલું વેદન છે, તેટલો જ ધર્મ છે. અને તે જ મુખ્ય છે. વિકલ્પની મુખ્યતા નથી.

(અનુભવસંજીવની - ૭૪૯)

**તા. ૧૦–૧૨–૧૯૮૫, પાના નં. ૩૮, પ્રવચન નં. ૭૭**

પાનું-૩૮. પેરેગ્રાફથી. ‘હે **ચિદાનંદરામ ! પોતાને અમર તરીકે અવલોકો.**’ પોતે પોતાને સંબોધન કરે છે. .. સંબોધન છે. ‘હે **ચિદાનંદરામ !**’ એટલે હે આત્મા ! ચૈતન્ય ને આનંદસ્વરૂપ એવો આત્મા પોતે શાશ્વત છે. શાશ્વત તત્ત્વને શાશ્વત તરીકે જ અવલોકો. અવલોકો એટલે અહીંયાં અનુભવ કરો. પોતાના શાશ્વતપણાનો અનુભવ કરો. ‘**મરણ તારામાં નથી.**’ પોતે પોતાને સંબોધન કરે છે. પોતાને જ સંબોધન કરે છે. કે ‘**મરણ તારામાં નથી.**’ નાશ થાય. વસ્તુનો નાશ થાય, પોતાનો નાશ થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી.

‘**જેમ કોઈના ઘરમાં કોઈ ચક્રરત્ન, ચૌદ રત્ન, નવ નિધિ છે છતાં તે દરિદ્રી થઈ ફરે છે. તે તેના-પોતાના ચક્રવર્તીપદના અવલોકન-માત્રથી ચક્રવર્તી પોતે થાય,...**’ દૃષ્ટાંત લે છે. એટલે જેમ કોઈના ઘરમાં નવનિધિ છે, રત્નો છે, છતાં તેના બેભાનપણામાં, પોતાની સંપત્તિના બેભાનપણામાં તે દરિદ્રી થઈને ફરે છે. નિમિત્ત અનુસાર પરિણામ નથી થતાં અહીંયાં. બહારમાં એના પુણ્યયોગે નિમિત્ત તો સંપત્તિનું છે. છતાં ભાન ભૂલે તો દરિદ્રીના પરિણામ થાય છે.

‘**તે તેના-પોતાના ચક્રવર્તીપદના અવલોકનમાત્રથી ચક્રવર્તી પોતે થાય,...**’ થયો કે હતો જ ? એ હતો જ. હતો પણ એનો અનુભવ નહોતો. હોય છતાં અનુભવ ન થાય અને ન હોય છતાં અનુભવ થાય એવા અનુભવની અંદર સારા-ખોટા અનુભવના પરિણામ થાય છે, સાચા-ખોટા પરિણામ થાય છે. તેથી અહીંયાં સત્ય અનુભવ કરાવવા માટે આખા ગ્રંથનું શીર્ષક જ અનુભવપ્રકાશ રાખ્યું છે. સાચા અનુભવનો પ્રકાશ, આત્મ અનુભવનો પ્રકાશ. પ્રકાશ એટલે પ્રગટપણું.

‘**પોતાના ચક્રવર્તીપદના અવલોકનમાત્રથી ચક્રવર્તી પોતે થાય,...**’ એટલે પોતે ચક્રવર્તી છે એવો અનુભવ કર્યો ત્યારે ચક્રવર્તી

હતો તેનો જ અનુભવ થયો કે હું ચક્રવર્તી છું. તેને એમ કહેવાય છે કે તું ચક્રવર્તી થયો. દરિદ્રી થયો હતો તે ચક્રવર્તી થયો. છતી સંપત્તિએ દરિદ્રી થયો હતો. ભાવે દરિદ્રી થયો હતો. સંયોગે સંપત્તિથી તો દરિદ્રી નહોતો થયો. અને અહીંયાં તો દ્રવ્યે ને ભાવે જ્યાં પોતાના સ્વ ભાનમાં આવ્યો ત્યારે દ્રવ્યે પણ ચક્રવર્તી અને ભાવે પણ ચક્રવર્તી (થયો). તો ભાવે થયો ત્યારે થયો એમ કહ્યું. દ્રવ્યે તો હતો જ. એ દૃષ્ટાંત છે.

**'તેમ સ્વપદને પરમેશ્વરરૂપ અવલોકે તો ત્યારે (તે ક્ષણે) પરમેશ્વર છે.'** જે ક્ષણે અવલોકે. પોતાનું પરમેશ્વરપદ છે એને જે ક્ષણે અવલોકે છે તેને પોતે જ પરમેશ્વર છે. પરમેશ્વર થવું એ વાત બાકી નથી ત્યાં. દ્રવ્યમાં તો બાકી નથી. પોતાના સ્વરૂપના બેભાનપણામાં દરિદ્રી થઈને ફરે છે. હું સંસારી, હું ..., હું ફલાણો, મારા કરતા બીજા ઘણા શ્રીમંત છે, ધનવાન છે. તેથી તેઓ મારા કરતા પુણ્યવાન હોવાથી મોટા છે. હું નાનો છું. એ પ્રકારે અનુભવ એ કરે છે. પોતાની દીનતાનો (અનુભવ કરે છે). દ્રવ્યે તો પરમેશ્વર છે. અનુભવ કરે ત્યારે જે ક્ષણે અનુભવ કરે, જે ક્ષણે પરમેશ્વર ... ધ્રુવપદમાં મોક્ષ કરવો ... ધ્રુવપદમાં મોક્ષ કરવો, ધ્રુવપદમાં અર્થાત્ પોતાના સ્વરૂપમાં મોક્ષ કરવો (એવું નથી). ... એના અભાવસ્વરૂપે છે એટલે અનાદિઅનંત પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપે છે. પૂર્ણ શુદ્ધને મોક્ષ કહ્યો છે તો પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપે જ છે. ત્યાં કોઈ મોક્ષ કરવાનો વિકલ્પ નથી. એમાં મોક્ષ કરવાનો વિકલ્પ નથી અને વિકલ્પ હોય તો તે ભ્રાંતિ છે.

**'સ્વપદને પરમેશ્વરરૂપ અવલોકે તો ત્યારે (તે ક્ષણે) પરમેશ્વર છે.'** તે પોતે જ પરમેશ્વર છે. **'જુઓ ! જુઓ ! (કેવી મોટી) ભૂલ !'** એમ કહે છે. પરમેશ્વરપદ સ્વરૂપ હોવા છતાં પોતાને દીન, રાંકો, સંસારી આખેઆખો માનીને, એક સમયની અવસ્થા એવી પરિણમે છે એને જ એવું સ્વરૂપ પોતાનું પૂર્ણ સ્વરૂપ એવું માનીને, તે પ્રમાણે પોતાનો પૂરો અનુભવ કરીને દુઃખી થાય છે. **'અવલોકનમાત્રથી પરમેશ્વર થાય; એવું અવલોકન કરતો નથી,...'** પરમેશ્વરપદે વસ્તુ મોજૂદ છે. **'અવલોકનમાત્રથી પરમેશ્વર થાય;...'** દ્રવ્યે તો છે પણ ભાવે પણ થાય એમ કહે છે.

મુમુક્ષુ :- ચક્રવર્તી ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ દુનિયામાં તો એવા પ્રસંગો બન્યા છે. સામાન્ય... હોય એને કાંઈ એવું બેભાનપણું ન થાય. દુનિયાના ઈતિહાસમાં એવા તો અનેક પ્રસંગો બન્યા છે કે પૂર્વજો, બાપ-દાદા મોટા શ્રીમંત હોય, બહુ ધનાઢ્ય હોય. (તેમણે સંપત્તિ દાટી હોય). બહારમાં તો કાંઈ દેખાય નહિ. આમાં શું છે ? આ તો ભીંતડું છે. આ તો છત છે. પણ કોડવર્ડ હોય. એને બાર વાગ્યાને શું સંબંધ છે ? અથવા એમ કે પૂનમની રાત્રે બાર વાગે છતની અંદરથી સંપત્તિ મળે એમ છે. પૂનમ તો ઘણી ગઈ, એમાં કાંઈ મળતી નથી. એ છતનો પડછાયો જ્યાં પડે છે એ જગ્યાએ ખોદે તો ત્યાં સંપત્તિ છે એમ કહેવું છે. એટલે ચોક્કસ જગ્યા સૂચિત કરવા માટે એવી ભાષા કરી હોય છે. વિચિક્ષણ માણસ એને ઉકેલ આપે છે કે તારી સંપત્તિ છે પણ ક્યાં છે એની તને ખબર નથી, કેટલી છે એની તને ખબર નથી. એટલે તું દીન થઈને ફરે છો, લાચાર થઈને ફરે છો, બીજાની મદદ માગતો ફરે છે.

એ માણસ ઘરમાંથી સંપત્તિ, પોતાની સંપત્તિ હજી ઘરમાંથી નીકળેલી જોવે છે. (ત્યાં એ શ્રીમંત થઈ ગયો). એ શ્રીમંતપણે રહેવા લાગ્યો નથી. એના સાધનસંપન્ન મકાન સાવ જર્જિત થઈ ગયું હોય, બધો દેખાવ, બહારનો દેદાર બધો દરિદ્રીપણાનો રહેવા છતાં ભાવે તો એ શ્રીમંત થઈ ગયો. થઈ ગયો કે ન થઈ ગયો ?

સમ્યગ્દષ્ટિની આ હાલત છે. સમ્યગ્દષ્ટિને ઓળખવા માટે એના કેવા સ્વરૂપનું ભાન છે ? કે પોતાના પૂર્ણ શુદ્ધ પરમેશ્વરપદનું ભાન છે. મારા સ્વરૂપે કરીને હું પરિપૂર્ણ શુદ્ધ પરમેશ્વર છું. એ પરમેશ્વરપદ છું એવા ભાનમાં, એવા શ્રદ્ધાના પરિણમનમાં બીજા ગુણો પણ પરમેશ્વરપદના ભાવે જ થતાં જ જાય છે. બીજા ગુણોનું પરિણમન પણ પરમેશ્વરપદના ભાવાકારે જ થતું જ જાય છે. તેથી અવસ્થાએ પણ પૂર્ણ પરમેશ્વર અલ્પકાળમાં થઈશ એવી પ્રતીતિ તેને આવે છે.

દ્રવ્યની પ્રતીતિમાં, પૂર્ણ દ્રવ્યની પ્રતીતિમાં પૂર્ણ પર્યાયની પ્રતીતિ ગર્ભિતપણે આવી જ જાય. નિર્વિકલ્પ સમ્યગ્દર્શનમાં, નિર્વિકલ્પ સ્વરૂપની પ્રતીતિમાં પરિપૂર્ણ શુદ્ધ પર્યાયની પ્રતીતિ એની અંદર આવી જ ગઈ. હું જે સ્વરૂપે કરીને પરમેશ્વર છું તો અવસ્થાએ પરમેશ્વર નહિ થાઉં એ પ્રશ્ન ક્યાં રહ્યો ? જેને ઘરમાંથી સંપત્તિ મળી. એને કપડા સારા

નહિ મળે, દાગીના સારા નહિ મળે, ખાવામાં કાંઈ બીજે માગવું પડશે એ પ્રશ્ન એને ઉપસ્થિત થતો નથી. એ તો શ્રીમંત થઈ જ ગયો. ખરેખર શ્રીમંત થઈ ગયો. એટલે એમ કહે છે કે દૃષ્ટિ અપેક્ષાએ તો સમ્યગ્દૃષ્ટિ કૃતકૃત્ય છે. ચારિત્રમોહની કેટલીક કચાશ છે. તો એ અલ્પ સમયમાં ચાલી જશે. પણ દૃષ્ટિ અપેક્ષાએ તો એ કૃતકૃત્ય થઈ ગયો. હવે એને કાંઈ કરવાનું બાકી છે એ પ્રશ્ન એને રહેતો નથી. અવસ્થામાં કાંઈ કરવાનું બાકી રહ્યું કે નહિ ? પણ એ તો આપોઆપ પૂર્ણ થતી જાય છે. પછી એનું કર્તૃત્વ શું ? સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ પર્યાયનું પણ કર્તૃત્વ કેમ ચાલ્યું જાય છે ? કે આપોઆપ શુદ્ધતા થવા લાગે છે, શુદ્ધિની વૃદ્ધિ થવા લાગે છે અને પૂર્ણ શુદ્ધિની પ્રતીત વર્તે છે. તેથી એને કરું... કરું... કરુંનો વિકલ્પ નથી.

તેથી અવલોકનમાત્રથી પરમેશ્વર થાય. કાંઈ લાંબી બીજી વાત નથી આની અંદર. કોઈ પહાડ ચડીને ઉતરવો નથી કે થાક લાગે. એમ કહે કે આ તમે હિમાલય ચડી જાવ ને તો તમારો મોક્ષ થાય. એમ કહે. અન્યમતમાં એવી બધી વાતો આવે. હિમાલય છે. એ હિમાલય ઉપર જાવ એટલે પાછળના ભાગમાં એક માનસરોવર છે. કેવું ? એ માનસરોવરમાં જે ન્હાય એ અમર થઈ જાય એમ કહે. પણ હિમાલય ચડવા જાય ત્યાં ઠંડી એટલી લાગે કે શરીર થીજી જાય. એટલે ત્યાં કોઈ પહોંચતા નથી ને અમર કોઈ થાતા નથી. પછી કો'ક થયા હોય એવા દૃષ્ટાંત આપે. આવું બધું અન્યમતમાં આવે છે. એવું નથી આમાં તો. એક અવલોકનમાત્રથી. ભાવથી અંદરમાં પડખું ફરે. પણ અંદર મિથ્યાત્વનો હિમાલય આડો આવે છે એને.

મુમુક્ષુ :- અષ્ટાપદ પર્વત...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં હિમાલયમાં અષ્ટાપદ પર્વત કહે છે ને કૈલાસ પર્વતને ?

મુમુક્ષુ :- પર્વત ચડવાથી ક્યાંથી મોક્ષ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સામાન્ય રીતે મુનિઓ છે એ મુનિદશાની અંદર મોક્ષે ગયા પહેલા એ પર્વતોની અંદર, શિખર ઉપર ધ્યાન કરતા હોય છે અને ત્યાંથી મોક્ષે જાય છે એટલે મોટા ભાગના મોક્ષના સ્થાન એવા છે. (આ લોકોની) કોને ખબર છે ? કથામાં આવતું

હશે. એ સરોવરમાં કાંઈ ભગવાન થોડા બેઠા છે ? એવો કાંઈ નિયમ નથી કે આ જગ્યા, આવી જગ્યા હોવી જોઈએ એવો કોઈ નિયમ નથી. સિદ્ધશિલા ઉપર કોઈ જગ્યા ખાલી નથી. કેટલી છે ? એક રાજુ પહોળી સિદ્ધશિલા છે. નીચે ત્રસ નાડી છે એ એક રાજુ પહોળી છે. જેમાં સંસારના બધા ત્રસ જીવો છે. નિગોદિયા જીવો આખા લોકમાં છે. પણ વચ્ચે એક પટ્ટો છે. એક રાજુ પહોળો. જે લોકનો સાંકડો ભાગ છે. મનુષ્યલોક છે એ એક રાજુ છે. એવી રીતે મનુષ્યલોકમાંથી બધા જાય છે. મોક્ષે ક્યાંથી જાય છે ? નીચે નારકીમાંથી કોઈ જતા નથી, ઉપર દેવમાંથી કોઈ જતા નથી. જોકે દેવ, નારકી એ ત્રસ નાડીમાં છે. કોઈ ત્રસનાડીની બહાર તો કોઈ ત્રસ જીવ નથી. નાડી એટલા માટે કીધું કે જેમ એકસરખું નાડું હોય છે એમ એક સરખો પટ્ટો છે. એક રાજુનો. જેટલો મનુષ્યલોક છે એટલો ઊભો પટ્ટો છે. એ પટ્ટામાં ઉપરના ભાગમાં સોળ સ્વર્ગ અને વિમાન છે ઉપર. પાંચ અનુત્તર વિમાન છે, ઉપર સિદ્ધશિલા છે. નીચે નરકના સાત પાસડા છે. મનુષ્યલોકમાંથી જે આત્માઓ મોક્ષે જાય છે એ સીધા સમશ્રેણીએ જાય છે. સીધેસીધા. કોઈ ત્રાંસ નથી પકડતા.

એવું મનુષ્યલોકનું કોઈ ક્ષેત્ર બાકી નથી કે જ્યાંથી મોક્ષે ન ગયા હોય. એવું કોઈ ક્ષેત્ર બાકી નથી કે જ્યાંથી મોક્ષે ન ગયા હોય. એવી રીતે મોક્ષે જાય છે. જુદી જુદી રીતે. નહિતર તો નીચે પાણી છે, દરિયા છે. તો ત્યાંથી પણ મોક્ષે ગયા ? હા. ત્યાંથી પણ ગયા. કેવી રીતે ? કોઈ એવા ઉપસર્ગમાં છેલ્લે છેલ્લે દરિયામાં ફેંકતા હોય. અહીંયાં અંતકૃત કેવળી હોય છે ને ? કોઈ દેવકૃત ઉપસર્ગ હોય. એવા બધા ઉપસર્ગ હોય છે. એ જુદી જુદી જગ્યાએથી એને લઈ જાય છે, ફેંકે છે. ત્યાંથી એને છેલ્લો દેહ છૂટી જાય છે અને સીધે સીધા ઉપર સિદ્ધાલયમાં જાય છે. એ સિદ્ધાલયનો કોઈ ભાગ ખાલી નથી. કેટલો ? કે એક સોયની અણી જેટલો પણ ભાગ ખાલી નથી કે જ્યાં કોઈ સિદ્ધ આત્મા નથી.

સમ્મેદશિખરને કાંકરે કાંકરે સિદ્ધ થયા છે. આ શેત્રુંજયનું આવે છે. કાંકરે-કાંકરે. પણ અહીંયાં જગતના બધા જ ક્ષેત્રમાંથી કાંકરે-કાંકરે સિદ્ધ થયેલા છે. કોઈ ક્ષેત્ર બાકી નથી કે જ્યાંથી સિદ્ધ ન થયા હોય. કેમકે ઉપર કોઈ ક્ષેત્ર બાકી નથી એમ સૂચિત કરે છે. એક સિદ્ધ છે ત્યાં

અનંત સિદ્ધ છે. પણ કોઈ જગ્યા ખાલી નથી કે જ્યાં સિદ્ધ ન હોય. એક સિદ્ધ થયા હોય ત્યાં અનંત સિદ્ધ છે પાછા. તે એકબીજામાં અવગાહેલા છે એટલે કોઈ એમાં બીજી તકલીફ નથી. એવા અનંત સિદ્ધો છે. અને અનંત કાળ પર્યંત ત્યાં સિદ્ધો રહ્યા જ કરશે. ત્યાં જ રહેશે. સ્થિત થશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પૂંજ ને ? પૂંજ એટલે સમૂહ. પૂંજ એટલે સમૂહ. તેજનો પૂંજ નથી કહેતા ? કે આ સૂર્ય છે એ તો મોટો તેજનો પૂંજ છે. પૂંજ એટલે સમૂહ. એમ ત્યાં અનંત સિદ્ધોનો પૂંજ એટલે સમૂહ છે. એટલા બધા સિદ્ધો છે. અનંત સિદ્ધો છે. એક-બે-પાંચ અબજ નહિ, કરોડ અબજ નહિ, અનંત સિદ્ધો છે.

મુમુક્ષુ :- .. થઈ જાય તો એ પરમાત્માને ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. છેલ્લા અંતર્મુહૂર્તમાં પછી નથી રહેતું. ઉપસર્ગ પરિષહ નથી રહેતો. એ પહેલાની અવસ્થામાં હોય છે. એમ છે.

મુમુક્ષુ :- ત્યાં જગ્યા નથી. એ તો અનંત કાળથી ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ અનંત કાળથી. પહેલા થોડીક હતી ને પછી પૂરાઈ ગઈ એવું પણ નથી. અનંત સિદ્ધો અનંત કાળ પહેલા પણ અનંત સિદ્ધો જ છે ત્યાં. કોઈ આ પહેલા સિદ્ધ, પછી આ બીજા સિદ્ધ એવું પણ નથી.

મુમુક્ષુ :- .. જગ્યા ઘણી છે. કોઈ તકલીફ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હજી અનંતા સિદ્ધો થઈને ત્યાં રહેશે. થયા જ કરશે. અનંતકાળ સુધી અનંત સિદ્ધો થઈ થઈને ત્યાં રહેશે.

મુમુક્ષુ :- આ લોકોએ કલ્પના કરી કે જ્યોતમાં જ્યોત ભળી ગઈ. ખરેખર તો આ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અવગાહન છે એકબીજાને. ત્યાં જગ્યા નથી એવો વિચાર કરીને આપણે અટકવાનું કારણ નથી. ત્યાં આપણી જગ્યા તો છે પણ રિઝર્વ થયેલી છે. કેવી ? આપણી જગ્યા ત્યાં સુરક્ષિત છે. એવી રીતે લેવાનું છે.

**'અવલોકનમાત્રથી પરમેશ્વર થાય; એવું અવલોકન કરતો નથી, ઇન્દ્રિયચોરોને વશ બની પોતાના નિધાનને લુંટાવી દરિદ્રી થઈ**

**ભવવિપત્તિને ભરે છે (વહોરે છે).**' શું કહે છે કે જે ઇન્દ્રિયના વિષયો છે એની અપેક્ષાથી ઇન્દ્રિય ભાવોને વશ બનીને પોતાના ગુણનિધાનને લુંટાવે છે. પોતાના ગુણનિધાનને લુંટાવી દયે છે. પોતાની સંપત્તિને લુંટાવી દયે છે, ખોઈ બેસે છે. અને જન્મ-મરણને વહોરે છે. એ ઉપરાંત એ જન્મ-મરણના દુઃખને વહોરી લે છે. વહોરી લે છે એટલે ? ગુજરાતીમાં વહોરવાનો અર્થ શું થાય છે ? કાંઈ ન મળે, કાંઈ પ્રયોજન ન હોય, લેવા-દેવા ન હોય, ફાયદો ન હોય તોપણ ઉપાધિ કરે ત્યારે એણે ઉપાધિ વહોરી એમ કહેવામાં આવે. કોઈકના ઝઘડામાં પોતે માથુ મારીને પોતે ઝઘડો કરી લ્યે. એનું નામ એણે પારકો ઝઘડો વહોર્યો એમ કહેવામાં આવે છે. એમ આ જન્મ-મરણને વહોરે છે એટલે કારણ વગર, એને જરૂર નથી છતાં એ એ બાજુ જાય છે. જન્મ-મરણ થાય એ બાજુ પરિણામમાં પોતે જાય છે.

મુમુક્ષુ :-ઇન્દ્રિય ચોરોને વશ કેમ થવાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાના સ્વરૂપની સંભાળ કરતો નથી. સ્વરૂપને વશ-સ્વવશ થતો નથી તે પરવશ થઈને પડે છે. એટલે મુનિઓને સ્વવશ કહ્યા છે. 'નિયમસાર'.

'નિયમસાર'માં મુનિઓને સ્વવશ કહ્યા છે. મુનિરાજ છે એ સ્વવશ છે. એ ક્યાંય પરવશ નથી. આ ચીજ જોઈએ એ રહ્યું નથી જેને. એટલે તો 'અમૃતચંદ્રાચાર્યે' એમ કહ્યું કે તમારે અહીંયાં જો મોક્ષદશા કોઈની જોવી હોય તો મુનિદશા જુઓ અપ્રતિબદ્ધવિહારી છે. 'દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રતિબંધવિણ, વિચરવું ઉદયાધિન વિત લોભ જો.' 'શ્રીમદ્જી'એ ગાયું કે નહિ ? એવા મુનિને જોઈને એમ કહ્યું. કહેનાર પોતે એવા મુનિ છે. આ જ મોક્ષતત્ત્વ છે. આ મુનિદશા એ મોક્ષતત્ત્વ છે. 'પ્રવચનસાર'માં કહ્યું. અને 'નિયમસાર'માં 'પદ્મપ્રભમલધારીદેવે' એમ કહ્યું પોતે કે મુનિદશામાં અને મુક્તિમાં અમે જો ફેર માનીએ તો અમે જડબુદ્ધિ છીએ. ઠીક ! કેવું કહ્યું ! અથવા જે જડબુદ્ધિ હોય એ એવું માને કે મુનિદશામાં અને મુક્તદશામાં હવે ફેર રહ્યો છે. આટલી બધી ભક્તિ એમણે મુનિદશાની કરી છે. એ ભક્તિ છે. મુનિદશાની ભક્તિ છે.

મુમુક્ષુ :- અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પાંચ પરમ

ઈષ્ટ કીધા. પાંચેય ઓછા-વત્તા નથી. પાંચેય સરખા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એણે વીતરાગતા જ જોઈ છે એમાં તો. એકલી વીતરાગતા જ જોવે છે. ત્યાં તો બીજું કાંઈ જોતા નથી. મુનિ થઈને મુનિની ભક્તિ કરે એ બરાબર કહેવાય ? (એ જ) સાચી ભક્તિ છે. એને સ્વરૂપની ભક્તિ છે ખરેખર. પોતાના સ્વરૂપનો મહિમા આવ્યો છે. એ તો બહારમાં બહાનુ બીજાના મહિમાનું પકડવામાં (આવે છે). ભક્તિનું બહાનું તો એક બહાનુ છે. ખરેખર તો સમ્યગ્દૃષ્ટિની ભક્તિ, મુનિની ભક્તિ, દેવની ભક્તિ એ બધી ખરેખર તો સ્વરૂપની ભક્તિ છે. વાસ્તવિકપણે એ સ્વરૂપની ભક્તિ છે. પણ સ્વરૂપની ભક્તિ જેને રુચતી નથી તો એને બીજાની ભક્તિ પણ રુચતિ નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'ની ભક્તિ કરીએ ...

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્વરૂપની જ ભક્તિ છે ખરેખર. સિદ્ધપદની ભક્તિ છે એમાં. સિદ્ધપદની જ ભક્તિ છે. એટલે ભક્તિમાં હિસાબ-કિતાબનો નિષેધ છે. તમે આટલી આની ભક્તિ કરો, પછી આની આટલી ભક્તિ કરો, આની આટલી કરો. એમ દરજ્જાવાર તમે ભક્તિ રાખો. એવું ક્યાંય છે વિધાન ? નહિ આવે એવું વિધાન. મુનિને આહાર દેશે તો નવધા ભક્તિથી એમનું પૂજન કરશે. આહારદાન આપે છે ને ?

મુમુક્ષુ :- આહારદાન આપે, અર્ઘ ચડાવે..

પૂજ્ય ભાઈશ્રી :- અર્ઘ ચડાવે, નવધાભક્તિથી એનું મુનિરાજનું પૂજન કરે. હજી છદ્મસ્થ છે. એ ક્યાં હજી પરમેશ્વરપદને પામ્યા છે. પણ એમાં પરમેશ્વર જોવામાં આવે છે. એમ છે. વચ્ચેનો કાળ કાઢી નાખે છે. કેમકે એ તો રજિસ્ટર થઈ ગયા. અલ્પ કાળની અંદર એની મુક્તદશા પાકી થઈ ગઈ. વચ્ચેનો કાળ નૈગમનયે કાઢી નાખે છે. એવી રીતે જોવે છે. એ સમ્યગ્જ્ઞાનનો પ્રકાર છે. નૈગમનય છે એ સમ્યગ્જ્ઞાનનો પ્રકાર છે. નયનો નિષેધ કરે છે તે સમ્યગ્જ્ઞાનનો નિષેધ કરે છે, તે સ્વરૂપનો નિષેધ કરે છે. જ્ઞાનનો નિષેધ કરે છે તે સ્વરૂપનો નિષેધ કરે છે.

'**ભૂલ મટાડતો નથી.**' ભવવિપત્તિને વહોરે છે અને પોતે '**ભૂલ મટાડતો નથી. એમ ચિત્વિકારરૂપ જીવ થાય ત્યારે પરને પોતારૂપ માને છે.**' એમ ચૈતન્યના વિકારરૂપ જીવ થાય, ચિત્વિકારરૂપ જીવ પરિણમે ત્યારે તે પરને પોતારૂપ માને છે. પરને પોતારૂપ માનવાથી પરરૂપે પોતે

થઈ શકતો નથી. પણ માને છે કે હું મનુષ્ય થયો, આ શરીરસ્વરૂપે થયો, આ શરીર મારું છે અને જેવો શરીરનો દેખાવ છે એવો હું છું. એમ પરને પોતારૂપ માને છે.

'**એ ભાવ જીવનો નિજજાતિસ્વભાવ નથી.**' છે જીવનો ભાવ. એ ચિત્વિકારરૂપ જીવ થયો તે ભાવ જીવનો છે. પણ જીવનો નિજજાતિસ્વભાવ નથી. આમ લેવું છે. જાત ફેર છે. પરને પોતારૂપ માનવાનો ભાવ જીવ કરે પણ એ જીવનો જાતિસ્વભાવ નથી. એ વિજાતીય ભાવ છે. એ ભાવોમાં... હવે ત્યાંથી વાત ઉપાડે છે. એક બહુ સારી વાત અહીંથી લે છે કે એ નિજજાતિસ્વભાવ નથી. છતાં '**એ ભાવોમાં જે ચેતના વ્યાપી રહી છે તે જ ચેતનાને એક તું જીવ, નિજજાતિસ્વભાવ જાણ.**' અહીંથી પકડાવે છે. વિભાવભાવમાંથી, વિજાતિય ભાવમાંથી, વિકારમાંથી અવિકાર ચૈતન્ય પકડાવે છે. કેમકે ભાવ તો ચેતનાનો છે ને ? એ કાંઈ જડના પરિણામ નથી. જીવના પરિણામ છે. તો કહે છે, એની જાતિ જુદી છે. પણ ત્યાંથી તું અસલ જાતિ પકડી શકીશ. એ ભાવોમાં, એવા જે વિભાવભાવો છે તે ભાવોમાં જે ચેતના વ્યાપી રહી છે તે જ ચેતનાને એક તું જીવ, જીવ એટલે નિજજાતિસ્વભાવ જાણ. ચૈતન્યના વિભાવમાંથી વિભાવને બાદ કરીને ચેતનાને પકડવી છે. સૂક્ષ્મ પડે એવું છે પણ બહુ સુંદર વિષય છે.

મુમુક્ષુ :- કહેવાનો મતલબ છે કે જે અનુભવે છે એ ચેતનાનો જ ભાવ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ચેતનાનો જ ભાવ છે.

મુમુક્ષુ :- કઈ રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ વિભાવને જોવે છે, ચેતનાને જોતો નથી. એમ કહે છે. તે વિભાવને જોવે છે પણ ચેતનાને જોતો નથી. ત્યાં ચેતનાને જોવી જોઈએ. આગળ એક એમણે બહુ સારુ દૃષ્ટાંત આપ્યું છે. કે આ દોરી કોની હલાવી હલે છે ? તને રાગ છે એ હાલતો-ચાલતો દેખાય છે. આ રાગ થયો, તે રાગ થયો, ફલાણો રાગ થયો. પણ અંદરમાં એક ચેતનારાજા બેઠો છે એ બેઠો બેઠો દોરી હલાવે છે. એમ કરીને ચેતના ઉપરથી જ્ઞાન ઉપર લઈ ગયા અને જ્ઞાન ઉપરથી સ્વભાવ ઉપર લઈ જાય છે.

અહીંયાં એક બહુ સારો મુદ્દો લેવો છે કે એ ભાવોમાં જે ચેતના વ્યાપી રહી છે તે જ ચેતનાને એક તું જીવ જાણ. જીવ જાણ એટલે નિજજાતિસ્વભાવ જાણ. '**આ ચેતના છે તે કેવલ જીવ છે,...**' આ જે ચેતના છે, સ્વભાવમાં કે વિભાવમાં જે ચેતના છે તે આ ચેતના છે તે કેવલ જીવ છે. તે માત્ર જીવ છે. અને તે અનાદિઅનંત એકરસ છે, એક સ્વરૂપે છે, એકરૂપે છે. ..કર્મચેતના અને કર્મફળ ચેતના. .. ચેતનાનો વિકાર છે પણ તેમાં વ્યાપક ચેતના છે. ચેતના જીવ વિના હોય નહિ. જ્યાં જ્યાં ચેતના ત્યાં ત્યાં જીવ. જ્યાં જ્યાં જીવ ત્યાં ત્યાં જીવની ચેતના.

મુમુક્ષુ :- એટલે ચેતના સામાન્ય ?

પૂજ્ય ભાઈશ્રી :- ચેતના સામાન્ય છે. એ ચેતના છે તે શુદ્ધ જીવનું સ્વરૂપ છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- જ્ઞાન અને ચેતનામાં ફરક શું ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન છે એ પણ જ્ઞાનચેતના જ છે. એ શુદ્ધ જીવ ચેતના છે. જ્ઞાન છે એ જીવચેતના છે. શુદ્ધજીવચેતના છે.

મુમુક્ષુ :- અશુદ્ધ .. એમાં અને ચેતનામાં શું ફેર છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. અશુદ્ધ જીવનું જે જ્ઞાન છે એમાં કર્મચેતના, કર્મફળચેતના છે. એમાં કર્મચેતના અને કર્મફળચેતના છે. જ્ઞાને એમ જાણ્યું કે મને વેદના થાય છે, મને વેદનાની પિડા થાય છે. તો મને પિડા થાય છે એવું જ્ઞાને જાણ્યું. જ્ઞાન વગર તો પિડા કોણ જાણે ? પણ ખરેખર જ્ઞાનને પિડા નથી થતી. ખરેખર જ્ઞાનને પિડા થતી નથી. પણ એ પિડાને પોતામાં ભેળવીને અશુદ્ધ થઈને પરિણમે છે. તો એને ત્યાં કર્મચેતના કહી. પણ ચેતના છે ત્યાં. કર્મચેતનામાં પણ ચેતના છે. કર્મફળચેતનામાં પણ ચેતના છે. એ ચેતના સામાન્ય છે. એ ચેતના છે એ ચેતના ત્રણેમાં વ્યાપી છે. શુદ્ધચેતનામાં પણ ચેતના વ્યાપી છે, અશુદ્ધચેતનામાં પણ ચેતના જ વ્યાપી છે. હવે ઈ શુદ્ધિ-અશુદ્ધિના ફેક્ટરને બાદ કરીને એકલા કેવળ ચેતનાને પકડે તો એ જીવનું સ્વરૂપ છે. એ નિજજાતિસ્વભાવ છે. એ જીવનું સ્વરૂપ છે. અહીંથી જીવના સ્વરૂપને પકડવું જોઈએ, ગ્રહણ કરવું જોઈએ.

એટલે તો એમ કહ્યું કે સ્વભાવ છે, ચેતના છે એ

નિજજાતિસ્વભાવ છે. તો સ્વભાવ દ્રવ્યરૂપે છે કે પર્યાયરૂપે છે ? કે પર્યાયમાં પ્રગટ થાય છે. દ્રવ્યમાં અપ્રગટ રહે છે. પણ એ પ્રગટ અને અપ્રગટ તો અવસ્થાભેદ છે. એનાથી સ્વભાવ નિરપેક્ષ છે, એમ કહેવું છે. સ્વભાવ અવસ્થામાં પણ હોય અને સ્વભાવ અવસ્થામાં ન હોય ને દ્રવ્યમાં પણ હોય. પણ સ્વભાવ તો સ્વભાવ છે. બંને જગ્યાએ સ્વભાવ તો સ્વભાવ છે. બંનેથી નિરપેક્ષ છે. એને દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યસ્વભાવ કહેવાય છે. પર્યાયની અપેક્ષાએ એને પર્યાયનો સ્વભાવભાવ કહેવાય છે, શુદ્ધ ભાવ કહેવાય છે. પણ છતાં એ તો અપેક્ષિત વાત છે. ખરેખર તો સ્વભાવ છે તે સ્વભાવ છે. ન તો દ્રવ્યરૂપે છે, ન તો પર્યાયરૂપે છે. જે છે એ છે.

મુમુક્ષુ :- ચેતના અને પરમપારિણામિકભાવ એ બેમાં શું ફેર ?

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિ. એક જ છે.

મુમુક્ષુ :- ચેતના એ જ પરમપારિણામિકભાવ ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પરમપારિણામિકભાવ છે. એ જ પરમપારિણામિકભાવ છે.

એટલે તો એમ કહ્યું કે '**તે અનાદિઅનંત એકરસ છે.**' કોણ અનાદિઅનંત એકરસ હોય ? પારિણામિકભાવે હોય તે અનાદિઅનંત એકરસરૂપે રહે. મોક્ષની પર્યાય અનાદિઅનંત એકરૂપે નથી. નવી સાદિ અનંત કાળ ચાલે છે. આ તો અનાદિઅનંત છે. આ જીવતત્ત્વનું જ્ઞાન કરાવે છે. ચેતના ઉપરથી જીવના જાતિસ્વભાવને ઓળખાવે છે અને જીવતત્ત્વનું જ્ઞાન કરાવે છે. જેનાથી પોતે અનાદિથી અજાણ્યો રહ્યો છે અને જેનું એને જ્ઞાન થતાં એના જન્મ-મરણ મટી જાય, કપાય જાય એવી આ વાત છે. બહુ મુદ્દાનો વિષય છે.

મુમુક્ષુ :- જેટલી એની સ્પષ્ટતા થાય એટલી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં એવું છે, સ્પષ્ટતાનો કોઈકવાર ખુલાસો કર્યો છે. ફરીને કરીએ. સ્પષ્ટતા કો'કવાર ખુલાસો કર્યો છે.

જ્ઞાનની અંદર સ્પષ્ટતા ક્યાં થાય છે ? કે જ્ઞાનને વિચારમાં લંબાવવાથી સ્પષ્ટતા નથી થતી અથવા વિચારને લંબાવવાથી જે સ્પષ્ટતા થાય છે એ ખરી સ્પષ્ટતા નથી, ક્ષયોપશમજનિત સ્પષ્ટતા છે. ઠીક ! પણ જ્ઞાનને અનુભવ બાજુ લંબાવવાથી, અનુભવના પ્રયત્નમાં જવાથી,

અનુભવ ન થાય ત્યાં સુધી અનુભવ કરવાના પ્રયત્નમાં જવાથી અંદરમાં એક સ્પષ્ટતા થાય છે. તે ખરી સ્પષ્ટતા છે ને સાચી સ્પષ્ટતા છે. ફરીને, સમજણમાં, જ્ઞાનમાં એટલે સમજણમાં સ્પષ્ટતા ક્યારે થઈ જણાય ? કે ભાવભાસન થાય ત્યારે. આ સમજણનો તબક્કો લેવે છે, હોં ! અનુભવનો તબક્કો નથી લેતા. સમજણનો વિચારદશાનો, વિકલ્પ દશામાં સ્પષ્ટતા ક્યારે થાય ?

મુમુક્ષુ :- યથાર્થ નિર્ણય ?

પૂજ્ય ભાઈશ્રી :- યથાર્થ નિર્ણય અથવા ભાવભાસન થાય ત્યારે. એ ક્યારે થાય ? કે વિચારને લંબાવ્યા કરે (એટલે) ન થાય. પણ ભાવભાસન થાય એટલે પોતાના અનુભવને અવલોકે, પોતાના અનુભવને તપાસે, અનુભવનો પ્રયાસ કરે, એ પ્રયત્નની અંદર સ્પષ્ટતા થાય છે. એ સ્પષ્ટતા સાચી સ્પષ્ટતા થાય છે.

'પરમાગમસાર'માં 'ગુરુદેવ'નો એક બોલ છે. જ્ઞાનથી જ સિદ્ધિ છે એવી પોતે એક જગ્યાએ વાત કરે છે. ૨૩૬ બોલ છે. **'જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે...'** જુઓ ! સમજણમાં વિચાર વધતો જાય છે એમ નહિ, ભાવભાસન વધતું જાય છે એમ સ્પષ્ટતા વધતી જાય છે. સ્પષ્ટતાને ભાવભાસન સાથે સંબંધ છે. તર્કણા સાથે નહિ, ન્યાય સાથે નહિ. જોયું ! અહીંયાં તર્ક-ન્યાયને એક બાજુ રાખ્યા છે. ભાવભાસન થતું જાય છે. **'તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે...'** અહીં તો કહે છે. જ્ઞાનના સામર્થ્યને અહીંયાં સ્પષ્ટતા કહો. આ સાચું જ્ઞાન છે.

મુમુક્ષુ :- ભાવભાસનનું સામર્થ્ય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાવભાસનનું સામર્થ્ય વધતું જાય. જ્ઞાનનું સામર્થ્ય વધ્યું છે. **'અને એ વધતાં જતાં જ્ઞાન સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે.'** અહીંયાં પહેલો દર્શનમોહ શિથિલ થાય છે. પહેલો તો દર્શનમોહનો અભાવ થાય છે ને ? એટલે દર્શનમોહ ગળવા માંડે છે. શિથિલ થતો જાય છે એટલે શું થાય છે ? ગળવા માંડે છે. એ ગળી જાય છે ત્યાં **'જ્ઞાન જ્યાં સમ્યકપણે પરિણમે છે, ત્યાં મોહનો સમૂહ નાશ પામે છે. માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી.'** 'ज्ञानं एकम् कारणं'.

આત્માને સ્વાનુભૂતિના સાધનની વિધિને તપાસવામાં આવે તો... 'પંચાધ્યાયી'માં આવો એક શ્લોક છે. બહુ ચોખ્ખા શબ્દોમાં છે કે આત્માના અનુભૂતિના સાધનની વિધિને તપાસવામાં આવે તો 'ज्ञानं एकम् कारणं'. જ્ઞાન એક જ કારણ છે. 'तस्मात एत परमपदं'. તેથી એ જ્ઞાનને અહીંયાં પરમપદ કહીએ છીએ. એટલી બધી મુખ્યતા આપીએ છીએ. એ જ્ઞાનને પરમપદ કહેવા માટે 'અમૃતચંદ્રાચાર્યે' અને 'કુંદકુંદાચાર્યે' 'સમયસાર'માં આત્માને જ્ઞાનમાત્ર.. જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર કહ્યો.

અહીંયાં જે વાત ચાલે છે કે જે ચેતના છે એ અશુદ્ધચેતના કે કર્મચેતના કે કર્મફળચેતના બધે ચેતના જ વ્યાપક છે, એમ જે વાત છે એ આબાળગોપાળ ૧૭-૧૮મી ગાથાનો વિષય છે. એનું મૂળ ત્યાં છે. આબાળગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ અનુભવમાં આવી રહ્યો છે. તો કહે છે કે એને કર્મફળ દ્વારા કે કર્મચેતના દ્વારા કે કર્મફળચેતના દ્વારા એને ચેતના તો અનુભવ છે જ. એ જે ચેતનાનો અનુભવ છે એ નિજજાતિસ્વભાવનો અનુભવ છે. એ ભગવાન આત્માનો અનુભવ છે. એ પરમપારિણામિકભાવનો અનુભવ છે.

મુમુક્ષુ :- ચેતના બાદ કરીએ તો જડ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- તો તો જડ થઈ જશે. કેવળ જડ થઈ જશે. જીવના પરિણામ કેવળ જડ તો નથી જ. ચાહે સ્વભાવિક હોય કે વિભાવિક હોય, કેવળ જડ નથી. જડ જેવા છે વિભાવ પરિણામ પણ કેવળ જડ નથી.

મુમુક્ષુ :- ચેતનાનો જ અનુભવ કરે છે. માન્યતામાં નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એનો સ્વીકાર નથી એને. એને વિભાવનો સ્વીકાર છે. ચેતનાનો એને સ્વીકાર નથી. એમ છે.

મુમુક્ષુ :- કર્મચેતના અને કર્મફળ ચેતનામાં શું ફરક છે ?

પૂજ્ય ભાઈશ્રી :- કર્મચેતનામાં કરું.. કરું.. કરું.. કરું... કરું... કરું.. કરું.. કરું.. એમ રહ્યા કરે. કર્તૃત્વ રહે. આમ કરું ને તેમ કરું.. આમ કરું ને તેમ કરું. એ બધું કર્મચેતનામાં જાય છે. દ્રવ્યલિંગી મુનિ થઈને પંચ મહાવ્રતને કરું, અઠ્યાવીશ મૂળગુણને પાળુ આ કરું.. આ કરું.. આ કરું.. ક્રિયાકાંડમાં જે કરું કરું છે એ બધી કર્મચેતના છે. અને હરખ-શોકના

પરિણામ ભોગવવા, કર્મના ફળને ભોગવવામાં હર્ષાન્વિત થવું, શોકાન્વિત થવું એ કર્મફળચેતના છે.

**'તેથી આ ચેતના સાક્ષાત પોતે જીવ જાણવો,...'** એ જીવનું સ્વરૂપ છે. **'આ ચેતના છે તે કેવળ જીવ છે, તે અનાદિ અનંત એક રસ છે. તેથી આ ચેતના સાક્ષાત પોતે જીવ જાણવો,...'** જ્ઞાનમાંથી આપણે લઈએ છીએ ને કે જ્ઞાનસામાન્યનું ગ્રહણ કહો, ચેતનાનું ગ્રહણ કહો, સ્વભાવ કહો બધું એક જ છે. પર્યાયત્વ ન ગ્રહણ કરવું. દ્રવ્યમાં એવું છે કે ચેતના સામાન્ય છે એ તો ચેતના સામાન્ય છે, પણ આમ જ્યાં આ દ્રવ્ય છે એમ કરવા જાય છે ત્યાં દ્રવ્યનો ભેદ પડે છે. અને પર્યાયમાં લેવા જાય છે ત્યાં પર્યાયનો ભેદ પડે છે. દ્રવ્યનો ભેદ કે પર્યાયનો ભેદ એને ચેતનાનો સાક્ષાત્ અનુભવ કરવા દેતો નથી.

એમ કહે છે ને કે પોતે દ્રવ્ય સ્વરૂપે છે, ત્રિકાળી સ્વરૂપ છે, ત્રિકાળી દ્રવ્ય સ્વરૂપે છે. પણ એ દ્રવ્યનો ભેદનો વિકલ્પ કામમાં નહિ આવે. તને એનો અનુભવ નહિ કરવા દે. ચેતનાને પકડ તો એમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ નહિ હોય. ચેતના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપક છે, વ્યાપેલી છે. ચેતના વ્યાપક છે અને દ્રવ્ય-ગુણ-પર્યાય એનું વ્યાપ્ય છે. છતાં ન તો કેવળ તે દ્રવ્ય સ્વરૂપે છે, ન તો કેવળ તે ગુણ સ્વરૂપે છે, ન તો કેવળ તે પર્યાય સ્વરૂપે છે. ચેતના તે ચેતના છે. આમ ચેતનાનું જે એકરસ સ્વરૂપ છે. કેમકે જો દ્રવ્ય લ્યો તો પર્યાય બાદ રહે છે. તો એનું સ્વરૂપ એકરસ નહિ રહે. એકરસ સ્વરૂપ કેવી રીતે રહે ? જો તમે એને દ્રવ્યસ્વરૂપે ચેતનાને નક્કી કરો તો પર્યાયમાં જે ચેતના છે એનું રૂપ બીજું ? ગુણભેદમાં ચેતના છે. બધા ગુણો ચૈતન્યસ્વરૂપે છે. તો એની ચેતના જુદી ? એનું સ્વરૂપ જુદું ? કે નહિ. ત્રણેમાં જે એક સ્વરૂપે છે.

એટલે તો તેરમી ગાથામાં એ વાત લીધી કે નવે તત્ત્વમાં છુપાયેલી જે ચૈતન્યજ્યોતિ. તો નવ તત્ત્વની અંદર તો પુણ્ય આવી ગયું, પાપ આવી ગયું, આસ્રવ આવી ગયો અને બંધ આવી ગયો. ચાર તો વિકારીભાવ છે. નવ તત્ત્વની અંદર પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ એ ચાર તો વિભાવભાવ છે. સંવર, નિર્જરા અને મોક્ષ છે એ શુદ્ધ છે. તો ચૈતન્યજ્યોતિ તો નવે તત્ત્વમાં લીધી છે. નવે તત્ત્વમાં છુપાયેલી ચૈતન્યજ્યોતિ એમ લીધું. તો પુણ્ય, પાપમાં ચૈતન્યજ્યોતિ છે ? હા,

છે. એ અહીંયાં વાત લેવી છે. બધેથી એનું અનુસંધાન મળે છે. 'પરમાગમ'ના દરેક વાક્યો છે એને મેળ ખાય છે.

મુમુક્ષુ :- ભાઈ ! દૃષ્ટાંતથી વાત લેવી છે. અરીસાની અંદર જે જુદા જુદા ચિતરામણ દેખાય છે એ ન જોતા એકલી અરીસાની સ્વચ્છ સપાટીને જુઓ એ...

પૂજ્ય ભાઈશ્રી :- અરીસાપણાને જુઓ. બસ. સપાટીને, દળને, બધા ભેદ ગૌણ કરીને અરીસાપણું જ જુઓ. અરીસાને અરિસાના સ્વરૂપે જ જુઓ. બસ. એના કરતા સોનાનો દૃષ્ટાંત બહુ મેળ ખાય છે. સોનાના અનેક ઘાટો થાય છે. તે અનેક ઘાટોમાં કેવળ સોનાને જુઓ, ઘાટને ન જુઓ. અથવા ઘાટનું જ્ઞાન ગૌણ રાખો. ત્યાં ઘાટ દેખાશે. એને ગૌણ કરી નાખો. કેવળ સોનાને જુઓ. સોનાપણું જુઓ.

મુમુક્ષુ :- સોનામાં તો હજી આકૃતિ ને આકાર ફરે છે. અરીસામાં તો આકૃતિ જ ફરતી નથી. ખાલી એની અંદર પ્રતિબિંબ જ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રતિબિંબ જ પડે છે. એ તો આ ચૈતન્યદર્પણ છે ને ? બધા દૃષ્ટાંતો એક એક પોઈન્ટને સ્પર્શ કરે છે. ચૈતન્યઅરીસામાં ગમે તેટલા પ્રતિબિંબ ઊઠો...

મુમુક્ષુ :- તો પ્રતિબિંબને ન જુઓ ફક્ત એના...

પૂજ્ય ભાઈશ્રી :- એની ચેતનાને જ જુઓ માત્ર. એકરૂપ ચેતનાને જુઓ. ચેતના છે તો પ્રતિબિંબ પડે છે. સ્ફટિકને સ્ફટિકરૂપે જુઓ. ઝાંય પડે છે ત્યારે સ્ફટિકરૂપે જુઓ. કેમકે ઝાંય ક્યારે પડે છે ? કે સ્ફટિકપણું છે તો ઝાંય પડે છે. લાલ દેખાય છે ત્યારે પણ એનામાં પારદર્શકપણું છે તો લાલ ઝાંય આવી.

મુમુક્ષુ :- પણ પહેલા નાસ્તિથી અસ્તિ કેમ પકડાય ?

પૂજ્ય ભાઈશ્રી :- નાસ્તિમાં ઊભો છે માટે. ઊભો છે ક્યાં ? જ્યાં ઊભો છે ત્યાં એણે શોધ કરવી પડશે ને ? અંતરશોધ કરવાની છે આ. જ્યાં ઊભો છે ત્યાંથી જ એને પકડવું પડશે.

દુઃખમાં ઊભો છે. સંસારી જીવ દુઃખમાં ઊભો છે. એનો સ્વભાવ દુઃખ નથી અને સ્વભાવ સુખ છે. એને ખબર નથી. આ તો જ્ઞાની જાણે છે. એને કાંઈ ખબર નથી કે મારો સ્વભાવ સુખ છે કે દુઃખ છે. પણ એનો સ્વભાવ દુઃખ નહિ હોવાથી અને સુખ સ્વભાવ એનો

હોવાથી દુઃખ એને જોતું નથી. દુઃખનો એ નકાર જ કર્યા કરે છે. બરાબર છે ? તો દુઃખ ન જોઈએ એમ નાસ્તિ પકડી કે નહિ ? શું કર્યું એણે ? કે દુઃખ ન જોઈએ. એટલે સુખ જોઈએ. દુઃખ ન જોઈએ એનું નામ સુખ જોઈએ. કોઈને એવું સુખ જોઈએ કે એમાં દુઃખ પણ ભળેલું હોય. દુઃખ ન જોઈએ. દુઃખ રહિત સુખ જોઈએ છે. એનું નામ સુખ છે. એમ નાસ્તિમાંથી (પકડાવે છે).

નારકીમાં તો એવી પરિસ્થિતિ છે. નારકીમાં શું છે કે એકલી અશાતા વેદના તીવ્ર છે. તો એકલું દુઃખ... દુઃખ.. દુઃખ... એક એક ક્ષણ છે એ એક એક જુગ જેવી લાગે. કેટલું દુઃખ છે ? એક એક ક્ષણ એક એક યુગ જેવી લાગે. એવી વેદનામાં એટલા મોટા લાંબા આયુષ્ય બંધાય છે કે પહેલી નારકીનું જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષનું છે. ઉત્કૃષ્ટ તો ચોરાશી હજાર વર્ષનું આયુષ્ય છે. પછી બીજી નારકી છે. હવે એટલા બધા મોટા આયુષ્ય છે કે એને એમ લાગે કે આ કાંઈ કાળ જ નહિ પૂરો થાય. નારકીનો કાળ જ નહિ પૂરો થતો હોય. એક ક્ષણ જેને મોટી લાગે એને આવડા મોટા આયુષ્ય કેમ પૂરા કરવા ? એમાં કોઈ જીવ અંતરશોધમાં ચાલ્યો જાય. બસ, આ જ જીવનું સ્વરૂપ છે ? આ જ મારું સ્વરૂપ છે ? એકાંતે દુઃખને ભોગવ્યા કરવું, સતત દુઃખને ભોગવ્યા કરવું એ જ જીવનું સ્વરૂપ છે ? કે જીવનું સ્વરૂપ આથી બીજું કોઈ સુખ સ્વરૂપ છે ? એમાંથી એ સુખની શોધમાં ચડી જાય છે. અને જ્ઞાનમાંથી સુખ એને (માલુમ પડે છે). દુઃખરહિત એવું જે જ્ઞાન. જાણનારું એવું જ્ઞાન, સુખની ખાણનો પત્તો લાગે છે એને. એ સુખની શોધમાં જાય છે. એટલે ત્યાં દુઃખ છે એને સમ્યગ્દર્શનનું નિમિત્ત કીધું. ગૌણપણે નારકીની વેદના તે સમ્યગ્દર્શનનું નિમિત્ત છે ત્યાં. નહિતર ત્યાં બીજું નિમિત્ત છે નહિ. એને આ એક જ નિમિત્ત છે. એવી વાતો છે. આ તો શાસ્ત્રમાં આ પ્રકાર આવે છે. અને સ્પષ્ટ લાગે છે કે એમ જ બને. બીજું કેવી રીતે બને ?

એક રાત અહીંયાં ઊંઘ ન આવે તો એને એમ થાય આખી રાત ઊંઘ આવી નહિ. રાત જ પૂરી થતી નહોતી. જાણે રાત જ પૂરી થતી નહોતી. ત્યાં તો કોઈને ઊંઘવા જ ન દે. નારકીમાં ચોવીસ કલાક વેદના.. વેદના.. વેદના.. અહીંયાં માથામાં ચસકા લાગે તો ઊંઘ ન

આવે. તો ત્યાં તો એટલી પિડા અને એટલી વેદના છે કે ઊંઘ આવવાનો પ્રશ્ન જ નથી. એ લાખો, કરોડો, અબજો વર્ષના આયુષ્યમાં ક્યાંય મટકું મારવાનો પ્રશ્ન જ નથી. આ પરિસ્થિતિ છે. સાંભળે તો ત્રાસ થાય એવું છે. એ વેદ્યા કેમ જતા હશે ? એવી સ્થિતિ છે. અને છતાં જીવે અનંત વાર વેદ્યું અને છતાં જીવ અખંડ સ્વરૂપે એવો ને એવો રહ્યો એ જીવની શક્તિ ને સામર્થ્ય કેટલું ! કે જેમાં કાંઈ ઘસારો પહોંચ્યો નહિ. આવું જીવનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- વાત એમ છે કે ચેતનાનું જ સામ્રાજ્ય ચાલી રહ્યું છે. એના ઉપરથી એમ મેળ ખાય કે સર્વત્ર પોતાની ચેતના જ જણાઈ રહી છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, ચેતનામય જ પોતે છે. પોતે ચેતનામય છે, ચેતનાથી બહાર પોતે નથી. અને પછી પોતાને ચેતનાથી બહાર પોતાને જોવાનો સવાલ રહેતો નથી. કેમકે પોતે નથી, પોતાનું અસ્તિત્વ નથી. માટે ચેતનામય પોતે પોતાને હે ચિદાનંદરામ ! પોતાને આવો અવલોકવો એમ કહે છે. બહુ ભાવવાહી ગ્રંથ છે. નાનો ગ્રંથ છે પણ ગજબની વાતો લખી છે.

મુમુક્ષુ :- આ ચાર લીટીમાં તો ઘણી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ ઘણી વાતો લીધી છે. આવી તો કેટલીય વાતો લીધી છે.

શું કહે છે ? '**તે અનાદિ અનંત એક રસ છે. તેથી આ ચેતના સાક્ષાત્ પોતે જીવ જાણવો,...**' આ ચેતનાથી સાક્ષાત્ જીવની ઓળખાણ કરી લેવી, એમ કહે છે. '**તેથી શુદ્ધચેતનારૂપ જીવ થયો.**' તેથી કેવળ ચેતનારૂપ, શુદ્ધ એટલે કેવળ ચેતનારૂપ જીવ થયો. જીવ થયો એટલે જીવનું સ્વરૂપ નિશ્ચિત થયું. એમ લેવું. થયું એટલે નવો થયો એમ નહિ. પણ બરાબર જ્ઞાનમાં કેવળ ચેતનારૂપ જીવનું સ્વરૂપ નિશ્ચિત થાય છે. અને '**આ રાગાદિ ભાવો વિશે પોતે જ રત (લીન) થયો થકો...**' એ ચેતના પોતે જ રાગાદિ ભાવમાં લીનતા કરીને '**કર્મ-ચેતનારૂપ થઈ પ્રવર્તે છે;...**' પોતે જ એમાં લીન થઈને વિકલ્પમાં કરું.. કરું.. કરું... વિકલ્પ કરું.. કરું.. કરું.. એમ કર્મચેતનારૂપ થઈને પોતે જ પરિણમે છે. અથવા તે કાળે જેવો કર્મનો ઉદય છે એને ચેતે છે. ચેતે છે એટલે

અનુભવે છે. એમાં સાવધાન થાય છે. તેથી તે ચેતનાને કર્મચેતના કહી.

જો પોતાના જ્ઞાનનો અનુભવ કરે કે હું જ્ઞાનસ્વરૂપ છું, તો એને જ્ઞાનચેતના કહી. કર્મના ઉદયને હુંપણે અનુભવ કરે કે હું આવો, તો એ કર્મચેતના થઈ. હું મનુષ્યપણે, ફલાણાપણે, તો એ કર્મફળચેતના થઈ. કેમકે એ કર્મનું ફળ છે મનુષ્ય છે એ. એ રીતે જીવની ચેતના પોતે જ રાગાદિમાં લીન થઈને પ્રવર્તે છે અને કર્મચેતના અને કર્મફળચેતનારૂપે પોતે થાય છે. થાય છે એટલે પરિણમે છે. એમાંથી ચેતનાને પકડવી જોઈએ. ચેતના સામાન્યમાંથી ચેતનાને પકડવી જોઈએ. વિશેષ લઈશું...

તીર્થંકર અથવા તીર્થંકર જેવા (ભાવિ તીર્થંકર) સમર્થ પુરુષ મૂળ માર્ગ પ્રવર્તાવે છે, ત્યારે માર્ગનો ઉદ્યોત વિશેષપણે થાય છે. પરંતુ આ હુંડાવસર્પીણી પંચમકાળમાં પાછળથી તરત જ માર્ગનો લોપ થવાની પરિસ્થિતિ સર્જાય છે, અનુયાયી વર્ગ જુથબંધી અને મતમતાંતરમાં ઘણી જ નજીવી બાબતમાં બળવાન આગ્રહ રાખી, દર્શનમોહનીય વર્ધમાન થાય-તેવી પ્રવૃત્તિમાં આવી જાય છે. તેમાં મુખ્યપણે જ્ઞાનીને અને સિદ્ધાંતને અનુશાસીત નહિ રહેતાં સ્વચ્છંદે વર્તે છે. તેથી તેવી સ્થિતિમાં સમાધાન કરવું બહુ વિકટ છે. લોકોની મતિ વિશેષ આવરણ પામ્યા વિના, અલ્પ બાબતો / કારણોમાં બળવાન દુરાગ્રહ ન હોય અથવા ન થાય. જૈન સમાજનું વિઘટન થવાનું મુખ્ય કારણ અનુશાસનનો અભાવ છે. પ્રાયઃ જ્ઞાની મળતા નથી, અને સિદ્ધાંતથી અજાણપણું વર્તે છે. તેથી વિપરીતતા અને સ્વચ્છંદતા વધતા જાય છે.

(અનુભવસંજીવની - ૭૪૫)

**તા. ૧૧–૧૨–૧૯૮૫, પાના નં. ૩૮, પ્રવચન નં. ૭૮**

'અનુભવપ્રકાશ' ગ્રંથ. પાનું-૩૮. છેલ્લેથી ચોથી લીટી. '**એ ભાવોમાં જે ચેતના વ્યાપી રહી છે તે જ ચેતનાને એક તું જીવ, નિજજાતિસ્વભાવ જાણ.**' એ ભાવોને એટલે કે જે જાતિસ્વભાવ નથી એવા જે વિભાવભાવો છે, એ ભાવોમાં પણ ચેતનાનું વ્યાપવું છે. તે ભાવોમાંથી ચેતનાને જુદી તારવવી એમ કહ્યું. આ તો વિભાવભાવો છે. પણ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પણ ચેતના વ્યાપેલી છે. એ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદથી જુદી ચેતનાને તું ઓળખી લે, જાણી લે. વિભાવભાવમાં ચેતના વ્યાપી છે તે વિભાવથી નિરપેક્ષ છે. એમ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ચેતના વ્યાપી છે તે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદોથી નિરપેક્ષ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદો રૂપે નથી. ચેતનાનું સ્વરૂપ તો અભેદ છે. ચેતના પોતે અભેદ સ્વરૂપે છે. એ કોઈ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ સ્વરૂપે ચેતના નથી.

અહીંયાં તો વિભાવની વાત ચાલી છે. જીવ ઇન્દ્રિયચોરોને વશ થઈ, ચિત્વિકારરૂપ જીવ થાય છે અને પરપદાર્થને પોતાનું સ્વરૂપ માને છે એ ભાવ જીવનો જાતિસ્વભાવ નથી. જે ચેતનાસ્વભાવ છે તેવો તે ભાવ નથી. તેવો તે સ્વભાવ નથી. વિરુદ્ધ જાતિનો, તેનાથી તો વિરુદ્ધ જાતિનો તે સ્વભાવ છે. એ ભાવોમાં પણ જે ચેતના વ્યાપી રહી છે તે ચેતનાને એક તું જીવ નિજજાતિસ્વભાવ જાણ.

સામાન્યનું ગ્રહણ કેવી રીતે કરવું ? વિભાવમાંથી પણ સામાન્યનું ગ્રહણ કેવી રીતે કરવું ? દ્રવ્ય-ગુણ-પર્યાયમાંથી પણ સામાન્યનું ગ્રહણ કેવી રીતે કરવું ? આ એક કાર્યની પદ્ધતિ છે, વિધિ છે. જો પોતાને એ વિધિ ભાસે અથવા એ કળા આવડે તો એને જીવ સ્વભાવનો, જીવની પ્રાપ્તિ થાય છે, સ્વભાવની પ્રાપ્તિ થાય છે, પરમાત્માનો ભેટો થાય છે.

ઓળખવાના ઘણા એવા દૃષ્ટાંત છે. જેમ કે અજ્ઞાનમાં પણ જ્ઞાન તો છે. વિપરીત જ્ઞાનમાં જાણરૂપ જ્ઞાન તો છે જ. અથવા ઊંધી શ્રદ્ધામાં શ્રદ્ધવું એવું તો છે જ. જે રીતે ઊંધી શ્રદ્ધા કરે છે તે જ રીતે શ્રદ્ધા તો

વિષય બદલીને સવળી થાય છે. શ્રદ્ધા કેવી રીતે કરવી એ વિષય જો પોતાના સ્વાનુભવથી સમજવો હોય, પોતાના પરિણામથી સમજવો હોય તો જે રીતે ઊંધી શ્રદ્ધા કરે છે એમાં શ્રદ્ધા તો કરે જ છે. દેહને આત્મા માને છે, વિભાવને પોતાનું સ્વરૂપ માને છે ત્યાં પણ ઊંધી શ્રદ્ધા તો કરે જ છે. રાગ સાથે એકત્વપણું, એકાગ્રતા તો કરે જ છે. એકાગ્રતા કરવી તે ધ્યાન અને ચારિત્ર છે. તો પરપદાર્થમાં પણ એકાગ્રતા તો કરે જ છે, તન્મયતા તો કરે જ છે. એ ધ્યાનનું સ્વરૂપ છે, ભલે આર્તધ્યાન છે, રૌદ્રધ્યાન છે. પણ છે તો ધ્યાનને ? તો એમાંથી ધ્યાન સામાન્ય શું ? ધ્યાનમાંથી ધ્યાન સામાન્ય શું ? જ્ઞાનમાંથી જ્ઞાન સામાન્ય શું ? સવળી કે અવળી શ્રદ્ધા એ તો અવસ્થા ભેદ છે. પણ શ્રદ્ધા સામાન્ય શું ? આ વિષય સમજી શકાય એવો છે. વિશેષમાંથી સામાન્યનું ગ્રહણ થઈ શકે છે.

મિથ્યા શ્રદ્ધા અને સમ્યક્ શ્રદ્ધા એ તો અવસ્થાના, શ્રદ્ધા અવસ્થાના વિશેષ પર્યાયો છે. બંનેમાં શ્રદ્ધા સામાન્ય છે. અને જે સામાન્ય શ્રદ્ધા છે એવું સવળી શ્રદ્ધાનું સ્વરૂપ છે. જે સામાન્ય જ્ઞાન છે એવું આત્મજ્ઞાનનું, નિજ જ્ઞાનનું સ્વરૂપ છે. અને જે સામાન્ય ધ્યાન છે એ સમ્યક્ ધ્યાનનું સ્વરૂપ છે. એના ઉપરથી-એ વિશેષ ઉપરથી સામાન્ય અને સામાન્ય ઉપરથી વિશેષ એ રીતે પોતાના પરિણામ ઉપરથી સમજવાની આ પદ્ધતિ છે. શાસ્ત્રથી, ન્યાયથી, તર્કથી સમજવાની પદ્ધતિ તેના કરતા પણ બળવાન પદ્ધતિ આ છે કે જેને અનુભવ પદ્ધતિ કહેવામાં આવે છે. શાસ્ત્રમાં પ્રમાણજ્ઞાનના ભેદો લીધા છે ત્યાં પણ એવી વાત કરી છે. કે ન્યાય પ્રમાણ છે કે નહિ ? આગમ પ્રમાણ છે કે નહિ ? તર્કપ્રમાણ છે કે નહિ ? યુક્તિપ્રમાણ છે કે નહિ ? એમ શાસ્ત્ર પ્રમાણથી માંડીને બધા (પ્રમાણ આવે છે). અનુમાન પ્રમાણ છે કે નહિ ? એ ચાર-પાંચ પ્રમાણ છે. એ સર્વ પ્રમાણોમાં અનુભવપ્રમાણ બળવાન પ્રમાણ છે અને શ્રેષ્ઠ પ્રમાણ છે.

મિથ્યાદૃષ્ટિ જીવો જ્ઞાનીઓને ઘણીવાર એવો પ્રશ્ન પૂછે છે કે તમે કહો છો એ વાત આગમમાં ક્યાંય પ્રમાણિત છે કે નહિ ? જ્ઞાની પાસે આગમપ્રમાણ માગે છે. એને એમ કહે છે કે, ભાઈ ! એની પાસે અનુભવપ્રમાણ છે, એ છોડીને તારે આગમ પ્રમાણને ક્યાં શોધવા જાવું છે ?

મુમુક્ષુ :- એક ભાઈએ કીધું જડનું પ્રમાણ જોવે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જડનું પ્રમાણ.

જે સાક્ષાત્ અનુભવરૂપ છે એ પ્રમાણ સર્વથી બળવાન છે. એ સમ્યગ્જ્ઞાન જ એવું છે કે અસત્યના પક્ષમાં ખેંચાય નહિ. જાણવાનો વિષય હોય અને પોતે અજાણ હોય તો ત્યાં એમ કહે કે ભાઈ, એ વિષય જાણવાનો છે, પ્રયોજનનો છે, પ્રયોજનભૂત નથી. હું એનાથી અજાણ છું. પણ પોતે અજાણ હોય તોપણ પક્ષ કરે કે આ જ સાચું છે. એવું તો કદિ બને નહિ. અને જ્યાં પક્ષ કરે કે આ બરાબર છે, ત્યાં તો વાત કાંઈ પછી વિવાદ કરવાની રહેતી નથી. એ કહે કે આ બરાબર છે. એટલે વાત પૂરી થઈ ગઈ. ત્યાં પછી વિવાદ કરવાનો પ્રશ્ન રહેતો નથી. બરાબર હોય તો જ બરાબર કહે અને જ્યાં પોતે જાણતા ન હોય ત્યાં પણ હું જાણું છું એમ કરીને પક્ષ કરે એવો સમ્યગ્જ્ઞાનની અંદર વિપરીત પ્રકાર (હોતો નથી). મધ્યસ્થ જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન તો મધ્યસ્થ જ્ઞાન છે. એ મધ્યસ્થ જ્ઞાનમાં એવો પ્રકાર હોતો નથી. પણ એ જ્ઞાનને ઓળખે તો સંમત કરે ને ? સમ્યગ્જ્ઞાનનું આવું સ્વરૂપ છે એમ ઓળખે તો સંમત કરે ને ?

મુમુક્ષુ :- બાકી બધા પ્રમાણ અનુભવ પ્રમાણમાંથી જ આવ્યા છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો એમ જ છે. શાસ્ત્ર પણ અનુભવમાંથી નીકળ્યું છે. અનુમાન પણ અનુભવપૂર્વક છે. તર્ક પણ શ્રુતનો જ વિશેષ તર્કણાનો ભેદ છે. ભાવશ્રુતમાંથી જ દ્રવ્યશ્રુત બધા ચાલ્યા છે. જેનું મૂળ ભાવશ્રુત છે, જે ભાવશ્રુતે અનંત નય અને અનંત ન્યાયોના અધિષ્ઠાતા દેવ એવા ન્યાયાધીશને, નયાધીશને કબજે કર્યો છે, એવા જ્ઞાનને ગૌણ કરે અને એમાંથી પછી શાખા, પ્રશાખારૂપે નીકળેલું જે દ્રવ્યશ્રુતજ્ઞાન છે એની તકરાર કરે. આમ શાસ્ત્રમાં વાત છે ને આમ અમારો વિકલ્પ છે અને આમ અમારો તર્ક છે. આ ગડબડ છે. હંમેશા જગતમાં એવું જ થતું રહ્યું છે.

જ્યાં મોટા મોટા શાસ્ત્રાર્થો થયા છે ત્યાં પણ અન્ય મતિઓએ એવી જ રીતે શાસ્ત્રાર્થ કર્યો છે કે અમારા શાસ્ત્રોમાં અગાધ જ્ઞાનનો ભંડાર છે. અમારી પાસે જે શાસ્ત્રસંપત્તિ છે તે કેટલું બધું ધન છે તમને

ખબર નથી. બહુ મોટી સંપત્તિ અમારી પાસે છે. ખાબોચિયાના દેડકાની જેમ. આવડું મોટું પાણીનું જળાશય છે. ત્યારે જૈનદર્શનવાળા એમ કહે છે કે, ભાઈ ! જો તું જેને ધનનો ભંડાર માને છો એવા તો અમારી પાસે ગોડાઉનના ગોડાઉન એટલા બધા ભર્યા છે કે અમે એને તાળા પણ લગાવતા નથી. એની કિંમત નથી અમારે ત્યાં. અમારી તિજોરીમાં જે અનુભવનો ભંડાર છે એના તો તેં દર્શન પણ કર્યા નથી. એ એવી કિંમતી ચીજ છે. પણ પોતાની બુદ્ધિવિશેષને વધારે પડતી કિંમત આપીને, અતિપરિણામીપણું જેને કહેવાય છે, એવી રીતે તકરાર થવાનો એ બધો પ્રકાર હોય છે.

શું કહે છે ? સર્વ ભાવોમાં. '**એ ભાવોમાં...**' એટલે સર્વ ભાવોમાં '**જે ચેતના વ્યાપી રહી છે તે જ ચેતનાને એક તું જીવ, નિજજાતિસ્વભાવ જાણ.**' આ જીવનું સ્વરૂપ છે. જીવ સામાન્ય. જીવ સામાન્યનું આ સ્વરૂપ છે. જીવ સામાન્ય કે જે દૃષ્ટિનો વિષય છે. સમ્યગ્દૃષ્ટિના સમ્યગ્દૃષ્ટિ રૂપે થવાનો જે વિષયભૂત તત્ત્વ છે એ જીવ સામાન્ય છે. જેને જેના ઉપર દૃષ્ટિ દેતા દૃષ્ટિ સમ્યક્‌પણાનું નામ પામે છે.

મુમુક્ષુ :- જીવ સામાન્ય અને પરમપારિણામિકભાવ એક જ ?

પૂજ્ય ભાઈશ્રી :- બંને એક જ. જ્ઞાયક કહો, સ્વભાવ કહો, ધ્રુવ કહો, અપરિણામી કહો, કૂટસ્થ કહો, જીવ સામાન્ય કહો, પરમપારિણામિકભાવ કહો. જીવનું મૂળ સ્વરૂપ, જીવનું મૂળ તત્ત્વ, અસલ તત્ત્વ, મૂળ તત્ત્વ કહો તો આ ચેતનાસામાન્ય છે. તે સર્વ ભાવોમાં વ્યાપી રહી છે. વિભાવભાવોમાં પણ વ્યાપી રહી છે. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પણ વ્યાપેલી છે. વિભાવભાવોમાં વ્યાપવા છતાં જે વિભાવસ્વરૂપ થઈ નથી અને દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપવા છતાં જે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદસ્વરૂપ થઈ નથી. એવું જે ચેતનાનું સ્વરૂપ છે તેને તું જીવતત્ત્વ જાણ.

'**આ ચેતના છે તે કેવલ જીવ છે,...**' આ ચેતના છે તે જ માત્ર જીવ છે. '**તે અનાદિ અનંત એક રસ છે.**' તે અનાદિઅનંત એક સ્વરૂપે છે. અને એ જે ચેતનાનો રસ છે એ ચેતનાના રસમાં, રસ નામ શક્તિ, અનાદિઅનંત એક શક્તિસ્વરૂપે છે. અનાદિઅનંત એક શક્તિના રસ

સ્વરૂપે છે. એમાં બીજો કોઈ ફેરફાર થતો નથી. કોઈ કાળે કોઈ પ્રકારનો ફેરફાર થતો નથી.

**'તેથી આ ચેતના સાક્ષાત પોતે જીવ જાણવો,...'** તેથી આ ચેતનાને સાક્ષાત્ જીવ જાણવો, તેને પ્રત્યક્ષ જીવ જાણવો અને તેની પ્રત્યક્ષતાને વારંવાર અનુભવ કરીને એ અનુભવ ભાવની વૃદ્ધિ કરવી. એને અનુભવનો પ્રકાશ કહેવામાં આવ્યો છે. એ પ્રકાશ કહ્યો અનુભવનો. એ ધર્મ છે. એનું નામ જૈનધર્મ છે. નામ પાડો તો એનું નામ જૈનધર્મ છે. બાકી બધી વાતો જૈનધર્મના નામે ઘણી છે. ખરો જૈનધર્મ તો આ છે. **'આ ચેતના સાક્ષાત પોતે જીવ જાણવો, તેથી શુદ્ધચેતનારૂપ જીવ થયો.'** તેથી શુદ્ધચેતનારૂપ જીવ ઠર્યો. થયો એટલે સાબિત થયો, સિદ્ધ થયો. થયો એટલે સિદ્ધ થયો. શુદ્ધચેતના એ જીવનું સ્વરૂપ સિદ્ધ થયું.

મુમુક્ષુ :- શુદ્ધચેતનારૂપ તો હતો જ.

પૂજ્ય ભાઈશ્રી :- હતો જ. પણ એ અહીંયાં સમજણથી સિદ્ધ કર્યું કે આમ શુદ્ધચેતનારૂપ જીવ છે. શુદ્ધચેતનામાં કોઈ વિભાવભાવો ભળતા નથી. ભલે વિભાવભાવોમાં ચેતના વ્યાપી છે તોપણ શુદ્ધચેતનામાં વિભાવભાવો ભળતા નથી. પાણીની ડોલમાં તેલના ટીપા નાખ્યાં તોપણ તેલ જુદું રહે છે ને પાણી જુદું રહે છે. જે વર્તુળમાં તેલ છે એ વર્તુળમાં પાણી નથી અને જ્યાં પાણી છે ત્યાં તેલ નથી. બંનેની મર્યાદા, સ્વરૂપની સીમા જુદી જુદી છે. એમ વિભાવ જુદો અને સ્વભાવ જુદો, ચેતના જુદી અને વિભાવ જુદો. એક જ જગ્યાએ એને..

મુમુક્ષુ :- પાણી અને તેલનું તો સમજાય છે...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે. જરા સૂક્ષ્મ તો વિષય પડે જ છે. વિભાવભાવ ચૈતન્યવિકાર પોતે. એમાં વિકારને જુદો તારવવો અને ચેતનાને જુદી તારવવી (એ સૂક્ષ્મ તો છે). કેમકે અનાદિથી વિકારભાવમાં, વિભાવભાવમાં હુંપણું કરેલું હોવાથી ત્યાં જ રહેલી ચેતનાને ચૂક્યો છે. એમ કેમ કર્યું તેં ? કોની પાસે શીખ્યો ? એક જ જગ્યાએ ચેતના પણ છે અને એક જ જગ્યાએ વિભાવ છે. વિભાવમાં હું પણું તું કરે છો અને ચેતનાને છોડી દે છો. હવે કહે છે કે ચેતનામાં

હુંપણું કર. ત્યાં તો હુંપણું છે તારું અને કરવું છે. પેલામાં તો હુંપણું કરવા જા તો રહે એવું નથી. છે ને કરવું છે તો ત્યાં હુંપણું થતાં તને વિભાવમાં હુંપણું છૂટી જશે.

મુમુક્ષુ :- 'શુદ્ધચેતના સિંધુ હમારો'...

પૂજ્ય ભાઈશ્રી :- હમારો. શુદ્ધ ચેતનાસિંધુ. ચેતનાનો દરિયો કીધો એ તો. કેમકે અનાદિઅનંત વસ્તુ છે. અનાદિઅનંત વસ્તુ પોતાના અનંત સામર્થ્યને રાખે તો અનાદિઅનંત રહી શકે ને ? નહિતર અનાદિઅનંત કોણ રહે ?

જગતમાં તો એમ કહેવાય છે કે કોઈ પદાર્થ શાશ્વત નથી. જગતમાં કોઈ પદાર્શ શાશ્વત નથી. એટલે પર્યાયાંતર થયા કરે છે. આમ તો બધા પદાર્થો શાશ્વત છે. પણ પર્યાયાંતર થયા કરે છે એટલે એમ કહે છે કે આ દેહ શાશ્વત નથી, આ ઘર શાશ્વત નથી. આ કુટુંબ-પરિવાર શાશ્વત નથી, આ સંપત્તિ શાશ્વત નથી, આ દેહ શાશ્વત નથી. બધું ફરતું જાય છે. જ્યાં સ્થળ ત્યાં જળ અને જળ ત્યાં સ્થળ. ડુંગરા હોય ત્યાં દરિયો થાય અને દરિયો હોય ત્યાં મોટા પર્વત થાય. છતાં આ ચેતના એકસ્વરૂપે રહે છે. એ એનું પોતાનું સ્વરૂપ કદિ બદલતી નથી. અનંત સામર્થ્ય છે એનું.

**'તેથી શુદ્ધચેતનારૂપ જીવ થયો. આ રાગાદિ ભાવો વિષે પોતે જ રત (લીન) થયો થકો જીવ કર્મ-ચેતનારૂપ થઈ પ્રવર્તે છે;...'** રાગાદિ ભાવમાં તન્મય થઈને, જોયું ! એમ ન કહ્યું કે અશુભભાવમાં તન્મય થાય ત્યારે કર્મચેતનારૂપ પરિણમે અને શુભભાવમાં પરિણત થાય કે લીન થાય ત્યારે એ જ્ઞાનચેતનારૂપ પરિણમે છે. એવું તો કહ્યું નથી. **'રાગાદિ ભાવો વિષે પોતે જ રત (લીન) થયો થકો જીવ કર્મ-ચેતનારૂપ થઈ પ્રવર્તે છે; ચેતના-જીવચેતના, ચેતાનારૂપ પોતે રહે છે.'** ચેતના, જીવચેતના છે તે ચેતનારૂપ પોતે રહે છે અને ટકે છે. ત્યાં પણ ચેતના છે તે તો જીવચેતનારૂપ, પોતે ચેતનારૂપ જ રહીને રહે છે, ટકે છે. એમાં ચેતનામાં ફેર પડતો નથી.

મુમુક્ષુ :- કર્મચેતના જરાક સ્પષ્ટ કરશો.

પૂજ્ય ભાઈશ્રી :- કર્મચેતના એટલે વિકલ્પને કરું... કરું.. કરું... કરું... કરું... કરું... એવો કર્તૃત્વભાવ, એને કર્મચેતના કહેવામાં આવે છે.

'પંચાસ્તિકાય'ની ૧૭૩ ગાથા છે.

મુમુક્ષુ :- અહીં વિકલ્પને કરવું-કરવું લેવું કે પરપદાર્થને કરવું-કરવું લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્યાં વિકલ્પનું કર્તૃત્વ થાય છે ત્યાં પરપદાર્થનું કર્તૃત્વ થઈ જ જાય છે. પણ પરપદાર્થનો તો કાર્ય કરવાનો ઉદય ક્યારેક ન હોય. પણ અંદર પરિણામમાં જે રાગાદિનો કર્તા થઈને પ્રતિસમય પરિણમી રહ્યો છે. કોઈ સમય બાકી નથી. એ કર્મચેતનાએ પરિણમેલો જીવ છે.

દ્રવ્યલિંગી મુનિ ધ્યાન કરે છે. ત્યારે તો એને કોઈ અઠ્યાવીશ મૂળગુણની બાહ્ય પ્રવૃત્તિ નથી. તોપણ એ કર્મચેતનાપ્રધાનપણે પરિણમ્યો રહ્યો છે. ૧૭૨મી ગાથામાં લીધું છે. 'પંચાસ્તિકાય'ની ૧૭૨ ગાથા છે ને ? આમ તો આ ગ્રંથ છે એ છ દ્રવ્યનું સ્વરૂપ અને નવ તત્ત્વનું સ્વરૂપ સંક્ષેપમાં સમજાવવા માટેનો દિગંબર ગ્રંથ છે. પાછળ થોડો અધ્યાત્મનો અધિકાર ચાલ્યો છે. એમ કહ્યું કે જીવે ક્યાંય રાગ કરવા જેવો નથી. આગળ બધી વાત લઈ લીધી. જિનેન્દ્રનો, જિનભક્તિનો, જિનવાણીનો, મહાવ્રતાદિનો કોઈ રાગ કરવા જેવો નથી. એ વાત પોતે આગળ લઈ લીધી છે. પણ અહીંયાં ૧૭૨માં છેલ્લે છેલ્લે સરવાળો મારે છે કે...

**તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.**

હવે 'અમૃતચંદ્રાચાર્યદેવે' આટલી વાતની ટીકા બહુ મોટી કરી છે કે જે દ્રવ્યલિંગી છે એ પંચાચારને પાળે છે. દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. પંચાચારને નિરતિચારપણે પાળતો, એમાં આટલા આટલા દોષ આવવા દેતા નથી. એ બધો વિસ્તાર કર્યો છે. જ્ઞાનાચાર પાળે છે ત્યારે આવા દોષ ન કરે, ચારિત્ર આચારમાં આવા દોષ ન હોય. એમ કરીને બધા દોષના નિષેધપૂર્વક બાહ્ય ચારિત્ર જેનું શુદ્ધ છે. છતાં દ્રવ્યલિંગી છે ને ? એનું કારણ શું છે ? એને આત્મજ્ઞાન કેમ નથી ? એને સ્વરૂપશ્રદ્ધાન કેમ નથી ? અથવા એના આચારોને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એવું કેમ કહેતા નથી ? તેને પણ મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન ને મિથ્યાચારિત્ર કેમ

કહેવામાં આવે છે ? એનો ખુલાસ એમણે આ કર્મચેતના ઉપરથી કર્યો છે. અહીંયાં આ શબ્દપ્રયોગ કર્યો છે.

છેલ્લું જે ધ્યાન લીધું છે, તપાચરણમાં જે ધ્યાન લીધું છે કે એ રીતે એ ધ્યાન કરે છે. પછી વીર્યાચરણ લીધું છે. '**કર્મકાંડમાં સર્વશક્તિ વડે વ્યાપૃત રહે છે.**' વ્યાપૃત એટલે રોકાયેલા, મશગુલ, મગ્ન, ગુંથાયેલા રહે છે. એ રીતે '**કર્મકાંડમાં સર્વ શક્તિ વડે વ્યાપૃત રહે છે; આમ કરતા થકા, કર્મચેતનાપ્રધાનપણાને લીધે...**' શું કહ્યું ? મુખ્યપણે તો આ કરું... આ કરું.. આ કરું... આ કરું... આ કરું.. એમ પંચાચારના વિકલ્પને, રાગને કરે છે તે કર્મચેતનાપ્રધાનપણે. '**જોકે અશુભકર્મપ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે...**' આ તો મુનિદશાની વાત છે ને ? મુનિદશા લીધી છે. નિરતિચાર પંચાચાર પાળે છે.

'**જોકે અશુભકર્મપ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે તોપણ શુભકર્મપ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે...**' ઓલી તદ્દન છોડી છે અને આને શુભકર્મપ્રકૃતિને સરખાયની પકડી છે, બરાબર ગ્રહણ કરી છે. '**એવા તેઓ, સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતનાને જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા,...**' જ્ઞાનચેતનાને જરાય ઉત્પન્ન કરતા નથી, જરાય જ્ઞાનચેતના એનામાં નથી એમ કહે છે.

'**પુષ્કળ પુણ્યના ભારથી મંથર થઈ ગયેલી ચિત્તવૃત્તિવાળા...**' ઘણું શુભ વધી ગયું. શુભનો રસ ખડકાય ગયો એટલો બધો. '**પુષ્કળ પુણ્યના ભારથી મંથર થઈ ગયેલી...**' મંથર એટલે જડ, જડવૃત્તિ થઈ ગઈ છે. '**મંથર થઈ ગયેલી ચિત્તવૃત્તિવાળા વર્તતા થકા, દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા વડે...**' જાશે ક્યાં ? દેવલોકમાં જાશે. '**દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા વડે...**' જ્યાં એને દેવલોકનો ક્લેશ મળશે. અહીંયાં તો એમ કહે કે પૈસાવાળા થાય તો સારું, દેવ થાય તો, રાજા થાય તો સારું. શેઠિયા થાય તો સારું. દેવ થાય તો એથી સારું. અહીં ના પાડે છે.

મુમુક્ષુ :- ચેતના દબાઈ ગઈ. ભારથી ચેતના દબાઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- ચેતના દબાઈ ગઈ, ખોવાય ગઈ એની ચેતના.

એને જડતી નથી. એટલો બધો ભાર ઉપર આવી ગયો કે જડતી નથી હવે. રૂના ધોકડાના ધોકડા ખડકો તો નીચે કાંઈ હોય તો જડે નહિ. એના જેવી વાત છે.

**'ક્લેશની પ્રાપ્તિની પરંપરા વડે ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે.'** સુચિરકાળ પર્યંત. મૂળ શબ્દ એવો પડ્યો છે. સુચિરકાળ પર્યંત. **'सुरलोकादिक्लेशप्राप्तिपरम्परया सुचिरं संसारसागरे भ्रमन्तीति।'** પરિભ્રમણ છે એ ઘણું લાંબું છે એમ અહીંયાં બતાવે છે. પણ આટલી બધી અશુભપ્રવૃત્તિને તદ્દન છોડી દીધી અને શુભ પ્રવૃત્તિનો ખડકલો કરી નાખ્યો ! તો કહે છે, એ કર્મચેતનાથી બધું કર્યું છે.

મુમુક્ષુ :- એટલું જોરથી 'ગુરુદેવ' નિષેધ કરતા ત્યારે દિગંબરોને આશ્ચર્ય લાગતું.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એવું છે કે 'ગુરુદેવ'ના નામે તો ભડકતા હતા અને થોડુંક તોફાન પણ કરતા હતા. 'અજમેર'માં એકવાર શિબિરમાં આવો વિષય લીધો હતો કે કોઈ બીજા કહે તો લોકો ગડબડ કરે છે, તકરાર કરે છે. પણ આ તો એક એવા આચાર્ય છે કે દિગંબર સંપ્રદાયમાં તો જેના વચનો આધારભૂત ગણવા પડે એવા આચાર્ય છે. 'કુંદકુંદાચાર્ય' અને 'અમૃતચંદ્રાચાર્ય' એટલે એમના વચનો આધારભૂત ગણી શકાય એવી જેમની શાસ્ત્રરચના છે એણે આ વાત કરી છે. હવે કરો એની સામે તોફાન.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ના હૃદયમાં કેટલું ભરેલું છે એની આપણે કલ્પના નથી તો કેવળીના હૃદયમાં...

પૂજ્ય ભાઈશ્રી :- આહા..! એ તો... આવા શાસ્ત્રો વાંચતા ત્યારે 'ગુરુદેવ' તો એમ કહેતા કે આ તો અમારી શક્તિ છે એટલું કાઢીએ છીએ. અંદર તો ઘણું ભર્યું છે. આચાર્યોના કથનોમાં તો એટલું બધું ઊંડાણ છે કે અમારી શક્તિ છે એટલું કહીએ છીએ, એટલું કાઢીએ છીએ. એટલે અમે હજી પૂરા એના તળિયે પહોંચતા નથી. એવી લઘુતાથી પોતે વાત કરતા હતા.

મુમુક્ષુ :- એ તો પોતાની જ વાત કરતા હતા. વાત કોઈ કરે ને ત્યારે એમ કહે કે અંદર તો ઘણું છે પણ ભાષામાં કેવી રીતે આવે ?

પૂજ્ય ભાઈશ્રી -: હા. એ તો ભાષામાં (પૂરું ન આવે). એ તો

દરેકને એવું જ બને છે કે કોઈ પોતાના ભાવોને પરિપૂર્ણ રીતે ભાષામાં ઊતારી શકે એવું બનતું નથી. ભાષા મર્યાદિત છે અને ભાવ અમર્યાદિત છે. ભાવથી ભાષામાં ઓછું આવે અને ભાષામાં પણ બોલવા કરતા લખવામાં ઓછું આવે. જેટલું બોલી શકાય એટલું લખી શકાય નહિ. આ એક એનો સામાન્ય નિયમ છે.

'શ્રીમદ્જી'એ આ વાત લખી છે. એમનો ક્ષયોપશમ તો ઘણો હતો. રૂબરૂમાં આ વાત કરશું. લેખનીમાં આ વાત પૂરી આવશે નહિ. ભાવમાં ઘણું છે. કથનમાં જેટલું આવે એટલું લેખનીમાં ન આવી શકે. ... 'શ્રીમદ્જી'એ લખ્યું છે.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગીએ બધું રાજપાટ છોડી, નિવૃત્તિ લઈને...

પૂજ્ય ભાઈશ્રી :- આ તો શું છે સમર્થમાં સમર્થ દૃષ્ટાંત આપ્યો છે. આથી નીચેની શુભક્રિયા કરવાવાળા અથવા ...

ભાવો વિષે પોતે જ લીન થયો થકો. જીવ કર્મચેતનારૂપ થઈ પ્રવર્તે છે.

**'ચેતના-જીવચેતના,...'** છે. તે **'ચેતનારૂપ પોતે રહે છે, (ટકે છે.) કર્મચેતના, કર્મફળચેતના જીવચેતનાનો વિકાર છે. પણ વ્યાપક ચેતના છે.'** શું કહે છે ? વ્યાપક છે ચેતના. ચેતના રહિત છે એમ નહિ લેતા. કોઈ શું કહે છે કે અધ્યાત્મ પ્રધાનતાથી કોઈવાર વિભાવભાવોને જડ અને પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવે છે. અથવા જીવ કરતો નથી એમ પણ કહેવામાં આવે છે. એ તો સ્વભાવે કરીને કરતો નથી એમ કહેવું છે. સ્વભાવે કરીને એ રૂપ થતો નથી. કરે તો એ રૂપ થઈ જાય. સ્વભાવે કરીને એ કરે તો એ રૂપ થઈ જાય. એટલા માટે એને જડ પુદ્‌ગલના કહેવામાં આવે છે. છતાં પણ તે કર્મચેતના અને કર્મફળચેતના છે એમાં ચેતના વ્યાપક છે. એ જીવચેતનાનો વિકાર છે. એ કર્મચેતના અને કર્મફળચેતના જીવ ચેતનાનો વિકાર છે અને એ જીવ ચેતનાના વિકારમાં પણ ચેતના વ્યાપક છે. ચેતના વ્યાપેલી છે. એમ તો એને બરાબર દ્રવ્યાનુયોગનું જ્ઞાન તો હોવું જોઈએ.

મુમુક્ષુ :- 'ગુરુદેવે' એમ કીધું છે કે અરીસામાં જ્યાં પ્રતિબિંબ પડે છે તે અરિસાનો વિકાર છે. એ અહીંયાં કેવી રીતે લાગુ પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે જીવ રાગરૂપે પરિણમે છે.

મુમુક્ષુ :- આમાં કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- કર્મચેતના અને કર્મફળચેતના જીવ ચેતનાનો વિકાર છે. હવે કર્મચેતના શું છે ? કે રાગનું કર્તૃત્વ તે કર્મચેતના છે. અનેક પ્રકારના શુભ અને અશુભ રાગનું કર્તૃત્વ તે કર્મચેતના છે. ચેતવું એટલે અનુભવવું. એને સ્પષ્ટ કરીએ તો. ચેતવું એટલે અનુભવવું. રાગને શુભ કે અશુભરાગને સ્વસ્વરૂપે, પોતારૂપે, હુંપણે અનુભવે તે કર્મચેતના. તદ્અનુસાર હરખ અને શોકના પરિણામને ભોગવતી વખતે એ પોતાપણે ભોગવે, પોતારૂપપણે ભોગવે, હું દુઃખી થયો, હું સુખી થયો, આ સુખ મને થયું, આ દુઃખ મને થયું તે કર્મફળચેતના. એ હરખ-શોકને હુંપણે પોતારૂપે ભોગવે છે તે કર્મફળચેતના છે.

આ બંને-કર્મફળચેતના અને કર્મચેતના બંને જીવ ચેતનાનો વિકાર છે. કારણ કે જીવ જ પોતે હરખ-શોકે પરિણમે છે અને જીવ પોતે રાગાદિ ભાવે પરિણમે છે. પણ એમાંથી ચેતના સામાન્ય જુદી પાડવી જોઈએ. ચેતનાને જુદી તારવવી જોઈએ. અને જુદી સમજીને એમાં અહંપણું થાય, એમાં અહંબુદ્ધિ થાય અથવા એ પોતે એ સ્વરૂપે હોવાથી પોતારૂપે એનો અનુભવ થાય ત્યારે એને જીવચેતના-જ્ઞાનચેતના સ્પષ્ટપણે અનુભવરૂપ થઈ અને ત્યારે એક રાગાદિ ભાવને કર્મચેતનારૂપે નહિ પરિણમતો થકો પોતા સ્વરૂપે અનુભવ કરતો નથી. હરખ-શોકના ભાવને કર્મફળચેતનારૂપે થઈને પોતા સ્વરૂપે અનુભવ કરતો નથી. ભિન્ન રહીને જાણે છે. સાધકદશા જ આનું નામ છે.

લોકો સાધકદશા શું સમજે છે ? કે કંઈપણ કોઈપણ ધાર્મિક ક્રિયા સંપ્રદાય અનુસાર કરે એણે એનું સાધન કર્યું, સાધકપણું કર્યું, આરાધન કર્યું એમ સમજે છે. પછી પોતપોતાના સંપ્રદાયમાં દરેકે પોતાની રૂઢિગત પ્રમાણે ગોઠવણ કરી જ છે. કાળક્રમે એની અંદર થોડા થોડા ફેરફાર પણ કરતા જાય છે. એ સાધકપણું નથી, ખરેખર એ સાધકપણું નથી.

સાધકપણું તો જે સ્વરૂપની ચેતનાને સાધે છે તે સાધકપણું છે. જ્યારે ત્રિકાળ એકરૂપ શુદ્ધચેતનાને પોતે સાધે છે એટલે અનુભવે છે ત્યારે એ રાગ અને રાગના ફળથી ભિન્ન પડે, અંદર જુદો રહી જાય છે, જુદો પોતાને અનુભવ કરે છે, એનું નામ સાધવું અથવા સાધક. આમ સાધકપણું છે. પરિપૂર્ણ વીતરાગ હોય એને તો રાગ થાય નહિ.

અરિહંતને કે સિદ્ધને રાગ થાય નહિ. તો એને એનાથી જુદા પડવાનો પ્રશ્ન નથી અને ત્યાં સાધકપણાનો પ્રશ્ન નથી. એને સાધ્ય તો થઈ ગયું. એને તો જે સાધવું હતું તે સાધ્ય થઈ ગયું. પણ એ પહેલા નીચેના ગુણસ્થાનોમાં, ચોથા ગુણસ્થાનથી ઉપરના ગુણસ્થાનોમાં સાધક અવસ્થા છે. છદ્મસ્થપણું છે ત્યાં સુધી સાધક અવસ્થા છે. બારમા ગુણસ્થાન પર્યંત. તો ત્યાં ફેર શું છે ? કે રાગ તો એને જોવામાં આવે છે ને ? તો બીજા જીવને રાગ જોવામાં અને આને રાગ જોવામાં આવે એમાં ફેર શું પાડો છો ? કે અંદરમાં એ સ્વરૂપની ચેતનાને સાધે છે અને જીવવિકારથી એ ભિન્ન પડે છે, વિભાવથી એ જુદો પડે છે. પોતાનો જુદો અનુભવ કરે છે એ એનું સાધકપણું છે. સ્વરૂપને સાધે છે તે સાધુ છે. સ્વરૂપને સાધતા નિર્વિકાર પરિણામ સધાય છે તે સાધુ છે અને રાગાદિ વિકારને તોડતો જાય છે, અભાવ કરતો જાય છે, ક્ષય કરતો જાય છે, એ બધું એનું સાધ્ય છે.

'**કર્મચેતના, કર્મફળચેતના જીવચેતનાનો વિકાર છે. પણ વ્યાપક ચેતના છે.**' ત્યાંથી પણ ચેતના પકડી લેવી, ચેતનાને જુદી પાડવી.

મુમુક્ષુ :- ... કઈ રીતે જુદી પડે ? આ જે કર્મચેતના અને કર્મફળચેતના એ ભિન્ન ભિન્ન કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં જે કાંઈ પંચાચારને પાળવાનો રાગ થાય છે ત્યાં જે મુનિ અવસ્થામાં, દીક્ષિત અવસ્થામાં પંચાચારને પાળવાનો જે રાગ થાય છે. જ્ઞાનાચારને પાળવા માટે શાસ્ત્રનું અધ્યયન વગેરે. તપાચારને પાળવા માટે ધ્યાન વગેરેનો વિકલ્પ આવે છે ને ? તો એ રાગ છે એ કર્મચેતના છે. અને રાગ ઘણો મંદ હોવાથી, અત્યંત મંદ કષાય હોવાથી ત્યાં... અત્યારે તો એની બદામ ક્યાંય દેખાતી નથી. બદામ એટલે સોળસોમો ભાગ. એક આનાની સો બદામ. રૂપિયાની સોળસો થઈ ને ? સોળસોમો ભાગ અત્યારે. એટલે સહસ્ત્રાંશ પણ દેખાતો નથી. એટલી એ જીવને દ્રવ્યલિંગી મુનિને કષાયની મંદતા હોય. ત્યાં શાતાનો અનુભવ થાય, ત્યાં આકુળતા તીવ્ર ન હોય. તો એને ત્યાં એ રાગની મંદતાને પોતે એના ફળ તરીકે શાતાને અનુભવ છે. શાંતિ તરીકે, સુખ તરીકે અનુભવે છે. એટલે કર્મફળચેતનાને હુંપણે અનુભવે છે. કર્મચેતના અને કર્મફળચેતના ત્યાં થઈ ગઈ. પણ ચેતનાને જુદું

પાડીને જ્ઞાનચેતનારૂપે પોતાને અનુભવ કરતો નથી.

આ તો સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થોના ગ્રંથ છે. સમ્યગ્દૃષ્ટિ કેવા હોય એ ખબર પડે એવી વાત છે. ગૃહસ્થ અવસ્થામાં 'દીપચંદજી' પોતે ગૃહસ્થ હતા. બસ્સો, અઢીસો વર્ષ પહેલા રાજસ્થાનમાં 'જયપુર' બાજુ થયા છે. બસ્સો અઢીસો. એ 'ટોડલમલજી' લગભગ.

**'ચેતના જીવ વિના હોય નહીં. ચેતના, શુદ્ધ જીવનું સ્વરૂપ છે.'** એ શુદ્ધ જીવનું સ્વરૂપ જ આ છે. શુદ્ધ આત્માનું સ્વરૂપ છે એ આ શુદ્ધચેતના છે. '**તેને જાણ્યે...**' તેને હુંપણે જાણ્યે. એમ. તેને જાણ્યે એટલે તેને પોતા સ્વરૂપે જાણ્યે '**જ્ઞાતા જીવનો આવો ભાવ થાય છે :**' પાછું એ ભાવનું વર્ણન કરે છે. પોતાને જે ભાવ વર્તે છે એનું વર્ણન કરે છે.

મુમુક્ષુ :- ઉપર કીધું ને હુંપણે જાણે એ નીચે લીધું પાછું.

પૂજ્ય ભાઈશ્રી :- એનો વિચાર લીધો છે, ભાવ લીધો છે. બેય વાત લીધી છે. બહુ સારી પદ્ધતિ છે.

એ શુદ્ધ ચેતના જીવ શુદ્ધ આત્માના અનુભવ તેને જાણ્યે જ્ઞાતાજીવને... જ્ઞાતા એટલે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાતા-દૃષ્ટા થયો. તે હવે રાગાદિનો કર્તા રહ્યો નહિ. '**જ્ઞાતા જીવનો આવો ભાવ થાય છે :...**' કે

'**હવે મેં શુદ્ધ ચેતનારૂપ સ્વરૂપ જાણ્યું;...**' સ્વ-રૂપ જાણ્યું. મારું સ્વરૂપ મેં શુદ્ધ ચેતનાસ્વરૂપ મેં મને જાણ્યો કે હું તો શુદ્ધચેતનાસ્વરૂપ છું. '**હવે મેં શુદ્ધ ચેતનારૂપ જાણ્યું;...**' પોતાનું રૂપ તો શુદ્ધચેતના છે એમ મેં જાણ્યું છે. '**જ્ઞાનદર્શનચારિત્રરૂપ હું છું,...**' એ શુદ્ધચેતનામાં જ્ઞાન સમાય છે, એમાં દર્શન સમાય છે, એમાં ચારિત્ર સમાય છે. '**જ્ઞાનદર્શનચારિત્રરૂપ હું છું, વિકારરૂપ હું નથી,...**' ત્રણ કાળમાં હું વિકારરૂપ નથી. એમ જાણે છે. જ્ઞાતા જીવ એમ જાણે છે. પહેલા જે જાણ્યું હતું એ ભૂલ હતી. એમ કહે છે. એટલા માટે એને મિથ્યા કહેતા હતા. હું રાગરૂપે થયો છું એમ અનુભવ કર્યો હતો તે મિથ્યા અનુભવ હતો. જીવ થયો નથી. ચેતના એ રૂપ થઈ નથી. તેમ કહેવું છે.

'**વિકારરૂપ હું નથી, સિદ્ધ સમાન છું,...**' લ્યો ઠીક ! તો કેટલામું ગુણસ્થાન પ્રગટ્યું છે તમને ? તમે જ્ઞાતા થયા, તમને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયો ત્યારે તમને કેટલામું ગુણસ્થાન પ્રગટ થયું ? કે અમને ગુણસ્થાન નથી. અમારે કોઈ ગુણસ્થાન નથી. એમ છે. ભૂલ પડી જાય

એવું છે. અનુભવ થાય ત્યારે ચોથું ગુણસ્થાન પ્રગટે. તો કહે, એ વાત નથી. એ ગુણસ્થાનની વાત અહીંયાં નહિ. અહીંયાં હું શુદ્ધચેતનારૂપ છું કે જે શુદ્ધચેતનાને કોઈ ગુણસ્થાન નથી. એમ જાણે છે પોતે. ચૌદે ગુણસ્થાનથી પાર મારું સ્વરૂપ છે એમ જાણવામાં આવે છે. સિદ્ધપદ તો ચૌદ ગુણસ્થાન પછીનું પદ છે ને ?

'શ્રીમદ્જી'એ ચોવીસમાં વર્ષમાં એક જગ્યાએ આવું લખ્યું છે. 'સિદ્ધ સમાન સો શુદ્ધ છું...આમ છું આમ છું.' પછી ચર્ચા ચાલતી હતી અમારે. તમે હતા તે દિવસે. તમે સાથે હતા. પછી યાદ આવશે. તો કહે જુઓ પરમાત્મા છે. તમે માનતા નથી કે એ પરમાત્મા છે. અમે તો એને પરમાત્મા જ માનીએ છીએ. ઠીક !

મુમુક્ષુ :- તેરમું ગુણસ્થાન.

પૂજ્ય ભાઈશ્રી :- તેરમું. પછી. સિદ્ધ ભગવાનને તેરમું નથી. એ તો ચૌદથી ઉપરના ગુણસ્થાનમાં છે. એ લોકોને ગુણસ્થાનનો કોઈ અભ્યાસ નથી. ગુણસ્થાનનો કોઈ અભ્યાસ એમને નથી. અને શ્વેતાંબર સંપ્રદાયમાં તો ગમે તે અવસ્થામાં મોક્ષપદ લઈ લીધું છે. એમાં ચારિત્ર લેવું પડે, દીક્ષા લેવી પડે એવું કાંઈ નથી. એમ ને એમ ઘણી કથાઓ આવે કે કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું ત્યાં. તો એ કોઈ પદ્ધતિસર વાત નથી. ગુણસ્થાન અનુસાર જૈનદર્શનની પરિપાટી શું છે એ પરિપાટી નથી ત્યાં. એ લોકોને બીજા શાસ્ત્રનો અભ્યાસ પણ નથી. એકલા પત્રો જ વાંચે છે. કહે, જુઓ ! એમને કેવળજ્ઞાન હતું. સર્વદેશી ઉપયોગમાંથી ચર્ચા ચાલી હતી ને ? સર્વદેશી ઉપયોગ તો કેવળજ્ઞાનમાં હોય છે. કેવળજ્ઞાન હતું ? તો કહે હા. કેવળજ્ઞાન હતું. પછી આધાર આપ્યો. કે જુઓ ! અહીંયાં કહે છે કે હું સિદ્ધ છું, હું શુદ્ધ છું. પણ ભાઈ ! આ તો શ્રદ્ધા અપેક્ષાએ કીધું છે. નિશ્ચયનયથી આ વાત ચાલે છે. તેને એવું બેભાનપણું ન થાય કે અવસ્થાએ પણ હું સિદ્ધ સમાન છું. હું સ્વરૂપે કરીને સિદ્ધ સમાન છું. ત્યારે એ અવસ્થામાં જે-તે ગુણસ્થાનનું એને બરાબર જ્ઞાન થાય છે. એમ છે.

મુમુક્ષુ :- એને થોડીક એ વખતે આકુળતા થઈ હતી.

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલ કાઢવા જેવી વાત થાય છે.

**'સિદ્ધ સમાન છું, બંધ, મોક્ષ, આસ્રવ, સંવરરૂપ હું નથી,...'** શું

લીધું ? મારું ત્રિકાળી સ્વરૂપ તો સિદ્ધ સમાન છે. અવસ્થામાં બંધ થાય છે, અવસ્થામાં મોક્ષ થાય છે, અવસ્થામાં આસ્રવ થાય છે અને અવસ્થામાં સંવર થાય છે. આ સાધક અવસ્થામાં ચારેય પદ થાય છે. તો કહે, એ રૂપ હું નથી. જે ત્રિકાળી મારું સ્વરૂપ છે એમાં તો બંધ, મોક્ષ અને આસ્રવ, સંવર નથી. એ રૂપ હું નથી. '**હું હવે જાગ્યો;...**' ઠીક ! મારું આવું સ્વરૂપ જોવા માટે હવે હું જાગ્યો. અને મારી નિંદ્રા ગઈ. મારી મોહનિંદ્રા ગઈ. 'શ્રીમદ્જી'એ તો પંદરમા વર્ષે એવી વાતો લખી. રાત્રી વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું. ભાવનિંદ્રા ટાળો. ભાવનિંદ્રા ટાળો, મોહનિંદ્રા ટાળો. ભાવનિંદ્રા ટાળવાની વાત પંદરમે વર્ષે લખી છે.

'**હવે હું જાગ્યો; મારી નિંદ્રા ગઈ, હું મારા સ્વરૂપને એક (અભેદ) અનુભવું છું,...**' એટલે આવું મારું સ્વરૂપ મને અનુભવરૂપ છે. હું કોઈ બીજાના સ્વરૂપને જોઉં છું અને કહું છું એમ નથી. એ તો મને સાક્ષાત્ સ્વસ્વરૂપે અનુભવરૂપ છું. અનુભવરૂપ છે એને અનુભવું છું. '**હવે હું સંસારથી ભિન્ન (જુદો) થયો,...**' હવે હું સંસારથી જુદો થયો. હવે મારે સંસાર નથી. આમ જ્ઞાન થઈ જાય છે. એક, બે, ચાર, પાંચ ભવ કોઈને હોય છે. તોપણ કહે છે કે હવે મારે સંસાર નથી. કેમકે એ તો અનંત ભવ આગળ બે, ચાર, પાંચ ભવનો કોઈ અનુપાત લાગતો નથી, એનો કોઈ અંશ લાગુ પડતો નથી. એટલે કહે છે કે હવે મારે સંસાર નથી.

'**હવે હું સંસારથી ભિન્ન (જુદો) થયો, હું સ્વરૂપગજ ઉપર આરુઢ થયો...**' લ્યો ! સ્વરૂપગજ. આ હાથીના હોદ્દે બેસે છે ને મોટા રાજા મહારાજા ? હવે હું મારા સ્વરૂપગજ ઉપર આરૂઢ થયો છું. હવે હું ક્યાંય બીજે બેસું એમ નથી. આમ છે. ત્રણ લોકનો નાથ થયો એમ કહે છે. આ સંપત્તિ મળી ત્યારે શું થયું ? ઘરમાંથી ધન નીકળ્યું છે. મકાન ચણવા, મહેલ ચણવા, ફર્નિચર વસાવવા, બનાવવા, કપડા દાગીના ઘડાવવા એ બધી ભલે વાર લાગે અને સમય લાગે પણ સંપત્તિ તો પૂરેપૂરી કબજામાં આવી ગઈ છે.

મુમુક્ષુ :- કપડા ફાટેલા જ પહેર્યા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- એમ ને એમ ચીથરેહાલ હોય. પણ અબજોપતિ છે.

મુમુક્ષુ :- ગરીબીથી ભિન્ન થઈ ગયો...

પૂજ્ય ભાઈશ્રી :- પણ ચીંથરેહાલ છે ને ? દેખાય છે ચોખ્ખે ચોખ્ખો ચીંથરે હાલ છે, લ્યો. એ પોતે નથી માનતો હવે. એ પોતે પોતાને પૂરેપૂરો શ્રીમંત માને છે. આ સંપત્તિ મારી છે અને આ બધું તો ફેરફાર થઈ જવાનું હવે. આ કાંઈ થોડું રહેવાનું છે ? પણ બેયનું જ્ઞાન ત્યારે જ એને યથાર્થ થાય છે. ઘરમાં સંપત્તિ હતી ત્યારે ચીંથરેહાલ હતો. પણ નહોતી જોઈ ત્યાં સુધી એ પોતાને પામર, દીન અને લાચાર અનુભવ કરતો હતો. ત્યારે સાચો ગરીબ હતો. કેમકે એવો અનુભવ કરતો હતો.

'**હું સ્વરૂપગજ ઉપર આરૂઢ થયો (મેં) સ્વરૂપગૃહમાં પ્રવેશ કર્યો,...**' મારા સ્વરૂપમાં મેં પ્રવેશ કર્યો. અત્યાર સુધી પરઘરમાં રહેતો હતો-રાગના ઘરમાં રહેતો હતો અને જડના ઘરમાં, દેહના ઘરમાં અને બીજા બનાવેલા મકાનમાં રહેતો હતો. હવે કહે છે કે હું સ્વરૂપમાં રહું છું. મારા સ્વરૂપગૃહમાં હું રહું છું. '**આ સંસારપરિણામનો હું તમાસગીર થયો.**' જેમ નાટક જુએ છે એમ એના જ રાગાદિ ભાવને જુદો પડીને જુએ છે.

'સોગાનીજી'ને એકવાર એક મુમુક્ષુએ પૂછ્યું કે આપ ચાર-ચાર, છ-છ કલાક ધ્યાનમાં બેસો છો તો શું કરો છો ? કાંઈ નિર્વિકલ્પ અવસ્થા તો મુનિને પણ એટલી નથી રહેતી. એટલે કે તમે તો ગૃહસ્થ છો તમને ક્યાંથી રહેતી હોય ? કહેવાનો મતલબ તો એ હતો. મુનિ જંગલમાં ધ્યાન કરે છે એ પણ ચાર-ચાર, છ-છ કલાક નથી કરતા. એક કલાક ધ્યાન કરે તો કેવળજ્ઞાન થઈ જાય. સ્વરૂપમાં નિર્વિકલ્પ રહે તો. તમે કાંઈ ચાર-ચાર, છ-છ કલાક નિર્વિકલ્પ થોડા રહો છો ? તો કહે, એ વાત તો સાચી છે કે એટલી બધી વાર કોઈ નિર્વિકલ્પ રહે એ તો કોઈ પ્રશ્ન જ નથી. પણ છતાં બેસીએ છીએ. પણ કરો છો શું તમે ? તો કહે, કાંઈ કરતો નથી પણ. કાંઈ કરતો નથી, બેઠો બેઠો જોઉં છું. તમાસગીર છું.

પરિણામનો, સંસાર પરિણામનો જીવ તમાસગીર થાય છે. સ્વાનુભવ થયા પછી એ પોતાના પરિણામનો તમાસગીર થાય છે. જ્ઞાતા-પ્રેક્ષક થઈ જાય છે. તમાસગીર એટલે પ્રેક્ષક. સંસારમાં જે જીવ

છે એ બધા નાટકીયા થઈને નાચે છે. આ હવે પ્રેક્ષક થઈ જાય છે. આ નાટક કરતો નથી પણ પ્રેક્ષક થઈ જાય છે. એને જ્ઞાતા થયો એમ કહેવામાં આવે છે.

**'આ સંસારપરિણામનો હું તમાસગીર થયો. હવે હું પોતે પોતાના સ્વરૂપને દેખું-જાણું છું.'** હવે તો હું બસ, મારા સ્વરૂપને જોયા કરું છું. મારું સ્વરૂપ પણ મને જણાય છે અને સાથે સાથે બીજા જે રાગાંશો છે એનું પણ મને જાણવું થાય છે. બસ, બેઠો બેઠો જોઉં છું. જ્ઞાતા થઈ ગયો છું અને જ્ઞાતા થયો છું એટલે બેઠો બેઠો જોઉં છું. મારા સ્વરૂપમાં બેસીને જોઉં છું. સ્વરૂપને હું જોઉં છું અને અન્યને પણ જોઉં છું. સ્વપરપ્રકાશક જ્ઞાન છે, બધું જણાય છે. જ્ઞાતા થઈ ગયો છું, તમાસગીર છું. મારે કાંઈ કરવા-ફરવાની વાત છે નહિ. કરવાની ઉપાધિ ટળી ગઈ છે.

**'હવે હું પોતે પોતાન સ્વરૂપને દેખું-જાણું છું. આટલો વિચાર તો વિકલ્પ છે.'** આટલો લાંબો-લાંબો વિચાર થઈને કહેવું એ બધો તો વિકલ્પ છે. કાઢી નાખ્યું. બધું કાઢી નાખ્યું પાછું. બહુ સારી શૈલી છે. અનુભવપ્રધાન શૈલી છે ને એમની તો. આવો વિચાર છે તે તો વિકલ્પ છે. **'જ્ઞાનનો પ્રત્યક્ષ રસભાવમાં વેદવો તે અનુભવ છે.'** આમ લીધું છે. અનુભવ કોને કહેવો ? કે આ બધો વિચાર છે એ તો વિકલ્પરૂપ છે. એ બધા વિચારનું વાચ્ય જે છે, એ જ્ઞાનમાં પ્રત્યક્ષપણે એનો રસ વેદાય છે, એનો ભાવ વેદાય છે અને પ્રત્યક્ષ અનુભવ થાય છે. પ્રત્યક્ષ અનુભવમાં આવો લાંબો લાંબો વિચાર નથી, આવો વિકલ્પ નથી અને પ્રત્યક્ષ અનુભવમાં કોઈ વાત દ્રવ્ય અપેક્ષાએ કે પર્યાય અપેક્ષાએ સિદ્ધ કરવાની કોઈ વાત રહેતી નથી. દ્રવ્ય અપેક્ષાએ આમ ને પર્યાય અપેક્ષાએ આમ ને, આ કારણ ને આ કાર્ય ને આ એનું લોજિક અને આ એનો ન્યાય ને એ કાંઈ અનુભવમાં છે નહિ.

અનુભવમાં તો સાક્ષાત્ સાધનાનો ભાવ વર્તે છે. જે આરાધન છે, આરાધકપણું છે એ અનુભવ છે. અને સાક્ષાત્ આરાધનની અંદર એ લાંબીચોડી કોઈ વાત છે નહિ. આ બધો વિકલ્પ છે એમ કરીને કાઢી નાખ્યું. અનુભવમાં તો જ્ઞાનનો પ્રત્યક્ષ રસ વેદવામાં આવે છે, અનુભવગોચર થાય છે. જ્ઞાન જ્ઞાનપણે જ્ઞાન પોતે જ પોતાને પ્રત્યક્ષ

ભાવે, પ્રત્યક્ષ સ્વરૂપે એનો પ્રત્યક્ષ રસ વેદાય છે. પ્રત્યક્ષપણાની જે શક્તિ છે, પ્રકાશશક્તિ છે એ જ્ઞાનની અંદર પ્રત્યક્ષપણે સાક્ષાત્ વેદાય છે. એવો અનુભવ છે અને એ અનુભવ છે એ નિર્વિકલ્પ છે. આટલો વિચાર તો વિકલ્પ છે અને સ્વાનુભવ છે તે નિર્વિકલ્પ છે એમ કહેવું છે. સામે સામે લેવું છે. અહીંથી બધા પછી એ પ્રકારના બોલ લેશે. સાધક-સાધ્યના સામે સામા. આટલો વિચાર વિકલ્પ છે એ વિકલ્પમાં ગયું. અને સ્વાનુભવ તો આત્માના જ્ઞાનના પ્રત્યક્ષરસનું નિર્વિકલ્પ વેદન છે એ તો.

માણસ નથી કહેતા ? કે, ભાઈ ! તમે જે અમને કહ્યું એ અમને બહુ લાગી આવ્યું. પછી અમારાથી જે કહેવાઈ ગયું એ તો અમારી વેદનાની વાચા હતી. શું કીધું ? વેદના થઈ આવી એમાંથી અમે આ તમને કહ્યું. એમ આત્મા ચેતનાસ્વરૂપ છે, ચેતનામાં સામાન્ય ચેતના, જ્ઞાનચેતના, એને ગ્રહણ કરતા એનો જે પ્રત્યક્ષ રસ ઉપજતા એને વેદના ઉત્પન્ન થઈ. એ વેદના અનુભવ રૂપ થઈ. એટલે અનુભવ વેદનાસ્વરૂપ છે અને વેદના અનુભવસ્વરૂપ છે. એ સાક્ષાત્ અનુભવ છે એને આરાધન કહેવામાં આવે છે. પરિભ્રમણને, જન્મ-મરણની ગાંઠને ગાળનારું, તોડનારું આ પરિણામ છે.

તે અનુભવ કેવી રીતે સાધ્ય થાય છે એ વાત અહીંયાં લઈ લીધી છે. '**પ્રતીતિરૂપ વિચાર તે સાધક છે, અનુભવનો ભાવ સાધ્ય છે.**' જરા વિશેષ લઈશું એના ઉપર...

**તા. ૧૩-૧૨-૧૯૮૫, પાના નં. ૩૯, પ્રવચન નં. ૭૯**

પાનું-૩૯. વચ્ચેનો પેરેગ્રાફ લઈએ. છેલ્લી ત્રણ-ચાર લીટી છે એ ફરીને લઈએ. '**આટલો વિચાર તો વિકલ્પ છે.**' એમ કહ્યું એમાં જ્ઞાતા જીવને એટલે સમ્યગ્દૃષ્ટિ જીવને જે ભાવ થાય છે, સ્વાનુભવરૂપ જે ભાવ થાય છે તેનું વિચાર વિકલ્પથી ભેદપૂર્વક વિવરણ કર્યું, વર્ણન કર્યું. એમાં અનેક ભેદ લીધા કે દ્રવ્ય અપેક્ષાએ હું સિદ્ધ સમાન છું, અવસ્થામાં બંધ-મોક્ષ-આસ્રવ-સંવર છે એ હું નથી એટલે મારું મૂળ સ્વરૂપ નથી. અવસ્થાના ભાવોને પોતાસ્વરૂપે, એટલા જ ભાવસ્વરૂપ પોતાને માનતો હતો તે માન્યતા છૂટી એટલે મોહનિદ્રા ગઈ. અને પોતે સંસાર પરિણામનો તમાસગીર થયો. એનો અર્થ એ થયો કે સંસાર પરિણામ છે ખરા. પણ તે સંસાર પરિણામમાં તન્મય થઈને પરિણમવાના બદલે ભિન્નપણે જ્ઞાતાભાવે પરિણમે છે. ઉપર કહ્યું ને ? જ્ઞાતા થયો. જ્ઞાતાજીવનો આવો ભાવ થાય છે એમ લીધું છે.

સાધકજીવનો ભાવ કેવો હોય ? કે સંસાર પરિણામનો તમાસગીર થાય છે. હવે હું મારા સ્વરૂપને, હું પોતે પોતાના સ્વરૂપને દેખું, જાણું છું. મારું જે મૂળ સિદ્ધપદ છે તેને હું દેખું છું, તેનો અનુભવ કરું છું. અને મારું સ્વરૂપ છે એવી માન્યતા મને મારા સ્વરૂપને વિષે છે. સંસારી પરિણામસ્વરૂપે હું છું, સંસારી પરિણામ થયા એવો હું છું એવી માન્યતા હવે નથી. આટલો ફેર છે.

આ વિસ્તાર તો વિચાર અને વિકલ્પથી કહ્યો. પણ આ બધા ભાવોનો અભેદ અનુભવ જ્ઞાનનો પ્રત્યક્ષ રસ ભાવમાં વેદવો તે પ્રકારે છે. આ વાત ઘણી વિશિષ્ટ કરી છે એમણે. આત્મા જે જ્ઞાનસ્વભાવ છે, એ સ્વભાવને વેદવો, તે રસને વેદવો એમ કહે છે. અને તે પણ અપરોક્ષપણે અથવા પ્રત્યક્ષપણે, અતીન્દ્રિય પ્રત્યક્ષપણે. ઇન્દ્રિયના માધ્યમથી, મનના વિચારથી, વિકલ્પથી નહિ. જ્ઞાનનો અતીન્દ્રિય પ્રત્યક્ષ રસ ભાવની અંદર વેદનમાં આવવો, તેને અનુભવ કહેવામાં આવે છે. તે અનુભવનું સ્વરૂપ છે. સ્વાનુભવ કહો, આત્માનુભવ કહો,

અનુભૂતિ કહો. તે અનુભૂતિ (એટલે) જ્ઞાનનો જ્ઞાનથી પ્રત્યક્ષપણે વેદવામાં આવતો જ્ઞાનસ્વભાવ અથવા જ્ઞાનરસ તે અનુભવ છે. આ અનુભવની પરિભાષા કરી છે, અનુભવની વ્યાખ્યા કરી છે.

આવો અનુભવ કઈ રીતે સધાય છે ? અથવા આવો અનુભવ કઈ રીતે ઉપલબ્ધ થાય છે ? કે **'પ્રતીતિરૂપ વિચાર તે સાધક છે, અનુભવનો ભાવ સાધ્ય છે.'** સાથે સાથે કેટલી સ્પષ્ટતા કરે છે ! જે જીવને પોતાના સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભૂતિ કરવી હોય, કે જે અનુભૂતિ પરમાત્મદશાનું અનન્ય કારણ છે, એકમાત્ર કારણ છે. અનુભવથી પરમાત્મા થવાય છે. આગળ એ કહેશે. તેવો અનુભવ સાધ્ય કરવા માટે પ્રતીતિરૂપ વિચાર તે સાધક છે. આવો જ હું છું એવો પ્રતીતિ સહિતનો વિચાર તેમાં સાધક થાય છે. એનો અર્થ એ છે કે વિચાર તો વિકલ્પ છે. વિકલ્પ સાધક અને નિર્વિકલ્પ દશા સાધે એમ કેમ કહ્યું ? કે એમ એટલા માટે કહ્યું કે વિકલ્પમાં અનેક જાત છે અને વિકલ્પમાં અનેક પ્રકાર છે. પણ બીજા કોઈ પ્રકાર અનુભવ માટે ઉપચારને લાયક, નિમિત્તને લાયક, એવા કોઈપણ વિચાર-વિકલ્પ નથી. એમ સિદ્ધ કરવું છે.

**'પ્રતીતિરૂપ વિચાર તે સાધક છે,...'** એકલો વિચાર તે સાધક છે એમ ન કહ્યું. પણ પ્રતીતિરૂપ વિચાર તે સાધક છે. પ્રતીતિસહિત. પ્રતીતિ એટલે વિશ્વાસ. અહીંયાં એમ લેવું. પ્રતીતિનો અર્થ એ છે. પોતે જે વિચારે છે એમાં વિશ્વાસ કેટલો છે ? એ સવાલ છે. આપણે એમ કહે છે ને કે તમે કયા દેવને માનો છો ? જેને જેને ભિન્ન-ભિન્ન સંપ્રદાયમાં પોતપોતાના દેવને સૌ માને છે ને ? કે તમે કયા દેવને માનો છો ? એનો અર્થ શું ? કે તમને કયા દેવ ઉપર વિશ્વાસ છે ? એમ એનો અર્થ છે.

જગતમાં તો વિશ્વાસ એ જાતનો છે કે આ દેવ મારું ભલું કરશે, આ દેવી મારું ભલું કરશે. માટે અમે એને માનીએ છીએ. એ તો એક માન્યતાની અંધતા અથવા માન્યતાની વિપરીતતાનો અંતિમ પ્રકાર છે, છેલ્લો પ્રકાર છે. પણ ખરેખર તો એ માનવાનું ત્યાંથી ચાલુ થયું છે. કે કોના વચન ઉપર તમને વિશ્વાસ છે ? એને તમે માનો છો. તો જૈનો એ કહે છે કે અમને સર્વજ્ઞોના વચન ઉપર વિશ્વાસ છે. જૈન પરમેશ્વર છે, જિનેન્દ્ર છે એના વચન ઉપર અમને વિશ્વાસ છે. માટે અમે જિનેશ્વરને

માનીએ છીએ, જિનવરને અમે માનીએ છીએ. એમ એનું માનવું છે.

અહીંયાં એમ કહે છે કે તને આત્મા ઉપર વિશ્વાસ છે ? તારા સ્વરૂપ ઉપર વિશ્વાસ છે ? સર્વ પ્રકારની શાંતિ, સુખ, આનંદ અથવા ચૈતન્યની રિદ્ધિ-સિદ્ધિ. 'રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ દિસે ઘટમાંહી એવો અજાચિ' સમ્યગ્દૃષ્ટિ એવો અજાતિ લખપતિ છે. એને એનું લક્ષ છે એટલે લક્ષપતિ છે. રિદ્ધિ-સિદ્ધિ જેને પોતાના જ સ્વરૂપમાં, પોતાના જ અંતરમાં પ્રગટપણે જોવામાં આવે છે. એવો સુખનો દાતાર પોતાનો આત્મા જ છે, શાંતિનો દાતાર પોતાનો આત્મા જ છે. એવો પ્રતીતિરૂપ વિચાર છે તે સાધક છે અને અનુભવનો ભાવ સાધ્ય છે. વિચારમાત્ર સાધક છે એમ ન લીધું. કેમકે કેટલાક વિચારો એવા છે કે જેમાં એને પ્રતીતિ નથી હોતી. પ્રતીતિ એમ રહે કે મને સંયોગ અને અનુકૂળતામાં સુખ-શાંતિ છે. તો એને આત્માનો વિચાર સાધક નથી. વિચાર એમ કરે કે સુખ આત્મામાં છે. આનંદકંદ ને શાંતિ આત્મામાં ભરી છે. પણ પ્રતીતિ નથી તો એને અનુભવ નથી.

જેની પ્રતીતિ બદલાય, જેનો નિર્ણય બદલાય તેનો વિચાર સાધક છે અને અનુભવ સાધ્ય છે. એમ લેવું છે. વિચાર સાધક છે એટલું લે તો, નિર્ણય ઊલટો છે એનો વિચાર સાધક પણ નથી. એ વિચાર એને સાધક પણ નહિ થાય. અથવા એના ઉપર સાધકપણાનો ઉપચાર પણ આવતો નથી.

મુમુક્ષુ :- વિશ્વાસ એટલે જ્ઞાનની અંદર નિર્ણય થવો ?

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ણય થવો. અહીંયાં પ્રતીતિનો અર્થ નિર્ણય છે.

મુમુક્ષુ :- એટલે કે અનુભવ થાય એ પહેલા જ્ઞાનની અંદર...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમ જ છે. નિર્ણયમાં તો આમ જ છે. એમ છે. એવો નિર્ણયમાં પ્રતીતિનો ભાવ સાથે છે. આ આમ જ છે. સ્વ સ્વ છે અને પર પર જ છે. પરથી હું ભિન્ન જ છું. રાગમાં ક્યાંય શાંતિ નથી, રાગમાં ક્યાંય સુખ નથી.

મુમુક્ષુ :- નિઃશંક ?

પૂજ્ય ભાઈશ્રી :- નિઃશંક. નિર્ણયમાં નિઃશંકતા હોવી જોઈએ. નિઃશંક નિર્ણય છે. તો એને ત્યાં એ નિર્ણયબળ કામ કરે છે. નિર્ણય થતા નિર્ણયબળ કામ કરે છે. પછી ત્યાં વિકલ્પ છે પણ વિકલ્પબળ

કામ કરતું નથી. વિકલ્પ રાગરૂપ છે. ત્યાં રાગ કામ કરતો નથી. પણ નિર્ણય જે જ્ઞાનમાં થયો તે જ્ઞાન કામ કરે છે. એમ છે ખરેખર.

મુમુક્ષુ :- પ્રતીતિરૂપ વિચાર. વિચારનો અર્થ જ્ઞાન લેવો ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતીતિરૂપ વિચાર. વિચારમાં જ્ઞાન છે, વિચારમાં જ્ઞાન છે. મિથ્યાત્વ મંદ થયું ને ત્યાં ? એટલે પ્રતીતિભાવ લીધો. મિથ્યાત્વ અત્યંત મંદ થયું. મારો આત્મા જ મને એક શરણભૂત છે. મારો આત્મા જ એક મને આધારભૂત છે. અને આ સિવાય જગતમાં કોઈ પદાર્થને વિષે મારું સુખ, શાંતિ ને આશ્રયસ્થાન નથી. એવો જે પ્રતીતિરૂપ વિચાર છે તે સાધક છે અને અનુભવનો ભાવ સાધ્ય છે. એને અનુભવ થશે. આવા પ્રતીતિરૂપ વિચારસહિત જે પૂર્વ ભૂમિકામાં આવશે (તેને અનુભવ થશે). અહીંયાં આવી જ પૂર્વભૂમિકા હોય અને બીજા પ્રકારે તે ભૂમિકા ન હોય એ સિદ્ધ કર્યું છે. તેથી તેને સાધક કહ્યો અને અનુભવને સાધ્ય કહ્યો.

મુમુક્ષુ :- બહુ સૂક્ષ્મ અને ઉપયોગી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક જગ્યાએ 'પૂજ્ય બહેનશ્રી' એવું કહે છે કે સ્વરૂપના મહિમાથી તરાય છે. કેવી વાત લીધી ? કે સ્વરૂપના મહિમાથી તરાય છે. તો સ્વરૂપનો મહિમા ક્યારે આવે ? કે જ્ઞાનમાં સ્વરૂપ જણાય તો. જ્ઞાનમાં સ્વરૂપ પ્રતિભાસે તો એને મહિમા આવે અને નહિતર એને મહિમા આવે નહિ. ઓઘે ઓઘે મહિમા કરે છે એ મહિમા નથી. જેને પ્રત્યક્ષ પ્રતિભાસ આવે કે આવો જ પ્રત્યક્ષ હું છું, એમ પ્રત્યક્ષતાનો પ્રતિભાસ આવે ત્યારે એને ખરો મહિમા ઊપજે છે. અને મહિમાથી જ તરાય છે. બીજી રીતે તરાતું નથી. બહુ સારો એક બોલ લીધો છે. ૩૦૦ આસપાસનો બોલ છે.

૩૧૬. '**પોતાનો મહિમા જ પોતાને તારે.**' આમ લીધું છે. એમના શબ્દોમાં લઈએ તો. '**પોતાનો મહિમા જ પોતાને તારે. બહારના ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે.**' આમ લીધું છે. પહેલા ૨૧માં બોલમાં એમ લીધું કે ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી ચૈતન્યની ભાવના તે ભાવના અફર છે. એ ભાવના ફળ્યે જ છૂટકો છે. ચૌદ બ્રહ્માંડ ફરે તોપણ એ ભાવનામાં ફેર પડે નહિ. અહીંયાં તો એમની શૈલી છે કે

ચૈતન્યની પરિણતિમાં. બહારના ભક્તિ-મહિમાથી નહિ. બહારનો ભક્તિ-મહિમા એટલે રાગ. રાગ અને રાગ અનુસાર મન-વચન-કાયાની ચેષ્ટા. એ બહારનો મહિમા થયો. એનાથી નથી તરાતું. પણ ભક્તિમાં ને ભક્તિમાં વાત જુદી પાડે છે. ભક્તિ શું ચીજ છે ?

**'પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે.'** સર્વજ્ઞ જિનેશ્વરનો મહિમા કોને છે ? કે જેને અંતરમાં ચૈતન્યનો મહિમા છે તેને છે. બીજા જિનેશ્વરની ભક્તિ કરતા દેખાય છે, છતાં એને ખરો ચૈતન્યનો મહિમા નથી. એને એ ભક્તિ પણ સાચી નથી. **'ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે.'** ભગવાન કેવા નિર્દોષ છે ! કેવા પવિત્ર છે ! એમની વીતરાગતા શું છે ? એમનું સર્વજ્ઞપણું શું છે ? એમનો પરમાનંદ શું છે ? એમનું અનંતવીર્ય શું છે ? એ અનંતચતુષ્ટ્ય મંડિત જે ભગવાનનું સ્વરૂપ છે. એમને સમજવા એટલે આત્માને ખરેખર સમજવો અને આત્માને સમજવો એટલે ભગવાનનો મહિમા આવવો. બેય એકસાથે જોડાયેલી વાત છે.

મુમુક્ષુ :- આ તો ઓરિજનલ જ છે આ.

પૂજ્ય ભાઈશ્રી : હા. બરાબર એમ જ છે. જેવો પોતે અંદરમાં છે, આત્મા પોતે અંદરમાં જિનચંદ્ર છે. જેવા ભગવાન જિનેશ્વદેવ છે. 'યોગસાર'માં તો 'યોગીન્દ્રાચાર્ય' એમ કહે છે કે જે પરમાત્મામાં, સર્વજ્ઞમાં અને પોતાના આત્મામાં કિંચિત્‌માત્ર ફેર માને, માન્યતાના વિષયમાં, પર્યાયમાં જાણે ફેર છે એ, પણ માન્યતાનો જે વિષય છે, શ્રદ્ધાનનો જે વિષય છે એમાં કિંચિત્ પણ ફેર શ્રદ્ધે, એના જેવું બીજું મોટું પાપ આ જગતમાં કોઈ નથી. એમ લીધું છે. સીધું પાપ લઈ લીધું. કેવું કે એવું જે મિથ્યાશ્રદ્ધાન, અન્યથા શ્રદ્ધાન એ અનંત પાપની પરંપરાનું કારણ છે, મૂળ છે, બીજ છે.

રાગવાળો માનવો એક વાત છે, રાગવાળો જાણવો બીજી વાત છે. બે જુદી જુદી વાત છે. જાણવું અને માનવું બે જુદી જુદી વાત છે. અવસ્થામાં રાગ સંયુક્તપણું હોય ત્યારે એને રાગ જણાય. પણ

રાગવાળો માનવો ન જોઈએ. મૂળમાં એ વસ્તુ રાગવાળી નથી. એમ છે. એટલે 'પુરુષાર્થસિદ્ધિઉપાય'માં 'અમૃતચંદ્રાચાર્યદેવે' એમ લીધું કે રાગથી અસમાહિત હોવા છતાં પણ, રાગથી સમાહિત છે, રાગસહિત આત્મા છે એવું માનવું '**बालिशानां प्रतिभासः स खलु भवबीजम्**' તે જ બાળકોનું, અજ્ઞાનીઓનું ભવબીજ છે. આમ લીધું છે. ભવનું બીજડું કયું છે ? કે આવું મિથ્યાત્વ છે એ ભવનું બીજ છે. એ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'ની ૧૪મી ગાથા છે.

અહીંયાં કહે છે કે '**ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય.**' જે પોતાનો અને ચૈતન્યનો મહિમા જ્ઞાનમાં પ્રતિભાસ્યો, પોતાનું મહિમાવંત સ્વરૂપ પ્રતિભાસ્યું તેને ભગવાનનું જ્ઞાન થયું, સર્વજ્ઞનું જ્ઞાન થયું. એને સર્વજ્ઞનો સાચો મહિમા આવ્યો અથવા ભગવાનનો મહિમા સમજવો, ભગવાનને ઓળખવા, અરિહંતને ઓળખવા એ નિજ ચૈતન્ય મહિમા સમજવામાં નિમિત્ત થાય છે. એવા જે ભગવાન છે એ પોતાના નિજ ચૈતન્યને સમજવાની અંદર એ સ્વરૂપ નિમિત્ત થાય છે. પ્રગટ સ્વરૂપ છે એવું અહીંયાં અંદરમાં અપ્રગટ સ્વરૂપ છે એમ ઓળખવામાં નિમિત્ત થાય છે.

મુમુક્ષુ :- વિચારમાં જ્ઞાન અને વિકલ્પ બે લીધા.

પૂજ્ય ભાઈશ્રી :- વિપરીત જ્ઞાન છે એને વિચાર કહે છે. રાગમિશ્રિત જ્ઞાનને વિચાર કહે છે.

મુમુક્ષુ :- એમ સિદ્ધ થયું કે જ્ઞાનમાં સુખ છે એવો નિર્ણય ન થાય અથવા એવા નિર્ણયની કચાશ રહે ત્યાં લગી અનુભવ ન થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- બિલકુલ એમ જ છે. જ્યાં સુધી નિર્ણય યથાર્થ ન થાય ત્યાં સુધી અનુભવ થવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે એ પહેલા અનાદિનો અયથાર્થ નિર્ણય ઊભો છે. કોઈને કોઈ રાગ મારું કર્તવ્ય છે અને પર પદાર્થનું કાર્ય હું કરી શકું છું. અને એ બધામાં ક્યાંક સુખ-શાંતિ અને પ્રયોજન છે, એવો જે નિર્ણય છે એ ઊભો છે. એ નિર્ણય બદલાય નહિ અને સાચો નિર્ણય થાય નહિ ત્યાં સુધી સત્ય સ્વરૂપનો અનુભવ કેમ થાય ? આત્મા વીતરાગ સર્વજ્ઞસ્વભાવી છે એવું જે મૂળમાં તદ્દન નિરાવરણ સત્ય સ્વરૂપ છે એનો કેમ અનુભવ થાય ?

આવરણવાળો, પરપદાર્થવાળો, રાગના આવરણવાળો, દોષવાળો.

દોષવાળો કલ્પે અને નિર્દોષ સ્વરૂપનો અનુભવ થાય બે વાતને મેળ ક્યાંથી ખાય ? એટલે તો સર્વજ્ઞના સ્વરૂપમાં જે દોષ છે એનો નિષેધ કર્યો છે અહીંયાં. જુઓ, અહીંયાં ૪૧ મે પાને નીચે ફૂટનોટમાં એક પદ લીધું છે.

**જન્મ જરા તિરખા ક્ષુધા, વિસ્મય આરત ખેદ;**
**રોગ શોક મદ મોહ ભય, નિદ્રા ચિંતા સ્વેદ.**
**રાગ-દ્વેષ અરુ મરણ જુત, યે અષ્ટાદશ દોષ;**
**નાહિં હોત અરહંતકે, સો છબિ લાયક મોખ.**

મોક્ષને લાયક છબિ કોણ છે ? કોણ મોક્ષ પામ્યા છે ? એટલે આટલા અઢાર દોષ જેને ન હોય તે. અષ્ટાદશ દોષ રહિત અરિહંત હોય છે. કેમકે એ મોક્ષ દશા છે. સદેહે મોક્ષ દશા છે. ભાવમોક્ષ છે. દ્રવ્યમોક્ષ પછી સિદ્ધ દશા પ્રગટ થશે ત્યારે દ્રવ્યમોક્ષ થશે. પણ અત્યારે ભાવમોક્ષ તો થઈ ગયો. એમના જ્ઞાનમાં, અરિહંતના જ્ઞાનમાં અને સિદ્ધ પરમાત્મના જ્ઞાનમાં કિંચિત્ ફેર નથી. બંનેને પરિપૂર્ણ સર્વજ્ઞપણું વર્તે છે. એમના પરમાનંદમાં અને સિદ્ધ પરમાત્માના પરમાનંદમાં કિંચિત્‌માત્ર ફેર નથી. એમના અનંત પુરુષાર્થમાં-અનંતવીર્યમાં અને સિદ્ધ પરમાત્માના પુરુષાર્થમાં કાંઈ ફેર નથી. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય, અનંતચતુષ્ટય સરખા જ છે.

મુમુક્ષુ :- આમ વિચારીએ તો જ્ઞાનીનો મહિમા આવે.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એને એવું જ્ઞાન છે. આવા પોતાના સ્વરૂપનું એને જ્ઞાન છે તે જ્ઞાની છે. એમ લીધું.

એટલે આમાં આવા દોષસહિતનું જે દેવનું સ્વરૂપ છે એ સર્વજ્ઞના નિર્ણયમાં ભૂલ છે. જેને સર્વજ્ઞના નિર્ણયમાં ભૂલ હોય એને આત્માનો નિર્ણય બરાબર હોય એ વાત વિચારવાની પણ રહેતી નથી. જે સર્વજ્ઞના નિર્ણયમાં ભૂલ કરે એને આત્માનો નિર્ણય બરાબર હોય અથવા એના તત્ત્વજ્ઞાનની અંદર કાંઈ સાંભળવા જેવું, વિચારવા જેવું, અનુસરવા જેવું, કાંઈ પણ એની અંદર માલ છે એમ માનવું, એ વિચાર કરવા જેવો પણ વિષય નથી. આમ છે. ભૂલ ક્યાં પડે છે ? કે ભલે સર્વજ્ઞમાં ફેરફાર હોય પણ આ બીજું બધું તો ઘણું છે. ત્યાં ભૂલ ખાય જાય છે.

મુમુક્ષુ :- સર્વજ્ઞ પરદ્રવ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- સર્વજ્ઞ છે એ તો ઠીક હવે, સર્વજ્ઞની વાત આપણે જરા ગૌણ રાખો. પણ બીજું બધું કેટલું ખબર પડે છે ! કેટલું નય જ્ઞાન છે, કેટલું શાસ્ત્રજ્ઞાન છે, કેવી કેવી ભાવના છે ! ફલાણું છે, કેટલું બહારમાં પાળે છે. ઘણા એવા હોય કે જેની અંદર એને બહારનું બાહ્યચારિત્ર પણ દેખાતું હોય, ક્ષયોપશમજ્ઞાન દેખાતો હોય, ક્ષયોપશમ ચારિત્ર દેખાતો હોય. સર્વજ્ઞના વિષયમાં છબરડો થઈ જાય. તો એ વાત વિચારવા જેવી પણ રહેતી નથી. આમ છે.

મુમુક્ષુ :- સર્વજ્ઞ જેવું પોતાનું સ્વરૂપ છે માટે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એ એક સ્થૂલ વિચારનો વિષય છે. જેની સ્થૂળમાં ભૂલ છે એનું સૂક્ષ્મ બરાબર છે એ વાત વિચારવા જેવી રહેતી નથી. એમ છે. જેને મોટા અક્ષર જે ચશ્માામાં નથી સૂઝતા એને ઝીણા કાંઈક સૂઝે છે એમ કોઈ દલીલ કરે કે ના, ઝીણા બરાબર સૂઝે છે, મોટા નથી સૂઝતા. નંબર કાઢે છે કે નહિ ? હવે આ પહેલી લાઈન વાંચો, પછી બીજી લાઈન વાંચો, પછી ત્રીજી લાઈન વાંચો. તો કહે પહેલી જ બરાબર દેખાતી નથી. એને પછી પૂછવાનો ક્યાં પ્રશ્ન છે કે ત્રીજી-ચોથી તમને કાંઈ દેખાય છે કે નથી દેખાતું ? એ પ્રશ્ન જ નથી રહેતો. સર્વજ્ઞના નિર્ણયમાં, સર્વજ્ઞના સંબંધમાં કાંઈપણ ભૂલ થઈ ગઈ તો સમજવું કે ગયો. ખલાસ.

મુમુક્ષુ :- ધર્મ સર્વજ્ઞતાથી પ્રણીત કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- એ ધર્મનું મૂળ જ ત્યાં છે. 'શ્રીમદ્જી'એ એટલે સ્થાપ્યું છે કે ધર્મનું મૂળ સર્વજ્ઞ છે અને ધર્મ સર્વજ્ઞતાથી જ પ્રણીત કરવો. ધર્મનું પ્રરૂપણ કરવું તો સર્વજ્ઞને આગળ રાખ, સર્વજ્ઞને મુખ્ય રાખ. સર્વજ્ઞનું સ્વરૂપ પહેલા સ્પષ્ટ કર અને સર્વજ્ઞ સંબંધીનો તારો નિર્ણય ચોખ્ખો કર. એમાં ગડબડ થઈ ગઈ વાત પૂરી થઈ ગઈ.

શું કહે છે અહીંયાં ? કે '**પ્રતીતિરૂપ વિચાર તે સાધક છે,...**' અહીંથી સાધ્ય-સાધક અધિકાર લેવો છે એટલે આ વિષયની અહીંથી સંધિ મારી દીધી. જે અધિકાર હવે પછી શરૂ કરવો છે ત્યાં એની સંધિ મારી છે. '**સાધકસાધ્ય ભેદ જાણે તો વસ્તુની સિદ્ધિ થાય તે કહેવામાં આવે છે.**' વસ્તુની સિદ્ધિ તો ભલે વચન દ્વારા કરે, પણ એ તો એક

થિયરી સાબિત કરી. ખરેખર વસ્તુની સિદ્ધિ તો અનુભવથી છે. એમાં વસ્તુ સાધ્ય થાય છે માટે ત્યાં વસ્તુની સિદ્ધિ છે.

'**સાધ્ય-સાધકના ઉદાહરણ કહેવામાં આવે છે...**' અથવા અહીંયાં સાધ્ય-સાધક કહો, કાર્ય-કારણ કહો, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહો. આમાં અનેક પ્રકાર લીધા છે. સાધ્યસાધકના જે ભેદ લીધા છે એમાં અનેક ભેદ, અનેક પ્રકાર લીધા છે. '**એક ક્ષેત્રાવગાહી પુદ્‌ગલકર્મનો જ સહજ ઉદય, સ્થિતિ સુધી રહે છે તે સાધક અવસ્થા જાણવી. ત્યાં, ત્યાં સુધી-તેના રહેવાની સ્થિતિ સુધી-ચિત્વિકાર થવાનું પ્રવર્તન થાય તેને સાધ્યભેદ જાણવો.**' શું કહે છે ? કે કર્મનો ઉદય નિમિત્ત છે અને જીવનો સ્વરૂપ સાવધાનીમાં ન રહેલા જીવનો, સ્વરૂપનો આશ્રય પોતાના પુરુષાર્થના પરાક્રમ વડે નહિ કરનાર જીવને ઉદયનો આશ્રય થવો, ઉદયના લક્ષે પરિણમવું અને એ ઉદયના લક્ષે પરિણમતા ચિત્વિકાર થાય. પરિણામની અંદર જેવી પ્રકૃતિનો ઉદય હોય એવા જ ભાવ થાય. ક્રોધ પ્રકૃતિનો ઉદય હોય તો ક્રોધના ભાવ થાય, લોભપ્રકૃતિનો ઉદય હોય તો લોભના ભાવ થાય, માન પ્રકૃતિનો ઉદય હોય તો માનના ભાવ થાય. એવી રીતે.

'**એક ક્ષેત્રાવગાહી પુદ્‌ગલકર્મનો જ સહજ ઉદય,...**' પૂર્વ નિબંધન થયેલા જે કર્મ વિપાક થઈને એટલે એની પ્રકૃતિનો રસ પર્યાયની અંદર વ્યક્ત થતા એ પછી ખરી જાય છે. એટલે ખરવા ટાણે આ એનો પ્રકૃતિનો વિપાક આવે છે. એ જ્યાં સધી ચાલુ રહે છે. '**સ્થિતિ સુધી રહે છે તે સાધક...**' છે. શું એ સાધક છે ? શેમાં સાધક છે ? કે ચૈતન્યવિકાર થવામાં તે સાધક છે. '**ત્યાં સુધી તેના રહેવાની સ્થિતિ સુધી-ચિત્વિકાર થવાનું પ્રવર્તન થાય તેને સાધ્યભેદ જાણવો.**' કર્મનો ઉદય સાધક છે અને જીવનો રાગાદિ વિકાર સાધ્ય છે. એમ લેવું. આ તો ટૂંકાણમાં વાત છે. અહીંયાં શું સમજવું ?

જે જીવ સ્વરૂપનો આશ્રય કરતો નથી એને કર્મના ઉદયનું નિમિત્ત લાગુ પડે છે. અથવા જે પોતે પોતાના સ્વરૂપના લક્ષમાં રહેતો નથી તે કર્મના ઉદયના લક્ષમાં જાય છે. કેમકે લક્ષ તો કાં સ્વનું થાય, કાં પરનું થાય. તો નજીકમાં નજીક કર્મનો ઉદય છે. એટલે કર્મના ઉદય ઉપર એનું લક્ષ જાય છે ત્યારે એણે કર્મના ઉદયને નિમિત્ત બનાવ્યો. એના લક્ષમાં

કર્મનો ઉદય નિમિત્ત છે એમ કહેવામાં આવે છે. જેમ જ્ઞાનમાં જે જ્ઞેય જણાય તે જ્ઞેય જ્ઞાનનું નિમિત્ત. જ્ઞાન-જ્ઞેયને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે ને ? તો જે જ્ઞેય જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય તે જ્ઞેય જ્ઞાનનું નિમિત્ત છે. એમ કર્મના ઉદય ઉપર જીવનું લક્ષ ગયું તો એણે કર્મના ઉદયને નિમિત્ત બનાવ્યો. જો લક્ષ ન જાય તો કર્મનો ઉદય ત્યાં નિમિત્ત નથી. અને લક્ષ ન જાય અને એના સ્વરૂપનો આશ્રય રહે તો એને ચૈતન્યવિકાર ઊપજે નહિ.

મુમુક્ષુ :- નિર્જરા થાય.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્જરા થાય. એને નિર્જરા કહેવાય. આમેય નિર્જરા તો થવાની જ છે. પણ આ સકામ નિર્જરા છે અને પેલી અકામ નિર્જરા છે. આમ તો નિર્જરવા જ આવ્યું છે. ઉદય આવ્યો છે એ જ નિર્જરવા આવ્યો છે. એ તો કાંઈ રહેવાનો નથી.

જે જીવ ચૈતન્યવિકારે પરિણમીને કર્મનો નવો બંધ કરે છે એ ચૈતન્યવિકારના નિમિત્તે પાછા કાર્મણવર્ગણામાંથી નવા કર્મો આવીને એકક્ષેત્રાવગાહ સ્થિતિ પામે છે. તો ત્યાં એને નિર્જરા ન કહી પણ કર્મનો બંધ કહ્યો. આ જીવ શું કરે છે ? કે આ જીવ કર્મ બાંધે છે એમ કહેવાય છે. નિર્જરા તો થઈ એ વખતે. તમે નિર્જરા કેમ ન કહી અને કર્મ બાંધ્યું એમ કહો ? કે જે મુખ્ય હોય એની વાત કરાય. સમ્યગ્દૃષ્ટિને અલ્પ બંધ થાય છે એમ નહિ કહેતા નિર્જરા થાય છે એમ કેમ કહો છો ? કે ત્યાં મુખ્ય નિર્જરા છે. બંધ અલ્પ છે માટે નિર્જરા થાય છે એમ કહીએ છીએ.

**'મિથ્યાત્વ સાધક, બહિરાત્મા સાધ્ય છે.'** જુઓ ! શું કહે છે ? કે જે જીવને શ્રદ્ધાનમાં મિથ્યાત્વ રહે તેને બહિરાત્મપણું રહે, રહે ને રહે. એ જીવ બહિરાત્મા જ હોય. મિથ્યાત્વ એમ ને એમ રહે અને અંતરાત્મા કોઈ થાય એમ કદિ બને નહિ. મિથ્યાત્વ સમ્યક્‌માં અમે ન સમજીએ. અમારે તો આત્મામાં ઉપયોગ લગાડીને અંતરાત્મા થવું છે. કામ તો ઉપયોગને અંદરમાં લઈ જવાનું છે ને ? પણ નહિ થાય તારાથી. કેમકે મિથ્યાત્વ સાધક છે અને બહિરાત્મા સાધ્ય છે. જેને મિથ્યાત્વપણું હોય એને બહિરાત્મપણું હોય, હોય ને હોય જ. કોઈ એમ કહે કે મિથ્યાત્વ સમ્યક્‌માં અમે ન સમજીએ પણ અમારું ધ્યાન

એવું છે કે ધ્યાનમાં અમે બેસીએ ત્યારે બસ શાંતિ... શાંતિ... શાંતિ.. અને શાંતિ થઈ જાય છે. એ કોઈ દિવસ બની શકે નહિ. કષાયની મંદતા થાય એને શાંતિ માની લ્યે. કષાય મંદ થાય એને. એ બધા ગોટા જગતની અંદર ચાલે છે. સમ્યક્ મિથ્યાત્વના પ્રકરણથી જગતમાં લોકો અજાણ્યા છે. અને આ ધ્યાનના અને યોગના અને બીજા, ત્રીજા, ઢીકણા કાંઈક વાતું ચાલે છે જગતની અંદર. એ કોઈ દિવસ બની શકે એવું નથી.

મુમુક્ષુ :- બેયની જાત જ જુદી છે.

પૂજ્ય ભાઈશ્રી :- જાત જ જુદી છે પણ ઓલી કષાયની મંદતા થાય અને તીવ્ર આકુળતા ન થાય ત્યારે એને શાંતિ જેવું લાગે તો એને એમ થાય કે આત્મામાંથી શાંતિ આવે છે. રાગની શાંતિને એ આત્માની શાંતિ માને છે. ખરેખર એ શાંતિ નથી. મિથ્યાત્વ પડ્યું છે. એમાં તો અનંતાનુબંધીનો કષાય પડ્યો છે. એ અનંતાનુબંધીનો કષાય પડ્યો છે ને શાંતિ આવી ક્યાંથી ? ચારિત્રથી લઈએ તો અનંતાનુબંધીનો કષાય એ ચારિત્રમોહનીની પ્રકૃતિ છે અને મિથ્યાત્વ છે દર્શનમોહનીયની પ્રકૃતિ છે. એ બંને અવિનાભાવીપણે સાથે જ રહે છે. ચારિત્રમોહ અને દર્શનમોહ આ પ્રકારે અવિનાભાવીપણે સાથે રહે છે. એક હોય અને બીજા ન હોય એવું કદિ બનતું નથી.

મુમુક્ષુ :- ત્રણ ડિગ્રી તાવમાંથી નવ્વાણું થાય એટલે ખુશી થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- ખુશી થઈ જાય પણ આ નવ્વાણું નહિ જાય એનું શું ? નવ્વાણું કાઢવો મુશ્કેલ છે. છમાંથી નવ્વાણુ લાવવો એટલો મુશ્કેલ નથી. નવ્વાણુંમાંથી સાડી અઠ્ઠાણું કરવો એ મુશ્કેલ છે. છમાંથી પાંચ, ચાર, ત્રણ, બે તો ફટકે એકદમ સીધો ઊતરી જાય. પણ નવ્વાણું જો ખસતો ન હોય તો ડૉક્ટર એમ કહે કે કોઈક ભયંકર રોગ છે. કો'ક ભયંકર રોગ છે કે આ નવ્વાણું ખસતો નથી. એમ છે. એ તો સિમ્ટમ્સ છે ખરેખર તો. નવ્વાણું છે એ તો ચિહ્ન છે. અંદરમાં એનું શરીર એટલું ગરમ ન રહે તો એ માણસ ખલાસ થઈ જાય. એ રોગની સામે પ્રતિકાર કરે છે. શરીર તો ગરમ થઈ જાય છે. પ્રતિકાર કરતા ગરમ થાય છે. એ રોગની હસ્તીને સૂચવે છે. નવ્વાણું તાવ એ રોગ નથી. રોગ તો અંદરમાં

બીજો છે. પણ એ એનાથી પકડાય છે. આ શરીરને ગરમ કેમ થવું પડે છે એની સામે ? નોર્મલ ગરમી છોડીને એબનોર્મલ ગરમીમાં કેમ આવે છે ? કે સામે કો'ક રોગ ઊભો છે. અને સતત રહે છે એ બતાવે છે કે એ સામે રોગ પણ ખસતો નથી.

'**મિથ્યાત્વ સાધક, બહિરાત્મા સાધ્ય છે. સમ્યક્ભાવ સાધક છે, ત્યાં વસ્તુસ્વભાવજાતિ સિદ્ધ થવી તે સાધ્ય છે.**' જો અંતરાત્મા સાધક છે એવો આગળ એક ભેદ લેશે. સમ્યક્ભાવ સાધક છે અને અંતરાત્મા સાધ્ય છે. પણ અહીંયાં બીજો ભેદ લીધો છે કે સમ્યક્ભાવ સાધક છે. ઓલું બહિરાત્માની સામે અંતરાત્મા લેવાને બદલે '**ત્યાં વસ્તુસ્વભાવજાતિ સિદ્ધ થવી તે સાધ્ય છે.**' સ્વભાવજાતિ સમ્યક્ભાવની અંદર સિદ્ધ થાય છે. સ્વભાવજાતિ અને વિભાવજાતિના પરિણામને જુદા જુદા ઓળખવા, ભેદ પાડીને ઓળખવા એ કાર્ય સાચું છે, એ કાર્ય સમ્યક્ છે. એ ભેદજ્ઞાનનો વિષય છે. એટલે અહીંયાં આ રીતે પદ્ધતિ લીધી છે. અંતરાત્મા સાધ્ય છે એ અંતરાત્મા તો એનું ફળ છે. અહીંયાં એમ ન લીધું. અહીંયાં તો વસ્તુસ્વભાવજાતિ સિદ્ધ થવી. વિભાવજાતિ અને સ્વભાવજાતિ. બે જુદી જુદી જાતના ભાવો છે. એમાં સ્વભાવજાતિનો ભાવ આ છે એમ પોતાના સ્વભાવભાવને અંદરમાં ગ્રહણ કરી લ્યે, જ્ઞાનમાં એને જુદો પાડી દે. એમ કરનાર સમ્યક્ભાવ છે. એવું સાધ્ય કરનાર સાધક છે તે સમ્યક્ભાવ છે.

મુમુક્ષુ :- અહીંયાં જે સમ્યક્ભાવ લીધો છે એ સમ્યગ્દર્શન ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. બેય લઈ લેવું.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનની પૂર્વભૂમિકામાં થતો ભાવ એમ નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે એ ભેદજ્ઞાન લેવું પડે. ભેદજ્ઞાનમાં પણ સમ્યક્પણું આવી ગયું ને ? એમ. સમ્યક્ એટલે સ્વસન્મુખ. સન્મુખના પરિણામ લેવા. સન્મુખના પરિણામ છે એ સાધક છે અને વસ્તુનો સ્વભાવ છે એની અંદરમાં જુદી જાત પડી જવી, જાતથી જુદું પડી જવું તે એમાંથી સાધ્ય છે. જે પોતાના વસ્તુસ્વભાવની જાતિ જુદી પાડે. એમ કહેવું છે. તે જુદી પાડનાર ભાવ સાધકભાવ તે સમ્યક્ભાવ છે.

'**જ્યાં શુદ્ધોપયોગપરિણતિ થવી સાધક છે ત્યાં પરમાત્મા સાધ્ય**

**છે.**' શું કહે છે ? કોનો મોક્ષ થાય ? પરમાત્મદશા એટલે મોક્ષદશા. કોનો મોક્ષ થાય ? કે જેને શુદ્ધોપયોગ પરિણતિ થાય તેને.

મુમુક્ષુ :- એટલે સમ્યગ્દર્શન ?

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર-ત્રણે એમાં આવી ગયા. સમ્યક્ પુરુષાર્થ પણ એમાં આવી ગયો. કોઈ એમ કહે કે પણ જૈન સિવાય ક્યાંય મોક્ષ છે કે નહિ ? આસ્તિક્ય દર્શનમાં ષટ્દર્શન છે એમાં આસ્તિક્ય દર્શન છે એણે મોક્ષને સ્વીકાર્યો છે. તો કહે છે, મોક્ષને ભલે એણે સ્વીકાર્યો હોય પણ મોક્ષમાર્ગને સ્વીકાર્યો છે કે નહિ ? શું પ્રશ્ન છે અહીંયાં ? મોક્ષમાર્ગને સ્વીકારે નહિ ને મોક્ષને સ્વીકારે તો એ મોક્ષ કઈ જાતનો ? એ મોક્ષ ખરેખર જેને મોક્ષ કહીએ એ મોક્ષ નથી. સ્થૂળપણે તો એમ મનાય છે કે જન્મ-મરણથી છૂટકારો થયો તેનો મોક્ષ થયો. અથવા જન્મ-મરણથી છૂટકારો થતા સંસાર ન રહ્યો તેનું નામ મોક્ષ થયો. તો જન્મ-મરણનો નાશરૂપ મોક્ષ અમે માનીએ છીએ. એવો મોક્ષ અમે માનીએ છીએ કે જન્મ-મરણનો (નાશ થાય). મુક્ત આત્માઓને જન્મ-મરણ હોતા નથી. અમે પણ એમ જ માનીએ છીએ. પણ મોક્ષમાર્ગ માનો છો ? ક્યો મોક્ષમાર્ગ છે ?

અનેક પ્રકારના રાગાદિથી સાધ્ય એવા ભાવને તમે મોક્ષ માન્યો. કહે છે કે નહિ. વીતરાગતાનો સાધક પણ વીતરાગભાવ જ છે. રાગભાવ વીતરાગતાનો સાધક નથી. એટલે શુદ્ધઉપયોગ લીધો. શુદ્ધઉપયોગ અને શુદ્ધ પરિણતિ. બંને લઈ લેવા. શુદ્ધઉપયોગ અને શુદ્ધ પરિણતિ. એ નિયમથી એવો જ વીતરાગમાર્ગ હોય, પૂર્ણ વીતરાગ થવા પહેલા. પૂર્ણ વીતરાગ તે જ થાય કે જેને પહેલા મોક્ષમાર્ગમાં વીતરાગતા પ્રગટ થાય અને તે વીતરાગતા વૃદ્ધિગત થતી થતી, વીતરાગતાનો વિકાસ થતા થતા પૂર્ણ વિકાસરૂપ મોક્ષદશા ઉત્પન્ન થાય. એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એવો જે વીતરાગભાવ તેને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ પરિણતિ બેમાં ફેર શું ?

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધોપયોગમાં નિર્વિકલ્પ જે દશા છે. ઉપયોગ સહિતની જે નિર્વિકલ્પ દશા છે કે જેમાં બુદ્ધિપૂર્વકના રાગનો ઉત્પાદ થતો નથી. અબુદ્ધિપૂર્વકનો રાગ રહે છે એ પોતાને અનુભવગોચર થતો

નથી. કેવળીગમ્ય છે. એવો જે બુદ્ધિપૂર્વકના રાગનો અભાવ થઈને નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થયો તે શુદ્ધઉપયોગ છે. અને સવિકલ્પ દશામાં બુદ્ધિપૂર્વકના રાગસહિત અંદર વીતરાગ પરિણતિ પાછી ચાલુ રહે છે તેને પણ મોક્ષમાર્ગરૂપ વીતરાગ પરિણતિ કહેવામાં આવે છે.

જેમકે મુનિદશામાં બહારની અંદર પંચ મહાવ્રત, આહારાદિની જે ક્રિયા છે ત્યારે શુદ્ધોપયોગ નથી. પણ પરિણતિ ચાલુ છે. છઠા ગુણસ્થાને મુનિ હોય ત્યારે એને બહારની પ્રવૃત્તિમાં ઊભેલા જોવામાં આવે છે. મંદિરે દર્શન કરવા જાય, ભગવાનના દર્શન કરે, સ્તુતિ બોલે એ બધો વિકલ્પ ચાલે છે. એમનો રાગ છે એ સ્પષ્ટ જોવામાં આવે છે કે આ શુભરાગમાં પરિણમે છે.

મુમુક્ષુ :- એટલો બંધ નહિ ?

પૂજ્ય ભાઈશ્રી : હા. એટલો અલ્પ બંધ છે. પણ અંદરમાં જે પરિણતિ છે એ વીતરાગ પરિણતિ છે. એ એનાથી જુદી પરિણતિ છે. આ રાગધારા છે એ કર્મધારા છે. એનાથી અલ્પ કર્મબંધન છે. અંદર વીતરાગ પરિણતિ છે તે જ્ઞાનધારા છે, એ મોક્ષધારા છે અને એનાથી મોક્ષ અને નિર્જરા થાય છે. આની અંદર મિશ્રધર્મ અધિકાર આખો છે. એ આખું પ્રકરણ જ ચાલશે આની અંદર. જુદું જ પ્રકરણ એમણે લખ્યું છે. મિશ્રધર્મ અધિકાર. ૭૨ પાને છે.

**'હવે મિશ્રધર્મઅધિકાર કહેવામાં આવે છે. તે મિશ્રધર્મ અંતરાત્માને છે,...'** છે ? મિથ્યાદષ્ટિને નથી. સમ્યગ્દષ્ટિને મિશ્રધર્મ છે. **'કે સ્વરૂપશ્રદ્ધાન સમ્યક્ (છે, અને) જેટલો કષાય-અંશ છે તેટલી રાગ-દ્વેષની ધારા છે;...'** બેય ધારા લીધી. એને નીચે કર્મધારા કહી. એ કર્મધારા છે. પ્રશ્ન ઉઠાવીને વિષયને બહુ ચોખ્ખો કર્યો છે, બહુ સ્પષ્ટીકરણ કર્યું છે. આ વિષય ઉપર પણ બહુ સ્પષ્ટીકરણ કર્યું છે એમણે. એ ચાલશે ત્યારે વિસ્તારથી લઈશું. એમણે તો ઘણી સૂક્ષ્મતાથી આ વિષયનું સ્પષ્ટીકરણ કર્યું છે. અસાધારણ સૂક્ષ્મતા છે એમની આ વિષયની અંદર. પોતાને અનુભવ છે ને ! એટલે ઘણી સ્પષ્ટતા કરી છે. પ્રતીતિ અહીંયાં શું છે ? પ્રતીતિનો વિષય શું છે ? પ્રતીતિ અનુસાર પરિણતિ શું છે ? એ બધો વિષય એમણે સ્પષ્ટ કર્યો છે.

મુમુક્ષુ :- એમાં એમ લાગે છે કે 'મોક્ષમાર્ગપ્રકાશક' કરતા પણ આ

થોડી વધારે સૂક્ષ્મ વાતું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એમણે તો મોટી મોટી વાતો જ કરી છે.

મુમુક્ષુ :- ક્ષયોપશમ જબ્બર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષયોપશમ જબ્બર છે ને અમુક મોટી મોટી વાતો કરી છે. જાડી સ્થૂળ વાતો ઘણી કરી છે. આવી સૂક્ષ્મ વાતો અધ્યાત્મની નથી. આમણે તો એકલો અધ્યાત્મનો વિષય જ લીધો છે. સ્વાનુભવનો જ વિષય લીધો છે. બીજી વાતને ક્યાંય એમણે લીધી જ નથી. નાનો ગ્રંથ છે પણ એક જ વિષયને લીધો છે. અને નિર્વિકલ્પ અનુભવવાળી જે દશા, નિર્વિકલ્પ પ્રતીતિવાળી જે દશા, અનિર્વચનીય જે દશા એ દશાને આટલા વિસ્તારથી એ વાતને, આટલા પડખાથી એ વાતને કહેવી એટલે એ સાધારણ વાત નથી.

મુમુક્ષુ :- એમાં બધી ખંડનાત્મક પદ્ધતિ છે, આમાં સર્જનાત્મક છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પદ્ધતિ સારી નહિ ને. ખંડનાત્મક પદ્ધતિ તો સારી નહિ ને. એવો વિકલ્પ આવે. કોઈને કાંઈ વિકલ્પ આવે, કોઈને કાંઈ વિકલ્પ આવે. એમને એ વિકલ્પ આવ્યો છે. સામાન્ય રીતે બહારમાં જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોય એ અનુસાર વિકલ્પ વિચાર આવે.

મુમુક્ષુ :- કાળ-ભેદ તો બહુ લાંબો નહિ હોય. સરખો જ હશે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ફેર નહિ હોય. પચાસ વર્ષ આસપાસનો ફેર હોય તો. બહુ ફેર નહિ હોય. આ પહેલા છે. અઢીસો વર્ષ લગભગ થઈ ગયા. 'ટોડરમલજી'ને બસ્સો વર્ષ જેવું થયું છે. પચાસેક વર્ષનો ફેર છે.

**'શુદ્ધોપયોગ પરિણતિ થવી સાધક છે ત્યાં પરમાત્મા સાધ્ય છે.'** એ શુદ્ધોપયોગ પરિણતિ, વીતરાગ પરિણતિ પહેલા પૂર્વ ભૂમિકામાં હોય જ. જે પરિપૂર્ણ વીતરાગ પરમાત્મા થાય તેને તેની પૂર્વ ભૂમિકામાં નિયમથી વીતરાગ દશાની ઉત્પત્તિ થઈ હોય, થઈ હોય ને થઈ હોય જ. કોઈ જીવ એવો કદિ ત્રણ કાળમાં પરમાત્મા ન થાય કે રાગ ને મિથ્યાત્વ ને બધું હોય અને વીતરાગતાની શરૂઆત થયા વિના સીધો જ એ મોક્ષ પામી જાય. અન્ય મતમાં તો ગોટા ત્યાં સુધી આવે છે કે એક પરમાત્મા બીજા આત્માને, સંસારી આત્માને મોક્ષ આપી દ્યે. જાવ તમને મોક્ષ આપ્યો. કેમકે એ લોકો તો શું માને છે કે કર્મનું ફળ પણ પરમાત્મા જ

આપે છે. એટલે કોઈને દુઃખી કરે, કોઈને સુખી કરે તો એ બધું પરમાત્મા કરે છે. એટલે આખા જગતના જીવોને દુઃખી કરવા, સુખી કરવા અને મોક્ષ પણ પમાડવા એ બધી પ્રવૃત્તિ લઈને બેઠા છે. એવા ચીતરે છે.

મુમુક્ષુ :- એ લોકોમાં પરમાત્મા થવા માટે પહેલા નિર્વિકલ્પ દશા જોઈએ અને પરમાત્મા થયા પછી આખા જગતના વિકલ્પ કરવા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એ પરમાત્માનું એટલું બધું સામર્થ્ય છે કે વિકલ્પ કર્યા વિના બધું કરી નાખે છે. ઠીક ! અહીંયાં બેઠા બેઠા જ બધું ત્યાંનું કામ પતાવી દ્યે. એ બધા ગપ્પા મારવામાં કાંઈ વાંધો આવે છે ? કેમકે એની કાંઈ મશીનરી સાબિત કરવી પડતી નથી. કાર્યકારણભાવ ત્યાં સાબિત કરવો પડતો નથી. આમથી આમ થઈ ગયું. જાવ. એમ છે કે જગતમાં જો બીજી વિદ્યાઓથી કામ થતું હોય, અનેક પ્રકારની વિદ્યાઓ તો સાધ્ય થાય છે ને ? તો ત્યાં તો કોઈ મશીનરી નથી. વિદ્યા જ કામ કરે છે. તો પછી બીજા જે તપસી અને સાધક હોય એને વિદ્યાઓ સાધ્ય થાય અને પરમાત્મા પાસે કાંઈ વિદ્યા જ ન હોય ! દલીલ કરવી હોય તો આવો સવાલ છે. એ તો બધું એમ જ ચાલે. દુનિયામાં ન્યાયથી તર્ક કરવો વ્યાજબી છે. ન્યાયને છોડીને તર્ક કરવો એ વ્યાજબી પણ નથી. એ તો કુતર્કમાં જાય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' મળ્યા એટલે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નહિતર તો ક્યાંયના ક્યાંય ચડી જવાય એવું છે. જગતની રચના એવી છે.

મુમુક્ષુ :- બીજા સંપ્રદાયમાં જ હતા ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. અનંત કાળ અમથો અમથો કાઢ્યો નથી. પરિભ્રમણમાં અનંત કાળ અમથો અમથો કાઢ્યો નથી. ભગવાનના માર્ગને નહિ સ્વીકારીને, જિનેશ્વરના માર્ગને નહિ સ્વીકારીને જ કાઢ્યો છે. એના માર્ગે પડે એનો તો નિવેડો આવી જ જાય. એમાં તો કાંઈ શંકાને સ્થાન રહે એવું નથી. ભગવાનના માર્ગની એટલે ? એ માર્ગે ચાલ્યા એ માર્ગ. એ તો વીતરાગ છે. એને ક્યાં મારો માર્ગ છે અને તારો માર્ગ છે એ પ્રશ્ન છે. પોતે જે નિર્દોષ માર્ગે ચાલ્યા. પોતે નિર્દોષ થાય તો એ માર્ગે ચાલ્યો.

**'વ્યવહારરત્નત્રય સાધક છે, ત્યાં નિશ્ચયરત્નત્રય સાધ્ય છે.'** ઠીક ! વ્યવહાર સાધક ને નિશ્ચય સાધ્ય આવ્યું કે ન આવ્યું ? શું કહેવું છે અહીંયાં ? કે જે જીવને નિશ્ચયરત્નત્રય હોય એને વ્યવહારરત્નત્રય હોય જ. વ્યવહારરત્નત્રયમાં ગમે તેમ છબરડા હોય અને એને નિશ્ચયરત્નત્રય છે એમ કોઈ સિદ્ધ કરવા માગે તો એ સાબિત થાય એવી વાત નથી.

જેમકે એક મુનિદશા લઈએ. જેનું દ્રવ્યલિંગ ચોખ્ખું નથી એને ભાવલિંગ હોઈ શકે નહિ. એના ભાવલિંગ માટે વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. જેનું શ્રદ્ધાન મિથ્યા હોય એના જ્ઞાન માટે વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. એના આચરણ માટે વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી.

અહીંયાં એટલું લેવું છે કે નિશ્ચયરત્નત્રય જેણે સાધ્ય કર્યું એને વ્યવહારરત્નત્રયની મર્યાદાની અંદર એના શુભાશુભ પરિણામ હોય છે. વ્યવહારરત્નત્રયની મર્યાદા છોડીને એના શુભાશુભ પરિણામ હોઈ શકે નહિ. એમ લેવું છે. એટલે એ વ્યવહારની મર્યાદા બાંધી છે અહીંયાં. નિરર્ગળ વ્યવહાર હોય અને આ બાજુ નિશ્ચયરત્નત્રય એને પ્રગટ છે એ વાતનો મેળ ખાતો નથી. એમ સિદ્ધ કરવું છે. એટલે મુનિદશામાં શુભકાર્યો બધા લીધા નથી. પ્રતિબંધ કર્યો છે કે અહીંથી મુનિએ નીચે ઉતરાય નહિ. મુનિ મંદિર બંધાવે ? પૂજાપક્ષાલ કરે કે ન કરે ? થાળી લઈને અષ્ટ દ્રવ્યથી પૂજા કરે કે ન કરે ? કે ન કરે. ચૈત્ય વંદન કરે. ભગવાનની સ્તુતિ કરે. પણ એ મંદિર બંધાવે કે પૂજાપ્રક્ષાલ કરે કે એ અષ્ટ દ્રવ્યથી પૂજા કરે, સ્વાહા કરે એવું કાંઈ કરે નહિ.

મુમુક્ષુ :- આરંભ સમારંભ ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બને નહિ. શુભભાવમાં ને શુભભાવમાં આટલો ફેર. એક જ જિનેશ્વરના લક્ષે શુભભાવ છે. અષ્ટ દ્રવ્યથી પૂજા કરવી એ પણ ભગવાન જિનેન્દ્ર પ્રત્યેનો શુભભાવ છે અને મુખથી કે મનમાં સ્તુતિ કરવી એ પણ ભગવાન પ્રત્યેનો શુભભાવ છે. છતાં બેની કક્ષામાં ફેર છે. બંનેની પ્રવૃત્તિમાં ફેર છે. જ્યાં આરંભ સમારંભ થાય એવું કોઈ કાર્ય જો મુનિને પણ હોય એમ વ્યવહારરત્નત્રયમાં એને દાખલ કરે તો એની પછી કોઈ મર્યાદા રહેશે નહિ. અત્યારે આ તો ફંડફાળા પણ ચાલે. એ મુનિનું કામ નથી. મુનિ કરે નહિ.

મુમુક્ષુ :- વ્યવહારરત્નત્રય કીધું એટલે નિશ્ચય ત્યાં છે જ. એને જ

વ્યવહારરત્નત્રય કહે.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહારરત્નત્રય હોય એને નિશ્ચયરત્નત્રય હોય જ એમ નથી પાછું. નિશ્ચયરત્નત્રય હોય એને વ્યવહારરત્નત્રય હોય જ. એમ છે.

મુમુક્ષુ :- નિશ્ચય હોય એને વ્યવહાર હોય જ.

પૂજ્ય ભાઈશ્રી :- હોય જ. પણ વ્યવહાર હોય એને નિશ્ચય હોય એમ છે નહિ. એ વ્યવહારભાસ થઈ ગયો. એમાં કોણ ખરાને સમજે ? નિરતિચાર ચોખ્ખો વ્યવહાર પાળે. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, અઠ્યાવીશ મૂળગુણનો નિરતિચાર વ્યવહાર. હજી મિથ્યાત્વ ગયું ન હોય. પહેલું ગુણસ્થાન ચાલતું હોય. તો ત્યાં નિશ્ચય સાધ્ય નથી થયો. પણ અહીંયાં સાધ્ય-સાધક ભેદ છે એ મર્યાદા બતાવે છે કે જેને નિશ્ચયરત્નત્રય પ્રગટ થાય તેને વ્યવહારરત્નત્રયની મર્યાદા હોય, હોય ને હોય જ. એને ન હોય એવું કદિ બને નહિ.

મુમુક્ષુ :- નિશ્ચય સાધ્ય થયું તો વ્યવહાર સાધન કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશ્ન નથી રહેતો. નહિતર તો એ ચોખ્ખો વ્યવહાર પણ વ્યવહારાભાસમાં જાય. જે ચોખ્ખો વ્યવહાર નથી એ તો વ્યવહારાભાસના વર્ગમાં પણ નથી. એ ક્લાસ પણ એને તો નથી. પણ અહીંયાં જેનો વ્યવહાર ચોખ્ખો છે, છતાં નિશ્ચય રહિત વ્યવહાર છે તો તે વ્યવહારભાસ છે. એ વ્યવહાર નથી. એ સ્પષ્ટીકરણ 'ટોડરમલજી'એ કર્યું છે. 'ટોડરમલજી'એ એ વિષય ઉપર ઘણો પ્રકાશ પાડ્યો છે.

અહીંયાં સાધ્ય-સાધકના બોલ લીધા છે. પણ દરેકની અંદર વિવિક્ષા સમજવી જોઈએ. બધામાં એક પ્રકારે વાત અહીંયાં લેવી નથી. ક્યાંક અવિનાભાવી ભાવ લેવા છે. ક્યાંક પૂર્વ ભૂમિકાના નિમિત્ત નૈમિત્તિક સંબંધ લેવા છે. એવી રીતે જુદો જુદો પ્રકાર છે. બધાયમાં અનેક પ્રકારથી વાત લીધી છે. અહીં સુધી રાખીએ...

## તા. ૧૪–૧૨–૧૯૮૫, પાના નં. ૩૯, ૪૦ પ્રવચન નં. ૮૦

પાનું-૩૯. નીચેથી પાંચમી લીટી. '**જ્યાં શુદ્ધોપયોગપરિણતિ થવી સાધક છે ત્યાં પરમાત્મા સાધ્ય છે.**' એ વિષય ચાલતો હતો. શુદ્ધોપયોગપરિણતિ એટલે વીતરાગતા. વીતરાગ પરિણતિ થવી સાધક છે અને પરમાત્મદશા એટલે પૂર્ણ વીતરાગદશા સાધ્ય છે. પૂર્ણ વીતરાગદશાનું સાધક વીતરાગપણું છે અથવા વીતરાગતા સધાતા-સધાતા વિશેષ વિશેષ વીતરાગતા સાધ્ય થતાં પૂર્ણ સાધ્ય વીતરાગતા થાય છે. બીજી કોઈ પ્રકારે પરમાત્મદશા અથવા વીતરાગદશા થાય છે એવું બનતું નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- શુદ્ધોપયોગપરિણતિ ચોથાથી ગણાય કે સાતમાથી ગણાય ?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં શુદ્ધોપયોગ પરિણતિ એટલે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ પણ લેવો અને સાતમા પછી જેટલી કોઈ શુદ્ધોપયોગની જે એકધારી દશા છે એટલે એને શુદ્ધોપયોગ પરિણતિ કહી દીધી. ચાલુ ક્રિયા જ રહી ગઈ. પરિણતિ, જ્ઞપ્તિ, ગતિ એવા બધા જે એકારાંત ક્રિયાવાચક નામ છે, વ્યાકરણની દૃષ્ટિએ એ બધી ચાલુ વર્તમાન ક્રિયાને સૂચવે છે. ચાલુ વર્તમાન ક્રિયા.

હવે એમ કહે છે કે જે સાતમા ગુણસ્થાન પછી ઉપયોગ શુદ્ધ થયો અને એ ઉપયોગની ક્રિયા શુદ્ધતાની ચાલુ જ રહી ગઈ, એવી જ પરિણતિ થઈ ગઈ. પરિણતિ જ એવી રહી ગઈ. પછી અશુદ્ધઉપયોગમાં જ ન આવે. સાતમાથી ઉપરની સ્થિતિ. એ સાધક છે અને એનું ફળ વીતરાગતા છે.

મુમુક્ષુ :- ચોથેથી લઈએ તો ભાવપરિણતિ છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો નિર્વિકલ્પ પરિણતિ રહી એની પરિણતિ વીતરાગ પરિણતિ કહેવાય છે અને એ સાધકપરિણતિ છે. પણ અહીંયાં જ્યાં પરમાત્મદશા જેનું ફળ લેવું છે તો અહીંયાં એ પરમાત્મદશા પહેલાની જે પૂર્વની પ્રક્રિયા કેવી હોય ? એમ લઈએ તો.

તો એ પહેલા નિર્વિકલ્પ વીતરાગ ઉપયોગની પરિણતિ, શુદ્ધોપયોગની પરિણતિ હોય તો વીતરાગ પરમાત્મદશા પ્રાપ્ત હોય. બીજી રીતે પરમાત્મદશા પ્રાપ્ત થાય નહિ. એ પરમાત્મા સાધ્ય છે. પરમાત્મા એટલે પોતાની દશા, પરમદશા એ પરમાત્મા. અહીંયાં બીજા કોઈ પરમાત્મા સાધ્ય છે એ વાત નથી.

**'વ્યવહારરત્નત્રય સાધક છે, ત્યાં નિશ્ચયરત્નત્રય સાધ્ય છે.'** અહીંયાં નિશ્ચયરત્નત્રયવાળાને વ્યવહારરત્નત્રય નિયમથી હોય છે એમ લેવું છે. નિશ્ચયરત્નત્રય હોય અને વ્યવહારરત્નત્રયમાં ગુણસ્થાન ઉચિત પરિણામ ન હોય એવું કદિ બનતું નથી. એવું કદિ બનતું નથી. છઠ્ઠે ગુણસ્થાને સાતમા અને છઠ્ઠા ગુણસ્થાનની જે નિશ્ચય-વ્યવહારની પરિણતિ છે એમાં વ્યવહારરત્નત્રયમાં મુનિયોગ્ય દશા જ હોય. બીજી રીતે હોય નહિ. એવી રીતે પાંચમા ગુણસ્થાને, એવી જ રીતે ચોથા ગુણસ્થાને પણ સપ્ત વ્યસન આદિની કેટલીક મર્યાદા છે. સમ્યગ્દષ્ટિ જીવને સમ્યગ્દષ્ટિપણામાં વ્યસનનું બંધન ન હોય. કેમકે જીવ મુક્તભાવમાં આવ્યો છે ને ? તો એને વ્યસનનું બંધન નથી થતું એમ કહેવું છે. કેમકે એ સમ્યગ્દષ્ટિ ત્યારે થયો છે કે પોતાના મુક્ત પરમાત્માને ધ્યાવતા એ સમ્યગ્દષ્ટિ થયો છે.

મુમુક્ષુ :- એક જ વ્યસન હોય, સ્વાધ્યાયનું.

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ વ્યસન જેવું તો નથી. કેમકે કેટલાક સમ્યગ્દષ્ટિ એવા છે, ચારેય ગતિમાં થાય છે ને ? તિર્યંચ ક્યાં સ્વાધ્યાય કરવા જાય ? નારકી ક્યાં સ્વાધ્યાય કરવા જાય ? ચારેય ગતિમાં થાય છે. એક છે કે મનુષ્ય હોય તો એને સ્વાધ્યાયનું ચિત્ત રહે છે. એના ચિત્તમાં એમ રહ્યા કરે કે હું મહાપુરુષોના, સત્પુરુષોના, આરાધક પુરુષોના જે આરાધકતાની ભૂમિકામાંથી ઉત્પન્ન થયેલી જે વાણી છે એનુ હું અવગાહન કરું. સ્વાધ્યાય કરું એનો અર્થ કે એનુ હું ઊંડેથી અવગાહન કરું. મારા પરિણામની અંદર સાક્ષીભૂત થાય, મારા પરિણામમાં જે સાક્ષીભૂત થાય એ રીતે હું એનું અવગાહન કરું. કે આવો જ શુદ્ધોપયોગ હોય. આ જાતના વિકારી દશાના ભેદ પ્રભેદને પણ ઓળખે. પોતાના પરિણામને મેળવીને ઓળખ કરે. બધા ભાવોને ઓળખે. એ રીતે જેની મેળવણી હોય.

મનુષ્યપણામાં તો સમ્યગ્દર્શનથી માંડી પંચમ ગુણસ્થાન, છઠ્ઠા ગુણસ્થાન સુધી વિશેષપણે શાસ્ત્ર અધ્યયનમાં ચિત્ત રહે છે. કેમકે તેને જ્ઞાન ને ધ્યાન જ નિમિત્ત છે. પોતાની શુદ્ધ પરિણતિને, વીતરાગતાને જ્ઞાન અને ધ્યાન જ નિમિત્ત છે. જ્ઞાન-ધ્યાન જ નિમિત્ત પડે છે.

મુમુક્ષુ :- વ્યસન તો તત્ત્વથી વિપરીત પરિણતિમાં જાય છે એને હોય છે, સ્વભાવ તરફની પરિણતિ...

પૂજ્ય ભાઈશ્રી :- વ્યસન છે એ બંધન છે. મુક્તભાવવાળાને બંધન તો જવું જ જોઈએ. જેને મુક્તભાવ અંશે પણ પ્રગટ થયો છે એ ભલે પ્રગટ થયો છે જઘન્ય અંશમાં, પણ એ જઘન્ય અંશ પ્રગટ કરવા માટે પણ એણે બહુ મોટો પુરુષાર્થ કર્યો છે. ત્યારે એ જઘન્ય અંશમાં પ્રગટ થયો છે. સાધારણ પુરુષાર્થથી અનંત કાળનું મિથ્યાત્વ અને અજ્ઞાનનું અંધારુ નથી જતું. તો એ જે પુરુષાર્થનો, પૂર્વ પુરુષાર્થની જે પ્રોસેસ છે એમાં એણે ઘણી વાતો ફગાવી દીધી છે. વ્યવસન તો સવાલ નથી, પણ વ્યસન સિવાય એનો સિદ્ધાંત એવો છે કે કોઈપણ હાલતમાં મારું જે સ્વરૂપ છે એ તો અબંધ અને નિર્બંધ અને મુક્ત જ છે. એવી શ્રદ્ધા જેનું મૂળ છે. ત્યાંથી તો જઘન્ય વીતરાગતા ઉત્પન્ન થઈ છે, એ મૂળમાંથી. તો કેટલું બધું એનું જોર હશે ! પછી એને બંધન કેમ હોય ? પણ બીડી અને તમાકુ અને દારૂનું વ્યસન ન હોય. પણ ચાનું તો વ્યસન હોય કે ન હોય ? લ્યો ઠીક ! એ પણ પ્રશ્ન નથી. Mild toxication છે. ઓલા મોટા તીવ્ર ટોક્સીક પદાર્થો છે. આમાં પણ Nicotin તો આવે જ છે ને ? ચામાં પણ. માઈલ્ડ Nicotin આવે છે. તમાકુમાં ઉગ્ર Nicotinનું પ્રમાણ છે. એ તો પ્રમાણ ઓછુ-વત્તું છે. છે તો એ બધા વિષમવાળા જ પદાર્થો છે.

મુમુક્ષુ :- આખું પરિણમન પલટાય જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આખું પરિણમન. દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમી જાય છે એમ કહે છે.

'રાજમલજી' 'સમયસાર કળશટીકા'માં (કહે છે) કે સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે. એમ કહી દે છે. પરિણામની આંશિક શુદ્ધતા થઈ છે એવી નબળી વાત નથી કરતા. ચોખ્ખી વાત કરીએ તો પરિણામમાં મોક્ષમાર્ગની જઘન્ય અંશે શુદ્ધતા પ્રગટ થઈ છે. ચોથા

ગુણસ્થાને. મુનિદશામાં મધ્યમ કક્ષાની છે અને પૂર્ણતા વીતરાગ અરિહંતદશામાં છે. તો એ તો કહે છે કે એનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે. પરિણામઅંશની ક્યાં વાત કરો છો ? દ્રવ્ય જ એનું શુદ્ધત્વરૂપ પરિણમી ગયું છે. કેમકે એને દૃષ્ટિનો અને જ્ઞાનનો વિષય આખું દ્રવ્ય છે કે આ હું છું... આ હું છું... આ હું છું... એમ પરિણમે છે. એવી વાત લ્યે છે.

એવી રીતે ચોથા ગુણસ્થાનમાં એવી રીતે જે સમ્યગ્દૃષ્ટિ થવાના છે એવા મુમુક્ષુઓમાં પણ પરિણામની મર્યાદા હોય છે. આ વ્યવહાર-નિશ્ચયની સંધી લેવી છે હવે. વ્યવહારરત્નત્રય સાધક છે અને નિશ્ચયરત્નત્રય સાધ્ય છે. તો મોક્ષમાર્ગીને તો એ લાગુ પડે છે પણ મોક્ષમાર્ગમાં આવવા તૈયાર થયો છે એવા જીવને પણ પરિણામની કેટલીક મર્યાદા છે. દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષ ત્યાંથી માંડીને બીજા પણ એના બાહ્ય પરિણામોની અંદર કેટલીક મર્યાદા હોય છે. નહિતર મુમુક્ષુતા રહેતી નથી. વ્યવહાર મુમુક્ષુતા રહેતી નથી. નિશ્ચય મુમુક્ષુતા તો અંતર જાગૃતિનો વિષય છે. એ તો જીવ અંતર જાગૃતિમાં આવે ત્યારે થાય.

એ રીતે અહીંયાં કહેવું છે કે વ્યવહારરત્નત્રય સાધક છે ત્યાં નિશ્ચયરત્નત્રય સાધ્ય છે. અથવા નિશ્ચયરત્નત્રય સાધ્ય થવા પહેલા જીવ વ્યવહારરત્નત્રયમાં આવી જાય છે. આવી જાય છે. કેમકે એ વ્યવહારરત્નત્રય તો કષાયની મંદતાના પરિણામ છે. અને નિશ્ચય રત્નત્રય કષાયના અભાવના પરિણામ છે. તો કષાયની મંદતામાં આવે નહિ ને કષાયના અભાવમાં આવી જાય એ કોના ઘરની વાત છે ? કેવી રીતે બને ? કે મંદ થયા પહેલા તો એ કષાયના અભાવમાં આવી ગયો. એવું બનતું નથી. પહેલા કષાયની મંદતામાં આવે છે, ત્યાં એને રોકાવું નથી. ત્યાં રોકાવું નથી, એમને એ કષાયની મંદતાનો આગ્રહ પણ નથી અને એ કષાયના અભાવમાં આવે છે. એમ છે. એટલું કહેવું છે ત્યાં.

મુમુક્ષુ :- બોલ તો ચોખ્ખો છે, વ્યવહારથી નિશ્ચય થાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ વ્યવહારથી નિશ્ચય થાય એવું ઊંધું પકડ્યું છે. આમ કહેવું છે એની અંદર કે પહેલા જીવ આમાં આવે છે. વ્યવહારરત્નત્રયમાં આવે અને નિશ્ચય વીતરાગતાનો પુરુષાર્થ ન થાય તો

વ્યવહારરત્નત્રયના આભાસમાં વયો જાય. આભાસમાં ચાલ્યો જાય. પણ જે નિશ્ચયરત્નત્રયમાં આવે તે વ્યવહારરત્નત્રયમાં પહેલા આવી જાય છે એમ કહેવું છે. એને કષાયની મંદતા એટલી સેહેજે થાય છે. એટલી તો મુનિદશામાં પહેલા દીક્ષાની વિધિ લીધી છે. દીક્ષાની વિધિ લીધી છે પહેલા. એમાં જ એ કષાયની મંદતામાં આવી જાય છે.

હું જિનદીક્ષા, ભગવતી દીક્ષા અંગીકાર કરવા માંગુ છું. એ જે એનો વિકલ્પ છે એમાં પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, નિરતિચાર પાળવાનો દઢ નિશ્ચય વર્તે છે. વિકલ્પથી એને દઢ નિશ્ચય વર્તે છે. એટલે બધી પ્રતીજ્ઞા લે છે ને ? વિધિમાં બધી પ્રતિજ્ઞા લે છે. ત્યાં સુધીની પ્રતિજ્ઞા લે છે કે હવેથી હું શુદ્ધોપયોગમાં જ રહીશ. ત્યાં સુધીની પ્રતિજ્ઞા લે છે. અને સીધા ધ્યાનમાં બેસે એટલે શુદ્ધોપયોગમાં આવે. ન આવે તો દ્રવ્યલિંગી રહી જાય. ભાવલિંગી નથી. તો ત્યાં નિશ્ચયરત્નત્રય સાધક છે અને વ્યવહારરત્નત્રય સાધ્ય છે એમ ન રહ્યું. ઠીક !

સામાન્ય રીતે આત્મજ્ઞાન છે એનું નિમિત્ત શાસ્ત્ર છે અથવા તત્ત્વજ્ઞાન છે. જો વ્યવહારથી નિશ્ચય થાય એમ લ્યો તો જેટલા જેટલાને તત્ત્વજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાન દેખાય એ બધાને નિશ્ચય સમ્યગ્દર્શન થવું જ જોઈએ, આત્મજ્ઞાન થવું જ જોઈએ. એવું પ્રગટપણે જોવામાં નથી આવતું. તો વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય એમ નથી ત્યાં કહેવું. પણ જેને પોતાનું આત્મજ્ઞાન સાધ્ય છે એને શાસ્ત્ર વાંચતા પણ એની મતિ એવી સુલટેલી છે કે એને વિપર્યાસ સધાતો નથી. એને દ્રવ્ય-ગુણ-પર્યાયનો સમ્યક્ અનુભવ (વર્તે છે). કેમકે અનુભવ જ્ઞાન છે. એમ લેવું છે.

મુમુક્ષુ :- વ્યવહારાભાસ થવાનું કારણ ત્યાં પકડાય જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આભાસ થવાનું કારણ એ છે. આભાસનો અર્થ જ એ છે કે સાચું નથી છતાં સાચું માનવું તેનું નામ આભાસ. આભાસ એટલે ભ્રમ. સાચું નથી છતાં સાચું માનવું. મૂળ શબ્દ તો ભાસ છે. ભાસવું એટલે પ્રકાશવું, પ્રકાશવું એટલે જાણવું. એમાં પ્રતિભાસ, અવભાસ, આભાસ એ બધા એની આગળ વ્યાકરણની અંદર વ્યુત્સર્ગ લાગે છે આગળના. એમાં અવભાસ અને પ્રતિભાસમાં એમ કહે છે કે જેવું છે એવું જાણે એનું નામ પ્રતિભાસ. સામે છે એવું જ આમાં

બરાબર ભાસે એનું નામ પ્રતિભાસ. જેમ દર્પણમાં સામે પ્રતિબિંબ પડે છે. બિંબ એવું જ અહીંયાં પ્રતિબિંબ. એમ ભાસ એવો જ પ્રતિભાસ. સામે છે એવો જ ભાસ. પ્રતિભાસ. પ્રતિબિંબ, પ્રતિભાસ. અવ એટલે ચોક્કસ. અવભાસન-ચોક્કસ ભાસન. જેવું સ્વરૂપ છે એવું જ ચોક્કસ ભાસન. આભાસ એટલે ખોટું. જાણ્યું પણ એમાં ફેરફારવાળું જાણ્યું. ફેરફારની કલ્પના થઈ. બીજી કલ્પના અન્યથા જાણ્યું એનું નામ આભાસ. એ આભાસ એટલે ખોટું થઈ ગયું ત્યાં. કેમકે એને સંતોષ થયો. પોતે પૂર્ણ સ્વરૂપ હોવા છતાં એને રાગમાં કાં સંતોષ થયો ? પોતે પૂર્ણ વીતરાગસ્વરૂપ છે. સ્વરૂપે કરીને પોતે પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ હોવા છતાં એને કોઈપણ રાગના પ્રકારમાં એને કેમ સંતોષ થયો ? તેનું સ્વરૂપ જ નથી. રાગ તો એનું સ્વરૂપ જ નથી. તો વ્યવહારરત્નત્રય તો રાગરૂપ પરિણામ છે. એમાં એને સંતોષ કેમ થયો ? એને સંતોષ એટલા માટે થયો કે એણે વીતરાગ સ્વરૂપ જોયું નથી માટે. વીતરાગ સ્વરૂપ એણે દેખ્યું નથી. વીતરાગ સ્વરૂપ એ પોતાનું સ્વરૂપ છે એવું શ્રદ્ધ્યું નથી. એટલે એને આભાસ થઈ ગયો કે આ બરાબર છે. હવે મારું બરાબર થઈ ગયું. હવે અમારું બરાબર છે. અહીં સુધી તો હું આવી ગયો. હવે મારું બરાબર છે. કોઈ તબક્કે એને થવું જોઈએ નહિ.

મુમુક્ષુ :- સત્પુરુષ સમીપ હોય તો આ ભૂલ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- ન થાય. સત્પુરુષ સમીપ હોય એ તો બહુ મોટી વાત છે, જબરજસ્ત વાત છે. સત્પુરુષ ઉપર એટલા બધા ઉપચાર અને આરોપ મહિમાથી કર્યા છે કે લોકો સહન ન કરી શકે. આપ ન હોત તો અમે તો રખડી જ મર્યા હોત, એમ કહે. તમે તો અમારા તરણતારણહાર છો. તમે ન હોત તો અમે રખડી પડ્યા હોત. નક્કી વાત છે અમે અનંત કાળ રખડ્યા છીએ. તમે ન હોત તો હજી અનંત કાળ રખડત.

મુમુક્ષુ :- અંતરથી લાગવું જોઈએ ને ?

પૂજ્ય ભાઈશ્રી :- અંતરથી લાગે એની તો વાત છે આ. અંતરથી લાગે એની જ વાત છે. ઉપર ઉપરથી ડોળ કરે એની ક્યાં વાત છે ? એ તો બધો ડોળ આડંબર કહેવાય. અહીંયાં ક્યાં વ્યવહાર કરવો છે ? કે વેવાઈ આવ્યા છે એને સારું લગાડો. એવું ક્યાં છે ? આ તો આત્માનું

હિત કરવાનો માર્ગ છે ને ? કેવો માર્ગ છે ? કે એકાંત આત્માનું હિત કરવાનો માર્ગ છે.

મુમુક્ષુ :- મોક્ષશાસ્ત્રની પ્રસ્તાવનામાં આવો બોલ છે. મોક્ષશાસ્ત્ર છે ને મોટું શાસ્ત્ર ? શ્વેતાંબર આચાર્યોએ દિગંબરોની ભૂલ કાઢી છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રસ્તાવનામાં ? એ તો વ્યવહાર-નિશ્ચયનો વિષય લીધો છે ને ? અત્યારે તો દિગંબરો પણ.. દિગંબરોનું ક્યાં ઠેકાણું છે. વર્તમાન દિગંબર સંપ્રદાય દષ્ટિવાળાને તો 'ગુરુદેવ' પ્રત્યે બહુ હાઈલી પ્રેજ્યુડાઈસ થયો છે. 'કાનજીસ્વામી'નું નામ પડે તો એ લોકોને કષાય તીવ્ર થઈ જાય. એ તો આખો પ્રકાર જ જુદો છે. પ્રસ્તાવનામાં છે ? શાસ્ત્રના કર્તા અને તેની ટીકાઓ, શાસ્ત્રના નામની સાર્થકતા, શાસ્ત્રના વિષયો, શાસ્ત્રના કથનોનો પ્રકાર, આ શાસ્ત્રની ગુજરાતી ટીકાના આધારભૂત શાસ્ત્રો. કેટલાના આધાર લીધા છે. 'સર્વાર્થસિદ્ધિ', 'તત્ત્વાર્થ રાજવાર્તિક', 'શ્લોકવાર્થિક', 'અર્થપ્રકાશિકા'. આ ચાર તો એની જ ટીકા છે. પછી 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય', 'નિયમસાર', 'ધવલા શાસ્ત્ર' અને 'મોક્ષમાર્ગ પ્રકાશક'.

'જ્યાં સમ્યગ્દષ્ટિને વિરતિવ્યવહાર પરિણતિ થવી સાધક છે ત્યાં ચારિત્રશક્તિ મુખ્ય થવી સાધ્ય છે.' હવે જે જીવ સમ્યગ્દષ્ટિ થયો એને સમ્યગ્દષ્ટિને યોગ્ય વ્યવહાર છે પણ અવિરતિનો દેખાવ છે એવો વ્યવહાર છે. એવો સમ્યગ્દષ્ટિ જીવ જો વ્યવહાર પરિણતિમાં વિરતિમાં આવે તો એ ચારિત્રમાં આગળ વધે. સમ્યગ્દષ્ટિ જીવ કે જેને સ્વરૂપશક્તિ પ્રગટ થઈ છે. એ સ્વરૂપશક્તિ પ્રગટ થયા પછી બાહ્ય વિરતિમાં આવે તો એને અંતર ચારિત્ર પણ પ્રગટ થાય. બાહ્ય ચારિત્ર તો એને લોકો કહે જ છે પણ અંતર ચારિત્રમાં આવવાનું પણ એ નિમિત્ત થાય છે. સહેજ એની દશા વિરતિને યોગ્ય ન થાય એવા રાગવાળા પરિણામ રહે તો એનું અંતર ચારિત્ર એટલે સ્વરૂપસ્થિરતાનો વિકાસ નથી થતો. પણ જો એ બાહ્ય વિરતિમાં આવે તો અંતર ચારિત્રનો વિકાસ થવાની શક્યતા ખરી. થાય જ એવો નિયમ નથી. કેમકે એ પુરુષાર્થ જુદો છે, આ પુરુષાર્થ જુદો છે.

બાહ્ય વિરતિનો પુરુષાર્થ અલ્પ છે. અજ્ઞાની મિથ્યાદષ્ટિ પણ એટલો પુરુષાથ કરી શકે. સ્વરૂપસ્થિરતાનો અંતર પુરુષાર્થ છે એ કોઈ

અંદરની સ્થિરતા ટકાવી રાખવી, વૃદ્ધિગત થવી એમાં તો બહુ સ્વરૂપ ઉપર ઘણી ભીંસ આવે છે, અત્યંત ભીંસ આવે છે ત્યારે સ્વરૂપસ્થિરતા વધે છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ વિરતિ વ્યવહાર એટલે અવ્રતી સમ્યગ્દૃષ્ટિ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અવ્રતી સમ્યગ્દૃષ્ટિ છે. એ જો વિરતિ વ્યવહારમાં આવે તો એને ચારિત્ર સાધ્ય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો એ અવિરતિપણું છોડીને વિરતિમાં આવે. આગળ વધે.

મુમુક્ષુ :- અવિરતી કહેવું અને ચારિત્ર પણ છે ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. અહીંયાં ચારિત્ર છે એમ નથી લેવું. એને ચારિત્ર શક્તિ મુખ્ય થવી, ચારિત્ર શક્તિ વધવી, વિકાસ થવો, મુખ્ય થવી એટલે વિકાસ થવો, એવું સાધ્ય થાય ખરું. ક્યારે ? અવિરતિ હોય અને એ વિરતિમાં આવવા માંડે તો. એને બાહ્ય પદાર્થોનો વિકલ્પ જ છૂટતો જાય અને અહીંયાં સ્વરૂપ સ્થિરતા વધતી જાય તો એને ચારિત્રશક્તિ મુખ્ય થઈ અથવા ચારિત્રશક્તિનો વિકાસ થયો એમ કહેવામાં આવે છે. એમ લેવું છે.

મુમુક્ષુ :- પાંચમે આવે એમ ?

પૂજ્ય ભાઈશ્રી :- પાંચમે આવે. એમ. ચોથામાંથી પાંચમા આવે. એટલી વાત છે અહીંયા. ચોથામાંથી પાંચમામાં આવવાની વાત છે.

કેમ શાસ્ત્ર અધ્યયનનું ચિત્ત રહે છે એની પાછળ થોડીક સમજણ છે. ભાઈએ કીધું ને કે વ્યવસન રહે છે. વ્યસન નહિ પણ એના ચિત્તમાં એવું રહ્યા કરે કે હું શાસ્ત્ર અધ્યયન કરું. બહારમાં બીજી પ્રવૃત્તિમાં ઉપયોગ જાય અને બીજી પ્રવૃત્તિ કરવાને બદલે શાસ્ત્ર અધ્યયન કરવાનું ચિત્ત કેમ રહે છે ? જેને વ્યસન એવું ઉપનામ દેવું હોય તો એક આરોપ કરી શકાય. પણ ચિત્તમાં એવી વાત રહે છે.

મુમુક્ષુ :- વ્યસનમાં તો દુઃખ લાગે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એના ચિત્તમાં એવું રહ્યા કરે એની પાછળ સમજણ શું છે ? કે જે શાસ્ત્ર વચનોનું અને જે સત્પુરુષોના વચનોનું અધ્યયન અવગાહન કરવામાં આવે છે, એના પ્રત્યે એને એવો

એક સમજણનો પ્રકાર છે કે અહો ! આ વચનો પોતાના શુદ્ધાત્મ સ્વરૂપ ઉપરની ભીંસમાંથી નીકળેલા વચનો છે. પુરુષાર્થયુક્ત પરિણતિ છે ને ? તો એ પોતાના સ્વરૂપની ભીંસમાં આવીને નીકળેલી વાતો છે. એના ઉપર જોર દઈને આપેલી આ વાતો છે. એ વચનો એને અંદરમાં પોતાની રુચિમાં સુહાતિ વાત છે. મેળ એ રીતે છે. એટલે એનું ચિત્ત ત્યાં રહ્યા કરે છે. જેમ જેને જે ગમે તેનું ચિત્ત ત્યાં રહ્યા કરે એના જેવી વાત છે.

મુમુક્ષુ :- સ્વરૂપની ભીંસની વાત કરી તો ક્યાંક તો એમ કહે કે સ્વરૂપ સહજ છે, સુગમ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભીંસ પણ સહજ જ આવે છે. ભીંસ પણ સહજ જ આવે છે. એવું સ્વરૂપ કોઈ અદ્ભુત અને આશ્ચર્યકારી છે. એવું રમણીય છે અને એવી ચૈતન્યની રિદ્ધિ-સિદ્ધિઓ અંદરમાં ભરી છે કે એના ઉપર ભીંસ બહુ આવે છે. સહેજે સહેજે ભીંસ આવતા એમાંથી આ વચનો નીકળી ગયા છે. એવા વચનોનું અવગાહન કરવું, એનું અધ્યયન કરવું, એનું પરિચર્યન કરવું, એવું ચિત્તમાં રહ્યા કરે. બીજા કાર્યો કરવાને બદલે આવું રહ્યા કરે. એ તો રહ્યા કરે. એ કાંઈ ખોટું નથી. જે ભૂમિકામાં જે આવે એ તો વિકલ્પની ભૂમિકામાં મુનિદશા પર્યંત આ વાત છે.

મુનિઓ પણ પૂર્વાચાર્યોના શાસ્ત્રોની ટીકા કરે છે. 'અમૃતચંદ્રાચાર્ય' જેવા સમર્થ આચાર્ય (કહે છે), આ 'સમયસાર'ની ટીકા કરતા મારી પરિણતિ વિશુદ્ધ થાવ. અનાદિથી કલ્માશિત એવી મારી પરિણતિ વિશુદ્ધ થાવ. પાછું એમ. એટલો સ્વીકાર છે. પોતાના પરિણામનો કેટલો સ્વીકાર છે ! અનાદિની કલ્માશિત થયેલી મારી પરિણતિ છે. વિશુદ્ધ થાવ. આ શાસ્ત્રની ટીકા કરતા કરતા વિશુદ્ધ થઈ જાવ.

**'જ્યાં દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ, વિનય, નમસ્કારાદિ ભાવ સાધક છે, ત્યાં વિષયકષાયાદિ ભાવોથી ઉદાસીનતારૂપ મનપરિણતિની સ્થિરતા-સાધ્ય છે.'** કેટલાક બોલ એમણે ઘણા સૂક્ષ્મ લીધા છે. સામાન્ય રીતે દેવ-શાસ્ત્ર-ગુરુનું સ્વરૂપ ઓળખીને તેમના પ્રત્યે વિનય, ભક્તિ, બહુમાન એવા પરિણામ જેને થાય છે અથવા

દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે જેને ઘણી અર્પણતા અને સમર્પણબુદ્ધિ થઈ જાય છે, તેને વિષયકષાયના ભાવોથી ઉદાસીન પરિણામ સહેજે સહેજે સ્થિરતા થાય એવી અવસ્થા થાય છે. આમ આ પ્રકારની કષાયની મંદતાને, કષાયની આ પ્રકારની તીવ્રતા નહિ થવામાં નિમિત્તનૈમિત્તિક સંબંધ છે, એમ કહેવું છે. આવું બને છે કે જે ઘણું સમર્પણ કરે છે, એકદમ સર્વાર્પણબુદ્ધિથી જે સમર્પણ આવે છે એને કદિ એવું નથી થતું કે હું બહારમાં એના માટે પૈસો રાખું કે મારે પણ ભોગ-ઉપભોગના સાધનોની અંદર અનુકૂળતા ને સગવડતાઓ ને મોજશોખ અને આ બધું મારું સચવાય રહે. અથવા એ બધું સચવાય રહે પછી વધારો વધે તો હું દેવ-ગુરુ-શાસ્ત્રમાં નાખું ને નહિતર મારી શક્તિ નથી. હું આપી શકું એમ નથી. ભાઈ ! મારી જરૂરિયાતો એટલી બધી છે કે એમાંથી વધે તો હું આપું ને ? કાંઈ દેવું કરીને થોડું આપું ? કેવા કેવા પરિણામ લીધા છે ! કે એને તો વિષયકષાયના ભાવોથી ઉદાસીનતાની મન પરિણતિ થઈ જાય છે. અને એની મનની પરિણતિમાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે અર્પણતા વધી જાય છે.

એ રીતે '**દેવશાસ્ત્રગુરુની ભક્તિ, વિનય, નમસ્કારાદિ ભાવ સાધક છે...**' અને યથાર્થપણે જ્યાં એવા ભાવ થયા '**ત્યાં વિષયકષાદિ ભાવોથી ઉદાસીનતારૂપ મનપરિણતિની સ્થિરતા-સાધ્ય છે.**' એને તો એ વૈભવવાળી વાત એને પોતાને એમ લાગે કે આ આપણને ઠીક ન લાગે. બહુ સારા કપડા પહેરે, સારા દાગીના પહેરે. તો એને એમ થાય કે આ આપણને સારું ન લાગે. આ તો બધું વેશ કાઢવા જેવું છે. રંગબેરંગી કપડા પહેરે છે. ઊંચા-કોસ્ટલી પહેરે છે માણસો. શોભા દેખાય એવા. એવી ડિઝાઈન, એવી સિલાઈ, એવું ફલાણું-ઢીકણું. તો એને એમ થાય કે આ આપણને ઠીક ન લાગે. એને એ જાતની ઉદાસીનતા આવે છે. અને સાદગી તો એનું ગૌરવ છે. વૈરાગ્ય તો એનું ગૌરવ છે.

મુમુક્ષુ :- પુણ્યના ઉદય આવે તેને કઈ રીતે રોકી શકે ?

પૂજ્ય ભાઈશ્રી :- પુણ્યનો ઉદય આવે એને તું ન રોકી શકે. પણ તારા પરિણામને ? અહીંયાં એ વાત છે. પુણ્યનો ઉદય તો પુણ્યના ઉદયમાં આવ્યો. પણ તારા પરિણામમાં પણ ઉદય આવી ગયો ? એનું શું છે અહીંયાં ? એમ કહેવું છે. એ તો જેને પોતાને પુણ્યના ફળ

ભોગવવાની વૃત્તિ છે, રુચિ છે એ બહાનું પકડે છે. શું કરીએ અમને તો ઉદય એવો આવ્યો છે. એમ નથી. એ ઉદયમાં પણ તને વૈરાગ પરિણામ ભજે છે ? તારા પરિણામમાં વિરક્તતા આવે છે ? કે તને રસ આવે છે ? તો તું આત્માના રસે નહિ ચડી શકે. જો તું પુદ્ગલના રસે ચડ્યો છો તો તું આત્માના રસમાં નહિ આવી શકે. સીધી વાત છે. રસ બે બાજુ નહિ જાય કાંઈ. આત્માનો રસ જેને લેવો છે એને તો પુદ્ગલના રસમાંથી વિરક્ત થયે છૂટકો છે. એના પ્રત્યે એને વૈરાગ્ય આવવો જ જોઈએ. એ વાત છે.

મુમુક્ષુ :- અશુભના ઉદયે જીવ ઉદયને પકડતો નથી પણ નિમિત્તને પકડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એને ટેવ જ એવી છે ને. કૂતરાને લાકડી મારે તો લાકડીને બટકુ ભરે. મારનાર કોણ છે એ જોતો નથી. એમ અશુભનો ઉદય આવ્યો પણ તારા કરેલા પરિણામનો ઉદય આવ્યો છે. એનું કારણ તો તું પોતે જ છો. તને હેરાન થવામાં કારણ કોણ ? તું છો. સામો જીવ હેરાન કરવાનો અભિપ્રાય રાખે છે એ હરગીજ નથી. એવું નથી ખરેખર. એનું કારણ તો તું જ છો. બીજાને વિચાર આવ્યો કે આને તકલીફ આપીએ કે આનું અપમાન કરીએ, આના ઉપર ક્રોધ કરીએ, આને નુકસાન કરીએ, આર્થિક નુકસાન કરીએ. ગમે તે પ્રકારે. એ ઉદય છે એ તારા ખાતાની એન્ટ્રી છે. એ રકમ તારા ખાતામાંથી આવી છે, બીજાના ખાતામાંથી આવી નથી. એમ છે ખરેખર તો.

મુમુક્ષુ :- સરકાર એવી છે ને મોંઘવારી કેટલી બધી વધી ગઈ, પોતાને કાંઈક પ્રતિકૂળતા આવે એટલે બધો દોષ બીજા ઉપર નાખી દે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એવું જ છે. ચાલે. લૌકિક તો એવો જ પ્રકાર હોય, લૌકિક પ્રકાર તો એવો જ હોય. આ તો લોકોત્તર વિચાર છે. મોક્ષમાર્ગની જે વિચારણા છે એ તો લોકોત્તર વિચારણા છે. લૌકિક વિચારણામાં એ તો બધું રાજકારણ અને સમાજ ને એ તો બધું એમ જ ચાલે છે. જે જીવ પોતે હવે આખા જગતથી છૂટો પડી જવા માગે છે. આ કેવો માર્ગ છે ? કે જગતને સાથે લેવાનો માર્ગ નથી પણ આખા જગતથી જે છૂટો પડી જવા માગે છે અને એકલો સિદ્ધાલયમાં જવા માગે છે. એકલો જ જાય ને ? કોઈને સાથે લઈને થોડું જવાય છે. એણે

તો એનો પોતાનો જ વિચાર કરવાનો છે કે આમાં મને ગુણ-દોષનો શું સવાલ છે ? બીજાને કારણે, સરકારને કારણે મને દોષ થયો ? સમાજને કારણે મને દોષ થયો ? બિલકુલ નહિ. તારો દોષ તારે લીધે છે, તારો દોષ તારા કારણે છે, બીજું કોઈ કારણ નથી.

**'જ્યાં એક શુભોપયોગરૂપ વ્યવહારપરિણતિ થવી સાધક છે ત્યાં પરંપરા મોક્ષ સાધ્ય છે.'** જ્યાં એક શુભઉપયોગરૂપ વ્યવહાર પરિણતિ થવી સાધક છે ત્યાં પરંપરા મોક્ષ સાધ્ય છે. ત્યાં શું છે કે સમ્યગ્દષ્ટિનો વ્યવહાર છે, જે શુભોપયોગરૂપ પરિણતિ છે એના નિમિત્તે નિશ્ચય પરિણતિ છે. એના નિમિત્તે મોક્ષ પરિણામ છે. એમ વાયા વાયા હોવાથી એને પરંપરા મોક્ષ થશે એમ કહેવામાં આવે છે. 'ગુરુદેવ' તો એવો જ અર્થ કરતા કે પરંપરા મોક્ષનો અર્થ એ છે કે એ વ્યવહાર પરિણતિનો અભાવ કરશે તેથી એને પરંપરા મોક્ષ કહ્યો. સીધી વાત નથી. એનું કારણ ને આ કાર્ય એમ નહિ. પરંપરા એટલા માટે લીધી કે એને એ છોડી દેવાનો છે. એનો અભાવ કરી દેશે. અને ખરેખર મોક્ષમાં જાય છે તે શુભોપયોગનો અભાવ કરે છે. પણ જેને પોતાની દૃષ્ટિથી વાંચવું છે એ તમે પકડ્યું એવી રીતે પકડે કે જુઓ ! આ અમને શુભભાવ કરવા... શુભભાવ કરવા બેસે છે એ શાસ્ત્રમાં અમારી વાત પણ આવે છે. આ અમારું આવ્યું. પક્કડ તો શુભઉપયોગની, શુભરાગની અનાદિની રહી છે. હવે એ પક્કડ છોડવાનો પુરુષાર્થ કરવાનો છે. એના બદલે પક્કડ થાય એવી જ વાતો ઉપર દૃઢતા કરે, એવી જ વાતોમાં વધારે ભીંસ આપે, જોર આપે એના ઉપર, તો એનાથી છૂટવાનો તો એને પ્રસંગ જ આવે નહિ.

**'જ્યાં અંતરાત્મારૂપ જીવદ્રવ્ય સાધક છે ત્યાં પરમાત્મારૂપ અભેદ જીવદ્રવ્ય પોતે જ સાધ્ય છે.'** જ્યાં અંતરાત્મારૂપ જીવદ્રવ્ય સાધક છે. ખરેખર તો અંતરાત્મા પરિણામ છે. અંતર્મુખ થયેલું જીવનું પરિણામ તેને અંતરાત્મા, તે જીવને અંતરાત્મા કહીએ. એવા પરિણામ વિશિષ્ટ જીવ. અંતર્મુખ થયેલા પરિણામ વિશિષ્ટ જીવને અંતરાત્મા કહીએ. એવો અંતરાત્મારૂપ જીવદ્રવ્ય સાધક છે અને ત્યાં પરમાત્મારૂપ અભેદ જીવદ્રવ્ય પોતે જ સાધ્ય છે. ત્યાં પછી જે અંતરાત્મા થાય તે પરમાત્મા થાય. 'પરમાત્મપ્રકાશ'માં તો આ વાત બહુ સ્પષ્ટ છે કે બહિરાત્મપણું

છોડીને... ત્રણ ભેદ લીધા. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. તો બહિરાત્મપણું છોડીને, અંતરાત્મા થઈને, પરમાત્મપણું સાધ્ય કરવા યોગ્ય છે. આમ સીધે સીધી લાઈન લઈ લીધી. એકનો અભાવ, બીજામાં આવવું, ત્યાંથી આગળ વધીને મોક્ષમાં પહોંચવું.

**'અંતરાત્મારૂપ જીવદ્રવ્ય સાધક છે...'** અને એ અંતરાત્મા થતા પરમાત્મપણું સધાય છે તો પરમાત્મારૂપ અભેદ જીવદ્રવ્ય. એમ. બીજો જીવદ્રવ્ય નહિ. પરમાત્મરૂપ અભેદ જીવદ્રવ્ય પોતે જ સાધ્ય છે. અથવા અંતરાત્મા થઈને એ કોનો આશ્રય કરે છે ? કે ત્રિકાળી પરમાત્મ સ્વરૂપનો આશ્રય કરે છે, ત્રિકાળી અભેદ સ્વરૂપનો આશ્રય કરે છે એમ લેવું છે. ત્યાં પરમાત્મારૂપ અભેદ જીવદ્રવ્ય પોતે જ સાધ્ય છે. અવસ્થા લઈએ તો પૂર્ણ દશા છે અને અભેદ જીવદ્રવ્ય કરીને પરમાત્મભાવ લઈએ તો ત્રિકાળી એ પરમાત્મસ્વરૂપ અભેદ છે. તે સાધ્ય છે એટલે એનો આશ્રય થાય છે. અંતરાત્મા થતા એનો આશ્રય થાય છે.

મુમુક્ષુ :- અભેદનો અર્થ ચિન્માત્ર એકાકાર ?

પૂજ્ય ભાઈશ્રી :- પરમાત્મારૂપ અભેદ. અભેદ એટલે પોતે આમ લેવું છે. અભેદ એટલે બીજો કોઈ નહિ. પરમાત્મારૂપ પોતે જ, જીવદ્રવ્ય પોતે જ પરમાત્મપણે સધાય છે. અર્થઘટન બે રીતે થાય. અંતરાત્મા થતા પૂર્ણ દશા સધાય છે અને એક અંતર્મુખ થતાં જે ત્રિકાળી પરમાત્મદ્રવ્ય છે એનું અવલંબન એનો આશ્રય થાય છે. આશ્રય થાય છે એને સધાય છે એમ કહો. અને એ પોતે જ છે એટલે અભેદ લીધું. અભેદ જીવદ્રવ્ય એટલે પોતે જ. જીવદ્રવ્ય છે ને એ ચિન્માત્ર છે. જીવદ્રવ્ય જ્યાં લીધું ચિન્માત્રપણું લીધું. ચિન્માત્રપણું. જીવદ્રવ્ય એટલે ચિન્માત્ર.

મુમુક્ષુ :- જીવદ્રવ્ય એટલે ચિન્માત્ર, અભેદ જીવદ્રવ્ય એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એ તો પોતે જ છે ને ? અભેદ જીવદ્રવ્ય પોતે જ શબ્દ જે લીધો છે ને ? અભેદની સાથે જે પોતે. એટલે એ એમ લેવું છે કે ભેદવિકલ્પ પણ નહિ. પોતે જ. એમ અભેદ એટલે પોતે જ. આમાં શું છે કે હું કેવો છું ? કે હું અભેદ અનુભવસ્વરૂપ છું. એમ કહેવાય છે. કેવો ? કે હું અનુભવસ્વરૂપ છું એમ નહિ, હું અભેદ અનુભવસ્વરૂપ છું. એમ કહેવાય છે. મારો જે મને અનુભવ છે એમાં હું

જ અનુભવસ્વરૂપે છું. મને પોતાને જ મારો અનુભવ થાય છે એટલે હું પોતે જ અભેદ અનુભવસ્વરૂપ છું. એવા ભાવની અંદર અહીંયાં અભેદ અને પોતે એ બે શબ્દનો પ્રયોગ છે.

મુમુક્ષુ :- અભેદ જીવદ્રવ્ય એટલે ધ્રુવ ?

પૂજ્ય ભાઈશ્રી :- અભેદ એટલે ધ્રુવ. એમ લઈ શકાય. અભેદ એટલે ધ્રુવ. પણ અભેદ એટલે મારામાં ને મારામાં એમ મારો ભેદ-આ હું એમ નહિ. એવું નહિ. એટલા ભેદને ત્યાં નિરસ્ત કરવો છે.

મુમુક્ષુ :- અભેદ એટલે અસ્તિત્વ ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. અભેદ એટલે અભેદ. પછી અસ્તિત્વ ને એમાં બધું આવી જાય. અભેદની અંદર કાંઈ બાકી ન રહે. અસ્તિત્વ વિનાનું અભેદ કાંઈ છે ? પણ અસ્તિત્વનો ભેદ જુદો નહિ. આ અને હું એવો ભેદ પણ નહિ. અભેદ અનુભવસ્વરૂપ છું. પોતે જ અભેદ અનુભવસ્વરૂપ છું. એવું સાધ્ય છે. અંતરાત્મા થતાં એવું જ પરમાત્મપણું સાધ્ય છે. સાધ્ય-સાધકના બોલ શરૂ થયા છે ને ?

**'જ્યાં જ્ઞાનાદિગુણ મોક્ષમાર્ગરૂપે સાધક છે ત્યાં અભેદ જ્ઞાનાદિગુણ પોતે જ મોક્ષરૂપે સાધ્ય છે.'** એ જરા સૂક્ષ્મ બોલ લીધો છે.

મુમુક્ષુ :- અભેદ આવે છે બધે. ચાર-પાંચ વખત આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો પછી અભેદ ઉપર જરા વજન ગયું છે. કેમકે અહીંયાં સાધ્ય-સાધકના ભેદો ચાલે છે. પોતાના ને પોતાના પરિણામમાં આ સાધક છે અને એનું આ સાધ્ય ફળ છે. આ સાધક છે અને આ એનું ફળ છે. એવા ભેદમાં પણ નથી રાખવો. એમને ભેદપ્રધાન વાત સમજાવવી નથી. પોતાને કહેવું છે એ તો અભેદપ્રધાન દ્રવ્ય કહેવું છે. ભેદપ્રધાનનો વિષય નથી સમજાવવો. એ તો દરેક જ્ઞાનીના વચનોનો મર્મ જ આ છે કે સમજાવવા ટાણે અનેક ભેદોથી વાત કહેવી પડે છે, પણ તે ભેદોને કહેવા માટે નહિ. ભેદોથી વાત કહેવી પડે છતાં ભેદોને કહેવા માટે નહિ એટલે શું ? કે અભેદને કહેવા માટે ભેદો પાડવા પડે છે.

અભેદને સીધું કહેતા કથન એટલું સ્પષ્ટ થતું નથી કે બીજાને બરાબર સમજાય. તો એને ભેદ પાડવો પડે છે. તો કોઈ કોઈકવાર તો આચાર્યો એમ કહે છે કે અરે..રે..! અમને ખેદ છે કે આટલો પણ

અમારે આની અંદર ભેદ પાડવો પડે છે. ખેદ થાય છે. કેમકે પોતે અભેદને સાધે છે અને અભેદને સાધે છે એ અભેદને કહેવાનો જ એમનો આશય છે. કહેવા ધારેલો વિષય તો અભેદ છે અને કહેવું પડે છે ભેદથી તો એનો ખેદ પણ કરે છે. એમ મુખ્યપણે અભેદને કહેવા માગે છે. એમનું વજન પણ અભેદ ઉપર છે. છતાં ભેદથી સમજાવવાની પદ્ધતિ છે. બીજો કોઈ ઉપાય નથી.

એનો ખુલાસો 'કુંદકુંદાચાર્યે' તો 'સમયસાર'ની આઠમી-નવમી ગાથાના પ્રારંભમાં જ કર્યો. છ ગાથાએ પીઠિકા બાંધી. છ-સાત ગાથા સુધી. પછી આઠમી ગાથાથી પહેલો ખુલાસો આ કર્યો. સ્પષ્ટીકરણની શરૂઆત જ અહીંથી કરી પોતે. જ્યાં વિસ્તાર કર્યો એટલે સ્પષ્ટીકરણ.. વિસ્તારમાં તો સ્પષ્ટીકરણ આવવાનું છે તો સ્પષ્ટીકરણનું કારણ પહેલા સ્પષ્ટ કરી નાખ્યું.

આ પીઠિકા બાંધી એનો વિસ્તાર બીજી ચારસો ગાથામાં કરશું. તો એટલો બધો વિસ્તાર કરશું એમાં ઘણા ભેદ પડશે. ઘણા ભેદથી વાત કહેવાશે. એવું શું કરવા ? અભેદને કહેવા માટે એવું શું કરવા ? કેમકે સાતમી ગાથામાં એમણે ગુણભેદનો નિષેધ કર્યો. પર્યાયભેદનો નહિ. આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. આત્મા તો ચિત્સ્વરૂપ છે. આત્મા ચિત્સ્વરૂપ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માને નથી એમ કહ દીધું. વળી પાછું ૪૧૫ ગાથામાં તો એવી દર્શન-જ્ઞાન-ચારિત્રની અનેક વાતો આવશે. તો કહે છે, મલેચ્છને મલેચ્છની ભાષામાં સમજાવ્યા વિના બીજો કોઈ ઉપાય નથી. અનાદિથી જીવની ભેદવાસિત બુદ્ધિ છે અને એ એ રીતે જ સમજે છે, બીજી રીતે એને સમજવાની કોઈ સ્થિતિ નથી. ત્યારે એની ભાષામાં, ભેદપ્રધાન ભાષામાં એને સમજાવીએ છીએ. બીજો કોઈ ઉપાય આમાં નથી. એ સ્પષ્ટીકરણ ઉપરનું સ્પષ્ટીકરણ આપ્યું છે. વિસ્તારરૂપ સ્પષ્ટીકરણ અમે કરશું એનો ખુલાસો આ છે. શા માટે આટલો વિસ્તાર કરશું એનો આ ખુલાસો છે.

સંકલના પદ્ધતિ પણ કેટલી વ્યવસ્થિત આવી છે. ૪૧૫ ગાથાનું સંકલન કર્યું પોતે. 'કુંદકુંદાચાર્યદેવ'ને જંગલમાં બેઠા બેઠા અંદરમાં એક પ્રવાહ ચાલ્યો કે શાસનના જીવો માટે દૃષ્ટિપ્રધાન ગ્રંથની-પરમાગમની રચના થાય. અંદરની પરિણતિમાંથી આ તો નીકળે છે. ઊંડેથી. અંદરથી

બહુ ઊંડા જ્ઞાનનો આ વિષય છે. 'ગુરુદેવ' કહેતા ને ? આ અંદરથી આવે છે, હવે આ અંદરથી આવે છે. ઓલા તો આચાર્ય. તો પીઠિકા બાંધી. જે વિષય પોતાને કહેવો છે એની પીઠિકા બાંધી એમાં એમણે સાતમી ગાથામાં જોરથી અભેદની પ્રધાનતા કરી નાખી કે આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી.

દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માને વિદ્યમાન નથી. વિદ્યમાન નથી એવું લીધું છે. કાંઈ આત્મા શૂન્ય છે ? નહિ. દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદથી શૂન્ય છે એમ કહેવું છે. અભેદ સ્વરૂપે છે. એટલું બધું અભેદ ઉપર વજન આપ્યું. અભેદમાં તો કાંઈ બીજો વિસ્તાર ચાલે નહિ. અને હવે ચારસો ગાથાનો વિસ્તાર કરવો છે. અંદરમાં ફ્લો ઊભો છે. ચારસો ગાથા સુધી એ ગાથાઓની રચના થશે. તો એ તો એકદમ વિસ્તાર થશે અને એની અંદર એ વિસ્તારમાં બધા ભેદો ઊભા થશે. પહેલું સ્પષ્ટીકરણ એમણે ભેદ ઉપર આપ્યું કે શા માટે આટલો વિસ્તાર ?

મુમુક્ષુ :- પાત્ર જીવો ગૂંચવાય ન જાય એટલે ચોખવટ કરી.

પૂજ્ય ભાઈશ્રી :- ચોખવટ કરી અને એમ કે આ ઉપાય બીજો શું છે ? મ્લેચ્છને મ્લેચ્છની ભાષામાં સમજાવ્યા સિવાય બીજો ઉપાય શું ? તમે પરદેશ જાવ તો એની ભાષામાં ન સમજો તો ? ઉપાય શું બીજો ? એને એની ભાષામાં જ સમજાવ્યે છૂટકો. બીજો શું રસ્તો છે ? એ બીજી ભાષા સમજતો જ નથી. રશિયામાં જાવ તો રશિયન ભાષા સિવાય જે માણસ બીજી ભાષા નથી સમજતો એની સાથે તમે એ ભાષા સિવાય કેવી રીતે વ્યવહાર કરો ?

મુમુક્ષુ :- પહેલેથી ચોખવટ કરવામાં આ પણ પ્રયોજન હશે ને કે બહુ વિસ્તારમાં પાછા ગૂંચવાય ન જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ગૂંચવાય નહિ અને એટલે તો અભેદ ઉપર આટલું બધું વજન દીધું. ભેદનો આટલા જોરથી નિષેધ કર્યા પછી પોતે ભેદનો વિસ્તાર કરે છે. વિસ્તાર કરતા ભેદ પડે છે. તો કોઈ એમ કહે ને કે એક કોરથી તમે આમ કહો છો ને પાછા તમે પોતે તો ચારસો ગાથા સુધી ભેદમાં ચાલ્યા ગયા એનુ શું ? પહેલી વાત આ છે કે મલેચ્છને મલેચ્છની ભાષામાં સમજાવ્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

કહે છે કે '**જ્યાં જ્ઞાનાદિગુણ મોક્ષમાર્ગરૂપે સાધક છે...**' જ્યાં

જ્ઞાન પદ્ધતિ, જ્ઞાનાદિ ગુણ એટલે જ્ઞાનાદિ ધર્મ. જ્ઞાન, દર્શન, ચારિત્ર. એમાં જ્ઞાનની મુખ્યતાથી વાત લઈ લીધી. કેમકે મુખ્ય જ્ઞાન છે એટલે. **'મોક્ષમાર્ગરૂપે સાધક છે ત્યાં અભેદ જ્ઞાનાદિગુણ પોતે જ મોક્ષરૂપે સાધ્ય છે.'** એટલે જે પદ્ધતિએ મોક્ષમાર્ગ સાધે છે તે જ પદ્ધતિએ મોક્ષમાર્ગ સધાય છે. તે જ પદ્ધતિએ મોક્ષનું પણ સાધ્યપણું થાય છે. બીજી કોઈ આમાં પદ્ધતિ બદલાતી નથી.

વસ્તુ વ્યવસ્થાની કોઈ સુંદરતા કહો તો આ જ છે કે જે પ્રકારથી આત્મા શરૂઆતમાં સધાય છે, મોક્ષમાર્ગ જઘન્ય ભાવે ઉત્પન્ન થાય છે. તે જ પદ્ધતિએ આગળ વધાય છે, તે જ પદ્ધતિએ પૂર્ણ થવાય છે. પદ્ધતિ બદલાતી નથી. તેની તે પદ્ધતિમાં ઉગ્રતા આવે છે. રસ વૃદ્ધિ થાય છે, એકાગ્રતાની વૃદ્ધિ થાય છે અને બધા ગુણો આપોઆપ ખીલતા જાય છે. એકાગ્રતા એ બધા ગુણોને ખીલવામાં નિમિત્ત પડે છે. પણ કોઈ પુરુષાર્થની પદ્ધતિ કે પ્રક્રિયા બદલાય જાય છે, કાર્યની પદ્ધતિ બદલાય છે એવું નથી. એમ અહીંયાં સૂચિત કરવું છે.

**'જ્યાં જ્ઞાનાદિગુણ મોક્ષમાર્ગરૂપે સાધક છે ત્યાં અભેદ જ્ઞાનાદિગુણ પોતે જ મોક્ષરૂપે સાધ્ય છે.'** એ જ પદ્ધતિએ મોક્ષ સધાય છે અને મોક્ષ સધાય છે એ તો જીવની અભેદ અવસ્થા છે. એને ને જીવને કાંઈ જુદા પાડતા નથી. જ્ઞાનાદિ ગુણ લીધું છે એ 'સમયસાર'ની પદ્ધતિ છે. ત્યાં પણ 'નિર્જરા અધિકાર'માં (૧૪૨ શ્લોકમાં) એમ લીધું કે કોઈ ક્રિયાથી તને મોક્ષ નહિ થાય. **'ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।'** જ્ઞાન નામ આત્મા, જ્ઞાનગુણ વિના કોઈ રીતે પ્રાપ્ત થવાની ક્ષમતા ધરાવતું નથી. **'क्लिष्यन्तां'** બીજી ક્રિયામાં ગમે તેટલો ક્લેશ કરીને મરી જાવ. મહાવ્રત શબ્દનો પણ ઉપયોગ કર્યો. ૧૪૨ કળશ છે. 'સમયસાર'નો.

'નિર્જરા અધિકાર' છે. **'क्लिष्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखै'** **'કોઈ જીવો તો અતિ દુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને મોક્ષથી પરાङ्मुખ એવા કર્મો વડે સ્વયમેવ (અર્થાત્ જિનાજ્ઞા વિના) ક્લેશ પામે તો પામો...'** **'क्लिष्यन्तां'** પામો તો પામો. દુઃખી થાવ તો થાવ. જિનાજ્ઞા છોડીને, જિનમાર્ગ છોડીને ગમે તેવા ક્લેશ કરો. દુર્ધર તપ

તપો, પંચાગ્નિ તપ તપો. ઘણા દુ:ખી થાવ. આ અનશન, ભૂખ્યા રહે, બાર બાર મહિનાના ઉપવાસ કરે, ઊંધે માથે લટકાય, એક પગે ઊભા રહે.

**'અને બીજા કોઈ જીવો...'** **'क्लिष्यन्तां परे'** **'परे'** એટલે બીજા કોઈ. **'महाव्रततपोभारेण भग्नाश्चिरम्'** **'(મોક્ષની સન્મુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં) મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી...'** તૂટી મરતા થયા થકા. **'ભગ્ન થયા થકા (તૂટી મરતા થકા) ક્લેશ પામે તો પામો;...'** બે લીધા : અન્યમતિ અને જિનમતિ. કેટલાક અન્યમતિઓ તો એવી ક્રિયા કરે છે કે જે ઘણી દુ:ખથી સાધ્ય છે, ઘણા દુ:ખને વેઠે એવી ક્રિયાઓ કરે. શિયાળામાં ઠંડા પાણીમાં ઊભા રહે. જ્યાં ઠંડું પાણી અડવું ન ગમે ત્યાં ઠંડા પાણીમાં જઈને તપશ્ચર્યા કરે. ઉનાળામાં ફરતી અગ્નિ સળગાવીને તપશ્ચર્યા કરે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ અજ્ઞાનતપસી હોય છે. અન્યમતિમાં એ તપશ્ચર્યાઓ બહુ હોય છે. કલાકો સુધી ઊંધા માથે રહે. એક પગ ઉપર વર્ષો-વર્ષો, દસ-દસ, વીસ-વીસ, પચ્ચીસ-પચ્ચીસ વર્ષ સુધી એક પગે રહે. અથવા ઊભા જ રહે. બેસે નહિ, સુવે નહિ. ઊંઘે પણ ઊભા ઊભા. એક પાટિયું રાખીને. આ બધું જોયેલું છે. થાંભલે કે જાળિયે પાટિયું બાંધે અને આમ ટેકો થઈ દ્યે માથાનો. અને ઊભા ઊભા ઊંઘી લ્યે. ન બેસે એટલે એમ કહેવાય કે આ તો બાર વર્ષ સુધી મહારાજ હજી ઊભા જ છે. બાર-બાર વર્ષ સુધી હજી એમાં કાંઈ ફેર નથી. એમનેમ ઊભા ઊભા તપશ્ચર્યા કરે છે. બેસે જ નહિ. અને પગ થઈ ગયા હોય થાંભલા જેવા. હાથીપગા થઈ ગયા હોય એવા પગ થયા હોય. એવી તપશ્ચર્યા.

કહે છે, અતિ દુષ્કર એવા કર્મો વડે સ્વયમેવ ક્લેશ પામો તો પામો. અને કોઈ જિનાજ્ઞામાં કહ્યા છે એવા મહાવ્રતથી પણ દુ:ખ પામો તો પામો. એમ કહે છે. **'(પરંતુ) જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે,...'** **'જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, નિરામય પદ છે...'** **'साक्षानमोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं'** જે સ્વયંથી સ્વસંવેદ્યમાન છે. જે **'સ્વયં સંવેદ્યમાન છે**

**(અર્થાત્ પોતાની મેળે પોતે વેદવામાં આવે છે)...**' આ વેદનનો વિષય બધાથી અઘરો છે. બીજું બધું સમજવું સહેલું છે. ન્યાય, તર્ક, યુક્તિ બીજું બધું એમાં સ્પષ્ટ થાય. વેદનનો વિષય વેદન વિના પકડાય એવો નથી.

મુમુક્ષુ :- વેદન પકડાય તો ..

પૂજ્ય ભાઈશ્રી :- પતી ગઈ વાત. છેડો આવી ગયો એનો. એને બાર અંગ ભાસી ગયા. બાર અંગ અને ચૌદ પૂર્વ એના જ્ઞાનમાં (આવ ગયા). આખો આત્મા એને (ભાસી જાય). વેદન તો આત્માને અડીને આવે છે. એમ ને એમ કાંઈ વેદન આવતું નથી. સ્પર્શીને આવે છે એ તો.

એટલે એવું '**સ્વયં સંવેદ્યમાન છે એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના કોઈપણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી.**' કહે છે કે સ્વસવંદ્યમાન એવું આ જ્ઞાન તો.. જે જ્ઞાન પોતે જ સ્વયં સ્વસંવેદ્યમાન છે, પોતે જ પોતાથી વેદાય છે એટલે પોતે જ પોતાના વેદનગોચર છે એવું આ જ્ઞાન. જ્ઞાનગુણ વિના એટલે જ્ઞાનની આ પ્રકારની પ્રક્રિયા વિના કોઈપણ રીતે પ્રાપ્ત થઈ શકતું નથી. એ જ્ઞાનગુણ શબ્દ 'દીપચંદજી'એ અહીંયાં વાપર્યો છે. અહીંયાં જે ૧૪૨ ગાથામાં '**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।**' એવું જે પદ છે એ વાત એમણે અહીંયાં લીધી છે. મૂળ તો પરમાગમમાંથી ઘણી વાતો લીધી છે.

જે જ્ઞાનાદિ મોક્ષમાર્ગરૂપે સાધક છે, જ્યાં જ્ઞાનાદિ ગુણ, જ્ઞાનાદિ ગુણ મોક્ષમાર્ગરૂપે સાધક છે, મોક્ષમાર્ગમાં નિર્જરા થાય છે ને ? ત્યાં અભેદ જ્ઞાનાદિ ગુણ પોતે જ મોક્ષરૂપે સાધ્ય છે. તે જ જ્ઞાનાદિ ગુણની પ્રક્રિયા છે, બીજી કોઈ પ્રક્રિયા નથી. એ જ જ્ઞાનાદિ ગુણની પ્રક્રિયા છે, એ જ પદ્ધતિ છે. જે સ્વસંવેદનની પદ્ધતિ છે એ સ્વસંવેદન જ ઉગ્ર થઈને કેવળજ્ઞાનપણે પરિણમી જાય છે. છદ્મસ્થ જીવને સ્વરૂપ લક્ષે જે જ્ઞાનમાં જ્ઞાનનું વેદન છે, એ જ્ઞાનવેદન જ ઉગ્ર થતું... થતું... થતું... થતું... છેલ્લે કેવળજ્ઞાનરૂપે ફાટી જાય છે. આખો લોકાલોક, અંદર અંતર્મુખ એમ ને એમ જ્ઞાનવેદનમાં પરિપૂર્ણપણે રહે અને લોકાલોક ઝળકી જાય. ઉપયોગ ફર્યા વિના.

મુમુક્ષુ :- દાખલા સાથે બરાબર મેળ બેસે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનાદિ ગુણ એમણે 'અમૃતચંદ્રાચાર્યે' ત્યાં વાપર્યો છે. જ્ઞાનગુણ... જ્ઞાનગુણ... જ્ઞાનગુણ... જ્ઞાનગુણ... એ પદ્ધતિ જ એવી છે એમની. 'કુંદકુંદાચાર્ય'નો એ મૂળ પદ્ધતિનો વિષય, ટીકાકાર આચાર્યે એક હજાર વર્ષ પછી પણ એ પદ્ધતિ ...

મુમુક્ષુ :- જાળવી રાખી.

પૂજ્ય ભાઈશ્રી :- જાળવી રાખી નહિ, 'ગુરુદેવ'ના શબ્દોમાં કહીએ તો એ 'કુંદકુંદાચાર્ય'ના પેટમાં ગરી ગયા. એવી વાત છે. એક હજાર વર્ષ પછી પણ એમણે જોયું કે આનું હાર્દ શું છે. કથનની શાસ્ત્રની કથનપદ્ધતિ શું છે ? કહેવાનો દૃષ્ટિકોણ એંગલ પકડી લીધો છે.

૨૦૬ ગાથા હમણાં થોડા વખત પહેલા, પંદર દિવસ પહેલા 'સોનગઢ' એક દિવસ વાંચ્યું હતું. પાંચ દિવસ હતું ને એમાં એક દિવસ વાંચ્યું હતું. 'સમયસાર'ની ૨૦૬ ગાથા લીધી હતી. એટલું જ આ સત્ય છે કે જેટલું આ જ્ઞાન છે. એટલું જ સત્ય આ કલ્યાણરૂપ છે કે જેટલું આ જ્ઞાન છે. અને એટલું જ સત્ય આ અનુભવનીય છે, અનુભવવા યોગ્ય છે કે જેટલું આ જ્ઞાન છે. જ્ઞાનગુણ ઉપર તો એમણે... એ ત્યાર પછીની જ ગાથા છે. ૧૪૨ કળશ પછીની જ આ ૨૦૬ નંબરની ગાથા છે. આ શું કહે છે? પછી એના ઉપરથી લીધું કે 'પૂજ્ય બહેનશ્રી' કહે છે એમાં આ પદ્ધતિ ક્યાં આવે છે ? કે એ એમ કહે છે કે જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કર. આત્માર્થીને આત્મા ધ્રુવ છે, અપરિણામી છે, શુદ્ધ છે, આવો છે... આવો છે... આવો છે... એ અનેક વિચારો આવે પણ તેમાં હું જ્ઞાયક છું તે પ્રકાર મુખ્ય છે. બે જગ્યાએ આ બોલ છે. એમાં આ સંકેત છે. જે આ જ્ઞાનાદિ ગુણની વાત લીધી છે એ સંકેત છે.

જેને જે પદ્ધતિએ કામ કરવું છે એના માટે તો આ એક જ પદ્ધતિ છે. શરૂઆત આનાથી થશે, વૃદ્ધિ આનાથી થશે, પૂર્ણતા પણ આનાથી થશે એમ અહીંયાં 'દીપચંદજી' સાબિત કરવા માગે છે. ત્યાં સુધીની વાત લીધી છે. (અહીં સુધી રાખીએ...)

**તા. ૧૫–૧૨–૧૯૮૫, પાના નં. ૪૦, પ્રવચન નં. ૮૧**

'અનુભવપ્રકાશ' પાનું-૪૦. પાંચમી લીટી છે. પેરેગ્રાફની પાંચમી લીટી. **'જ્યાં જ્ઞાનાદિ અલ્પનિશ્ચયપરિણતિથી સાધક છે ત્યાં અભેદ પોતે જ બહુનિશ્ચયપરિણતિરૂપ જ્ઞાનાદિ ગુણ સાધ્ય છે.'** જ્ઞાનગુણના બે બોલ લીધા છે. જ્ઞાનાદિ એટલે બીજા બધા ગુણો લઈ લેવા. જ્ઞાનથી વાત એટલા માટે લેવામાં આવે છે કે અનાદિથી જીવ રાગના આધારે રાગમાં લીન થઈને પરિણમે છે. રાગના એકત્વ પરિણામે, રાગમાં એકમેક થઈને રાગનો આશ્રય કરે છે, રાગનો આધાર લે છે. એ રાગનો આધાર છોડવા માટે અથવા રાગથી જુદા પડવા માટે જ્ઞાનનો આધાર લીધા વિના બીજો કોઈ ઉપાય નથી. તેથી એને જ્ઞાનગુણ કહેવામાં આવે છે, જ્ઞાનક્રિયા કહેવામાં આવે છે. જ્ઞાનનો ગુણ કહેવામાં આવે છે. ગુણ એટલે ફાયદો, લાભ. માણસ કહે છે ને કે આ દવાનો ગુણ શું છે ? આ પદાર્થનો ગુણ શું છે ? શાસ્ત્ર ભણવાનો ગુણ શું છે ? 'સમયસાર'ના 'બંધ અધિકાર'માં એ પ્રશ્ન ચાલ્યો છે કે શાસ્ત્ર અધ્યયનો ગુણ શું ? કે રાગથી ભિન્ન આત્માનું, રાગથી ભિન્ન જ્ઞાનમય આત્માનું જ્ઞાન થવું તે શાસ્ત્ર સ્વાધ્યાયનો ગુણ છે. ગુણ શબ્દ વાપર્યો છે.

અહીંયાં જ્ઞાનગુણ લીધો છે એટલા માટે કે જ્ઞાનનો આધાર લેવામાં આવે, જ્ઞાનનો લાભ લેવામાં આવે તો જીવ રાગથી છૂટો થઈ શકે. નહિતર જીવ રાગથી ભિન્ન પડતો નથી. આ પ્રકારે જ્ઞાનનો આધાર લીધા વિના જીવ કોઈપણ ક્રિયા કરે, કોઈપણ અન્ય ક્રિયા કરવા જાય તો એને રાગની જ ઉત્પત્તિ થાય. તો જે રાગથી ભિન્ન પડવું છે, તે જ રાગની ઉત્પાદક ક્રિયાને સાધે, તે રાગની ઉત્પાદક ક્રિયાનું આરાધન કરે તો એને રાગથી ભિન્નતા થતી નથી. અને જ્ઞાનગુણ વિના કદિ મોક્ષ થતો નથી. 'નિર્જરા અધિકાર'માં કાલે આધાર લીધો એ પ્રમાણે. **'ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।'** બીજી ભલે **'क्लिष्यन्ता'** ગમે તેટલી મહાવ્રતથી માંડીને અન્ય મતની તાપસક્રિયા લ્યો. જૈનમત

અનુસારી તાપસક્રિયા લ્યો. નિર્જરા નહિ થાય. ત્યાં નિર્જરા અધિકાર છે. '**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।**' જ્ઞાનગુણ વિના જ્ઞાનની પ્રાપ્તિ, મોક્ષની પ્રાપ્તિ, નિર્જરાની પ્રાપ્તિ કોઈ રીતે થઈ શકતી નથી.

અહીંયાં એ કહે છે કે અભેદ પોતે જ '**જ્યાં જ્ઞાનાદિ અલ્પનિશ્ચયપરિણતિ સાધક છે...**' એટલે જ્ઞાનાદિ ગુણની અલ્પ શુદ્ધક્રિયા. નિશ્ચયક્રિયા એટલે શુદ્ધક્રિયા, શુદ્ધ પરિણમન સધાય એવું.

મુમુક્ષુ :- અલ્પ ઉઘાડ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. ઉઘાડ નથી અહીંયાં. ઉઘાડ તો બહિર્લક્ષી જ્ઞાન વધે એને પણ ઉઘાડ કહેવાય, શાસ્ત્રના ભણતરને ઉઘાડ કહેવાય, દુનિયાદારીના ભણતરને પણ ઉઘાડ કહેવાય, દુનિયાના અનેક પ્રકારના કાર્યો સંબંધીના જ્ઞાન છે એને પણ જ્ઞાનનો ઉઘાડ કહેવાય. ઉઘાડ ક્ષયોપશમ છે એ સંસારીજીવને પરલક્ષી, બહિર્લક્ષી ક્ષયોપશમ છે.

અહીંયાં જ્ઞાનાદિ અલ્પનિશ્ચય પરિણતિ એટલે કે જ્ઞાનના આધારે થયેલી જ્ઞાનવેદનમય જે જઘન્ય અંશની પરિણતિ એ અલ્પ પરિણતિ છે, એ સાધક થાય છે અને ત્યાંથી એ આગળ વધીને ઉત્કૃષ્ટ ભાવ, ત્યાં અભેદ પોતે જ તે જ જ્ઞાનાદિ ગુણનો ઉત્કૃષ્ટ ભાવ સાધ્ય છે. ત્યાં તે જ્ઞાનાદિ સ્વસંવેદન, જ્ઞાનનું સ્વસંવેદન છે એનો ઉત્કૃષ્ટ સ્વસંવેદનનો ભાવ સાધ્ય થશે. એમ કહેવું છે કે રાગની સાધના થતા થતાં જ્ઞાનની સાધના નહિ થાય. રાગ વધીને જ્ઞાનરૂપે નહિ પરિણમે. એટલે જ્ઞાનની ક્રિયા, જ્ઞાનનું વેદન, જ્ઞાનનો આધાર એ જે જ્ઞાનગુણ જેને કહેવામાં આવ્યો, એ જ્ઞાનગુણ અલ્પપણે પ્રગટ થયો હશે, એવી જ્ઞાનપરિણતિ અલ્પપણે પ્રગટ થઈ હશે તો તે આગળ વધીને, તેમાંથી ને તેમાંથી આગળ વધતા વધતા, તે જ પ્રકારની સાધનામાં આગળ વધતા વધતા, જ્ઞાનને જ વેદતા વેદતા બીજી રીતે, જ્ઞાનમય આત્મામાં જ લીન રહેતા રહેતા જીવ વિશેષ ઉત્કૃષ્ટભાવને સાધશે, જે થશે એને, એમ કહેવું છે.

અથવા મોક્ષમાર્ગ સાધક છે અને મોક્ષ સાધ્ય છે. એમ થયું. મોક્ષમાર્ગ છે એ અલ્પ જ્ઞાનાદિ નિશ્ચય પરિણતિ છે અને મોક્ષ છે તે ઉત્કૃષ્ટ જ્ઞાનાદિ ગુણની પરિણતિ છે. તો એની સજાતિય ભાવની સાથે એને મેળ છે. મોક્ષને મેળ એના સજાતિયભાવ સાથે છે, વિજાતીયભાવ

સાથે એનો મેળ નથી. આમ સિદ્ધ કરવું છે. કેમ એમ કહે છે ? કે જગતમાં એ સિવાય પણ બીજા મોક્ષની સિદ્ધિ કરે છે કે આ રીતે શરીરની ક્રિયા થાય, મનની ક્રિયા થાય, વાણીની ક્રિયા થાય. ૐ... ૐ... ૐ... ૐ... બોલતા બોલતા બોલતા કાર્ય થઈ જાય. કોઈ કહે કે સમાધિમાં આ પ્રકારે આટલો ટાઈમ શરીર આમ રહે તો આમ થાય. આપણે કાઉસગ્ગ કહે છે. કોઈ એમ કહે કે મન કોઈ એક પદાર્થમાં, અરે..! પરમાત્મામાં લીન કરો, બીજા પરમાત્મામાં, તો મોક્ષ થઈ જાય. એવા અનેક પ્રકારના વિભિન્ન અભિપ્રાયો છે. જે બધામાં પ્રત્યક્ષપણે રાગની ઉત્પત્તિ જોવામાં આવે છે. ભલે એ બધા શુભરાગ છે તોપણ રાગની ઉત્પત્તિ જોવામાં આવે છે. એ રાગની ઉત્પાદક ક્રિયાથી જ્ઞાનાદિ ઉત્કૃષ્ટભાવ સાધ્ય નથી થતો. જ્ઞાનગુણ ઉત્કૃષ્ટપણે સાધ્ય નથી થતો એટલે કેવળજ્ઞાનની પ્રાપ્તિ, મોક્ષની પ્રાપ્તિ નથી થતી. એમ લેવું છે.

જ્ઞાન જ્ઞાનને સાધે છે, જ્ઞાન જ્ઞાનમાં લીન થાય છે તો એ જ્ઞાનક્રિયાથી, જ્ઞાનગુણથી ઉત્કૃષ્ટ જ્ઞાનપરિણતિ સધાય છે. જ્યાં જ્ઞાનાદિ અલ્પ નિશ્ચયપરિણતિ એટલે શરૂઆત લેવી. નિશ્ચય પરિણતિ એટલે શુદ્ધ પરિણતિ. નિશ્ચય પરિણતિનો અર્થ થાય છે શુદ્ધ પરિણતિ. જ્ઞાન આદિમાં ચારિત્ર લઈ લેવું, શ્રદ્ધાન લઈ લેવું, સુખ-આનંદની પર્યાય લઈ લેવી, પુરુષાર્થની પર્યાય લઈ લેવી. એ બધા ગુણ આદિમાં લઈ લેવા.

મુમુક્ષુ :- સમ્યક્ત્વ સન્મુખવાળો જીવ લઈ લેવો ?

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યક્ત્વ સન્મુખમાં હજી નિશ્ચય પરિણતિ નથી પ્રગટી. સમ્યગ્દર્શન થતા નિશ્ચય પરિણતિ પ્રગટી છે. જે જ્ઞાનાદિ ગુણ છે ત્યાં સ્વસંવેદન હજી પ્રગટ નથી થયું. સમ્યગ્દર્શન પહેલા સમ્યક્ત્વ સન્મુખ છે એમાં મિથ્યાશ્રદ્ધાન હજી ઊભું છે. જ્ઞાનમાં સ્વરૂપનો પ્રતિભાસ થવા છતાં સ્વસંવેદન પ્રગટ નથી થયું. અભેદ વેદન નથી આવ્યું. તો ત્યાં હજી જ્ઞાનગુણ પ્રગટ થયો છે, જ્ઞાનની પ્રાપ્તિ થઈ છે, અનુભવ થયો છે એમ તો કહેવાય નહિ.

**'જ્યાં સમ્યક્ત્વી જીવ સાધક છે ત્યાં તે જીવને સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્ર સાધ્ય છે.'** કોઈ એમ કહે છે કે સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાને થાય છે ત્યાં ભલે શ્રદ્ધાન શુદ્ધ થયું તોપણ હજી ચારિત્ર નથી સધાયું. તો કહે છે કે ચારિત્ર એને સધાય છે. જે સમ્યક્ત્વી સાધક છે

તેને સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણે સધાય છે. એને એક સમ્યગ્દર્શન જ સધાય છે એવું બનતું નથી. જોકે સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ લીધું છે. સમ્યક્ત્વની અન્ય ગુણપ્રધાન પરિભાષા એ છે કે સર્વ ગુણના અંશ શુદ્ધપણે પ્રગટ થવા લાગે ત્યારે સમ્યક્ત્વ જાણવું. માત્ર શ્રદ્ધાન જ શુદ્ધ થયું હોય, બાકીના કોઈ ગુણો પરિપૂર્ણ રીતે મલિન હોય એટલે કે ચારિત્રે સર્વાંશે ન હોય, ચારિત્ર પ્રગટ જ ન થયું હોય તો ત્યાં સમ્યગ્દર્શન થયું છે એ વાત પણ સાચી નથી.

મુમુક્ષુ :- આ તો ક્ષાયિક સમ્યક્ત્વની વાત કરી ને ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ.. નહિ.. નહિ. પ્રથમમાં પ્રથમ ઉપશમ થાય છે. અનાદિના કોઈપણ મિથ્યાદૃષ્ટિ જીવને ત્રણેકાળે કોઈપણ ક્ષેત્રે પહેલું ઉપશમ સમ્યગ્દર્શન થાય. એની વાત છે. સમ્યગ્દર્શન થાય એટલે ઉપશમ સમ્યગ્દર્શન થાય. તે ઉપશમ સમ્યગ્દર્શન નિર્મળ સમ્યગ્દર્શન છે. કેવું ? નિર્મળ સમ્યગ્દર્શન છે.

જેવા સિદ્ધ પરમાત્મા પોતાના પરિપૂર્ણ આત્મ સ્વરૂપને, પૂર્ણ શુદ્ધ સ્વરૂપને શ્રદ્ધાએ કરીને શ્રદ્ધે છે, બિલકુલ એવા જ પોતાના સિદ્ધપદને નિર્મળ ઉપશમ સમ્યગ્દર્શનમાં ચોથા ગુણસ્થાને ચાર ગતિમાં રહેલો કોઈપણ સાધકજીવ શ્રદ્ધે છે. એના વિષયમાં જરાય ફેર નથી. સમ્યગ્દર્શનના વિષયમાં બિલકુલ ફેર પડતો નથી. અને શ્રદ્ધાગુણ કદિ અધૂરો પરિણમતો નથી. શ્રદ્ધાગુણમાં અલ્પબહુત્વ પરિણમન એની અંદર નથી.

મુમુક્ષુ :- શ્રદ્ધા સાચી પ્રગટે તો ચારિત્ર આવી જ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- વિશેષ ચારિત્ર પછી આવે છે પણ તે કાળે ચારિત્ર આવતું જ નથી એવું નથી બનતું. જ્યારે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે ત્યારે એને સ્વસંવેદનજ્ઞાન તે જ સમયે પ્રગટ થાય છે અને સ્વરૂપાચરણ નામનું શુદ્ધોપયોગની સ્વરૂપમાં સ્થિરતારૂપ ચારિત્ર પણ ત્યારે એને પ્રગટ થાય છે. ટૂંકામાં કહીએ તો પ્રથમ ધ્યાન દશામાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ચારિત્રની મુખ્યતાથી સમ્યગ્દર્શનને કહીએ તો પ્રથમ શુદ્ધોપયોગ જે આત્મામાં સ્થિર ઉપયોગ થયો એવું જે સ્વરૂપચારણ થયું, એવું જે સ્વરૂપમાં લીનતારૂપ ધ્યાન થયું ત્યાં સમ્યગ્દર્શન પ્રગટ્યું. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની પરિણતિ એકસાથે પરિણમે

છે ત્યાં. વારાફરતી નથી. પહેલા સમયે શ્રદ્ધાન પરિણમે, બીજા સમયે જ્ઞાન પરિણમે અને ત્રીજા સમયે ચારિત્ર પરિણમે એમ પણ ત્યાં નથી.

'સોગાનીજી'એ સમ્યગ્દર્શનનો વિષય સ્પષ્ટ કર્યો છે. એ વિષય એમના એક પત્રમાં સ્પષ્ટ કર્યો છે. 'દ્રવ્યષ્ટિપ્રકાશ'.

મુમુક્ષુ :- ચારિત્રની વ્યાખ્યા શું ?

પૂજ્ય ભાઈશ્રી :- ચારિત્રની વ્યાખ્યા : સ્વરૂપસ્થિરતા તે ચારિત્ર છે. સ્થિરતા-અસ્થિરતારૂપ ચારિત્ર. અસ્થિરતા તે અચારિત્ર અને સ્થિરતા તે ચારિત્ર. પોતાના પરમાત્મપદમાં ઉપયોગની સ્થિરતા થાય તે ચારિત્ર અને અસ્થિરતા થાય તે અચારિત્ર. જ્યારે અસ્થિરતા થાય ત્યારે આત્મામાં જે ચારિત્ર નામનો ગુણ છે એના પરિણામમાં રાગની ઉત્પત્તિ થાય. આત્મામાં જેમ શ્રદ્ધાગુણ છે, જેમ આત્મામાં જ્ઞાનગુણ છે, એમ આત્મામાં ચારિત્રગુણ છે. એ ચારિત્રગુણ સદાય પરિણમે છે. પણ સંસારીજીવને એ ચારિત્રગુણ રાગરૂપે પરિણમતો હોવાથી તે બધો અચારિત્રભાવ કહેવાય છે. અચારિત્ર કહો, કુચારિત્ર કહો. બેય એક છે. અને તે ચારિત્રગુણ વીતરાગભાવે પરિણમે, રાગરહિત શુદ્ધ પરિણમે ત્યારે રાગરહિત વીતરાગભાવે પરિણમે ત્યારે એને ચારિત્ર ખરેખર કહેવામાં આવે છે. એવી વીતરાગતા પ્રથમ સમ્યગ્દર્શનના કાળમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી વીતરાગતાની શરૂઆત થઈ.

મુમુક્ષુ :- સંસારીપણામાં ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચારેય ગતિમાં કહ્યું ને ? ચાર ગતિમાં તો તિર્યંચ પણ આવ્યા, ચાર ગતિમાં નારકી આવ્યા, ચાર ગતિમાં દેવ આવ્યા. હવે દેવ, નારકી અને તિર્યંચમાં તો બાહ્ય ચારિત્ર છે ક્યાં ? દેખાય છે ? મનુષ્યમાં બાહ્ય ચારિત્રનો સવાલ ઊભો થાય છે. છતાં એને ત્યાં ચારિત્ર છે. બાહ્ય ચારિત્રને ચારિત્ર સમજવાવાળા તો શું કહે છે કે આણે દીક્ષા લીધી માટે ચારિત્ર લીધું. એ ચારિત્ર નથી. એ આત્માનું ચારિત્ર નથી. શુદ્ધ ચારિત્ર તો વીતરાગભાવ છે. એમ છે ખરેખર તો.

૨૨મો પત્ર છે. અખંડ જ્ઞાનઘન શરીર, કર્મ, ભાવકર્મ ઔર શુદ્ધપર્યાય સે ભી ઊંડા ચૈતન્યતત્ત્વ મૈં હૂં, યહી મેરા અસ્તિત્વ હૈ. શુદ્ધપર્યાય કા અસ્તિત્વ ભી ઇસમેં ગૌણ હૈ. ઐસી પ્રથમ યથાર્થ શ્રદ્ધા

જબ હી કહ જાતી હૈ...' સમ્યગ્દર્શન ક્યારે કહેવાય ? 'ઐસી પ્રથમ યથાર્થ શ્રદ્ધા...' પહેલીવહેલી ઉપશમ સમ્યગ્દર્શનની સાચી શ્રદ્ધા 'જબ હી કહી જાતી હૈ કિ ઐસી શ્રદ્ધા કે પ્રસાર કે સાથ હી લીનતા કા પ્રથમ આત્માનુભવ હોતા હૈ.' જ્યારે સ્વરૂપલીનતા, શુદ્ધોપયોગ, સ્વરૂપમાં સ્થિર ઉપયોગ થઈ જાય અને એ કાળે જે આત્માનો અનુભવ થાય ત્યારે એને પ્રથમ સમ્યગ્દર્શન કહેવામાં આવે.

કોઈ એમ કહે કે અમે તો જેવો શાસ્ત્રમાં ભગવાનઆત્મા કહે છે એવો જ અમારી શ્રદ્ધામાં અમે માનીએ છીએ. ભલે અમને આત્મસ્થિરતા અને લીનતા ન થઈ હોય, પણ અમારી શ્રદ્ધા સાચી છે. એને ના પાડે છે કે એ શ્રદ્ધા હજી થઈ નથી. તું ભલે એમ કહે કે હું એમ જ માનું છું અને હું બીજી રીતે માનતો જ નથી ને પણ. સોએ સો ટકાની વાત છે. ઉપરથી ઈન્દ્ર આવે તોપણ મારી માન્યતા ન ફેરવી શકે. એમ કહે. એને કહે છે કે ના, હજી શ્રદ્ધા નથી થઈ. શ્રદ્ધા તો પ્રથમ લીનતા પ્રગટે ત્યારે એને શ્રદ્ધા કહેવામાં આવે. ત્યાં સુધી એને શ્રદ્ધા કહેવાતી નથી.

મુમુક્ષુ :- અમે કુદેવ, કુશાસ્ત્રને તો માનતા નથી...

પૂજ્ય ભાઈશ્રી :- તમે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માનતા નથી. અને અમે સુદેવ, સુગુરુ અને સુશાસ્ત્રને જ માનીએ છીએ માટે અમારી શ્રદ્ધા સાચી. એમ ને ? એને કહે છે કે લીનતા થયા વિના તારું ક્યારે ફરી જશે ઠેકાણું રહેશે નહિ. ખીલે બંધાવું જોઈએ. ધ્રુવ ખીલો છે. આત્મા ધ્રુવ ખીલો છે. પરિણતિ ત્યાં બંધાય, પરિણામ ત્યાં બંધાય તો પછી ત્યાં ને ત્યાં જ ફરે. એ આઘું ન ફરી શકે પરિણામ, આઘું જઈ ન શકે. અને ધ્રુવ ખીલાને વળગ્યા વિના પરિણામ ક્યાં જઈને પડે એનું કાંઈ કોઈ ઠેકાણું નથી. એ શ્રદ્ધાની વ્યાખ્યા એમણે લીનતાની મુખ્યતાથી અહીંયાં કરી છે. ૨૨માં પત્રમાં છે.

**'જ્યાં સમ્યક્ત્વીજીવ સાધક છે ત્યાં તે જીવને સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્ર સાધ્ય છે.'** સમ્યગ્દષ્ટિ જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સધાય છે. બીજાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સધાતું નથી. અથવા સમ્યગ્દષ્ટિજીવ આગળ વધીને મુનિપણાના વીતરાગતારૂપ ચારિત્ર અને વિશેષ આત્મજ્ઞાન છે એ સમ્યગ્દષ્ટિ સાધશે. બીજો મિથ્યાદષ્ટિ સાધી

શકશે નહિ. મિથ્યાદૃષ્ટિ ભલે જિનોક્ત વ્યવહાર પાળે. બહારની અંદર બાહ્ય ચારિત્રમાં જિનોક્ત વ્યવહાર પાળે, જિનશાસ્ત્રમાં કહ્યો છે તેવો વ્યવહાર પાળે તોપણ મિથ્યાદૃષ્ટિ જીવ ચારિત્રને સાધતો નથી એટલે વીતરાગતાને સાધતો નથી. તે એક પ્રકારના રાગને જ ત્યાં સાધે છે. એ ચારિત્ર નથી. લોકો તો રાગને અને બહારની ક્રિયાને જ ચારિત્ર માની બેઠા છે. સંપ્રદાયની એ પરિસ્થિતિ છે આજની કે બાહ્ય ક્રિયા અને શુભરાગ (કર્યો એટલે) થઈ ગયું ચારિત્ર. કહે છે કે ત્રણ કાળમાં એ ચારિત્ર નથી.

મુમુક્ષુ :- એને ચારિત્ર માને તો મોટા ગુનેગાર થયા ને ?

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધાનો દોષ થયો. માન્યતાની જ ભૂલ થઈ. સીધો શ્રદ્ધાનો દોષ થયો એને. શ્રદ્ધા વિપરીત થઈ. અચારિત્રને ચારિત્ર માન્યું. ગૃહીત મિથ્યાત્વ થયું. કેવું ? ગૃહીત મિથ્યાત્વ સીધું થાય છે. બુદ્ધિપૂર્વક ઊંધું ગ્રહણ કર્યું તે.

મુમુક્ષુ :- આ બધાનો આરોવારો ખરો કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- સાચી સમજણ કરીને પરિણમન કરે. સાચી સમજણ કરે, સમજણના કાળમાં નિરાવરણ પરિપૂર્ણ પરમાત્મા સિદ્ધપદસ્વરૂપ આત્માને ઓળખે, ઓળખીને લીન થઈને અનુભવ કરે. આ એનો આરોવારો છે. છૂટકો થાય.

**'જ્યાં ગુણમોક્ષ સાધક છે ત્યાં દ્રવ્યમોક્ષ સાધ્ય છે.'** ગુણમોક્ષ ગુણ એટલે અહીંયાં ભાવ. જ્યાં ભાવમોક્ષ સાધક છે ત્યાં દ્રવ્યમોક્ષ સાધ્ય છે. જે જીવને ભાવમોક્ષ સધાય છે એટલે ભાવમાં મુક્તપણું થાય છે તેને દ્રવ્યે પણ મુક્તપણું થાય છે. અરિહંત પરમાત્માને ભાવમુક્તિ છે. હજી મન, વચન, કાયાનું બંધન હોવાથી દ્રવ્યે મુક્તિ નથી. સિદ્ધ પરમાત્મા છે તે ભાવે અને દ્રવ્યે બંને રીતે મુક્ત છે, બંને પ્રકારે મુક્ત છે. અરિહંત પરમાત્માને ગુણમુક્તિ અથવા ભાવમુક્તિ કહી છે. અને એ પહેલાની જે મુનિદશા છે તે અપ્રતિબંધવિહારી દશા છે.

મુનિને બહારમાં કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ નથી. અપૂર્વ અવસરમાં આવે છે ને. 'દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રતિબંધવીણ વિચરવું ઉદયાધીન વીતલોભ જો.' વીતલોભ એટલે આ ઠીક છે એવો લોભ નથી. આ ક્ષેત્ર ઠીક છે, એવો લોભ મુનિને કોઈ ક્ષેત્રને વિષે નથી.

કે આ ક્ષેત્ર મારા માટે ઠીક છે. અહીંયાં ધર્મના લોભી જીવો છે, પૈસાના લોભી નહિ, ધર્મના લોભી જીવો છે, ધર્મ માટે અહીંયાં મારી પાસે મોટી સંખ્યામાં આવે છે અને હું એને ધર્મનો ઉપદેશ આપું છું માટે આ ક્ષેત્ર સારું. એવો લોભ પણ મુનિને હોતો નથી.

મુમુક્ષુ :- કરુણાભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- કરુણાભાવ છે પણ એની મર્યાદા છે. કરુણાભાવ છે તોપણ એની મર્યાદા છે. નીચેના સ્તરનો કરુણાભાવ નથી. બહુ ઉત્કૃષ્ટ સ્તરનો કરુણભાવ છે. એકેન્દ્રિય જીવને પણ ઘાત કરવા મુનિ તૈયાર નથી. પાણીમાં ચાલતા નથી, લીલોતરી ઉપર ચાલતા નથી. ચોમાસામાં કેમ વિહાર બંધ રાખે છે ? કે ઘાસ ઉપર ચાલવાનું ન થાય, પાણી ઉપર ચાલવાનું ન થાય. સંજ્ઞી પંચેન્દ્રિય જીવને તૃષા લાગી હોય. માણસ પાણી પાય કે ન પાય ?

મુમુક્ષુ :- મુનિપણું જાય, પાણી પાય તો.

પૂજ્ય ભાઈશ્રી :- પાણી ન પાય. કેમ કરુણા નથી ? કરુણા તો એકેન્દ્રિય જીવની પણ હિંસા ન થાય એટલી છે.

મુમુક્ષુ :- મુનિ વૈયાવચ્ચ કરે છે. પગ દાબે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વૈયાવચ્ચ નહિ, પગ દાબે, પગચંપી કરે. પણ એના માટે આહારપાણી લેવા ન જાય, એના માટે દવા લેવા ન જાય. એની મર્યાદા છે. આરંભ-સમારંભની મુનિને મર્યાદા છે. નીચેના સ્તરના શુભભાવ એમને થતા નથી. થાય તો મુનિપણું રહેતું નથી. અચારિત્ર થઈ જાય છે, ચારિત્ર રહેતું નથી. મુનિ તો ચારિત્રવંત છે ને ? તો એને અશુભ તો છે જ નહિ. સર્વસાવદ્યયોગનો ત્યાગ કરીને મુનિપણું લીધું છે. પણ શુભની પણ એને મર્યાદા છે. નીચેના સ્તરનું શુભ ગૃહસ્થી સંસારીને હોય એવું શુભ મુનિદશામાં હોય નહિ. તો તો પછી આશ્રમ ખોલવા અને ગૌશાળાઓ કરવી અને ગાયો માટે ઘાસ ઉગાડવા અને ગાયોને ઘાસ નીરવા એ બધું આવશે એની અંદર પછી તો. પછી કાંઈ બાકી નહિ રહે. કુતરાને રોટલા પણ આવશે અને બધું આવશે એની અંદર. બાળકોને સંસ્કાર નાખવા, સ્કુલો ખોલવી, પાઠશાળાઓ ખોલવી ને કાંઈક આવશે એની અંદર. કાંઈ મર્યાદા રહેશે નહિ. એને કોઈ મર્યાદા રહી જ ન શકે પછી. એ તો એક પગથિયું

ચૂક્યો કે ગયો નીચે.

મુમુક્ષુ :- વિષ્ણુકુમાર મુનિને ભાવ આવ્યો હતો ને બચાવવાનો ?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાં પછી મુનિ હતા એ ? એ વખતે એ મુનિ હતા બચાવવાનો ભાવ કર્યો ત્યારે ? ત્યારે અમુનિ થઈ ગયા. સાતસો મુનિનો જાન બચાવવાનો વિકલ્પ આવ્યો. એમની સાથે સંઘમાં સાતસો મુનિ હતા. આ સાતસો મુનિ બળી જશે, સળગી જશે, ભડથું થઈ જશે. આને બચાવી લેવા જોઈએ. મારી પાસે લબ્ધિ છે. લબ્ધિની ખબર પડી.

મુમુક્ષુ :- પહેલા તો એને ક્યાં ખબર હતી. દેવોએ આવીને કીધું કે તમને લબ્ધિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિકલ્પ થયો કે ગયું મુનિપણું. શું થયું ? લાભ થયો કે નુકસાન થયું ? આત્માને શું થયું ? વિષ્ણુકુમાર મુનિના આત્માને એ સાતસો મુનિને બચાવ્યાનો લાભ થયો કે નુકસાન થયું એ કહો. વ્યવહારે લોકો એમ ગીત ગાય. વાત્સલ્ય. જુઓ ! આ વાત્સલ્ય મુનિનું ! મુનિરાજ કેવા વાત્સલ્ય કરે છે ! વત્સલતાથી સાતસો મુનિને બચાવી લીધા. એ મુનિનો ધર્મ નથી. આમ છે. એમાં કાંઈ ઓછું તોળવાનો કાટલું ફરે નથી આમાં. દિગંબર મુનિ હોય કે ગમે તે હોય. ગયા મુનિપણામાંથી. ફરીને આરાધન થાય છે ત્યારે પાછું મુનિપણું આવે છે.

**'જ્યાં ગુણમોક્ષ સાધક છે ત્યાં દ્રવ્યમોક્ષ સાધ્ય છે.'** અરિહંતદશા સિદ્ધદશાની સાધક છે. અરિહંતપણું સાધક છે અને સિદ્ધદશા તે સાધ્ય છે. એમ પૂર્વ ક્રમ લીધો છે. એટલે કોઈ પૂર્વે અરિહંત થયા વિના સિદ્ધ થાય એવું પણ કદિ ન બને. તેરમા ગુણસ્થાને આવે, આવે ને આવે જ. અરિહંત અને તીર્થંકર બેય એક વાત નથી. તીર્થંકર તો પુણ્યપદવી છે. બધા અરિહંતો તીર્થંકર હોતા નથી. તીર્થંકર બધા અરિહંત જ હોય છે. જેટલા તીર્થંકર પ્રકૃતિના ઉદયમાં હોય તે બધા અરિહંત અવસ્થામાં જ તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવે. તીર્થંકર પ્રકૃતિ બાંધી છે પહેલા છદ્મસ્થદશામાં, અરિહંતદશામાં નથી બાંધી, પણ એનો ઉદય અરિહંતદશામાં આવે છે.

સંપ્રદાયમાં તો ઘણાને એ ખબર નથી કે અરિહંત અને તીર્થંકર

વચ્ચે શું ફેર છે.

... એને દ્રવ્ય કહ્યા. પુદ્ગલ દ્રવ્યને દ્રવ્ય કહ્યું અહીંયાં. કર્મના પુદ્ગલ પરમાણુઓ એ પુદ્ગલ દ્રવ્યને અહીંયાં દ્રવ્ય કીધું. તેજસ શરીરના જે પરમાણુઓ પુદ્ગલદ્રવ્યના, એને પણ દ્રવ્ય કહ્યું. એ બધાથી ભિન્ન પડી જાય છે. સિદ્ધ પરમાત્માને કોઈપણ પરમાણુનો સંયોગ નથી. તેજસ શરીર નથી, કાર્મણ શરીર નથી, સર્વ કર્મનો અભાવ કર્યો છે. આઠેય કર્મનો. અને શરીર એનું ફળ છે. કર્મફળ પણ નથી, નોકર્મ પણ નથી. દ્રવ્યકર્મ નથી, ભાવકર્મ નથી, નોકર્મ નથી. અને પાંચ શરીરમાંથી કોઈ શરીરનો સંગ નથી. અસંગ દશા છે. એને દ્રવ્યમોક્ષ કહે છે.

**'જ્યાં ક્ષપકશ્રેણીએ ચઢવું સાધક છે ત્યાં તદ્ભવ સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે.'** જુઓ ! આ પણ એવી જ વાત છે. જેને સાક્ષાત્ મોક્ષ થાય તેને પહેલા ક્ષપકશ્રેણી શરૂ થાય.

મુમુક્ષુ :- ઉપશમ શ્રેણીવાળાને થાય જ નહિ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉપશમ શ્રેણીવાળા પાછા આવે. થાય જ નહિ. ઉપશમ શ્રેણીવાળાને કદિ મોક્ષ ન થાય. એને દસમું ગુણસ્થાન આવે, અગિયારમું ગુણસ્થાન આવે. બસ. ઉપશમ શ્રેણીવાળા અગિયારમેથી પાછા ફરે. ક્ષપકશ્રેણીવાળા નિયમથી અંતર્મુહૂર્તમાં મોક્ષ પામે, પામે ને પામે જ. જે મુનિ છઠા-સાતમા ગુણસ્થાનમાં ઝૂલતા ઝૂલતા સાતમેથી આગળ વધી ગયા. છઠ્ઠામાં ન આવ્યા. બાહ્ય ચારિત્રનો પ્રકાર ગયો. આઠમા અને નવમાથી જ્યાં શ્રેણી માંડી, ક્ષપકશ્રેણી માંડી, અંતર્મુહૂર્તમાં એને મોક્ષ થાય છે. એક કલાકમાં.

મુમુક્ષુ :- સાતમાથી કે નવમાથી શ્રેણી માંડે ?

પૂજ્ય ભાઈશ્રી :- શ્રેણી નવમાથી. નવ, દસ, બાર અને તેર બધા શુક્લધ્યાનની દશાઓ હોય છે.

મુમુક્ષુ :- ક્ષપક અને ક્ષાયિકમાં કાંઈ ફેર ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. ક્ષપક કહો કે ક્ષાયિક કહો. ક્ષાયિકના અર્થમાં જ ક્ષપક છે ત્યાં. ક્ષેપવું. ક્ષેપવું એટલે ખેરવવું. આપણે નથી કહેતા ? ક્ષેપણ કરો. આ ધૂપને ક્ષેપ કરો. પછી ગુજરાતીમાં અપભ્રંશ થઈને ક્ષનો ખ થઈ ગયો. એટલે ખેવો એમ કહે છે. ખેવોમાંથી ખરવો

એમ કહે છે. મૂળ શબ્દ છે ક્ષપક. એ અપભ્રંશ છે.

**'જ્યાં દ્રવ્યથી, ભાવથી (થયેલો) યતિવ્યવહાર સાધક છે. ત્યાં સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે.'** એટલે કે સાક્ષાત્ મોક્ષ થાય એને દ્રવ્યે અને ભાવે મુનિપણું હોય, હોય ને હોય જ. કોઈ એમ કહે કે ભલે અમને ભાવે મુનિપણું આવી ગયું છે, દ્રવ્યે ભલે ન હોય. ન ચાલે. અમને ભલે બહારમાં પંચ મહાવ્રત, આ, તે એમાં ભલે ગડબડ હોય અથવા અમે ન મહાવ્રત લીધા હોય કે ન અમે બહારમાં દીક્ષા લીધી હોય પણ અમને તો અંદર ઘરે બેઠા બેઠા આત્માના ધ્યાનમાં ચડીને મોક્ષ થઈ ગયો. એવું કદિ બનતું નથી. દ્રવ્યે અને ભાવે યતિ વ્યવહાર સાધક છે અને મોક્ષ સાધ્ય છે. એ વિના મોક્ષ હોઈ શકે નહિ.

ચારિત્ર બહારમાં લીધા વિના અંદરનું ચારિત્ર હોય નહિ અને અંદરનું ચારિત્ર હોય એને બહારનું ચારિત્ર ન હોય એવું બને નહિ. બહારનું ચારિત્ર લે એને અંદરનું ચારિત્ર આવે જ એવો કોઈ નિયમ નથી. પણ જો એ બંને હોય તો એને મોક્ષ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- વ્યવહારને માનીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહારને માનીએ છીએ નહિ, વ્યવહારને ચુસ્તપણે માનીએ છીએ અને એમાં બાંધછોડ કરતા નથી. એવા ચુસ્તપણે માનીએ છીએ.

એક દિગંબર બ્રહ્મચારી આવ્યા હતા. આમના જૂના મિત્ર હતા. (એમણે) 'ગુરુદેવ'નો બહુ વિરોધ કર્યો હતો. અહીંયાં 'હિંમતનગર'માં પ્રતિષ્ઠા થઈને ? ત્યારે ઘણો વિરોધ કર્યો. વિરોધનો જબરો ઝંડો લીધો હતો એણે. 'હિંમતનગર'માં દીવાલે દીવાલે લખ્યું હતું 'કાનજીસ્વામી' પાછા જાવ... 'કાનજીસ્વામી' પાછા જાવ. આપણા વાંચનમાં આવી ચડ્યા હતા. એમ કહે કે તમે મુનિઓને માનતા નથી એનું શું ? કે અમે મુનિઓને માનીએ છીએ. અમે એટલા બધા ચુસ્તપણે મુનિઓને માનીએ છીએ કે તમારી જેમ એની અંદર બાંધછોડને અમે સ્વીકારતા નથી. ચુપ થઈ ગયા. એક દલીલ ન કરી. અને એ મુનિદશા જે શાસ્ત્રોક્ત મુનિદશા છે એ તો જિનાજ્ઞા છે. એ જિનાજ્ઞા ઉપર પગ દેવાનો કોઈનો અધિકાર નથી. તમે કયા લાયસન્સથી એના ઉપર પગ દ્યો છો ? એ આજ્ઞા તોડવાનું લાયસન્સ ક્યાંથી લાવ્યા તમે ? બતાવો

તમારી પાસે પરવાનો છે કોઈ ? એક અક્ષર ન બોલ્યા. સમજી ગયા કે વ્યવહારની વાતમાં અહીંયાં ચાલે એવું નથી. નિશ્ચયમાં તો કોઈનો પત્તો ખાય એવું નથી, પણ વ્યવહારમાં પણ આમાં ચાલે એવું નથી. બહુ ચુસ્તપણે આની અંદર વ્યવહારનું અંગીકારપણું છે. ભલે વ્યવહાર ગૌણ છે તોપણ. વ્યવહાર ગૌણ છે એનો અર્થ એમ નથી કે ગમે તેમ ચાલે. એવો અર્થ બિલકુલ નથી, હરગીજ નથી. એ તો વ્યવહારની વાત છે, એમ નહિ. એ વ્યવહારની વાત છે પણ એ યથાયોગ્ય જ જોઈએ. મુમુક્ષુથી માંડીને મુનિપણા સુધી. જરાય ફેરફાર પડે એટલે વાત પૂરી થઈ ગઈ. ખલાસ. એટલું બધું ચુસ્તપણું આની અંદર છે.

મુમુક્ષુ :- ઉપશમ અને ક્ષાયિકમાં મૂળભૂત શું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં શું છે કે ઉપશમ શ્રેણીવાળાને પુરુષાર્થ નબળો હોય છે. એવો નબળો હોય છે કે ત્યાં કર્મ ખરવાને બદલે અને અશુદ્ધતાનો મૂળમાંથી અભાવ થવાને બદલે અશુદ્ધતા દબાય છે અને કર્મ પણ ઉપશમે છે, દબાય છે. એ દબાય છે એ પાછા ઊબળે છે. જેમ પાણી નિર્મળ થાય ત્યારે કાં તો મેલ એમાંથી કાઢો નાખો અને કાં તો આસરી જાય અને મેલ નીચે બેસી જાય. તો નીચે બેઠેલો મેલ છે એ ઊબળીને ઉપર આવે તો પાછું પાણી મલિન થઈ જાય. એ ઉપશમ છે. જે નીચે બેઠેલો મેલ છે એ ઉપશમ છે. અને મેલ કાઢી નાખ્યો, પાણી ગાળીને ચોખ્ખું કરી નાખ્યું, એમાંથી અભાવ થઈ ગયો, એ ક્ષય થઈ ગયો.

એટલે અહીંયાં નિમિત્તપણે દ્રવ્યકર્મનો ક્ષય છે, ભાવમાં અશુદ્ધિનો ક્ષય છે કે એ દ્રવ્ય ફરીને અશુદ્ધપણે નહિ પરિણમે. અને દ્રવ્ય ઉપશમિત છે એટલે સત્તામાં રહે છે. પ્રકૃતિ છે એ ઉદયમાં આવવાને બદલે ઉપશમી જાય. સત્તા ન છોડે એની. જો કર્મની પ્રકૃતિ ઉદયમાં આવે તો ખરી જાય. ઉદય આપીને ખરી જાય. આ ઉદયમાં આવવાને બદલે ઉપશમીને સત્તામાં રહી ગયું. એટલે એ પાછો ઉદયમાં આવશે. જે સત્તામાં છે એ ઉદયમાં આવ્યા વિના નહિ રહે. એનો કાળ પાકશે એટલે તરત જ ઉદયમાં આવશે. વિપાક થાશે એનો.

મુમુક્ષુ :- મંદ કષાયની જેમ.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ત્યાં શું છે. મંદ કષાય બીજો વિષય છે.

પણ અહીં તો ઉપશમ છે ત્યાં બહારમાં વીતરાગતા છે. ઉપશમ સમ્યગ્દર્શનમાં પણ બહાર વીતરાગતા છે ઉપશમ શ્રેણીમાં પણ વીતરાગતા છે. અને અગિયારમા ગુણસ્થાનમાં પૂર્ણ વીતરાગતા છે. કેટલી ? ઉપશમભાવે પૂર્ણ વીતરાગતા છે. બારમા ગુણસ્થાનમાં પૂર્ણ વીતરાગતા છે પણ ક્ષાયિકભાવે છે. બેય પૂર્ણ વીતરાગતા જ છે. પણ એક ઉપશમભાવે છે અને એક ક્ષાયિકભાવે છે. દસમા ગુણસ્થાન સુધી હજી સૂક્ષ્મ સાંપ્રાય છે. દસમા ગુણસ્થાનનું નામ છે સૂક્ષ્મ સાંપ્રાય. તો ત્યાં અબુદ્ધિપૂર્વકનો સૂક્ષ્મ લોભ છે. પણ બારમું તો વીતરાગ ચારિત્ર છે, અગિયારમું વીતરાગચારિત્ર છે, બારમું વીતરાગચારિત્ર છે.

શું કહ્યું ? '**જ્યાં દ્રવ્યથી, ભાવથી (થયેલો) યતિવ્યવહાર સાધક છે. ત્યાં સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે.**' અતંર શુદ્ધિ છે, મુનિદશાની જે અંતર શુદ્ધિ છે એની બહારની તથારૂપ બાહ્ય શુદ્ધિ પણ અવશ્ય અવશ્ય હોય જ છે, ન હોય એવી પરિસ્થિતિ હોતી નથી. કેમકે એને એ ભાવ જ ઉત્પન્ન થતો નથી. મુખ્ય તો શુદ્ધિ એટલી વધી છે કે મલિનતામાં મર્યાદા આવી ગઈ છે એમ બતાવવું છે. મલિનતા અમર્યાદ રહી છે એમ ત્યાં ન ચાલે. કારણ કે શુદ્ધિ વધી ગઈ છે.

'**જ્યાં ભાવમનાદિની રીતિનો વિલય સાધક છે ત્યાં કેવલ સાક્ષાત્ પરમાત્મારૂપ થવું સાધ્ય છે.**' કેટલા બોલ લીધા છે ? હજી આગળ બીજો એક સાધ્ય-સાધકનો અધિકાર આવશે. અહીંયાં થોડું પૂરું કરી. વળી વચ્ચે બીજું ચાલશે. વળી સાધ્ય સાધકનો ભાવ લેશે. '**જ્યાં ભાવમનાદિની રીતિનો વિલય સાધક છે...**' જેનું ભાવમન વિલય થઈ ગયું. અરિહંત પરમાત્માને દ્રવ્યમન છે પણ ભાવમન નથી. તેથી ત્યાં સાક્ષાત્ પરમાત્મા તે થયા છે. છેલ્લે ભાવમન જાય છે. અબુદ્ધિપૂર્વક પણ મનની અંદર રાગ રહેતો નથી. દ્રવ્યમન છે એ તો એક જેમ આંખ ઇન્દ્રિયરૂપે છે એમ અહીંયાં કમળના આકારે દ્રવ્યમન છે. સૂક્ષ્મ પરમાણુ. એટલે ઇન્દ્રિયગ્રાહ્ય નથી. એવી સૂક્ષ્મ પર્યાયે પરિણમેલા એ પરમાણુ છે. એનો વિચાર સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે.

જીવને મનમાં જે વિચાર થાય છે એની સાથે મનનું પણ હલન-ચલન પરિસ્પંદન થાય છે. તેથી મનઃપર્યય જ્ઞાની છે. જે મુનિને મનઃપર્યય જ્ઞાન હોય છે તે બીજાના મનના વિચારો જાણી શકે છે. જેમ

કોઈ માણસ બોલે ને એનો વિચાર જાણી શકાય, એ ભાષાના નિમિત્તે જાણી શકાય છે. કહે ને કે ભાઈ ! મને પાણી આપો. તો મને પાણી આપો એવું જેણે પાણી માગ્યું એના ઉપરથી એનો ભાવ જાણ્યો કે આ માણસને પાણીની ઈચ્છા થઈ. એણે પાણી માગ્યું. એ તો વિચારને એણે વાણીમાં વ્યક્ત કર્યો. તો એ વાણીના પરમાણુ દ્વારા જેમ વિચાર જણાયા, એમ મનના હલનચલનથી વિચાર જણાય છે. એ છદ્મસ્થ જીવને મુનિદશામાં મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે પહેલુંવહેલું એટલું એના જ્ઞાનમાં આવે છે. એને એ પરમાણુઓનું હલનચલન જણાય છે. અને બીજાના મનના વિચારો એ જાણી શકે છે. જેમ આપણે ભાષાથી સમજી શકીએ એટલું જ એ મન જોઈને સમજે. મનને જોવે છે એ. એમનું જ્ઞાન મનને જોવે છે. એમના જ્ઞાનમાં એના મનના હલનચલનનું પ્રતિબિંબ પડે છે.

આ મનઃપર્યયજ્ઞાન તો મુનિદશા વિના ઉત્પન્ન ન થાય. ઓલું તો શ્રુતજ્ઞાનમાં નિર્મળતા હોય અને બીજાના મનની વાત જણાય જાય એ મનઃપર્યયજ્ઞાન નથી. એ તો 'શ્રીમદ્જી'ને એવું ઘણું હતું. બીજાના મનની વાત છે એ કહી દેતા. પણ એ શ્રુતજ્ઞાનની નિર્મળતાનું અનુમાન થઈ જાય છે. અને આ તો સીધા મનના પરમાણુ જણાય. જેમ આંખની પાંપણ ઊંચી-નીચી થાય, મેષ-ઉન્મેષ થાય તો ખબર પડે કે આ બંધ થઈ ને આ ઊઘડી. આંખ ઊઘડી, આ આંખ બંધ થઈ. એમ જ એ મનઃપર્યયજ્ઞાનમાં મનના પરમાણુઓનું હલનચલચન જણાય છે અને મનના વિચારો જણાય છે.

મુમુક્ષુ :- મન છે એ કેવળજ્ઞાન ગમ્ય છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. મનઃપર્યયજ્ઞાનમાં પણ ગમ્ય થાય અને કેવળજ્ઞાનમાં પણ ગમ્ય થાય. બે જ્ઞાનમાં ગમ્ય થાય.

મુમુક્ષુ :- જાણવામાં...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. પરમાણુનું હલનચલન જણાય. અને એના ઉપરથી ભાવ જણાય.

મુમુક્ષુ :- મનઃપર્યયજ્ઞાનમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મનઃપર્યયજ્ઞાનમાં ઓછા-વત્તો ઉઘાડ હોય. કેમકે એ ક્ષયોપશજ્ઞાન છે. જ્ઞાનાવરણીના ક્ષયોપશમે પ્રગટેલું છે એટલે

એમાં મર્યાદા હોય. અવધિજ્ઞાનમાં મર્યાદા હોય. કોઈને ઓછું અવધિ હોય, કોઈને વધુ અવધિ હોય. ઓછા ક્ષેત્ર સુધી જાણે, ઓછા કાળ સુધી જાણે. વધુ ક્ષેત્ર ને વધારે કાળ સુધી. કેમકે એ જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ છે. એવો મનઃપર્યય જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ છે. જ્યારે કેવળજ્ઞાન તો જ્ઞાનાવરણીના ક્ષયથી ઉત્પન્ન થયેલું છે. એ ક્ષાયિકજ્ઞાન છે.

મુમુક્ષુ :- મનઃપર્યયજ્ઞાનમાં ઉપયોગ મૂકવો પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મનઃપર્યયમાં એના ઉપર ઉપયોગ મૂકવો પડે. એ તો છે. આ છદ્મસ્થ છે અને આ કેવળી છે, ફેર છે ઈ ફેર છે. એ તો બારમા ગુણસ્થાને ચતુર્થ જ્ઞાનધારી, ચાર જ્ઞાનધારી ગણધરદેવ હોય છે. બધા ગણધરોને મનઃપર્યયજ્ઞાન નિયમથી હોય. બધા ગણધરોને અવધિજ્ઞાન નિયમથી હોય. મતિ-શ્રુત તો બધાને છે. મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય ચાર જ્ઞાનના ધારી ગણધરદેવ છે. એમના બારમા ગુણસ્થાન સુધીનું, અંતર્મુહૂર્તમાં ચૌદપૂર્વ રચે એવું જેનું શ્રુત છે. ભાવશ્રુત, એ કેવળજ્ઞાન પાસે અનંતમા ભાગે છે. એ મનઃપર્યયજ્ઞાન હોય કે અવધિજ્ઞાન હોય, બધા કેવળજ્ઞાન પાસે અનંતમા ભાગે છે. ત્યારે તો મુનિરાજ એમ કહે છે. 'બહેનશ્રીના વચનામૃત'માં આવે છે ને ? મુનિરાજ કહે છે કે ક્યાં અમારું અલ્પ જ્ઞાન અને ક્યાં આપનું કેવળજ્ઞાન ! ક્યાં સિંધુ ને ક્યાં બિંદુ ! એક ટીપું ક્યાં અને એક સમુદ્ર ક્યાં ! કેવળજ્ઞાનમાં અને છદ્મસ્થના જ્ઞાનમાં આટલો મોટો આંતરો મુનિરાજ જોવે છે અને અરિહંતદેવનો એ રીતે મહિમા કરે છે ને ભક્તિ કરે છે. મુનિ પોતે ચાર જ્ઞાનના ધણી એવી ભક્તિ કરે છે.

મુમુક્ષુ :- દરેક મુનિ મહારાજને મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થાય કે તીર્થંકરનો આત્મા હોય એને જ ?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈને થાય, કોઈને ન થાય.

મુમુક્ષુ :- તીર્થંકર ભગવાનનો આત્મા હોય એને જ થાય એવો નિયમ નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ.

મુમુક્ષુ :- ગણધરને તો ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એ એમ કહે છે, તીર્થંકર ભગવાનને થાય કે ન થાય ? તીર્થંકર ભગવાનને તો શું છે કે મનઃપર્યયજ્ઞાનનો કોઈ

બીજો ઉપયોગ નથી એ તો ધ્યાનમાં કોઈ તો એટલા અલ્પકાળમાં તીર્થંકર થઈ જાય છે. જેમ અરિહંત થઈ જાય છે. એટલે એને બીજો કોઈ પ્રયોગ નથી મુનિદશામાં. ગણધરદેવને તો નિયમથી હોય જ છે. ચાર જ્ઞાનધારી છે. ગણધરદેવના વિષયમાં એ સ્પષ્ટ છે કે એ ચાર જ્ઞાનધારી છે. તીર્થંકરનું તો કેવળજ્ઞાન છે એ અનંત જ્ઞાન છે. છદ્મસ્થ દશામાં હોય એ બધાને મનઃપર્યય થાય છે કે નહિ એ કાંઈ આપણો જાણેલો વિષય નથી. કે એ મુનિદશામાં એને થાય જ કે ન થાય. બધાને પાછું. ન જ થાય એવો કાંઈ નિયમ નથી. જેમ મુનિઓને પણ. બધા મુનિઓને કાંઈ મનઃપર્યય અવધિ પ્રગટે જ એવું કાંઈ નથી. કેવળજ્ઞાન પ્રગટી જાય. અવધિ, મનઃપર્યય ન પ્રગટે. મતિ-શ્રુત હોય અને કેવળજ્ઞાન પ્રગટી જાય સીધું. એટલે ઉઘાડ સંબંધિનો કોઈ નિયમ નથી.

ગણધરો તો શાસ્ત્રના શાસનના શ્રુતના રચનારા છે. એમની પદવી જ એ છે. એ પ્રકારનો ઉઘાડ એમને નિયમથી હોય છે. અવધિજ્ઞાન તો લઈને આવે જ છે. તીર્થંકરદ્રવ્ય છે અવધિજ્ઞાન તો લઈને આવે છે. એ મુનિદશામાં નહિ એ તો જન્મથી જ હોય છે. ત્રણ જ્ઞાન તો માતાના પેટમાંથી લઈને આવે છે. તીર્થંકરનો જન્મ થાય એમાં મતિ, શ્રુત ને અવધિ ત્રણ જ્ઞાન તો હોય હોય ને હોય જ.

મુમુક્ષુ :- બધા તીર્થંકર ભગવાન મુનિદશા ધારણ કરે એટલે એમને આ મનઃપર્યયજ્ઞાન તો પ્રગટે જ એવો નિયમ તો ખરો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હોવું જોઈએ. પણ આપણને જાણપણું નથી. કે બધાને હોય કે કોઈને ન પણ હોય. સંભવિત છે કે હોય. ત્રણ જ્ઞાન જ્યારે લઈને આવ્યા છે તો મુનિદશા લેતા એમને ચોથું જ્ઞાન પ્રગટ થવું જોઈએ. બહુ ચોક્કસ નથી એ વિષયમાં.

મુમુક્ષુ :- મનઃપર્યયજ્ઞાન પણ એક લબ્ધિનો પ્રકાર છે ને એટલે એ લબ્ધિ તો કોઈને પ્રગટ થાય અને કોઈને ન પણ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- ન પણ થાય. પણ હવે બધા તીર્થંકરોને ન થાય કે કેમ ? એ પ્રશ્ન છે અહીંયાં. જેટલા તીર્થંકર મુનિદશામાં આવે એને એ મનઃપર્યયજ્ઞાનની લબ્ધિ થાય કે ન થાય ? તીર્થંકર જેમ ત્રણ જ્ઞાન તો લઈને જ આવે. એ તો નિયમબદ્ધ છે. એમાં કોઈ તીર્થંકરને અવધિજ્ઞાન જન્મથી જ ન હોય એવું ન બને. જન્મથી જ હોય એને. ઉપર તો

દેવલોકમાંથી આવે. અવધિજ્ઞાન તો પૂર્વભવથી હોય છે.

મુમુક્ષુ :- મતિ, શ્રુત, અવધિ વિરાજિત આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્રણ જ્ઞાન લઈને જ આવે છે. એમાં તો કાંઈ પ્રશ્ન જ નથી. આ ચોથા જ્ઞાનનો વિષય જાણમાં નથી. આપણા જાણવામાં નથી. એ જાણવાનો વિષય છે.

અહીંયાં તો શું કહે છે કે ભાવમન જેનું વિલિન થાય છે. એ ભાવમનનો સંબંધ પરિણામને છૂટી જાય છે અને પરમાત્મદશા સાધ્ય થાય છે. એટલે પરમાત્માએ આમ વિચાર કર્યો અને તેમ વિચાર કર્યો એ બધા ગપ્પા ચાલે એવું નથી. પરમેશ્વર હતા અને એને આમ વિચાર આવ્યો એ વાત નથી. એવી વાત નથી. ભાવમન ખલાસ થઈ ગયું છે. જે પરમાત્મા થયા એને ભાવમન હોય નહિ. અન્યમતમાં આવે છે ને ?

**'ત્યાં કેવલ સાક્ષાત્ પરમાત્મારૂપ થવું સાધ્ય છે. જ્યાં પૌદ્ગલિક કર્મનું ખરવું સાધક છે ત્યાં ચિદ્વિકારનો વિલય થવો સાધ્ય છે.'** જ્યાં પૌદ્ગલિક કર્મનું ઉદયમાં આવીને ખરવું (થાય), જે પૌદ્ગલિક કર્મ ઉદયમાં આવીને ખરે છે ત્યાં એના નિમિત્તે થતો જે ચૈતન્યવિકાર છે એ પણ અસ્ત થઈ જાય છે. કારણ કે બીજા કર્મનો ઉદય થાય છે. જ્યારે એક કર્મની પ્રકૃતિનો ઉદય પૂરો થાય ત્યારે પાછો બીજા કર્મનો ઉદય આવે છે તો એમાં જીવ જોડાય છે. કર્મ પ્રકૃતિ ખરે છે, કર્મ ખરે છે પછી સકામપણે કે અકામપણે. સકામપણે ખરે ત્યાં તો પ્રશ્ન જ નથી કે ચિદ્વિકાર થાય. એ તો વીતરાગી થાય, અવિકાર પરિણામ થાય તો સકામપણે દ્રવ્યકર્મ ખરી જાય છે અને અકામપણે ખરે છે ત્યાં પણ એને ચૈતન્યવિકાર છે એ નાશ પામી જાય છે.

એક માણસને ક્રોધ થયો. ગુસ્સામાં હોય તો માણસને એમ કહે કે, ભાઈ ! હમણાં એમને તમે નહિ બોલાવતા. અત્યારે જરા એ ગુસ્સામાં છે એને બોલાવશો નહિ. એ ટાઈમ શું કરવા જવા દે છે ? એ આપોઆપ શાંત થાય છે. શું કરવા આપોઆપ શાંત થાય છે ? કે અહીંયાં અંદરમાં ઉદય પણ પૂરો થાય છે. અંદરમાં ઉદય પૂરો થાય પછી એને ગુસ્સો લાવવો હોય તો ન આવે. એને ગુસ્સો લાવવો હોય તો ન આવે. કારણ કે પછી જે બીજા કર્મની પ્રકૃતિનો ઉદય આવ્યો એમાં એના પરિણામ જોડાઈ ગયા.

સંસારીજીવ સતતપણે કર્મના ઉદય સાથે એના પરિણામ જોડાયેલા રહે છે. જીવના પરિણામની ધારા અને કર્મના ઉદયની ધારા એ એકબીજાની સાથે જોડાયેલા રહે છે. એક સમ્યગ્દર્શન થતા પહેલોવહેલો ઉપશમ થઈને કર્મને દબાવે છે મિથ્યાત્વમોહનીને અને ત્યારથી એ જુદો પડે છે અને એની જ્ઞાનધારા પણ જુદી પડે છે અને એની કર્મધારા પણ જુદી પડે છે. ત્યારથી એ શ્રૃંખલા તૂટે છે. અહીંયાં જીવને જ્યારે કર્મનો ઉદય ખરે છે ત્યારે એને ચિદ્‌વિકાર પણ છૂટી જાય છે. એને પછી બીજા ઉદય સાથે જોડાવું થાય છે. એ ખરે એટલે ત્રીજા ઉદય સાથે જોડાવું. પ્રકૃતિની ભિન્નતા હોવાથી અહીંયાં પરિણામની પણ ભિન્નતા થઈ જાય છે.

એટલે '**પૌદ્‌ગલિક કર્મનું ખરવું સાધક છે...**' હવે સમ્યક્‌પણે લઈએ તો જે જીવ પોતાના સ્વરૂપમાં સ્થિર રહ્યો અને પુદ્‌ગલ કર્મ ઉદયમાં આવીને ખરી ગયા, ત્યાં એ ઉદયમાં નહિ જોડાતો હોવાથી એને ચિદ્‌વિકાર થતો નથી. એને ચિદ્‌વિકારનો નાશ થઈ ગયો. વિલય થઈ ગયો એટલે નાશ થઈ ગયો. એ રીતે કર્મના ઉદયને કોઈ જોઈ શકતું નથી. કર્મના પુદ્‌ગલ પરમાણુને કોઈ છદ્મસ્થ જોઈ શકતું નથી, પણ કેવળજ્ઞાનગોચર આ બધા જે બોલ છે એ પરંપરાએ શાસ્ત્રની અંદર રહી ગયા છે. (અહીં સુધી રાખીએ...)

જે મોહ સમસ્ત જગતને ઉન્મત્ત બનાવે છે, જેને લીધે આ સમસ્ત સંસારનો વિશાળ વિસ્તાર છે, અને જેને જીતવું અતિ અતિ દુષ્કર છે, એવા મહા બળવાન મોહને પણ સહજ રમત માત્રમાં જે જ્ઞાન ઉડાડી દે છે, અને વચનાતીત આનંદની પ્રાપ્તિથી જે મસ્ત છે, તે આત્મ જ્ઞાન કેમ વંદનીય ન હોય ? સ્તુતિ કરવા યોગ્ય ન હોય ? પૂજનીય કેમ ન હોય ? (અનુભવસંજીવની - ૭૫૬)

**તા. ૧૭–૧૨–૧૯૮૫, પાના નં. ૪૦, પ્રવચન નં. ૮૨**

'અનુભવપ્રકાશ'. પાનું-૪૦. નીચે છેલ્લો પેરેગ્રાફ. '**જ્યાં પરમાણુમાત્ર પરિગ્રહપ્રપંચ સાધક છે ત્યાં મમતાભાવ સાધ્ય છે.**' શું કહે છે ? કે જેને એક પણ પરમાણુનો પરિગ્રહ કરવો છે તેને મમત્વભાવ ન ઊપજે એવું બની શકે નહિ. પ્રપંચ એટલે વિસ્તાર. એક પણ પરમાણુનો પરિગ્રહ જેને કરવો છે, એક પરમાણુનો પરિગ્રહ એ કોઈ લાંબો વિસ્તાર નથી, છતાં એમ કહ્યું કે સ્વદ્રવ્યનું જેને મમત્વ છે તેને પરદ્રવ્યનું મમત્વ ન હોય. અને એક પરમાણુમાત્રનું પણ મમત્વ હોય ત્યાં સ્વદ્રવ્યનું મમત્વ ન રહે. મમત્વ બે જગ્યાએ ન થાય. તો જેને એક પણ પરમાણુ જગતમાંથી જોઈએ છે, એક પણ પરમાણુને જેને રાખવો છે અથવા કોઈ એક પરમાણુમાં પણ જેને સુખબુદ્ધિ છે, તેને અન્ય પદાર્થનું મમત્વ છે. એ ખરેખર મમત્વને સાધી રહ્યો છે. પરપદાર્થના મમત્વને એ સાધી રહ્યો છે. એ એનું સાધ્ય છે.

મુમુક્ષુ :- એક પરમાણુ અને અનંતા પરમાણુ બંનેના ભાવમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જેને એક જોઈએ છે તેના અભિપ્રાયમાં તેને અનંતા જોઈએ છે. એટલે કોઈ એમ કહે કે આ તો આટલી જ વાત છે. એમ નથી. એને જગતના અનંતા પરમાણુ, આખુ જગત એને જોઈએ છે. ખરેખર તો એના અભિપ્રાયમાં આમ છે. એક પરમાણુમાં જેને સુખબુદ્ધિ છે એને જગતના તમામ પદાર્થો જોઈએ છે. કોઈ પદાર્થ નથી જોતો એવું નથી. આખું વિશ્વ એને જોઈએ છે. એ એનો અભિપ્રાય થઈ જાય છે.

એટલે તો આ માર્ગમાં એમ લીધું કે મુમુક્ષુની પણ ખાસ પાત્રતા, વિશિષ્ટ પાત્રતા ક્યારે ગણવી ? કે જ્યારે એને આ જગતમાંથી કાંઈ જોઈતું નથી, એક પોતાનો આત્મા જ જોઈએ છે, ત્યારે એને ખાસ પ્રકારની, વિશિષ્ટ પ્રકારની પાત્રતા છે. આ વિષય વચનામૃતમાં 'બહેનશ્રીએ' સ્પષ્ટ કર્યો છે. ત્યાંથી માંડીને... એ રહ્યું શરૂઆતના ધ્યેય બાંધવાનો વિષય. શરૂઆતથી જ પોતાની માન્યતા અને પોતાના

સમજણને મર્યાદિત કરવાનો વિષય થયો. હવે એ વસ્તુ જ્યારે આચરણમાં આવે છે, ત્યારે આચરણનો અધિકાર મુનિદશાથી શરૂ થાય છે. મુનિ કહે છે કે મારે તિલતુષમાત્ર પરિગ્રહ ન જોઈએ. આ જગતના કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ મને ન હો. એ સ્વરૂપ સ્થિરતામાં રહીને એ વાતને આચરણમાં મૂકે છે. જે વાત એને પ્રથમ પગથિયે, પહેલે પગથિયે સમજાય છે, સમજમાં આવી છે એ મુનિદશામાં એ આચરણમાં મૂકે છે. આચરણમાં આવી જાય છે. એટલી સ્વરૂપસ્થિરતા વધે છે, વીતરાગતા એટલી વધે છે કે એ વસ્તુ એના બાહ્ય આચરણમાં પણ સ્પષ્ટ જોવામાં આવે છે. એટલે એ લીધું કે, **'જ્યાં પરમાણુમાત્ર પરિગ્રહપ્રપંચ સાધક છે...'** આ ઠીક છે, એક જરા પણ આ ઠીક છે એમ પરને વિષે આવ્યું **'ત્યાં મમતાભાવ સાધ્ય છે.'** એણે મમતાભાવને સાધ્યો સાધ્યો ને સાધ્યો.

**'જ્યાં મિથ્યાદષ્ટિ થવું સાધક છે ત્યાં સંસારભ્રમણ થવું સાધ્ય છે.'** ઠીક ! આ સંસારમાં ચોરાશી લાખ યોનિમાં જન્મ-મરણ એવું જે પરિભ્રમણ છે એ શેનાથી સધાય છે ? કે એનું મૂળ મિથ્યાદર્શન છે. જૈનદર્શનનો આ એક બહુ મહત્વનો વિષય સાહિત્યની અંદર જૈનવાંગ્મયની અંદર ઠામ ઠામ જોવામાં આવે છે. કે, હે સંસારી જીવો ! તમે તમારો રસ્તો બદલો. તમે ધર્મ કરવા ચાહો છો, તમે આત્માનું કલ્યાણ કરવાની અભિલાષા રાખો છો તો પહેલા તમારો માર્ગ છે એ નક્કી કરો. માર્ગ બદલો. માન્યતા શું છે ? મૂળમાં માન્યતા છે એના ઉપર તમામ પરિણમનનો આધાર છે. તેથી મિથ્યાદર્શન છે એ સંસાર પરિભ્રમણનું મૂળ છે. સમ્યગ્દર્શન છે એ મોક્ષનું મૂળ છે. એમ સામે સામે છે. મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શન.

**'જ્યાં મિથ્યાદષ્ટિ થવું સાધક છે ત્યાં સંસારપરિભ્રમણ થવું સાધ્ય છે.'** બીજું પદ જ એ લીધું છે. અને **'જ્યાં સમ્યગ્દષ્ટિ થવું સાધક છે, ત્યાં મોક્ષપદ થવું સાધ્ય છે.'** સમ્યગ્દર્શન મોક્ષનું કારણ છે અને મિથ્યાદર્શન પરિભ્રમણનું કારણ છે. આગળ એક ભાવ લીધો કે મિથ્યાત્વ સાધક છે અને બહિરાત્મા સાધ્ય છે. એ બહારને બહાર બાહ્ય ભાવો અને બહારના અન્ય દ્રવ્યો મિથ્યાદર્શનથી એને વળગવાનું થશે, સમ્યગ્દર્શન એના પોતાના ઉપાદાન અને નિજ અંતર શક્તિને પકડશે

અને સ્વરૂપમાં રહેલી શક્તિઓનો વિકાસ કરશે. સામે સામા બે બોલ અહીંયાં આવી જાય છે.

**'જ્યાં મિથ્યાદષ્ટિ થવું સાધક છે ત્યાં સંસારભ્રમણ થવું સાધ્ય છે.'** 'ગુરુદેવશ્રી'એ ૪૫ વર્ષ સુધી આ એક વિષય ઉપર સમ્યક્ત્વ અને મિથ્યાત્વ અનેક પડખેથી, શ્રદ્ધાનના પડખેથી, જ્ઞાનના પડખેથી, આચરણના પડખેથી, પુરુષાર્થના પડખાથી, સુખ અને દુઃખના પડખાથી, અનેક ગુણોના પરિણમન ઉપરથી સમ્યક્ત્વ અને મિથ્યાત્વના નિમિત્ત નૈમિત્તિક સંબંધો, અવિનાભાવી સંબંધો જેને કાર્યકારણ સંબંધો, સાધ્યસાધક સંબંધો કહેવામાં આવે છે, એ વિષય ઉપર સ્પષ્ટીકરણ કર્યું.

કોઈપણ રીતે જીવ મિથ્યાત્વને સમજે તો મિથ્યાત્વને ટાળે. મિથ્યાત્વને સમજે તો મિથ્યાત્વથી અહિત થતા એવા પોતાના આત્માને અહિતથી બચાવે. જેને નુકસાનનો ખ્યાલ આવે અને એ નુકસાનથી ન હટે એવું કદિ બનતું નથી. નુકસાનનો ખ્યાલ આવે છે ને નુકસાનથી નથી હટતો, સમજવું કે એને જે ખ્યાલ યથાર્થ પ્રકારે આવવો જોઈએ તે આવ્યો નથી.

**'જ્યાં સમ્યગ્દષ્ટિ થવું સાધક છે,...'** ફક્ત માન્યતાનું પડખું બદલાય છે, ઊલટુંસૂલટું થાય છે. ત્યાં માત્ર સમ્યક્ત્વ ઉપલબ્ધ થાય છે એટલું જ નહિ, સાથે સાથે એનો મોક્ષ પણ આગળથી રજિસ્ટર થઈ જાય છે. એડવાન્સ રિઝર્વેશન. આગળથી રિઝર્વેશન મળી જાય છે. સમ્યગ્દર્શન થયું કે એનો અસંખ્ય સમયમાં મોક્ષ નિશ્ચિત છે અથવા મર્યાદિત સમયમાં એનો મોક્ષ નિશ્ચિત છે. સાધકદશાને અનંત સમય નથી. અસંખ્ય સમય છે પણ અનંત સમય નથી.

મુમુક્ષુ :- બીજ ઉગે એટલે પૂનમ થયે છૂટકો.

પૂજ્ય ભાઈશ્રી :- બીજની પૂનમ ન થાય એવું બને ? બને નહિ. એક ચંદ્રની બીજ છે. અહીંયાં મોક્ષનું બીજ છે. એ પણ બીજ શબ્દ છે. બી-બીજડું. મોક્ષનું બીજડું છે. સમ્યગ્દર્શન છે એ મોક્ષનું બીજ છે.

**'જ્યાં કાળલબ્ધિ સાધક છે ત્યાં દ્રવ્યનો તેવો જ ભાવ થવો સાધ્ય છે.'** અથવા દ્રવ્યનો જેવો ભાવ થવો તે જ તેની કાળલબ્ધિ છે. એમ લેવું જોઈએ. કાળલબ્ધિ બીજી કોઈ અન્ય વસ્તુ નથી. કાળ એટલે

પરિણામ. લબ્ધિ એટલે પ્રાપ્તિ. પરિણામની પ્રાપ્તિ. પરિણામની પ્રાપ્તિ કહો કે દ્રવ્યનો તેવો ભાવ કહો.

મુમુક્ષુ :- કાળલબ્ધિ સાધક એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- કાળલબ્ધિ સાધક છે અને દ્રવ્યનો તેવો જ ભાવ થવો સાધ્ય છે. એટલે શું કહેવાય ? કે જ્યારે જે દ્રવ્યના જેવા ભાવ, જેવા પરિણામ થાય છે તેવી જ ત્યાં કાળલબ્ધિ છે. કાળલબ્ધિ બીજી છે ને ભાવ બીજો થાય છે એવું કદિ બનતું નથી એમ કહેવું છે. આમ તો બેય એક જ વાત છે. સાધ્યસાધક બેય એક જ વાત છે અહીંયાં. બીજી બીજી વાત તો કથનમાં એવી રીતે બે વાત બતાવાય છે. ખરેખર તો એક જ વાત છે.

એ પહેલા બોલમાં પણ એવું જ છે કે પરમાણુમાત્ર પરિગ્રહપ્રપંચ છે. એ પરિગ્રહનો પ્રપંચભાવ છે એ જ મમતાભાવ છે. મમતાભાવ એથી કોઈ જુદો ભાવ નથી. પણ એકને સાધક કહે છે, બીજાને સાધ્ય કહે છે. એટલા માટે કે બે પડખેથી વાત બતાવે છે. અહીંયાં બહારમાં જડ પદાર્થનો પુદ્ગલ પરમાણુનો પરિગ્રહનો ભાવ છે. તો એ પરપદાર્થથી બતાવ્યું અને મમત્વભાવ છે નિજ પરિણામ છે એ અહીંથી બતાવ્યું. પણ છે બંને એક જ વાત. જુદી જુદી વાત નથી. એવી રીતે પણ સાધ્યસાધકના બોલ લીધા છે. બે પડખા બતાવવા માટે.

એમ અહીંયાં કાળલબ્ધિનું એક પડખું લીધું. ભવિતવ્ય જેને કહે છે. જે કાળે જે દ્રવ્યના જે પરિણામ, જે ક્ષેત્રે, જે નિમિત્તે, જે પ્રકારના થવાના તે થવાના. 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા'ની ૧૨૧, ૧૨૨, ૧૨૩ ગાથા એ છે. સ્પષ્ટ એ ગાથાઓ છે. છે ને 'સ્વામીકાર્તિકિય' ? ૩૨૧, ૨૨ છે. '**અબ સમ્યગ્દષ્ટિ કે વિચાર કહતે હૈં.**' એમ કરીને આ વાત લીધી છે, લ્યો ! સમ્યગ્દષ્ટિનો વિચાર કહીએ છીએ.

**जं जस्स जम्मिदेसे, जेण विहाणेण जम्मि कालम्मि।**

**णादं जिणेणं णियदं, जम्मं वा अहव मरणं वा।।३२१।।**

**तं तस्स तम्मि देसे, तेण विहाणेण तम्मि कालम्मि।**

**को सक्कदिवारेदुं, इंदो वा तह जिणंदो वा।।३२२।।**

**'જો જીસ જીવ કે જિસ દેશ મેં, જિસ કાલ મેં, જિસ વિધાન સે**

**જન્મ તથા મરણ ઉપલક્ષણ સે દુઃખ-સુખ-રોગ-દારિદ્ર આદિ...'** એટલે જે કોઈ પ્રકારનો ઉદય હોય તે. **'जिणेणं' 'સર્વજ્ઞદેવ કે દ્વારા જાના ગયા હૈ.' 'णादं णियदं' 'णादं जिणेणं णियदं'** સર્વજ્ઞના, જિનેન્દ્ર દ્વારા જે જાણવામાં આવ્યું છે. **'णियदं' 'વહ વૈસે હી નિયમ સે હોગા.'** એમ જ થાશે. બીજી રીતે થાશે નહિ. જો બીજી રીતે થાય તો અહીંયાં સર્વજ્ઞનું જ્ઞાન ખોટું પડે. સર્વજ્ઞપણું જૂઠું થાય છે. એકબીજાને એકબીજા આધીન નથી. પણ સકળવિમળ એવા કેવળજ્ઞાનમાં, સર્વથા નિર્મળ એવા કેવળજ્ઞાનમાં સચરાચર પદાર્થોનું ત્રણે કાળના પર્યાયો સહિતનું જ્ઞાન ઝળકે છે, આપોઆપ થાય છે ત્યારે એ પદાર્થ એમ પરિણમવાનો છે, એ પદાર્થનું પૂરું જ્ઞાન, સર્વ પદાર્થનું પૂરું જ્ઞાન એમાં આવે છે.

એટલે તો લોકો એમ કહે છે કે તમે કહો છો કે જિનેન્દ્રએ કહ્યું તે સાચું. તો લોકો દલીલ કરે છે કે જિનેન્દ્રએ ભૂલ કરી હોય તો ? તમારા જિનેન્દ્ર ભૂલ કરતા હોય તો શું થાય ? તો કહે, એ ભૂલ કરે નહિ. ન ભૂલ કરે ! શું કરવા ન ભૂલ કરે ? એ સર્વજ્ઞ છે માટે ભૂલ ન કરે. એ સર્વજ્ઞ હોવાથી ભૂલ એમની થતી નથી. એમ લેવામાં આવે છે. એ સર્વજ્ઞ છે પણ છતાં કાંઈ પક્ષથી આડુંઅવળું જાણે. તો કહે, એમને પક્ષ નથી. કેમકે એ વીતરાગ સર્વજ્ઞ છે પાછા. એકલા સર્વજ્ઞ છે એમ નથી પણ એ વીતરાગ સર્વજ્ઞ છે. એટલે આડુંઅવળું ખેંચીતાણીને કોઈ બાજુથી એને જાણવું બનતું નથી. એવું નિયમથી થાશે.

**'વહી પ્રાણી ઉસી દેશમેં, ઉસી કાલમેં, ઉસી વિધાનસે નિયમસે હોતા હૈ ઉસકા ઈન્દ્ર, જિનેન્દ્ર, તીર્થંકરદેવ કોઈ ભી નિવારણ નહીં કર સકતે.'** આ બીજા દેવ-દેવલા તો નિવારણ કરી શકે ને ? વીતરાગ ન નિવારણ કરી શકે. બીજા દેવ-દેવીને માને છે. ખોડિયાર ન કાંઈ કરી શકે ? આપણે નજીકમાં ઈ છે. 'ભાવનગર'ની નજીકમાં ઈ છે. તો એ બધી જીવોની ભ્રમણા છે. એકલી નિતાંત ભ્રમણા છે. કોઈ કોઈનું કરી દ્યે, તારો ઉદય બીજા ફેરવી દે, મટાડી દે તો તેં પૂર્વે કરેલા ભાવોના ફળનું શું ? એ ભાવો નિષ્ફળ જાય. કુદરતના ઘરમાં તો એ કદિ બનતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કાંઈ ન એમાં કામમાં

આવે. એ તો રાગ છે આપણો એમના ઉપરનો એટલે એ વિચાર આવે. બાકી એમાં કોઈ કાંઈ કરી શકે ? કોઈ ન સારું કરી શકે, ન કોઈ ખરાબ કરી શકે. આ વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :- એવો રાગ આવ્યો, એ જે સર્વજ્ઞમાં ઝળકે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર. આ જીવને આ કાળે આવો જ રાગ થશે. એમ છે. એ પણ જ્ઞાનમાં ઝળકે છે. બધું આવે છે. સર્વજ્ઞ એમાં શું બાકી રહ્યું ? સર્વ જાણ્યું એમાં સર્વમાં શું બાકી રહ્યું ? જો કેવળજ્ઞાનને સ્વપરપ્રકાશપણું ન હોત તો સર્વજ્ઞ નામ ન આવ્યું હોત. સર્વજ્ઞ. એકલું આત્મજ્ઞ જ આવ્યું હોત. સર્વજ્ઞ ન આવ્યું હોત. એ પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- સર્વજ્ઞ છે એ અમે નથી માનતા...તો તું જ સર્વજ્ઞ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને પ્રશ્ન પૂછ્યો કે તું આ જગતમાં સર્વજ્ઞની હસ્તી નથી માનતો, જિનેન્દ્રની હસ્તી નથી માનતો. અમે જિનેન્દ્રને સર્વજ્ઞ કહીએ છીએ. તો આ ક્ષેત્રે જ નથી કે સર્વ ક્ષેત્રે નથી ? તો પેલો કહે, કોઈ ક્ષેત્રમાં નથી. આ કાળે નથી કે કોઈ કાળે નથી ? કે કોઈ કાળે નથી. આ કાળે પણ નથી અને કોઈ કાળે પણ નથી. તો કહે છે, તને સર્વ કાળનું અને સર્વ ક્ષેત્રનું જ્ઞાન વર્તે છે માટે તું સર્વજ્ઞ થયો. હવે તું ના પાડ તારી. તું હવે તારી ના પાડ કે હું આમ નથી જાણતો. મેં પણ આમ ન જાણ્યું એમ કહી દે તું હવે. એ તર્ક છે, હોં ! ખાલી તર્ક જ છે એ તો.

આમ નક્કી કરે કે એક દિવાસળીમાં રહેલી અગ્નિ, અગ્નિની શક્તિ જોવામાં આવે તો આખા જગતને સર્વ દાહ્યને બાળે એવું છે. બળવાયોગ્ય તમામ પદાર્થ બળી શકે. એક કણિયો અગ્નિનો તિખારો હોય તોપણ. તો અહીંયાં આત્માનો જે જ્ઞાનનો તિખારો છે, જ્ઞાનનો કણિયો છે. શક્તિ એની જુઓ તો એ સર્વને જાણે કે ન જાણે ? જો આત્માને જ્ઞાનશક્તિ છે કે જેના દ્વારા એ જાણવાનું કાર્ય કરે છે તો એ સર્વને કેમ ન જાણે ? હવે તને એમ કહીએ છીએ કે તારામાં આટલું સામર્થ્ય છે સર્વજ્ઞપણાનું, તો તને તારા સામર્થ્યનો સ્વીકાર કરવામાં તને શું વાંધો છે ? આમાં તો તારી મોટાઈ આવે છે. તારી હીણપ કરતા

હોય તો તું વાંધો લે. કે ભાઈ તમે કેમ મારું ખરાબ બોલો ? પણ અહીંયાં કહે છે કે તું સર્વજ્ઞ પરમાત્માના જેવો સામર્થ્યવાળો તું અંદરમાં ભર્યો છો, તારું સામર્થ્ય ભર્યું છે. હવે તને એ કેમ સુહાતું નથી ? જીવની આ એક વિચિત્રતા છે. આનું નામ આડોડાઈ છે, અવળાઈ જેને કહે છે. એના સામર્થ્યને અનુમોદે છે, એના સામર્થ્યને પ્રશંસે છે. સત્પુરુષો, મહાપુરુષો, મહામુનિઓ, મુનિન્દ્રો, સર્વજ્ઞો. આ (જીવ) બધાયની ના પાડે છે. નહિ, નહિ. એ બધા કહે છે એમ નહિ. એવો હું નથી, એવો હું નથી. હું પામર, હું દીન, હું લાચાર, હું હલકો, અરે..! પણ શું તને થયું છે આ ? તને મહાન કહે. તો કહે, ના હું હલકો. પણ આ તે કાંઈ રીત છે તારી ? આવું છે.

મુમુક્ષુ :- બહારના સામર્થ્યની વાત કરો તો તૈયાર. હું બધું કરી શકું.

પૂજ્ય ભાઈશ્રી : હા. ત્યાં તો કહે આખી દુનિયાને હું આમ ઉથલપાથલ કરી શકે. ભલે કાંઈ ન કરી શકે. એક પરમાણુને હલાવી શકે નહિ. આ ગાથાનો આધાર 'ગુરુદેવશ્રી'એ ક્રમબદ્ધપર્યાયના પ્રવચનો આપ્યા છે એમાં છે. આ સમ્યગ્દૃષ્ટિનો વિચાર લીધો, હોં ! સમ્યગ્દૃષ્ટિ આવું વિચારે છે.

'**અબ કહતે હૈં કિ ઐસા નિશ્ચય કરતે વહ તો સમ્યગ્દૃષ્ટિ હૈ. ઔર ઉસમેં સંશય કરતે હૈં વહ મિથ્યાદૃષ્ટિ હૈ.**' એમ કહીને ૩૨૩મી ગાથા કહી. '**જો ઈસ પ્રકાર નિશ્ચય સે સબ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ ઔર કાલ ઈનકો ઔર ઈન દ્રવ્યોંકી સબ પર્યાયોં કો સર્વજ્ઞ કે આગમ કે અનુસાર જાનતા હૈ, શ્રદ્ધાન કરતા હૈ વહ શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ. જો ઐસા શ્રદ્ધાન નહિ કરતા હૈ, શંકા કરતા હૈ વહ સર્વજ્ઞ કે આગમ સે પ્રતિકૂલ હૈ, પ્રગટરૂપ સે મિથ્યાદૃષ્ટિ હૈ.**' એ ૩૨૩મી થઈ. '**जो संकदि सो हु कुद्दिट्ठी, सो सद्दिट्ठी सुद्धो**' એ ૩૨૧, ૩૨૨, ૩૨૩નો પ્રવચનોમાં આધાર લીધેલો.

મુમુક્ષુ :- અહીં કાળલબ્ધિ આવી. અમારી જ્યારે કાળલબ્ધિ પાકશે ત્યારે સમ્યગ્દર્શન થશે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. તારે સમ્યગ્દર્શનની બાબતમાં જ માત્ર એમ લેવું છે ? માત્ર સમ્યગ્દર્શનની બાબતમાં જ એમ લેવું છે ?

કે તારા સર્વ ભાવોમાં એમ જ લેવું છે ? તરસ લાગે ત્યારે, કાળલબ્ધિ પાકશે ત્યારે પાણી આવશે. ભૂખ લાગે ત્યારે પણ એમ જ તારે વિચાર થવો જોઈએ કે જ્યારે પણ આહાર થવાનો હશે ત્યારે થશે. બરાબર છે ? ઘણી ઠંડી પડતી હોય ત્યારે પણ જ્યારે કપડા આવવાના હશે ત્યારે આવશે. આપણને ભલે ઠંડી લાગે. જો બધે એમ વિચાર તો આમાં એમ વિચાર. વાંધો નથી. એમ વિચારતા જ તને સમ્યગ્દર્શન થઈ જશે. એ જ તારી કાળલબ્ધિ છે. પણ સમ્યક્ત્વની દિશામાંથી તારે પાછા વળવું છે અને તારી જરૂરિયાતો છે ત્યાં તારે આગ્રહ રાખવો છે કે નહિ, આ તો જોઈએ જ, આના વગર મારે ચાલે નહિ, આ તો મારે જોઈએ જ. નહિ ચાલી શકે, હું નહિ ચલાવી શકું. તો એ તારી વાત ન્યાયસંપન્ન તો નથી. બાકી આમ જેમ કહે છે એમ બધી બાબતમાં સમ્યક્ત્વથી માંડીને મોક્ષ પર્યંતની સર્વ પર્યાયમાં તું ઉપેક્ષા કર. વાંધો નથી અમને કાંઈ. અમે તારી સાથે સંમત છીએ.

અમે સંમત છીએ તારી સાથે કે સમ્યગ્દર્શનની પર્યાય, મોક્ષની પર્યાય, મુનિદશાની પર્યાય, બધી પર્યાય અને એ સિવાય જગતમાં જેટલા કાંઈ પ્રકાર છે એ બધા ઉદયોમાં જેમ થવાનું હશે એમ થશે. હું તો જ્ઞાતા દૃષ્ટા રહી જાઉં છું. અમે સંમત છીએ તારી સાથે. એ જ તારી કાળલબ્ધિ છે. ત્યાં તારી કાળલબ્ધિ આવી ગઈ. ભવિતવ્ય તારું પાકી ગયું. પણ એના માટે ઘણો પુરુષાર્થ હશે, ઘણું તારું બળ હશે એમ ટકવામાં ત્યારે એમ થાશે. એમ ટકવા માટે પણ એ સંબંધીનું બળ જોઈએ છે. આ તો એક વિચાર છે. એ વિચારની અંદર ટકવું એ સ્થિરતાનું બળ, જ્ઞાનબળ, શ્રદ્ધાનબળ, સ્થિરતાબળ એ બધું હોય તો એમ ટકે છે અને એમ ટકનારા સર્વજ્ઞો થઈ ગયા.

સર્વજ્ઞો એમ જ છે. સર્વજ્ઞ શું પ્રવૃત્તિ કરે છે ? અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવંતોના જ્ઞાનમાં લોકાલોકના પદાર્થો અને સર્વ પ્રસંગો જણાય છે. શું પ્રવૃત્તિ કરે છે ? જાણવા-દેખવા સિવાય એમની પાસે બીજા શું ભાવ છે ? પરમાનંદનો ભાવ છે. જાણવું-દેખવું છે. બસ. વાત પૂરી છે.

મુમુક્ષુ :- અમારે શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- એમણે જે કર્યું તે કરવું. એ આદર્શના સ્થાને

છે. અરિહંત અને સિદ્ધને નમસ્કાર શું કરવા કરવા છે ? એમના જેવું થવું છે માટે. 'ઉમાસ્વામી'એ શું કહ્યું ? '**वंदे तद्गुणलब्धये**' આ તમારા સમવસરણનું અમને આકર્ષણ નથી. અમને તો તમારી વીતરાગતાનું આકર્ષણ છે, તમારા ગુણોનું આકર્ષણ છે અને એવા ગુણની પ્રાપ્તિ અર્થે અમે આપને નમસ્કાર કરીએ છીએ. સમવસરણ માટે અમે નમસ્કાર નથી કરતા. આ ૩૪ પ્રકારના અતિશય આપને વર્તે છે એવા અતિશય માટે, અમે લબ્ધિ માટે કાંઈ નમસ્કાર કરતા નથી. એ તો કહ્યું કે એ તો ઇન્દ્રજાળિયાને હોય છે. એ તો એ પણ કરી શકે. જગતમાં એની કોઈ મહત્તા નથી.

'**જ્યાં કાળલબ્ધિ સાધક છે ત્યાં દ્રવ્યનો તેવો જ ભાવ થવો સાધ્ય છે. મેં સ્વભાવસાધન વડે...**' હવે સાધ્ય સાધનનો બોલ સંકેલ્યો. '**મેં સ્વભાવસાધન વડે પોતાના સ્વરૂપને સાધ્ય કર્યું છે.**' 'દીપચંદજી' પોતે શું કહે છે ? કે '**મેં સ્વભાવના સાધન વડે...**' મારા સ્વભાવને સાધન બનાવ્યું છે. બહારમાં કોઈ બીજા સાધનથી મેં મારા સ્વરૂપને સાધ્યું છે એમ નથી. રૂપિયા હતા ને નિરાંત થઈ ગઈ એટલે હવે મેં મારા સ્વરૂપને સાધી લીધું. કાંઈ ઉપાધિ નહોતી રહી એટલે મેં સાધી લીધું. એમ કહ્યું ? બહારમાં સાધનસંપન્ન થઈ ગયો અને કોઈ ઉપાધિ ન રહી એટલે પછી મેં મારા સ્વરૂપને સાધ્યું. એમ હશે ? બહારમાં સાધનસંપન્ન થઈ ગયો એ જ મોટી ઉપાધિ છે. મારી પાસે મારું પૂરું સાધન છે એ જ મોટી ઉપાધિ છે. એ પોતે જ સ્વયં ઉપાધિસ્વરૂપ છે.

મુમુક્ષુ :- ... દૃષ્ટિ ક્રમબદ્ધ ઉપર જાય છે એ ક્રમબદ્ધનો સ્વીકાર કરે છે તો એની દૃષ્ટિ સીધી દ્રવ્ય ઉપર જાય છે. આમાં જે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ થાય છે. કાળલબ્ધિ સાધક છે ત્યાં દ્રવ્યનો તેવો જ ભાવ થવો સાધ્ય છે. હવે આ તો છે ને જનરલાઈસ કર્યું છે. આ તો એકદમ જનરલ લીધું. અહીં એ વિષય ક્રમબદ્ધનો નથી ચાલતો.

મુમુક્ષુ :- કાળલબ્ધિનો સ્વીકાર કરે એને ક્રમબદ્ધનો સ્વીકાર થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- ક્રમબદ્ધનો સ્વીકાર થઈ ગયો. પણ ક્રમબદ્ધનો સ્વીકાર પર્યાયદૃષ્ટિએ કર્યો કે દ્રવ્યદૃષ્ટિએ કર્યો ? આ પ્રશ્ન છે. કે જે

જીવો પર્યાયદૃષ્ટિ રાખીને ક્રમબદ્ધના ન્યાયને સમજે છે... ક્રમબદ્ધ એક ન્યાય છે કે જે કાળે, જે ક્ષેત્રે જે થવાનું હોય તે થાય છે. એમાં ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ ફેરફાર કરી શકતું નથી. તો એવું તે જાણ્યું ત્યારે પર્યાયદૃષ્ટિ રાખીને જાણ્યું ? કે તે દ્રવ્યદૃષ્ટિ રાખીને જાણ્યું ? આ એક સવાલ ઊભો થાય છે. જો પર્યાયદૃષ્ટિ રાખીને તું જાણીશ તો તું ફાવતું લઈશ. જે પર્યાય તને અનુકૂળ હશે ત્યાં તો જેમ થવાનું હતું તેમ થયું. ચાલો કાંઈ વાંધો નહિ. આમ જ થવાનું હશે. પણ જે પર્યાય તને અનુકૂળ નહિ હોય તો એ પર્યાયદૃષ્ટિમાં તું એ જેમ થવાનું હશે એમ થયું એ વાતને તું વળગી રહી શકીશ નહિ.

મુમુક્ષુ :- એ પર્યાયબુદ્ધિ થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયબુદ્ધિ છે તારી. એટલે તું કહે કે નહિ, આમ નહિ ચાલે. આમ જ થવું જોઈએ. આ તો આમ જ થવું જોઈએ... આ તો આમ જ થવું જોઈએ... આ તો આમ જ થવું જોઈએ.

મુમુક્ષુ :- ક્રમબદ્ધ ન માન્યું.

પૂજ્ય ભાઈશ્રી :- એ ક્રમબદ્ધ નહિ માને. એ ખરેખર માનતો નથી એમ જ કહેવું છે. જે એક જગ્યાએ હા પાડે અને બીજી જગ્યાએ હા ન પાડે, એ ખરેખર એ હા પાડે છે એ જ ખોટી છે એની. એમ સાબિત થાય છે. ન્યાય તો સળંગ લેવો જોઈએ ને ? એટલે એક જગ્યાએ હા પાડે છે ક્યાં ? કે એને અનુકૂળ છે ત્યાં હા પાડે છે. બીજી જગ્યાએ કેમ હા પાડતો નથી ? કે એને અનુકૂળ નથી. ત્યાં ન્યાયને એક કોર મૂકે છે. તડકે મૂકી દ્યે છે. એવી અનીતિ તો જિનમાર્ગમાં ચાલે નહિ. એ અનીતિ છે.

દ્રવ્યબુદ્ધિથી જોવે છે ત્યાં તો પોતાના દ્રવ્ય સ્વભાવને જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવે છે. જ્ઞાયકભાવે જોવે છે. ટીકાકાર આચાર્ય ભગવાને મથાળું આમ બાંધ્યું કે '**अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपुरस्सरमाख्याति**' અકર્તાપણું છે એનું નિરૂપણ કરીએ છીએ, દૃષ્ટાંતથી. જ્યારે જ્યારે જે પદાર્થની જે અવસ્થા થવાની હોય છે ત્યારે તે પદાર્થની ક્રમનિયમિતપણે તે જ અવસ્થા થાય છે. અને સર્વજ્ઞનું સ્વરૂપ આની સાથે મેળ ખાય છે કે જો સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવું સર્વજ્ઞપણું

ધારણ કરે છે તો એમણે જે કાળે, જે પદાર્થની અવસ્થા થવાની હતી એ એમના જ્ઞાનમાં આવ્યું છે કે નથી આવ્યું ? આવ્યું છે. તો જ એમનું સર્વજ્ઞપણું રહ્યું. જો એમાં ફેરફાર થાય તો સર્વજ્ઞપણું સાચું ઠરતું નથી. એટલે સર્વજ્ઞપણું અને પર્યાયોનું ક્રમનિયમિતપણું, ક્રમબદ્ધપણું એ એકબીજાની સાથે એવા સંકળાયેલા છે કે એમાં કોઈનો નિષેધ કે નકાર કરી શકાય એવી પરિસ્થિતિ નથી. પણ એ સ્વીકાર પોતે જ્ઞાતા રહીને, જ્ઞાતાભાવે પોતાને સ્થાપીને, સ્વીકારીને એ પર્યાયની ક્રમબદ્ધતાનો સ્વીકાર કરવા જેવો છે. એ અન્યથા પ્રકારે કરવા જાય તો એ ગડબડ કરશે. એને ફાવશે ત્યાં ક્રમબદ્ધ લેશે અને નહિ ફાવે ત્યાં ગડબડ કરશે કે આમ નહિ ચાલે.

અમારા એક વિદ્વાન ગુસ્સામાં આવી ગયા. ભાઈ સાહેબ ! ક્રમબદ્ધમાં જે થવાનું હોય તે થાય. શા માટે ગુસ્સો કરો છો ? તો કહે, મારો ગુસ્સો અત્યારે ક્રમબદ્ધ થાય છે. દોષનું કેવું રક્ષણ કરે છે ! જીવની ઊંધી ચાલાકીનો પણ પાર નથી. એવું બધું થાય છે. તો એ જ્યારે ન્યાય પણ ઊંધી રીતે પકડે, શાસ્ત્રકથનને પણ ઊંધી રીતે પકડે ત્યારે શાસ્ત્ર છે એ શસ્ત્ર થઈ પડે છે.

મુમુક્ષુ :- બહુ મહાન કુટિલતા છે. શાસ્ત્રને શસ્ત્ર બનાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ મોટી કુટીલતા છે. એટલે તો ‘શ્રીમદ્જી’એ બહુ લીધું છે કે દ્રવ્યાનુયોગ પરમગંભીર છે, શુક્લધ્યાનનું કારણ છે માટે જ્ઞાનીની સમીપે... એમ લીધું છે. જ્ઞાનીની સમીપે યોગ્યતાવાળાએ તેનું અધ્યયન કરવું. પોતાની યોગ્યતા કેળવીને જ્ઞાનીની સમીપતામાં એનું (અધ્યયન કરવું). કેમકે જ્ઞાની જાણે છે કે ક્યા કથનની શું મર્યાદા છે. ક્યા કથનને કેવી રીતે અંગીકાર કરવું જોઈએ ? એને અંગીકાર કરવામાં શું શું સાવધાની રાખવી જોઈએ ? એ જ્ઞાની તને માર્ગદર્શન આપશે. તું તો વાંચી જઈશ અને તને ફાવતું લઈ લઈશ. પણ એથી કાંઈ લાભ નહિ થાય. ઊલટાનું તને નુકસાન થશે.

‘દીપચંદજી’ પોતે શું કહે છે ? ‘**મેં સ્વભાવસાધન વડે પોતાના સ્વરૂપને સાધ્ય કર્યું છે.**’ મેં મારા સ્વભાવના આધારે. સાધન વડે એટલે એનો આશ્રય લઈને, મારા સ્વભાવમાં લીન થઈને, મારા સ્વભાવને પ્રગટ કરીને, મારા સ્વરૂપને મેં સાધ્યું છે, અવલંબ્યું છે. એનું મેં

આરાધન કર્યું છે. '**આ સાધ્યસાધકભાવને જાણતાં સહજ જ સાધ્ય સધાય છે.**' આવા જે સાધ્યસાધક ભાવના પડખાં છે એનું ફળ શું ? કે સાધ્યની સિદ્ધિ થાય. પોતાનું નિજ સ્વરૂપ સધાય. એવી વાતો આની અંદર સાધ્ય-સાધક અધિકારમાં લખી છે. એક-બે પેઈજનું લખાણ છે. પાછળથી શરૂ થાય છે. બે પેજ પણ પૂરા નથી. આગળ હજી થોડું સાધ્યસાધકપણું આવે છે, આગળ હજી થોડો વિષય આવે છે.

'**આ સાધ્યસાધકભાવને જાણતાં સહજ સાધ્ય સધાય છે. એમનું વિશેષ વર્ણન કરીએ છીએ.**' હજી થોડું લે છે. '**હું મનુષ્ય, હું દેવ, હું નારક, હું તિર્યંચ, આ શરીર મારું છે, (એ પ્રમાણે) પરમાં નિજભાવ, પરને પોતારૂપ માનવું, સ્વરૂપથી બાહ્ય પરપદાર્થોમાં...**' સ્વરૂપથી બાહ્ય એવા પરપદાર્થોમાં '**પરિણામ તન્મય કરવા, રાગભાવથી રંજકતા કરી પરના સ્વરૂપને પોતારૂપ પ્રતીતિ કરી જાણવું, એવું મિથ્યાત્વ, મિથ્યાત્વના બીજા ભેદને (ગૃહીત મિથ્યાત્વને) સાધે છે. એવા મિથ્યાત્વને (કઈ રીતે) સાધે છે તે કહેવામાં આવે છે.**' મિથ્યાત્વનું વર્ણન કર્યું. કેવા કેવા પ્રકારે મુખ્યપણે જીવને મિથ્યાત્વનો ભાવ વર્તે છે. ચારેય ગતિમાં પહેલી વાત લઈ લીધી. દેવ, મનુષ્ય, ચારેય ગતિની જે પર્યાય છે તે ગતિ નામકર્મના ઉદયથી જીવને પ્રાપ્ત છે. તેથી તેને કર્મપ્રધાનતાથી કર્મજનિત પર્યાય કહેવામાં આવે છે. કર્મે ઉત્પન્ન કરેલી પર્યાય. કર્મે જીવની પર્યાય ઉત્પન્ન કરી ને ?

મુમુક્ષુ :- અગૃહીતને સાધવાનું કેમ કીધું ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ગૃહીતને સાધે છે. અગૃહીત એ છાપવામાં ભૂલ છે. અ છે એના ઉપર ચોકડી મૂકી દેવી. '**મિથ્યાત્વ બીજા ભેદને (ગૃહીત મિથ્યાત્વને) સાધે છે.**' એમ લેવું. અગૃહીત નહિ. અગૃહીત તો અનાદિનું છે. અગૃહીત છે તે અનાદિનું સર્વ જીવોને અગૃહીત છે. પણ જ્યાં જીવ સંજ્ઞી પંચેન્દ્રિય મનવાળો થાય છે ત્યારે એ વિચાર કરે છે. એ વિચાર કરીને સમ્યક્ત્વને ગ્રહણ કરવાને બદલે મિથ્યાત્વને તીવ્ર કરે, ત્યારે તેને ગૃહીત મિથ્યાત્વ થાય છે.

અહીંયાં અગૃહીત મિથ્યાત્વનો ભેદ લીધો છે કે ચાર ગતિની પર્યાયમાં જ્યાં જ્યાં જીવ ઊપજે છે, જન્મે છે ત્યાં ત્યાં જ્યાં મનુષ્ય થાય ત્યાં હું માણસ છું, એમ જ એને અનુભવ થાય છે. એ અનુભવ

સાચો નહિ હોવાથી એને મિથ્યાપણું કહેવામાં આવે છે. મિથ્યાત્વ એટલે મિથ્યાપણું એમ કહેવામાં આવે છે. ખરેખર આત્મા મનુષ્ય નથી. આત્મા ખરેખર મનુષ્ય નથી. એ તો કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલી જીવની વિકૃત યોગ્યતા છે, વિકૃત દશા છે. એ એની અસલ દશા નથી. જેવું સ્વરૂપ છે એવી એની દશા નથી. એ ચારેય ગતિમાં લઈ લેવું.

પ્રયોગથી મેળવવાનો વિષય એટલો છે કે હું માણસ છું એવો અનુભવ જીવને વિચાર-વિકલ્પ કર્યા વિના સતત વર્ત્યા કરે છે કે નહિ ? એ મિથ્યાત્વ કેવી રીતે વર્તી રહ્યું છે ? એનું એણે અવલોકન કરવું. આમ કેમ ? આ જીવ મૂળ સ્વરૂપે જ્ઞાનશક્તિનો ધારક છે, જ્ઞાનમય છે. એ જ્ઞાનમય, ચૈતન્યમય જીવ છે એને જીવપણે નહિ, જ્ઞાનમયપણે પોતાને નહિ જાણતા, નહિ શ્રદ્ધતા, નહિ માનતા, એવો અનુભવ નહિ કરતા હું મનુષ્ય છું એવો અનુભવ કેમ કરે છે ? એને પોતાની ભ્રમણાના અનુભવને તપાસવો તો જોઈએ ને ? માની લીધું કે ચાલો, એ તો મિથ્યાત્વ છે. પોતાને માણસ માનવો તે મિથ્યાત્વ છે. પણ એમ ને એમ ? એમ ને એમ નહિ. હું મનુષ્યું છું, એવો ભાવ. અહીંયાં લીધું ને ? હું મનુષ્ય એવું જે વાચ્ય છે. પરિણમનમાં એ શબ્દોનું વાચ્ય છે. હું મનુષ્ય. તો એને તપાસવું જોઈએ કે આમ કેમ આવે છે ? તું જાણનાર છો, જાણી રહ્યો છો. જાણી રહ્યો છો અને જાણનાર છો છતાં તું જાણનાર તરીકે કાં તને માનતો નથી ? આ સવાલ છે. એનું એને મંથન ઉપડવું જોઈએ.

**'આ શરીર મારું છે,...'** એવો ભાવ વર્ત્યા જ કરે છે. આ શરીર મારું. શરીર બરાબર સરખું રહેવું જોઈએ. શરીરની બધી અનુકૂળતાઓ સચવાવી જોઈએ અને શરીરની સગવડતાઓ, શરીરની અનુકૂળતાઓ શરીર તે હું માનીને જ બધી ગોઠવણ જીવ વિચારે છે. કહે છે કે આ શરીર મારું છે. એ બધા ભાવો પરમાં નિજ ભાવ છે. હું મનુષ્ય છું એ પણ પરમાં નિજ ભાવ છે અને આ શરીર મારું છે અને આ શરીરથી હું આટલા આટલા કાર્યો કરું છું એ બધું પરમાં નિજ ભાવ કરવારૂપ મિથ્યાભાવ છે. એ ખરેખર એમાં હું જ્ઞાતા-દૃષ્ટા છું, જ્ઞાનમય આત્મા છું એ વાત રહેતી નથી. અથવા એથી વિરુદ્ધ જઈને આ પરિણામ કરે છે. એ મુદ્દો જ આટલો છે.

મૂળ મુદ્દો આટલો ટૂંકો જ છે કે આત્મા છે એ દેહાદિ સ્વરૂપે નથી અને રાગાદિ સ્વરૂપે નથી. આત્મા તો જ્ઞાનમય અને ચૈતન્યમય આત્મા છે. જે એણે માન્યું છે એનાથી ઊલટી આટલી વાત છે, ટૂંકામાં ટૂંકી. એણે જ્ઞાનમય છું એમ માન્યું નથી અને રાગાદિ અને દેહાદિ સ્વરૂપ છું એવું એ માનીને અનુભવ કરે છે. માને છે ત્યારે અનુભવ કરે છે. એનાથી ઊલટી આટલી વાત છે. આટલું ઊલટું-સુલટું થાય તો આખા પરિણમનની દિશા વીતરાગતા ભણી વળીને પરિપૂર્ણ વીતરાગતા થઈ જાય.

**'આ શરીર મારું છે, (એ પ્રમાણે) પરમાં નિજભાવ, પરને પોતારૂપ માનવું,...'** પછી તો મોટી લંગર લાગે છે, વણઝાર ઊભી થાય છે. શરીર મારું. શરીર મારું તો જે ઘરની અંદર શરીરની અનુકૂળતા રહે તે ઘર મારું, તે બધા સાધનો મારા. તે ઘરને, તે સાધનોને નિભાવવા અને ચલાવવા માટેના દુકાન-ધંધા મારા. પછી એ દુકાનની અંદર જે બધા ઘરાક આવે એ ગ્રાહક મારા. કેટલી વણઝાર ચાલે ! એક ઘરાક બીજો હરીફ વેપારી લઈ જાય ત્યાં જીવ કપાય જાય છે કે નહિ ? મારો ઘરાક લઈ ગયો.. મારો ઘરાક લઈ ગયો. ભાઈ ! તારો ઘરાક હતો કે દિ' ? એમ આ મારું ઘર લઈ ગયો, આ મારા શરીરને આમ થઈ ગયું કે તેમ થઈ ગયું. પણ હતું જ કે દિ' તારું ?

મુમુક્ષુ :- શરીર મારું, ત્યાંથી વણઝાર ચાલે.

પૂજ્ય ભાઈશ્રી :- એ અધિષ્ઠાન છે. જીવના મિથ્યાભાવનું અધિષ્ઠાન જ શરીર છે. અધિષ્ઠાન એટલે આધારભૂત વાત છે. મનુષ્યપણું, શરીર એ એના આધારે જ બધું જ કરે છે. જે કાંઈ કરે છે એ. જગતના તમામ પાપનું મૂળિયું આ છે. જેટલા જગતમાં અનિષ્ટો છે એ સર્વ અનિષ્ટનું મૂળિયું આ છે કે હું શરીર સ્વરૂપે છું. બસ, ત્યાંથી પછી એ જગતમાં પદાર્થો મર્યાદિત છે, જીવો અમર્યાદિત છે, જીવના ભાવો અમર્યાદિત છે. એક જીવના ભાવ અમર્યાદિત છે. જીવો તો અમર્યાદિત છે પણ એક એક જીવના ભાવ અમર્યાદિત છે. પછી ખેંચાતાણી થયા વિના રહે નહિ. અને ખેંચાતાણી થાય ત્યાં અનિષ્ટો ઊભો થયા વિના રહે નહિ. આ પરિસ્થિતિ છે.

**'પરમાં નિજભાવ, પરને પોતારૂપ માનવું, સ્વરૂપથી બાહ્ય**

**પરપદાર્થોમાં પરિણામ તન્મય કરવા,...**' માનવું અને એમાં તન્મય થવું, એકાગ્ર થવું, લીન થવું. સ્વરૂપથી બાહ્ય એવા પર પદાર્થો, પાંચ ઇન્દ્રિયના વિષયો એમાં પરિણામને તન્મય કરવા, એમાં એક લીનતાથી પરિણામ ચાલે. આ ઠીક છે, એમાં લીનતા થાય. આ અઠીક છે, એમાં પણ લીનતા થાય. આ મારે ન જોઈએ તો એના લક્ષે લીનતા છે. '**રાગભાવથી રંજકતા કરી પરના સ્વરૂપને પોતારૂપ પ્રતીતિ કરી જાણવું,...**' રાગ ઉપર બહુ પ્રહાર છે. એટલો દ્વેષ ઉપર પ્રહાર નથી. કેમકે દ્વેષ અનિષ્ટ છે એ બધા સમજી શકે છે. દ્વેષ છે એ સારો નથી, એ સામાન્ય બુદ્ધિમાં પણ એ વાત સમજાય છે. પણ રાગ સારો નથી એ કોઈ અસમાન્ય બુદ્ધિનો વિષય છે. સામાન્ય બુદ્ધિનો વિષય નથી. એટલે ભગવાનનું નામ વીતરાગ પાડ્યું. વીતદ્વેષ ન પાડ્યું. ઠીક ! કેવા છે અમારા ભગવાન ? કે અમારા ભગવાન વીતરાગ છે. વીતરાગ નામ આપ્યું છે. અહીંયાં જુઓ, રાગથી રંજકતા કરી એમ છે. દ્વેષથી છોડી દે. એથી કાંઈ એને લાભ થતો નથી.

'**રાગભાવથી રંજકતા કરી...**' રાગથી પરિણામ રંગાઈ ગયું હોય એવા રસવાળા પરિણામથી '**પરના સ્વરૂપને પોતારૂપ પ્રતીતિ કરીને જાણવું,...**' પરના સ્વરૂપને જાણવું એમ નહિ. પરપદાર્થને પોતારૂપ પ્રતીતિ કરીને-રાગથી રંગાઈને જાણવું. '**એવું મિથ્યાત્વ,...**' છે. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણેના ઉપલક્ષણ લઈ લીધા છે. પરને નિજ સ્વરૂપે માનવું, પરને પોતારૂપ પ્રતીતિ કરીને જાણવું એ જ્ઞાન લીધું અને એમાં લીન થવું. પરિણામ તન્મય કરવા. પરપદાર્થમાં એકાગ્રતા થઈ જવી એ મિથ્યાચારિત્ર લીધું. જ્યાં મિથ્યાદર્શન હોય ત્યાં મિથ્યાજ્ઞાન અને ત્યાં મિથ્યાચારિત્ર આપોઆપ જ હોય.

કોઈ જીવ એમ કહે કે મિથ્યાત્વ ભલે રહ્યું, પણ અમારું ચારિત્ર તો તમે જુઓ. દીક્ષા પાળી છે અમે. તો એને એમ કહે છે કે બસ, ભાઈ ! તને મિથ્યાત્વ ભલે ગમે તેમ હોય, ચારિત્ર અમારું શુદ્ધ છે એમ કહેતો હોય તો એ વાત કોઈ રીતે બંધબેસે એવું નથી. 'મૂલો નાસ્તિ કુતઃ શાખા' જેનું મૂળ નથી એને શાખા ઊગી એની તું વાત કરે છો. જેનું મૂળ જ નથી. જે ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. દંસણં મુલ્લો ધમ્મો. એ જ નથી. તું કહે છે કે ચારિત્ર છે એ વાત કોઈ દિવસ બને એવું નથી.

મુમુક્ષુ :- ગુણસ્થાનનો ક્રમ જ તૂટી જાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો ગુણસ્થાનનો ક્રમ નથી રહેતો. ચોથું ગુણસ્થાન નથી પણ છઠ્ઠું-સાતમું છે. કેવી રીતે આવે ? નથી રહેતો બરાબર. ગુણસ્થાનનો ક્રમ રહેતો નથી. પણ ચોથાની જ કોઈને ખબર ન હોય તો છઠ્ઠા-સાતમાની કેવી રીતે ખબર હોય ? ચોથાની તો ખબર પણ ન હોય કે ચોથું આમ થાય. નહિતર પહેલું રહે. એ ખબર ન હોય તો છઠ્ઠા-સાતમાની કેવી રીતે ખબર પડે ? એકેય ખબર નથી. માને ભલે કે છઠ્ઠું-સાતમું છે. પણ એને છઠ્ઠા-સાતમાની ખબર નથી.

એક આચાર્યને પૂછ્યું હતું કે છઠ્ઠા-સાતમા ગુણસ્થાને કેવી દશા હોય ? તો કહે, એવું ખાસ જાણવામાં નથી. શાસ્ત્રો ઘણા વાંચેલા. પણ આવું જાણવામાં આવ્યું નથી. કાંઈ વાંધો નહિ. સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરો. તો કહે, બપોરે હું શાસ્ત્ર જોઈને લખી રાખીશ. પછી આપણે બપોરે મળશું ફરીને ચર્ચા કરવા. ત્યારે શાસ્ત્ર જોઈને હું લખી રાખીશ. એમાં પણ ઠેકાણું નહોતું. આવું બધું છે. પરિસ્થિતિ આવી છે. સામાન્ય અંધારું નથી, ઘોર અંધારું છે.

શું કહે છે ? કે '**એવું મિથ્યાત્વ, મિથ્યાત્વના બીજા ભેદને (ગૃહીત મિથ્યાત્વને) સાધે છે.**' એ મિથ્યાત્વ ગૃહીત મિથ્યાત્વરૂપે પાછું થવા લાગે છે. જ્યારે જીવ સંજ્ઞી પંચેન્દ્રિય થાય ત્યારે વીતરાગને છોડીને, દેવ-ગુરુ-શાસ્ત્રનો નકાર કરીને એ બીજાને માનવા લાગે છે. કોઈ એમ કહે કે અમે બીજાને મનતા નથી, ભલે આનો નકાર કરીએ. એ બીજાને માને છે. આનો નકાર કરે છે એનો અર્થ જ કે તું બીજાને માનો છો. પણ ક્યાં માનીએ છીએ ? અમે ક્યાં મેલડીના મંદિરે જઈએ છીએ ? તું માને છો. તને ખબર નથી. તું શું માને છો અને શું નથી માનતો એની તને ખબર નથી

એ '**(ગૃહીત મિથ્યાત્વને) સાધે છે.**' એ એમ કેમ લીધું છે ? અહીંયાં એ વિચારવા જેવું છે કે અગૃહીત મિથ્યાત્વ ગૃહીત મિથ્યાત્વને કેમ સાધે ? કે અગૃહીત મિથ્યાત્વમાં પછી જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય થાય ત્યારે એ વિચાર વિવેક કરે છે અને એ વિચાર વિવેકમાં એ સાચો વિવેક ન કરે તો એ ખોટો વિવેક કરી બેસે છે. વિવેકનો બહાને અવિવેક થઈ જાય છે એનાથી. ત્યારે એને અગૃહીત આગળ વધીને, મિથ્યાત્વ તીવ્ર

થઈને ગૃહીત મિથ્યાત્વમાં એ આવી જાય છે. કાં તો જીવ વિવેક કરીને સમ્યક્‌ત્વમાં આવે અને કાં તો જીવ અવિવેક કરીને ગૃહીત મિથ્યાત્વને સાધી લે. આ પરિસ્થિતિ ઊભી થઈ જાય છે.

'**એવા મિથ્યાત્વને (કઈ રીતે) સાધે છે...**' એવા ગૃહીત મિથ્યાત્વને જીવ કેવી રીતે સાધે છે '**તે કહેવામાં આવે છે.**' એ ગૃહીત મિથ્યાત્વને કેમ (સાધે છે) ? એમ લીધું. અગૃહીતમાં હતો ને ગૃહીતમાં કેવી રીતે ચાલ્યો જાય છે ? તો કહે છે, એ પણ તમને કહીએ. '**અતત્ત્વશ્રદ્ધાન તે મિથ્યાદર્શન, અયથાર્થ જ્ઞાન તે મિથ્યાજ્ઞાન, અયથાર્થ આચરણ તે મિથ્યા-આચરણ.**' આ સામાન્ય વ્યાખ્યા કરી છે કે મિથ્યાદર્શન કોને કહેવું ? કે અતત્ત્વશ્રદ્ધાન. જે તત્ત્વ. તે પણે તત્ત્વ એટલે તે પણે. જે તત્ત્વ જે પણે છે તેને તે પણે નહિ જાણતા તેને અન્ય તત્ત્વરૂપે જાણવું તે અતત્ત્વશ્રદ્ધાન છે અથવા અન્યથા તત્ત્વશ્રદ્ધાન છે એવા વિપરીત તત્ત્વશ્રદ્ધાન છે. આસ્રવને આસ્રવરૂપે જ જાણવો જોઈએ. આસ્રવના ભેદ બે-શુભ આસ્રવ અને અશુભ આસ્રવ. તો એ આસ્રવને સંવર તરીકે જાણે તો એણે એ તત્ત્વની ભૂલ કરી.

સામાન્ય રીતે સંપ્રદાયની અંદર બધી જગ્યાએ, જૈનના કહેવાતા અને અજૈન સંપ્રદાયો, જૈન સંપ્રદાયોમાં અને અજૈન સંપ્રદાયોમાં મોટી કોઈ ભૂલ હોય, તત્ત્વની ભૂલ હોય તો આ છે કે શુભભાવ શુભાસ્રવનું કારણ છે તે જ શુભભાવને ધર્મનું કારણ માનવામાં, સંવર માનવામાં આવે છે. એને જ ધર્મ માનવામાં આવે છે. આ ગૃહીત મિથ્યાત્વ થયું. પણ અમે અન્ય દેવને તો માન્યા નથી. તો કહે છે, આમાંથી માનતો થઈ જઈશ. આજે નહિ ને કાલે. અને ગરી ગયા કે નહિ બધા સંપ્રદાયમાં ? દેવ-દેવલા ગરી ગયા કે નહિ ? વાર લાગી કાંઈ ? ડઝનબંધી લાગી ગયા. કેટલા ? દિગંબરમાં ડઝનબંધી છે. બીજે હોય એમાં શું નવાઈ ?

(સંવત) ૨૦૩૩ની સાલમાં 'કલકત્તા' ગયો હતો. એક ભાઈએ પુસ્તક આપ્યું હતું. કહે, જુઓ ! આ અમારામાં પણ કેટલા ગરી ગયા. આ દેવી ને તે દેવી ને આ દેવ ને તે દેવ. અને કહેવાતા મુનિ મહારાજો એને એમ કહે કે આનું આમ કરો તમે, આનું આમ વિધિવિધાન કરો, આનું આમ કરો. આ ગૃહીત મિથ્યાત્વ કેમ થાય છે.

મુમુક્ષુ :- દિગંબરોમાં ક્ષેત્રપાળ વગર પ્રતિષ્ઠા થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- પદ્માવતી, ક્ષેત્રપાળ પ્રસિદ્ધ છે પણ મેં તો તે દિવસે ગણ્યા હતા. લગભગ દેવ અને દેવીઓ થઈને બે ડઝન. ચોવીસ જેટલા. ત્રેવીસ-ચોવીસ (હતા).

મુમુક્ષુ :- ચોવીશ તીર્થંકરની ચોવીશ તો દેવીઓ. આથી વધારે છે, તમે ગણ્યા એથી વધારે છે. એક મંદિરમાં ઊભો હતો. ભગવાન આગળ બે જણા ઊભા હતા, પદ્માવતી આગળ લગભગ પંદર જણા ઊભા હતા. એ પણ એક પગે. ...

પૂજ્ય ભાઈશ્રી :- એ કેમ થયું ? એમ કેમ થયું ? આ એક તત્ત્વદૃષ્ટિએ વિચારવા જેવો વિષય છે. ટીકા-ટિપ્પણીની દૃષ્ટિએ નહિ. એ પરપદાર્થ મને આપશે. આ દેવી મને આટલા સંયોગો મારા સુધારશે, આવી પ્રતિકૂળતાઓ દૂર કરશે, આવી અનુકૂળતાઓ આપશે. તો એ પરમાં જે સુખબુદ્ધિ છે એ તીવ્ર થઈ ગઈ ત્યાં. એટલે એનું સાધન એણે ગોત્યું. બહારમાં કોઈ દેવ-દેવી એવા છે કે જે મને પરનું સુખ વધારે મેળવી આપે ? તો એ તો ઊભા જ છે વેપારી તો વેપાર કરવા. સમજ્યા ? દુકાનદારો તો દુકાન ખોલીને બેઠા જ છે મિથ્યાત્વની. એક શું તું માગ એટલા દેવ-દેવી છે. આ એમાંથી સંતોષી માં ઊભા થયા. આમ છે. એ અગૃહીત છે એ તીવ્ર થાય ત્યારે ગૃહીતને સાધ્યા વિના રહે નહિ.

'**અયથાર્થ જ્ઞાન તે મિથ્યાજ્ઞાન,...**' છે, વિપરીત જ્ઞાન છે, અન્યથા જ્ઞાન છે. અયથાર્થ આચરણ તે મિથ્યા આચરણ છે. આચરણ એટલે પરિણામનું સ્વરૂપમાં સ્થિર ન રહેવું તે અયથાર્થ આચરણ છે. '**તારણબુદ્ધિથી ક્ષુધાદિ અઢાર દોષ સહિત દેવની ભક્તિ કરવાથી મિથ્યાત્વ થાય છે.**' મિથ્યાત્વ થાય છે એટલું ન લેવું પણ ત્યાં બીજો ભેદ સાધે છે ને ? એ તો એમ કહેવું છે. બીજા ભેદની વાત કરવી છે ને ? એટલે ગૃહીત મિથ્યાત્વ થાય છે. તારણબુદ્ધિથી એટલે આ પણ અમારા પરમેશ્વર છે, તરણતારણહાર છે, તીર્થંકર છે એ રીતે લ્યે છે ને ?

'**ક્ષુધાદિ અઢાર દોષસહિત...**' એ કેવા અઢાર દોષ છે એનું પદ નીચે આપ્યું છે. અને આ વિષયની ગાથા 'નિયમસાર'ની અંદર એ ગાથા છે. 'નિયમસાર' છે ને ? 'નિયમસાર'ના પ્રારંભમાં એ ગાથા છે.

સમય થઈ ગયો છે. શરૂઆતમાં એ ગાથા લીધી છે. 'નિયમસાર' તો એકદમ અધ્યાત્મ શાસ્ત્ર છે. આપ્ત આગમ તત્ત્વથી શ્રદ્ધાથી સમકિત હોય છે. એમ કરીને પાંચમી ગાથામાં જે વાત લીધી. એમાં આ છઠ્ઠી ગાથા છે.

**ભય, રોષ, રાગ, ક્ષુધા, મદ, મોહ, ચિંતા, જન્મ ને**
**રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે.**

'**આ અઢાર દોષના સ્વરૂપનું કથન છે.**' એમ કરીને અઢાર દોષનો વિસ્તાર કર્યો છે. અને છેલ્લે એમ લખ્યું છે કે '**આ (અઢાર) મહા દોષોથી ત્રણ લોક વ્યાપ્ત છે.**' ત્રણે લોકમાં આ અઢાર પ્રકારના દોષ વર્તે છે. '**વીતરાગ સર્વજ્ઞ આ દોષોથી વિમુક્ત છે.**' આમ કરીને આપ્તનું સ્વરૂપ એટલે સર્વજ્ઞ અરિહંતનું સ્વરૂપ ત્યાં સ્થાપ્યું છે. વિશેષ લઈશું...

અનઉભય સ્વરૂપજ્ઞાન પોતાના સ્વરૂપે જાણનક્રિયામાં પ્રતિષ્ઠિત છે, તેથી જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું છે. તેમાંથી, તેના આધારે જ્ઞાનને ગૃહણ કરવું સ્વરૂપે ગ્રહણ કરવું, નિજરસથી ગ્રહણ કરવું અને તે પ્રકારે ગૃહિત જ્ઞાનના અવલંબને જાણનક્રિયા માત્ર જ્ઞાતા ભાવે પરિણમતાં, સંવર ઉત્પન્ન થાય છે. સર્વ વિભાવ ભાવોથી ભિન્નતા થઈ જાય છે અને અનાદિ રાગનો આધાર છૂટી જાય છે. જ્યાં સુધી રાગનો આધાર છૂટતો નથી, ત્યાં સુધી પુરુષાર્થ રાગ સાથે જોડાઈને વર્તે છે, તેથી વિપરીતતા સધાય છે. રાગનો આધાર છોડાવવાના હેતુથી, જ્ઞાનના અને રાગના પ્રદેશો અત્યંત ભિન્ન છે, તેવું પરમાગમમાં વિધાન છે. તે પરમાર્થનું જ પ્રતિપાદક છે, તેમાં સંશય કર્તવ્ય નથી.

(અનુભવસંજીવની - ૭૫૪)

# વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૬૯, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજું કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય - | |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્‌જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ-૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ-૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ-૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૮૬ | રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૧ | રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૪ | રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૫ | રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૬ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मुल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | – |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | – |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | – |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | – |
| १३ | धन्य अवतार | – |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | – |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | – |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | – |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |

| | | |
|---|---|---|
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (ग्जराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शनी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |

| | | |
|---|---|---|
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |

| | |
|---|---|
| ७७ सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ अध्यात्मस्धा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ मुक्तिनो मार्ग (गुजराती) | १००० |
| ११२ प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ धन्य आराधक (गुजराती) | ७५० |

| | |
|---|---|
| ११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० जिन प्रतिमा जीन सारखी | ५०० |
| १२१ स्मरण संचिका | १५०० |
| १२२ दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी) | १००० |
| १२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी) | १००० |
| १२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी) | १००० |
| १२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी) | १००० |
| १२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी) | १००० |
| १२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी) | १००० |
| १२७ धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ राज हृदय (भाग-८) (गुजराती) | १५० |
| १३५ राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १३७ राज हृदय (भाग-११) (गुजराती) | १०० |
| १३८ राज हृदय (भाग-१२) (गुजराती) | १०० |
| १३९ राज हृदय (भाग-१३) (गुजराती) | १०० |
| १४० राज हृदय (भाग-१४) (गुजराती) | १०० |
| १४१ राज हृदय (भाग-१५) (गुजराती) | १०० |
| १४२ राज हृदय (भाग-१६) (गुजराती) | १०० |
| १४३ अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १४४ अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |
| १४५ अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती) | १५० |
| १४६ अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती) | १५० |

## પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે